

શ્રી ગૂર્જર ગ્રંથમાળા

પુસ્તક નવમું

યા મા

મા

[એલેક્ઝાન્ડર કુપરીન]

અનુવાદક

માણેકલાલ ગોવિંદલાલ જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : : અમદાવાદ

પ્રકાશક :
શંભુલાલ જગશી શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : : અમદાવાદ

વિ. સં. ૧૯૯૫ આવૃત્તિ બીજી ઈશુ ૧૯૩૯
ચાર રૂપિયા

મુદ્રક :
મણીલાલ કલ્યાણદાસ પટેલ
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાનકોરનાકા : અમદાવાદ.

માતાઓ અને યુવાનોને—

A vice which has been co-existent with the human race, which has preyed upon the morals as well as the hearth of all peoples in all ages, which in the past has defied the edicts of despotism no less than at present it defies the mandates of repressive legislation—such a vice should not in any spirit of prudery be put aside as unfit for public consideration.

—*History of Prostitution*

• બીજી આવૃત્તિની પ્રસ્તાવના

પહેલી આવૃત્તિ વખતે આ પુસ્તકમાં ભાષા અને જોડણીના અનેક દોષ રહી ગયા હતા, તેનો આ આવૃત્તિ વખતે સુધારવાનો યથાશક્ય યત્ન કરવામાં આવ્યો છે, અને તેમાં મારા મિત્ર શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહે જે સાથ આપ્યો છે, તે માટે હું તેમનો ચિરકાળનો ઋણી છું.

અંતે આ પુસ્તક બીજી આવૃત્તિ જોવા ભાગ્યશાળી થયું તે માટેનો યશ ગુજરાતી વાચક વર્ગને જ ઘટે છે, અને આ સ્થળે તેનો ઉપકાર માનવાની પણ તક લઉં છું. અસ્તુ !

બળેવ : ૧૯૯૫ } માણેકલાલ ગો. જોશી.

' પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

———:o:———

જગતના પટ પર જે થોડીએક સૃજનજૂની પ્રથાઓ પોતાનો વિસ્તાર ફેલાવી બેઠેલી છે, તેમાં વારવનિતાવૃત્તિ પણુ એક છે. એ પ્રથાના અનિષ્ટપણા વિષે તો બે મત હોઈ શકે જ નહિ, પણ જ્યારે જ્યારે તે પ્રથાના વિસ્તાર, તેનાં કારણો અથવા તો તેનાં પરિણામો વિષે પૃચ્છા કરવામાં આવે છે, ત્યારે વિસ્મય પમાડે એવી અજ્ઞાનતા કે બેદરકારી નજરે ચઢે છે. જગતમાં ઘણી ઓછી વ્યક્તિઓ પરવા કરે છે કે આ પતિત સ્ત્રીઓ કયાંથી આવી આમાં સામેલ થાય છે, ઘણા ઓછા માણસો એ જાણવાની દરકાર રાખે છે કે આનો વિસ્તાર દિનપ્રતિદિન કેટલો વધતો જાય છે અને તેથીય ઓછા માણસો તેની અનિષ્ટતાના જાણકાર હોય છે. એક સામાન્ય નિયમ તરીકે સમાજે એ વિષયને અસ્પૃશ્ય ગણ્યો છે અને જે કોઈ એમ દલીલ કરે કે જે એકને સ્પર્શ થતાં અનેકને ખરાબ કરે છે, જે એમ માને કે આજે તેના પાડોશીના ઘરમાં જે દુઃખદાયક સ્થિતિ આવી પડી છે તે આવતી કાલે તેને ત્યાં આવી પડશે; ટૂંકમાં જે કોઈ જાહેર રીતે આ વિષયને સ્પર્શ કરવાની હિમ્મત કરે, તેને માથે આવતી કાલનો દુકાળ આજે આવી પડે છે. ભૂતકાળનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે.

એક પરોક્ષ અનિષ્ટ કે જેનાં માત્ર પરિણામો જ નજરે જોઈ શકીએ છીએ તે, જેનાં પરિણામ નજરે નથી પડતાં તે અનિષ્ટ કરતાં પણુ વધુ ભયંકર હોય છે; અને આ પ્રથા વિષે પણુ તેવું જ છે. જગત સમસ્ત પર તે જમાનાઓથી પ્રસરેલી છે અને પરિણામે આજે જગતે તેના વિષે એક જ નિશ્ચય કરી લીધેલો જણાય છે, કે એ પ્રથાનો કદાપિ નાશ થવાનો નથી; તે તો અમર છે, અનંત છે.

પણ એમ નિશ્ચય કરી બેસવું એ નરી બેવકૂફાઈ જ કહેવાય. ઇતિહાસ તપાસીશું તો આપણને માલૂમ પડશે કે આ પ્રથાનો સામનો કરવા જુદા જુદા કાળે અનેક જુદા જુદા પ્રયત્નો કરવામાં આવ્યા છે. એક સંસ્થા તરીકે ધર્મે તો હંમેશા તેનો સામનો કરવા પોતાના સમગ્ર બળનો ઉપયોગ કર્યો છે. જનતાને તેનાથી દૂર રાખવા તેણે આવતા જન્મમાં પણ દુઃખો કલ્પેલાં છે. જગતવિજેતા સમ્રાટોએ પણ પોતાની સર્વ શક્તિઓ તેનો વિરોધ કરવામાં અર્પી છે. આ પ્રથામાં જોડાયેલી પતિત સ્ત્રીઓને માટે અનેક સખ્ત પ્રકારની સજાઓ અમલમાં આણી છે; તેમને દેશવટો દીધો છે, તેમનું અપમાન કર્યું છે, તેમને ડામી છે, સમાજની નજરે તેમને અનીતિમાન ઠરાવી છે, તેના સાથીદારોને પણ એવી જ સજાઓ કરવામાં આવી છે; પણ એનું પરિણામ હજી સુધી સંપૂર્ણ સફળતામાં તો નથી જ આવ્યું.

પણ સાથે સાથે ઇતિહાસ એક બીજી વાત પુરવાર કરી આપે છે કે જો કે તેના સર્વ પ્રયત્નો તેનો સંપૂર્ણ નાશ કરવામાં નિષ્ફળ નીવડ્યા હતા, છતાં તેનાં અનિષ્ટો ઓછાં થાય તેવું કરી આપવામાં તો તેઓએ સહાય કરી જ હતી. અને આજની લગભગ દરેક સુધરેલી પ્રજા તેજ માર્ગને અનુસરી રહી છે. આ વાતની સાક્ષીરૂપ અમે વાંચકોનું ધ્યાન, પુસ્તકને અંતે આપેલા "નૂતન રશિયા અને વિલાસવૃત્તિ" નામના લેખ તરફ ખેંચીએ છીએ, જે વાંચવાથી ખાત્રી થશે કે દેશની સરકાર જો ખરા હૃદયથી આ અનિષ્ટ પ્રથાનો નાશ કરવા પ્રયત્ન કરે તો તેમાં તેને જરૂર ઘણા અંશે સફળતા મળે.

પણ આજે હવે એવો યુગ આવી પહોંચ્યો છે કે તે વિષે વધારે ધ્યાન આપવાની જરૂર જણાય છે, અને એને માટે પ્રથમ ઉપાય તો એ જ છે કે આ પ્રથા પ્રત્યે સમાજે જે આંખમિંચામણા કર્યા છે તે દૂર કરવાં જોઈએ, તે અનિષ્ટ પ્રથાને ઉઘાડી પાડવી જોઇએ. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તે કેવા પ્રકારે ઉઘાડી પાડવી

જોઈએ ? તેનો જવાબ માત્ર એક જ છે, અને તે એ કે આ પ્રથા લોકોને આકર્ષણ કરે તેવી રીતે નહિ, પણ સંપૂર્ણ સત્ય સ્વરૂપે ખુલી કરવી જોઈએ. આંગ્લ કવિ પોપના શબ્દોમાં કહીએ તો—

Vice is a monster so frightful mien,
As, to be hated, needs but to be seen;
Yet seen too oft, familiar with her face,
We first endure, then pity, then embrace.

આ પ્રથા ખુલ્લી પાડવામાં જનહિત પણ સમાયલું છે, કારણ-કે તેથી કરીને બદમાશોના અડ્ડાઓની શોધ પણ આપોઆપ થઈ જાય છે. તેમાં સ્ત્રી સન્માનનું રક્ષણ છે અને એક મહાન વર્ગને સુધારી શુભ માર્ગે દોરવાની તેમાં આશા રહેલી છે; કારણકે એ એક સર્વ સામાન્ય નિયમ છે કે ગમે તેવી ખરાબ વ્યક્તિમાં પણ કંઈક ને કંઈક સારો અંશ રહેલો હોય છે—

There is in every human heart,
Some not entirely barren part;
Where flowers of richest scents may blow,
And fruits in glorious sunlight grow.

× × × ×

અને આ વારવનિતાવૃત્તિનો સ્વીકાર કરનાર કમનસીબ સ્ત્રીઓને શા કારણે તે ધંધાનો આશ્રય લેવો પડે છે ? મુખ્યત્વે તો આર્થિક અવદશા અને સામાજિક કુરીતિઓ જ કારણરૂપ હોય છે. બીજાં કારણોમાં જ્ઞાનનો અભાવ, આંતરિક વૃત્તિઓને સંતોષવાનો મોહ, લાલસા અને તૃષ્ણા એ પણ હોય છે.

આ વિષય પર કોઈ પણ લેખક કલમ પકડે તો તે સભ્યતાની બહાર ગણાય છે. ‘ કલા અનીતિપોષક તો ન જ હોવી જોઈએ ’* એમ

* જુઓ ‘ પૂર્ણિમા ’ની પ્રસ્તાવના.

માનનારા પણ આ નીતિ અને અનીતિની સીમા ક્યાં નક્કી કરવી તેનો નિશ્ચય કરી શકતા નથી.

"સાથે જ કલામાં Realistic—સત્યનિરૂપણ સિદ્ધાંત પણ સમાયલો છે, અને કેટલાંક સાચાં ચિત્રો રુચિભંગ કરે એવાં હોય છે જ." * ત્યારે સહેજે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આવા વિષયને અડકવાની શી જરૂર છે? જવાબમાં માત્ર એટલું જ કહેવું બસ થશે કે આ સૃજનજૂનો પ્રશ્ન આજે સમાજ આગળ જગતના પ્રારંભથી ઊભેલો છે, અને જ્યાંસુધી સમાજ તેનો નિકાલ ન આણે ત્યાંસુધી તેની તીવ્ર સમાલોચના થવી જરૂરની છે.

પણ—

"આપણે ત્યાં લેખકો ડીટેક્ટીવો, વકીલો, સરકારી અમલદારો વિદ્વાનો, પોલીસ, સમાજની ખાનદાન સ્ત્રીઓ, ઇજનેરો, ગાયકો—ટૂંકમાં વારવનિતાવૃત્તિ સિવાયના દરેક વિષય પર તેઓ લખે છે."

એલેકઝાન્ડર કુપરીન આ પુસ્તકના પ્લેટેનોવ નામના એક પાત્રના મોંએ ઉપરના શબ્દો બોલાવે છે. "પણ આ લોકો તો મહત્ત્વ વગરના છે. તેમનું જીવન એ જીવન જ નથી. એ તો માત્ર કહેવાતી સંસ્કૃતિની એક ઘેલછારૂપ છે. જગતમાં જે બે સંસ્થાઓ અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે, તે તો વેશ્યાઓ અને મુઝીકો (ખેડૂતો) છે; અને તેમના વિષે આપણું જ્ઞાન સાવ નહિ જેવું હોય છે, કારણકે માત્ર કોઈક જગ્યાએ તેનો નહિ જેવો નામ-નિર્દેષ થતો જોવામાં આવે છે."

'નહિ જેવો નામ નિર્દેષ...' હવે આપણે જોઈશું કે આ પૂર્વે કયા લેખકોએ તેને ન્યાય આપવા પ્રયત્ન કર્યો છે. સૌથી પ્રથમ તો નજરે ચઢે છે પ્રીવોસ્ટનું 'Menon Lescaut—મેનન લેસ્કોટ.'

---

* જુઓ 'પૂર્ણિમા'ની પ્રસ્તાવના.

તે શુદ્ધ ભાવનામય છે. ત્યારપછી તેટલું જ ઉત્તમ નહિ પણ તે જ કક્ષામાં આવતું ડયુમાનું 'દેમ ઓ કેમેલિયા' છે. ત્યાર પછી આવે છે લુચોનું 'એફ્રોડાઈટ.' જગવિખ્યાત નવલકથાકાર બાલ્ઝાકે પણ આ વિષય પર બે પુસ્તકો લખ્યાં છે. તદુપરાંત રીડનું 'પેગ વોફીંગ્ટન', ડીફોનું 'મોલ ફ્લેન્ડર્સ' અને ઝોલાનું 'નાના', પણ એ વિષય પરત્વે જ લખાયેલાં છે.

પણ આ બધામાં એક વાત નોંધવા જેવી છે અને તે એ કે તે બધાંય પતિતાઓનાં ચિત્રો છે, એકે પતિતાવૃત્તિનું ચિત્ર નથી.

અને એલેકઝાન્ડર કુપરીન આ બધાથી જુદો પડી તેના આ પુસ્તક યામામાં પતિતાઓનાં ચિત્રો રજૂ કરવાને બદલે આજ સુધી કદાપિ પણ કોઈ લેખકે રજૂ નહિ કરેલું તેવું રશિયન પતિતાવૃત્તિનું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે.

એલેકઝાન્ડર કુપરીનનો જન્મ ૧૮૭૦માં થયો હતો. ૧૯૦૯માં તેને સાહિત્યજીવનમાં પ્રવેશ કર્યાને પચીસ વર્ષ પૂરાં થયાં હતાં. તેણે સૌથી પ્રથમ ખ્યાતિ તેની 'દ્વંદયુદ્ધ (Duel) નામની નવલકથાથી મેળવી કે જેમાં તેણે યામાની માફક લશ્કરોમાં ચાલતા દુરાચારો ખુલ્લા પાડ્યા હતા. રશિયન કલાવિવેચકો તેને Poet of Life કહે છે. રશિયન સાહિત્યમાં તેનું સ્થાન ચેખોવ જેટલું જ ઉચ્ચ છે. તેણે અનેક વિષયો પર પુસ્તકો લખ્યાં છે અને તે દરેક પુસ્તકમાં તેની અદ્દભુત અવલોકન શક્તિ જણાઈ આવે છે. તેનું Gambrinus એક જ તેને યુરોપના સાહિત્ય સમ્રાટોમાં સ્થાન અપાવવા માટે બસ છે. તેના પુસ્તકોની નામાવલી નીચે મુજબ છે:–

Insult (અપમાન), Horse Thieves (ઘોડાચોર), Off the Street (પાછલી ગલી), ઉપરાંત Backwood (પાછલાં જંગલ) અને The Swamp (કીચડ) માં તેણે ખેડૂત જીવનને લગતી વાતો આપી છે. Jewess (યહૂદણ) અને Coward (બાયલો) માં

તેણે યહૂદીઓનો પરિચય કરાવ્યો છે. Cadets (બાળસૈનિકો), Interrogation (પ્રશ્ન), Night Watch (રાતનો પહેરેગીર), અને Delirium (સનેપાત)માં તેણે સૈનિક–જીવન વિષે આલોચના કરેલી છે. Alez (અલેઝ), In the Circus (સરકસમાં), Lolly (લોલી) અને The Clown (વિદૂષક) એ સરકસ જીવનને લગતી વાર્તાઓ છે. છેલી કૃતિ The Clown એ એક અંકી નાટક છે. 'મોલોચ' માં કારખાનાનું જીવન, 'નાની કઢાઈ' માં દેશના અંતર્ભાગનું જીવન, તથા ' કેપ્ટન રીબની કોવ ' અને ' જીવનવહેણ 'માં તેણે શહેરી જીવનનો ચિતાર આપેલો છે. આ ઉપરાંત પણ તેણે પુષ્કળ લખ્યું છે.

યામાનો પ્રથમ ભાગ જ્યારે પહેલવહેલો ૧૯૦૯ માં બહાર પડ્યો, ત્યારે સમસ્ત રશિયા ખળભળી ઊઠ્યું હતું. ૧૯૧૪ માં તેનો બીજો ભાગ અને ૧૯૧૫માં ત્રીજો ભાગ બહાર આવતાં રશિયન પ્રજા આ અદ્‌ભુત કૃતિથી અંજાઈ ગઈ હતી.

યામામાં આલેખાયેલા વારવનિતાજીવન પરથી એમ અર્થ નથી કરવાનો કે એ માત્ર રશિયાને જ લાગુ પડે છે. જગતમાં જ્યાં જ્યાં વારવનિતાજીવન અસ્તિત્વ ધરાવે છે, ત્યાં ત્યાં લગભગ બધેય પરિસ્થિતિ આવા જ પ્રકારની હોય છે.

આપણે ત્યાં પણ કોઈ કોઈ લેખકોએ તે વિષય પર કલમ ચલાવવા હામ ભીડી છે, અને તેમાં છેલ્લી રા. રમણલાલ વ. દેસાઈની ' પૂર્ણિમા ' આવે છે.

યામાનો લેખક કુપરીન એક જગ્યાએ કહે છે કે આ બધાંય પુસ્તકોમાં સામાન્ય રીતે એક ખામી તો હોય છે:—" હા, બધાય તે વિષે લખે છે . . . પણ કાં તો તે સાવ ખોટું હોય છે, અથવા તો ક્ષણભર માટે વૃત્તિઓને ઉત્તેજિત કરવા અર્થે લખાયેલું હોય છે . . . પણ સત્ય વાત શું હોય છે તેનો તો ભાગ્યે જ કોઈએ સ્પર્શ કર્યો હશે."

કુપરીન કહે છે આ વસ્તુ એટલી ભયંકર છે કે આપણને તે હવે ભયંકર લાગતી નથી. આપણે હજારો વાર તેની નજીકમાં થઇને જતા હોઈએ છીએ, શહેરમાં તેની નજીકમાં જ વસવાટ કરતા હોઈએ છીએ, છતાં આપણે જાણે કે તેને જાણતા જ ન હોઈએ તેમ તે પ્રત્યે વર્તાવ રાખીએ છીએ; પણ કોઈ કલાકાર ત્યાં આવતાં અટકશે, તેનું નિરીક્ષણ કરશે અને તેમાંથી કોઈ અદ્દભુત કૃતિ ઉપજાવશે, ત્યારે આપણે તે જોતાં જ બોલી ઊઠીશું કે, “અરે, આ તો હું રોજ જોતો હતો! પણ આવું હશે તેનો મને ખ્યાલ પણ ન હતો!”

“અને આ વસ્તુ જાણવા માટે થોડોક સમય આમથી તેમ ફર્યા તેટલું જ બસ નથી. તે માટે તો જીવન આખુંય તેમાં એક કરી નાખવાની તત્પરતા જોઈએ. તેઓ જેવું જીવન જીવે છે, તેવા જીવનમાં ભળી જવાની શક્તિ જોઈએ.”

યામાનું ભાષાંતર જગતની લગભગ એકેએક મુખ્ય ભાષાઓમાં થઈ ગયું છે, છતાં તેના લેખકને યામાથી પૂરો સંતોષ નથી. તે તો એમ માને છે આજથી પચાસેક વરસ પછી એક મહાન લેખક પેદા થશે, જે આ વિષયને સંપૂર્ણ ન્યાય આપી શકશે.

કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે સમાજમાં વસતા પુરુષોની વધારાની વિષયલાલસાને તૃપ્ત થવા માટે આ એક જ ઉત્તમ માર્ગ છે, તેથી તે બંધ ન કરવો જોઈએ. તે બંધ કરવામાં આવે તો તેને બદલે બીજો માર્ગ કરી આપવો જોઈએ.

કુપરીન આના જવાબમાં ટૉલ્સ્ટોયની એક વાત કહે છે. એક વખત ટૉલ્સ્ટોયે એક ગામડામાં જઈ જુલમી રાજ્યપ્રણાલિકા સામે ભાષણ કર્યું અને એનો નાશ કરવા સલાહ આપી.

શ્રોતાવર્ગમાંથી એક જુવાને પ્રશ્ન કર્યો કે, “મહાશય, આપના કહેવા મુજબ આ રાજ્યપ્રણાલિકાનો નાશ તો કર્યો, પણ તેને બદલે શું આપશો?”

ટૉલ્સ્ટૉયે જવાબ આપ્યો: “ આ તો એના જેવી તમે વાત કરી કે તમને દરદ થતાં તમે સલાહ માગી. મેં જવાબ આપ્યો કે તમને ફલાણું દરદ છે, માટે ડૉકટર પાસે જાઓ ને સારા થાઓ. ત્યારે તમે મને સામો પ્રશ્ન કર્યો કે હું ડૉકટર પાસે જઈ સારો તો થઈ આવીશ, પણ મારા દરદના બદલામાં મને શું આપશો ? ”

અને આવી જ પરિસ્થિતિ યામા પહેલવહેલી પ્રગટ થઈ ત્યારે ઉપસ્થિત થઈ હતી. સરકારી સેન્સર ખાતાએ તેના પર જબરી કાતર ચલાવી—લોકો માનવા લાગ્યા કે આથી સમાજના પાયા ખળભળી ઊઠશે. પરિણામે કુપરીન પર ગાળોનો વરસાદ વરસ્યો હતો, પણ બીજી બાજુ તેના તરફ સહાનુભૂતિ દર્શાવનારો પણ એક મોટો વર્ગ હતો.

કુપરીન કહે છે કે આ સહાનુભૂતિ દર્શાવનારા વર્ગમાં સભ્ય સમાજની સ્ત્રીઓ, જુવાન છોકરાઓ અને કેટલીક કન્યાઓ મુખ્ય હતાં. તેને કેટલીક ધંધાદારી પતિતાઓ તરફથી પણ સહાનુભૂતિના કાગળો મળ્યા હતા, જે તેણે હજી સુધી સાચવી રાખેલા છે.

* * *

આ વાર્તા જ્યારે ‘ મોજમજાહ ’ સાપ્તાહિકમાં ચાલુ વાર્તારૂપે પ્રસિદ્ધ થતી હતી, ત્યારથી જ કેટલાક મિત્રો અને વાંચકોએ તે પુસ્તકરૂપે બહાર પડે તેવી ઇચ્છા દર્શાવી હતી. ઇશ્વરકૃપાએ આજે તેને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે અને મૂળ લેખકનો અમે અત્રે હાર્દિક આભાર માનીએ છીએ.

અંતે એક વસ્તુની વાંચકો પાસેથી ક્ષમા માગવી ઘટે છે, અને તે આ વાર્તાઓમાં રહી ગયેલા ભાષા અને જોડણીના અનેક દોષો. તેમ બનવાનાં અનેક કારણો હતાં અને તેમાં અનુવાદકનું અસ્થિર રહેઠાણ, અસ્વસ્થતાભર્યું શરીર તથા છપાતા ફરમાને પુનઃ સુધારવા નહિ મળેલો અવકાશ, એ મુખ્ય છે. આશા છે કે વાંચકવર્ગ તે તરફ ક્ષમાદષ્ટિથી જોશે. જો કદાચ આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની તક મળશે, તો તે સમયે જરૂર આ દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. અસ્તુ !

વસંતપંચમી
તા. ૮–૨–૩૫
ધોળકા.

માણેકલાલ ગો. જોશી.

મા

ખંડ પહેલો

[૧]

ઘણાં વર્ષો પહેલાં—જ્યારે આગગાડીઓ પણ શોધાઈ ન હતી ત્યારે—સરકારી અને ખાનગી ગાડીવાનો દક્ષિણના એક મોટા શહેરના છેક ખૂણાના લતામાં વંશપરંપરાથી વસવાટ કરતા હતા, અને તે જ કારણસર એ આખો વિભાગ ચામરકાયા સ્લોબોડા ગાડીવાનોનો મહોલ્લો-અથવા માત્ર ચામરકાયા કે ચામકાસ—નાની ખાઈઓ, અથવા તો હજીય ટૂંકા નામ ચામા-ખાડાને નામે ઓળખાતો. સમયના વહેણ સાથે આગગાડીઓએ દર્શન દીધાં અને પરિણામે જ્યારે ગાડીવાનોનો ધંધો ભાંગી પડ્યો, ત્યારે તેમની આ આખીય ઉમદા કોમ ધીમે ધીમે પોતાની તોફાની રીતો અને મર્દાનગીભર્યા રિવાજો ગુમાવતી ગઈ, બીજા ધંધાઓમાં જોડાઈ ગઈ અને આમ વહેંચાઈ જઈ છૂટી પડી જઈ; પણ ઘણાં વર્ષોથી આજપર્યંત આ ચામાનો વિભાગ, આનંદમાં મશગૂલ, તોફાની, કોલાહલવાળો અને રાતના સમયે જોખમભરેલો, એ રીતે સ્વયંપ્રસિદ્ધ છે.

કોણ જાણે કેમ પણ સ્વયં ત્યાં એવું બન્યું કે જ્યાં કાળી ભમરો અને ગુલાબી ગાલવાળી બહાદુર, ચેતનવંતી સ્ત્રીઓ અને યામાની કદાવર વિધવાઓ છૂપી રીતે વોડકા (દારૂ) અને સ્વતંત્ર પ્રેમનો વ્યાપાર કરતી હતી ત્યાં–પૂર્વેનાં એ પ્રાચીન ખંડેરોમાં, હંમેશાં ઉષ્ણ રહેતાં મકાનોમાં–આજે સત્તાવાળાઓની પરવાનગી, સરકારી તપાસ અને સખત કાયદાઓના આધિપત્ય નીચે ખુલ્લાં વિશાળ વારવનિતાગૃહો ઊઘડવા માંડયાં હતાં. ઓગણીસમી સદીના અંતઃકાળમાં યામાની બન્ને શેરીઓ, મોટી યામા અને નાની યામા, બન્ને બાજુઓ માત્ર વારવનિતાગૃહોથી વસાઈ ચૂકી હતી. ખાનગી મકાનો માત્ર પાંચ કે છ રહ્યાં હતાં અને તેનો ઉપયોગ પણ યામાની વસ્તીને જરૂરી—દારૂ અને સામાન્ય વસ્તુઓ વેચવાની દુકાનો તરીકે થતો હતો.

આ ત્રીસે ઘરોમાં જીવનવ્યવહાર અને રીતરિવાજો લગભગ સરખાં જ હતાં : ફેરફાર હતો માત્ર ભાવતાલમાં, પ્રેમનો આનંદ લેવાના સમયમાં, કેટલાક બાહ્ય દેખાવમાં, સ્ત્રીઓના ઓછાવત્તા રૂપના પ્રમાણમાં, કપડાંઓના પહેરવેશમાં, મકાનોની શોભામાં અને અંદરની વિલાસયુક્ત ગોઠવણીમાં.

સૌથી જાણીતું ગૃહ ટ્રેપલનું હતું અને તે મોટી યામામાં પ્રવેશ કરતાં જ ડાબી હારના પહેલા મકાનમાં આવેલું હતું. એ સૌથી પ્રાચીન સ્થાન હતું. તેના હાલના માલિકનું નામ તો તદ્દન જુદું જ છે અને તે સ્થાનિક મ્યુનિસિપાલિટીનો સભ્ય પણ છે. મકાન બે માળનું છે, અને તે લીલા અને સફેદ રંગોથી રંગાયલું છે. બહાર વિવિધ પ્રકારનું લાકડાનું કોતરકામ હતું. દાદર પર સફેદ લીંટીવાળી શેતરંજી બિછાવેલી હતી બહાર એક દવા ભરેલા રીંછના પંજાઓમાં વિઝીટીંગ કાર્ડ મૂકવાની લાકડાની રકાબી જોવામાં આવતી હતી. દીવાનખાનામાં લાકડાના ચોસલાં ગોઠવેલાં હતાં, બારીઓ પર રેશમી

ગુલાબી પડદાઓ લટકાવેલા હતા, અને ભીંતોને અઢેલીને ચારે બાજુ સફેદ તથા સોનેરી રંગીન ખુરશીઓ તથા સુંદર ફ્રેમમાં જડેલા આયનાઓ હતા. ત્યાં શેતરંજીઓ–સોફાઓ અને નરમ સાટિનના ઓશીકાથી સજ્જ બે ખાનગી કમરાઓ હતા. શયનગૃહોમાં વાદળી અને ગુલાબી ફાનસો, કાચા રેશમના પાંગરણો અને સ્વચ્છ ઓશીકાંઓ હતાં. અંદરની વસનારીઓએ, નીચે છેડા પર રુંવાટીવાળા યા તો સિપાઈ–ખવાસ–માછીમાર કે કુમારિકાઓ જેવા તરહતરહના પોશાકો પહેરેલા હતા. તેમાંની ઘણીખરી બાલ્ટીક પ્રાંતોમાંથી આવેલી મજબૂત–કદાવર, સુંદર અને ભરાવદાર છાતીવાળી જર્મન રૂપસુંદરીઓ હતી. ટ્રેપલમાં એક મુલાકાતના ત્રણ રૂબલ અને આખી રાત માટે દસ રૂબલ લેવામાં આવતા.

બે રૂબલવાળાં ત્રણ ગૃહો હતાં—એક સોફિયાનું, બીજું ઓલ્ડ કીવનું અને ત્રીજું અન્નાનું. ત્રણે દેખાવમાં કંઈક વધારે ખરાબ અને ગરીબાઈનાં પ્રતીક જેવાં હતાં. મોટી યામાનાં બાકીનાં સ્થળો એક રૂબલવાળાં હતાં : એ તો આથીય વધારે ખરાબ હતાં. જ્યારે નાની યામામાં મોટે ભાગે સૈનિકો, હલકા ચોરો, મજૂરો અને સામાન્ય વર્ગ મુલાકાત લેતો. ત્યાં એક વખતના પચાસ કોપેક (અડધો રૂબલ) અથવા તો તેથીય ઓછો ભાવ લેવામાં આવતો. ત્યાંનું વાતાવરણ અત્યંત ઘૃણાસ્પદ અને દયાજનક હતું. જમીન પર કચરાના ને સિગારેટના ઢગ પડ્યા રહેતા; બારીએ રાતા પડદા લટકાવેલા રહેતા અને શયનગૃહો, દુકાનો—પ્રદર્શનની માફક છત સુધી પણ ન પહોંચે એવા પાતળા પડદાઓથી જુદા પાડેલા હતા. ખાટલાઓ પર ફાટેલી–તૂટેલી ઘાસ ભરેલી ગોદડીઓ; ફાટેલી, ડાઘાવાળી ચાદરો અને મૂળથી જ કાળા, ફાટેલા તથા કાણાંવાળા એવા ફલેનલના ધાબળાઓ જોવામાં આવતા. આજુબાજુની હવા ગંધાતી, ધુમાડાથી ભરપૂર, દારૂની બદબો અને માણસોના શ્વાસોશ્વાસથી દૂષિત થયેલી જણાતી અને મોટે ભાગે સળેખમથી પીડાતી, વાંકાચૂંકા નાકવાળી, ગઈ કાલના ઉઝરડા અને

મારની નિશાનીવાળા મોંવાળી–સિગારેટની પેટી પરના લાલ રંગને થૂંકથી ભીંજવી હોઠને રંગતી–આ ભાગની સ્ત્રીઓ કાં તો થીગડાવાળા રંગીન છીટનાં લૂગડાં યા તો ખારવણો જેવાં કપડાં પહેરતી.

આખાંય વર્ષ દરમિયાન દરરોજ રાત્રે—માત્ર પવિત્ર અઠવાડિયાંનાં (Holy week) છેલ્લાં ત્રણ દિવસ અને ઈસુના પુનરાવતારની (Annunciation) આગલી રાત સિવાય–બહાર અંધારું થવા માંડે તે પહેલાં દરેક ઘર આગળ બારણે લટકતાં રાતાં ફાનસો મૂકવામાં આવતાં, અને તેને લઈને શેરીનો દેખાવ ઈસ્ટર (Easter)ના તહેવારો જેવો થઈ રહેતો. બધીય બારીઓમાંથી દીવાઓનો પ્રકાશ બહાર પડતો. અંદરથી વાયોલિન અને પિયાનાનું સંગીત સંભળાતું અને બધો સમય ગાડીવાળાઓની આવજા ચાલુ રહેતી. દરેક ઘરનાં મુખ્ય દ્વાર ઉઘાડાં રહેતાં અને રસ્તા પર ઊભા રહી તેમાં નજર કરતાં અંદર મથાળે નાના ઓરડાના દરવાજાવાળી ગેલેરી સાથેનો ઊભો દાદર, દીવાઓનો પ્રકાશ અને મોટા ઓરડાની લીલી દીવાલો પર સ્વીસ પ્રકૃતિસૌંદર્યનાં ચિત્રો લટકાવેલાં જોવામાં આવતાં. (સ્વીટ્ઝરલૅન્ડને આની સાથે શો સંબંધ હશે ?) દરરોજ સવાર થતાં સુધીમાં આ દાદર પર હજારો માણસો ચડે છે અને ઊતરે છે. અહીં હરેક પ્રકારના માણસો આવે છે. કૃત્રિમ ઉત્તેજન શોધતા અર્ધ ભિખારી જેવા ગુલામીમાં સબડતા વેપારીઓ, કિશોરો જેવા લાગતા હાઈસ્કૂલો અને લશ્કરી શાળાઓના વિદ્યાર્થીઓ, દાઢીવાળા સદ્‌ગૃહસ્થો, સોનેરી ચશ્માં ચઢાવેલા સમાજના માનવંતા સદ્‌ગૃહસ્થો, નવપરિણીત અને પ્રેમલુબ્ધ વરરાજાઓ, અનેક ઇલકાબો ધરાવતા નામાંકિત અધ્યાપકો, ચોરો, ખૂનીઓ, ઉદારમતવાદી વકીલો, નીતિના ચુસ્ત સંરક્ષકો, કેળવણીકારો, સ્ત્રીઓના સમાન હક્ક ઉપર જોરશોરથી લેખો લખતા પ્રખ્યાત લેખકો, બેલિફો, જાસૂસો, નાસી છૂટેલા કેદીઓ, અમલદારો અને વિદ્યાર્થીઓ, ઉદાસીન ઉદાર-મતવાદી સમાજવાદીઓ; બાહુતી દેશસેવકો, શરમાળ અને તોફાની,

માંદા અને સાજા, સ્ત્રીના સમાગમમાં પ્રથમ વાર જ આવતા હોય અને જગતના એકએક દુર્ગુણોને ઘોળીને પી ગયા હોય તેવા સુંદર દેખાવડા યુવાનો અને જન્મથી જ શારીરિક ખોડો ધરાવતા રાક્ષસો, બહેરા, મૂંગા, આંધળા, ખૂંધા, બેડોળ શરીરવાળા અને ગંધાતા શ્વાસોશ્વાસવાળા, ટાલિયા, ધ્રૂજતા, રક્તપિતિયા અને મોટા પેટવાળા વાંદરા જેવા દંભીઓ, એ સર્વે અહીં સ્વતંત્રતાથી અને કશાય સંકોચ વગર આવે છે—જાણે કોઈ હોટેલ કે રેસ્ટોરાંમાં જતા ન હોય! તેઓ આરામ કરે છે, દારૂ પીએ છે—જાણે કે આનંદમાં હોય તેવો દેખાવ કરી નૃત્ય કરે છે, અને તેમ કરતાં બિભત્સ ચેનચાળા પણ કરી લે છે. કેટલીક વખત ધ્યાનપૂર્વક અને લાંબા સમય સુધી, તો કેટલીક વાર એકદમ ઉતાવળથી તેમને મનગમતી ગમે તે સ્ત્રીની પસંદગી કરી લે છે—જાણે કે એ વાતની તેમને તો અગાઉથી જ માહિતી રહેતી હશે કે તેમને કોઈ ના કહેવાનું નથી. આથી અધીરાઈથી અગાઉથી જ પૈસા આપી દે છે અને હજુ તો આગળના પુરુષના જવા પછી જે પથારીની ગરમી ઊડી પણ નથી, તેના પર કંઈ પણ હેતુ વિના, જગતનું સૌથી મહાન અને સુંદર રહસ્ય—વિશ્વના પુનઃસર્જનમાં ઊતરી પડે છે અને સ્ત્રીઓ પણ યંત્રવત્ તૈયારીથી, એક જ પ્રકારના શબ્દોવડે, અનુભવી વ્યાવસાયિક ચેનચાળાથી, યંત્રની માફક તેમની ઇચ્છાઓને સંતોષે છે; જેથી તેમની પછી તરત જ, તે જ રાત્રિ દરમિયાન એ જ શબ્દો, એ જ હાસ્ય અને એ જ ચેનચાળા વડે દીવાનખાનામાં રાહ જોઈ બેઠેલાં, ત્રીજા, ચોથા, દસમાં, વારાફરતી આવતા પુરુષોને રીઝવી શકાય.

આમ આખી રાત પસાર થાય છે. પરોઢના સમયે યામામાં ધીમે ધીમે શાંતિ પ્રસરવા માંડે છે અને સવાર થતાં થતામાં તો યામા સાવ નિર્જન બની જાય છે. ત્યાંના વસનારાં બારણાં સજ્જડ બંધ કરી, બારીઓને પડદા વડે ઢાંકી દઈ નિદ્રાધીન થઈ જાય છે; પણ સાંજ પડતાં સ્ત્રીઓ જાગૃત થાય છે અને બીજી રાતને માટે તૈયાર થાય છે.

અને આમ ને આમ, દરરોજ, મહિનાઓ અને વર્ષો સુધી—અનંત કાળ સુધી આ ચારસો મૂર્ખ, આળસુ, ચસકેલ અને દુર્ભાગી સ્ત્રીઓ—સમાજથી તિરસ્કૃત, કુટુંબથી શાપિત, સામાજિક દૂષણોનો ભોગ બનેલી આ સ્ત્રીઓ, શહેરની વધુ પડતી કામવાસનાઓને શાંત પાડવાનું કેન્દ્ર બની જાહેર વારવનિતાગૃહોમાં વિચિત્ર અને દૂષિત જીવન ગાળે છે.

[૨]

બપોરના એનો સમય છે. બીજા વર્ગની બે રૂબલવાળા આના મારકોવનાના ગૃહમાં નિદ્રાનું સામ્રાજ્ય પ્રસરેલું છે. ગીલ્ટ ફ્રેમવાળા આયનાઓ, ભીંતો સાથે ગોઠવી મૂકેલી વીસેક ખુરસીઓ, ચિત્રોથી શોભતી ભીંતો અને મધ્યમાં લટકતો બિલોરી ઝૂમખાવાળો ઝુમ્મર પણ નિદ્રાધીન ભાસે છે અને ત્યાંની શાંતિ અને આછા અંધકારમાં અણચીંતવી ગંભીરતા, અતિ સાદાઈ અને વિચિત્ર શોક જણાય છે. હજુ ગઈ કાલે હંમેશની સંધ્યા મુજબ દીવાઓ ઝગમગતા હતા, ઉત્તેજક સંગીતના સૂર ચારે બાજુ પ્રસરતા હતા, તમાકુનો વાદળી ધુમાડો ચારે તરફ ફેલાતો હતો, પુરુષો અને સ્ત્રીઓ બબ્બેનાં જોડકાં-માં તોફાન કરતાં હતાં. આખીય શેરીમાં દરેક ઘરના મુખ્ય દ્વારે લટકતા લાલ ફાનસોથી અને બારીઓમાંથી બહાર પ્રકાશ પડતો હતો અને સવાર સુધી માણસો અને ગાડીઓનો ત્યાં શંભુમેળો જામેલો હતો.

અત્યારે શેરી સુમસાન છે. ઉનાળાનો પ્રખર સૂર્ય વિજયી અને આનંદી બની પ્રકાશી રહ્યો છે; પણ બેઠકમાં બધીયે બારીઓના પડદા નીચે પાડેલા છે અને તે જ કારણસર અંદરના ભાગમાં, દિવસના બપોરના ભાગમાં ખાલી નાટકશાળાઓના અંતર્ભાગ અને ન્યાયાલયનાં મકાનોમાં હોય છે તેવાં અંધકાર અને ઠંડક માલૂમ પડે છે.

પિયાનાની કાળી ચકચકિત બાજુ આછી ચમકી રહી છે. પીળી, જૂના સમયના પ્રવાહમાં ઘસાઈ ગયેલી, તૂટેલી કાળી ચાવીઓ આછી પ્રકાશી રહી છે. સ્થિર હવામાં હજી ગઈ કાલની અત્તર, તમાકુ, નિર્જન ઓરડાનો તીક્ષ્ણ ભેજ, અસ્વચ્છ અને રોગિષ્ઠ સ્ત્રીઓનો પરસેવો, મોંનો પાવડર, સાબુ અને ગઈ કાલે જે વડે જમીન સાફ કરવામાં આવી હતી તે પીળા ધોવણની વાસ આવી રહી છે અને તેમાં ચીમળાઈ ગયેલાં ગંદા ઘાસની વાસનું વિચિત્ર રીતે ઉમેરણુ થઈ રહ્યું છે. આજે ટ્રીનીટી (Trinity) નો દિવસ છે. એક જરીપુરાણા રિવાજ મુજબ જ્યારે શેઠાણીઓ હજી નિદ્રાધીન હતી ત્યારે તેમની દાસીઓએ એક ખટારો ભરાય તેટલા છોડવાઓ બજારમાંથી લાવીને તેના વડે ખાનગી કમરાઓ, ઓશરીઓ અને દીવાનખાનું શણગારી દીધાં હતાં. ઉપરાંત તેમણે દરેક મૂર્તિ આગળ દીવા પ્રગટાવ્યા હતા. છોકરીઓ, પોતાના હાથ અપવિત્ર થયા હોવાને કારણે આ પવિત્ર કાર્ય કરવાની હિંમત કરતી નહિ.

અને દરવાને દરવાજાના મુખ્ય દ્વારને પણ એ નાના છોડવાઓ વડે શણગાર્યું છે અને આ રીતે આછી સુવાસવાળાં, પાતળાં, વાંકાં થડિયાવાળાં છોડવાઓથી દરેક ઘરનાં મુખ્ય દ્વારો શણગારવામાં આવ્યાં હતાં.

આખુંય ઘર શાંત, ખાલી અને ઝોકાં ખાતું હોય તેવું લાગે છે. રસોડામાંથી ભોજન માટે કાપવામાં આવતા કટલેટનો અવાજ આવી રહ્યો છે. લ્યુબકા—ત્યાં રહેતી અનેક સ્ત્રીઓમાંની એક—ઉઘાડા પગે, રાતના સૂવાના પોશાકમાં, ઉઘાડા હાથે, હમણાં જ મકાનના અંદરના વરંડામાં આવી છે. તે ખાસ દેખાવડી નહોતી, મોઢે શીળીના ડાઘા હતા; પરંતુ મજબૂત અને ઊછળતું યૌવન ધરાવતી હતી. કાલે રાતે તેણે એક પછી એક છ મહેમાનોનું સ્વાગત કર્યું હતું; પણ એક પણ મહેમાન આખી રાત રહ્યો ન હતો અને તેથી મોટા વિશાળ બિછાના

ઉપર, એકલી આરામથી, મીઠી ઊંઘ લઈ શકી હતી. તે વહેલી દસ વાગે ઊઠી હતી અને તેણે આનંદસહ રસોઈયણને રસોડું ધોવામાં અને ટેબલ સાફ કરવામાં મદદ કરી હતી. હવે તે સાંકળથી બાંધી રાખેલા કૂતરા એમોરને રાતે વધેલા માંસના ટુકડા ખવરાવી રહી હતી. મોટો, કદાવર, લાંબા ચકચકિત વાળવાળો આ કૂતરો, આગલા પંજાથી તેના પર કૂદકા મારતો અને તેમ કરતાં સાંકળનો અવાજ કરતો અને સાંકળ ટૂંકી હોવાથી ગળું ખેંચાતાં, શ્વાસ અટકતાં, પાછો પડતો અને પછી પૂછડી હલાવતો, જમીન પર માથું નમાવતો, નાક મચકોડતો, સ્મિત કરતો અને ખાવાની લાલચમાં કુદાકુદ કરતો હતો; પણ લ્યુબકા તો કૃત્રિમ ક્રોધ કરી, માંસના ટુકડાથી તેને ચીડવતી, બોલતી હતી:

"ચાલ હવે, મૂર્ખ ! આપીશ–આપીશ તને ! પાછો હાથમાંથી પડાવવા માંગે છે ?"

પણ એમોરનાં તોફાન અને લાડ–અને પોતે ક્ષણભર તેના ઉપર સત્તા ધરાવે છે. તેથી, તેમ જ પોતે કોઈ મહેમાન ન હોવાથી આરામથી આખી રાત ઊંઘી શકી હતી તેથી, તેમ જ બાળપણનાં આછા સંસ્મરણોને લીધે આજે ટ્રીનીટીનો દિવસ હતો એ વિચારથી અને એવો સરસ દહાડો નસીબમાં ભાગ્યે જ જોવા મળતો તેથી, તેના આનંદનો પાર ન હતો.

સારીય રાત મહેમાનો પોતપોતાના માર્ગે વિચર્યા હતા. હવે જ ખરો, વ્યવહારુ, શાંત અને કામ કરવાનો સમય આવતો હતો.

ત્યાં શેઠાણીના ઓરડામાં પાંચ જણા હાજર હતાં અને તેઓ બધાં કોફી પીતાં હતાં. એક તો માલિક આના કે જેના નામે આ સ્થળ નોંધાયલું હતું તે પોતે. તેની ઉમ્મર આશરે સાઠ વર્ષની હતી. કદે બહુ ટૂંકી પણ ગોળમટોળ હતી. તેની આંખો આછી ભૂરી, નાની બાલિકા જેવી હતી, પણ મોં પર વૃદ્ધત્વ સ્પષ્ટ જણાઈ આવતું

હતું, અને નીચેનો હોઠ જરા લટકતો હતો. તેનો ધણી ઇસિયાહ ઠીંગણો, ભુરાશ પડતો, શાંત, વૃદ્ધ પુરુષ હતો. તે મૂળથી જ તેની સ્ત્રીથી દબાઈ ગયેલો હતો. અહીં જ્યારે આના મુખ્ય બાઈ (House Keeper) હતી ત્યારે પણ તે આ ઘરનો દરવાન હતો. સ્વાનુભવથી તેને લાગ્યું હતું કે કોઈ પણ રીતે ઉપયોગી નીવડવું જોઈએ અને તેથી તે ફીડલ વગાડતાં શીખ્યો હતો, અને હવે અહીં આવતા દરેક મહેમાનનું મનરંજન કરવા ઉપરાંત, આજુબાજુના દુકાનદારોનાં પણ મનરંજન કરતો હતો.

આ પછી ત્યાં બે મુખ્ય બાઈઓ–જૂની અને નવી–હતી. એમા જૂની હતી. તે ઊંચી, છેંતાળીસ વર્ષની, ચકચકિત કાળા વાળવાળી અને ભરાવદાર મોંવાળી હતી. તેની બન્ને આંખોની આસપાસ કાળાં કુંડાળાં હતાં. મોં ભાલાના આગલા ભાગ જેવું અને મટોડી રંગનું હતું. આંખો નાની ને કાળી હતી. નાક ઉપસી આવેલું અને હોઠ સખ્ત રીતે બિડાયલા હતા. મોં પર હંમેશાં શાંત પ્રભાવશાળી ભાવ રહેતો. એ વાત હવે સર્વ વિદિત હતી કે એકાદ બે વર્ષમાં આના આ ધંધામાંથી નિવૃત્તિ લેશે અને તે વખતે તે બધુંય એમાને વેચી દેશે, અને તે બદલ તેને થોડા રોકડા પૈસા મળશે અને બાકીની રકમના હપ્તા બાંધી આપવામાં આવશે. આ કારણસર બધી છોકરીઓ તેને શેઠાણી જેટલું જ માન આપતી અને કંઈક અંશે તેનાથી ડરતી પણ હતી. જે કોઈ છોકરી ભૂલને પાત્ર થતી તેને તે સ્વહસ્તે, મોં પરનો ભાવ જરા પણ ફેરવ્યા વગર, ક્રૂરતાથી શિક્ષા કરતી. આ છોકરીઓમાંથી એકાદ હંમેશાં તેની માનીતી રહેતી, અને તેના પર તે અત્યંત પ્રેમ તથા એક વિચિત્ર પ્રકારની અદેખાઇથી જુલમ કરતી. તેના માર કરતાં પણ આ જુલમ અસહ્ય હતો.

બીજીનું નામ ઝોસિયા હતું. તે થોડા વખત ઉપર સામાન્ય છોકરીઓમાંથી આ સ્થાન પામી હતી, છતાં છોકરીઓ તેને ખુશ

રાખવા નાની શેઠાણી કહેતી. તે કંઈક ગુમાની, ગુલાબી ચહેરાવાળી અને જરા ફેશનથી વાંકા ઓળેલા વાળવાળી હતી. તેને ખાસ કરીને હૃષ્ટપુષ્ટ હાસ્યરસ–પ્રધાન રંગભૂમિના નટ બહુ ગમતા. તે એમાને ધિક્કારની દૃષ્ટિથી જોતી.

પાંચમી અને છેલ્લી વ્યક્તિ હતી–આ વિભાગનો પોલીસ અમલદાર બારકેશ. એ કસરતી માણસ હતો. તેને માથે ટાલ હતી, પંખા જેવી રાતી દાઢી હતી, કંઈક ઘેનમાં રહેતો હોય તેવી આંખો, અને ઝીણો, જરા કઠોર પણ મધુર અવાજ હતો. દરેકને એ ખબર હતી કે પહેલાં તે છૂપી પોલીસમાં હતો અને તેના અતુલ શારીરિકબળ અને ગુનેગારો પ્રત્યેની તેની ક્રૂરતાને પ્રતાપે તે બદમાશોને ત્રાસરૂપ ગણાતો.

તેણે અનેક કાળાંધોળાં કર્યાં હતાં. આખા ગામમાં એ વાત પ્રસિદ્ધ હતી કે બે વર્ષ પહેલાં તે એક સિત્તેર વર્ષની પૈસાદાર બાઈને પરણ્યો હતો, અને ગયે વર્ષે જ તેને ટૂંપો દઈને મારી નાંખી હતી; પણ ગમે તેમ કરીને તેણે આ વાત દબાવી દેવામાં સફળતા મેળવી હતી. બાકીની ચારે વ્યક્તિઓનાં અનેકરંગી જીવનમાં પણ આવા એકાદ બે પ્રસંગો આવી ગયેલા; પણ સમયના વહેવા સાથે આ લોકો આવાં કામોથી રીઢાં થઈ ગયેલાં અને હવે એમ માનતાં કે એ પ્રસંગો તેમના ધંધાને અંગે અનિવાર્ય હતા.

બધાં કોફી પીતાં હતાં. ઇન્સ્પેક્ટર પીતાં પીતાં સત્યતઃ એમ દેખાડવા મથતો હતો કે પોતે તેમની સાથે કોફી પીવા બેસી તેમના ઉપર ઉપકાર કરતો હતો.

"હવે શું થશે, ઇન્સ્પેક્ટર સાહેબ!" આનાએ વાર્તાલાપ શરૂ કરતાં કહ્યું. "ખરું પૂછો તો આ ધંધામાં કાંઈ કસ રહ્યો નથી. ... તમે જો એક જરા સખ્ત રીપોર્ટ કર્યો કે..."

બારકેશે હળવે હળવે દારૂનો અડધો ગ્લાસ ખાલી કર્યો. પછી

જીભવડે હોઠ ચાટયા અને ટચલી આંગળીવડે બન્ને બાજુની મૂછો સાફ કરી.

"તમે જ વિચાર કરોને, બાનુ." ટેબલ પર હાથને ફેરવતાં ફેરવતાં બધા તરફ નજર નાખી ઇન્સ્પેક્ટરે જવાબ આપ્યો. "તમે જ વિચાર કરોને કે મારે માથે કેટલી જોખમદારી છે! છેતરપીંડીથી છોકરીને ફસાવીને અહીંયાં... શું કહો છો એને તમે... લેખકોના શબ્દોમાં કહું તો વારવનિતાગૃહમાં લાવવામાં આવી છે. હવે માબાપ પોલીસ મારફત તપાસ કરી રહ્યાં છે. ચા... લો, એટલે છોકરીને ઉઠાવીને એકથી બીજે ને બીજેથી ત્રીજે એમ ફેરવવા માંડી છે.... છેવટે પત્તો લાગ્યો કે તે અહીં છે... અને વધારે મહત્ત્વનું તો એ છે કે તે અહીં મારા જ વિભાગમાં! બોલો, હવે મારે શું કરવું?"

"મિ. બરકેશ, પણ તે તો ઉમ્મર લાયક છે." આનાએ કહ્યું.

"તેઓ ઉમ્મરલાયક હોય છે;" આનાના પતિએ પત્નીની વાતને ટેકો આપતાં કહ્યું. "ઉપરાંત કબૂલાત આપે છે કે તેઓ પોતાની રાજીખુશીથી..."

એમા શાંત સ્વરે બોલીઃ "ઇશ્વરના સોગંદ ખાઈને કહું છું કે અહીં તેને પેટની દીકરી જેમ રાખવામાં આવે છે."

"પણ મારે એનું શું કામ છે?" ઇન્સ્પેક્ટરે જરા ગુસ્સે થતાં કહ્યું. "મારી સ્થિતિનો તો ખ્યાલ કરો... મારી તો તપાસ કરવાની ફરજ છે. અલબત્ત, એ ફરજ બજાવતાં મારે કેટલાંયનાં મન દુભવવાં પડે છે!"

આના ઓચિંતી ઊભી થઈ અને બારણાં સુધી જઈ, ઇન્સ્પેક્ટર પ્રત્યે જરા આંખ મિચકારી કહેવા લાગીઃ

"મિ. બારકેશ! અહીં આવો, અમે કેટલાક ફેરફાર કર્યા છે તે બતાવું. અમે આ જગ્યામાં થોડો વધારો કરવા ધારીએ છીએ."

"વાહ! જરૂર..."

દસ મિનિટ પછી બન્ને પાછાં ફર્યાં, ત્યારે તેઓ એક બીજા સામે જોતાં ન હતાં. બરકેશનો હાથ તેના ખીસ્સામાં તાજી જ પડેલી સો રૂબલની નોટને પંપાળી રહ્યો હતો. ફસાવેલી છોકરીની વાત પુનઃ ઉચ્ચારાઈ નહિ. ઇન્સ્પેક્ટરે ઉતાવળથી પોતાનો દારૂનો ગ્લાસ પૂરો કરી અત્યારના જમાનામાં ફેલાતા ઉચ્છૃંખલપણા માટે ફરિયાદ કરવી શરૂ કરીઃ

"મારે પોલ નામે એક દીકરો છે. અત્યારે નિશાળમાં ભણે છે. એક દહાડો એ નાલાયક આવીને મને કહે છે કે, 'બાપા, નિશાળમાં છોકરાઓ મને ખીજવે છે કારણકે તમે પોલીસ છો, ચામરકાયામાં નોકરી કરો છો અને વારવનિતાઓ પાસેથી લાંચ લ્યો છો!' ઇશ્વરને નજર સમક્ષ રાખીને કહેજો કે આ નરી ઉચ્છૃંખલતા નહિ તો બીજું શું?"

"એ જ તો! અને લાંચ વળી કેવી? હવે ખરું પૂછો તો મારે—"

"પછી મેં તેને કહ્યુંઃ 'જા અને જઈને તારા માસ્તરને કહેજે કે જો ફરીથી મારે મોઢે આવી વાત આવશે તો સૂબાને જ કહી દેવું પડશે.' અને તમે શું ધારો છો? તેણે આવીને મને કહ્યું કે, 'હું તમારો છોકરો નથી! તમે બીજો છોકરો શોધી લેજો.' કેવી દલીલ! પછી તો મેં તેને એવો તો ફટકાર્યો! અને હવે તો એ મારી સાથે બોલવાય ઇચ્છતો નથી; પણ એ નાલાયકને હું બરાબર સ્વાદ ચખાડીશ."

"અરે, એ તો ઘેર ઘેર માટીના ચૂલા છે." આનાએ આંખમાં ઝળઝળિયાં લાવી ગદ્દગદિત સ્વરે કહ્યું. "હું પણ એ મારી દીકરીને–એ ફ્લેશરની નિશાળમાં ભણે છે—જાણી બૂજી સંસ્કારી કુટુંબમાં રાખું છું. શા કારણથી એ તો તમે સમજો છો અને એક વખતે એ પણ ઓચિંતી નિશાળમાંથી આવી એવી એવી તો વાતો કહેવા બેઠી કે હું તો શરમની મારી લાલચોળ થઈ ગઈ."

"હું એ વાતનો સાક્ષી છું" આનાના પતિએ વાતને ટેકો આપ્યો.

"હા! હા! શરમ કેમ ન લાગે!" ઇન્સ્પેકટરે વાતને અનુમોદન આપતાં કહ્યું. "હું બરાબર સમજી શકું છું; પણ અરે પ્રભુ, આ રીતે આપણે કયે રસ્તે જઈ રહ્યાં છીએ? ખરેખર, આપણે ક્યાં જઈ રહ્યાં છીએ? હું પૂછું છું કે આ ક્રાન્તિવાદીઓ અને આ બીજા નિશાળિયાઓ...કે તમે પેલું શું કહો છો...એ બધા શું મેળવવા મથે છે? તેમણે બીજાનો દોષ કાઢવાને બદલે પોતાનો જ દોષ કાઢવો જોઈએ. બધેય બદમાશી ફેલાઈ ગઈ છે, નીતિનાં ધોરણો ઓસરતાં જાય છે અને મોટેરાંઓનું કહ્યું કોઈ માનતું નથી. એ બધાને તો પકડી પકડીને ગોળીએ જ મારવા જોઈએ!"

"ઠીક, સાંભળો. અમારે ત્યાં જ પરમ દિવસે એક કિસ્સો બન્યો હતો." ઝોસિયા વચ્ચે બોલી ઊઠી. "એક મહેમાન આવ્યો. તે હતો હૃષ્ટપુષ્ટ—"

"ચૂપ રહે—તને કોણ વચ્ચે બોલાવે છે?" એમા, જે અત્યાર સુધી ઇન્સ્પેકટરની વાતને એકચિત્તે ધાર્મિક પ્રવચનની જેમ સાંભળતી હતી, તે બોલી ઊઠી. "જા અને જો કે નાસ્તો તૈયાર થયો કે નહિ?"

"અને આજે તો સગા બાપનો પણ વિશ્વાસ રખાય એવો જમાનો નથી." આનાએ પણ ફરિયાદમાં ઉમેરો કરતાં કહ્યું. "ચાકરડીઓ જુઓ તો તે પણ ઢોંગી અને છોકરીઓ તો બધીય તેમના વહાલાઓનો વિચારો કરતી હોય છે. એમને તો પોતાના જ સુખની ચિંતા હોય છે, પણ તેમની ફરજો શી એનો તો વિચાર સરખોય ન મળે."

ઇન્સ્પેકટર ઊભો થયો અને તલવાર ઠીક કરવા લાગ્યો.

"આવજો, હવે જાઉં, બહુ વાર રોકાયો. સાહેબજી આના, સાહેબજી ફ્રાંસિવાહ!"

"કેમ એકાદ ગ્લાસ વધારે નહિ લ્યો?" હસિયાહે કહ્યું.

"આભાર. પણ હવે બસ—આજે તો ખૂબ પીધો."

"આભાર તો અમારે તમારો માનવો જોઈએ. આવી રીતે કોઈ કોઈ વાર આવતા રહેજો."

"તમારી મહેમાનગતિ સ્વીકારવા સેવક હંમેશાં તૈયાર હોય છે, સાહેબજી!"

પણ બારણામાં જ તે અટક્યો અને જાણે કે મહત્ત્વની વાત કહેતો હોય તેમ બોલ્યોઃ

"પણ હજીય મારી તમને સલાહ છે કે આ છોકરીને વેળાસર બીજે ખસેડી દેજો. અલબત કેમ ખસેડવી એ તમારું કામ છે, પણ આ તો તમારા એક શુભેચ્છક તરીકે સલાહ આપું છું." એટલું કહી તે ચાલ્યો ગયો. જ્યારે દાદર પરથી તેનાં પગલાંનો અવાજ આવતો બંધ થયો અને તેની પાછળ બારણું બંધ થવાનો અવાજ આવ્યો કે એમાએ નાક મચકોડી તિરસ્કારપૂર્ણ અવાજે કહ્યુંઃ

"દગલબાજ! લુચ્ચો! બેય હાથે ખાવા જોઈએ છે—પછી વર મરો કે કન્યા મરો!"

[૩]

ધીમે ધીમે બધાં ઓરડામાંથી સરકી જાય છે. ઘરમાં અંધારું છે. અર્ધ ચીમળાયલા છોડવાઓમાંથી મધુર સુવાસ આવે છે. સર્વત્ર નિઃશબ્દતા છવાયલી છે.

સાંજના છ વાગે વાળુ થાય ત્યાં સુધીનો સમય અસહ્ય કંટાળા-ભરી રીતે પૂરો થાય છે અને સામાન્ય રીતે આ સમય જ ઘરમાં સૌથી ભારે અને જીવનશૂન્ય જેવો લાગે છે. નિશાળોમાં જ્યારે લાંબી

રજાઓ પડે છે અને સ્ત્રીઓનાં ને બીજાં વિદ્યાલયોમાં લાંબા તહેવારો આવે છે, ત્યારે કાંઈ કામ વિનાના જે કેટલાય કલાકો પસાર કરવા પડે છે, તેના જેવો આ સમય હોય છે. ચણિયા અને કબજા પહેરી, ઉઘાડા હાથે, કેટલીક વાર ઉઘાડા પગે, નાહ્યાધોયા વગર અને વાળ પણ ઓળ્યા વગર, એક ઓરડામાંથી બીજા ઓરડામાં તેઓ આવજા કર્યા કરે છે; પિયાનાની ચાવીઓ દબાવે છે; નસીબ જોવા પાનાં ગોઠવે છે; ગાળો દે છે અને એક પ્રકારના નિર્જીવ ગુસ્સાથી સાંજ પડવાની રાહ જોયા કરે છે.

નાસ્તા પછી હયુબકા રોટલી ને માંસના ટુકડા લઈ એમોર પાસે ગઈ હતી પણ કૂતરો સપાટાબંધ તે બધુંય સાફ કરી ગયો હતો. પછી તે ન્યુરાની સાથે કેટલી પીપરમીટ અને ધાણી લઈ, બહાર શેરીનો રસ્તો અને મકાનને જુદી પાડતી જાળી પાસે આવી. ખાતાં ખાતાં છોડાં ઊડી તેમની હડપચીએ અને છાતીએ ચોટતાં હતાં અને આમ કરતાં કરતાં તેઓ રસ્તા પર, જાહેર ફાનસોમાં ઘાસલેટ પૂરવા જતા નોકરો, બગલ નીચે ચોપડી મારી જતા પોલીસો અને રસ્તા પર થઈ સામી દુકાને દોડી જતી બીજા ઘરની બાઈઓ વિષે અનેકવિધ વાતો કરી આનંદ પામતી હતી.

ન્યુરા નાની હતી અને તેની આંખો ગોળ હતી. તેના વાળ સફેદ હતા અને કપાળ પર ભૂરી નસો સ્પષ્ટ તરી આવતી હતી. તેના મુખ પરની સરળતા નિર્દોષ સફેદ ઘેટાની યાદ આપતી હતી. તે તોફાની હોઈ દરેક બાબત જાણવા આતુર થતી, દરેક વાતમાં માથું મારતી, દરેકની સાથે સહમત થતી. સમાચાર જાણવામાં સૌથી મોખરે રહેતી અને તે જ્યારે બોલવા માંડતી ત્યારે એટલી ઝડપથી બોલતી કે નાના બાળકની માફક તેના હોઠ પર બધે થૂંક પ્રસરી રહેતું.

સામેના પીઠામાંથી એક યુવાન બબૂચક જેવો નોકર ક્ષણભર માટે બહાર આવી તરત જ પાસેના પીઠામાં દોડી ગયો.

"પ્રોખોર ઇવાનોવીચ ! ઓ પ્રોખોર ઇવાનોવીચ ?" ન્યુરાએ બૂમ પાડી કહ્યું. "કેમ નથી જોઈતી ? બે, હું તને ધાણી આપું !"

"અંદર આવી અમારી સાથે થોડીક વાતો તો કર ?" હસુબહાએ પણ કહ્યું.

ન્યુરા શ્વાસ રૂંધાઈ જાય એટલા જોરથી ખડખડાટ હસીને બોલી: "થોડીવાર માટે તારા પગ તો ગરમ કર !"

પરંતુ એટલામાં તો આગલું દ્વાર ઊઘડ્યું, અને ત્યાં મોટી 'બાઈ'નો સખ્ત ચહેરો દેખાયો.

"હં ! આ તે કેવી અસભ્યતા !" તેણે સત્તાદર્શક અવાજે કહ્યું. "તમને કેટલી વાર કહ્યું કે તમારે દિવસના વખતે રસ્તા પર ન દેખાવું, અને તેમાંય ખાસ કરીને આવાં કપડાં પહેરીને ! હું નથી સમજી શકતી કે તમારી બુદ્ધિ કેમ બહેર મારી ગઈ છે. સ્વમાનવાળી છોકરીઓએ આવી રીતે જાહેરમાં બહાર ન નીકળવું જોઈએ. ઈશ્વરનો પાડ માનો કે તમે માત્ર સૈનિકોની ઘરાકીવાળા હલકા ગૃહમાં નથી, પણ એક સભ્ય ગૃહમાં છો. આ કાંઈ નાની થામા નથી."

છોકરીઓ ઘરમાં પાછી ફરી રસોડામાં દાખલ થઈ અને નાનાં સ્ટૂલો ઉપર બેસી પગ હલાવતી ને ધાણી ફાકતી, ગુસ્સે થયેલી રસોયણ પ્રેરકોવિયાની મશ્કરી ઉડાવી રહી.

તોફાની માન્કા અથવા તો નાની શ્વેત માન્કાને નામે ઓળખાતી છોકરીની ઓરડીમાં આખી મંડળી જમા થઈ હતી. બિછાનાની ધારે બેસી તે અને ઝો નામની ઊંચી, ખૂબસૂરત, વાંકાં ભવાં, ભૂરી આંખો અને રશિયન વારવનિતાને અનુરૂપ ખાસ શ્વેત મુખારવિંદવાળી છોકરી પાનાં રમતી હતી. નાની માન્કાની માનીતી ગોઠિયણ જેની તેમની પીઠ પાછળ સૂતી સૂતી સિગારેટ ફૂંકતી, પ્રસિદ્ધ ફ્રેંચ નવલકથાકાર ડ્રમાની 'રાણીનો રત્નહાર' નામની ફાટી ગયેલાં પાનાંવાળી નવલકથા વાંચતી હતી. એ આખાય મકાનમાં તે એકલી જ

વાંચનની રસિયણ હતી, અને તે પુષ્કળ અને જે આવે તે વાંચ્યા કરતી હતી, પણ ઊલટું આવી સાહસિક નવલકથાઓ વાંચવાથી તે જરાય લાગણીપ્રધાન નહોતી થઈ ગઈ કે નહોતી તેની કલ્પનાશક્તિ બદ્ધ થઈ ગઈ. નવલકથાઓમાં ખાસ કરીને ખૂબ ચતુરાઈભરી રીતે ગૂંથેલા અને તેવી જ ચતુરાઈથી તેનો નિકાલ આવતા પ્રપંચો; જેમાં ઉમરાવ પોતાના બૂટની દોરી છોડી નાંખી એમ દાખવે કે પોતે પોતાના સ્થાનથી એક ડગલું પણ દૂર ખસવાનો નથી, અને તે પછી પ્રતિસ્પર્ધી ઉમરાવ તેને તરવારથી ઘાયલ કર્યા બાદ તેના નવા વાસ્કુટમાં કાણું પાડવા માટે માફી માંગતો હોય તેવાં અદ્ભુત દ્વંદ્વયુદ્ધો; વાર્તાના નાયકોની જમણી ને ડાબી બાજુએ બેદરકારીથી સીવેલી સોનાની થેલીઓ; એક સમયે ઇંગ્લેંડની ગાદી શોભાવનાર હેન્રી ચોથાનાં સાહસો અને કટાક્ષો; ટૂંકમાં જેમાં સુવર્ણ અને બૂટની દોરી મહત્ત્વનો ભાગ ભજવતી હોય તેવી ગઈ સદીના ફ્રાંસના ઇતિહાસમાંની ચટાકેદાર કહાણીઓ એને બહુ ગમતી. સામાન્ય વ્યવહારમાં તે ઠરેલ, ટાઢા ડામ દેનારી, વ્યવહારુ અને ભયંકર કિન્નાખોર હતી. આ ગૃહની બીજી છોકરીઓમાં તેનું સ્થાન, નિશાળમાં સૌથી બળવાન છોકરાના જેવું, જુલ્મી અને પ્રભાવશાળી હતું. તે ઊંચી અને પાતળી હોઈ, સુંદર આંખો, નાનું અભિમાની મોં, ઉપરના હોઠ પર થોડા ઊગેલા વાળ અને ગાલો પર શ્યામ અસ્વચ્છ ગુલાબી ધરાવતી હતી.

મોંમાંથી સિગારેટને જરાય ખસેડયા વિના ધુમાડાથી આંખોને ભરી દેતી, તે માત્ર ભીની આંગળી વડે પાનાં ફેરવ્યા સિવાયની બીજી કશીય હિલચાલ કરતી ન હતી. તેના પગ ઘૂંટણ સુધી ઉઘાડા હતા. તેના પગના મોટા પીંડ ઘણા જ બેડોળ સ્વરૂપના હતા અને પગના અંગૂઠાઓ પાસેની આંગળીઓ કદરૂપી, અણીદાર અને અનિયમિત માપની હતી.

તેની બાજુમાં જ પલોંઠી વાળી, સહેજ વાંકી વળી, કંઈક

ગૂંથતી, ટમારા નામની, શાંત, સરળ, સુંદર, કંઈક રતાશ પડતી અને શિયાળને શિયાળામાં હોય છે તેવા કાળા વાળવાળી છોકરી બેઠેલી હતી. લોકોના કહેવા મુજબ તેનું ખરું નામ ગ્લીસેરા યા તો હચુકેરિયા હતું; પણ આ ગૃહોની એ એક ખાસ વિશિષ્ટતા હતી કે મોટાં ભારે નામોને ફેરવી નાખી તેને સ્થાને સાદાં ને સરળ નામો રાખવામાં આવતાં. ટમારા એક જમાનામાં સાધ્વી હતી કે પછી મઠમાં કલંકરૂપ હતી. હજી પણ તેના મુખ પર એક પ્રકારની, યુવાન સાધ્વીઓને અનુરૂપ ભીરુતા અને ફીકાશ, મૃદુતા અને લુચ્ચાઈના ભાવની છાયા જોવામાં આવતી. તે ઘરમાં બધાથી દૂર રહેતી. કોઈની મિત્રતા બાંધતી નહિ અને કોઈની સમક્ષ પોતાનું ભૂતકાળનું પાનું ખોલતી નહિ, પણ તેના કિસ્સામાં તે સાધ્વી હોવા સિવાય બીજાં પણ સાહસો નીવડયાં હશે : તેની ઠંડે કલેજે બોલવાની ઢબમાં—તેની લાંબી, નીચી પાંપણો ઢાળેલી ઊંડી અને કાળી સોનેરી આંખોની કપટી દૃષ્ટિમાં, તેની રીતભાતમાં, તેના પ્રપંચી સ્મિતમાં અને તેના સાદા પણ વિલાસી સાધ્વીપણામાં પણ કંઈક રહસ્ય, કંઈક અગમ્યતા અને કંઈક બદમાશી તરી આવતાં. એક પ્રસંગે માનભર્યા પ્રભાવ સાથે છોકરીઓના જાણવામાં આવ્યું હતું કે ટમારા ફ્રેંચ અને જર્મન ભાષાઓ સુંદર રીતે બોલી શકતી હતી. તેનામાં એક પ્રકારની કાબૂમાં રાખેલી આંતરિક શક્તિ જણાતી. તેનામાં બાહ્ય નમ્રતા અને સુજનતા હોવા છતાં ગૃહમાં વસતાં સર્વે–શેઠાણી, તેની સખીઓ, બન્ને બાઈઓ અને આ વારવનિતાગૃહનો બાદશાહ જેવો ગણાતો ક્રૂર દરવાન પણ, તેની સાથે આદર અને સાવધાનીથી વર્તતા.

"ખલાસ !" ઝોએ સરનું પાનું ખોલતાં કહ્યું. "માન્કા, મારી પાસે કાળીનો એક્કો છે ને મારા ચાળીસ થયા. મારી બાજી પૂરી થઇ. સત્તાવન ને અગિયાર અડસઠ—તારે કેટલા છે ?"

"ત્રીસ." માનકા હોઠ કરડી જરા મિજાજ ખોઈને બોલી. "ઓહો, તારે જાણે ઠીક છે. તું તો બધીય રમતોમાં હોશિયાર છે.

હવે . . . ટમારા, હવે શું ?" પોતાની સહિયર તરફ ફરીને તે બોલી.
"તું બોલ, હું સાંભળું છું."

ઝોએ જૂનાં, કાળાં અને ચીકણાં પાનાં ચીપ્યાં, પછી માનકાએ પાનાં કાપ્યાં અને ઝોએ તે પાનાં વહેંચ્યાં.

દરમ્યાન ટમારા પોતાનું સીવણકાર્ય ચાલુ રાખી, શાંત અવાજે કહેતી હતીઃ "અમે સોનેરી તારથી સાદી ગૂંથણીમાં વધસ્તંભનાં ખોળિયાં, કફનના પડદા ને પાદરીના ઝભ્ભા ગૂંથતાં . . . તેના પર થોડી લીલોતરી, થોડાં પુષ્પો ને થોડા વધસ્તંભો બનાવતાં . . . શિયાળામાં નાની, જાળીવાળી બારીઓ આગળ બેસતાં . . . ત્યાં બહુ અજવાળું હોતું નથી, એટલે આખો દિવસ બત્તીના તેલની, ધૂપની અને સરવરના ઝાડની વાસ આવતી. ત્યાં તો વાતે ન થાય—મઠની મોટી સાધ્વી બહુ કડક હતી. કોક વળી થાકીને ભજનની એકાદ કડી ગાવાનું શરૂ કરે . . . 'તારા સ્વર્ગનો જ્યારે હું વિચાર . . .' અમે બહુ સરસ રીતે ગાતાં, અને ત્યાંનું જીવન એવું તો શાંત હતું અને એવી તો સરસ સુવાસ આવતી ! બારીમાંથી બહાર પથરાયલો બરફ દેખાતો— જાણે સ્વપ્ન જોતાં ન હોઈએ . . ."

જેનીએ ફાટલી નવલકથા પેટ પર મૂકી ઝોના માથા પર થઈને સિગારેટ બહાર ફેંકી અને પછી કટાક્ષ કરતી કહેવા લાગીઃ

"હવે બધીય ખબર છે તમારા શાંત જીવનની ! બાળકોને જાજરૂમાં ખોસી મારી નાંખતાં એ કે બીજાં તમે ? સેતાન તો તમારી પવિત્ર જગ્યાઓની આસપાસ હંમેશાં જાસૂસી કરતો હોય છે."

"ચાળીસ. મારી પાસે છેંતાળીસ હતા. ખલાસ !" નાની માન્કા તાળીઓ વગાડતી આનંદથી બોલી ઊઠી. "હું ત્રણથી ખોલું છું."

ટમારાએ પ્રખ્યાત કળાકર લીયાનાર્ડો ડા વીન્સીના સુપ્રસિદ્ધ ચિત્ર મોના લીસાના જેવું અદૃશ્ય સ્મિત કરતાં પ્રત્યુત્તર આપ્યોઃ

"નવરા લોકોને સાધ્વીઓ વિષે ગપગોળા ઉડાડવા સિવાય બીજો શો ધંધો હોય છે... અને એકાદ વખત એવો પાપાચાર થઈ ગયો, તોપણ..."

"જ્યાં પાપ નહિ, ત્યાં પશ્ચાતાપ નહિ!" ઝોએ ગંભીરતાપૂર્વક કહ્યું, અને મોંમાં નાખી ભીની કરેલી આંગળી વડે પાનાં ફેરવવા લાગી.

"આંખો આગળ સુવર્ણના ઢગ કલ્પી અમે બેઠાં બેઠાં સીવ્યા કરીએ, પણ પછી સવારમાં ઊભાં ઊભાં પ્રાર્થના કરતાં અમારા પગ ને પીઠ એવાં તો દુઃખતાં! અને સાંજે વળી પાછી પ્રાર્થના કરવાની તો ઊભી જ હોય! વડી સાધ્વીનો ઓરડો ઠોકતાં પ્રાર્થના કરવાની: "ઓ પ્રભુ, અમારા પિતા, તારા સંતોની પ્રાર્થનાથી અમારા પર દયા કર!" અને મોટાં સાધ્વી તેમના ઓરડામાંથી ઝીણા સ્વરે જવાબ આપે: 'આમેન!' (તથાસ્તુ!)"

જેની ટમારા તરફ એકીટસે જોઈ રહી, પછી માથું હલાવી કોઈ ગંભીર વાત કરતી હોય તેવા ભાવસહ કહેવા લાગી: "વિચિત્ર છોકરી છું, ટમારા. તને જોઈ મને હંમેશાં આશ્ચર્ય થયા કરે છે, પરંતુ હવે મને સમજાય છે કે સોન્કાની માફક આ મૂર્ખીઓ કેમ પ્રેમની રમતો રમ્યા કરે છે. પરંતુ સત્યતઃ એટલા માટે જ એ બધી મૂર્ખીઓ બનતી હોય છે. પણ તું, જે અનેકરંગે રંગાઈ છું, જેને સંસારનો અનેક પ્રકારનો અનુભવ છે, તે શા માટે તેમના જેવી મૂર્ખાઈઓમાં પ્રવૃત્ત થાય છે! કહે, તું એ ખમીસ શા માટે ગૂંથે છે!"

ટમારાએ, જવાબ આપવાની જરાય તત્પરતા દાખવ્યા સિવાય, પોતાનાં ઢીંચણ પર કપડાંને બરાબર ગોઠવી, સોયમાં દોરો પરોવી, આંખો ઊંચી કર્યા વિના જ, માથું જરા વધારે પડતું નમતું રાખીને કહ્યું: "માણસે કાંઈક તો કરવું જ જોઈએ ને! એમ ને એમ બેસી રહેવાથી તો કંટાળો આવે છે! હું પાનાં નથી રમતી, કારણકે મને એ ગમતાં નથી."

જેનીએ માથું ધુણાવ્યા જ કર્યું.

"ના, ના, તું પોતે જ વિચિત્ર છે, ખરેખર તું વિચિત્ર જ છે. અમારા બધાંય કરતાં તું ગ્રાહકો પાસેથી વધારે મેળવે છે. તો મૂર્ખ, પૈસા બચાવવાને બદલે તું શા માટે વેડફી નાંખે છે? સાત સાત રૂબલવાળી અત્તરની શીશીઓ શા માટે ખરીદે છે? અને હવે વળી પાછું જઈને પંદર રૂબલનું રેશમ લઈ આવી! કહે, આ તારા સેન્કા માટે તો નથી ને?"

"અલબત્ત સેન્કા માટે જ છે."

"આહા, અને કોણ જાણે ક્યાંયથી આ ખજાનો શોધી કાઢયો છે! કમજાત શાહુચોર! અહીં આવે છે ત્યારે તો મોટા સેનાપતિના જેવો રોફ મારીને આવે છે. હજી સુધી ભલો તને એ માર્યા વગર રહ્યો છે? ચોરોને—તેમને તો એવું બહુ ગમે; અને એ તને, જ્યારે નજીક ખેંચે છે, ત્યારે તને બીક નથી લાગતી?"

મને ગમતું હોય છે તેટલો સમય જ તેના ચેનચાળા ચાલવા દઉં છું, તેથી વધારે સમય જરાય નહિ." ટમારાએ નરમાશથી જવાબ વાળ્યો અને દોરાને દાંત વડે કાપ્યો.

"મને એ જ વાત પર અજાયબી ઊપજે છે. તારી બુદ્ધિ ને તારા રૂપ વડે તો હું આવા ગ્રાહકોને ટચલી આંગળી પર નચાડું, અને મને અહીંથી છૂટી કરાવીને સ્વતંત્ર જગ્યા રખાવું. અરે ઘોડા અને ઝવેરાતનો તો પાર ન રહે!"

"એ તો જેવો જેને શોખ. જેની તુંય સુંદર અને માનીતી છોકરી છું, અને તું ખૂબ જ સ્વતંત્ર અને મક્કમ સ્વભાવની છું, છતાંય મને અને તને નસીબે લાવી અહીં આના મારકોવનાને ત્યાં જડી દીધાં છે."

જેની ભભૂકી ઊઠી અને સખ્ત કડવાશભર્યા સ્વરે કહેવા લાગી:

"હા! શા માટે નહિ! તને તો દૂધ કહેતાં પાણી મળે છે! તને તો સારામાં સારા ગ્રાહકો મળે છે! તું ચાહે તેમની સાથે રહી શકે છે; જ્યારે મારા નસીબે તો બુઢ્ઢા બબૂચકો અને મોઢે ધાવણ ન સુકાયું હોય તેવા છોકરાઓ જ હોય છે. મારું નસીબ જ ફૂટેલું છે. બુઢ્ઢા છે તેમને નાકે લીંટ લબડતું હોય છે, અને પેલા છોકરા હોય છે મોઢે ફીકાશવાળા! તેમાંય મને એ નાદાન છોકરાઓ તો બિલકુલ ગમતા નથી. કોણ જાણે કોણ એમને આ રસ્તો બતાવે છે! હોય છે બાયલા જેવા અધીરા—ધ્રૂજતા; પરંતુ કામ પૂરું થતાં એવા તો શરમિંદા બની જાય છે કે ક્યાં નજર નાંખવી તેનુંય તેમને ભાન રહેતું નથી. પોતાની જ જાતને ધિક્કારતા હોય છે. મને તો તે વખતે તેમના નાક ઉપર એકાદ લગાવી દઉં એવું થઈ આવે છે! મને રૂબલ આપે તે પહેલાં ખીસ્સામાં મુઠ્ઠીમાં પકડી રાખે છે, અને એ આખો રૂબલ ઉષ્ણ ને પસીનાથી તરબોળ થઈ ગયેલો હોય છે. બાયલા! મા બિચારી નિશાળે ચણા ફાકવા દશ કોપેક રોજ આપતી હોય છે, તે ભાઈ બચાવી બચાવી એકઠા કરી અહીં આવે છે. અરે, હમણાં જ એક એવો નિશાળિયો મારી પાસે આવ્યો હતો. તેથી તેને ચીઢવવા જાણી જોઈને જ મેં તેને કહ્યું: 'લે છોકરા, આ ચોકલેટ, નિશાળે જતાં માર્ગમાં ખાવા કામ લાગશે.' પહેલાં તો એ ગુસ્સે થયો, પણ પછી તેણે તે લઈ લીધી. પછી મેં બારીએ જઈને ખાસ જોયું, તો જેવો તે બહાર નીકળ્યો કે ચારે તરફ જોઈ કોઈ ન દેખતાં તરત જ તેણે મોઢામાં ચોકલેટ મૂકી દીધી. નાલાયક ક્યાંકનો!"

"પણ આ બુઢ્ઢાઓ તો તેથીય ખરાબ હોય છે." નાની માન્કા મૃદુ સ્વરે બોલી, અને ઝો સામે તીરછી નજરે જોવા લાગી. "કેમ, તારો શું મત છે, ઝો?"

ઝોએ પાનની રમત પૂરી કરી બગાસું ખાવા જતી હતી તે,

આ પ્રશ્ન સાંભળી તેમ કરતાં અટકી ગઈ. તેને સમજ ન પડી કે ગુસ્સે થવું કે હસવું. તેનો એક નિયમિત ગ્રાહક હતો. તે કોઈ જૂના ખાનદાનનો પદવીધારી વંશ જ હતો, અને તેને ઘેર છોકરાંછૈયાં પણ હતાં. તેણે સૃષ્ટિક્રમ વિરુદ્ધની ટેવો કેળવી હતી. તે જ્યારે જ્યારે ઝોની મુલાકાતે આવતો, ત્યારે બધાં તેની મશ્કરી ઉડાવતાં.

આખરે ઝોએ બગાસું ખાવામાં સફળતા મેળવી અને જરા કર્કશ સ્વરે બોલી: " તમે ને એ બધાંય જાઓ જહાન્નમની ખાડીમાં! મૂઓ એ મરતોય નથી!"

પણ જેનીએ વાત ચાલુ રાખી: " પણ બધાંય કરતાં, ઝો, તારા ડાયરેકટર અને મારા નિશાળિયા કરતાંય વધારે ખરાબ, તો આ આપણા આશકો હોય છે. પૂરા ઢીંચીને આવવાના, મોટા કેવાય તીસમારખાં હોય તેવો દેખાવ કરવાના. આપણા પર જાણે કેવાય મરી પીટતા હોય તેવું વર્તન દેખાડવાના! તેમનામાં જાણે કેવીય અદ્ભુત શક્તિઓ ભરી ન હોય અને હોય ત્યારે પાસે શકોરુંય નહિ! આખાય ગામના ઉતાર, ગંદા, માર ખાઈ ખાઈને રીઢા થઈ ગયેલા, ગંધ મારતાં, આખાય શરીરે ઉઝરડાવાળા! હા, એક બાબતમાં તેમને અભિમાન ધરાવવા જેવું હોય છે. એમને માટે દમારા જેવી રેશમી વસ્રો ગૂંથે છ તે! કૂતરા, સગી માને ભાંડયા કરે, ને તેમના હાથ તો તોફાન કરવા આખો દહાડો ચળવળ્યા કરતા હોય! ઉફ્!" પછી એકદમ આનંદમાં આવી જઈ તે કહેવા લાગી: " હું તો ચાહું છું, મારા તન અને મનથી, માત્ર મારી માનેચકા, શ્વેત માન્કા, નાની માન્કા, મારી ગપ્પામારું માન્કાને!"

એમ બોલી તે ઓચિંતી માન્કાને વળગી પડી. તેને પાસે ખેંચી બિછાનામાં નાંખી દઈ, તેના હોઠ, આંખો અને વાળને જોરજોરથી ચુંબનો લેવા મંડી પડી. માન્કા મહામહેનતે તેનાથી છૂટી પડી. તેના અકચકિત, સુંદર વાળ બધા વિખરાઈ ગયા હતા, આંખોમાં ઝળઝળિયાં

આવી ગયાં હતાં, અને હાસ્ય અને શરમના માર્યાં તેના ગાલ લાલ લાલ થઈ ગયા હતા.

"છોડ, જેની છોડ મને! આવું તે તોફાન હોય? છોડ, જવા દે મને!"

નાની માન્કા આખાય ઘરમાં સૌથી વધારે નમ્ર અને શાંત છોકરી હતી. તે માયાળુ, દરેકનું કામ કરી છુટનારી હતી; અને સર્વે તેના પ્રત્યે ખૂબ જ મમતાથી વર્તતાં. તે જરા જરામાં શરમાઈ જતી અને તે વખતે તે વધારે મોહક લાગતી; પણ જ્યારે, પોતાને જેનો બહુ શોખ હતો તે બેનેડીકટાઈન દારૂના ત્રણ કે ચાર ગ્લાસ મળતા, ત્યારે તેનો સ્વભાવ એટલો તો બદલાઈ જતો, અને એવું તો ધાંધલ મચાવતી કે તેને શાંત પાડવા હંમેશાં 'બાઈઓ'ની, દરવાનની અને કેટલીક વાર પોલીસની મદદ લેવી પડતી. ગ્રાહકના મોં પર તમાચો ખેંચી કાઢવો કે તેના મુખ પર આખોય દારૂનો ગ્લાસ ઢોળવો, ફાનસ ઊંધું વાળી દેવું કે શેઠાણીને ગાળો દેવી, એ તેને માટે સામાન્ય વસ્તુ હતી. જેની તેની સાથે કોઈક વિચિત્ર, મૃદુ આધિપત્ય અને કઠોર પૂજારીની જેમ વર્તતી.

"છોકરીઓ, જમવાનું તૈયાર છે. ઊઠો, જમવાને ચાલો!" બહાર ગેલેરીમાં દોડતાં દોડતાં ઝોસિયા નામની બાઈએ બૂમ પાડી. દોડતાં દોડતાં તે વચ્ચે માન્કાની ઓરડીમાં દાખલ થઈ અને બોલી: "છોકરીઓ, જમી લ્યો. ખાવાનું તૈયાર છે."

સર્વે છોકરીઓ આછાં કપડામાં, નાહ્યાધોયા વગર, ઉઘાડા પગે રસોડા તરફ ઊપડી. ભોજનમાં શાક, સુપ, કટલેટ વગેરે વસ્તુઓ હતી; પરંતુ વિલાસી જીવન, અનિયમીત ઊંઘ તથા ઘણીખરી છોકરીઓએ, નિશાળમાં ભણતી બાળાઓની જેમ, બપોરના વારંવાર બજારમાંથી હલવો અને એવી વિવિધ વસ્તુઓ મંગાવી ખાધેલી હોવાથી, કોઈનેય ખરી ભૂખ નહોતી. માત્ર નીના નામની બટકી,

ચીબા નાકવાળી, બે મહિના પહેલાં જ એક ટ્રાવેલીંગ સેલ્સમેને ફસાવીને આ વારવનિતાગૃહમાં વેચી મારેલી, એક ગામડિયણ છોકરીએ ચાર જણને થાય એટલું ખાધું. તેને હજી અહીંની અનિયમિત જીવનની અસર થઈ નહોતી.

જેની, જેણે અડધું જ કટલેટ ખાધું હતું, તે તેના તરફ માયા દેખાડતી હોય તેવા દંભભર્યા ભાવે બોલી, "હે નીના, તું મારું પણ કટલેટ ખાઈ જા, ખા હેં બહેન ખા, શરમાઈશ નહિ. તારે હજી તબિયત સુધારવાની છે, અને અલીઓ, તમને ખબર છે ?" જેની પોતાની બીજી બહેનપણીઓ તરફ ફરતાં બોલી. "આપણી આ નીનાના પેટમાં તો એક લાંબો સાપ છે, અને જેના પેટમાં લાંબો સાપ હોય છે તે બે જણ જેટલું ખાય ! એક પોતાના ભાગનું અને બીજું સાપના ભાગનું !"

નીના ગુસ્સે થઈ ગઈ અને તેનું શરીર જોતાં આશ્ચર્ય લાગે તેવા તીણા સ્વરે નાકમાંથી બોલી. "મારા પેટમાં તો કાંઈએ નથી; તારા પેટમાં હશે એટલે જ તું આવી સૂકા સોટા જેવી છું !"

અને જરાય આડુંઅવળું જોયા વગર તેણે ખાવાનું ચાલુ રાખ્યું, અને જમ્યા પછી ઊંઘ આવતી હોય એમ લાગવાથી આળસ મરડી પાણી પી ઓડકાર ખાધો. કોઈ ન જોતું હોય ત્યારે તે તો જૂની ટેવને લીધે મોઢે વધસ્તંભની નિશાની પણ કરી લેતી.

પણ ત્યાં તો ગેલેરીમાંથી ને ઓરડીમાંથી ઝોસિયાબાઈનો તીણો અવાજ પુનઃ સંભળાયો: "ચાલો, કપડાં પહેરી તૈયાર થાઓ છોકરીઓ, આ ગપ્પાં મારવાનો વખત નથી . . . કામે લાગો . . ."

થોડીવાર પછી મકાનની બધીય ઓરડીઓમાંથી માથાના વાળ, સાબુ અને સસ્તા કોલન વૉટરની વાસ આવવા માંડી. બધીય છોકરીઓ રાતને માટે શણગાર સજતી હતી.

[૪]

સંધ્યા થઈ અને ત્યારપછી રાત્રી આવી, અને મધ્ય રા:
સુધી આકાશનો આછો ઘેરો પ્રકાશ દેખાયા કર્યો. મકાનના નો:
સામિયને દીવાનખાનાનાં, ઝુમ્મરનાં તેમજ મુખ્ય દ્વારનું રાતું ફાન
સળગાવ્યાં. સામિયન દૂબળો, બટકો, થોડા બોલો, બદમાશ, કઠોર સીધ
પહોળા ખભા, કાળા વાળ, મોઢે ચાઠાં, ભવાં ને મૂછોના સ્થા
બળિયાને લીધે પડી ગયેલાં ચાઠાં અને કાળી, તેજહીન ગુમા
આંખોવાળો હતો. દહાડે તે નવરો હોઈ ઊંઘ્યા કરતો, જ્યારે રાત્રે
ગ્રાહકોને ઓવરકોટ પહેરાવવા અને ઉતારવા, તથા ઓચિંતી કાં
ગરબડ થતાં વેળાસર હાજર થવાય તે માટે મુખ્ય દ્વાર નજીક ઊંઘ
એક પણ મટકું માર્યા વગર જાગૃત બેસી રહેતો.

પિયાનો વગાડનાર આવ્યો. તે એક ઊંચો ને ટટાર યુવા
હતો. તેનાં ભવાં અને આંખની પાપણો સફેદ હતી, અને તે
જમણી આંખમાં મોતિયો હતો. તે વખતે ત્યાં કોઈ ગ્રાહક હાજ
ન હોવાથી, તેણે અને ઇસિયાહે તે સમયના એક લોકપ્રિય નૃત્ય
સંગીતનો શાંતિપૂર્વક પાઠ કર્યો. ગ્રાહકો જ્યારે નૃત્યનું સંગીત વગાડવ
કહેતા, ત્યારે તેમને દર સાદા નૃત્યના સંગીતે ત્રીસ કોપેક અ
બીજા માટે અડધો રૂબલ મળતો, પણ આમાંથી અડધી આવ
શેઠાણી આના પડાવી લેતી અને બાકીની અડધી પિયાનાવાળો અ
ઈસિયાહ વહેંચી લેતા. આ રીતે પિયાનાવાળાને કુલ આવકમાંથ
માત્ર ચોથો ભાગ મળતો. અને અલબત તેમાં તેને અન્યાય થતે
હતો, કારણકે ઇસિયાહ તો ફીડલ આપમેળે જ શીખેલો હતો અ
તેનું સંગીતનું જ્ઞાન ઊંડાં સુધીનું હતું. પિયાનાવાળાને વારંવાર નવ
સૂર બેસાડવા પડતા અને ચાલુ સંગીતે ભૂલો સુધારવી પડતી. છો

રીઓ તેમના ગ્રાહકો સમક્ષ હંમેશાં અભિમાનપૂર્વક જણાવતી કે તેમનો પિયાનાવાળો સંગીતની શાસ્ત્રીય તાલીમ પામેલો છે, અને તેના વર્ગમાં તેનો નંબર પ્રથમ રહેતો. પરંતુ તે યહૂદી હોવાથી, તથા પાછળથી તેની આંખો બગડવાથી, તે પોતાનો અભ્યાસ પૂરો કરી શક્યો ન હતો. ગૃહમાં બધાં તેની સાથે માનપૂર્વક વર્તતાં.

આના મારકોવનાના વારવનિતાગૃહમાં ગ્રાહકોના સ્વાગત માટે દરેક જણ કપડાં પહેરી સજ્જ થતું હતું, અને કંઈ પણ કાર્ય ન હોવાથી, અને હજી રાહ જોવાની હોવાથી ત્યાં એક પ્રકારની અશાંતિ છવાયલી દીસતી હતી. જો કે ઘણીખરી છોકરીઓ પોતાના આશકો સિવાય બાકીના પુરુષો પ્રત્યે, એક પ્રકારની સંપૂર્ણ તથા કેટલેક અંશે ચીકણી બેદરકારી રાખતી, છતાંય દરેક રાત્રીના પ્રારંભ પૂર્વે તેમના જીવનમાં આછી આશાઓનો સંચાર થતો, અને તેમના આત્માઓમાં એક પ્રકારનું ચેતન આવતું. કોઈ કહી ન શકતું કે કોણ તેમને પસંદ કરશે, કોઈ અસાધારણ ઉલ્લાસમય અને ચિત્તાકર્ષક બનાવ કદાચ બનવા પામે, કોઈ ગ્રાહક પોતાની ઉદારતાથી બધાને ચકિત કરી નાંખે, કોઈ એવો ચમત્કાર બને કે જેથી માણસના સારાય જીવનનું પુનરાવર્તન થઈ જાય . . . આ આશાઓ ને અગમ્ય ભાવનાઓ જુગાર ખેલવા જતા નવા જુગારીને પૈસા ગણતાં થાય, કાંઈક એવા પ્રકારની લાગણીઓ જેવી હતી, તેમ જ તેમણે આવું જીવન પસંદ કર્યું હોવા છતાં સ્ત્રીઓનો મૂળ સ્વભાવ—પુરુષોને ખુશ રાખવાનો સ્વભાવ—હજી તેમનામાંથી લુપ્ત થયો ન હતો.

અને સત્યતઃ ત્યાં કોઈ કોઈ વાર વિચિત્ર વ્યક્તિઓ આવતી, અને હાસ્યજનક તથા વિચિત્ર પ્રસંગો ઉપસ્થિત થતા. પછી ઓચિંતા છૂપી પોલીસના માણસો સાથે પોલીસ દર્શન દેતી, કોઈ દેખાતા સભ્ય ને નિર્દોષ સદ્દગૃહસ્થને ગિરફતાર કરતી, ગળા પર ડંડા લગાવતી અને તેને પકડી જતી. કોઈક વાર તોફાની દારૂડિયા અને એકાદ દરવાનની વચ્ચે ઝઘડો થતો, ત્યારે એ દારૂડિયા અને મદદે આવતા

બીજા ફરવાનો એમ બે પક્ષો વચ્ચે એવી તો ધાંધલ મચી રહેતી કે તે સમયે કાચની બારીઓ અને પિયાનાઓના ટુકડા થઈ જતા, ખુરશીઓના પગનો શસ્ત્ર તરીકે છૂટથી ઉપયોગ કરવામાં આવતો, દીવાનખાનામાં પાથરેલી શેતરંજી અને દાદરનાં પગથિયાં પર લોહીની ધારાઓ વહેતી, અને જ્યારે બીજી સ્ત્રીઓ ભયની મારી બિછાનાં નીચે છુપાઈ જતી ત્યારે જેનકા ટોળાની ઠઠ વચ્ચે જઈ પહોંચતી, ખડખડાટ હાસ્ય સાથે મારામારીમાં ભાગ લેતી, અને લોકોને રંગાયલાં હાડકાં અને ભાંગેલાં માથાં સાથે મુખ્ય દ્વાર આગળ આવેલી ગટરમાં પછડાતા જોતી, ત્યારે તો તેના આનંદનો પાર ન રહેતો.

કોઈક વાર એવા પ્રસંગો બનતા કે જ્યારે જુગાર કે ઊંધ ધંધાઓમાં હારી જવાથી હજારો રૂબલ લઈ નાસી છૂટેલો અને લાંબ સમયથી છુપાતો ફરતો કોઈ કામદાર મંડળનો સભ્ય કે ખજાનચ પોતાના બાંધીઆઓ સાથે આવી પહોંચતો, અને આત્મહત્યા પોલીસનું શરણુ શોધતાં પહેલાં દારૂમાં ચકચાર બની, બેભાનપણામ બકવાદ કરતો, પોતાનો છેલ્લો કોપેક ખરચી નાખતો. પછી મકાનન બારી અને બારણું મજબૂત રીતે બંધ કરી દેવામાં આવતાં, અ બે રાત અને બે દિવસ સુધી ત્યાં લાગલાગટ ગાળો તેમ જ તોફા ચાલ્યાં કરતાં. કેટલીક વાર ખાસ ઉત્સવની રાત્રીઓ ગોઠવવામાં આવત ત્યારે નગ્ન, દારૂમાં ચકચૂર, વાંકા પગવાળા, શરીરે વાળ ઊગેલ મોટી ફાંદ જેવા પેટવાળા પુરુષો અને સ્ત્રીઓ તેમનાં ગંદાં, પી અને લબડતાં શરીરો લઈ સંગીતમાં ભયંકર રીતે લીન થઈ જત તેઓ ખૂબ દારૂ પીતાં, શય્યાઓમાં ને ભોંય ઉપર ડુક્કરની મા આળોટતાં. તે સમયે ચારે બાજુની આબોહવા હલકા દારૂની વા શરીરનો પરસેવો અને ગંદા શરીરોમાંથી આવતી દુર્ગંધથી ભય રીતે દૂષિત થઈ જતી.

કોઈક વાર જ્યારે ત્યાં એકાદ સરકસનો ખેલાડી આવતો ત્યાંના નીચી છતવાળા મકાનોમાં એવું લાગતું કે જાણે ઓરડ

એકાદ ઘોડો આવ્યો ન હોય ! કોઈક વાર વાદળી ખમીસ, સફેદ મોજાંમાં સજ્જ થયેલો એકાદ ચીનો પણ ત્યાં જોવામાં આવતો, કોઈક વાર એકાદ જાણીતી હોટલનો હબસી, ડીનર જેકેટ અને ચેકનાં પાટલૂન તથા બટનના કાણામાં ફૂલ પરોવી આવતો ત્યારે ત્યાંની છોકરીઓને આશ્ચર્ય થતું કે તેનાં કપડાં તેના રંગને લીધે વધારે કાળાં લાગવાને બદલે વધારે કેમ ચમકતાં હતાં ?

આ કોઈક કોઈક વાર દેખાતા ઘોડા આ વારવનિતાઓની કલ્પનાશક્તિને ઉત્તેજિત કરતા, તેમની ઉત્તેજિત વાસનાઓ અને વ્યવસાયથી ઉત્કંઠાને વધારે તીવ્ર બનાવતા, અને બધીય છોકરીઓ એકબીજાની ઈર્ષા કરી, તેવાઓમાં મોહ પામી, તેમને પોતાને ત્યાં લઈ જવા ખેંચતાણ કરી મૂકતી.

એક પ્રસંગે સામિયને એક આધેડ વયના, સદ્‌ગૃહસ્થ જેવા પહેરેલાં કપડાવાળા પુરુષને અંદર દાખલ કર્યો હતો. તેનામાં કશુંય એવું અસાધારણ તો હતું નહિ. તેનો ચહેરો કઠોર ને પાતળો, આગળ હાડકાં ઊપસી આવેલો હતો. તેનું નીચું કપાળ, દાઢી લીલોતરી જેવી અને ભમરો ખૂબ વાળ ઊગેલી હતી, અને એક આંખ બીજી આંખ કરતાં ઊંચી હતી. અંદર આવતાં તેણે વધસ્તંભની સંજ્ઞા કરવા આંગળીઓ ઊંચી કરી કપાળે અડાડી, પરંતુ ચારે તરફ નજર કરતાં કોઈ મૂર્તિ નજરે ન પડવાથી, જરાય મૂંઝાયા વિના તેણે પોતાનો હાથ નીચે મૂકી દીધો અને એકદમ જાણે પરિચિત માણસ હોય તેમ ત્યાંની સૌથી જાડી છોકરી કીટી પાસે ગયો.

“ચાલો !” તેણે સભ્યતાથી કહ્યું અને પોતાનો નિશ્ચય જણાવવા બારણાં તરફ માથું હલાવ્યું.

તેની ગેરહાજરીના વખત દરમ્યાન સર્વજ્ઞ સામિયને કાંઈક ગૂઢ અને અભિમાની રીતે પોતાની વર્તમાન માશુક ન્યુરાને થોડીક વાત કરી, અને ન્યુરાએ ગોળ બીકણ આંખો વડે તેની બીજી

સખીઓને જણાવ્યું કે એ સદ્‌ગૃહસ્થનું નામ ડયાડચેન્કો હતું અને ગયે વરસે કોઈ ફાંસીખોર હાજર ન હોવાથી, પોતે અગિયાર બળવાખોરોને ફાંસીએ ચઢાવવાનું માથે લીધું હતું, અને પોતાના સગા હાથ વડે બે દિવસમાં આ કાર્ય પૂરું કર્યું હતું. આ વસ્તુ દેખીતી રીતે ભયંકર હોવા જતાં એક પણ છોકરી પેલી જાડી કીટીની અદેખાઈ કર્યા વિના અને એક પ્રકારની દુઃખિત, અને તીવ્ર ઉત્કંઠા અનુભવ્યા વિના રહી શકી નહિ. જ્યારે અડધા કલાક પછી ડયાડચેન્કો ગંભીર મુખ રાખી જતો હતો, ત્યારે બધી છોકરીઓ બોલ્યાચાલ્યા વિના ને અજાયબીથી પહોળાં મોં સાથે તેને દરવાજા સુધી વળાવવા આવી હતી, અને તે જ્યારે રસ્તા પર થઈને જતો હતો ત્યારે પાછળની બારીઓએથી તેને જોઈ રહી હતી. પછી બધીય કપડાં સજી, કીટીના ઓરડામાં જઈ તેને અનેક પ્રશ્નો પૂછવા લાગી હતી, અને તેના ઉઘાડા, જાડા ને રાતા હાથ, કરચલીઓ વળેલી પથારી, કીટીએ તેમને પોતાના પગનાં મોજાંમાંથી કાઢી બતાવેલી ચીકણી જૂની નોટ, એ બધું જોઈ તેમને અજાયબીની કોઈ નવી જ લાગણી થઈ આવી હતી. તેમના પ્રશ્નોના જવાબમાં કીટી કશું જ કહી શકી નહોતી: “ વળી માણસ જેવો માણસ, જેવા બીજા બધા હોય છે તેવો ! ” તેણે ઠંડે કલેજે જણાવ્યું હતું પણ જ્યારે તેને ખબર પડી કે તે ગ્રાહક કોણ હતો, ત્યારે પોતે કાંઈ પણ કારણ વગર ઓચિંતી રડી પડી હતી.

પતિતોમાં પણ પતિત મનુષ્ય કલ્પના પણ ન કરી શકે તેટલે નીચે દરજ્જે અધમતાએ પહોંચેલા, સ્વેચ્છાએ ફાંસીખોર બનેલા આ પુરુષે તેના તરફ જરાય અસભ્યતા દાખવી ન હતી, પણ તે સાથે ત્યાં પ્રેમની લાગણીનો દેખાવ પણ શૂન્યમાં જ હતો. લાકડાની કોઈ નિર્જીવ વસ્તુ હોય તેવી રીતે પોતે તેની સાથે વર્ત્યો હતો; જાણે કે એ વસ્તુ કૂતરો કે ઘોડો, અરે એક છત્રી, ઓવરકોટ કે ટોપી જેટલું પણ મુલ્ય યા ઉપયોગિતા ધરાવતી ન હતી, પરંતુ જાણે કે તે કોઈ એક ગંદી, અપાવત્ર વસ્તુ હતી કે જેની ક્ષણભર,

અનિવાર્ય જરૂરિયાત ઉત્પન્ન થઈ હતી, પરંતુ તે પરિપૂર્ણ થતાં નકામી અને તિરસ્કૃત બની ગઈ હતી. આ આખીય કલ્પનાની ભયંકરતા કીટી તેના ભોળા મગજમાં સમાવી શકી નહિ, અને તે જ કારણસર, જેમ પોતાને લાગ્યું તેમ, કાંઈ પણ કારણ કે હેતુ વિના તે રડી પડી.

ત્યાં બીજા પણ એવા પ્રસંગો બનતા કે જે આ ગરીબ, દર્દોથી ભરપૂર, મૂર્ખ અને કમનસીબ સ્ત્રીઓના ગંદા જીવનમાં ખળભળાટ મચાવી જતા. એ પ્રસંગો હતા, જંગલી અદેખાઈમાંથી ઊપજતા ગોળીબારના અને ઝેર દેવાના. કોઈક વાર આ છાણના ઢગલામાંથી, ઉકરડામાંથી રત્ન મળી આવે છે તે રીતે, મૃદુ અને શુદ્ધ પ્રેમ પણ ખીલી નીકળતો. કેટલીક વાર સ્ત્રીઓ પોતાના આશકોની સહાય વડે આ ગૃહોમાંથી છુટકારો મેળવતી, પણ લગભગ સોએ નવ્વાણું ટકા તેઓ પાછી આવતી. બે કે ત્રણ વાર એવું બન્યું હતું કે વારવનિતાગૃહમાં ઓચિંતા એકાદ સ્ત્રી સગર્ભા થઈ હતી, અને આ પ્રસંગ હાસ્યાસ્પદ અને અપમાનજનક હોવા છતાં હંમેશાં એ પ્રસંગની કરુણતા બધાંને અસર કરતી.

અને, ભલે ગમે તે બન્યું હોય છતાં, દરેક સાંજ, પોતાના આગમન સાથે એવા રોમાંચકારી બનાવોની આશાઓ લાવતી કે વારવનિતાગૃહમાં વાસ કર્યા પછી, આ નિર્બળ મનની આળસુ સ્ત્રીઓને તે સિવાયનું જીવન સાવ સામાન્ય જ પ્રકારનું લાગતું.

[૫]

પણ આનાના ગૃહમાં એક એવો વિચિત્ર પ્રસંગ બન્યો હતો, જે હજી પણ ત્યાંના રહેવાસીઓને મન અગમ્ય જ રહ્યો છે. તેનો અંત પણ તેના પ્રારંભ જેટલો જ વિચિત્ર હતો.

શરદ્‌ઋતુની એક સંધ્યાએ, આશરે છ વાગ્યાના સુમારે, કોઈએ આગલા બારણાની ઘંટડી વગાડી.

દરવાન સામિયને જવાબમાં બારણાના બાકોરામાંથી જોયું તો એક સ્ત્રી પગથિયાં ઉપર ઊભી હતી. તેણે બારણું ઉઘાડયું ને પૂછયું:

"કેમ, શું કામ છે?"

"શેઠાણી ક્યાં છે?"

"તેનું શું કામ છે?"

"મારે અહીં રહેવું છે."

"જરા ઊભી રહે. હું તેમને ખબર આપું છું."

તે બારણું બંધ કરી એમા પાસે ગયો. એમાના હાથમાં આ ગૃહની વ્યવસ્થાનો કારભાર હતો. એમાએ પહેલાં તો સામિયન પાસેથી તે સ્ત્રી કેવી હતી, તેનું મુખ કેવું હતું, તેનાં કપડાં કેવાં હતાં તથા પોલીસ ખાતાની કોઈ છૂપી જાસૂસ તો તે નહોતી તેની ખાતરી કરી લીધી. પછી તે બોલી:

"ઠીક, એને અહીં લઈ આવ અને તું પણ પડદા પાછળ ઊભો રહી બધું સાંભળજે—કદાચ તારી જરૂર પડે. જો જરૂર પડશે તો હું તને બોલાવીશ."

ખાનદાન કુટુંબની દેખાતી એક સ્ત્રી અંદર આવી. એમાએ પોતાની અનુભવી અને ચપળ આંખોથી તેને ક્ષણવારમાં માથાથી તે પગ સુધી નિહાળી લીધી. આ સ્ત્રી આ ધંધામાં પહેલી જ વાર આવતી હતી, તેમ સ્પષ્ટ જણાતું હતું. તેણે કાળો રેશમી પોશાક પહેર્યો હતો. તેના મુખ પર બનાવટી રંગનું નામનિશાન ન હતું. તે કાંઈ બહુ ઊંચી કે મજબૂત બાંધાની ન હતી, પણ તેનો બાંધો મધ્યમસરનો અને અવયવો ઘાટીલાં હતાં. તેના મુખ પર ચપળતા જણાઈ આવતી હતી, અને તે જરાક પીળાશ પડતી છાયાવાળું, કાંઈક કરુણતા દાખવતું પરંતુ મોહક હતું. આંખો કાંઈક નીલવર્ણી પણ તેજસ્વી હતી અને તેની દૃષ્ટિમાં ચમક હતી.

'વીસેક વર્ષની લાગે છે.' એમાએ મનમાં જ નક્કી કર્યું અને પૂછવા લાગી: "તમારી ઉમ્મર, બાઈ?"

"છવ્વીસ વર્ષ."

"તો તો મારે કહેવું જોઈએ કે તમે તમારી ઉંમર કરતાં ઘણાં નાનાં લાગો છો. તમને કપડાં કાઢી નાખવામાં તો કાંઈ વાંધો નથી ને?"

"બધાં?"

"બધાં. તમારું બોડીસ પણ કાઢી નાંખો. અહીં સગડી છે એટલે ટાઢ નહિ વાય."

"જેવી તમારી ઇચ્છા."

તેણે બધાં કપડાં કાઢી નાખ્યાં. તેમ કરતાં તેને જરા પણ શરમ ન લાગી.

"તમારું આ વર્તન વખાણવા યોગ્ય છે." એમાએ કહ્યું. "આવા પ્રસંગોમાં સાધારણ રીતે સ્ત્રીઓ પુરુષો આગળ જેટલી નથી શરમાતી, તેટલી સ્ત્રીઓ આગળ શરમાય છે."

એમા, ગાયો ખરીદનારની ટાઢાશથી, તેના એકેએક અંગની બારીકાઈથી તપાસ કરતી હતી.

"બદન ભરાઉ છે." એમા બોલી. "સ્તન પણ કઠણ છે. જાંગ અને બીજા ભાગોના સ્નાયુઓ પણ મજબૂત છે. કોઈ ચેપી રોગનું નિશાન નથી દેખાતું. હશે, પણ એ સવાલ વૈદકીય ખાતાનો છે. તારા દાંત બતાવ. ઠીક. તેમાં એક જ દાંત બનાવટી છે. હવે કપડાં પહેરી લે." ડોકટર પોતાની તપાસ પૂરી કરી રહ્યા પછી કહે તેવા ભાવથી એમાએ કહ્યું.

"હવે તો મને રાખશો ને?" પેલી સ્ત્રીએ પૂછ્યું.

જવાબમાં એમાએ જરા સ્મિત કર્યું:

"તું ખરેખર એક સરસ છોકરી છું, પરંતુ એક વાંધો છે અને તે એ કે જેમણે બહુ સ્વતંત્રતા ભોગવી હોય તેમને રાખતાં અમે બહુ અચકાઈએ છીએ."

"પણ તેથી શું? હું કોઈની બળજબરીથી નહિ પણ મારી પોતાની ઇચ્છાથી અહીં આવી છું."

"આપણે એમ ઘડીભર માની લઈએ કે તેમ છે; પણ ઘણી વખત સગાંવહાલાંઓનાં મગજમાં ધૂન ચઢી આવે છે અને શોધવા નીકળી પડે છે. તું તારા મિત્રો સાથે પત્રવ્યવહાર શરૂ કરે અને અહીં આવનારાઓમાંથી તારા પિછાણવાળા કોઈ તને ઓળખી કાઢે."

"એ વિષે જરાય સંકોચ ન ધરશો. હું અહીંયાં સાવ અજાણી છું. મારું મૂળ વતન તો પીટર્સબર્ગ છે, એટલે તમારા આ શહેરમાં આજ પૂર્વે હું કદાપિ પણ આવી નહોતી."

"હશે!" એમાએ જરા નાખુશી દેખાડતાં જણાવ્યું. "પણ હજી એક શંકા છે. તારા દેખાવ પરથી તું કોઇ ખાનદાન કુટુંબની સ્ત્રી હોય એમ લાગે છે. તું પરણેલી હોઈશ...ને કદાચ છોકરાં પણ હશે."

"હું આ સંસારમાં સાવ એકલી છું." પેલી સ્ત્રીએ જવાબ આપ્યો. "હું સ્વતંત્ર છું. મારે ન તો કોઈ મિત્ર છે, કે ન તો કોઈ બાળકો કે સગાંવહાલાં. મારા પતિથી મેં લાંબો સમય થયાં છૂટાછેડા લીધેલા છે અને આપણી વાતચીત વધારે ન લંબાવવાના ઇરાદાથી અત્યારથી જ જાહેર કરી દઉં છું કે, મારે તમારી સર્વે શરતો કબૂલ-મંજૂર છે અને તમારાં કાયદા કાનૂનોને આધીન થવા બંધાઉં છું. તમે જોશો કે હું સૌથી વધારે હોંશીલી, આજ્ઞાંકિત અને સભ્યતાથી વર્તનારી સ્ત્રી નીવડીશ."

"તારા આ શબ્દો સાંભળી મને ખરેખર આનંદ થાય છે, અને એ શબ્દોનું પાલન થતું જોઈ તેથી પણ વધારે આનંદ થશે;" એમાએ જણાવ્યું. "કારણકે તું બહારની દુનિયામાંથી આવતી હોઈ અહીંના રીતરિવાજોથી સાવ અજાણી છું."

"દાખલા તરીકે?"

"દાખલા તરીકે તારો પરવાનો લઈ લેવામાં આવશે અને તે પોલીસ ખાતામાં મોકલી આપવામાં આવશે. અરે હાં, તારી પાસે પરવાનો તો છે ને?"

"હા. કહેતાં હો તો હમણાં જ તમને આપી દઉં?"

"તેની નોંધો તો બરાબર છે ને?"

"હાજી."

"હં. આ નોંધો ... એ એક સદ્ગુણ છે ... તારા આ પરવાનાના બદલામાં તને આ ધંધો કરવાની રજા આપતો પીળો પરવાનો આપવામાં આવશે. તેમાં તારું નામ, તારા બાપનું નામ, તારા કુળનું નામ સ્પષ્ટ લખેલું હશે, અને ધંધાના ખાનામાં એક જ શબ્દ—અને તે 'વારવનિતાવૃત્તિ' સ્પષ્ટ રીતે લખેલો હશે. તારો આગલો પરવાનો પોલીસ પાસે રહેશે, અને તે પાછો મેળવતાં પુષ્કળ મહેનત પડે છે."

"હું તે પાછો મેળવવાનો વિચાર સ્વપ્નાં પણ કરવાની નથી."

"ઉત્તમ! દરેક અઠવાડિયે તારી પોલીસ ખાતા તરફથી વૈદકીય તપાસ થશે."

"હા. મેં તે વિષે સાંભળ્યું છે. એ એક ડહાપણભરેલું પગલું છે."

"તું સાચું કહે છે. તે ખરેખર ડહાપણભરેલું છે. હવે આગળ જણાવું—તને એ તો ખબર હશે કે દરેક સમજુ સ્ત્રીએ પોતાના શરીરની યોગ્ય સંભાળ લેવી જોઈએ, અને ખાસ કરીને તો જેણે પોતાના ધંધા તરીકે 'પ્રેમ'ને સ્વીકાર્યો હોય તેણે તો જરૂર જ. હવે આપણે એ વાત જવા દઈએ. તું જાણે છે કે જે પુરુષ તને પસંદ કરે તેનો તારે સ્વીકાર કરવો પડશે—પછી ભલે તે ચીતરી ચઢે તેવો કુરૂપ અને ભયાનક હોય!"

"હા, એ કલમ જરા કઠોર છે. હશે, તેથી શું? હું કાં તો મારી આંખો બંધ કરી દઈશ કે મોં ફેરવી લઈશ. ચાલશે ને?"

"ચાલો, એ પણ પતી ગયું. હવે તો માત્ર થોડી નજીવી બાબતો રહી છે. જો હવે મારાથી છુપાવીશ નહિ, કારણકે તે બાબતનો પહેલાં નિકાલ થઈ જવાની જરૂર છે. તને કોઈ નશો કરનારી વસ્તુનો તો શોખ નથી ને?"

"બિલકુલ નહિ. મેં જીવનમાં અફીણ, કોકેન કે કોઈ પણ એવી વસ્તુ જોઈ પણ નથી. લોકો પર તેની ખરાબ અસર થતી મેં જોઈ છે અને ત્યારથી જ મને તેના પ્રત્યે ઘૃણા વછૂટેલી છે."

"દારૂ તો પીતી હોઈશ?"

"મિજલસ જામી હોય અને મને ખૂબ આગ્રહ કરવામાં આવે તો વળી થોડો પીઉં, બાકી એકલી તો કદાપિ પણ પીતી નથી."

"એ તો ઘણું સારું લક્ષણ છે." એમા બોલી. "જુઓ બાઈ, હું તમારી આગળ એક સમજુ સ્ત્રી બીજી સમજુ સ્ત્રી સમક્ષ જે રીતે વાત કરે તેવી રીતે વાત કરું છું. તમે દારૂ નથી પીતાં એ સારી વાત છે, પણ તમારે એ ધ્યાનમાં રાખવાનું છે કે તમારી પાસે આવતા પૈસાદાર ગ્રાહકોને આપણે ત્યાં મળતી કિંમતી વાનીઓ ખરીદવા ખાસ લલચાવવા. આમાં યોગ્ય આવડત અને વાતચીત કરવાની ખૂબી હોવી જોઈએ, અને એમાં તમને પણ ફાયદો તો છે જ; કારણકે દરેક બાટલી પર તમારા પાંચ ટકા નક્કી જ થયા સમજજો."

"હું મારાથી બનતું કરીશ."

"હવે થોડી મારી સલાહ સાંભળી લે. તારી પાસે ઘણા એવા ગ્રાહકો આવશે જે તને સજાતીય સંબંધ વખતે—મારે ન છૂટકે આ શબ્દ વાપરવો પડે છે—સુગ ચઢે તેવાં કામ કરવા ફરજ પાડશે. ટૂંકમાં અમારા પૈસા મળી ગયા પછી તમારા આત્માઓનું ઐક્ય

થતાં કે તારા ગુણોથી ખુશ થઈ તને જે કાંઈ બક્ષિસ મળે તે સાથે અમારે કાંઈ લેવાદેવા નથી. અમને તો માત્ર અમારા ધારા મુજબના પૈસા તથા નાસ્તાપાણીનું જે બીલ થાય તે મળી જાય એટલે બસ. આ કારણથી જો કોઈ ગ્રાહક તારું મન ચળાવવા એટલે કે અહીંથી બીજે લઈ જવાની વાત કરે, તો ધસીને સાફ ના પાડજે. અમે તારા પર કોઈ પણ પ્રકારનું દબાણ કરવા માંગતા નથી, તેમ તે કરવાનો અમને અધિકાર પણ નથી. માત્ર એક જ વસ્તુનું અમે ધ્યાન રાખીએ છીએ અને તે એ કે, જે નિયમ મુજબ થતું આવ્યું છે તેમાં તારાથી વિરોધ કરી શકાશે નહિ. જો એમ થાય તો વિશ્વાસભંગ કર્યો કહેવાય. પણ મારે તને પેલા કેટલાક બદમાશો આવે છે તે વિષે અગાઉથી જણાવી દેવું જરૂરી છે કે એ જાડાપાડા જેવા મોટીમોટી રકમો આપતાં અચકાતા નથી, એટલે નાસ્તાનું બીલ મોટું થાય તો ચિંતા ન કરવી; કારણકે ત્યાં જે મળે એ પર તારો જ હક રહેશે. અમારે તો માત્ર નાસ્તાપાણીના જ પૈસા લેવાના. માટે આ વસ્તુ પર ખાસ ધ્યાન રાખજે."

"હું તેના પર જરૂર વિચાર કરીશ ને ધ્યાન આપીશ, પણ છતાંય એક પ્રશ્ન—જો કે મારે તે પૂછવો ન જોઈએ—પણ મારે પૂછવો પડે છે . . . કે મારે દરેકની સાથે . . ."

"હું સમજી . . . તારા જેવી ખૂબસૂરત બાળાઓ માટે અમે થોડાક અપવાદ રાખેલા છે. તેવે સમયે તારે નિયમ મુજબના પૈસા અને તે ઉપરાંત પચાસ કોપેક અમને આપવા અને તું છુટ્ટી. પછી કોઈ ગ્રાહક આવશે તો અમે એને જણાવી દઈશું કે તું રજસ્વલા છું, અને છતાંય જો તે ગ્રાહક વધારે ગરબડ કરશે તો અમે તેને પોલીસના છાપેલા ધારાધોરણ બતાવી દઈશું કે જેમાં આ વસ્તુનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે. પણ આનો લાભ માત્ર અમુક સ્ત્રીઓનેજ—અમારી બહુ માનીતી હોય છે તેને જ આપીએ છીએ."

"હું તેવી બનવા પ્રયત્ન કરીશ . . ."

"ઉત્તમ!" એમા માથું હલાવતાં બોલી. "પણ હું એક પ્રશ્ન પૂછવાની રજા માગું છું—તારું અહીં આવવાનું પ્રયોજન શું? સહેલાઈથી પૈસા કમાવા? કે જિંદગી પ્રત્યેનો તિરસ્કાર? કે પછી કોઈના પર વેર લેવાના ઈરાદાથી તું આમ કરવા પ્રેરાઈ છું? કે પછી માત્ર કોઈ ગાંડી જિજ્ઞાસાથી?"

"અરે બાઈસાહેબ, આ બધા વિચારો તો મારે મન તૃણવત્ છે." પેલી સ્ત્રી નિશ્ચયાત્મક સ્વરે કહેવા લાગી. "હું તદ્દન ખાનગીમાં આનું કારણ જણાવી દઉં. કારણ સાવ સાદું છે—પુરુષ-સમાગમની સતત અને અતૃપ્ત ઇચ્છા, અને દરેક સમાગમ વખતે એક જ નહિ પણ વારંવાર નવો પુરુષ મળે તે! ખાત્રી રાખજો, આમાં કોઈ સજાતીય આત્મજ્ઞાનનો પ્રશ્ન નથી. પુરુષોનો મોટો ભાગ સ્ત્રીઓ તરફ અમુક એક જ પ્રકારે વર્તતો હોય છે; પણ સમાજમાં કે જ્યાં હજારો ઓળખીતાં હોય છે ત્યાં, આ તરંગી માગણીઓ પૂરી પડવાનો સંભવ બહુ ઓછો હોય છે. પ્રણયસંબંધ બાંધવા માટે બહુ લાંબી, વિલંબીત અને શૃંખલાસમ પિછાણની જરૂર પડે છે. પછી જાણે કે દબાણ થતું હોય તેવો નાટકીય દેખાવ કરવો પડે છે. પછી તો દિવસો વહેતાં તે સંબંધમાં ટાઢાશ ને અતડાપણું આવવા માંડે છે; અને પછી આવે છે તે અનિવાર્ય અને ગૂંચવાડા-ભર્યો અંત કે જેમાં અદેખાઈ, કકળાટ અને ધમકીઓ મહત્ત્વનો ભાગ ભજવે છે, અને છેવટે નસીબમાં આંસુ વહાવવાનું જ બાકી રહે છે. મને પોતાને તો રોતાં જ આવડતું નથી. અને બાઈસાહેબ હંમેશાં રોકકળ કરી ફાંસો ખાવાની ધમકી આપતા હોય છે. અને પછી? ક્યાં તો જેની તમે રાહ જોઈ રહ્યાં હો તે સંબંધનો અંત યા તો નાસી જવાનો માર્ગ એ બે વચ્ચે જ પસંદગી કરવાની બાકી હોય છે. ઉફ! કેટલું ખરાબ! આ જ કારણસર મેં અહીં આવવાનું વધારે

પસંદ કર્યું. તમારે ત્યાં આ બાબતો વધારે સરળ અને વિવિધતાવાળી હોય છે. એ સાચું છે કે મને ચેપી રોગ વિષે મનમાં શંકા રહ્યા કરે છે . . ."

"એની ચિંતા ન કરીશ. શહેરનાં બીજાં ગૃહો કરતાં અમારે ત્યાં ચેપી રોગ લાગવાનો સંભવ બહુ ઓછો છે. ઉપરાંત હું તને કેટલીક ઉપયોગી સૂચનાઓ આપીશ."

પછી એમા વ્યવહારકુશળ સ્ત્રીની જેમ તેને સલાહ આપતાં કહેવા લાગીઃ "હું તારી આગળ સત્ય જ જણાવીશ. તું મને બહુ ગમી ગઈ છું. મને તારામાં એવા ગુણો વસેલા દેખાય છે કે ટૂંક સમયમાં અહીં જ તું સૌ કરતાં વધુ ચમકી ઊઠીશ અને તેથી તને વિચાર કરવા ચોવીસ કલાકનો સમય આપું છું. જા અને બરોબર વિચાર કરી પાછી આવજે. કદાચ તે દરમ્યાન તારા વિચારો બદલાઈ પણ જાય ? પરંતુ તારા જે વિચાર છે તે જ કાયમ રહે તો કાલે સાંજે ચાર વાગે પાછી આવજે. તે વખતે હું તને અમારી શેઠાણી આગળ રજૂ કરીશ. અહીં રહેવા માટે એક જ કબૂલાતની જરૂર છે, અને તે એ કોઈને પણ પ્રિયતમ કરી સ્થાપીશ નહિ, અને જે ગ્રાહકો આવે તેમાંથી કોઈના પ્રત્યે પણ પક્ષપાત દાખવીશ નહિ. તેમને તારી પાછળ માત્ર દીવાના બનાવજે. બસ, તારે એટલું જ કરવાનું છે."

"મારે માટે તો એ સૌથી મનગમતો હુકમ છે. તમે જોશો કે તમને મારા એક પણ કાર્યમાં અસંતોષ દાખવવાનું કારણ નહિ રહે."

"મને આશા છે કે તે સંતોષ બન્ને બાજુનો હશે."

"પણ હું તમને એક બીજું પૂછવા માગું છું કે આપનું . . . ?"

"એમા એડવર્ડીવના."

"મારાં વહાલા અને માનવંતા એમા એડવર્ડીવના! મેં જે આપની આગળ દિલ ખોલીને વાત કરી હતી—મારી નવા પુરુષો

માટેની સતત ને અતૃપ્ત તૃષ્ણાની—તે મને આશા છે કે તમારા સિવાય બીજા કોઈના જાણવામાં તો નહિ જ આવે."

"તે વિષે ખાતરી રાખજે. તે તારે માટે તેમ જ મારે માટે મહત્ત્વની અને લાભદાયક છે. ઠીક ત્યારે, તું વિચાર નહિ ફેરવે તો કાલે મળીશું."

"જરૂર! મેં તો નિશ્ચય કરી મૂકેલો જ છે."

બીજે દિવસે આ સ્ત્રી જાણે કે આનાના વારવનિતાગૃહમાં હંમેશ માટે રહેવા આવતી હોય તેવી રીતે આવી પહોંચી. આગમન બાદ ટૂંક સમયમાં જ તેણે આનાને ખુશ કરી દીધી હતી. માત્ર સામિયન દરવાને જ તેને જોઈ ટીકા કરી હતી:

"તે ભણેલી અને ખાનદાન કુટુંબની લાગે છે; અને એ સભ્ય સમાજની સ્ત્રીઓના હાથે કદાપિ પણ સારું થયું નથી અને થવાનું પણ નથી. જ્યારે મહેનતનું કામ આવે છે ત્યારે તેઓ ટૂંક સમયમાં જ થાકી જાય છે. બોજો તો જરાય સહન નથી કરી શકતી અને જરા જરામાં માંદી પડી જાય છે." પણ તે પણ ટૂંક સમયમાં તેનાથી હળી ગયો અને તેનો બડબડાટ બંધ થઈ ગયો.

આ નવી આવનાર સ્ત્રીએ પોતાનું નામ મેગ્ડા રાખ્યું હતું.

પ્રારંભમાં તો અહીં રહેવાની બાબતમાં તેનાથી જૂની છોકરીઓ તેની મશ્કરી કરી, કટુ વચનો ને મેણાં મારી, તેની અનેક પ્રકારની સતામણી કરતી હતી. જગતમાં હંમેશાં દરેક સ્થળે નવા આવનારાઓને, પછી તે સંસ્થાઓમાં, કલબોમાં, અખાડામાં, નિશાળોમાં, લશ્કરમાં કે જેલોમાં—ગમે ત્યાં હોય, પણ આ જાતની મશ્કરીઓ સહન કરવી પડે છે અને તેમને લાચાર બનવું પડે છે.

પણ મેગ્ડાના દૃષ્ટિમાં અને અવાજમાં કાંઈક એવો અકથ્ય શાંત, સત્તાદર્શક ભાવ જોવામાં આવતો કે જેથી સામા પક્ષના સર્વ પ્રયત્નો વ્યર્થ જતા. પરિણામે તકરારના પ્રસંગો કદાપિ પણ ઊભા

ન થતા. ઉપરાંત તે હંમેશાં, સામાને આશ્રિત ન થવા છતાં અને ખુશામતને દૂર રાખતી હોવા છતાં, નમ્રતા દાખવતી. પણ આ જ વ્યવહારે તેની અને બીજાઓ વચ્ચેની મિત્રતાના માર્ગમાં આડી દીવાલ ઊભી કરી હતી. પરિણામ એ આવ્યું કે પોતે મિત્રવિહોણી, દુશ્મનવિહોણી હોવા છતાં પણ ટૂંક સમયમાં જ આ વિચિત્ર લઘુમંડળમાં પોતાનું એક અનોખું સ્થાન જમાવ્યું હતું. તે સાથે એ પણ કબૂલ કરવું જોઈએ કે તેના બીજાને મદદ કરવાના, સુગમતા કરી આપવાના અને જરૂર પડે પૈસા ધીરવાના સ્વભાવને લીધે ધીમે ધીમે દરેક જણ તેના પ્રત્યે માનની દૃષ્ટિથી જોવા લાગ્યું હતું, પણ તેના તરફ જે ખાસ અનુરાગ હોવો જોઈએ તે અદૃશ્ય થઈ ગયો હતો. જાણે કે તેનો અનુરાગ કદાપિ હતો જ નહિ. જાણે કે તેને દરરોજ જોવા છતાં તેને સર્વ કોઈ ભૂલી જ ગયાં હતાં. માત્ર ટમારા કોઈ કોઈ વખત એકલી મેગ્ડા પાસે આવી ચઢતી, તેના પલંગ પર બેસતી, દસ પંદર મિનિટ પર્યંત વાતો કરતી અને આખરે અસંતુષ્ટ થઈ ત્યાંથી ઊઠી જતી.

"તું તો કોઈ જડ પ્રાણી જેવી છે, મેગ્ડા." તે કહેતી.

એમાએ પોતાનું વચન પાળ્યું હતું. તેણે મેગ્ડાના નવા પુરુષો માટેના સતત અને અતૃપ્ત તૃષ્ણાના શોખની વાત કોઈને પણ જણાવી નહોતી; પણ ધીમે ધીમે તેનામાં પણ મેગ્ડા પ્રત્યે ગંભીર ગૂંચવાડો ઊભો થતો ગયો હતો. હા, મેગ્ડાએ પોતાના નવા ધંધામાં સફળતા પ્રાપ્ત કરી હતી. વારંવાર તેની જ માગણી કરતા ગ્રાહકો આવતા હતા. તે સામી વ્યક્તિ પર પ્રભાવ પાડતી, અને હતી પણ ખરેખર અપૂર્વ સૌંદર્યવાળી. ઘણી વાર મોટા જાડાપાડા જેવા માલદારો પણ તેની જ માગણી કરતા.

પણ એ એક ન સમજાય એવી વિચિત્ર બાબત હતી કે દરેક ગ્રાહક તેના ગુણગાન ગાવા છતાં તેની પાસે બીજી વખત જવાની

માગણી કરતું નહિ. " આવું વિચિત્ર પ્રાણી અહીં અમારામાં ક્યાંથી આવી ચઢ્યું છે ?" વારવનિતાગૃહની મહાન માનસશાસ્ત્રી એમા ઘણીવાર વિચાર કરતી. " જરાય સમજાતું નથી. તે સુંદર છે, ચાલાક છે અને વાતો પણ ફક્કડ કરે છે; તેનું વ્યક્તિત્વ પણ પ્રભાવશાળી છે અને તેને શ્રીમંત જાડાપાડાઓ પાસેથી કોથળીઓ ખાલી કરાવતાં પણ આવડે છે, છતાંય કોણ જાણે કેમ તેની સફળતા ત્યાં જ અટકી જાય છે."

ત્યાં આવતા કેટલાક કાયમના ગ્રાહકોને આ વિષે તે પ્રશ્નો કરવા લાગી કે મેગ્ડામાં બીજાને જીતવાની જેટલી શક્તિ હતી, તેટલું જ નહિ પરંતુ બલકે તેથીય વધારે તેનાથી કંટાળી જવાય તેવું તેનામાં બીજું કંઈક શું હતું ?

પ્રત્યુત્તરમાં તેને જરાય ન સમજી શકાય તેવો જવાબ મળ્યો:

" આ યુવાન બાળાની વિરુદ્ધ એક પણ શબ્દ બોલવો તે પાપ કરવા જેવું છે. તે મધુર, દયાળુ, આનંદી અને સુંદર છે . . . પણ હું તમારી આગળ કેવી રીતે જણાવું ! પ્રણયચેષ્ટા વેળાએ તે ઘણી જ શરમાળ અને સભ્ય હોય છે, અને તેથી સામાના દિલમાં તેના પ્રત્યે પ્રણયાંકુર ફૂટતાં નથી . . . હવે જો તે થોડાક સમય માટે પણ ઢોંગ કરે . . . પણ તેનાથી તેવો ઢોંગ થઈ શકતો જ નથી અથવા તો તેમ કરવા માગતી નથી."

જ્યારે કેટલાક અહીંના જૂના જોગીઓ આનો જવાબ આ પ્રમાણે આપતા: " દેખાવડી છે, પણ છટ્ ! તેણે તો થોડો જલદ દારૂ પીવાની ટેવ પાડવી જોઈએ."

આખરે એમાએ જાતે તેની સાથે વાત કરવાનો નિર્ણય કર્યો.

" કેમ મેગ્ડા, તને હવે તો અમારા ધંધાની આંટીઘૂંટી બરાબર સમજાઈ ગઈ હશે ? હવે તો સંતોષ છે ને ?"

" અત્યંત ! જો લોકોએ જન્નત પુરુષ માટે નહિ પણ સ્ત્રીઓ

મારે કહ્યું હોત તો હું આજે એમ કહી શકું એમ છું કે હું જન્નતમાં વસી રહી છું."

"પણ તારા ગ્રાહકોને તો તારાથી સંતોષ છે ને?"

મેગ્ડાએ હસવા માંડયું. તે બોલી: "એ કંઈક એવું છે જે હું જરાય સમજી શકતી નથી, જરાય નહિ! અને સત્ય પૂછો તો તે જાણવાની ઇચ્છા પણ નથી. તેમની લાગણીઓ શી હોય છે તે જાણવાની મને પરવા નથી. હું તો મારી ફરજો પ્રામાણિકપણે બજાવું છું, તેટલું જ બસ છે."

એમાએ કટાક્ષ કરતાં પ્રત્યુત્તર વાળ્યો: "માત્ર પોતાનો જ વિચાર કરવો એનું નામ જ હુંપદ. મેગ્ડા! પુરુષોને સ્ત્રીઓ પાસેથી નિશ્વાસ, આર્તનાદ, વિલાપ, રુદન, કરડવું, નહોર ભરવા ને બિભત્સ શબ્દો સાંભળવાની બહુ ઉત્કંઠા હોય છે. પ્રણયલીલાના સમયે એક વ્યક્તિ માત્ર પથ્થરની પ્રતિમા બનીને બેસી રહે તેથી ન ચાલે. તારે રોજ નહિ તો કોઈ કોઈ દિવસ તો થોડાં નખરાંબાજ થવું જોઈએ."

મેગ્ડાએ જરા કટાણું મોં કરી જવાબ આપ્યો:

"આપની આ સૂચના માટે આભારી છું. ઘણી વખત મને જોડેની ઓરડીમાંથી એવા દાંભિક પ્રેમની પરિભાષા સાંભળવાની મળે છે. મને તો તેથી રમૂજ ને ઘૃણા થાય છે, પરંતુ હું દિલગીર છું કે મારાથી તેવું નહિ બની શકે..."

"મારે શું—એ તો તારે જોવાનું છે." એમા પુનઃ પૂર્વવત્ સ્વરે કહેવા લાગી. "તારે જો સેનાપતિ ન થવું હોય તો ભલે પછી સૈનિક જ બની રહેજે. આજથી મને તારે માટે જે ખાસ ભાવ હતો તે દૂર થયો છે અને હું આજથી તારે માટે જરા પણ માથાફોડ કરવાની ચિંતા નહિ કરું. આજ પછી તને જે ગ્રાહક પસંદ કરશે, પછી ભલે તે અધમમાં અધમ, ગંધાતો અને કૃપણ હોય, તોપણ તારે તેનો સ્વીકાર કરવો જ પડશે."

"અને જો હું તેમ ન કરું તો ?" મેગ્ડાએ ગુસ્સાથી પૂછ્યું.

"તારે તેમ કરવું જ પડશે. તું કેવીક નહિ કરે તે હું જોઈશ !" એમાએ નાગણ જેવું ઝેર ઠાલવતાં કહ્યું.

"અને મને મોકલશે કોણ ?"

"સામિયન, બીજું કોણ ? તને હજી તેની ચાબુકની ખબર નથી. એકાદ વખત સ્વાદ ચાખી લેજે. બહુ ખાંડ ન ખાતી. તું તો શું પણ તારા કરતાં કેટલીય સવાયો મિજાજ ધરાવતી છોકરીઓને એણે સીધી કરી નાંખી છે."

"હું ફરિયાદ કરવા માગું છું."

"કોને ?"

"પોલીસને—સૂબાને !"

"સૂબા સાહેબ તો દૂર દૂર ઇલાકામાં છે અને પોલીસ તો અમારી મારી મૂકેલી છે; અને તું એક કાગળની કાપલી પણ હવે બહાર નહિ મોકલી શકે. આજથી તું અમારા સખ્ત ચોકીપહેરા નીચે છે."

"તો હું નાસી જઈશ." મેગ્ડાએ બૂમ પાડી જણાવ્યું.

"બાઈ–બહેન, તમે અહીંથી નાસીને જઈ શકો એવું એક પણ સ્થળ નથી. તમને નાસી જવું તો બહુયે ગમતું હશે, પરંતુ તે અસંભવિત છે. અમે તને મારી નહિ નાંખીએ, પણ તારું આ ગુમાન તો જરૂર ઉતારીશું. તેથી હજી પણ સલાહ આપું છું કે મારા કહ્યા પ્રમાણે વર્તવાનું આજથી શરૂ કર. તેમાં તને જ લાભ છે, અને હવે ચાલ દીવાનખાનામાં !"

ત્રણ દિવસ બાદ એક આશ્ચર્યકારક બનાવ બન્યો. બપોરના સમયે એક લશ્કરી કપ્તાનનો પોશાક પહેરેલો ઊંચો પડછંદ જેવો યુવાન આનાના ગૃહમાં દાખલ થયો અને સીધો જ દીવાનખાનામાં જઈ ઊભો. તેની પાછળ જ એક ગુલામની જેમ તાબેદારી ઉઠાવતો

બારકેશ, આ વિભાગનો પોલીસ અમલદાર હતો. વારવનિતા વિભાગે કદાપિ પણ પૂર્વે આ ક્રૂર અને ભયાનક બારકેશને આટલો બધો પામર અને ગરીબ બની જતાં નહોતો જોયો.

"હું આ ગૃહની માલિકણને મળવા માગું છું." લશ્કરી અમલદારે સભ્યતાથી જણાવ્યું.

"બાઈ હમણાં ઘરમાં નથી," સામિયને નમ્રતાથી જવાબ આપ્યો. "પરંતુ અરધા કલાકમાં જ આવી પહોંચશે."

બારકેશ ધીમેથી અમલદારની નજદીક આવ્યો અને અત્યંત દીનતાભર્યા સ્વરે કહેવા લાગ્યો: "નામદાર, આ વિષે મને તપાસ કરવાની રજા આપો. આવા અધમ લોકો સાથે વાતો કરવાનું આપને શોભતું નથી. અમારે પોલીસ માટે એ સાવ જુદી જ વાત છે. અમે આવી અધમતા ને બિભત્સતાથી ટેવાઈ ગયેલા છીએ. અમારું તો એ રોજનું કામ છે."

"ઠીક." અમલદારે જણાવ્યું.

"એમાને બોલાવો." બારકેશે ઘાંટો પાડી કહ્યું. તેના અવાજથી બારણાની બારીઓના કાચ ધ્રૂજી ઊઠયા, અને મકાનમાં લટકાવેલાં ઝુમ્મર પણ હાલી ઊઠયાં.

પણ એમા અડધું બારણું ખોલી ડોકું કાઢી ગભરાટથી જોતી હતી, અને તેની પાછળ બધીય છોકરીઓ તેમના રાત્રીના પોશાકમાં ભય પામેલા ટોળાની માફક એકબીજાની પાછળ માથાં ઊંચાં કરી શું બન્યું હતું તે જોતી હતી.

"આવી, આવી, સાહેબ." ગળાને પોતાના હાથથી ઢાંકતી ઢાંકતી એમા અંદર દાખલ થઈ. "પણ મને માફ કરજો. મેં યોગ્ય વસ્ત્રો પહેર્યાં નથી. હું આપને એક જ મિનિટ થોભવાની વિનંતિ કરું છું."

"એક સેંકડ પણ નહિ." બારકેશે બીજી બૂમ પાડી, અને

પછી તેના તરફ આંગળી કરતો બોલ્યો. " અમે અહીં તારા સૌંદર્યની પરીક્ષા કરવા નથી આવ્યા, ઠચરી!"

અમલદાર તેનો હાથ પકડી તેને સાંત્વન આપતો કહેવા લાગ્યોઃ " જરા નરમાશથી વર્તો!"

" નામદાર, આ ઢોર નરમાશથી કદાપિ પણ નહિ માનવાનાં. એમની સાથે સખ્તાઈ વાપર્યા વગર કામ જ ન થાય." બારકેશે જવાબ આપ્યો, અને પછી ધીમા સ્વરે કહેવા લાગ્યોઃ " નામદાર સાહેબ, આપ આ બાજુના ઓરડામાં પધારો."

બધાં એ જ ઓરડામાં દાખલ થયાં, જ્યાં થોડા દિવસો પૂર્વે જ બારકેશનું કોફી ને દારૂથી સ્વાગત કરવામાં આવ્યું હતું. એમા હજી પણ પોતાના પોશાકની ધમાલમાં પડી હતી અને આમથી તેમ દોડાદોડ કરતી હતી.

" એ ઠચરી, હવે તું ગમે તેટલી ટાપટીપ કરે તોયે જરા પણ વધારે સુંદર દેખાવાની નથી. આમ આવ. આ જોયું?" અને તેણે તેના નાક આગળ એક કાગળ ધર્યો કે જે પર જગતના સૌથી મહાન સત્તાધીશ, તે પ્રાંતના સૌથી વડા પોલીસ અમલદારના, હસ્તાક્ષર હતા. " તું આ સ્ત્રીને ઓળખે છે?" તેણે કાગળમાંની હકીકત વાંચતાં વાંચતાં પૂછ્યું.

" જી, સાહેબ."

" સૌથી પહેલાં તો તેને માટે જે કાર્ડ તમે અહીં વાપરો છો તે અહીં લઈ આવ. હાં. નામદાર સાહેબ, હું એને ફાડી નાંખું કે આપને આપું?"

" મને આપો."

" બીજું. તે અહીં કયું નામ ધારણ કરી રહેતી હતી?"

" મેગ્ડા, સાહેબ."

" ત્રીજું. આ રાંડોમાંથી સૌથી વધારે ચાલાક અને હસમુખી કોણ છે?"

"મને લાગે છે ... ટમારા."

"ટમારા! ... ઠીક."

તે બારણા પાસે ગયો ને જોરથી બૂમ પાડીઃ "ટમારાને અહીં લાવો. જલદી! શું હજી કપડાં નથી પહેરી રહી? જેવી હોય તેવી લઈ આવો. અહીં મારી સમક્ષ લઈ આવો."

ટમારા ઝડપથી પગલાં ભરતી તેની સમક્ષ આવી પહોંચી.

"હમણાં જ દોડ, મેડમ ... મેગ્ડા પાસે. તું તેમને કપડાં પહેરવામાં તથા હાથમોં ધોવા વગેરેમાં મદદ કર, અને પછી તેમને અહીં લઈ આવ. બાકીની બીજી છોકરીઓને એમની ઓરડીઓમાં કાઢી મૂક. જો એમાંની એક પણ નજરે પડી કે ક્યાંક છુપાયલી માલૂમ પડી, અરે જો એક વાળ સરખો પણ નજરે પડયો તો હું તે બધીયને સીધી પોલીસ થાણા પર હાંકી જઈશ."

મેગ્ડા આવી. તે જરાય ભયભીત કે ઉશ્કેરાયલી નહોતી દેખાતી, પણ પોતાની હંમેશની શાંત સ્વસ્થતાભરી રીતે ત્યાં આવી. તેને જોઈ કપ્તાન તરત જ ઊભો થયો અને નમન કરી, લંબાવેલા હાથને ચુંબન કર્યું. બરકેશ બાજુમાં જ ટટાર ઊભો હતો.

"એક નાનું શું બીલ બાકી છે..." એમા ધીમેથી કરગરતી બોલી.

"ચાલ, ચાલ, બીલવાળી! ચૂપ રહે!" બરકેશે બૂમ પાડતાં જણાવ્યું, પણ તરત જ કમાને તેને શાંત થવા હુકમ કર્યો.

એમાને તરત જ તેનું બીલ ચૂકવી આપવામાં આવ્યું, તેટલું જ નહિ પણ ઉપરથી સારી બક્ષિસ પણ આપવામાં આવી. બહાર એક સુંદર ગાડી કમાન અને મેગ્ડાની રાહ જોતી ઊભી હતી. બરકેશે બન્નેને તેમાં બેસાડયાં.

મેગ્ડા અને ટમારા વચ્ચે કપડાં પહેરતી વખતે થોડોક ત્રુટક જેવો વાર્તાલાપ થયો હતો.

"મેગડા, આખરે તું અમારા જેવી નહોતી એ જ નીકળ્યું ને?" ટમારાએ પૂછ્યું.

મેગડાએ સ્મિત કર્યું: "હું તમારા જેવી ક્યારે હતી?"

"એટલે કે તું સારા ઘરની સ્ત્રી છું?"

"ના બહેન, બલકે હું સભ્ય સમાજની તો કટ્ટી દુશ્મન છું."

"તો પછી તું અહીં આવી હતી શા માટે? કે પછી તું સ્વતંત્ર હતી ત્યારે તારી તૃષ્ણા પૂરી કરવા ત્યાં પૂરતા પુરુષો નહોતા મળતા, તેથી આવી હતી?"

મેગડાએ શોકની અકથ્ય છાયા સાથે પુનઃ સ્મિત કર્યું.

"આહ, ટમારા, ટમારા, હું તને કહીશ પણ તું નહિ માને કે હું હજી પૂર્વે હતી તેવી પવિત્ર જ છું!"

ટમારા ખડખડાટ હસી પડી: "વાહ વાહ! અમારી નજર આગળ જ તારી પાસે રોજ છથી સાત ગ્રાહકો આવતા હતા અને વળી પાછી કહે છે કે હું પવિત્ર જ છું."

મેગડાનું મુખ ગંભીર બની ગયું. તે ટમારા તરફ વળી. ટમારા મેગડાને જોડા પહેરાવતી હતી. મેગડાએ શાંતિથી પૂછ્યું:

"ટમારા તું ચાલાક છું . . . કહે . . . ધાર કે તું યુવાન છું અને સ્ત્રીઓ કહે છે તેમ 'પવિત્ર' પણ છું . . . અને કોઈક બદમાશે તને ભોળવીને ફસાવી. કહે કે તે પછી તું કુમારિકા ખરી કે નહિ?"

"શાની બકબક કરે છે! વળી કુમારિકા તો નહિ જ તો! હું તે વખતે પવિત્ર તો ન જ ગણાઉં ને?"

"તો ઈશ્વરની દૃષ્ટિએ, અથવા જે બધું સમજતો હોય અને તારા પર દયા ખાતો હોય એવા એક સમજુ પતિની દૃષ્ટિએ, અથવા તારી પોતાની દૃષ્ટિએ તું ગુનેગાર ગણાય કે નિર્દોષ?"

"કેમ વળી! અલબત નિર્દોષ જ!"

"ત્યારે મારી બાબતમાં પણ તેમ જ છે. તું ભાગ્યે જ સમજી શકીશ કે . . ."

ટમારા ક્ષણભર શાંત થઈ ગઈ. પછી તેણે શાંત સ્વરે પૂછ્યું: "પણ આ અમલદાર, તે તારો વર છે? કે તારો ભવિષ્યનો ભરથાર છે? કે તારો ભાઈ છે?"

"એમાંનો એકે નહિ. તે તો માત્ર મારો મિત્ર છે."

"મેગડા, હું માનું છું કે તું જરાય જૂઠું બોલતી નથી, છતાંય મારા સમજવામાં કાંઈ આવતું નથી. તું કોઈ સાવ ભોળી સ્ત્રી લાગે છે. તું સારા ઘરની છું એમ તો મને પહેલેથી જ લાગ્યા કરતું હતું. પણ તું–તું તારી પોતાની સ્વેચ્છાથી આવા ગંદવાડમાં શા માટે આવી હતી? દાખલા તરીકે હું આજે તારી સમક્ષ દિલ ખોલીને વાત કરું છું કે મને પણ થોડો સમય કેળવણી મળી હતી. જો કે તે નહિ જેવી હતી. મને હજી એ પરદેશી ભાષાઓ આવડે છે. હું જે ભાષા અહીં બોલું છું તે મારી નથી, માત્ર અપનાવેલી છે. હું તે ભાષામાં તારી જોડે જાણીજોઈને વાત કરતી હતી; પણ હું તો તરંગી છું—જંગલમાં ઊડતા પંખી જેવી. મને ખબર નથી કે મારો આત્મા ક્યાં ઊડી રહ્યો છે, અથવા તો એ ક્યાં જઈને વાસો કરશે! પણ તેં! તેં! તેં શા માટે આ માર્ગ લીધો હતો?"

અચાનક મેગડાનું મુખ પથ્થર જેવું સ્થિર થઈ ગયું.

"હા." તેનો અવાજ સુકાઈ ગયેલો લાગતો હતો. "હું પોતે પણ તે સમજી શકી હતી કે અહીંના વાતાવરણને યોગ્ય થવા તું આ રીતે વર્તતી હતી . . . ઠીક, જ્યારે તને મારી વાતમાં આટલો રસ પડ્યો છે ત્યારે હું સ્પષ્ટપણે જ વાત કરીશ. હું એક લેખિકા છું, મારે આ પ્રકારના જીવનને લગતી વાર્તા લખવી હતી અને મારી નવલકથા પ્રમાણભૂત બને તે માટે મેં આ માર્ગ સ્વીકાર્યો હતો."

ટમારા હવે કામ પૂરું કરી રહી હતી, તેથી ઊભી થઈ અને ટટાર

થતાં બોલી: "ઠીક, મને તારી મહેચ્છાઓ માટે માન છે—પણ તારી આ બેખિકાવાળી વાતમાં મને વિશ્વાસ નથી. તારું આ પગલું બહુ ભારે હતું. પણ આપણી આ વાતચીત માટે ખાતરી રાખજે—ત્રીજા કાને નહિ જાય."

"જેવી તારી ઇચ્છા." મેગ્ડાએ ટાઢાશથી કહ્યું. "આભાર." પછી ઓચિંતી જાણે લાગણી ઊભરાઈ આવી હોય તેમ તે ટમારાને જોરથી બાઝી પડી, તેને ચુંબનો કરવા લાગી અને કાનમાં બોલી: "હું તારા પર પત્ર લખીશ."

× × ×

આ બનાવને આઠ માસ વીતી ગયા. ગેપોનના તે અખિલ-રશિયન ક્રાંતિના હડતાલના દિવસો આવ્યા ટૂંકમાં જ્યાં ત્યાં ક્રાંતિના ભણકારા વાગતા હતા. પોલીસની દોડધામ, પકડાપકડી અને દરોડાઓ એ રશિયામાં રોજિંદા બનાવો થઈ પડ્યા હતા.

અને તેથી એક દિવસે મધરાતે પોલીસના તથા છૂપી પોલીસના કેટલાક માણસોએ આનાના આરામ ભોગવતા ગૃહ પર દરોડો પાડ્યો. આખાય ઘરને ઘેરી લેવામાં આવ્યું. ઘરમાંથી જેટલા ગ્રાહકો મળી આવ્યા તેમને સભ્યતાથી રોકવામાં આવ્યા અને દીવાનખાનામાં પોલીસના જાપ્તા નીચે એકત્ર કરવામાં આવ્યા. જેઓ ઊંઘતા હતા તેમને આ માટે જગાડવામાં આવ્યા. આખાય ઘરનો ખૂણેખૂણો તપાસવામાં આવ્યો. ચોપાનિયાં, કાગળિયાં અને બોંબની શોધ થતી હતી. અલબત ત્યાંથી કાંઈ જ ન જડ્યું. છોકરીઓને એક બીજા ઓરડામાં એકત્ર કરવામાં આવી, અને ત્યાં છૂપી પોલીસના વડાએ, ઘડીકમાં મીઠા શબ્દો તો ઘડીકમાં ધમકી વડે મેગ્ડા વિષે સવાલો પૂછવા માંડ્યા: "તે અહીં શું કરતી હતી? તે શું બોલી હતી? તે કોને કોને મળી હતી? તેણે કોને કોને કાગળ લખ્યાં હતા? તેણે કોઈને કાંઈ કાગળિયા આપ્યાં હતાં?"

છોકરીઓ એક પણ પ્રશ્નનો અર્થ સમજતી નહોતી, તેથી ગભરાઈ ગઈ. તેમનાં મુખ ગભરાટ અને પસીનાથી લાલલાલ થઈ ગયાં, આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં અને અમલદારને પગે પડી વિનવણીઓ કરતી કહેવા લાગી: "મેં જો કાંઈ પણ કર્યું હોય, કોઈને મારી નાંખ્યો હોય કે કાંઈ પણ ચોરી કરી હોય તો હું અહીં જ ફાટી પડું! . . ."

થોડી વાર પછી બધીય છોકરીઓને છૂટી કરવામાં આવી.

ટમારાએ ઘણી માહિતી આપી હોત—ખાસ કરીને તેની મેગ્ડા સાથેની છેલ્લી વાતચીત સંબંધમાં. ઘણીખરી વારવનિતાઓ આ માર્ગ લે છે, કારણકે બીજાં કરતાં પોતે જુદી તરી આવે તેવી મહેચ્છા તેમનામાં ઘણા મોટા પ્રમાણમાં રહેલી હોય છે; પણ ટમારાએ તો કંઈક તિરસ્કારથી જવાબ આપ્યો: "હું તો માત્ર એટલું જાણું છું સાહેબ, કે તે બધાં કરતાં વધારે અધમ ને નાલાયક હતી. જગતના બધાય મરદો તેને ઓછા પડતા હતા. તેને તો એક પાંજરામાં પૂરવી જોઈતી હતી કે . . ."

છૂપી પોલીસ અને પોલીસનાં માણસો ચાલ્યાં ગયાં, અને પુનઃ દેખાયાં નહિ, પણ ત્યારપછી ઘણો સમય સુધી આનાના ગૃહમાં વસનારાંઓને આજુબાજુવાળાં 'સમાજવાદીઓ' કહી ચીઢવતાં અને સાચે જ તેઓ તેમના પર ખૂબ ગુસ્સે થયાં હતાં.

પણ એક દિવસ ટમારાએ ભય સાથે સાંભળ્યું: (સત્યતઃ તેના સાંભળવામાં આવ્યું.) બરકેશ બોલતો હતો:

"તમારી પેલી મેગ્ડા યાદ આવે છે કે? મારે કહેવું જોઈએ કે એ પક્ષી જબરું ઊડનારું હતું! ખરેખર જબરી! તેના કાંઇક અડધો ડઝન તો નામ હતાં, જેમાંનાં એક નામના પરવાના સાથે તે અહીં આવી હતી કે જે લઈને તું—એમા તેના બદલામાં પીળો પાસ લેવા પોલીસ થાણે આવી હતી. તે પરવાનામાં તેનું નામ ઓલ્ગા હતું,

અને તે ખાનદાન કુટુંબની હોઈ એક સંગીતશિક્ષિકા હતી તે જણાવવામાં આવ્યું હતું. પણ તમને ખબર છે કે તે તમારે ત્યાં શ માટે આવી હતી ? એ વાત તો ખરેખર ગજબનાક છે ! ખૂબ આશ્ચર્યકારક ! તે 'વારવનિતાવૃત્તિની શાળા'માં શિક્ષણ લેવાન પહેલાં પગલાં માંડતી હતી. એમ ઉશ્કેરાઈ ન જઈશ. ના—ના ! હજ તો હવે ખરી સાંભળવા જેવી વાત આવે છે, અને એ તો આન કરતાં પણ વધુ આશ્ચર્યકારક છે ? અહીં રહી તેણે વારવનિતાવૃત્તિને એટલો તો સફળ અભ્યાસ કર્યો કે એ ધંધાના પડછાયા નીચે રહી તેણે ભલભલાને ભુલાવામાં નાંખી દીધા. અહીંથી તે દક્ષિણમાં સેવા સ્ટપુલ ગઈ. ત્યાં તે નાવિકોની એક ટોળીમાં ભળી ગઈ. ત્યાંથી પછી બીજીમાં, ત્યાંથી વળી ત્રીજીમાં અને ત્યાંથી ચોથીમાં એમ તે આગળ વધતી જ ગઈ. તે પછી ઓડેસા અને નીકોલાઈનમાં પણ તેણે એ જ ધંધો આદર્યો. ધ્યાન રાખજે કે એ બધાંય લશ્કરી નાવિકોન થાણાં હતાં ! અને પીળા પાસના ઓઠા નીચે તેણે સરકાર વિરુદ્ધ રાજ્યને અને રાજ્યકર્તાને તથા અમલદારોને ઉથલાવી નાંખવાના અને મૂડીવાદીઓને—ખાસ કરીને જમીનદારોને—મારી નાંખવાના કાર્યને પ્રચાર કર્યો હતો. તેને લીધે જ આ બધાંય શહેરોમાં તેમના મતને પ્રચાર કરતાં લાખો જાહેરનામાં વહેંચાયાં. પોલીસે ઘણી મહેનત કરી પરંતુ તે તો હાથમાં જ ન આવી. દરેક સ્થળે તેના સાથીઓ અને તેના મિત્રો તેને બચાવી લેતા. અરે, અહીં જે પેલો મોટો કપ્તાન બનીને આવ્યો હતો, એ તો એક નાવિક—વિદ્યાર્થી હતો ! ક્યાંકથી મેળવેલો જૂનો લશ્કરી પોશાક સજીને આવ્યો હતો ! અને જુઓ તો ખરાં, કે કેવી હાથચાલાકી અમારા બધા સાથે તે વખતે તે ખેલી ગયો ! તે સૂબાને મળીને પોલીસના વડા પાસે આવ્યો હતો, અને તેને તેની સહી સિક્કાવાળો સરકારી હુકમ આપ્યો હતો. શું સાલાની છાતી ! પણ હવે વાંધો નથી કારણ કે આખરે બાઇસાહેબ હાથમાં આવી ગયા છે અને સોનું ખોદી કાઢવા તેમને સાઇબિરિયાની ખાણો ભેગા કરી દેવામ

આવ્યા છે. સાલાને ખરું પૂછો તો એથીય વધારે સજા થઈ જોઈતી હતી."

"અને મેગ્ડા?" આનાએ પૂછ્યું.

"મેગ્ડા!...મેગ્ડા પણ ખલાસ! તેણે સૂબા પર બોંબ નાંખ્યો હતો, એટલે તેને પકડીને ફાંસીએ લટકાવી દીધી."

[૬]

સંધ્યાના આછા ઉજાસને પ્રવેશ કરવા દેવા બધી બારીઓ ઉઘાડી છે અને અદૃશ્ય હવા તેના પડદાઓને ફરફર હલાવી રહી છે. આગલા ચોગાનમાં આવેલા જર્જરિત બગીચામાંથી ઝાકળવાળા ઘાસની અને મુખ્યદ્વારે ગોઠવેલાં બર્ચના ઝાડનાં ચીમળાઈ ગયેલાં પાંદડાંની સુવાસ આવે છે. હયુબા, છાતીનો ભાગ વધારે ખુલ્લો દેખાય તેવું વાદળી મખમલનું બ્લાઉઝ પહેરી, અને ન્યુરા નાની બાળિકા જેવું ઘૂંટણ સુધી પહોંચતું ગુલાબી રંગનું ફ્રોક પહેરી, કપાળ આગળ ગૂંચળાં વળે તેમ છુટ્ટા વાળ રાખી, બારી આગળ બેસી ધીમે સાદે ઇસ્પિતાલને લગતું એક ગીત ગાતી હતી. આ ગીત બહુ પ્રસિદ્ધ હોઈ વારવનિતાઓમાં બહુ પ્રચલિત હતું. ન્યુરા નાકમાંથી ગાતી હતી અને હયુબા તેમાં પોતાનો સૂર ભેળવતી હતી:

'પુનઃ સોમવાર આવ્યો છે,
મારો બા'ર જવાનો વારો છે;
ડાક્ટર ફાસોવ જવા નહિ દે,
તો, સેતાન..............'

દરેક ઘરમાં બારીઓએ દીવા સળગી રહ્યા છે અને મુખ્ય દ્વારે લટકતાં ફાનસો લટકી રહ્યાં છે. બન્ને છોકરીઓ, સામે આવેલા સોફિયાના ગૃહની અંદરનો દીવાઓનો પીળો પ્રકાશ, દ્વાર પર

ઃકતા ગુલાબી રંગના પડદા, કાળા પિયાનાનો એક છેડો, વારે-
રે બારીએ દેખાતી તથા અદશ્ય થઈ જતી છોકરીઓ અને તેમ
ાં આયનાઓમાં પડતાં તેમનાં પ્રતિબિંબોને જોઈ શકતી હતી.
ાક છેટે જમણી બાજુએ શેરી વળાંક લેતી, અને ત્યાં આગળ
ક મોટો વાદળી રંગનો વીજળીનો દીવો રાખવામાં આવેલો હતો.
તેજ આ છોકરીઓ બેઠી હતી ત્યાં સુધી પડતું હતું.

સંધ્યા શાંત પરંતુ ઉષ્ણતામય છે. દૂર સુદૂર, રેલ્વેના પાટા-
ની પણ પેલી પાર, કેટલાંક કાળાં છાપરાં અને વનવૃક્ષોનાં
ળાં થડીઆંઓની પણ પેલી પાર, આછા ધુમસને ભેદતો, આથ-
ા સૂર્ય ક્ષિતિજ પર પ્રકાશી રહ્યો છે અને આ આથમતા સૂર્યનાં
ણોમાંથી ધીમે ધીમે આગમન કરતી રાત્રીની મધુર સુવાસમાંથી,
વખતના વાતાવરણ અને હવામાંથી, સામાન્યતઃ ખાસ કરીને
ાળા અને વસંતમાં જણાતી એવી, એક પ્રકારની ગૂઢ, મધુર અને
ગૃત કરુણાનો આભાસ આવતો હતો. એક બાજુથી શહેરના
ાહલનો આછો અવાજ આવતો હતો અને બીજી બાજુએથી
યોના ભાંભરવાનો અવાજ સંભળાતો હતો. સડકની એ બાજુએ
ાવેલી પથ્થરની પગથી પર કોઈની એડીનો ખડખડાટ અને
ટીનો ઠપકારો સંભળાતો હતો. વચ્ચે વચ્ચે ધીમે ધીમે ગાડી હાંકતો
ઈ ગાડીવાન ચોગામાંથી પસાર થતો, અને આ બધા અવાજો સંધ્યાની
ાસીન સુસ્તીમાં મૃદુતા અને સૌંદર્યસહ ભળી જતા અને પોતાના
ા અને લીલા દીવાઓથી જુદા પડતાં એન્જિનો રેલ્વેના પાટાઓ
થી વચ્ચે વચ્ચે એક પ્રકારની શાંત અને સંગીતમય ચેતવણી
પતી સિસોટીઓ દ્વારા પોતાનો સૂર ભેળવતાં હતાં.

'હવે વા'લી નર્સ આવે છે,
રોટી ને ખાંડ લાવે છે,
રોટી ને ખાંડ લાવે છે,
સૌને સરખે ભાગે આપે છે.'

"પ્રોખોર ઇવાનીચ!" સામેની દુકાનના એક કાળા બબૂનસ જેવા વાંકડિયા વાળવાળા નોકરને દોડતો જતો જોઈ ન્યુરાએ ઓચિંતી બૂમ પાડી તેને બોલાવ્યો. "એ પ્રોખોર ઈવાનીચ!"

"મેર તું!" પેલાએ ઘોઘરા સ્વરે કહ્યું. "શું છે?"

"તારી એક ઓળખીતીએ તારી ખબર પુછાવી છે. તે મને આજે મળી હતી."

"કેવી હતી?"

"એવી તો દેખાવડી હતી! એક સુંદર નમણી જુવાન બાળા . . . ના ભાઈ, વળી પાછો તું પૂછીશ કે ક્યાં મળી હતી?"

"હા, હા, ક્યાં મળી હતી?" પ્રોખોરે ઊભા રહીને પૂછ્યું.

"કહું, ક્યાં મળી હતી? જ્યાં અમે મરેલી બિલાડીઓ રાખીએ છીએ ત્યાં, પાંચમે માળે જૂની ટોપીઓ ભેગી એને લટકાવેલી હતી!"

"મેર તું! અત્યારેય તને મજાક સૂઝે છે?"

આ સાંભળી ન્યુરા આખા થાંભામાં સંભળાય તેટલા બળથી ખડખડાટ હસી પડી અને બારી આગળ ઊંધી પડી પગ ઉછાળવા લાગી. પછી એકદમ ગંભીર બનીને તે ઝીણા સ્વરે કહેવા લાગી:

"પણ તને ખબર છે, બહેન—આ એ જ પ્રોખોર જેણે ગયાને આગલે વરસે એક વૈરીનું ગળું કાપી નાંખ્યું હતું. સોગન ખાઈને કહું છું કે એ જ આ પ્રોખોર!"

"શું કહે છે? પછી પેલી મરી ગઈ?"

"ના. એ મરી તો નહોતી ગઈ, એ બચી ગઈ." જાણે કે તે વૈરી બચવાથી પોતાને દુઃખ થયું હોય તેવા સ્વરે ન્યુરા કહેવા લાગી. "પણ તેને કંઈ નહિ તો બે મહિના ઇસ્પિતાલમાં કાઢવા પડ્યા હતા. ડૉક્ટરોએ કહ્યું હતું કે જો ઘા જરા ઊંડો હોત તો રામરામ—બાઈ ખલાસ થઈ ગયાં હોત."

"પણ તેણે શું કામ એને મારી હતી?"

"એ તો હું શું જાણું? કાં તો એનાથી પૈસા છુપાવ્યા હશે કે એનાથી છૂપી બાજી રમતી હશે. એ તેનો આશક–દલાલ હતો."

"અને એને કાંઈ સજા થઈ હતી કે નહિ?"

"અરે કશુંય નહિ! તેની વિરુદ્ધ કાંઈ પુરાવો જ ન મળ્યો. ત્યાં એક પ્રકારનો બખેડો જામ્યો હતો, કાંઈ નહિ તો સો માણસો મારામારી કરતાં હતાં. ઉપરાંત એ બૈરીએ પણ પોલીસને કહ્યું હતું કે તેને કોઈના ઉપર શક નથી; પણ પાછળથી પ્રોખોર પોતે બડાઈ મારતો હતો કે, "આ વખતે તો એ બચી ગઈ. પણ બીજી વખત એને હું પૂરી કરી નાખીશ. આ વખતે એ મારા હાથમાંથી જીવતી નહિ છટકી જાય. હું એને બરાબર શિક્ષા કરીશ."

હ્યુબાના બદનમાં એક પ્રકારની ધ્રૂજારી આવીને ચાલી ગઈ.

"આ દલાલો બહુ ભયંકર માણસો હોય છે!" તે અવાજમાં ભય દર્શાવતી પરંતુ શાંત સ્વરે બોલી.

"ખરેખર ભયંકર! તું જાણે છે મેં આપણા સિમિયન સાથે એક વર્ષ સંબંધ રાખ્યો હતો. એ પણ એવો જ માણસ છે, વાત ના પૂછો! મારા શરીરનો એકે ભાગ સાજો નહોતો રહ્યો. જ્યારે જુઓ ત્યારે મારા શરીર પર મારનાં કાળાં ચકામાં બાઝેલાં જ હોય. અને તેમ કરવાનું કારણ જુઓ તો કશુંય નહિ. બસ, એટલું જ કે સવાર થાય અને એક ઓરડીમાં મને લઈને ભરાય અને પછી તેને અંદરથી બંધ કરી મારા પર જુલમ વરસાવવો શરૂ કરે. તે મારા હાથ આમળી નાંખતો, મારી છાતીએ ચીમટીઓ ભરતો, ગળું દબાવતો અને બસ મારમાર જ કરતો. નહિ તો બસ ચુંબનો જ કર્યા કરે અને પછી ઓચિંતો એટલા જોરથી બચકું ભરે કે લોહી નીકળે . . . હું રડવા માંડું . . . પણ એને તો એની કશી પરવા જ નહિ. પછી એ મારા પર પશુ માફક તૂટી પડતો, અને મારા બધા

પૈસા પડાવી લેતો—પાઈએ પાઈ. મારી પાસે સિગારેટ લેવા જેટ
પૈસા પણ ન રહે . . . અને એ એવો તો મખ્ખીચૂસ છે, પાઈ
પાઈ જઈ બેંકમાં જમા રાખે છે; અને ઉપરથી કહે છે કે ત્ય
હજાર રૂબલ એકઠા થશે ત્યારે પોતે જઈને એકાદ મઠમાં જોડાશે.

"પછી?"

"ભગવાનના સોગંદ ખાઈને કહું છું, કે જ્યારે જુઓ ત્ય
રાતે કે દહાડે તેની ઓરડીમાં ચોવીસે કલાક મૂર્તિ સમક્ષ પવિ
દીવો સળગતો જ હોય છે. તે ભગવાનમાં બહુ આસ્થા ધરાવે છે.
મને લાગે છે કે તેને તેનાં પાપ બહુ ડંખે છે, એટલા માટે એ એ
કરે છે. પરંતુ સત્યતઃ એ એક ખૂની છે."

"તું શું કહે છે?"

"જવા દે એની વાત, હચુબા. ચાલ, આપણે આગ
ગાઈએ . . . . ." ન્યુરાએ ઊંચે તીણે સ્વરે ગાવાનું શરૂ કર્યું.

'ગાંધીની દુકાને જઇને થોડું ઝેર લઇશ,
એ ઝેર પી જઇ પછી હું મરી જઇશ.'

જેની અદગ વાળી ઓરડામાં આમથી તેમ ફરતી હતી, ચ
ત્યાંના બધા આયનાઓમાં વારાફરતી પોતાનું પ્રતિબિંબ જોતી હત
તેણે ટૂંકો નારંગી રંગનો સાટીનનો પોશાક પહેરેલો હતો, ચ
તેના પટા તેના નિતંબના હલનચલન સાથે આમથી તેમ ઝૂલતા હત
નાની માનકા પાનાં રમવાની એટલી બધી શોખીન હતી કે
કોઈ તેની સાથે રમનાર હોય તો તે આખો દહાડો પાનાં રમ્યા જ ક
અત્યારે તે પાશા સાથે પાનાં ખેલતી હતી. રમતાં ફાવે તે મ
વચ્ચે એક ખાલી ખુરશી મૂકી હતી, અને રમતાં રમતાં પા
પોતાના ખોળામાં એકઠાં કરતી હતી. માનકાએ સાદો ફારમજી રંગ
કાળી પટીવાળો પોશાક પહેર્યો હતો. તેના શરીરનું બંધારણ બ
હોઈ તેને આ પોશાક ઘણો દીપી નીકળતો. આ પોશાક પહેરવા

તે તેની ઉમ્મર કરતાં ઘણી નાની જણાતી, અને તે કોઈ કૉલેજની કન્યા હોય તેવી લાગતી.

તેની રમતની જોડીદાર પાશા એક ઘણી જ દુઃખી અને વિચિત્ર સ્વભાવની છોકરી હતી. તેનું સ્થાન આ વારવનિતાગૃહને બદલે ગાંડાની ઇસ્પિતાલમાં હોવું જોઈતું હતું; કારણકે તેનું માનસ કોઈ એવા તો વિચિત્ર પ્રકારનું હતું કે તે ગમે તેવા ધૃણાજનક પુરુષનો પણ સત્કાર કરતાં અચકાતી નહિ. તેની સખીઓ પોતાના પુરુષો તરફની સમગ્ર દુશ્મનાવટને લીધે, તથા તેના આ પ્રકારના વિચિત્ર સ્વભાવને લઈને તેની ખૂબ મશ્કરીઓ ઉડાવતી. જ્યુરા ખૂબ આનંદમાં આવી ગઈ હોય ત્યારે એના એવા તો આબેહૂબ ચાળા પાડતી કે આજુબાજુની બે ત્રણ ઓરડીમાં તે સંભળાતા. પાશા વિષે એમ કહેવાતું કે તે અહીં કોઈ આકર્ષણ, છેતરપીંડી કે આર્થિક જરૂરિયાતને અંગે આવી ન હતી, પરંતુ તેની પોતાની ઇચ્છાથી જ દાખલ થઈ હતી. તેમ થવામાં તેનું વિચિત્ર માનસ જ કારણભૂત હતું. ઘરની માલિકણ અને બન્ને ભાઈઓ પાશાની આ ગાંડી નબળાઈને ખૂબ ઉત્તેજન આપતાં, કારણકે તેથી પાશાની જ્યાંત્યાં માગણી થતી, અને બીજી છોકરીઓ કરતાં ચાર પાંચ ગણા વધારે પૈસા પેદા કરતી, એટલું જ નહિ પણ તહેવારોના દિવસોએ તો તેને બહાર આવવા દેવામાં આવતી જ નહિ અથવા તો જાહેર કરવામાં આવતું કે તેની તબિયત ઠીક નથી. આમ કરવાનું કારણ એ હતું કે જે હંમેશના સ્થાયી ગ્રાહકો હતા તે જો એમ જાણતા કે પોતાની માનીતી છોકરી બીજે રોકાયલી છે તો ખૂબ ગુસ્સે થઈ જતા, અને પાશાના આવા સ્થાયી ગ્રાહકો પણ બેશુમાર હતા. ઘણા તો તેને સાચા દિલથી પણ પશુવૃત્તિથી ચાહતા, અને થોડાક સમય પૂર્વે તેમાંનો બે જણાએ તેને ત્યાંથી છોડાવવા પણ માગણી કરેલી. એ બે જણામાંનો એક હતો દારૂની દુકાનમાં કામ કરતો એક કારકુન અને બીજો હતો અત્યંત ગુમાની પણ ગરીબ ખાનદાન કુટુંબનો, કૃત્રિમ આંખવાળો

રેલ્વેનો એક અધિકારી. પાશા આ પશુવૃત્તિ સિવાય બીજી દરેક બાબતમાં અત્યંત શાંત હતી, અને તેને જે બોલાવે તેની સાથે જવા તૈયાર થતી. પણ તે બાબતમાં ઘરની માલિકણ તરફથી તેના વ્યવહાર પર ખાસ દેખરેખ રાખવામાં આવતી. તેનું સુંદર મુખ, તેની અર્ધ મીંચેલી આંખો, તેનું આછું ને શરમાળ સ્મિત, જે તે હંમેશાં ચાટયા કરતી તે તેના ભીના હોઠ, કોઈ દીવાનીના જેવું તેનું હાસ્ય—તે બધામાંથી એક વસ્તુ સ્પષ્ટ જણાઈ આવતી હતી કે ટૂંક સમયમાં જ ચોક્કસ તે ગાંડી થઈ જશે; છતાંય આ સામાજિક દૂષણનો ભોગ બનેલી વનિતા સામાન્ય વ્યવહારમાં સરળ સ્વભાવની હતી અને બધાની સાથે ભળી જતી તથા તેને પોતાની આ નબળાઈની ખૂબ શરમ લાગતી. પોતાની સખીઓ પ્રત્યે તે ઘણી માયાળુ હતી. તેમને ચુંબન કરવાનું, બાથમાં લેવાનું અને તેમની સાથે એક જ પથારીમાં સૂવાનું તેને બહુ ગમતું, છતાં કોણ જાણે કેમ દરેકને તેના પ્રત્યે કાંઈક અણગમો હોય તેમ લાગતું.

"માન્કા, મારી બહેન." પાશા માન્કાના હાથને સ્પર્શ કરી લાગણીભર્યા સ્વરે બોલી. "મારું નસીબ જોઈ આપ, મારી બહેન કરું જો!"

"ઠીક," માન્કાએ બાળકની માફક હોઠ ચાટતાં જવાબ આપ્યો. "પણ પહેલાં આપણે આટલી બાજી પૂરી કરીએ."

"માન્કા, મારી વહાલી, મારી બહેન, મારી સખી ..."

માન્કાએ આખરે નમતું આપ્યું, અને નસીબ જોવા પાનાં પોતાના ઘૂંટણો પર મૂક્યાં. પછી પાનાં ઉઘાડી તેણે કહ્યું કે તેના નસીબમાં થોડા પૈસા, એક સારો પ્રિયતમ અને સુખ લખાયેલાં હતાં.

આથી પાશા ખૂબ આનંદમાં આવી જઈ તાળીઓ પાડતી બોલી ઊઠી: "વાહ, વાહ, તો તો મને મારો લેવનચીક જ મળવાનો!

હા, હા, આજે જ તેણે આવવાનું વચન આપ્યું છે. ચોક્કસ મારો લેવનચીક જ મને મળવાનો છે."

"કયો? પેલો તારો કારકુન?"

"હા, મારો નવલો કારકુન. એ કેવો સુંદર અને રૂપાળો દેખાય છે! હું એને કોઈ દહાડોય મારી પાસેથી ખસવા નહિ દઉં. તને ખબર છે, એણે મને ગઈ વખતે શું કહ્યું હતું? કહે કે જો તું અહીં બહુ દહાડા રહીશ તો હું તને મારી નાખીશ અને પછી હું પણ મરી જઈશ. એમ કહી તેણે મારી સામે એવા તો ડોળા કાઢ્યા હતા!"

જેની નજીક ઊભી ઊભી આ બધી વાત સાંભળતી હતી. તે હવે અભિમાનપૂર્વક બોલી ઊઠી: "કોણે એમ કહ્યું?"

"કેમ વળી મારા કારકુને—મારા લેવંનચીકે. કહે છે કે તનેય મારી નાખીશ અને હુંય મરી જઈશ."

"મૂર્ખી! એ તો જાતનો જ્યોર્જિયન નથી, પણ એક સામાન્ય આર્મેનિયન છે. તું તો સાવ મૂર્ખી છે."

"ના, ના, એ ખરેખર જ્યોર્જિયન છે, અને તું આવું બોલે છે તે..."

"હું કહું છું કે તે એક સામાન્ય આર્મેનિયન છે. હું એને ઓળખું છું, મૂર્ખી!"

"શા માટે મને ગાળો દે છે, જેની? મેં પહેલાં તને ગાળો નથી દીધી."

"ગાળો દે તો તો સીધી જ કરી નાંખું તો! મૂર્ખ! તારો તો એ ગમે તે હોય—બધું સરખું જ છે. તું એના પ્રેમમાં પડી છે કે શું?"

"હા, હું એના પ્રેમમાં પડી છું."

"ત્યારે તો તારા જેવી બીજી કોઈ જ મૂર્ખ છોકરી નહિ હોય, અને પેલો ટોપીમાં બિલ્લાવાળો લંગડો—તું એની સાથે પણ પ્યારમાં છે કે?"

"કેમ, તારે શું કામ છે? મને તેના પ્રત્યે બહુ માન છે. એ ઘણો સારો માણસ છે."

"અને પેલો કારકુન નીકી? અને પેલો કંટ્રાકટર? અને પેલો એન્ટોશકા-કારટોશકા? અને પેલો જાડો નટ? ઉફ્! કેવી નફફટ છોકરી છે?" જેની એકદમ ગુસ્સામાં આવી જઈ બોલવા લાગી. "હું તો તારા પ્રત્યે ઘૃણાની લાગણી સિવાય જોઈ જ શકતી નથી. તું તો કૂતરી છે કૂતરી! તારી જગ્યાએ હું હોઉં તો તો મારા ચણિયાના નાડાથી ગળે ફાંસો ખાઇ મરી જાઉં. નાપાક ક્યાંકની!"

પાશા અશ્રુભીની આંખોએ નીચું જોઈ રહી. માન્કા તેનો બચાવ કરવા લાગી:

"પરંતુ તારે આટલું બધું બોલવાની શી જરૂર છે, જેની? તું શા માટે એની પાછળ પડી છું......"

"હવે બેસો, તમે બધાં બહુ સારાં છો તે હું જાણું છું." જેની તેને અધવચ્ચે જ અટકાવતાં બોલી. "કોઈ જાતનું સ્વમાન જ ન મળે! કોઈ કે આવી તમને કલાક માટે કરેલા ભાવે રોટલાના ટુકડાની જેમ ખરીદ્યાં, ઘોડાગાડીની જેમ ભાડે રાખ્યાં અને તમે તેવાઓની પાછળ ગાંડાં ગાંડાં થઈ ગયાં... 'મારો પ્રિયતમ, મારો પ્રાણ!' અહા! કેટલી વિષયેચ્છા! ઉફ્!" કહી તે તિરસ્કારથી થૂંકી અને પછી પુનઃ પોતાના મોટા નિતંબ હલાવતી ઓરડામાં આંટા મારતી મારતી આયનાઓમાં પોતાનું પ્રતિબિંબ જોવા લાગી.

આ દરમ્યાન પિયાનાવાળો ઈઝાક વાયોલિનવાળા સાથે સૂર મેળવવા ઝાઝું ફોડતો હતો.

"એમ નહિ, એમ નહિ, ઇસિયાહ! એક મિનિટ તારી ફિડલ જરા આવી મૂક અને હું વગાડું તે સાંભળ. જો આ પ્રમાણે સૂર છે."

તે એક આંગળીથી પિયાનો વગાડવા લાગ્યો અને ગળામાંથી ઘોઘરો અવાજ કાઢી તેમાં સૂર ભેળવવા લાગ્યો.

"એસટામ–એસટામ–એસ ટીઆમ ટીઆમ. હવે એ પ્રમાણે વગાડ જોઉ . . . હાં . . . ઇ ઝવી . . ."

તેમનું આ સંગીત ભૂરી આંખો, ગોળ મોં તથા હોઠ પર ખરાબમાં ખરાબ જાતની લાલી લગાવેલી ઝો નામની છોકરી પિયાના પર કોણીઓ ટેકવી એકચિત્તે સાંભળતી હતી. તેની જોડે જ વેરા નામની બીજી છોકરી પણ રેશમી બદન પહેરી ઊભી હતી. વેરાનું મોં સાંકડું, આંખો નીલવર્ણી અને નાક જરા આગળ પડતું હતું. આખરે જ્યારે બન્ને સંગીતશાસ્ત્રીઓના સૂર બરાબર બેઠા, ત્યારે વેરા ઝોની નજીક આવી, કોઈ પ્રણયી પોતાની પ્રિયતમાનો સત્કાર કરે તેમ, વાંકી વળી હાથ પહોળા કરી ઊભી રહી અને ખૂબ ગેલમાં આવી જઈ બન્ને જણીઓ ઓરડામાં નાચવા લાગી.

ત્યાં તો હંમેશા નવા સમાચાર જણાવવામાં અગ્રસ્થાન ભોગવતી ચપળ ન્યુરા બારી આગળથી કૂદકો મારી અંદર આવી અને મોંમાંથી થૂંક ઉડાડતી કહેવા લાગી: "એક ફક્કડ ગાડી . . . આવી છે ટ્રેપેલમાં . . . વીજળીની બત્તીઓ છે . . . અરે . . . મને તો એવું થાય છે . . . ચારે બાજુ વીજળીના દીવા છે."

ગુમાની જેની સિવાય બધીય છોકરીઓ બારીઓમાંથી ડોકાં કાઢી બહાર જોવા લાગી. ટ્રેપેલના મુખ્યદ્વાર સમક્ષ એક સુંદર ગાડી સાથે એક ગાડીવાન ઊભો હતો. તેની ગાડી નવી હોઈ રંગરોગાનથી ચળકતી હતી, છેડા પર બે પીળા વીજળીના દીવા બળતા હતા, નાકે જરા ગુલાબી છૂંદણાવાળો ઊંચો સફેદ ઘોડો તેનું સુંદર માથું

આમથી તેમ હલાવતો, સડક પર પગ પછાડતો હતો અને કાન ઊંચા-નીચા કરતો હતો. દાઢીવાળો આધેડ વયનો ગાડીવાન કોઈ કોતરી કાઢેલી મૂર્તિની જેમ ગાડીની આગળ તેના સ્થાને બેઠો હતો, અને તેના બન્ને હાથ ઘૂંટણો પર ટેકવેલા હતા.

"અમને બેસાડો ને!" ન્યુરા બૂમો પાડી કહેતી હતી. "એ કાકા! એય ભલા ગાડીવાન!" કહી લગભગ અડધું શરીર બારીમાંથી બહાર કાઢ્યું. "અમને તમારી ગાડીમાં ન બેસાડો? અમને ગાડીમાં બેસાડશો તો તમારું ભલું થશે!"

પણ એ ભલો ગાડીવાન જવાબમાં માત્ર હસ્યા જ કરતો હતો, અને કોઈ કોઈ વાર માત્ર જરાક આંગળી ઊંચી કરતો. એવામાં જાણે ઘોડો આ બોલવાની રાહ જ જોઈ રહ્યો હોય તેમ તરત જ ત્યાંથી ઊપડ્યો અને થોડેક દૂર જઈ પાછો ફરી આગળના અંધકારમાં ગાડી અને ગાડીવાન સાથે અદૃશ્ય થઈ ગયો.

"છટ્! કેટલી બધી અસભ્યતા!" પાછળથી ઓરડામાં દાખલ થતી એમાનો કર્કશ સ્વર સંભળાયો. "ક્યાંય સભ્ય છોકરીઓને આમ બારી બહાર ડોકિયાં કરતી અને રસ્તા વચ્ચે બૂમો પાડતી જોઈ છે? અને પછી લોકોમાં વાતો થશે એનું ભાન છે? અને એ બધુંય કરનાર પેલી ન્યુરા—હંમેશા બધાય બખેડાઓમાં એ જ આગેવાન હોય છે."

એમા તેના કાળા પોશાકમાં ભવ્ય લાગતી હતી. બોર્ડિંગમાં ભણતી વિદ્યાર્થીનીઓની જેમ બધી છોકરીઓ ડાહી થઈ ખુરશીઓ પર બેસી ગઈ. માત્ર એકલી જેની જ હજી આયનાઓમાં પોતાનું પ્રતિબિંબ જોયા કરતી હતી. સામે આવેલા સોફિયાના ગૃહ આગળ બે બગીઓ આવીને ઊભી રહી. થાંભામાં ચેતન આવવા માડ્યું. આખરે પથ્થરો પાથરેલી સડક પર આવતી એક ગાડીનો ગડગડાટ સંભળાવા લાગ્યો, અને તે ગડગડાટ આનાના મકાન આગળ ઓચિંતો જ અટકી ગયો.

દરવાન સામિયન બહારના દીવાનખાનામાં કોઈને તેનો ઓવરકોટ વગેરે ઉતારવામાં મદદ કરી રહ્યો હતો. બારણાના નકુચાને બેય હાથે પકડી જેનીએ ત્યાં ડોકિયું કર્યું, પણ તરત જ પાછી ફરી અને ખભા હલાવી નકારતી હોય તેમ માથું ધુણાવવા લાગી.

“નથી ઓળખતી, કોઈ સાવ નવો જ લાગે છે.” તેણે ધીમા સ્વરે કહ્યું. “આપણે ત્યાં પહેલાં કોઈ દહાડો આવ્યો લાગતો નથી. કોક સોનેરી ચશ્માં અને સરકારી પોશાક પહેરેલો, જાડા અમલદાર જેવો લાગે છે.”

જેમ કોઈ લશ્કરને કૂચનો હુકમ મળતો હોય તેવા દમામભર્યા અવાજે એમાએ હુકમ કર્યો: “બાનુઓ, દીવાનખાનામાં જાઓ! ચાલો, દીવાનખાનામાં જાઓ, બાનુઓ!”

નાકનું ટીચકું ચઢાવતી એક પછી એક બધી છોકરીઓ દીવાનખાનામાં દાખલ થવા લાગી: એમાં હતી ખુલ્લા સફેદ હાથ અને ગળે માત્ર બનાવટી પુષ્પોની માળા પહેરેલી ટમારા, જાડી કીટી, લીલા પોપટિયા રંગનો પોશાક પહેરેલી નવી જ આવેલી નીના, નાની ઉર્ફે શ્વેત માન્કા, મોટી માન્કા અને છેલ્લી કાળા કદરૂપા મુખ અને એકદમ મોટા નાકવાળી યહૂદણ સોનકા. આ સોનકાની આંખો અદ્દભુત હતી, પણ સાથે જ તેમાં મૃદુતા અને કરુણા પણ હતાં કે જે સારાય જગતમાં માત્ર યહૂદી સ્ત્રીઓની આંખોમાં જ જોવામાં આવે છે.

[૭]

સરકારી શિક્ષણખાતાના પોશાકમાં સજ્જ થયેલો આ આધેડ વયનો મહેમાન, ધીમાં, અનિશ્ચિત પગલાં ભરતો અંદર આવ્યો. તે દરેક પગલે તેનું શરીર જરાક આગળ પડતું વાળતો અને જાણે

ધોતો હોય તેમ હથેળીઓ ઘસતો હતો. સર્વે છોકરીઓ, જાણે તેને જોયો જ ન હોય તેવી રીતે ટસ્સાબંધ ચુપચાપ બેઠી હતી, તેથી દીવાનખાનાના છેડે જ્યાં તે બધી બેઠી હતી ત્યાંસુધી તે આગળ વધ્યો અને હચુબાની નજીક જઈ એક ખુરશી પર બેઠો. તેને આવેલો જોઈ નિયમ પ્રમાણે પોતે કોઈ સભ્ય સમાજની કન્યા હોય તેમ સ્વતંત્ર અને શૂન્યભાવ મુખ પર ધારણ કરતાં હચુબાએ પોતાનો ઘાઘરો જરા સંકેલ્યો.

"કેમ છો, મિસ ?" મહેમાને કહ્યું.

"સારું !" હચુબાએ ટૂંકો જવાબ આપ્યો.

"કેમ ચાલે છે ?"

"આભાર. મને સિગારેટ આપો."

"માફ કરજો. હું બીડી નથી પીતો."

"એમ ! પુરુષ થઈ ને બીડી નથી પીતા ? ચાલો, તો મારે માટે લેમન મંગાવો. હું લેમનની બહુ શોખીન છું."

મહેમાને કાંઈ જવાબ ન આપ્યો.

"ઉંહ ! કેવાં કંજૂસ છો ? હાલમાં ક્યાં નોકરી કરો છો ? તમે કોઈ સરકારી કારકુન તો નથી ને ?"

"ના, હું શિક્ષક છું. હું જર્મન ભાષા શીખવું છું."

"પણ મેં તમને ક્યાંક જોયા છે. તમારું મુખ મને પરિચિત ભાસે છે. આપણે ક્યાં મળ્યાં હોઈશું ?"

"આપણે ક્યાંય મળ્યાં હોઈએ તેવું મને તો નથી લાગતું. કદાચ કોઈક વાર રસ્તા પર એકઠાં થઈ ગયાં હોઈશું."

"હા, હા, તેમ જ હશે . . . ચાલો, કાંઈ નહિ તો પણ તમારે મને ઓરેંજ તો પાવી જ જોઈએ. ઓરેંજ મંગાવું ?"

તે પુનઃ શાંત બની ચારે તરફ જોવા લાગ્યો. તેનું મુખ ચમકવા લાગ્યું અને તેના કપાળ પરના શીળીના ડાઘા રાતા થઈ ગયા તે મનમાં ને મનમાં કઈ છોકરી પોતાને માટે યોગ્ય છે તેની ગણત્રી કરતો હતો અને સાથે જ પોતે કેમ વર્તવું તેની વિમાસણમાં પડ્યો હતો. શી વાત કરવી તે સૂઝતું ન હતું, ઉપરાંત હસુબાની બેદરકારી ભરી વર્તણૂકથી તે ખીજવાઈ ગયો હતો. ભારે શરીરવાળી કેટ તેને પસંદ આવી, પણ તેણે મનમાં જ નિશ્ચય કરી લીધો કે, બધી જાડી સ્ત્રીઓની જેમ તે પણ પ્રણય કરવામાં સાવ ઠંડી હશે અને તે ઉપરાંત તેનું મુખ પણ બહુ સુંદર નથી. નાદાન છોકરા જેવું મુખ અને તસબસ ચણિયામાં સ્પષ્ટ તરી આવતાં અંગોવાળી વેરા, નિશાળે ભણવા જતી યુવાન કન્યા જેવી દેખાતી નાની માન્કા અને ચપળ અને સુંદર મુખવાળી જેની, એ દરેકને જોતાં તેની વૃત્તિઓમાં નવો જ સળવળાટ થતો હતો. એક ક્ષણ તો તેણે જેનીને પસંદ પણ કરી નાખી, પરંતુ તેના મુખ પરના બેદરકારીભર્યા ભાવો જોઈ તેણે પોતાનો નિશ્ચય જાહેર કર્યો નહિ અને ખુરશી પર જ બેસી રહ્યો. ઉપરાંત જેનીએ મૂળથી જ તેના પ્રત્યે કાંઈ પણ ધ્યાન આપ્યું ન હોવાને કારણે તેણે ધાર્યું કે આ ગૃહમાં જેની સૌથી વધારે માનીતી અને ગ્રાહકો પાસે ખૂબ પૈસા ખરચાવનારી છોકરી હશે. પરંતુ આ શિક્ષક મહાશય ગણત્રીબાજ હતા : તેમને એક મોટું કુટુંબ અને તેમની વિષયેચ્છાથી કંટાળી ગયેલી અને પરિણામે હંમેશા અનેક રોગોથી પીડાતી પત્નીનો ભાર વહન કરવાનો હતો. તે એક માધ્યમિક કન્યાશાળામાં શિક્ષક હોઈ હંમેશા એક પ્રકારની વિષયવાસનાથી ભરપૂર વૃત્તિઓથી ઉત્તેજિત રહેતો અને માત્ર તેનું જર્મન શિક્ષણ, તેનો કંજૂસ અને ભીરુ સ્વભાવ, તેની આ સદા ઉત્તેજિત વૃત્તિઓને કાબૂમાં રાખતાં; પણ વરસમાં બે કે ત્રણ વખત, તેના તાણીતૂસીને ચાલતા ઘરખરચમાંથી રાતે બીર પીવાનું જતું કરી, અને ખૂબ લાંબે સુધી ચાલવું પડે છતાં આઠ દસ દહાડા ટ્રામને બદલે પગે ચાલવાનું

સ્વીકારી, કોઈ જોઈ ન જાય તેની ખાસ તકેદારી રાખીને, પાંચ કે દસ રૂબલ બચાવી તે અહીં આવતો. આ પૈસા તે આ માટે જ જુદા રાખતો, અને તેટલા પૈસામાં જેટલો વધારે આનંદ મેળવાય તેટલો મેળવવા તે પ્રયત્ન કરતો. સાથે જ પોતે કોઈ ચેપી રોગનો ભોગ ન થઈ પડે તેની બીતીમાં રહ્યા કરતો અને પોતાનાં નાણાના બદલામાં તે ઘણું જ વધારે–અશકય ગણાય–તેટલું માંગતો. આટલા પૈસાના બદલામાં તેનો જર્મન સંસ્કારી સ્વભાવ નિર્દોષતા, લજ્જા અને પોતે કલ્પનાના જગતમાં ખડી કરેલી કાવ્યમય મૂર્તિઓને સચેતન જોવાની ઇચ્છા રાખતો; પરંતુ સાથે સાથે એક પુરુષ તરીકે તે એવી પણ ઇચ્છા સેવતો કે તેના સહવાસથી સ્ત્રીઓમાં કોઈ નવું જ ચેતન પ્રગટે અને તેઓ તેની પાછળ દીવાની બની જાય.

જગતમાં લગભગ દરેક પુરુષ—પછી તે ગમે તેવો દુષ્ટ, ભયંકર કદરૂપો કે નામરદ હોય—આ જ વસ્તુ ઇચ્છતો હોય છે, અને ભૂતકાળના અનુભવોએ સ્ત્રીઓને પણ શીખવ્યું હોય છે કે પોતાના અવાજ અને શારીરિક હલનચલન મારફતે પુરુષો જે માગે છે તે કેવી રીતે જાહેર કરી દેખાડવું અને છતાંય પોતાની આંતરિક વૃત્તિઓ પર તેની જરાય અસર થવા ન દેવી.

"કાંઈ નહિ તો આ વગાડનારાઓને એકાદ નૃત્ય વગાડવાનું તો કહો? આ છોકરીઓને થોડું નૃત્ય કરવાનું મળશે." લ્યુબાએ ફરિયાદ કરતાં કહ્યું.

આ વાત તેને પસંદ આવી; કારણકે તેને લાગ્યું કે આ સામાન્ય ચુપકીદી અને ગંભીર વાતારણ કરતાં સંગીતનાં ઓઠાં હેઠળ, નૃત્યની ધમાધમી વચ્ચે હિંમત આવતાં ઊઠી એકાદ છોકરીને ખાનગી ઓરડામાં લઈ જવાનું પોતાને વધારે અનુકૂળ આવશે.

"એ માટે શું આપવું પડશે?" તેણે પહેલેથી જ સાવચેતી જાળવવા પૂછ્યું.

"સારા નૃત્ય માટે અડધો રૂબલ, પરંતુ સામાન્ય નૃત્ય માટે તો માત્ર ત્રીસ કોપેક જ આપવા પડશે. કેમ કહું ને?"

"ઠીક, ભલે . . . તું જો ખુશ હોય તો . . . ભલે થઈ જાય . . ." તેણે દાનવીર બનવાનો ડોળ કરતાં જણાવ્યું. "તે માટે કોને કહેવાનું હોય છે?"

"કેમ, પેલા ત્યાં બેઠા એ સંગીતશાસ્ત્રીઓને!"

"જરૂર . . . હું આનંદસહ તેમને કહીશ . . . અરે શ્રીમાન સંગીતશાસ્ત્રી, નૃત્યની કોઈ રાગણી વગાડો." તેણે પિયાના પર રૂપાનો સિક્કો મૂકતાં જણાવ્યું.

"શું વગાડું?" સિક્કાને ખિસ્સામાં મૂકતાં ઇસિયાહે કહ્યું. "વૉલ્ઝ, પોલ્કા કે પોલ્કા માઝુરકા?"

"હું . . . . કંઈક . . . ."

"વૉલ્ઝ . . . વૉલ્ઝ!" નૃત્યની સૌથી વધારે શોખીન વેરા પોતાને સ્થાનેથી બોલી ઊઠી.

"ના, પૉલ્કા! . . . વૉલ્ઝ! . . . વેંજજેરકા! . . . . વૉલ્ઝ!" બીજી છોકરીઓએ પોતાનો મત દર્શાવતાં શોરબકોર કરી મૂક્યો.

"પોલ્કા વગાડો." લ્યુબાએ નિવેડો લાવતાં કહ્યું. "ઇસિયાહ પોલ્કા વગાડો. આ મારા વર છે, અને તે મારા વતી વગાડવાનું કહે છે." તેણે શિક્ષકને ગળે હાથ નાખતાં ઉમેર્યું: "કેમ બરોબર છે ને?"

પણ કાચબાની જેમ માથું પાછું ખેંચી લઈ શિક્ષક લ્યુબાના પંજામાંથી છૂટો થયો અને લ્યુબા પણ જરાય રોષ દર્શાવ્યા વિના ન્યુરા સાથે નૃત્ય કરવા ગઈ. બીજી ત્રણ જોડીઓ પણ ત્યાં નૃત્ય કરતી હતી. નૃત્ય કરતી વખતે દરેક છોકરી કમ્મર બને તેટલી

ટટાર રાખતી, માથાને જરા પણ હાલવા ન દેતી અને તેમના મુખ પર શૂન્યતા પ્રસરી રહેતી—આ ગૃહની ઉત્તમતા દાખવવાની એ એક શરત હતી. જરાક ગરબડ થતાં શિક્ષક નાની માન્કા પાસે ગયો.

"ચાલો જઈશું ?" તેણે પોતાનો હાથ લંબાવતાં કહ્યું.

"ચાલો." માન્કાએ પણ હસતાં હસતાં જવાબ આપ્યો.

માન્કા તેને પોતાની અલાયદી ઓરડીમાં લઈ આવી. આ ઓરડી મધ્યમ સ્થિતિના વારવનિતાગૃહને અનુરૂપ હોઈ, તેમાં એક ખૂણા પર ટેબલ આવેલું હતું, ટેબલ પર ગૂંથેલો એક રૂમાલ પાથરેલો હતો અને તે પર એક આયનો, કેટલાંક કાગળનાં પુષ્પો, ચોકલેટનાં ખાલી ખોખાં, પાવડરની ડબ્બી, અભિમાની દેખાતા, સફેદ પાંપણો અને ભમરોવાળા એક યુવાનની જીર્ણ છબી તથા કેટલાંક વીઝીટીંગ કાર્ડો પડેલાં હતાં. બિછાના પર ગુલાબી રંગની ચાદર પાથરેલી હતી. એક ભીંતે એક ટર્કીશ ચિત્રામણવાળો પડદો લટકાવેલો હતો. સામેની બીજી ભીંતે હોટેલના નોકરો અને નટ જેવા લાગતા કેટલાય યુવાનોની છબીઓ લટકાવેલી હતી. ઉપરની છતમાંથી એક ગુલાબી ફાનસ સાંકળદ્વારા લટકાવેલું હતું. જોડે જ એક નાનું ગોળ મેજ અને ત્રણ સામાન્ય ખુરશીઓ હતી, તેમજ બિછાનાની પાછળ એક ખૂણામાં ઇનેમલનો એક પ્યાલો અને ડોલ પડેલાં હતાં.

"પ્યારા ! મારા માટે લેમન મંગાવો." માન્કાએ કબજાનાં બટન ખોલતાં અને હંમેશના નિયમ મુજબ વાર્તાલાપનો પ્રારંભ કરતાં કહ્યું.

"હમણાં નહિ !" શિક્ષક મહાશય ગંભીરતાથી બોલ્યા. "એ બધું તારા પર આધાર રાખે છે; અને ઉપરાંત અહીંની લેમન પણ કેવી હશે ? કચરાપટ્ટી જેવી !"

"અહીં અમારે ત્યાં સરસ લેમન [1] મળે છે." છોકરીએ જરા આવેશમાં આવી સામો જવાબ આપ્યો. "એક બાટલીના બે રૂબલ થાય છે, પણ જો તમને વધારે પૈસા ખરચવા ન પરવડતા હોય તો પછી બીર મંગાવો. કેમ, એ તો ફાવશે ને?"

"ઠીક. બીરનો વાંધો નથી . . . ."

"અને મારે માટે લેમન અને નારંગીઓ બરોબર છે ને?"

"લેમનની બાટલી ભલે મંગાવ, પણ નારંગી માટે મારી હા નથી. પછીથી થઈ પડશે. અરે, પછીથી તો તું કહીશ તો હું તને શેમ્પેન [2] પણ પાઈશ, પરંતુ એ બધાનો આધાર તારા ઉપર રહે છે, જો તું સારી રીતે વર્તીશ તો!"

"ઠીક ત્યારે હું બે બાટલી લેમન અને ચાર બાટલી બીર લાવવાનું કહું છું, અને મારે માટે એક મોટી ચોકલેટ. કેમ બરાબર છે ને?"

"બીરની બે બાટલી અને લેમનની એક, એથી વધારે કશુંય નહિ. આવી જાતના સોદા કરવા હશે તો મને નહિ પાલવે. એવું કરવું હશે તો હું જાતે જ લાવવાનો હુકમ આપીશ."

"અને મારી એકાદ સખીને બોલાવું તો વાંધો નથી ને?"

"ના, મને આપણા બે સિવાય કોઈ બીજું આવે તે પસંદ નથી."

માન્કાએ બારણા બહાર ડોકું કાઢી જોરથી બૂમ મારતાં કહ્યું: "બાઈ! મારે માટે બીરની બે અને લેમનની એક બાટલી મોકલાવો!"

સાઈમન આ બધું એક તાટમાં મૂકીને લાવ્યો, અને ચપળતાપૂર્વક બાટલીઓ ખોલવા લાગ્યો. તેની પાછળ જ નાની બાઈ ઓસિયા આવી.

---

૧ આ લેમન એ એક પ્રકારનો દારૂ જ હોય છે.

૨ એક ઘણો જ ઊંચા પ્રકારનો દારૂ.

"કેમ તમને અહીં ઠીક છે ને! તમારો આ કાયદાપૂર્વકનો લગ્નસંબંધ કાયમ રહો." તેણે મુબારકબાદી આપતાં કહ્યું.

"સાંભળ્યું, બાઈને થોડો બીર આપો." માન્કાએ આજીજી કરતાં કહ્યું. "બાઈ લ્યો, અમારી સાથે બેસી તમે પણ થોડો બીર પીઓ."

"ભલે! તમારી તંદુરસ્તી ઇચ્છતી હું તમારાં આમંત્રણને માન આપું છું. શ્રીમાન, કોણ જાણે કેમ, પણ મેં તમને ક્યાંય જોયા હોય તેમ લાગે છે." ઝોસિયાએ આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યું.

શિક્ષક પોતાના ગ્લાસમાંનો બીર પી ગયો અને જીભ વડે મૂછો ચાટતો ઝોસિયા ક્યારે રવાના થાય તેની રાહ જોવા લાગ્યો; પણ તે તો બીર પી, પ્યાલો મેજ પર મૂકી તેને ધન્યવાદ આપતાં કહેવા લાગી: "ચાલો, હવે આ બીલનાં નાણાં ચૂકવી દો. બીરનાં અને મુલાકાતનાં નાણાં અગાઉથી લઈ લેવામાં તમને અને અમને બન્નેને સરળતા થઈ પડે છે."

આ પૈસાની માગણીથી શિક્ષક મહાશય ભડકી ઊઠ્યા, કારણકે તેથી તેમના કલ્પનાના તરંગો નાશ પામ્યા હતા. તે ગુસ્સે થઈ બરાડી ઊઠ્યો: "આ તે કયા પ્રકારનો રિવાજ કહેવાય? હું શું નાસી જવાનો છું? ઉપરાંત તમે માણસને પણ ઓળખી શકતાં નથી? એટલું તો જુઓ કે હું કોઈ રખડતો ભામટો નથી, પણ એક સરકારી અમલદાર—ગૃહસ્થ છું. આ તે કેવા પ્રકારની સભ્યતા કહેવાય!"

બાઈએ જરા નમતું આપ્યું: "એમ ગુસ્સે ન થાઓ, શ્રીમાન્! ભલે મુલાકાતના પૈસા માન્કાને આપજો. મને ખાત્રી છે કે તમે તેને નહિ ફસાવો. અમારે ત્યાં એક એ સરસ છોકરી છે, પણ તમારે બીર અને લેમનના પૈસા તો મને આપવા જ પડશે. મારે પણ માલિકને હિસાબ આપવો પડે છે. અડધા રૂબલને લેખે બીરની

બે બાટલીનો એક રૂબલ, અને લેમનના ત્રીસ કોપેક, એટલે બધું મળીને એક રૂબલ ને ત્રીસ કોપેક થયા."

"શું કહો છો ? બીરની બાટલીનો અડધો રૂબલ !" શિક્ષક પુનઃ ગુસ્સે થઈ બરાડી ઊઠયોઃ "બહાર બજારમાં તો જોઈએ એટલી બાર બાર કોપેકમાં મળે છે ?"

"તો પછી જ્યાં સસ્તું મળતું હોય ત્યાં કેમ નથી જતા ?" ઝોસિયાએ પણ તેટલા જ ગુસ્સાથી જવાબ આપ્યો. "ભૂલી ન જશો કે આ એક સભ્ય ગૃહ છે અને અહીંનો ભાવ અડધો રૂબલ છે. અમે કાંઈ વધારે લેતાં નથી. ઠીક, બાકીના વીસ કોપેક હમણાં જ પાછા મોકલાવું છું."

"હા, અને તેમાં જરાય વિલંબ થવો ન જોઈએ." શિક્ષકે જણાવ્યું. "અને મારી એક બીજી પણ વિનંતિ છે કે મહેરબાની કરી હવે કોઈએ અહીં આવવું નહિ."

"ના, ના, એ શું બોલ્યા !" ઝોસિયાએ જતાં જતાં બારણા આગળથી કહ્યું. "હવે તમને કોઈ વિક્ષેપ નહિ પાડે. તમારી દિલની મુરાદ મુજબ આનંદ લૂંટજો."

ઝોસિયા જતાં માન્કાએ બારણું બંધ કરી તેને કડી ચઢાવી દીધી અને ખુલ્લા હાથ વડે શિક્ષકને આલિંગન દઈ તેના ખોળામાં ચઢી બેઠી.

"તું અહીં ઘણા સમયથી છું ?" શિક્ષકે બીર પીતાં પીતાં પૂછયું. તેને આછું આછું પણ એમ લાગ્યું કે પ્રેમના અંતિમ સ્વરૂપે પહોંચતાં પહેલાં અમુક પ્રકારની માનસિક અતડાઈ દૂર થવાની જરૂર છે, અને તેથી તેણે અધીરા બનવા છતાં સામાન્ય વાર્તાલાપ શરૂ કર્યો. આ પ્રકારનો વાર્તાલાપ વારવનિતાઓની મુલાકાતે જતો લગભગ દરેક પુરુષ શરૂ કરે છે, અને પરિણામે સજનજૂના સમયથી પડી

ગયેલા ચીલાને અનુસરી વારવનિતાઓને પણ જરાય વહેમ, ઉત્સાહ કે લાચારી દાખવ્યા વગર યંત્રવત્ જવાબ આપવાની ફરજ પડે છે.

"ના, મને અહીં આવ્યે હજી માત્ર ત્રણ જ માસ થયા છે."

"તારી ઉમર કેટલી છે?"

"સોળ વર્ષની." માન્કાએ પાંચ વર્ષ ઓછાં બતાવી જવાબ આપ્યો.

"ઓહ, તો તો તું બહુ નાની ગણાય!" શિક્ષકને આશ્ચર્ય થયું અને તેણે વાંકા વળી બૂટની દોરીઓ છોડવા માંડી. "તું અહીં કેવી રીતે આવી?"

"એ તો . . . મારા જન્મસ્થાન નજીકના એક અમલદારે મારા ભોળપણનો લાભ લીધો . . . અને મારી માતાનો સ્વભાવ એટલો તો કઠોર હતો કે જો તેને ખબર પડે તો તે મને ઊભી જ ચીરી નાંખે; એટલે મારે ન છૂટકે ઘરનો ત્યાગ કરવો પડયો અને અંતે અહીં આવવું પડયું."

"તું એ અમલદારને ચાહતી હતી?"

"એ મને ચાહતો હતો તેમાં તો હું ફસાઈ. એણે તો મારી સાથે લગ્ન કરવાનું પણ મને વચન આપ્યું હતું, પરંતુ એ બદમાશ, પોતાની ઇચ્છા પરિપૂર્ણ થતાં મને રઝળાવી નાસી ગયો."

"તને પહેલી વખત તો બહુ શરમ આવી હશે?"

"અલબત્ત, મારી જગ્યાએ તમે હો તો તમને પણ શરમ આવે . . . કહો, દીવો રાખું કે હોલવી નાંખું? હું દીવો જરા ધીમો કરી નાખું છું. ગમશે ને?"

"તને અહીં કંટાળો નથી આવતો? તારું નામ શું?"

"માન્કા. મને તો અહીં એવો કંટાળો આવે છે! અમારું તે કાંઈ જીવન છે!"

શિક્ષકે તેને જોરથી એક ચુંબન લીધું અને પછી પુનઃ પૂછવા લાગ્યો: "તને પુરુષો તરફ વહાલ ઊપજે છે? તને વહાલ થાય એવા પુરુષો અહીં આવે છે? તને કેવા પુરુષોથી વધારે સુખ પ્રાપ્ત થાય છે?"

"વહાલ કેમ ન થાય?" માન્કાએ હસવાની શરૂઆત કરતાં કહ્યું. "મને તો ખાસ કરીને તમારા જેવા જાડા માણસો બહુ જ ગમે છે."

"સાચું કહે છે? શાથી તને એવા વધારે ગમે છે?"

"બસ, વળી વધારે ગમે છે એટલે. તમે સાચે જ મને બહુ ગમો છો."

શિક્ષક ક્ષણવાર ગંભીર બની ગયો અને ધીમે ધીમે બીરનો ગ્લાસ પૂરો કરવા લાગ્યો. પછી વારવનિતાના શરીર પર અધિકાર જમાવી દરેક પુરુષ જે શબ્દો ઉચ્ચારે છે, તે શબ્દો તેણે ઉચ્ચાર્યા: "સાચું કહું માન્કા, તારા પર મનેય ખૂબ વહાલ ઊપજે છે. તને અહીંથી છોડાવી સ્વતંત્ર રાખવાનું મને તો બહુ દિલ થાય છે."

"તમે તો પરણેલા છો." માન્કાએ તેને તેની વીંટી દેખાડતાં કહ્યું.

"હા, પણ તને ખબર નથી. હું મારી પત્ની સાથે નથી રહેતો. તે માંદી ને માંદી રહે છે એટલે મારી ઇચ્છાઓ તૃપ્ત કરી શકતી નથી."

"ગરીબ બિચારી! એને જો ખબર પડે કે તમે ક્યાં જતાં શીખ્યા છો તો તો તે રડી રડીને મરી જાય."

"હવે એ વાતને પડતી મૂક. હં, મેરી, તુ જાણે છે કે તેથી જ હું તારા જેવી સુંદર ને સમજુ છોકરી કેટલાય સમયથી શોધી રહ્યો છું. પૈસેટકે હું સાધનસંપન્ન છું, તેથી તારે માટે હું સરસ જગ્યા

ભાડે રાખીશ, અને મહિને ચાળીસ રૂબલ પરચુરણ વાપરવા માટે આપીશ. કેમ કબૂલ છે?"

"કેમ નહિ, જરૂર!"

તેણે પુનઃ તેને ચુંબન લીધું, તેજ પળે તેના ભીરુ હૃદયમાં ભીતિની એક કમકમાટી પસાર થઈ ગઈ.

"તને કંઈ રોગ તો નથી ને?" તેણે કંઈક ડરથી ધ્રૂજતા સ્વરે પૂછ્યું.

"નખમાંય રોગ નથી. દર શનિવારે ડોકટર અમને તપાસી જાય છે."

પાંચ મિનિટ પછી તેનાથી છૂટી પડી, માન્કા પગના મોજામાં પોતાની કમાણીના પૈસા મૂકતી હતી. આ પૈસાને મોજામાં મૂકતાં પહેલાં એક જૂના વહેમને વશ થઈ દિવસની પહેલી કમાણી પર તે થૂંકી હતી. ત્યાર પછી માન્કાને રાખવા વિષે કે તે તેને ગમે છે કે નહિ તે વિષે કાંઈ વાતચીત થઈ નહિ. માન્કાની ટાઢાશને લીધે શિક્ષકને સંતોષ થયો ન હતો અને તેથી તેણે તરત જ બાઈ ને ત્યાં બોલાવી મંગાવી.

"બાઈ, તમને મારા વર અંદર બોલાવે છે." માન્કાએ દીવાનખાનામાં આવી આયના આગળ વાળ ઠીક કરતાં કહ્યું.

ઝોસિયા તરત જ ઊઠીને અંદર ગઈ અને પછી થોડીવારમાં જ પાછી આવી, અને પાશાને લઈ ને ચાલી ગઈ. પછીથી થોડીવારે તે પાછી ફરી ત્યારે તે એકલી જ હતી.

"કેમ, માન્કા, તારા લાલ તારાથી કેમ સંતોષ નથી પામ્યા?" ઝોસિયાએ હસતાં હસતાં પૂછ્યું. "એ તો તારી વિરુદ્ધ ફરિયાદ કરતો હતો કે આ તો કોઈ સ્ત્રી નથી, પણ લાકડાનું પૂતળું કે બરફનો પહાડ છે. એટલે મેં પાશાને મોકલી છે."

"કેવો ઘૃણાજનક માણસ છે!" માન્કાએ નાકનું ટીચકું ચઢાવતાં ને બાજુ પર થૂંકતાં કહ્યું. "એવી એવી વાતો કરતો હતો: કહે છે: 'હું ચુંબન લઉં છું ત્યારે તને કેવું લાગે છે? તને સુખદ લાગણી થાય છે?' ઘરડો ઘુવડ! 'હું તો તને અહીંથી છોડાવીને સ્વતંત્ર રાખીશ.'"

"એ બધાય એમ જ ભસતા હોય છે." ઝોસિયાએ બેદરકારીભર્યા સ્વરે કહ્યું.

પણ જેની, જેનો આજ સવારથી જ મિજાજ ઠેકાણે ન હતો, તે ભભૂકી ઊઠી: "બદમાશ, ચોર, નાલાયક!" ગુસ્સાથી લાલચોળ થઈ જતાં અને કેડે બે હાથ મૂકતાં તે બોલી ઊઠી. "મને તો એવું થાય છે કે જાણે એનો કાન પકડી આયના પાસે લઈ જઈ એમાં એનું ડાચું દેખાડું કે કેમ, બહુ દેખાવડા હશો, નહિ? અને જ્યારે નાકમાંથી લીંટ લબડતું હશે, મુખમાંથી લાળ લટકતી હશે, આંખોનાં તો ઠેકાણાં નહિ હોય, ગળામાં તો ઘરેડો બોલતો હશે, ત્યારે તો તમે આજના કરતાંય વધારે સુંદર લાગશો, નહિ? અને તમારી એક રૂબલડી માટે તમારી પાછળ મરી ફીટવું અને તમારી પ્રણયની વાતો સાંભળી જાણે મારે સુખના ગગનમાં ઊડવું, નહિ? એવા ઘરડા ઘુવડોને તો લોહીની ધારાઓ વછૂટે ત્યાંસુધી ફટકારવા જોઈએ!"

"જેની, જેની, ચૂપ થા! ફૂ!" એમાએ તેને અટકાવવા બૂમ મારી જણાવ્યું.

"નથી ચૂપ થતી." જેનીએ પણ તેવો જ સામો જવાબ આપ્યો. પરંતુ પછી આપોઆપ જ ચૂપ થઈ નસકોરાં ફુલાવતી અને આંખોમાંથી અગ્નિ વરસાવતી ત્યાં આંટા મારવા લાગી.

ધીમે ધીમે દીવાનખાનામાં પુરુષોની જમાવટ થવા લાગી. તેમાં એક રોલી–પોલી નામનો જંગલખાતાનો અમલદાર મુખ્ય હતો. તેણે પોતાના ખાતાનો પોશાક પહેરેલો હતો. તે ઊંચો, પાતળો, રાતા નાકવાળો, આધેડ વયનો હતો અને હંમેશા તેના કોટના એક ખીસામાંથી સોટી લટક્યા કરતી. તે આખી યામામાં પ્રખ્યાત હતો. તે ઘણી વાર રાત ને દહાડો આવાં સ્થાનોમાં અર્ધ–નશાવસ્થામાં મજાકો ઉડાવતો અને બાઈઓ, નોકરો તથા છોકરીઓ સાથે ઘરની માફક વર્તતો પડયો રહેતો. વારવનિતાગૃહોમાં–માલિકણોથી માંડીને દાસીઓ–તેના પ્રત્યે એક ઘરના માણસની જેમ વર્તાવ રાખતાં. કેટલીક વખત તેનો ઉપયોગ છોકરીઓ પોતાના આશકોને પ્રણયપત્રિકાઓ પહોંચાડવામાં અને મીઠાઈની દુકાનેથી મીઠાઈ મંગાવવામાં કરતી. તે અહીં ઘણી વાર નવા નવા મહેમાનોને લઈ આવતો અને પૈસા મળતાં તે ત્યાં જ ઉડાવી દેતો. પરિણામે તે સર્વે ગૃહોમાં આવકાર પામતો.

“ લ્યો, આ રોલીપોલી આવ્યા.” ન્યુરાએ જણાવ્યું. રોલીપોલી અંદર આવી, દરવાન સામિયન સાથે હસ્તધૂનન કરી વાતો કરતો ઊભો હતો. તેણે માથે ટોપી જરા વાંકી મૂકી હતી. “ હાં, રોલીપોલી, શી નવાજૂની છે ?”

પ્રત્યુત્તરમાં રોલીપોલીએ લશ્કરી સલામ કરી ખોંખારો ખાઈ કહેવા માંડયું: “ આપની આગળ હાજર થનાર સદ્‌ગૃહસ્થ, આનંદગૃહોના એક માનવંતા સભાસદ નામદાર શરાબખાન, દરબાર દારૂપ્રસાદ પોતે જ છે. ઓહો, સંગીતશાસ્ત્રીઓ–તાનસેનના વંશજો !” તેણે પિયાનાવાળા તરફ ફરતાં કહ્યું: “ ચાલો કંઈક થવા દો, ઓહો, કોણ ઝોસિયાબાઈ, કેમ છો ? શું તમે માત્ર ઈસ્ટરના પવિત્ર દિવસે જ

ચુંબન લેવા દો છો ? ઠીક, એની હું નોંધ લઉં છું. અહોહો . . . મારી ટોમકા, મારી . . ."

આમ ગમત કરતો, બધાની સાથે મશ્કરીઓ ઉડાવતો, તે દરેક છોકરી આગળથી પસાર થઈ, આખરે જાડી કીટી નજીક જઈ બેઠો કે તરત જ કીટીએ પોતાનો એક જાડો પગ તેના પગ પર મૂકયો, કોણી તેની ઘૂંટણ પર ટેકવી, તેના હાથ પર પોતાની હડપચી ગોઠવી અને રોલીપોલી પ્રત્યે એકાટસે નિહાળી રહી. રોલીપોલી એક સિગારેટ કાઢી સળગાવવાની તૈયારી કરતો હતો.

"તમે કોઈ દહાડોય આ બીડીઓથી કંટાળતા નથી ? જ્યારે જુઓ ત્યારે હંમેશા તમે એ ફૂંકયા જ કરતા હો છો ?"

રોલીપોલીએ એકદમ ભમરો ઊંચે ચઢાવીને કાવ્યમાં જવાબ આપ્યોઃ

"પ્રિય સિગારેટ, જિગરજાન દોસ્ત,
તને ચાહ્યા વગર કેમ રહી શકું ?
માત્ર શોખથી જ નહિ પણ નસીબે મસ્ત,
કહે, 'તારો સત્કાર કરતાં કેમ ચૂકું ?"

"રોલીપોલી તમારો ધાંટો જ બેસી જવાનો છે." કીટીએ બેદરકારીભર્યા સ્વરે કહ્યું.

"હશે, ઉસસે અપને કો કયા ?"

"રોલીપોલી, કોઈ ફક્કડ કવિતા થવા દો." વેરકાએ આજીજી કરતાં કહ્યું.

અને તરત જ રોલીપોલીએ આજ્ઞા માથે ચઢાવી, અને એક પછી એક મોઢે આવ્યાં તેવાં ગીતો ગાવા માંડયાં.

આવી રીતે વિનોદમાં રોલીપોલી ઘણી વાર રાતની રાતો આવાં ગૃહોમાં પસાર કરતો, અને કોઈ અગમ્ય માનસિક લાગણીથી છોકરીઓ પણ તેને પોતાના સ્વજન જેવી ગણતી, એટલું જ નહિ

પણ કોઈ કોઈ વાર તેનું કામ પણ કરી આપતો અને પોતાને ખર્ચે બીર અને વોડકા ખરીદી પાતી.

રોલીપોલીના આગમન પછી થોડીવારમાં જ કેટલાક હજામો ત્યાં આવી પહોંચ્યા, કારણકે આજે તેમને કામની છુટ્ટી હતી. તે બધા ગમ્મતી અને ગરબડિયા હતા; અને અહીં પણ નાટકો, નાટકશાળાઓ, પોતાના માલિકો અને માલિકોની પત્નીઓ વિષે વાતો કરતા હતા. આ લોકો જૂઠાબોલા હોઈ પતિતાવસ્થાની છેલ્લી કક્ષાએ પહોંચેલા હતા, અને તેમાંના કેટલાક તો વળી કોઈ કાઉન્ટેસના ખાનગી આશક બની જવાની ઉમેદો ધરાવતા હતા. તેઓ તેમની પસીનો વહાવી ઉત્પન્ન કરેલી કમાણીમાંથી બને તેટલો લાભ ઉઠાવવા માગતા હોઈ, યામાના એકેએક વારવનિતાગૃહોમાં ફરી વળ્યા હતા. માત્ર ટ્રેપેલમાં જ તેઓ નહોતા ગયા, કારણકે એ તો માત્ર ઉચ્ચ વર્ગના નબીરાઓ માટે જ હતું. આનાના ગૃહમાં દાખલ થતાં જ તેઓએ સંગીત શરૂ કરવાનો હુકમ આપ્યો અને નૃત્ય કરવા લાગ્યા; પણ તેઓ ત્યાં છોકરીઓ સાથે સહવાસનો આનંદ ભોગવવા માગતા ન હતા, અને તેથી બધાં ગૃહોમાં ફરી વળ્યા પછી પાછા અહીં આવીશું એવું વચન આપી છટકી ગયા.

આ દરમિયાન કેટલાક સરકારી કારકુનો, કિંમતી બૂટ પહેરેલા ખાનદાન કુટુંબના યુવાનો, કેટલાક વિદ્યાર્થીઓ અને પોતાના મોભાને વાંધો ન આવે તેની ખાસ સંભાળ રાખતા સરકારી અમલદારો આવીને ચાલ્યા ગયા. ધીમે ધીમે ત્યાં એક પ્રકારનું એવું વાતાવરણ જામી ગયું કે જાણે કોઈ મિજલસમાં બધાં એકઠાં થયાં ન હોય!

આ આવનારાઓમાં દરરોજ નિયમિત ત્યાં આવનાર સોનકાનો એક પ્રિયતમ પણ હતો. તે દરરોજ આવતો, પોતાની પ્રિયતમા પાસે બેસતો, તેના તરફ પ્રેમભીની નજરે જોયા કરતો, નિઃશ્વાસ નાખતો અને તેની પ્રિયતમા વેશ્યાગૃહમાં રહેતી હોઈ, રવિવાર જેવા પવિત્ર દિવસે પણ પાપાચરણ આદરતી હોઈ, તેમ જ યહૂદીઓના જૂના રિવાજો મુજબ

નહિ પકાવેલું માંસ ખાતી હોઈ, તથા તે કુટુંબને અને યહૂદીધર્મને ત્યજી આવેલી હોઈ, તે તેના પર ગુસ્સે થઈ જતો અને કોઈ કોઈ વાર તો ત્યાં ધાંધલ પણ મચાવતો.

અને નિયમ મુજબ—અને એમ ઘણી વાર બનતું—ઓસિયા તેની પાસે પહોંચતી અને હોઠ પીસી સુણાવતી: " કેમ શ્રીમાન ! અહીં કેમ બેઠા છો ? પીઠ શેકવા બેઠા છો ? અહીં બેસવું હોય તો એકાદ છોકરીને લઈ અંદર જાઓ. "

આ યહૂદી અને યહૂદણ બન્નેનું જન્મસ્થાન એક જ ગામમાં હતું, અને ઈશ્વરે તેમની જુગલ જોડી જામે તે માટે સ્વહસ્તે સર્જ્યાં હશે; પણ કેટલાક સંજોગો—જેવા કે, તેમના ગામમાં યહૂદીઓ વિરુદ્ધ થયેલું તોફાન, ગરીબાઈ અને બીક—ને અંગે તેઓ જુદા જુદા માર્ગે ચઢી ગયાં હતાં; પરંતુ પ્રેમનું પ્રાબલ્ય એટલું બધું હતું કે આ આશકે ઘણી મહેનતે આ ગામમાં નોકરીએ રહી પોતાની પ્રિયતમાને શોધી કાઢી હતી. તે સનાતની યહૂદી હતો. તે જાણતો હતો કે સોનકાને તેની માતાએ જ આ ધંધામાં વેચી હતી. તે પછી તો તેને કેટલીયે જગ્યાએ ઢોરની જેમ વેચાવું પડયું હતું, અનેક અસહ્ય યોજનાઓ વેઠવી પડી હતી અને આ બધાનો વિચાર આવતાં તેનો શુદ્ધ યહૂદી આત્મા કકળી ઊઠતો, કલ્પાંત કરતો, પરંતુ પ્રેમનું પ્રાબલ્ય અનેરું હતું અને પરિણામે દરરોજ સાંજ પડે આનાના દીવાન-ખાનામાં તેની હાજરી દેખાતી. કોઈક વાર જો તે મહામહેનતે એકાદ રૂબલ બચાવી શકતો તો સોનકાને તેની ઓરડીમાં લઈ જતો. પરંતુ બેમાંથી એકેયને આથી ખાસ આનંદ ન થતો; કારણકે ક્ષણભરના સજાતીય સંબંધ પછી બન્ને રોતાં, એક બીજાનો દોષ કાઢતાં અને યહૂદીઓની લાક્ષણિક રૂઢિ મુજબ લાંબા લાંબા રાગડા કાઢી ગાળો દેતાં, લડતાં અને આવી મુલાકાતો પછી સોનકા હંમેશાં રોતી સૂરતે ને સૂજેલી આંખોએ દીવાનખાનામાં પાછી ફરતી.

પણ મોટે ભાગે તો પૈસાની તંગી હોવાથી તે ત્યાં આવી તેની પ્રિયતમાની બાજુમાં બેસી જ રહેતો અને સોનકા વચ્ચે કોઈ સદ્દગૃહસ્થ સાથે પોતાની ખાનગી ઓરડીમાં ગઈ હોય, તો તેની પાછા ફરવાની આતુરતાથી રાહ જોયા કરતો બેસી રહેતો. જ્યારે તે પાછી આવતી અને તેની નજીક બેસતી ત્યારે કોઈનું ધ્યાન ન ખેંચાય એવી રીતે તેના તરફ દૃષ્ટિ ફેરવ્યા વગર બડબડાટ કર્યા કરતો. આ સમયે તેની આંખોમાં એક પ્રકારનું અનેરું તેજ ચમકારા મારતું.

એટલામાં એક ચશ્માંવાળાની દુકાનમાં કામ કરતા જર્મનોનું મોટું ટોળું ત્યાં આવી પહોંચ્યું. સાથે જ કેરકોશ્કીની દુકાનના કેટલાક કારકુનો પણ ત્યાં આવી પહોંચ્યા. ઉપરાંત સારાય યામામાં પ્રખ્યાત એવા બે ઢાલિયા યુવાનો પણ આવી પહોંચ્યા. તેમનાં નામ હતાં—નિશી અને મિશ્કા. તેઓનો સત્કાર પણ અગાઉ આવેલા સદ્દગૃહસ્થોની જેમ બૂમાબૂમ, તેમનાં મોટેથી વખાણ અને ચુંબનો-દ્વારા કરવામાં આવ્યો. જેમ જેમ અવનવા માણસોને આવતા જોતી તેમ તેમ ન્યુરકા થૂંક ઉડાડતી, આવનારના નામ દઈ બૂમો પાડતી અને પછી વારાફરતી કહેતી:

“અલી જેનકા, તારો વર આવ્યો છે!” અથવા તો “અલી માન્કા, તારો પ્રિયતમ આવ્યો છે!”

અને ગાયક મિશ્કા—જેને ગાતા જ નહોતું આવડતું—તે હંમેશ મુજબ એકાદ લીટી તેના ભેંસાસૂર અવાજે ગાતો ગાતો મકાનમાં દાખલ થયો.

અને આવતાં જ દરેક જણ નૃત્ય કરવામાં પ્રવૃત્ત થઈ ગયું. ત્યાં ટમારાનો પ્રિયતમ સેનકા પણ આવ્યો હતો, પણ રોજની જેમ આજે તેણે ન તો મોટા હોવાનો ડોળ કર્યો, કે ન તો શાપ ઉચ્ચાર્યા, ન તો ઇસિયાહને સંગીત શરૂ કરવાનો હુકમ કર્યો કે ન તો છોકરીઓને ચાકલેટ ખવડાવી . . . આજે તે ઉદાસ દેખાતો હતો. તેનો

જમણો પગ ખોડંગાતો હતો અને તે ઇચ્છતો હતો કે કોઇનું ધ્યાન તેના તરફ ન ખેંચાય તો સારું. એમ લાગતું હતું કે હમણાં ધંધા-પાણીમાં ભાઈને સફળતા મળતી ન હતી. દાખલ થતાં જ તેણે ટમારાને માથું હલાવી પાસે બોલાવી અને તેને લઈને સીધો તેની ખાનગી ઓરડીમાં ચાલ્યો ગયો. આ ઉપરાંત ત્યાં આવનારાઓમાં એગમોન્ટ નામનો ઊંચો, બડમૂછીઓ અને જોતાં જ ઘૃણા ઊપજે એવા મુખવાળો એક નટ પણ હતો.

ફોરકોસ્કીના જર્મન કારકુનો ખૂબ નાચ્યા અને છોકરીઓ પણ તેમની સાથે ધરાઈ ધરાઈને નાચી. આ ગૃહનો એ એક સામાન્ય નિયમ હતો કે છોકરીઓએ પૂર્ણ સભ્યતાથી મહેમાનો સાથે નૃત્ય કરવું, તેમજ નાચતાં નાચતાં વચ્ચે વચ્ચે રૂમાલવતી પંખો નાખી પવન પણ ખાવો. ટૂંકમાં તે બધાં ત્યાં એવું દેખાડવા મથતાં હતાં કે તે બધાં ઉચ્ચ કુળનાં હતાં અને માત્ર વિનોદ અર્થે જ નૃત્ય કરતાં હતાં; છતાંય તેઓ એટલું બધું નાચ્યાં હતાં કે જર્મન કારકુનોના કપાળ પર તો પરસેવાના રેબઝેબ વળ્યા હતા.

આ દરમ્યાન આજુબાજુના ગૃહોમાં બે ત્રણ બખેડા થઈ ગયા હતા. બહાર રસ્તા પર મોઢે વહેતા લોહી સાથે એક માણસ ગાળો દેતો અને પોતાના જખમની જરા પણ દરકાર કર્યા વગર પોતાની ટોપીને ગટરમાં શોધતો આમથી તેમ દોડતો હતો. નાની યામામાં કેટલાક સરકારી કારકુનો અને ખલાસીઓ વચ્ચે બખેડો જામ્યો હતો. થાકી ગયેલા સંગીતશાસ્ત્રીઓ યંત્રવત્ તેમનાં તંતુવાદ્યો અને પિયાનો વગાડતા હતા. પરંતુ આવું તો મોટે ભાગે પરોઢના સમયે જ બનતું.

તેવામાં ઓચિંતા સાત વિદ્યાર્થીઓ, એક પ્રોફેસર અને ‘પડઘા’ પત્રનો ખબરપત્રી આનાના ગૃહમાં દાખલ થયા.

ખબરપત્રી સિવાય બધાએ આખો દિવસ તેમની ઓળખીતી સ્ત્રીઓની સાથે મે ડેનો ઉત્સવ ઉજવવામાં ગાળ્યો હતો, નીપર નદી પર હોડીઓમાં સહેલ કરી હતી, નદી કાંઠે ઝાડીમાં રસોઈ બનાવી ભોજન કર્યું હતું, વેગભર્યા પ્રવાહના ઉષ્ણ જળમાં વારાફરતી બધાયે સ્નાન કર્યું હતું, ઘેર બનાવેલો દારૂ પીધો હતો, ગાયનો ગાયાં હતાં અને સંધ્યાનો અંધકાર થતાં જ્યારે નદીનાં પાણી હોડીઓ સાથે અથડાઈ સંગીતધ્વનિ કરતાં તારાઓના આછા પ્રકાશમાં ચમકતાં હતાં, ત્યારે પાછા ફર્યા હતા. જ્યારે તેઓ બધાં કિનારે ઊતર્યાં ત્યારે હલેસાં મારવાથી હાથ બળતા હતા, હાથ અને પગના સ્નાયુ દુખતા હતા અને આખા શરીરે એક પ્રકારનો આનંદજનક મધુર થાક લાગ્યો હતો.

પછી તેઓ બધા સ્ત્રીવર્ગને તેમને ઘેર મૂકવા ગયા હતા, અને બારણા આગળ ખૂબ આનંદથી વિદાય લેતી વખતે જાણે કોઈ પમ્પ ચાલતો હોય તેટલા બળથી હસ્તધૂનન કર્યું હતું.

સારોય દિવસ યુવાનોને સુલભ આનંદ અને ઉત્સવમાં વીત્યો હતો. તેમાં કોઈ પ્રકારની ખાસ માદકતા ન હતી, તેમ કોઈ પ્રકારની અદેખાઈ પણ ન હતી. અલબત આમ હોવાનું મુખ્ય કારણ તો ખુલ્લો તડકો, નદીના પ્રવાહની ઠંડી લહેરો, પાણી અને ઘાસમિશ્રિત આહ્લાદજનક આબોહવા, નદીમાં નહાવાથી એક પ્રકારની શરીરને મળતી તાજગી અને ખાનદાન કુટુંબની બાળાઓ સાથે હોવાથી જાણ્યે અજાણ્યે પણ એક પ્રકારનો સચવાતો સંયમ એ હતું. પણ જ્યાં યુવાન બાળાઓ, અરે યુવાનો સંપૂર્ણ નિરંકુશતાથી આનંદનો ઉપભોગ કરતાં હોય, એક બીજાનાં શરીરનો સ્પર્શ કરતાં હોય, તેથી ઉત્પન્ન થતી ઝણઝણાટી અનુભવતાં હોય, બાળાઓનો હાથ પકડી

તેમને હોડીમાં બેસાડવાની હોય, તડકાથી બાળાઓનો પહેરવેશ ફરફરતો હોય, નદીમાં નહાતી વખતે બાળાઓના ગભરાટની બૂમાબૂમો સંભળાતી હોય, નદી પાસેના ઘાસ પર અર્ધ આચ્છાદિત વસ્ત્રોમાં બાળાઓ આડી પડી આરામ કરતી જોવામાં આવતી હોય— ટૂંકમાં સહેલગાહે નીકળ્યા પછી યુવાન બાળાઓ અને યુવકો વચ્ચે જે બધી નિર્દોષ છૂટછાટ લેવાય છે, ત્યારે પુરુષના હૃદયમાં યોગ્ય માર્ગે વળે તો મહદ્ કાર્યોમાં પણ પાછો ન હઠે તેવો, પરંતુ આવા પ્રસંગે તો પુરુષને નીચી પાયરીએ ઉતારી દેતો, અંતરના ઊંડાણમાં છુપાયલો વિષયનો કીડો અણજાણ્યે જ આપોઆપ જાગૃત થાય છે.

અને આજ કારણને અંગે જ્યારે વિદ્યાર્થીઓનું માનીતું ભોજનગૃહ 'સ્પેરોઝ' મધરાતના સમયે બંધ થયું, ત્યારે પુષ્કળ ભોજન અને દારૂથી ઉત્તેજિત બનેલા આઠે પુરુષો—સાત વિદ્યાર્થીઓ અને એક અધ્યાપક, બીડીઓના ધુમાડાથી વાસ મારતા ભોંયતળિયે આવેલા એ ભોજનગૃહમાંથી નીકળી, રાત્રીના શાંત અને મધુર વાતાવરણમાં, તે સમયે આવતી દૂર દૂરની મધુરી સુવાસનો ઉપભોગ કરતા બહાર આવ્યા. તે વખતે તેમનું મગજ અનેક અકલ્પ્ય કલ્પનાઓથી ઉત્તેજિત હતું અને હૃદય અનેક અગમ્ય તૃષ્ણાઓની પરિતૃપ્તિ માંગતું હતું. આખા દિવસની સહેલગાહ પછી વચ્ચે મળેલા આ આરામથી દરેકની નસોમાં નવું જ જોમ આવ્યું હોય તેમ જણાતું હતું, અને શબ્દોની આપ લે, વિચારો કે સચેતનતા સિવાય, કોઈ પણ પુરુષ વ્યક્તિને આવે સમયે કોઈ નારીહૃદયને પોતાની ભુજલતાઓમાં સમાવી દેવાનો અંતરનાદ સંભળાતો હતો.

પરંતુ હવે આ વૃત્તિઓને દબાવી દેવી એ અસંભવિત વસ્તુ હતી. આખોય દિવસ સાથે ગાળ્યો હોવાથી તેમને કોઈને છૂટા પડવાનું મન થતું ન હતું. એમ ભાસતું હતું કે જો એક પણ વ્યક્તિ આ મંડળમાંથી અત્યારે છૂટી પડે, તો તેને અંગે નિયમનનો જે ભંગ

થાય તે પુનઃ સ્થિર થાય તેવી આશા ન હતી. તેથી તે આઠે પુરુષો-નું ટોળું બહાર નીકળી રસ્તે જતા રાહદારીઓને અડચણરૂપ બની, ક્યાં જવું તે નક્કી કરવા પગથી પર ઊભું. રાત્રીનો બાકીનો સમય ક્યાં ગાળવો તે વિષે દરેક પુરુષ પોતપોતાનો સ્વતંત્ર મત આપતો હતો. ટીવોલી બાગ તેમને બહુ દૂર લાગ્યો. ઉપરાંત ત્યાં દાખલ થવાની ટિકિટના દર તથા ત્યાં જે બીજો કાંઈ ખરચ થાય તે પણ તેમને ભારે લાગ્યો. ઉપરાંત ત્યાંનો કાર્યક્રમ પણ લગભગ પૂરો થવા આવ્યો હતો. મંડળીમાંના એક વોલોડયા પાવલોવે પોતાને ત્યાં આવવાનું બધાને આમંત્રણ આપતાં જણાવ્યું કે તેને ત્યાં બીરની ડઝનેક બાટલીઓ તથા થોડો ઘેર બનાવેલો દારૂ હતો, પણ કોઈનેય આટલી મોડી રાત્રે કોઈના ખાનગી આવાસે જવાનું, ઊંચે શ્વાસે દાદરો ચઢવાનું ને આખોય સમય ધીમે સ્વરે વાતો કરવાનું ગમ્યું નહિ.

"હું કહું તેમ કરો દોસ્તો . . . ચાલો વારવનિતાગૃહમાં જઈએ. સારામાં સારો એ જ માર્ગ છે." લિખોનીન નામના એક ઊંચા, કંઈક બળિયલ સ્વભાવવાળા અને સદા ઉદાસ રહેતા, દાઢી-વાળા જૂના વિદ્યાર્થીએ કહ્યું. વિચારોમાં તે એક ક્રાંતિકારી વિદ્યાર્થી હતો, પણ વર્તનમાં તો તે બિલિયર્ડ, ઘોડદોડ અને પાનાનો અઠંગ જુગારી હતો. હજી આગલે જ દિવસે વેપારીઓની કલબમાં તે હજાર રૂબલ જીતી આવ્યો હતો અને આ પૈસા જેમ બને તેમ જલદીથી ખરચી નાખવા તેના હાથ સળવળી રહ્યા હતા.

"ઉત્તમ." એક વિદ્યાર્થીએ તેને ટેકો આપ્યો. "ચાલો, દોસ્તો!"

"પણ ત્યાં જઈને કરીશું શું? હજી તો અડધી રાત બાકી છે." એક જણાએ દંભ અને થાકી ગયો હોય તેવા ડોળથી કહ્યું.

એક ત્રીજો કૃત્રિમ બગાસાં ખાતાં બોલ્યો: "ચાલો, ચાલો,

સૌ વીખરાઈ જઈએ. . . . . . આ. . . આ. . . આ આજે આટલો આનંદ બસ છે."

"ઘેર જઈ પથારીમાં પડી શું ધાડ મારવાના છો?" લિખોનીને કટાક્ષ કરતાં કહ્યું. "અધ્યાપક સાહેબ, તમે આવો છો કે નહિ?"

પણ અધ્યાપક યારકેન્કો જક્કી સ્વભાવનો માણસ હતો, અને તેને આ પ્રશ્નથી ગુસ્સો આવ્યો હોય તેમ જણાતું હતું; જો કે તેને પોતાને ખબર ન હતી કે પોતે શાથી ગુસ્સે થયો હતો.

"મારું નામ ન લઈશ, લિખોનીન! ગૃહસ્થો, મને તો આ સાવ અધમતા લાગે છે. આપણે અત્યાર સુધીનો સમય અદ્‌ભુત રીતે આનંદ અને નિર્દોષ મોજમજાહમાં ગાળ્યો છે. . . . પણ હવે તમે તમારી જાત પર જઈ દારૂડિયાઓની માફક અધમતાની ઊંડી ગર્તામાં ઊતરવા માગો છો? નહિ. હું કદાપિ પણ નહિ આવું."

"ક્ષમા કરજો, ગુરુદેવ!" લિખોનીને શાંત સ્વરે કહ્યું. "પણ જો મારી સ્મરણશક્તિ મને દગો દેતી ન હોય તો હજી ગઈ હેમંતઋતુમાં જ આપણે બધા અધ્યાપક થોમસન સાથે એક એવા જ ગૃહમાં જઈ પિયાના પર બરફના પાણી રેડયાં હતાં, બીજા ગૃહમાં જઈ નાચ્યા હતા અને ત્રીજા ગૃહમાં જઈ વળી નવું જ તોફાન જગાવ્યું હતું!"

લિખોનીન સત્ય કહેતો હતો. યારકેન્કોએ તેની વિદ્યાર્થી અવસ્થામાં અને ત્યાર પછીના સમયમાં અત્યંત સ્વચ્છંદી જીવન ગાળ્યું હતું. શહેરમાં આનંદપ્રમોદનું એકેએક સ્થળ આ જાડા, ટૂંકા, ગુલાબી ગાલ ધરાવતા શરીરવાળી વ્યક્તિથી પરિચિત હતું. ત્યાંના વતનીઓ હંમેશાં તેની થૂંક ઉરાડતાં બોલવાની ટેવ અને ખડખડાટ હાસ્યને યાદ કરતા.

તેના સહાધ્યાયીઓને મન એ હંમેશનો એક કોયડો હતો કે

અભ્યાસ કરવાનો સમય તે કેવી રીતે મેળવી શકતો હતો, પણ તે દરેક પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થતો અને બધાય અધ્યાપકોના તેના પર ચારે હાથ રહેતા; અને હવે યારકેન્કો ધીમે ધીમે તેના પૂર્વજીવનના સહાધ્યાયીઓ અને બાટલીમિત્રોનો ત્યાગ કરવા માગતો હતો. તે વિદ્યાર્થીઓના વર્ગમાંથી નીકળી અધ્યાપકોના વર્ગમાં દાખલ થયો હતો—હવે તેનો મોભો વધ્યો હતો. આવતે વર્ષે તે રોમન ઇતિહાસનો અધ્યાપક નિમાવાનો હતો એટલે તે હવે નવા અધ્યાપકોનું એક ખાસ વાક્ય ' અમે વિદ્વાનો 'નો વારંવાર ઉપયોગ કરતો હતો. હવે તો તેને જૂના વિદ્યાર્થીઓની ઓળખાણ, ફરજિયાત તેમની સાથે રાખવી પડતી સોબત, દરેક સભા—પછી તે વિરોધની હોય કે માત્ર દેખાવો કરવા પૂરતી હોય—તેમાં આપવી પડતી ફરજિયાત હાજરી. વગેરે વિઘ્નરૂપ લાગતાં હતાં અને કેટલેક અંશે હવે તેને એ બધી વસ્તુઓથી કંટાળો આવતો હતો; પણ તે સાથે તેને વિદ્યાર્થીઓ સાથે મેળ રાખવાથી થતા ફાયદાની માહિતી હતી અને પરિણામે તેમની સાથેનો સંબંધ એકદમ તોડી નાખતા અચકાતો હતો. પણ લિખોનીનના આજના શબ્દોથી તેને ખૂબ ક્રોધ આવ્યો હતો.

" ઓ પ્રભુ ! અમે બાળપણમાં શું કરતા હતા તે વાત અત્યારે યાદ કરવાથી શું ફાયદો ? તે વખતે તો ઘરમાંથી ખાંડ ચોરતા, પાટલૂન બગાડતા અને જંગલમાં જઈ નાનાં જીવજંતુઓ મારતા; " અધ્યાપકે કહેવા માંડ્યું. " પણ દરેક વસ્તુને હદ હોય છે. ગૃહસ્થો ! હું અત્યારે તમને કોઈ પણ પ્રકારની સલાહ કે શિખામણ આપવા નથી માગતો, પણ દરેકે ઉમ્મર લાયક થતાં સમજવું જોઈએ. આપણે બધા એ વાત તો કબૂલ કરીશું કે માનવસમાજમાં વારવનિતાવૃત્તિ એ એક મહાભયંકર દૂષણ છે અને તે દૂષણને માટે સ્ત્રીઓ નહિ પરંતુ આપણે પુરુષો જ ગુનેગાર છીએ; કારણકે જરૂરિયાત વસ્તુને ઉપજાવે છે અને તેથી ખૂબ દારૂ પીધા પછી અને હું આવા વિચારો ધરાવતાં છતાં પણ જો વારવનિતાને ત્યાં જાઉં તો હું

ત્રણુ પ્રકારનું પાપ કરૂં છું. એક તો એ કે મારા એક ગંદા રૂબલ માટે તેમને અધમમાં અધમ પ્રકારની ગુલામી કરાવવા માટે હું તે કમનસીબ અને મૂર્ખ સ્ત્રીઓનો ગુનેગાર થાઉં છું; બીજો સમાજનો ગુનેગાર થાઉં છું, કારણકે એક યા બે કલાક માટે મારી વિષયલાલસાને પોષવા આવી સ્ત્રીઓના સંબંધમાં આવી વારવનિતાવૃત્તિ ચાલુ રાખવી જોઈએ તે મતને હું ટેકો આપું છું એમ પુરવાર થાય છે; અને ત્રીજું પાપ એ છે કે માણસ આ રીતે પોતાના આત્માને દગો દે છે—અને છેવટે તર્કશાસ્ત્રને પણ."

"છી!" લિખોનીને એક બાજુ માથું નમાવી વચ્ચે વચ્ચે તેને ધુણાવતાં છેવટે પોતાને આ વાત પસંદ નથી તેવો અણગમો જાહેર કરતાં ચિત્કાર કર્યો. તે બોલ્યોઃ "આજે વિદ્વાન મહાશયને ભણાવવાનું યાદ આવી ગયું છે. સાંકળ એટલે બે વસ્તુઓને જોડનારું દોરડું."

"અલબત્ત, પોતાને કાંઈ જ લાગતું વળગતું નથી તેવો દેખાવ કરી છટકી જવું એ બહુ સહેલું હોય છે." યારચેન્કોએ જણાવ્યું. "પણ મારા મત મુજબ આપણા રશિયાના દુઃખી જીવનમાં આ વિચારોની શૂન્યતા જેવો બીજો એકે શોકજનક કોયડો નથી. આજે આપણે એમ કહીશું કે એમાં શું! હું વારવનિતાને ત્યાં જાઉં કે ન જાઉં તેથી આ વારવનિતાવૃત્તિને કાંઈ અસર થવાની નથી. અને પાંચ વરસ રહીને કહીશું કે લાંચ-રુશવત એ ઘણી ઘૃણાજનક વસ્તુ છે પણ શું કરીએ, છોકરાંનો ભાર ઉપાડવો, કુટુંબનો બોજો વહન કરવો . . . અને એ જ રીતે બીજાં દસ વરસ બાદ વ્યક્તિગત સ્વતંત્રતા ન હોવા માટે મનમાં મનમાં નિસાસા નાખ્યા કરીશું, જેને અંતઃકરણના ઊંડાણમાંથી ધિક્કારતા હોઈશું તેમના પગ પૂજતા જઈશું, અને તેમને ખમાખમા કરતા હોઈશું, તે વખતે પણ પાછા આપણે જ કહેવાના કે દરિયામાં રહીને મગર સાથે દુશ્મનાવટ કેમ રખાય! ખરેખર એક પ્રધાને કહ્યું છે તે ખરું જ છે કે અત્યારના

રશિયન વિદ્યાર્થીઓ માત્ર સરકારી કારકુનો થવાને જ લાયક છે."

"અથવા તો અધ્યાપકો !" લિખોનીને ઉમેર્યું.

લિખોનીનની ટકોર તરફ ધ્યાન આપ્યા વગર યારકેન્કોએ આગળ ચલાવ્યું: "પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આજે જ મેં તમને બધાને ખાનદાન કુટુંબની બાળાઓ સાથે નિર્દોષ આનંદ ભોગવતા જોયા છે. ત્યાં તમે કેવી રીતે સભ્યતાથી વર્તતા હતા! અને તેમનાથી છૂટા પડયાને એક ઘડી ના વીતી કે તમને વારવનિતાઓ યાદ આવી! એક ક્ષણભર તમે બધા કલ્પના કરો કે તમે મિત્રની બહેનોને મળી સીધા ત્યાંથી યામામાં પહોંચ્યા છો! આ શું એક સુંદર કલ્પના છે?"

"તમે કહો છો એ ખરું છે સાહેબ, પણ સમાજની વધારે પડતી વિષયવાસનાને બહાર વહી જવા માટે અમુક માર્ગો તો હોવા જરૂરી છે." બોરિસ નામના એક વિદ્યાર્થીએ કહ્યું. તે કંઈક અંશે અધીરો અને વહેમી યુવાન હતો. તેણે સફેદ જાકીટ પહેરેલું હોઈ, તેના પહેરવેશ પરથી તે છેલબટાઉ હોય તેમ જણાતો હતો. "એક માણસ પોતાની નોકરડી સાથે પ્રણય–સંબંધ બાંધે યા તેના મિત્રની પત્નીને ફસાવે તે કરતાં આ શું ખોટું? અને ધારો કે હું સ્ત્રી વગર રહી જ ન શકતો હોઉં, તો પછી મારે શું કરવું?"

"શું કહ્યું? નથી રહી શકાતું?" યારકેન્કો ગુસ્સાથી બોલ્યો. "કારણકે આપણામાં એટલું જાહેર કરવાની હિમ્મત નથી કે આપણા રશિયનોનો બુદ્ધિમાન વર્ગ જે શરીરે નિરોગી અને સ્વભાવે જ દુષ્ટ બાબતો તરફ ધૃણાથી જુએ છે, હજી તો જેને મૂછનો દોરો પણ ફૂટયો નથી, તેનામાં આવી પશુઓ જેવી વિષયવાસના અને ધૃણાસ્પદ ઇચ્છાઓ હોઈ શકે જ નહિ. આપણી એ કોઈ વિષય–લાલસાની ભૂખ નથી, પરંતુ એક પ્રકારની માત્ર મગજની નબળાઈ છે. હમણાંજ મને એક નજરે જોનારે એક બળવાન પહાડી કોકેશિયન વિષે એક

વાત કહી હતી. તે કોકેશિયન એક હવા ખાવાના સ્થળે ગયો. ત્યાં તેના આધુનિક કાને સંગીતના મીઠા સ્વરો અથડાયા. તે તરત જ જે તરફથી સંગીતનો અવાજ આવતો હતો તે તરફ ગયો અને એક નૃત્યસ્થળ આગળ આવી પહોંચ્યો. ત્યાં બધા વોલ્ઝનું સંગીત વગાડતા હતા. એ સંગીતના સૂર સાથે નાચતી એક સ્ત્રીએ એવા પ્રકારનો પોશાક પહેર્યો હતો કે તે લગભગ નગ્ન જ હતી એમ કહીએ તો એમાં અતિશયોક્તિ નથી.

"આ નૃતિકા નૃત્ય કરતાં કરતાં પ્રેક્ષક વર્ગના ટોળાંના ઠેઠ છેડા પર ઊભેલા પેલા યુવાન કોકેશિયન ઘોડેસવાર પાસે જઈ પહોંચતી અને તે રીતે તેને સ્પર્શ કરવામાં તેને એક પ્રકારના અપૂર્વ આનંદનો ભાસ થતો.

"એવામાં ત્યાં ઓચિંતી બૂમાબૂમ થઈ રહી. એક જ છલંગે એ યુવાન કોકેશિયન ઘોડેસવાર કૂદીને નૃત્યસ્થળે પહોંચ્યો અને પેલી નૃતિકાના સોબતીને ધક્કો મારી દૂર ફેંકી દીધો. એક પળમાત્રમાં તો નૃતિકાએ પહેરેલાં નામમાત્ર કપડાંને તેણે ચીરી નાંખ્યાં અને તેને જમીન પર પટકી. લોકોએ તેના પર સોટીઓ અને છત્રીઓ વતી મારો ચલાવ્યો પણ વ્યર્થ. કોઈએ પિસ્તોલનો બાર કર્યો, કોઈ લશ્કરી સિપાઈએ તેના પર તલવાર વડે ઘા કર્યો, પણ તેને તેની જરા પણ પરવા ન હતી. ટૂંકમાં એટલા બધા માણસો વચ્ચે છડેચોક તેણે તે કમનસીબ નૃતિકાની આબરૂ લૂંટી. પછી જ્યારે પોલીસોએ તેને ગિરફતાર કરી કબજે કર્યો ત્યારે તેણે શાંતિપૂર્વક જણાવ્યું:

"હવે ભલે મને કેદમાં લઈ જાઓ. ભલે મારું ડોકું ઉડાવી દો. હવે એમ જ થવું જોઈએ. પણ શા સારું તે એવી અર્ધનગ્નાવસ્થામાં નાચતી હતી?'

"એના એ પ્રશ્નનો જવાબ જો હું ત્યાં હોત તો એ જુવાનને બરોબર આપત! હવે આમાં કઈ વસ્તુને દોષ દેવો જોઈએ? પણ

તમે તો જરૂરિયાતની વાત કરો છો. હું ! આપણે બધાય શિક્ષિતો માત્ર કલ્પનાનો જ આનંદ માણીએ છીએ. આપણે પુરુષો નથી પણ હીજડા છીએ."

"સાહેબ, તમારો આત્મા એક પરદેશી બાળાનું હરણ કરી નાસતા કોઈ રોમન જેવો છે અને તમારું માનસ પશ્ચાત્તાપ કરતા કોઈ ગામડિયા જેવું છે." બોરિસે કહ્યું.

અત્રે રામસેસ નામનો એક વિદ્યાર્થી વચ્ચે પડ્યો. આ રામસેસ જરાક ખૂંધ નીકળી આવેલો, ફિક્કો અને ઠીંગણા બદનનો હતો. તેનો દાઢીમૂછ સાફ કરાવેલો ચહેરો તેના ટાલ પડતા કપાળને લીધે ત્રિકોણાકૃતિ જેવો લાગતો હતો. ભમરો આગળ બે ડાઘા હતા, ગાલ બેસી ગયેલા હતા અને હડપચી બહાર નીકળી આવેલી હતી. વિદ્યાર્થી તરીકેની તેની રહેણીકરણી કોઈને પણ વિચિત્ર લાગે તેવી હતી. જ્યારે બીજા બધા વિદ્યાર્થીઓ નવરાશનો સમય રાજકારણ, પ્રેમ, નાટકશાળા અને અભ્યાસમાં વિતાવતા, ત્યારે રામસેસ એ બધાયથી અલિપ્ત રહી પોતાનો આખોય સમય સંપત્તિ, તેના પ્રશ્નો, વારસાના પ્રશ્નો અને કોર્ટોના ચુકાદાઓ ગોખવામાં વિતાવતો. પૈસાની જરાય તાણ ન હોવા છતાં સ્વેચ્છાથી તેણે એક વરસ એક વકીલને ત્યાં ગુમાસ્તાગીરીમાં વિતાવ્યું હતું. બીજું એક વરસ તેણે એક ઓનરરી મેજિસ્ટ્રેટને ત્યાં વિતાવ્યું હતું. ગયું વરસ તેના અભ્યાસનું છેલ્લું વરસ હતું, છતાં તેણે ત્યાંના સ્થાનિક છાપામાં મ્યુનિસિપાલિટીના રીપોર્ટો લખવામાં તથા ખાંડના વહેપારીઓના મહાજનના મંત્રીના મદદનીશ તરીકે વિતાવ્યું હતું, અને જ્યારે આ જ મહાજને પોતાના એક સભ્ય કર્નલ બારકાકોવ સામે નિયમ કરતાં વધારે ખાંડ વેચવાનો આરોપ મૂકી ફોજદારી કરી હતી, ત્યારે ન્યાયાલય શો ફેંસલો આપશે તે રામસેસે પહેલેથી જ પોતાના મગજમાં નક્કી કરી રાખ્યો હતો.

તેની નાની વય હોવા છતાં કાયદાશાસ્ત્રીઓ તેની સલાહને

માન આપતા—અલબત્ત જાણે ઉપકાર કરતા હોય તેવા ભાવથી. જેઓ રામસેસને ઓળખતા તે બધા એક વાતે સહમત થતા કે તેને માટે ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી નિયત થયેલી હતી, અને તે પોતે પણ તે મતમાં વિશ્વાસ ધરાવતો કે પાંત્રીસ વરસની ઉંમરે પહોંચતાં તે દીવાની અદાલતના વકીલ તરીકે જ દસેક લાખ રૂબલ તો ખુશીથી પેદા કરી શકશે. તેના સહાધ્યાયીઓ વારંવાર તેને વિદ્યાર્થીસભાઓના પ્રમુખ તરીકે તથા વર્ગના વડા તરીકે ચૂંટતા, પરંતુ મોટે ભાગે રામસેસ પોતાને સમય નથી એવા બહાના નીચે તેનો અસ્વીકાર કરતો; છતાં વિદ્યાર્થીઓના સરપંચ નીચે ચાલતી તપાસ વખતે હંમેશા તે હાજર રહેતો અને તેની પ્રમાણભૂત દલીલોથી બન્ને પક્ષને સંતોષ થાય એવો નિવેડો આપતો. તે તથા ચારકેન્કો બન્ને વિદ્યાર્થીઓ સાથે સમભાવ રાખવાથી થતા ફાયદાથી વાકેફ હતા અને જો કે તેને સામાન્ય લોકો તરફ એક પ્રકારની ઘૃણા હતી, છતાં તે પોતાના પાતળા અને ચાલાક હોઠદ્વારા કદાપિ પણ તેવું બહાર જાહેર કરતો નહિ.

"અધ્યાપક સાહેબ, તમને કોઈ જબરજસ્તીથી પાપ કરવા તરફ તો ઘસડતું નથી." રામસેસે ઝઘડાનો અંત આણવા કહ્યું. "આવી સામાન્ય બાબતને આટલું બધું મહત્ત્વ શા માટે આપવું? રશિયન સદ્‌ગૃહસ્થોની એક ટોળી રાત્રીનો બાકીનો સમય શાંતિ અને નિર્દોષતાથી ગમતમાં ગાળવામાં, આનંદપ્રમોદમાં અને પેટમાં થોડા ગેલન બીર અને દારૂ રેડવામાં વિતાવવા માગે છે, અને હવે તો એ ગૃહો સિવાય બીજાં બધાં સ્થળો પણ બંધ થઈ ગયાં છે!"

"એટલે આનંદપ્રમોદાર્થે શરીરવિક્રય કરતી સ્ત્રીઓ પાસે જવું? રૂપજીવિનીઓને ત્યાં? વારવનિતાગૃહોમાં?" ચારકેન્કોએ કટાક્ષથી મશ્કરી કરતાં જણાવ્યું.

"અને તેમ હોય તોય શું?... એક ફિલસૂફ હતો. તેને હલકો પાડવા સંગીતનાં વાદ્યો વગાડવનારાઓની મિજલસમાં સ્થાન

આપવામાં આવ્યું હતું, પણ તેણે તો એ સ્થાનનો સ્વીકાર કરતાં જણાવ્યું કે છેલ્લી જગ્યાને પહેલી બનાવવાનો આ ઉત્તમ સમય છે... અને તેથી હું પુનઃ જણાવું છું કે તમે જેમ કહો છો તેમ તમારો અંતરાત્મા તમને આવી સ્ત્રીઓ સાથે સંબંધ રાખવાની રજા આપતો ન હોય, તો તમે ત્યાં ગયા પછી એવી બાબતથી દૂર રહી અણીશુદ્ધ પાછા ફરજો."

"તું વધારે પડતું બોલે છે, રામસેસ!" યારકેન્કોએ નાખુશી દાખવતાં કહ્યું. "તારી વાત સાંભળી મને પેલા દયાનાં પૂંછડાઓની વાત યાદ આવે છે કે જેઓ અંધારામાં માણસને ફાંસી દેવાતી હતી તે જોવા ગયા હતા, અને છતાં કહેતા હતા કે અમારે આવી બાબતો સાથે કાંઈ લાગતુંવળગતું નથી, અમે તો આવી સજાઓથી વિરુદ્ધ છીએ. એ બધું ફરિયાદીના વકીલ અને ફાંસીખોરાઓનું કામ છે."

"શાબાશ! અને કેટલેક અંશે તમારું કહેવું યથાર્થ છે, અધ્યાપક સાહેબ! પણ અમને આ કથન લાગુ પડતું નથી. કેટલાંક દરદો એવાં હોય છે કે જેમાં દરદીને નજરે જોયા વગર તેને માટે કોઈ ઇલાજ કરી શકાતો નથી અને છતાંય આપણામાંનો દરેક જે અત્યારે જાહેરમાર્ગ ઉપર રાહદારીઓને અડચણરૂપ થઈ ઊભો છે તેને ભવિષ્યના જીવનમાં કોઈક વાર આ ભયંકર પ્રશ્નનો જરૂર સામનો કરવો પડશે. એ પ્રશ્ન છે રશિયાની વારવનિતાવૃત્તિનો! લિખોનીન, બોરીસ પાવલોવ અને બાકીના ચારેને વકીલો તરીકે, તથા પેટ્રોવ્સ્કી અને ટોલ્પીજીનને ડૉકટર તરીકે! હા, વેલ્ટમેનનો એમાં સમાવેશ થતો નથી, કારણકે તે ગણીતશાસ્ત્રી છે; પણ તેથી તે કંઈ છટકી શકશે નહિ, કારણકે તે શિક્ષક થશે એટલે કે યુવાનોનો માર્ગદર્શક અને કોણ જાણે કદાચ બાળકોનો પિતા પણ થશે! જો તમે આવા કલ્પનાના ભૂતથી જ ડરી જવા માગતા હો તો બહેતર છે કે દરેકે પ્રથમ પોતાનું આત્મપૃથક્કરણ કરી જોવું; અને છેવટે રહ્યા તમે અધ્યાપક મહાશય! મૃત ભાષાઓ અને દાટેલાં મડદાં ખોદીને

ઇતિહાસ ઉજાળનાર ભવિષ્યના પુરાતત્ત્વશોધક ' તમારે તો આ વિષયનો ખાસ અભ્યાસ કરવો જોઈએ કે જેથી ભવિષ્યમાં તમે તમારા ભાષાજ્ઞાનનો ઉત્તમ સદુપયોગ કરી જનતા સમક્ષ જાહેર કરી શકો કે, " વારવનિતા પ્રાચીનકાળમાં વધુ પવિત્ર હતી કે હાલના આધુનિક યુગમાં ? ' "

" શાબાશ, રામસેસ, શાબાશ ! કમાલ કરી ! " લિખોનીન ખૂબ આનંદમાં આવી જઈને બોલ્યો. " હવે નકામો સમય વિતાવવાની શી જરૂર છે ? મિત્રો ! પકડો અધ્યાપકના બે હાથ અને બળજબરીથી ગાડીમાં બેસાડી દો ! "

વિદ્યાર્થીઓ હસતા હસતા યારકેન્કોની આસપાસ વિંટળાઈ વળ્યા અને તેનાં બાવડાં પકડી કમરથી ઊંચકી આગળ વધ્યા. બધાને યામામાં જવાની ખૂબ જ ઇચ્છા હતી, પરંતુ લિખોનીન સિવાય કોઈનામાં આ વાત જાહેરમાં મૂકવાની હિંમત નહોતી; પણ હવે આ ગૂંચવાડાભર્યા અને દંભી વાર્તાલાપનો અંત યારકેન્કોની મશ્કરીના રૂપમાં આવ્યો હતો. યારકેન્કો ગુસ્સે થવા છતાં હસતાં હસતાં તેમના પંજામાંથી છૂટો પડવા પ્રયત્ન કરતો હતો, પરંતુ તે જ સમયે આ વિદ્યાર્થીઓની લાંબા સમયથી હિલચાલ જોઈ રહેલો એક મોટી મૂછવાળો પોલિસ ત્યાં આગળ આવ્યો.

" ચાલો, ટોળું વળીને ઊભા ના રહો. તેમ કરવાની મનાઈ છે. ચાલવા માંડો. "

બધાય આગળ વધ્યા. યારકેન્કોનો ગુસ્સો પણ ધીમે ધીમે શાંત પડતો જતો હતો.

" ગૃહસ્થો, તમારી ઇચ્છા હશે તો હું તમારી સાથે આવવા તૈયાર છું, તેથી એમ માની ન લેતા કે રામસેસની દલીલોએ મારા પર અસર કરી છે. હું તો માત્ર આપણા મંડળમાં ભંગાણ ન પડે તે માટે આવું છું. પણ મારી એક સૂચના છે કે આપણે ત્યાં માત્ર

દારૂ પીવો. થોડો આનંદપ્રમોદ કરવો. વધારે કાંઈ નહિ. આપણે, જે રશિયાની ઊગતી પ્રજા અને બુદ્ધિમાન વર્ગના ખીલતાં પુષ્પો કહેવાઈએ, તે એક લાલ લૂગડું જોતાં જ પાણી પાણી થઈ જઈએ, એ વિચાર જ આપણે માટે અત્યંત શરમભરેલો અને ઘૃણાસ્પદ છે."

"હું વચન આપું છું!" લિખોનીને હાથ લાંબો કરતાં કહ્યું.

"હું મારા વિષે પણ તેવી જ ખાતરી આપું છું." રામસેએ કહ્યું.

"અને હું પણ! અને હું પણ! મિત્રો, ઈશ્વરના સોગંદ ખાઈ ગયા પણ લ્યો, કે યારકેન્કો સત્ય કહે છે." બીજાઓએ જણાવ્યું.

તેમની પાછળ આશામાં ને આશામાં તથા મનમાં ગાળો દેતાં ગાડીવાળાઓ આવતાં, તેમાં બબ્બે ને ત્રણ ત્રણની જોડીમાં બધા ગોઠવાયા. અધ્યાપકને ખાત્રી થાય તે માટે લિખોનીને તેની કમરે હાથ વીંટાળેલો હતો, તથા ટોલ્પીજીન નામના ગુલાબી ચહેરાવાળો સુંદર દેખાવના એક વિદ્યાર્થી તથા પોતાની વચમાં તેને બેસાડ્યો હતો. આ વિદ્યાર્થીની ઉમ્મર બાવીસ વર્ષની હોવા છતાં તેના મુખ પર બાળક જેવી નિર્દોષતા તરવરતી હતી.

"ડારોશેન્કોએ જવાનું છે." ગાડીઓ ચાલ્યા પછી લિખોનીને કહ્યું. "ડારોશેન્કોએ લઈ જાવ!" તેણે મોં ફેરવી ગાડીવાળાને સંબોધતાં કહ્યું.

તેઓ બધા સારી રાત ખુલ્લા રહેતા ડારોશેન્કોના ઉપાહારગૃહ આગળ અટક્યા અને અંદર દાખલ થઈ બાર * આગળ ટોળું વળી ઊભા. કોઈના પેટમાં જરાય જગા ન હતી અને તેથી કોઈની દારૂ પીવાની કે કંઈ ખાવાની ઇચ્છા ન હતી; પરંતુ દરેકના અંતરના ઊંડાણમાં કંઈક એવી વિષાદભરી સચેતના જાગૃત થઈ હતી કે ટૂંક

* બાર એટલે દારૂ પીવા માટેનું સળંગ લાંબુ ટેબલ.

વારમાં જ તેઓ કોઈ નિર્દોષ આનંદ નહિ, પરંતુ કોઈ કૃત્રિમ અને શરમભર્યું કાર્ય કરવા જવાની તૈયારી કરી રહ્યા હતા, અને દરેકના દિલમાં એવી લાગણી થતી હતી કે પોતે એટલો મસ્ત બને કે જેથી તે કાર્ય વખતે આ સારું છે કે નઠારું તે વિચારવાની તેને ફુરસદ જ ન મળે—ટૂંકમાં પોતે એક પ્રકારની જડ અવસ્થામાં આવી જાય. મસ્તકમાં એક વિચાર ચાલતો હોય, હાથપગ બીજું જ કાંઈ કરતાં હોય અને જીભ વળી કાંઈ જ ત્રીજા જ વિષય પર બડબડાટ કરતી હોય! અને આ જાતની લાગણી માત્ર વિદ્યાર્થીઓમાં જ હતી તેમ ન હતું, પણ યામાની મુલાકાત લેનાર એકેએક પુરુષના અંતરમાં ઓછે કે વત્તે અંશે તે ઉત્પન્ન થતી; કારણકે ડોરશેન્કોને ત્યાં ઘરાકી રાતના જ વધારે થતી અને તે વખતે ત્યાં લાંબો સમય કોઈ રોકાતું નહિ, પરંતુ રસ્તે જતાં ત્યાં થોડી વાર છાંટોપાણી નાખવા માટે દરેક જણ થોભતું.

જ્યારે વિદ્યાર્થીઓ કૉગ્નેક (એક જાતનો દારૂ), બીર અને વોડકા પીતા હતા, ત્યારે રામસેસની નજર તે ઓરડાના એક ખૂણામાં બેઠેલા બે માણસો તરફ ચોંટી રહી હતી. આ બે માણસોમાંનો એક, બાંય વગરનું જાકીટ પહેરેલો વૃદ્ધ માણસ હતો; જ્યારે બીજો તે વૃદ્ધની સામે પણ બાર તરફ પૂંઠ રાખી ટેબલ પર કોણીઓ ટેકવી તે પર પોતાની હડપચી ગોઠવી, ખૂંધા જેવો લાગતો, કદાવર બાંધાનો, ભૂરા રંગનો પોશાક પહેરેલો, આધેડ વયનો કોઈ સદ્‌ગૃહસ્થ જેવો લાગતો હતો. વૃદ્ધ માણસ પોતાની સામે પડેલા દારૂના ગ્લાસને ઊંચકીને પોતાના ભારે પણ ઘોઘરા અવાજે ધીમે ધીમે કાંઈક ગાતો હતો.

"માફ કરજો, પણ તે આપણો એક સહાધ્યાયી જ છે." રામસેસે કહ્યું અને તરત જ તે ભૂરા રંગનો પોશાક પહેરેલા સદ્‌ગૃહસ્થ પાસે પહોંચ્યો. એક મિનિટ પછી તે તેને બાર પાસે લઈ આવ્યો અને પોતાના બીજા મિત્રો સાથે તેની ઓળખાણ કરાવતાં બોલ્યો:

" ગૃહસ્થો, હું આપને છાપાની રમતના એક પ્રસિદ્ધ ખેલાડી સરજી ઇવાનોવીચ પ્લેટાનોવની ઓળખાણ કરાવું છું. છાપામાં કામ કરતા માણસોમાં તેઓ સૌથી વધારે બુદ્ધિમાન અને વધારે આળસુ સજ્જન છે."

દરેકે પોતપોતાનું નામ આપી તેની સાથે હસ્તધૂનન કર્યું.

" અને તેથી ચાલો તેની ખુશાલીમાં આપણે એકએક ગ્લાસ વધુ ઉડાવીએ." લિખોનીને કહ્યું, પરંતુ યારકેન્કો પુનઃ પોતાના મૂળ સ્વભાવ પર આવતાં થૂંક ઉડાડતો કહેવા લાગ્યોઃ

" માફ કરજો, હું પણ તમને અંગત પરિચયથી નહિ પરંતુ થોડેઘણે અંશે ઓળખું તો છું. જ્યારે અધ્યાપક પ્રિકલોન્કસ્કીએ પોતાના નિબંધ વિષે વિદ્યાપીઠમાં બચાવ કર્યો હતો, ત્યારે તેનો અહેવાલ લેનારા તમે જ હતા ને ?"

" હાજી, હું જ હતો!" ખબરપત્રીએ જવાબ આપ્યો.

" સુંદર !" યારકેન્કોએ સ્મિતસહ જવાબ આપ્યો, અને પુનઃ કોઈ કારણસર પ્લેટાનોવનો હાથ જોરથી દબાવ્યો. " મેં તમારો અહેવાલ પછીથી વાંચ્યો હતો. તે ઘણો જ સુંદર, સ્પષ્ટ અને લંબાણપૂર્વક લખાયલો હતો . . . ! મારા પર એક ઉપકાર નહિ કરો . . . . . તમારી તંદુરસ્તી ઇચ્છું છું . . . . . . !"

" મને પણ તેમ કરવાની રજા આપો." પ્લેટાનોવે કહ્યું. " ફરીથી બધા ગ્લાસ ભરો! એક . . . બે . . . . ત્રણ . . . કોગ્નેકના નવ ગ્લાસ . . . . ."

" ના, ના, તમારો દારૂ અમારાથી ન પિવાય. તમે તો અમારા મહેમાન, સહાધ્યાયી છો." લિખોનીને પ્લેટાનોવની દરખાસ્તનો વિરોધ કરતાં કહ્યું.

" તો પછી હું તે વળી કેવા પ્રકારનો સહાધ્યાયી?" ખબરપત્રીએ હસતાં હસતાં પૂછયુંઃ " હું તો પ્રથમ વર્ષમાં હતો અને

તે પણ માત્ર છ માસ માટે જ, એક બહારના વિદ્યાર્થી તરીકે! ચલાવ, આપવા માંડ! ગૃહસ્થો, લેવા માંડો. . . ."

આનું પરિણામ એ આવ્યું કે અડધા કલાક પછી લિખોનીન અને થારકેન્કો કોઈ પણ રીતે પ્લેટોનોવને છોડવા માગતા ન હતા, એટલે તેને પણ થામામાં સાથે ઘસડયો. તેણે પણ વિરોધ વિના તેમની માગણી કબૂલ રાખી.

"જો હું તમને ભારરૂપ થતો ન હોઉં, તો મને તમારી સાથે આવવામાં કાંઈ વાંધો નથી." તેણે સરળ હૃદયે જણાવ્યું. "આજે મારું ખીસ્સું પણ ઠીક તર છે. 'નીપર વર્ડ' આજે જ મને મારા મહેનતાણાનો ચેક આપ્યો કે જેની મને કદાપિ પણ આશા ન હતી. માફ કરજો, હું હમણાં જ પાછો આવ્યો. . . ." કહી પ્લેટોનોવ વૃદ્ધ માણસ પાસે ગયો અને તેના હાથમાં થોડા પૈસા મૂકી તેની વિદાય લીધી. તેણે કહ્યું: "જ્યાં હું જાઉં છું ત્યાં તમારાથી અવાય તેમ નથી, કાકા. આજે જ્યાં મળ્યાં ત્યાં કાલે ફરીથી મળીશું, સાહેબજી!"

તેઓ બધા ભોજનગૃહની બહાર આવ્યા. દ્વાર આગળ બોરિસ, જે હંમેશાં કંઈક અંશે અધીરો અને વહેમી હતો, તેણે લિખોનીનને રોકયો, અને તેને એક બાજુએ લઈ જઈ કહ્યું: "મને અત્યંત આશ્ચર્ય થાય છે કે આપણી આ મંડળીમાં આવા રખડેલને તું કયાં સાથે લે છે. કોણ જાણે એ કોણ છે!"

"બેસ બેસ, બોરિસ." લિખોનીને તેને શાંત પાડતાં કહ્યું. "એ તો આપણા જેવો જ એક ગમ્મતી માણસ છે."

[૧૦]

"ઠીક. . . ક, પણ ભાઈઓ આ કંઈ સારું ગૃહ નથી. અહીં તો જનાવરો પણ ન આવે!" આનાના ગૃહના પ્રવેશદ્વાર આગળ આવતાં થારકેન્કોએ કંઈક અચકાતાં બેદિલીથી કહ્યું. "જો

જવું જ હતું તો કોઈક સારું ગૃહ તો પસંદ કરવું હતું? આવું ગંદું શોધ્યું? આના કરતાં તો ટ્રેપલ ઘણું સારું—હજાર દરજ્જે!"

"આવો સાહેબ, પધારો મહેરબાન!" લિખોનીને સુજનતાપૂર્વક નમન કરી અધ્યાપક માટે દ્વાર ખોલ્યું અને ફરી કહ્યું: "પધારો મહેરબાન!"

"પણ આ તો છેક જ ગંદુ છે. . . .ટ્રેપલમાં વધુ કંઈ નહિ તો છોકરીઓ તો દેખાવડી હોય છે જ!"

પાછળ આવતો રામસેસ મોટેથી હસી પડ્યો. તે બોલ્યો: "અધ્યાપક સાહેબ, આપે બરાબર કહ્યું! એવું જ દિમાગ ચાલુ રાખજો. . . ભાઈ, આપણે તો રોટી ચોરનારને પકડી શિક્ષા કરનારા, અને બેન્કોમાંથી લાખો રૂબલ તફડાવી જનાર ડીરેક્ટરને આરામમાં રહેવા દઈ, ઉપરથી તેની દયા ખાનારા!"

"માફ કરજો, પરંતુ હું તમારું આ દૃષ્ટાંત સમજી શકતો નથી." યારકેન્કોએ કહ્યું. "પણ હશે, મારે તો બધુંય સરખું જ છે, ચાલો હવે જઈએ."

"હા . . . હા. એથીય વધુ!" લિખોનીને અધ્યાપકને આગળ જવાનો માર્ગ કરી આપતાં કહ્યું. "કારણકે આ સ્થળ પણ એવું જ છે. અનેક અચ્છી આખ્યાયિકાઓને આ ગૃહે સંગ્રહી રાખી છે. મિત્રો, ચાલો હવે! ભવિષ્યનું વિદ્યાર્થીજગત જોઈ રહ્યું છે, અને તમે જાણો છો કે અહીં પણ વિદ્યાર્થીઓ તેમના હંમેશના નિયમ મુજબ અર્ધા ભાવે જ દાખલ થાય છે! કેમ દરવાન સાહેબ, હું ખોટું કહું છું?"

સામિયનને ઘણા લોકો એકીસાથે આવે એ ગમતું નહિ. તેને લાગતું કે તેને પરિણામે થોડી વારમાં જ કાંઈ ટંટાબખેડાનો ભય ઉત્પન્ન થતો. તેમાંય વિદ્યાર્થીઓ તરફ તો તેને ખાસ તિરસ્કાર હતો. એના કારણોમાં, તેમનાં ભાષણો (ખરી રીતે જોતાં તો એ

સમજી જ ન શકતો), તેમની હલકા પ્રકારની મશ્કરી કરવાની વૃત્તિ, તેમની નાસ્તિકતા અને મુખ્યત્વે તેમનો અધિકારીઓ અને કાયદા તરફનો વિરોધ, એ મુખ્ય હતાં.

શાંત ગંભીર સ્વભાવના માણુસો, જે છૂપી રીતે આવી પોતાને કોઈ ન જોઈ જાય તેની ચારે તરફ પૂરતી તપાસ કરી દાખલ થઈ, ઝપાટાબંધ પોતાની ઇચ્છા પરિતૃપ્ત કરી ચાલ્યા જતા, અને જતાં જતાં તેને કંઈક 'બક્ષિસ' આપી જતા, તેવા માણુસો તેને ઘણા ગમતા.

અને તેથી જ યારકેન્કોનો ભૂરો ઓવરકોટ ઉતારતાં લિખોનીનની મશ્કરીનો ઉત્તર વાળતાં તે ગંભીરતાપૂર્વક બોલ્યો: " શ્રીમાન, મને સાહેબ ન કહેશો. હું તો એક નાચીજ નોકર છું."

" તે માટે હું તમને અભિનંદન આપવાની રજા લઉં છું." લિખોનીને વિનયશીલ નમન કરતાં કહ્યું.

દીવાનખાનામાં અનેક માણુસો હતા. આખા દિવસના કંટાળા પછી સહેજ આનંદ કરવા આવેલા કારકુનો નૃત્ય પછી પરસેવાથી રેબઝેબ બની, નૃત્યને લીધે કંઈક રક્તવર્ણા બની, પોતાની માશૂકો સાથે બેઠા હતા. છોકરીઓ પણ થોડીક વાર માટે જાણે કે ભૂલી ગઈ હોય તેમ પંખા વડે પવન ખાઈ રહી હતી.

પ્રખ્યાત ગાનારો મિશ્કા અને તેનો મિત્ર એક મહેતાજી બન્ને સાથે બેસી—પોતાનાં ટાલવાળાં માથાં અડકાડી—દારૂના નશામાં ચકચૂર બની ગાવાનો પ્રયત્ન કરતા હતા. એમા અને ઝોસિયા તેમને અયોગ્ય રીતે ન વર્તવાની સૂચના આપતાં હતાં. રોલીપોલી ખૂણામાં પડેલી એક ખુરશીમાં ઊંઘી ગયો હતો. તેનું માથું ખુરશીની બહાર લટકતું હતું, અને શરીરે જો સમતોલપણું ગુમાવ્યું, તો ખુરશી અને તેનો માલિક બન્ને નીચે ગગડી પડશે એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાતાં હતાં.

છોકરીઓએ વિદ્યાર્થીઓને ઓળખી લીધા અને તરત જ તેમનો સત્કાર કરવા દોડી!

"ટમારા, તારા પતિ આવ્યા—જો વોલોડેન્કા આવ્યા અને મારાય પતિ—મિશ્કા! જો!" ન્યુરા પોતાના કામચલાઉ પતિરાજ પેટ્રાવસ્કીના અંગને ભેદવા માંગતી હોય તેમ તેના ગળે વળગી પડી બોલી ઊઠી: "હલ્લો! મિશેનકા! આટલા દિવસ કયાં હતા? હું તો વાટ જોઈ જોઈને થાકી!"

યારકેન્કો જરા ગૂંચવણમાં પડી જઈ આસપાસ જોવા લાગ્યો, એટલામાં એમા તેની પાસે આવી. તે અચકાતો અચકાતો બોલ્યો: "અં—આપણે... જરા ખાનગી ઓરડી જોઈએ અને જરા દારૂ પણ...ને પછી કોફી પણ...તમે તો બધું જાણો છો..."

યારકેન્કોમાં એક વિશિષ્ટ ખાસિયત એ હતી કે તે નોકરો અને હોટેલના છોકરાઓને હળવે હળવે પોતાના બનાવી દેતો. આ માટે તેનાં ભભકાદાર કપડાં અને કોઈ મોટા અધિકારી જેવું વર્તન તેને ખૂબ સહાયભૂત થતાં.

સરકસના કોઈ જૂના વૃદ્ધ અશ્વની જેમ એમાએ ખુશાલી દર્શાવવા માથું હલાવ્યું.

"જરૂર, તમે કહો છો તેમ થઈ શકશે—જરૂર થશે. આમ આવો. તમને કેવું પેય જોઈએ? અમારી પાસે તો બેનેડીકટીન છે—એ ચાલશે? ઓહ! તો તો બહુ જ સારું... ને તરુણ બાળાઓને તમે અંદર આવવાની પરવાનગી આપશો ને?"

"ભલે—જો અનિવાર્ય હોય તો." યારકેન્કોએ નિઃશ્વાસ નાખી અભિનય સાથે કહ્યું.

એક પછી એક છોકરીઓ આવી. નામ પોકારાયાં. માન્કા, કેટી, હયુબા... તેમણે આવી ખોળામાં બેસી આલિંગન આપ્યું, અને વસ્તુઓની માંગણીઓનો પ્રારંભ થયો.

"બચુકલા વિદ્યાર્થી, તું બહુ સરસ દેખાય છે. મારા માટે થોડાં સંતરાં મંગાવ ને?"

"વોલોડેન્કા! મારા માટે શરબત મંગાવ!"

"મારા માટે ચોકલેટ!"

વેરાએ અધ્યાપકના ઘૂંટણ પર આરામથી બેસીને કહ્યું: "મારી એક સખી માંદી છે. બિચારી અહીં આવી શકે તેમ નથી. એના માટે થોડીક મોસંબી ને ચોકલેટ મોકલવી છે. તમે અપાવશો?"

"મિત્રો વિષે તો ફક્ત વાતોથી જ અટકવું સારું! . . . . અને આટલો બધો પ્રેમ એક સાથે મારા એકલા ઉપર જ ઢોળી નાખવો ઇષ્ટ નથી . . . હવે ડાહ્યા બાળકની જેમ સીધી બેસ— હા એમ પડખે! હવે જરા અદબ વાળ."

"અને ધારો કે મને અદબ વાળતાં ન આવડતી હોય તો?" કટાક્ષ કરી વેરા બોલી. "તમે તો બહુ જ સભ્ય હશો, કેમ?"

આ બાજુ લિખોનીને વ્યાવસાયિક ભિક્ષાનો ઉત્તર વાળતાં એમાની જેમ માથું ધુણાવ્યું. પછી કહ્યું:

"જરૂર, તું કહે છે તેમ થઈ શકશે."

"ત્યારે હું મારી સખી માટે ફળફળાદિ લઈ જવાનું ચાકરને કહું ને?" વેરાએ પૂછયું.

આ પ્રકારની માગણીઓ તેમના વ્યાવસાયિક કર્તવ્યના પ્રારંભરૂપ હતી. ગ્રાહકના પૈસા વ્યવસ્થિત રીતે ઉપયોગમાં લેવા વિષે તેમની વચ્ચે સરસ સ્પર્ધા જામતી. આ એક વિચિત્ર વસ્તુ હતી. વાસ્તવિક રીતે તેમને આમાંથી કંઈ નફો મળતો ન હતો. હા, કોઈક વાર શેઠાણી યા બાઈ આ માટે પ્રશંસાના બે શબ્દો બોલતી; પરંતુ તેમના ટૂંકા કંટાળાભર્યા, અસ્થાયી જીવનમાં આ એક આનંદનું સાધન હતું.

સામિયન કોરી તેમ જ ફળ વગેરે લઈ આવ્યો.

"તમે કેમ કશું નથી પીતા?" યારચેન્કો ખબરપત્રી તરફ

ફરી બોલ્યો. "હું ધારું છું તમારું નામ તો પ્લેટોનાવ... બરાબર છે ને?"

"હા"

"લ્યો, ત્યારે આ કોફી સ્વીકારો, તાજગી આપશે! કે પછી બીજું કાંઈ આપું?"

"ના, મને ફરજ ના પાડશો, હું મારું માનીતું પેય પીશ. સામિયન મારા માટે—"

"કોગ્નેક!" ન્યુરા વચ્ચે જ બોલી ઊઠી.

"અને અંદર સળી મૂકીને?" માન્કાએ પણ પોતાનો સૂર પુરાવ્યો.

"હમણાં જ લાવ્યો, પ્લેટોનોવ! હમણાં જ!" જરાય ઉતાવળ કર્યા વિના, પરંતુ સંપૂર્ણ અદબ દાખવી સામિયને જણાવ્યું, અને વાંકા વળી ઘૂંટણ પર બાટલી મૂકી તેનો દાટો ખોલ્યો.

"યામામાં કોગ્નેક મળી શકે છે, તે તો મેં આજે જ જાણ્યું! મેં કેટલીયે વાર માગ્યું હશે છતાં મને તો હંમેશાં 'ના' પાડવામાં જ આવતી હતી!" લિખોનીન આશ્ચર્યથી બોલ્યો.

"કદાચ પ્લેટોનોવ કાંઈક જાદુ જાણતા હશે." રામસેસે મશ્કરીમાં કહ્યું:

"અથવા તો તેમનું અહીં અત્યંત માનભર્યું સ્થાન હશે." બોરિસે કટાક્ષમાં કહ્યું.

પ્રત્યુત્તરમાં ખબરપત્રી ક્ષણવાર એકીટશે તીરછી નજરે બોરિસ તરફ જોઈ રહ્યો, અને પછી ધીમે ધીમે દરેક શબ્દ ચીપી ચીપીને બોલ્યો.

"હું ઘોડાની જેમ અત્યંત ઢીંચી શકું અને છતાંય મને નશો ન ચઢે તેમાં કશુંય ગર્વ લેવા જેવું નથી, પરંતુ સાથે સાથે એ પણ હું જણાવી દઉં કે હું કયારેય કોઈની સાથે ઝઘડતો નથી કે નાહકની તકરારો ઊભી કરતો નથી, એટલે મારા આ સદ્‌ગુણોથી અહીંના

થોડો વાકેફ છે અને તેને પરિણામે તેઓ મારામાં વિશ્વાસ ધરાવે છે."

"વાહ, એ તો બહુ સરસ કહેવાય!" માત્ર થોડા જ શબ્દોમાં પ્લેટોનોવે દાખવેલી ખુમારી, અને છતાંય તેમાંય રહેલા આત્મવિશ્વાસથી લિખોનીન ખૂબ આનંદ પામ્યો હતો. તેણે પૂછ્યું:

"મને પણ તમારા કોગ્નેકમાંથી થોડો ભાગ આપશો ને?"

"જરૂર, ખુશીથી!" પ્લેટોનોવે સરળ ભાવે જવાબ આપ્યો અને પછી ઓચિંતો, બાળક જેવું મધુર સ્મિત કરી, લિખોનીન તરફ જોઈ રહ્યો. મને તમારા તરફ પહેલેથી જ આકર્ષણ થયું હતું. જ્યારે મેં તમને ડોરોશેન્કોને ત્યાં પહેલી જ વાર જોયા કે તરત જ મને લાગ્યું કે તમે દેખાઓ છો તેવા કઠોર નથી."

લિખોનીન હસ્યો અને બોલ્યો: "ચાલો, એ અરસપરસની ઓળખાણનો વિધિ પૂરો થયો . . . પરંતુ મને આશ્ચર્ય થાય છે કે ભલા આપણો અહીં કેમ એકે વાર પહેલાં ભેટો થયો નહિ હોય? તમે તો અહીં આ ગૃહમાં વારંવાર આવતા હશો?"

"હા, લગભગ દરરોજ!"

"એ તો અમારા એક માનીતા મહેમાન છે. એ તો અહીં અમારા ભાઈ જેવા છે!" ન્યુરા બોલી ઊઠી.

"મૂર્ખી!" ટમારાએ તેને અટકાવી.

"મને તો એ વિચિત્ર લાગે છે! એક રીતે કહું તો અહીંનાં બધાંનો તમારા તરફનો પ્રેમ જોઈ કોઈને પણ અદેખાઈ આવે!"

"સ્થાનિક નેતા!" બોરિસ નીચું મુખ રાખી એટલા ધીમા સ્વરે બોલ્યો કે જો ખબરપત્રીએ ધાર્યું હોત તો, પોતે તે સાંભળ્યું નથી તેવો દેખાવ કરી શકત. કોણ જાણે કેમ, પરંતુ બોરિસને એ ખબરપત્રી પ્રતિ કોઈ અગમ્ય અને આંધળો ક્રોધ ઉત્પન્ન થયો હતો. તે પોતાના જેવો એક વિદ્યાર્થી નહોતો એવું ન હતું. તે ઘણા વિદ્યાર્થીઓ, લશ્કરી અમલદારો, નૌકાપતિઓ અને હાઈસ્કુલના વિદ્યા-

થીઓની જેમ, તેમની ખુશામત કરતા, તેમની મજાકો સાંભળી હસતા, તેમની હિમ્મતનાં વખાણ કરતા અને પોતાની જુવાનીના દિવસો યાદ કરી નિસાસા મૂકતા, તેમની વચ્ચે ઓચિંતા જ આવી ચઢતા, એવા કેટલાય બહારના નાગરિકોના સમાગમમાં આવ્યો હતો; પરંતુ આ ખબરપત્રીમાં એવું એક પણ લક્ષણ નહોતું, ઊલટું તેનામાં તો અમુક શાંત, સભ્ય ઉદાસીનતાનો ભાસ થતો હતો.

ખબરપત્રીએ પુનઃ એવો દેખાવ કર્યો કે જાણે પોતે યુવાન વિદ્યાર્થીની અપમાનભરી ટીકા સાંભળી નહોતી. તદુપરાંત ત્યાં આવ્યા બાદ દરવાનથી માંડી જાડી કેટી સુધીનાં બધાંય તેના પ્રત્યે જે સ્નેહ બતાવતાં હતાં, તેથી તેને એક પ્રકારની ખીજ અને ક્રોધ જાગ્યાં હતાં; કારણકે તે જ્યારે કાંઈ પણ બોલતો ત્યારે બધાં ધ્યાનપૂર્વક તેને સાંભળતાં. ટમારાએ ખૂબ સાવધાનીથી તેનો ગ્લાસ ભર્યો હતો, માન્કાએ તેને માટે ખાસ બદામો છોલી હતી. વાર્તામાં મશગૂલ બની ગયેલા પોતાના બે પાડોશીઓ પાસે સિગારેટ માગતાં ખબરપત્રીએ આખી ડબ્બી તેના તરફ ફેંકી અને તેથી ઝોએ અનંત આનંદ પ્રદર્શિત કર્યો હતો. કોઈ પણ છોકરીએ તેની પાસે ચોકલેટ કે ફળોની માગણી કરી નહોતી; અને તે જરાક તેમનું કામ કરતો, તો બધાં તેનો અત્યંત આભાર માનતાં હતાં. ' સાલો દલાલ છે ! બોરિસે ખારથી બળી તેને માટે આ અભિપ્રાય બાંધ્યો હતો, છતાં પોતે જે તે અભિપ્રાયની યથાર્થતામાં માની શકતો ન હતો; કારણકે ખબરપત્રીએ સાવ સાદાં અને બેદરકારીપૂર્વક કપડાં પહેર્યાં હતાં, એટલું જ નહિ પરંતુ તેનું ત્યાંનું વર્તન અત્યંત પ્રતિષ્ઠાભર્યું હતું. તેણે માત્ર આંગળીઓ વડે એક નેપકીનને થોડી વાર જરાક અસ્વસ્થ બની ચોળ્યા કર્યો અને પછી તેને ધીમેથી દૂર ફેંકી દીધો; અને પુનઃ તેની આંખો બોરિસ તરફ વળી. " હા, એ વાત સાચી છે. અહીં હું લગભગ તેમના એક કુટુંબીજન જેવો છું. " તેણે શાંતિથી, ટેબલ પર પડેલા પ્યાલાને આંગળી વડે ગોળ ગોળ ફેરવતાં કહ્યું. " અરે, એક વખત

તો મારે અહીં લાગલગાટ ચાર મહિના સુધી જમવું પડયું હતું."

"શું બોલો છો ? સાચી વાત ?" ચારકેન્કો આશ્ચર્ય પામ્યો, અને હસ્યો.

"સાચ્ચેજ—ઉપરાંત અહીંનું ખાણું પણ રુચિકર હોય છે, જો કે આ લોકો તેલ જરા વધારે પડતું વાપરે છે !"

"પરંતુ તમારે એમ કરવાનું . . ."

"કારણકે તે વખતે આ ગૃહની માલિકણ આનાબાઈની હાઈ-સ્કૂલમાં અભ્યાસ કરતી પુત્રીને હું ખાનગી શિક્ષણ આપતો હતો, અને મેં તેમની સાથે એવી ગોઠવણ કરી હતી કે મારા માસિક પગારમાંથી તેમણે ખાધાખોરાકીના પૈસા કાપી લેવા."

"ઓહ ! કેવું વિચિત્ર !" ચારકેન્કો બોલ્યો. "અને તમે શું તમારી ઇચ્છાથી જ આ સ્વીકાર્યું હતું કે . . . માફ કરજો હં . . . કે પરિસ્થિતિની લાચારી હતી ?"

"ના, ના. એવું તો કાંઈ નહોતું. એમ તો મારે અહીં ત્રણગણા પૈસા આપવા પડતા હતા ! પરંતુ મારે તો ફક્ત એ રીતે આ લોકો સાથે 'આપણા માણસ,' તરીકે રહેવું હતું, તેમના જગતના નિકટ સંબંધમાં આવવું હતું."

"ઓહ ! હવે મને કંઈક સમજાય છે ખરું !" ચારકેન્કો બોલી ઊઠયો. "આપશ્રી ત્યારે આ 'જીવનમાંથી' વસ્તુસામગ્રી મેળવી રહ્યા હતા ?. . . હં . . . ને થોડાંક વર્ષો બાદ વાંચકવર્ગ એક . . ."

"વારવનિતાવૃત્તિને લગતી એક સુંદર કરુણાંત નવલકથા વાંચવા મેળવશે." બોરિસ નટની માફક અભિનય કરી વચમાં બોલી ઊઠયો.

જ્યારે ખબરપત્રી ચારકેન્કોને જવાબ આપવામાં રોકાયો હતો, ત્યારે ટમારા પોતાના સ્થાનેથી ધીમે ધીમે ઊભી થઈ અને બોરિસ

પાસે આવી નીચી વળી ગણુગણી: "પ્યારા, મહેરબાની કરી એ સદ્‌ગૃહસ્થનું નામ ન દેશો. ઈશ્વરના સોગંદ, હું તો તમારા ભલા માટે કહું છું."

"શું બોલી ?" વિદ્યાર્થીએ તેના તરફ જોઈ, નાક પર ચશ્માં ઠીક કરતાં પૂછ્યું. "એ તારો આશક છે કે પછી દલાલ ?"

"ઈશ્વરની સાક્ષીએ કહું છું કે આજપર્યંત ક્યારેય એ અહીંની એક પણ છોકરીના સંપર્કમાં આવ્યા નથી. પરંતુ હજી હું કહું છું કે, એમનું નામ ન લેવામાં જ તમારું ભલું છે !"

"હા, હા. હવે સમજ્યો ?" તિરસ્કારથી ચાળા પાડી બોરિસ બોલ્યો. "કે એક તો આખુંય ગૃહ તેની તરફેણમાં છે, અને બીજું આ આખાય થામામાં વસતી રાંડો તેની સગીઓ અને માશૂકો છે, કેમ ?"

"ના, ના. એમ નથી." કાંઈક કટાક્ષમય સ્નેહથી ધીમે સ્વરે ટમારાએ કહ્યું. "એટલું જ કે તમને ગળચીથી પકડી કુરકુરિયાની જેમ બારીમાંથી બહાર ફગાવી દેતાં એમને વાર નહિ લાગે; કારણકે, એ રીતે લોકોને ફગાવી દેતાં મેં તેમને અનેક વાર જોયા છે. પ્રભુ કોઈને એ સ્થિતિમાં ન મૂકે ! બીજું તો શું એ જરા અપમાનભર્યું અને તબિયતને માટે હાનિકારક ગણાય, એટલું જ !

"ચાલ, ચાલ, નીકળ અહીંથી !" પોતાની કોણી વડે એને ખસેડતાં બોરિસે કહ્યું.

"જેવી આપની ઇચ્છા, વહાલા ! હું જાઉં છું." ટમારા નમ્રતાપૂર્વક બોલી અને ધીમે પગલે ત્યાંથી જતી રહી.

સર્વનું ધ્યાન એ ક્ષણે એ વિદ્યાર્થી તરફ ખેંચાયું.

"જરા સભ્યતાથી વર્તતાં શીખ, એય જંગલી !" આંગળી વડે ધમકી આપતો લિખોનીન બોલ્યો. "હં......હવે ચલાવો !"

પછી ખબરપત્રી તરફ ફરી તેને વિનંતિ કરતાં કહ્યુંઃ “ તમારી વાત અત્યંત રસમય છે.”

ખબરપત્રીએ શાંત અને ગંભીરતાસહ ઉત્તર આપ્યોઃ “ ના, ના. તમે કહો છો તેમ હું વસ્તુસામગ્રી મેળવતો નહોતો; પરંતુ અહીં જે મેં નિહાળ્યું છે તે સાચે જ અત્યંત ભયંકર છે! તેની સમક્ષ નારીવિક્રય—સફેદ ગુલામો વિષે, અને વારવનિતાવૃત્તિ એ શહેરનું એક ચેપી ગંદુ ગૂમડું કહેવાય વગેરે જે શબ્દો આપણે જોરજોરથી ઉચ્ચારીએ છીએ, તે કશાય વિસાતમાં નથી . . . હવે તો એકના એક જ શબ્દો સાંભળતાં પણ કંટાળો આવે છે! ના! પરંતુ ભયંકર છે. આ નિત્યનિયમ જેવી બની ગયેલી અને આપણે જેનાથી ટેવાઈ ગયેલા છીએ તે નજીવી બાબતો, આ વ્યાવસાયિક, રોજિંદી, વ્યાપારીની ગણત્રીઓ, આ સદીઓ જૂનું મોહોત્પાદક શાસ્ત્રનું આચરણ, યુગો થયાં નક્કી થઈ ગયેલો આ રોજિંદો વ્યવહાર! . . . તમને બાહ્ય દૃષ્ટિએ અણદેખાતી વસ્તુઓમાં—નકામી ગણાતી વસ્તુઓમાં જ ક્રોધ, નામોશી અને શરમની લાગણીઓ ઓતપ્રોત થઈ ગયેલી છે; અને તેને સ્થાને હવે રહ્યો છે માત્ર એક બજારુ નિરસ વ્યવસાય, સોદો, આત્મશૂન્ય જડ વેપારી કરાર, એક ધીકતો ચાલતો પ્રામાણિક ધંધો—દાખલા તરીકે કરિયાણાના ધંધા જેવો જ, તેથી ન તો વધારે ખરાબ કે ન વધારે સારો! સજ્જનો, તમે જાણો છો કે એ ભયંકર નથી, અને એમાં જ એની ભયંકરતા સમાયલી છે! . . . સાચે જ એ એક નિખાલસતા, કઠોરતા, લાગણીવેડા અને અનુકરણત્વ શીખવતી, માત્ર ઉચ્ચ વર્ગ માટેની જ, એક શિક્ષણશાળા જેવી જ એક સંસ્થા છે!”

“ બરાબર છે!” લિખોનીને ટેકો આપ્યો, અને ખબરપત્રીએ તેની સામે નજર ઠેરવી આગળ ચલાવ્યું. “ આપણે વર્તમાનપત્રોના અગ્રલેખોમાં ચિંતાતુર આત્માઓનાં અનેક આક્રંદો વાંચીએ છીએ. અનેક સ્ત્રી ડોકટરોના મહાપ્રયત્નો લગભગ ઘૃણાસ્પદ કક્ષાએ

પહોંચતા નિહાળીએ છીએ. 'કંઈક કાયદો કરવો જોઈએ. અરે, એનો તો સમૂળગો નાશ જ થવો જોઈએ! જીવંત માનવીઓનો વ્યાપાર! ગુલામી દશા! અને તેમની શેઠાણીઓ એટલે જાણે નરી લાલચુ કૂતરીઓ! માનવતાની સૌથી અધમ સ્થિતિએ પહોંચેલી એ રાક્ષસીઓ તેમના કાબૂ નીચેની વારવનિતાઓનાં તો લોહી જ ચૂસી ખાય છે—લોહી!' પરંતુ આ બૂમો નથી કોઈ સાંભળવાનું કે નથી તેથી કોઈ ડરી જવાનું! તમે પેલી કહેવત તો જાણો છો ને...! 'ગાજ્યા મેઘ વરસે નહિ અને ભસતા કુત્તા કાટે નહિ!' પરંતુ અત્યંત ભયાનક કરતાંય વધુ ભયાનક—અરે તેથી પણ સહસ્રગણો ભયાનક હોય છે કોઈક એવો ફટકો, જે નાક પર વાગતી મુક્કીની જેમ, આપણને પછાડી નાખે છે, આપણે ઢગલો થઈને ઢળી પડીએ છીએ!...

"અરે આ સામિયન જ લઈએ! તમારી નજરમાં એનાથી હલકી કક્ષાનો કોઈ બીજો નહિ હોય! એ પશુ જેવો ક્રૂર છે—લગભગ ખૂની જેવો! કોઈ નિર્જીવ વસ્તુની જેમ એ અહીંની વારવનિતાઓને પીટે છે, મારે છે... પરંતુ તમે જાણો છો કે અમે કયા કારણસર એકબીજાના મિત્રો બન્યા, અને એક બીજાની વધુ નજીક આવ્યા? ધર્મશાસ્ત્રોની વાતોને અંગે...

"એ ધર્મિષ્ઠ—અસામાન્ય ધર્મિષ્ઠ છે! હું ભજન બોલતો, અને તે આંખોમાંથી વહેતાં અશ્રુ સાથે તેમાં જોડાતો: 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...! અને ફક્ત રશિયન આત્મામાં જ આવી વિરોધી ભાવનાઓ સાથે રહી શકે છે!"

"હા, એના જેવા આખો દિવસ બસ પ્રભુભજન કરે... લાગ મળતાં કોઈનું ગળું કાપે અને પછી હાથ ધોઈ જાણે કશું બન્યું જ નથી તેમ મૂર્તિઓ આગળ દીપક પ્રગટાવવા બેસે? કેમ ખરું ને?" રામસેસે કહ્યું.

"હા, બરાબર એવું જ! મેં ક્યારેય એક બાજુ આવી અચળ શ્રદ્ધા અને બીજી બાજુ ખૂન કરવાની વૃત્તિ, બન્નેને સાથે રહેતાં

જોયાં નથી; અને એક પેટ ખોલી વાત કહું ? જ્યારે જ્યારે હું સામિયન સાથે વાતો કરું છું અને અમે કલાકો સુધી આરામથી વાતો કરીએ છીએ, ત્યારે ઘણી વાર મને લાગે છે કે જાણે હું કોઈ અકલ્પિત ભયની છાયા હેઠળ આવ્યો છું—જાણે કે હું કોઈ અતિ ઊંડા કૂવાના ડગુમગુ થતા કઠેડા પર ઊભો છું અને નીચે તળિયે અનેક ઝેરી સાપોને અસ્પષ્ટ રીતે હરતાંફરતાં જોઉં છું ! અને છતાંય તે ધર્મિષ્ઠ છે એ મારે કબૂલ કરવું પડશે—અને હું તો ખાત્રીપૂર્વક માનું છું કે એક દિવસે એ જરૂર ભગવું ધારણ કરશે . . . ને કોણ જાણે કેવી ભયંકર રીતથી ધર્મનો અફાટ આનંદ તેના આત્માને આ વિરોધી તત્ત્વોમાંથી છૂટો પાડી નાખશે ! ”

“ પરંતુ તમે તો તમારા નિરીક્ષણ હેઠળની વ્યક્તિને પણ છોડતા નથી ?” યારકેન્કોએ કહ્યું અને આંખો વડે છોકરીઓ સૂચવી.

“ અંહ, એવું કંઈ નથી ! અમારો સંબંધ હવે શાંત બની ગયો છે.”

“ એમ શાથી ?” વાર્તાલાપનો ફક્ત અંતિમ ભાગ સાંભળીને જ વોલોડયાએ પૂછયું.

“ એમ જ વળી ! એ તો નકામી વાત છે . . . ” વાત ટાળવા માંગતો હોય તેમ ખબરપત્રી હસ્યો. “ વાત તદ્દન નજીવી છે. ચાલો મિ. યારકેન્કો, એકાદ બીજો ગ્લાસ થવા દઈએ ! ”

પરંતુ હંમેશા બોલબોલ કર્યાં કરવાની જ ટેવવાળી ન્યુરાથી હવે ન રહેવાયું. તે અધવચ્ચે જ ટપકી પડી:

“ કારણકે પ્લેટોનોવે એના નાકને એક દિવસ અચ્છો સ્વાદ ચખાડયો હતો . . . આ **નીન્કા**ને અંગે . . . એક વખત **નીન્કા** પાસે એક ઘરડો બબૂચક આવ્યો હતો . . . આખી રાત રહ્યો . . . **નીન્કા** રજસ્વળા હતી . . . અને છતાંય એ ડોસલો એને હેરાન કરતો હતો . . . એટલે આખરે **નીન્કા** રડી પડી અને નાસી આવી ! ”

"ન્યુરા, બસ કર. એવી નકામી વાતો કરતાં કંટાળો નથી આવતો?" વક્ર મુખ કરી પ્લેટોનોવ બોલ્યો.

"ચૂપ રહે!" ટમારાએ પણ સખ્તાઈથી કહ્યું.

પણ ન્યુરાને કોઈ અટકાવી શકે તેમ ન હતું. તેની તો વાક્‌ધારા સતત વહેતી હતી. તેણે તો આગળ ચલાવ્યે જ રાખ્યું : તેની વાક્‌ધારાને પ્રારંભથી માર્ગ મળી ચૂકયો હતો.

"પછી નિન્કાએ બહાર આવી જણાવ્યું કે, 'તમે ભલે મારા કકડા કરો તો પણ હું ત્યાં જવાની નથી . . . એણે તો મારું આખું શરીર થૂંકથૂંક કરી નાખ્યું . . .' પછી . . . પછી ડોસાએ સામિયનને કહ્યું, અને સામિયનભાઈએ તો તરત જ વગર પૂછેગાછે નિન્કાને મારવા જ માંડી. પ્લેટોનોવ તે વખતે મને એક કાગળ લખી આપતા હતા. . . . તેમણે નિન્કાની ચીસો સાંભળી. . . ."

"ઝો, એનું મોઢું જ બંધ કર!" પ્લેટોનોવ બોલ્યો. તોપણ હજી નિન્કાની વાક્‌ધારા વહેતી હતી. "એ તો એકદમ કૂદકો મારી ઊઠયા . . . અને જઈને એક ધમ કરતો . . ." પરંતુ વાકય પૂરું થાય તે પહેલાં ઝોએ આગળ હાથ ધરી ન્યુરાને આગળ બોલતાં અટકાવી દીધી.

બધા ખડખડાટ હસી પડયા. ફક્ત બોરિસ, આ હસવાના ગરબડાટનો લાભ લઈ તિરસ્કારભરી દૃષ્ટિ રાખી ગણગણ્યો: "મોટો વીર! સમશેરે જંગ! કોઈથીય ન ડરનારો!"

તેને નશો ચડયો હતો અને ભીંતને અઢેલીને ઊભો ઊભો કંપતા હોઠો વડે ચાવતો હતો.

"એ કઈ નિન્કા? એ અહીંયાં છે?" યારચેન્કોએ ઉત્સુકતાથી પૂછયું.

"ના. એ અહીં નથી. એ છે બટકી, ચીબા નાકવાળી, ખૂબ રિસાળ, પરંતુ ભોળા સ્વભાવની એક છોકરી!" કહી ખબર-

પત્રી ઓચિંતો અને અંતઃકરણપૂર્વક ખડખડાટ હસી પડ્યો. "માફ કરજો . . . એ તો જરા મને એક વાત યાદ આવી હતી . . ." તેણે હસતાં હસતાં ખુલાસો કર્યો. "એ તો ગભરાઈ જઈને પરસાળમાં થઈ, કપડાં હાથમાં ઝાલી, નાસતા એ વૃદ્ધનું ચિત્ર મારા મગજમાં હમણાં તાદૃશ્ય થયું હતું. . . તમે બધાય ઓળખતા હશો. એ દેખાવે તો મોટા સાધુ જેવા મહંત પુરુષ લાગતા હતા. અરે, એ ક્યાં નોકરી કરે છે તે પણ હું જાણું છું.

"પરંતુ સૌથી વધુ મજા તો ત્યારે થઈ કે. જ્યારે દીવાનખાનામાં આવીને બેઠા પછી પોતે એમ માનવા લાગ્યા કે હવે પોતે સહીસલામત છે. વસ્તુ એમ બની કે તેણે ખુરશી પર બેસી પાટલૂન પહેરવા માંડ્યું; પણ આંતરિક ગભરાટને લઈને જમણાને બદલે ડાબો અને ડાબાને બદલે જમણો પગ તે પાટલૂનમાં ઘાલતો હતો, અને સાથે સાથે બરાડતો જતો હતો.

"આ તો જુલમ છે! ચંડાળનું ઘર છે! હું બતાવી દઈશ . . . કાલે ચોવીસ કલાકમાં તમને ખાલી ન કરાવું તો મારું નામ નહિ.' તેની આ દયાજનક લાચારી ને ધમકીની બૂમોથી સદા ખિન્ન રહેતા સામિયનને સુધ્ધાં હસવું આવ્યું . . . હા, આ સામિયન જ લઈએ . . . જીવનમાં પ્રવર્તતી આવી વિચિત્રતાઓ, આવું ગાંડપણ આપણને થંભાવી દે છે! આપણે સ્તબ્ધ બની જઈએ છીએ! વારવનિતાવૃત્તિ વિષે—આ જગત વિષે અનેક પુસ્તકો લખશો, પરંતુ આ સામિયન જેવી વ્યક્તિ પણ હોઈ શકે છે, એની તમે ક્યારેય કલ્પના પણ નહિ કરો! જીવન એવું જ છે! ન્યારું ને પચરંગી! અથવા તો આ આના મારકોના, આ ગૃહની માલિકણનો જ દાખલો લ્યો . . . ! એ લોહી ચુસનાર, શંખણી અને એવાં અનેક ભયંકર વિશેષણો લગાવીએ તોપણ ઓછાં પડે તેવી વ્યક્તિ છે, છતાં તે એક ન કલ્પી શકાય તેવી હેતાળ માતા પણ છે. તેને એક દીકરી છે—બાર્થા, તે હાઈસ્કૂલના પાંચમા ધોરણમાં ભણે

છે... પુત્રી પોતાનો ધંધો ન જાણી જાય તે માટે આના કેટલી કાળજી રાખે છે—કેટલી ખબરદારી રાખે છે, તે તો કોઈક વાર ખૂબ ઊંડા ઊતરી તપાસો ત્યારે જ જોઈ શકો, અને એ જોયા પછી તમારા વિસ્મયની અવધિ પણ નહિ રહે, અને છતાં પણ તે પોતાનો આ ધંધો એના માટે જ ચલાવે છે, કારણકે તેની પુત્રીને કશી વાતની ખામી ન રહે. બધુંય એ બર્થાનું છે. અરે, બર્થાની હાજરીમાં એ બહુ વાતચીત પણ કરતી નથી. આ જગતના પ્રચલિત એવા ખરાબ શબ્દો નીકળી ન પડે તેની ખાસ તકેદારી રાખે છે. તેની સાથે બહુ ભળતી પણ નથી અને લગભગ એક જૂની વૃદ્ધ દાસીની જેમ વર્તે છે... એને ફૂલની માફક જાળવે છે, એને માટે ઘોડા છે, એક ખાસ શિક્ષિકા રાખી છે અને એના માટે કેટલુંય મૂલ્યવાન ઝવેરાત પણ ખરીદેલું છે! કોણ જાણે કયાંથી અને કોનુંય ઝવેરાત એ લઈ આવી હશે? તેણે ધાર્યું હોત તો કયારનીય આ દુષ્ટ ધંધાને પોતે તિલાંજલિ આપી ચૂકી હોત, પરંતુ ના, હજી બર્થાને માટે અમુક આવશ્યકતાઓ બાકી રહે છે, અને ... પરિણામે તમે જુઓ છો કે હજીયે આ ધંધામાં ચાલુ જ છે. એના માટે આના સર્વ કંઈ કરવા તૈયાર થશે. અરે, બર્થાની આંગળી પર જો એક નાની શી ફોલ્લી થઈ આવે અને તે મટાડવા જો જરૂર જણાય તો એ આપણી બહેનો અને બેટીઓને પણ વેચવા તૈયાર થાય! આપણને અને આપણાં બાળકોને ગરમીના રોગમાં જકડી નાખે! એને તમે શું કહેશો? ભયંકર રાક્ષસથી વધુ ભયંકર! ના. હું કહું છું તેના હૃદયમાં મહાન અંધ પ્રેમ વસી રહ્યો છે કે જે આપણી માતાઓને સંતનું બિરુદ અપાવે છે."

"પોલા દેખકે પેઠ જાના, મેરે ભાઈ!" બોરીસ મુખ દબાવી શબ્દો કાઢતો હોય તેમ બોલ્યો.

"માફ કરજો—હું લોકોની સરખામણી કરતો નહોતો, હું તો ફક્ત અનુમાન કરું છું—હું તો પોતાનાં બચ્ચાં માટે સ્વાર્થત્યાગ કરતા પશુઓનું પણ દૃષ્ટાંત આપી શકત; પણ કાંઈ નહિ. મને લાગે

છે કે મેં એક કંટાળાભરી વાત છેડી છે, એટલે આપણે હવે આટલેથી જ અટકીએ એ ઇષ્ટ છે."

"ના, ના. તમે પૂરું જ કહો. તમે સાચે જ કોઈને પણ વિચાર કરતા કરી દે તેવા વિચારો ધરાવો છો." લિખોનીન બોલ્યો.

"અને વળી બહુ સાદા. થોડા વખત પર એક પ્રૉફેસરે મને પૂછ્યું કે હું આ જીવન સાહિત્યની દૃષ્ટિએ નિહાળું છું કે શું? મેં તો કહ્યું કે, ના એવું કંઈ નથી. હું જોઈ શકું છું, પણ નિરીક્ષણ કરી શકતો નથી. કોણ જાણે કેમ, પરંતુ મને લાગે છે કે તેમનામાં જીવન પ્રત્યેની કોઈ ભયાનક, અગમ્ય, અનિવાર્ય વાસ્તવિકતા ક્રિયાં કરી રહી છે કે જેને મારામાં શબ્દોદ્વારા કે લેખિનીદ્વારા રજૂ કરવાની તાકાત નથી. દાખલા તરીકે એકાદ હુલ્લડ, જેલમાં થયેલી મારામારી, અથવા તો સખત હાથે દબાવી દીધેલા એકાદ બળવાની હું વાત વાંચું છું. અલબત તેમાં પોલીસના પરાક્રમોની ગાથા હશે, તેમાં વર્તમાનયુગના આ કાયદો અને વ્યવસ્થાના સંરક્ષકોની ઘૂંટણપુર લોહીમાં રહી પોતાની ફરજ બજાવ્યાનો ચિતાર હશે, નહિ તો એવું સનસનાટીભર્યું લખાણ લખી જ ક્યાંથી શકાય? અલબત, એ આપણને ભયાનક લાગે છે, તેથી આપણને આઘાત પહોંચે છે, પરંતુ . . . પરંતુ એથી માત્ર મનને જરા અરેરાટી થાય છે એટલું જ, હૃદયને તેની અસર જરા પણ પહોંચતી નથી. અહીં મેં તમને સામ્પિયન અને એ વેશ્યાનું ઉદાહરણ આપ્યું. પરંતુ અહીંના જીવનમાંથી માત્ર એક ક્ષુલ્લક વસ્તુ લો, તેને જરાક ધ્યાનથી નિહાળો અને તમારી નજરે એક ભયંકર સત્ય સહજ દેખાશે અને વાંચક એ જોઈને એ પણ ભૂલી જશે કે પોતાનું મુખ સ્તબ્ધ બની ક્યારનુંય ખુલ્લું ને ખુલ્લું જ રહ્યું છે! લોકો શબ્દો, બૂમબરાડા ને હાવભાવમાં જ ભયંકરતા શોધે છે.

"પણ ધારો કે હું રસ્તા પર ચાલ્યો જાઉં છું. ત્યાં એક ઠેકાણે એક ટોળું એકઠું થયેલું છે. બધા એક પાંચ વર્ષની બાલિકાની આસપાસ

વીંટળાઈ ઊભા છે. એ કોઈ એક ત્યજાયેલી બાલિકા છે, અથવા તો સમજો કે માતાથી એ વિખૂટી પડી ગઈ છે. એની પાસે જ એક કદાવર સિપાઈ ઊભો રહી ' તું ક્યાંથી આવી—તારા બાપનું નામ શું?' વગેરે પ્રશ્નો પૂછે છે. પરસેવાથી એ રેબઝેબ થઈ જાય છે. તેનો દાઢીવાળો વાઘ જેવો ચહેરો અને સ્વર પણ અત્યારે અત્યંત નમ્ર અને સ્નેહાળ બની ગયાં છે. બાલિકા પણ રોયા જેવી થઈ ગઈ છે—ગભરાઈ જાય છે. તેને સાંત્વન આપવા આ સિપાઈ તેને પંપાળે છે—યાદ આવેલું કોઈ હાલરડું પણ ગાવા મંડે છે.... અને પછી મને વિચાર ઉદ્ભવે છે કે થોડીક વાર પછી કહો કે અડધા કલાક પછી કહો, થાણામાં એ જ સિપાઈ કોઈ માણસ–કદાચ કોઈ નિર્દોષને જ પણ સહેજ વહેમ આવતાં પકડી ઝૂડતો–ગડદા ને પાટુઓનો મારો ચલાવતો હશે, ત્યારે મને બહુ લાગી આવે છે—મનમાં નહિ, હૃદયમાં! આવું ગૂંચવણભર્યું અને વિચિત્ર આ જીવન છે!... લિખોનીન, કોગ્નાક લઈશું?"

"એકમેકને તું કહીને બોલાવીએ તો કંઈ વાંધો છે?" લિખોનીને ઓચિંતું જ પૂછ્યું.

"ભલે, જેવી તમારી ઇચ્છા.... લ્યો, તમારી તંદુરસ્તી માટે"... કહી બન્નેએ ગ્લાસ મોંઢે માંડ્યા. થોડી વાર રહી પુનઃ પ્લેટોનોવ કહેવા લાગ્યો. "એક બીજો દાખલો આપું. મેં એક ફ્રેન્ચ પુસ્તક વાંચ્યું હતું. એમાં મૃત્યુની સજા પામેલા એક માણસના વિચારો દર્શાવ્યા હતા. અલબત્ત, લેખકે એ બહુ જ અસરકારક જોરદાર ભાષામાં અને અદ્ભુત શૈલીમાં રજૂ કર્યા હતા, છતાં મારા પર તેનો કશો જ પ્રભાવ ન પડ્યો, કંઈયે ઉદ્વેગ ન થયો. થઈ માત્ર થોડીક.... પરંતુ હમણાં થોડા જ દિવસો પર ફ્રાન્સમાં એક ખૂનીને ફાંસી દેવાયલી તે વિષે મારા વાંચવામાં આવ્યું. ફાંસીએ જતાં પહેલાં તેની ઓરડીમાં હાજર રહેલો તેનો વકીલ ખૂનીને

ઉઘાડા પગમાં બૂટ પહેરતાં જુએ છે. ખૂની તે વખતે મોજાંની માગણી કરે છે.

'મૃત્યુને સમીપ જોનાર ઉત્તર વાળે છે: 'શું એ જરૂરી છે?'

"આટલાં નાના વાક્યે જ મારા મગજને જાણે કે ફટકો માર્યો. તરત જ મારી આંખો સમક્ષ અનૈસર્ગિક મૃત્યુની મૂર્ખતા અને ભયંકરતા સ્પષ્ટ રીતે તરવરી આવ્યાં, અથવા તો એક એવી જ બીજી એક વાત કહું! મારો એક મિત્ર લશ્કરી ટુકડીમાં કપ્તાન હતો, અને તે ગુજરી ગયો. દારૂડિયો, રખડેલ, બધાં દૂષણોથી ભરપૂર છતાં એનો આત્મા ખરેખર અચ્છો હતો. એક ભયંકર ગુના બદલ તેને ફાંસીની શિક્ષા થઈ. એ વખતે હું નજીકમાં જ હતો એટલે, એની છેલ્લી કવાયતની હાજરી વખતે એને પોશાક પહેરાવવાનું કામ મારે માથે આવ્યું. એની કમ્મર આસપાસ વીંટાળાતા પટ્ટાના છેડાઓ બે નાની પટ્ટીઓ-માંથી પરોવી બટન સાથે ભેરવી દેવાના હતા, પણ કોણ જાણે શાથી બટનમાં એ ભરાતા જ નહોતા. હું ઘણું મથ્યો—પણ નિરર્થક... અંતે મને વિચાર આવ્યો: માત્ર સાદી એક ગાંઠ મારીએ તો પણ શું વાંધો—કોણ હવે આવીને છોડનાર છે? .... અને તત્કાળ મારા સમગ્ર દેહે 'મૃત્યુ'નો અનુભવ કર્યો. આ પૂર્વે કપ્તાન સાથે મેં વાતો કરી હતી, એની સુસ્ત આંખો જોઈ હતી, તેના ઠંડા અંગને સ્પર્શ પણ કર્યો હતો અને છતાંય મને મૃત્યુની સંપૂર્ણ કલ્પના નહોતી આવી.... પરંતુ ફક્ત એક આ ગાંઠના વિચારે જ મારા સમગ્ર દેહને અસર કરી હતી, અને આપણી વાચા, આપણાં કૃત્યો આપણી આશાઓ અને ભાવનાઓના અને એ રીતે સારાય વિશ્વના સર્વનાશની સાદી અને શોકમય વાસ્તવિકતાનો વિચાર મારા હૃદય સોંસરો ઊતરી ગયો—જાણે કે તેણે મને ધરાશાયી કરી નાખ્યો! આવા તો અનેક નાનાં પરંતુ હૃદય હચમચાવનારાં દૃષ્ટાંતો આપી શકું. યુદ્ધ વખતે લોકોને કેવો અનુભવ થાય છે તે પણ કહી શકું! પણ મારે તો એક જ વસ્તુ તરફ મારા વિચારો દોરવા છે. આપણું ધ્યાન આવી ક્ષુલ્લક

બાબતો પર જતું નથી—આપણે આપણા પગ નીચે વેરાયેલી આવી ક્ષુલ્લક બાબતો પરત્વે આંધળાની જેમ બેધ્યાન જ હોઈએ છીએ... પરંતુ કોઈ કલાકાર આવશે—એ વસ્તુઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશે અને એ તેમને ઉપાડી લેશે, અને અચાનક તે જીવનનો એક સૂક્ષ્મ ભાગ એવા ચાતુર્યથી દાખવશે કે તે જોઈ આપણે સહસા બોલી ઊઠશું: ‘ઓ પ્રભુ ! આ તો મેં પોતે સગી આંખે જોયેલું છે ! ફક્ત એના પર લક્ષ દોડાવવાનું જ સૂઝયું નહોતું.’ પણ આપણા આ શબ્દપ્રેમી કલાકારોએ, જગતમાં શ્રેષ્ઠ સ્થાન ભોગવતા અને પ્રમાણિક એવા કલાકારોએ, વારવનિતા અને એના જીવન પ્રત્યે કોણ જાણે કેમ આજદીન સુધી દુર્લક્ષ્ય જ કર્યું છે. કારણ ? ઉત્તર આપવો મારે માટે કઠણ છે. એનું કારણ કદાચ ખરાબ લેખક તરીકે ચીંધાવાની એમને લાગતી બીક હોય, યા કદાચ એમની કલાત્મક કૃતિઓને એમના આંતરિક જીવન સાથે એકરૂપ બનાવી પ્રજા એમના માટે ખોટી વાતો ફેલાવશે એમ લાગ્યું હોય કે બીજું ગમે તે કારણ હોય એ હું ચોક્કસ કહી શકતો નથી, અથવાં તો એ માટે જોઈતો સમય, એ માટેનો આત્મસંયમ, અથવા તો પૂર્વગ્રહ સિવાય ઊંડો અભ્યાસ કરવાની અને તે પણ સાવ સાદા અલંકારો સિવાયની, કૃત્રિમ દયા બતાવ્યા સિવાયની ભાષામાં, તેમની દૈનિક પ્રવૃત્તિઓ અને તેની ભયાનક સરળતા પૂર્ણપણે રજૂ કરવાની આત્મશક્તિ નહિ હોય ! આહ, જો તેમ બને તો એક કેવી અદ્ભુત, મહાન, જગતને હચમચાવી નાખે તેવી નક્કર નગ્ન સત્યોથી ભરપૂર કૃતિ જગતને મળે ! ”

“ પરંતુ તેઓ એ વિષય પર લખે તો છે જ ! ” રામસેસ વચ્ચે અનિચ્છાએ બોલ્યો.

“ હા, તેઓ લખે છે. ” પ્લેટાનોવે પણ રામસેસના જ સૂરમાં પ્રત્યુત્તર આપ્યો. “ પણ એ બધુંય કાં તો ખોટું, યા નાના બાળકો માટે લખાયેલું હોય તેવું નાટકીય અસર ધરાવતું, અથવા તો એવા ધૂર્ત સંકેતવાળું હોય છે કે જેને ભવિષ્યના સંતો જ સમજી શકે. પરંતુ

જગતના સાચા જીવનને તો તેઓ ખરેખર સ્પર્શી શકતા જ નથી. હા, એક લેખક,* જે સ્ફાટિકમણિ જેવા વિશુદ્ધ હૃદયનો અને અપૂર્વ આલેખનશક્તિ ધરાવતો હતો, તેણે એક વાર આ જીવનને સ્પર્શવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અદ્‌ભુત આયનાની જેમ, બાહ્ય માણસની નજરે જેટલું દેખાયું હતું, તેટલો જ તેના આત્મા પર પ્રકાશ પડયો હતો; પણ લોકોને ડરાવવાનો અને તેમની સમક્ષ જૂઠું બોલવાનો, તે નિર્ણય ન કરી શકયો. તેણે તો માત્ર દરવાનના સૂકા વાળ જોયા અને તેને વિચાર આવ્યો: 'ગમે તેમ તોયે એને મા તો હતી ને !' પછી એણે વેશ્યાઓના મુખડાંઓ પર પોતાની દૃષ્ટિ ફેંકી અને તેમને પોતાના માનસપટ પર અંકિત કરી લીધાં; પરંતુ પોતે જે વસ્તુથી અજ્ઞાત હતો, તે વસ્તુ પર કલમ ચલાવવાનું તેણે સાહસ કર્યું નહિ. એ એક આશ્ચર્યની વાત છે કે આ પ્રમાણિક અને સત્યવક્તા લેખકે ખેડૂતો વિષે બે ત્રણ વાર કલમ ચલાવી છે અને એટલું તો એને સમજાયું હતું કે પ્રજાની વાચા તથા માનસિક વલણ તેમ જ તેમનો આત્મા હંમેશા પોતાને માટે અંધકારરૂપ અને અગમ્ય જ રહ્યાં છે. તેણે અદ્‌ભુત કૌશલ્યથી વિનમ્ર ભાવે પ્રજાના આત્માને નિહાળ્યો હતો, પરંતુ તેણે પોતાનું અદ્‌ભુત નિરીક્ષણ શહેરીજનોના દૃષ્ટિબિંદુથી રજૂ કર્યું હતું. હું જાણીબૂજીને આ બધી વિગતો રજૂ કરું છું; કારણકે તમે જુઓ છો ને કે આપણા લેખકો ડિટેકટીવો, વકીલો, મહેસૂલી અમલદારો, શિક્ષકો, પોલીસ અધિકારીઓ, લાલસામયી લલનાઓ, ઇજનેરો, ગાયકો— બધાં જ વિષે અદ્‌ભુત અને કલાકૌશલ્યપૂર્ણ રીતિએ લખે છે; પરંતુ એમનું જીવન એ કંઈ સાચું જીવન નથી. એમનું જીવન કૃત્રિમ, ખોટા ભપકાવાળું અને ભૂતની છાયા જેવું વિશ્વસંસ્કૃતિની અનાવશ્ય ઘેલછાં જેવું છે. પરંતુ બે અપૂર્વ વાસ્તવિકતાઓ છે, લગભગ

* આ ઉલ્લેખ ઘણે અંશે પ્રખ્યાત રશિયન લેખક ચેખોવ વિષે હોય એમ લાગે છે.

માનવજાતિના જન્મકાળ જેટલી જ સૃજન જૂની : તે છે ખેડૂતો અને વારવનિતાઓ—તેમના વિષે આપણે કશું જ જાણતા નથી, સિવાય કે સાહિત્યકૃતિઓમાં રજૂ થતાં કૃત્રિમ, કલ્પનામય, અલંકારોના ઓપ ચઢાવેલાં વિકૃત વર્ણનો ! હું પૂછું છું : આ વારવનિતાવૃત્તિના દીવા-સ્વપ્નમાંથી રશિયન સાહિત્યે શું શોધી કાઢ્યું ? એક માત્ર **સોન્યા** !× તેણે ખેડૂતો વિષે પણ ગંદા, ખોટાં રાષ્ટ્રપ્રેમી ગોપકાવ્યો સિવાય શું આપ્યું છે ? વધારેની જરૂર નથી—એક જ—માત્ર એક જ, પણ સત્યતઃ વિશ્વસમસ્તની ઉત્તમ કૃતિ—એક હચમચાવી નાખે તેવી કરુણ ગાથા બસ છે, કે જેની સત્યતા શ્વાસ અને રૂંવા ઊભાં કરી દે ! તમે એ તો સમજી જ ગયા હશો કે શેને ઉદ્દેશીને . . ."

"એક જ દે ચિનગારી, મહાનલ. . . ." ધીમેથી **લિખોનીન** બોલ્યો.

"હા." ખબરપત્રીએ કહ્યું અને આભારવશ બની મમતા-પૂર્વક વિદ્યાર્થી તરફ જોયું,

"પણ **સોન્યા** એ તો એક તદ્દન એકાકી પાત્ર છે." **યારકેન્કો**એ કહ્યું. "એક પ્રકારનું માનસિક કલ્પનાના પરિણામે ઊપજેલું. . ."

પ્લેટોનોવ, જે અત્યાર પર્યંત જાણે કે અનિચ્છાએ ધીમે ધીમે બોલતો હતો, તે હવે ઉત્સાહમાં આવીને બોલવા લાગ્યો:

"હજારો વખત મેં એવો મત સાંભળ્યો છે ! હું કહું છું કે એ તદ્દન ખોટો મત છે ! આ બિહામણા અને બીભત્સ ધંધા નીચે, વિલાસી ઘૃણાસ્પદ બાહ્યાચાર નીચે **સોન્યા** હજી વસે છે, એ **સોન્યા** હજી જીવે છે ! વારવનિતાઓનું કિસ્મત, આહ, એ કેટલું કરુણ, દયાજનક, મૂર્ખતા-ભર્યું અને વિચિત્ર છે ! અહીં જાણે કે બધું અડોઅડ રઝળતું પડ્યું છે.

× વિખ્યાત રશિયન નવલકથાકાર ડોસ્ટોવસ્કીની 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ'ની નાયિકા.

આપણા દેવ, આપણું ઉદાર માનસ અને સાથે જ આપણી ઉદાસીનતા, પડતીના સમયમાં આપણી નિરાશા, યોગ્ય શિક્ષણની ખામી, આપણી સરળતા, આપણી ધીરજ અને આપણી બેશરમી ! અરે, હું કહું છું કે જેની સાથે તમે વિષયસુખ માણવા જાઓ છો, તેમને બરાબર જુઓ—બરાબર રીતે નિહાળો, અને તમને ખાત્રી થશે કે એ બધીય નિર્દોષ કાચી વયની બાલિકાઓ જ છે ! કિસ્મત તેમને ઊંચકીને અહીં લાવ્યું હોય છે, અને ત્યારથી તેઓ વિકાસ પામ્યા વિના, અનુભવથી સમૃદ્ધ બન્યા વિના, સરળ, વિશ્વાસુ અને લાલચુ બની, શું બોલવું એના ભાન વિના અને તરત જ અડધા કલાક પછી બાળકની માફક બધું ભૂલી જતાં એક પ્રકારના વિચિત્ર, કાલ્પનિક અને રમકડાં જેવું જીવન વિતાવે છે. આ પ્રફુલ્લ અને ઉલ્લાસમય બાલિશતા મેં અધમમાં અધમ અને તેથીય હલકી કક્ષાએ પહોંચેલી વૃદ્ધ ઠચરીઓમાં પણ જોઈ છે અને આ નિર્વીર્ય દયા, માનવ દુઃખો પ્રતિનો આ વ્યર્થ પ્રેમ, મેં તેમનામાં ક્યારેય મરી જતાં જોયો નથી. . . . દાખલા તરીકે. . . . . "

પ્લેટોનોવે ત્યાં બેઠેલી સર્વ વ્યક્તિઓ તરફ ધીમે ધીમે એક દૃષ્ટિ ફેરવી અને પછી ઓચિંતો જ નિરાશાપૂર્વક હાથ હલાવતો થાકેલા અવાજે બોલ્યોઃ

"પણ . . . અરે, જાય એ બધું જહન્નમની ખાડીમાં ! હું આજે બહુ બોલ્યો—દશ વર્ષ સુધી પૂરું થઈ પડે એટલું બોલ્યો છું . . . . . અને બધુંય કશીય મતલબ [illegible]"

"પણ પ્લેટોનોવ, [illegible] પોતે જ શા માટે આ બધું લખી જાહેરમાં મૂકતા નથી ?" [illegible]કોએ પૂછ્યું. "તમારું લક્ષ્ય સચોટ રીતે એ પર કેન્દ્રિત થયેલું છે."

"હા, મેં પ્રયત્ન કર્યો હતો !" પ્લેટોનોવે આનંદવિહોણું સ્મિત કરતાં કહ્યું. "પણ એથી કંઈ થયું નહિ. હું લખવા મંડયો

ને તરત જ અનેક ' કયો ' ' કયી 'માં ગૂંચવાઈ ગયો. વિશેષણો પરાજિત થઈ જતાં, શબ્દો પૃષ્ઠો પર હિમ જેવા થઈ જતા લાગ્યા. મને તો એ બધું એક પ્રકારના કોઈ કૂચા જેવું લાગ્યું. તમને ખબર છે ટેરેખોવ . . . પેલો . . . પ્રસિદ્ધ . . . એક વાર જતાં જતાં અહીં આવ્યો હતો . . . હું એની પાસે ગયો અને આ જીવન વિષે એને ઘણું ઘણું કહ્યું ને એનો ઉપયોગ કરવાનું સૂચવ્યું. એ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો અને પછી બોલ્યોઃ ' પ્લેટાનોવ, ખોટું લગાડીશ મા. મારી આખીય જિંદગીમાં નવલકથાઓ અને વાર્તાઓ માટે વિષય સૂચવનારા—મારે શા વિષય પર શું લખવું એ શિખવનારા મને અનેક મળ્યા છે. તેં જે મને કહ્યું છે એનું મહત્ત્વ—એનું વજન ખરેખર અમર્યાદિત છે, પણ તેને હું શું કરું ? તારા મનમાં છે એવું મહાન પુસ્તક લખવા માટે બીજાના શબ્દો પૂરતા નથી, પછી એ ગમે તેટલા સુયોગ્ય હોય તોયે ! સૂક્ષ્મ નિરીક્ષણ કરી તૈયાર કરેલી નોંધ પણ પૂરતી નથી. તેમાં ધૂર્તમય ડહાપણ રાખ્યા વિના આ બધું પોતે અંતે એક પુસ્તકમાં રજૂ કરવા માગે છે એવા વિચારો વિના એક લેખકે અહીં આ જીવન સાથે ટેવાઈ જવું જોઈએ અને તે લેખક જ એક ત્રાસદાયક ભયંકર પુસ્તક રચી શકશે ! '

" તેના શબ્દોએ મને નાહિમ્મત કર્યો પણ સાથે જ મને નવી આશા પણ આપી ને ત્યારથી હું માનવા લાગ્યો કે, હવે બહુ ટૂંક સમયમાં જ નહિ પણ લગભગ પચાસેક વર્ષ બાદ એક મહાન શક્તિશાળી લેખક ને તેય રશિયન લેખક આવશે, જે આ જીવનની તિરસ્કરણીય વસ્તુઓને પોતાનામાં શોષી લેશે, ઉતારી લેશે અને સરળ, સુંદર, ચિરસ્મરણીય, તીવ્ર મૂર્તિઓરૂપે તૈયાર કરી બહાર મૂકશે; અને તે વખતે આપણે બધા કહીશુંઃ ' કેમ વળી, આ બધું તો અમે જોયું હતું, અમે એનાથી માહિતગાર છીએ; પરંતુ તેમાં આટલી બધી ભયાનકતા સમાયલી હશે તેની તો અમે કલ્પના પણ

નહોતા કરી શકયા !' આ આવતા ભવિષ્યના કલાકારમાં મને હાર્દિક વિશ્વાસ છે."

"તથાસ્તુ !" ગંભીરતાથી લિખોનીન બોલ્યોઃ "ચાલો, એની તંદુરસ્તી માટે આપણે જરા પીએ."

"પણ પ્રભુ સાક્ષીએ કહું છું—" નાની માન્કા વચમાં બોલી. "જો કોઈ, અમે જે જીવન વિતાવીએ છીએ—જે દુઃખકારક વ્યભિચાર વિષે તે લખશે તો, અમે દુષ્ટ . . ."

બારણાને ટકોરો વાગ્યો અને તરત જ તેજસ્વી નારંગી રંગના પોષાકમાં સજ્જ થયેલી જેનીએ અંદર પ્રવેશ કર્યો.

[૧૧]

પોતે કુટુંબમાં સૌથી મોટી હોય તે રીતે, જરાય સંકોચાયા વગર જેનીએ બધાનો સત્કાર કર્યો અને પછી પ્લેટોનોવની નજીક તેની ખુરશી પાછળ જઈ બેઠી. તે હમણાં જ પેલા જર્મન શિક્ષક કે જેણે સૌથી પહેલાં નાની સફેદ માન્કાને પોતાની શય્યાભાગિની બનાવી હતી અને પછી 'બાઈ'ની સૂચના અનુસાર પાશાની સોબત સ્વીકારી હતી, તેની પાસેથી છૂટી થઈ હતી; લાગે છે કે જેનીનું ભભકભર્યું અને ઉત્તેજિત સૌંદર્ય તેના વિષયી હૃદયમાં જડાઈ ગયું હશે, તેથી આશરે ત્રણેક કલાક આજુબાજુના પીઠાંઓમાં રખડી જરા હિંમત આવતાં તે પાછા પધાર્યા હતા અને તે વખતે જેની ચશ્માની દુકાનવાળા કાર્લની સોબતમાં હોવાથી તે છૂટી થાય ત્યાં સુધી રાહ જોઈ હતી અને છેવટે પોતાની ઇચ્છા પૂરી કરી હતી.

ટમારાએ નયનો દ્વારા પૂછેલા શાંત પ્રશ્નના જવાબમાં જેનીએ મુખ પર તિરસ્કાર દાખવી, પીઠ હલાવી અને માથું ધુણાવી જવાબ આપ્યોઃ "હાશ . . . મુઓ ગયો આખરે !"

પ્લેટોનોવ જેની તરફ અસાધારણ ધ્યાનથી જોઈ રહ્યો હતો.

તે બધીય છોકરીઓ કરતાં કાંઈક વિશેષતા ધરાવે છે એવો તેનો મત હતો; અને તેના સ્વતંત્ર, નિર્ભય અને રમૂજભર્યા નિર્લજ્જ કટાક્ષ કરવાના સ્વભાવ માટે પ્લેટોનોવને માન હતું; અને હવે, કોક વાર ચારે તરફ ફરતી, તેની પ્રજ્વલિત અપૂર્વ આંખો, તેના કૃત્રિમ રંગો લગાવવાથી ચમકતા ગાલ અને ખૂબ ચવાયલા હોઠ જોતાં તેને લાગ્યું કે ધીમે ધીમે વિરાટ સ્વરૂપ ધારણ કરતો વેરનો અગ્નિ આ છોકરીના હૃદયમાં ધૂંધવાઈ રહ્યો હતો અને તેને ગૂંગળાવી રહ્યો હતો. તે સાથે તેને જણાયું—અને એ વાત ઘણી વાર તેની સ્મૃતિમાં આવતી કે જેનીને આટલી બધી સુંદર તેણે ક્યારેય નહોતી જોઈ—તેના જોવામાં એ પણ આવ્યું કે લિખોનીન સિવાય, તે ઓરડીમાં બેઠેલા બાકીના બધાય સજ્જનો તેના તરફ જિજ્ઞાસા અને કામુક દૃષ્ટિએ જોઈ રહ્યા હતા–કોઈક ખુલ્લી રીતે અને કોઈક ચોરીછૂપીથી ! આ સ્ત્રીનું સૌંદર્ય અને તે ગમે ત્યારે સરળતામાં મેળવી શકાય તેવી છે, એવો વિચાર તેમના કલ્પનાજગતમાં ઘૂમી રહ્યો હતો.

"તું શા વિચાર કરી રહી છું, જેની?" પ્લેટોનોવે સ્વસ્થતાપૂર્વક પૂછ્યું.

જેનીએ પોતાનાં આગળાં હાથ પર ફેરવ્યાં, અને પછી કહ્યું: "કંઈ નહિ . . . એ તો ચાલતું આવ્યું છે . . . અમારી બૈરાંની વાતો . . . એમાં તમને રસ નહિ પડે . . ."

પણ તરત જ તે ટમારા તરફ ફરી, ઉશ્કેરાઈ જઈ અસ્ખલિત ધારામાં યહૂદી, ઝીગાની અને રૂમાનિયન ભાષાઓનાં મિશ્રણ કરી હલકી વર્ણમાં વપરાતા શબ્દોમાં કંઈક કહેવા લાગી.

"એમનાથી કશું છૂપું નહિ રહે—માટે જે હોય તે કહી દે." ટમારાએ તેને અધવચ અટકાવતાં જણાવ્યું, અને સ્મિત કરી પોતાની દૃષ્ટિ અખબારનવેશ તરફ ફેરવી.

સત્યતઃ પ્લેટોનોવ બધું સમજી ગયો હતો. જેની તિરસ્કારસહ કહેતી હતી કે આજે સંધ્યાકાળથી અત્યાર સુધીમાં, સસ્તાં ગ્રાહકો વધારે આવેલા હોઈ, ગરીબ બિચારી પાશાને દશ વખત જુદા જુદા પુરુષો પાસે મોકલવામાં આવી હતી અને પરિણામે હમણાં જ તેને વાઈ આવવાથી તે મૂર્છિત બની ગઈ હતી અને દવાદારૂ કરી તે હજી પૂરી શુદ્ધિમાં માંડ આવી હતી, ત્યાં તો એમાએ પુનઃ તેને દીવાનખાનામાં ધકેલી હતી. જેનીએ તેનો પક્ષ લેવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ 'બાઈ'એ બદલામાં ગાળો ભાંડી હતી અને જો તે વધારે લપ્પનછપ્પન કરશે, તો ચૌદમા રતનની અધિકારી બનશે, એમ જણાવી તેને કાઢી મૂકવામાં આવી હતી.

"આ બધી કોની વાત છે?" યારકેન્કોએ ગૂંચવણમાં પડી જઈ ભમરો ઊંચી કરતાં પૂછ્યું.

"એમાં તમારે કાંઈ ચિંતા કરવાનું કારણ નથી. એવું તો અહીં રોજ બને છે..." જેનીએ પૂર્વવત્ તિરસ્કારભર્યા અવાજે જ જવાબ આપ્યો. "એ તો... અમારા રોજના ઝઘડા!... પ્લેટોનોવ, હું તમારી બાટલીમાંથી થોડો દારૂ લઉં?"

જવાબની રાહ જોયા વગર જેનીએ કોગ્નેકનો અડધો ગ્લાસ ભર્યો અને તેનાં પાતળાં નસકોરાં ફુલાવતી એક જ શ્વાસે પી ગઈ.

પ્લેટોનોવ ચુપચાપ ઊભો થયો અને દ્વાર તરફ વળ્યો.

"ત્યાં જવામાં માલ નથી, પ્લેટોનોવ... માંડી વાળો..." જેનીએ તેને અટકાવ્યો.

"કેમ નહિ?" પ્લેટોનોવે જેનીનો વિરોધ કરતાં કહ્યું. "હું તો સાવ સીધો ને સરળ રસ્તો અખત્યાર કરીશ, અને તે એ કે પાશાને અહીં લઈ આવીશ... અને જો પૈસા આપવાની જરૂર પડશે તો તે પણ આપીશ... અહીંયાં એ કોચ પર થોડો સમય આરામ લેશે એટલે તેની તબિયત ઠેકાણે આવી જશે... ન્યૂરા, જા તો જઈને એક ઓશીકું લઈ આવ."

અને જેવો તે બહાર ગયો કે બોરિસ પોતાના અવાજમાં દાખવી શકાય તેટલી તિરસ્કારપૂર્ણ કડવાશથી કહેવા લાગ્યો: "મિત્રો, આવા રસ્તાના રઝળતા ભામટાને આપણી ટોળીમાં શું કરવા સાથે ઘસડી લાવ્યા છીએ? તેના ભેગા આપણેય શું આવી નકામી માથાફોડમાં નાહકના સંડોવાવું? કોણ જાણે કોણ છે—કોઈ ભામટો લાગે છે? તેના વિષે કોણ ખાતરી આપી શકે તેમ છે? અને લિખોનીન, તું તો હંમેશા એવો ને એવો જ રહ્યો!"

"લિખોનીન નહિ પણ હું એને આપણી ભેગો લાવ્યો છું, અને હું ખાતરી આપું છું કે તે એક સદ્‌ગૃહસ્થ અને સુંદર સોબતી છે." રામસેસે કહ્યું.

"મોટો સદ્‌ગૃહસ્થ! પારકે પૈસે દારૂ પિનારો! તમે કોઈ જોઈ નથી શકતા કે આવા પ્રકારના માણસો આવાં વારવનિતાગૃહો સાથે જોડાયલા જ હોય છે; અને ભલું હશે તો તે પણ આ ગૃહનો એકાદો દલાલ હશે કે જેને અહીં ઘરાકો લઈ આવવા બદલ અમુક ટકા દલાલી મળતી હશે."

"ચૂપ રહે, બોરિસ! આવી મૂર્ખાઈભરી વાતો ન કર." યારચેન્કોએ ઠપકો આપતાં કહ્યું.

પણ બોરિસ એમ ગાંજ્યો જાય એવો ન હતો. તેનામાં એક વિચિત્ર ખાસિયત હતી, અને તેથી નશાએ તેના પગ અને જીભને ઢીલી કરવાને બદલે, તેને બળિયલ અને જરા જરામાં ખિજાઈ જતો કરી મૂકી, નકામા ઝઘડા વહોરવા તરફ પ્રેર્યો હતો, અને વારવનિતા-ગૃહની એક ખાનગી ઓરડીમાં અનુચિત ગણાતા પ્લેટોનોવના તદ્દન સરળ અને સાચા દિલના વ્યવહારે આ આગમાં ઘીનું કામ કર્યું હતું. પરંતુ બોરિસના શબ્દો પ્રત્યે અખબારનવેશે અત્યાર સુધી જે દેખીતી બેદરકારી દાખવી હતી, તેથી તો તેનો ક્રોધ અનેકગણો વધી ગયો હતો.

"અને જુઓ તો ખરા કે આપણા જેવાઓની વચ્ચે બેસીને કેવી કેવી વાતો કરે છે!" બોરિસે હજી પૂર્વવત્ સ્વરે કહેવાનું ચાલુ રાખ્યું. "જાણે મોટો કોઈ વિદ્વાન અધ્યાપક, અનુભવી ન હોય!.. છાપાનાં પાના ભરી પેટ ભરનારો અને જ્યાં મફતિયું મળે ત્યાં દોડી જનારો!"

જેની, જે અત્યાર સુધી આંખોમાં એક નવીન જ પ્રકારનો ચમકાટ દાખવતી, એકીટશે બોરિસ તરફ જોઈ રહી હતી, તે હવે તાળીઓ પાડી બોલી ઊઠી:

"બરાબર છે! ..... શાબાશ, બચૂકડા વિદ્યાર્થી શાબાશ ... શાબાશ! ... હં ... બરોબર ખબર લઈ નાખજે! ખરેખર આ કેટલું બધું શરમભરેલું કહેવાય? એ આવશે એટલે હું એને બધી વાત અક્ષરેઅક્ષર કહી સંભળાવીશ."

"જોજે કાંઈ બાકી ન રહી જાય!" બોરિસે એક નાટકના એક્ટરની ઢબથી મોઢું વાંકુચૂકું કરતાં કહ્યું. "હું એનાથી ડરતો નથી. એની સામે હું બોલ્યો એ બધા શબ્દો પુનઃ કહી સંભળાવીશ."

"વાહ તો તો ખરો બહાદુર! મને તો હવે તું એટલો બધો વહાલો લાગે છે!" જેની એકદમ ગેલમાં આવી જઈ ટેબલ પર મૂઠી પછાડતી કહેવા લાગી. "તારા કે તેજમે ચંદ્ર છૂપે નહિ, સૂરજ છૂપે નહિ બાદલ છાયો!"

નાની માન્કા અને ટમારાએ આશ્ચર્યસહ જેની તરફ જોયું, પણ તેની આંખોમાંથી વરસતા ઝીણા ઝીણા ભયાનક ઝબકારા અને તેના નસકોરાનો ફુંફાડો જોઈ તેઓ બન્ને વસ્તુસ્થિતિ સમજી ગઈ અને સ્મિત કરી ચુપચાપ બેસી રહી.

નાની માન્કાએ હસતાં હસતાં અણગમો દાખવવા માથું ધુણાવ્યું. જ્યારે જ્યારે તેના તોફાની આત્માને લાગતું કે પોતાના કારણે જ ટૂંક સમયમાં કાંઈક બખેડો થશે, ત્યારે આ જ પ્રકારનો

ચમકાટ જેનીના ચહેરા પર જોવામાં આવતો.

"નકામો બખેડો ઊભો ન કરીશ બોરિસ, અહીં તો આપણે બધા સરખેસરખા જ છીએ." લિખોનીને કહ્યું.

ત્યાં ન્યુરા એક ઓશીકું લઈ આવી અને તેને સોફા પર ગોઠવીને મૂકયું.

"એને શું કામ લાવી છું? ચાલ, ઉઠાવી જા, આ કંઈ વીશી નથી." બોરિસે મોટે અવાજે કહ્યું.

"હવે, એને બિચારીને શું છે? એ કયાં તમારા માર્ગમાં આવે છે?" જેનીએ ટમારાનો બચાવ કરતાં મધુર અવાજે કહ્યું અને ઓશીકું ટમારાની પીઠ પાછળ છુપાવી દીધું. "ઊભા રહો, પ્રિયતમ, મને તમારી સાથે આવી બેસવા દો."

તે ટેબલ આગળ થઈ બોરિસ પાસે ગઈ અને તેને એક ખુરશી પર પરાણે બેસાડી, પોતે તેના ખોળા પર ચડી બેઠી. પછી બે હાથ વડે તેનું માથું પકડી, પોતા તરફ ખેંચી, તેણે તેને એવું તો જોશભેર ચુંબન લીધું કે બોરિસને શ્વાસ લેતાં પણ મુશ્કેલી પડી. તેની નજર સમક્ષ—દૃષ્ટિથી માત્ર બે આંગળ જ દૂર—તેણે એક સ્ત્રીની મોટી, કાળી, ચમકતી, અગમ્ય અને સ્થિર આંખોને જોઈ. પળવાર તેને લાગ્યું કે એ સ્થિર આંખોમાં ઊંડો ભયંકર તિરસ્કાર છુપાયલો છે, અને કોઈ અમંગલસૂચક અનિવાર્ય આપત્તિનું સૂચન કરતી ભયની ચમકારી તેના મગજમાં ઝબકારો મારી ગઈ. મહામહેનતે તેણે જેનીને પોતાથી છૂટી કરી અને તેને દૂર ખસેડી. શરમથી લાલચોળ બની જઈ, જોરથી હાંફતાં હાંફતાં તેણે કહ્યું: "તું બહુ જબરી છું! જાણે કોઈ પહેલવાન! તારું નામ તો જેનકા, નહિ? તું જબરી તોફાની છું!"

પ્લેટોનોવ પાશા સાથે પાછો ફર્યો. પાશાનો દેખાવ કરુણાજનક અને જોતાં ઘૃણા ઉપજાવે તેવો હતો. જાણે મુખ પરથી લોહી જ

ઊડી ગયું હોય તેવો ફિક્કો તેનો ચહેરો હતો : શૂન્ય, અર્ધમીંચેલી આંખો જાણે કે આછું મૂર્ખાઈભર્યું હાસ્ય કરતી હતી; તેના બે હોઠ જાણે કે કોઈ બે ભીના ફાટેલા લાલ ચીથરાના કકડા જેવા લાગતા હતા, અને જાણે કે એક પગ વધારે આગળ મૂકતી અને બીજો વધારે પાછળ મૂકતી એક પ્રકારની શરમાળ અનિશ્ચિત ચાલે તે ચાલતી હોય તેમ ભાસતું હતું. તે નમનતાઈથી સોફા સુધી આવી અને મુખ પર દેખાતા અસ્પષ્ટ અને મૂર્ખ હાસ્યને જરા પણ રોકયા વિના એ જ નમનતાઈથી તે તેના પર સૂઈ ગઈ. તેનો દેખાવ જ કહી આપતો હતો કે તેની શક્તિઓ બહેર મારી ગઈ હતી.

"માફ કરજો, સદ્‌ગૃહસ્થો, પણ હું કપડાં ઉતારવા ચાહું છું." પ્લેટોનોવે કહ્યું અને પોતાનો કોટ કાઢી તેણે પાશાને ઓઢાડયો. "ટમારા, એને થોડો દારૂ ને ચોકલેટ આપ."

બોરિસ પુનઃ એક ખૂણામાં જઈ, ભીંતને ટેકો દઈ એક પગ આગળ રાખી અને માથું ઊંચું રાખી ઊભો હતો. ઓચિંતા જ શાંતિનો ભંગ કરતાં પ્લેટોનોવને સંબોધીને અકડાઈથી તેણે કહ્યું: "એ . . . સાંભળ . . . તારું નામ શું ? . . . આ કોણ તારી રખાત છે ? હં . . ." અને પોતાનો પગ ઊંચો કરી તેણે સૂતેલી પાશાને દાખવી.

"શું . . . કહ્યું ?" પ્લેટોનોવે ભ્રમરો ચઢાવી જરા કર્કશ સ્વરે પૂછ્યું.

"કે પછી તું એનો આશક છે ? . . . બન્નેનો અર્થ તો એક જ થાય છે . . . અને આ સરભરાને અહીં શું કહેવામાં આવે છે ? . . . આવા જ લોકોને માટે અહીંની છોકરીઓ પહેરણો સીવે છે અને પોતાની પ્રમાણિક કમાણીમાંથી ભાગ આપે છે . . . નહિ ?"

પ્લેટોનોવ એકીટસે ઝીણી આંખો કરી તેના તરફ જોઈ રહ્યો. પછી એકેએક શબ્દને જુદા પાડતાં તેણે ધીમા અને કર્કશ સ્વરે પરંતુ સ્વસ્થતાપૂર્વક કહેવા માંડયું: "સાંભળ, અહીં આવ્યો ત્યારનો

તું મારી સાથે વિના પ્રયોજને તકરાર કરવા ઇચ્છે છે, પણ પહેલી વાત તો એ છે કે તું ભાનમાં છે એવો દંભ કરવા છતાં તું અત્યારે નશામાં ચકચૂર છું, અને બીજી વાત એ છે કે તારા મિત્રોને અંગે તને હું જતો કરું છું; પણ હવે પછી યાદ રાખજે કે જો આ રીતે મારી સાથે ઝઘડો કરવાની ઇચ્છા હોય, તો પહેલાં તારાં ચશ્માં ઉતારી પછી વાત કરજે!"

"એટલે?" ઓરિસે ખભા ચઢાવતાં અને નસકોરાં ફુલાવતાં કહ્યું: "એટલે? ચશ્માં? શેના ચશ્માં?" પણ યંત્રવત્ પોતે જ પોતાની બે આંગળીઓ વડે નાક પર ચશ્માંને ઠીક કર્યાં.

"એટલે એ જ કે હું પ્રસાદી આપું તે સમયે ચશ્માંના કાચના ટુકડા તારી આંખને નુકસાન ન કરે!" અખબારનવેશે પૂર્વવત્ શાંતિથી જવાબ આપ્યો.

ઝઘડાનો પ્રસંગ આમ અણધાર્યો બીજે માર્ગે વળી જવા છતાં કોઈ પણ હસ્યું નહિ. માત્ર એકલી નાની માન્કા જરા સ્તબ્ધ બની બે હાથ એક કરી જોઈ રહી. જેની ઉગ્ર ઉત્સુકતાથી એક પછી એક એમ બધા તરફ જોવા લાગી.

"એમ છે! તો તો એ પ્રસાદી પહેલાં હું જ તને ચખાડીશ." ઓરિસે બાલિશતા દાખવતાં જણાવ્યું. "માત્ર તારા જેવા . . ." અહીં તે એક નવો જ અપશબ્દ વાપરવા જતો હતો, પણ તેણે તેનો ઉપયોગ ન કર્યો. "દરેક સાથે . . . અને મિત્રો, હવે હું અહીં વધારે વાર થોભવા પણ માગતો નથી. હું આવા લોકોની સાથે ભળવા ટેવાયેલો નથી."

એટલું કહી તે તિરસ્કારસહ ઉતાવળે પગલે દ્વાર તરફ વળ્યો. તેમ કરતાં તેની દરેક હિલચાલને પશુની જેમ આંખના ખૂણામાંથી જોતા પ્લેટોનોવની બરાબર સામે થઈને જવાનું હતું. પળવાર ઓરિસના મનમાં ઇચ્છા થઈ આવી કે આમ જતાં જતાં અણ-

ચિંતવ્યો જ એક બાજુ પરથી અખબારનવેશ પર હુમલો કરવો અને પછી નાસી જવું; કારણકે તેને ખાત્રી હતી કે તેના મિત્રો વચ્ચે પડશે અને તેમને બન્નેને બાથંબાથા તો નહિ જ કરવા દે ! પણ બીજી જ પળે, અખબારનવેશ પ્રતિ જોયા વિના જ કોઈ એક પ્રકારની ઊંડી અભાન દૃષ્ટિથી તેની નજર પ્લેટોનોવના ટેબલ પર શાંતિથી પડેલા બે વિશાળ પંજા, વિશાળ કપાળવાળા હઠિલા મસ્તક અને ખુરશી પર આરામથી પડેલા પરંતુ કોઈ પણ પળે તત્કાળ હુમલો કરવાની તત્પરતા દાખવતા ટટાર અને કસરતી બદનને નિહાળી રહી, અને બોરિસ પોતાની પાછળ જોરથી બારણું બંધ કરતો બહાર નીકળી ગયો.

"ચાલ્લો, વચ્ચેથી બલા ઓછી થઈ." જેનકાએ બોરિસની મશ્કરી કરતાં કહ્યું. "ટમારા, મને થોડો કોગ્નેક આપ."

પણ ઊંચો વિદ્યાર્થી પેટ્રોસ્કી તેની જગ્યાએથી ઊભો થયો, કારણકે તેને લાગ્યું કે બોરિસના કૃત્યનો તેણે બચાવ કરવો જોઈએ. તેણે જણાવ્યું: "તમે ગમે તેમ માનો, અને તેમ માનવાનો તમને અંગત હક્ક છે, પરંતુ સદ્‌ગૃહસ્થો, આ તો સિદ્ધાંતનો સવાલ છે અને તેથી હું પણ બોરિસની સાથે જ જઈશ. ભલે તેણે ખોટું કર્યું હોય—તેમ કરવા માટે આપણે આપણી ખાનગી સભામાં તેના પર તિરસ્કારનો ઠરાવ લાવી શકીએ તેમ છીએ; પણ જ્યારે આપણા એક મિત્રનું આવું ખુલ્લું અપમાન થયું છે ત્યારે તો મારાથી અહીં વધારે સમય નહિ જ રહી શકાય."

"ઓ પ્રભુ!" લિખોનીને જરા ચિડાઈને કપાળ પર હાથ ઠોકતાં કહ્યું. "બોરિસ પોતે તદ્દન અસભ્યતાથી આખોય વખત વર્તતો હતો, તે તો કોઈ ધ્યાનમાં લેતું જ નથી ! આ તે કેવા પ્રકારની સંયુક્ત સ્વમાનની જવાબદારી ! આ તે કેવા પ્રકારનો સિદ્ધાંત ? અહીં પણ શું 'વૉક આઉટ'નું નાટક ભજવવાનું ? આપણે શું આપણા મિત્રોની મૂર્ખતા ઢાંકતા સરકારી અમલદારો છીએ ?

" જેવી તમારી ઇચ્છા, પણ હું તો મારા અંતરના અવાજને માન આપી ચાલ્યો જઈશ." પેટ્રોસ્કીએ જવાબ આપ્યો અને તે બહાર ચાલ્યો ગયો.

" મુઆ તુંય ફાટી પડજે ! " જેનીએ તેને જતી વખતે આશીર્વાદ આપ્યો.

માનવ આત્માના માર્ગો કેવા ભયાનક અને અગમ્ય હોય છે ! બોરિસ અને પેટ્રોસ્કી—બન્ને ગુસ્સામાં હોવા છતાં અમુક અંશે કંઈક સહાનુભૂતિથી વર્ત્યા હતા. બોરિસ, જેના પર હજી ક્રોધ અને નશાનો ભૂત સવાર હતો, તે હવે મિત્રો સમક્ષ જરા પણ હલકા પડયા સિવાય જેનકાને બોલાવી, તેની સાથે એકાંત સુખ ભોગવવાની રમ્ય કલ્પનાને ત્યાગી શકયો નહતો; જ્યારે એવી જ ઇચ્છા ધરાવતો પેટ્રોસ્કી પણ ત્રણ રૂબલ બોરિસ પાસેથી ઉછીના લેવા તેની પાછળ ચાલી નીકળ્યો. બહારના દીવાનખાનામાં એમનો સોદો નક્કી થયો અને એક મિનિટ બાદ વિદ્યાર્થીઓવાળા ખાનગી આવાસના બારણામાં ઝોસિયાબાઈનું નાનું, બાંડું, ગુલાબી અને બદમાશ મુખ દેખાયું.

" જેનકા, " તેણે કહ્યું. " જરા જા તો, પેલો તારાં કપડાં લઈને આવ્યો છે, ગણી લે તો ! અને ન્યુરા, તને પેલો નટ પોતાની સાથે શેમ્પેન પીવા બોલાવે છે. હમણાં તેની સાથે હેન્રીએટા અને મોટી માન્કા બેઠેલાં છે ! "

ત્યાં બેઠેલાંઓમાં—પ્લેટોનોવ અને બોરિસ વચ્ચેની અર્થહીન તકરાર—થોડો સમય વાર્તાલાપનો વિષય થઈ રહી. આવા પ્રસંગોએ અખબારનવેશને હંમેશાં શરમ, દિલગીરી અને અંતરમાં દુઃખ પેદા થતાં; અને બધા તેની તરફેણમાં હોવા છતાં પણ તેણે ગ્લાનિભર્યા સ્વરે જણાવ્યું: " મિત્રો, હું ચાલ્યો જાઉં એ જ વધારે સારો માર્ગ છે. મારે તમારામાં અંદરઅંદર શા માટે વિખવાદ ઉત્પન્ન કરાવવો !

દોષ અમારા બન્નેનો છે. હું જ ચાલ્યો જઈશ. બીલ માટે ચિંતા ન કરશો. જ્યારે હું પાશાને લેવા ગયો હતો, ત્યારે મેં સામિયનને ચૂકવી દીધું છે."

લિખોનીન આ સાંભળી માથાના વાળ પીંખતો ઊભો થઈ ગયો: "નહિ, તેમ બિલકુલ નહિ બને ! હું જ જઈને તેને પાછો અહીં ઢસડી લાવીશ. હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે તે બન્ને—બોરિસ અને પેટ્રોસ્કી ઉમદા માણસો છે; પણ હજી યુવાન છે, એટલે જરા જરામાં તેઓ તપી જાય છે. હું આ ચાલ્યો અને ખાત્રીથી કહું છું કે બોરિસ જરૂર પોતાના કૃત્ય માટે માફી માંગશે."

તે ગયો, પરંતુ પાંચ મિનિટમાં જ પાછો ફર્યો.

"આરામ કરે છે—" તેણે ગંભીરતાથી પણ નિરાશાજનક સ્વરે હાથ હલાવતાં જણાવ્યું. "બેય જણા."

[૧૨]

તે જ પળે સામિયન હાથમાં એક ટ્રે લઈ તે ઓરડામાં દાખલ થયો. ટ્રેમાં દારૂના બે ગ્લાસ તથા એક વિઝીટીંગ કાર્ડ હતાં.

"કોઈ કહેશો કે અહીં શ્રીમાન યારકેન્કો કોણ સદ્દગૃહસ્થ છે?" તેણે બધા તરફ જોતાં પૂછ્યું.

"હું છું." યારકેન્કોએ જવાબ આપ્યો.

"લ્યો સાહેબ, પેલા નટ ગૃહસ્થે આ મોકલાવ્યું છે."

યારકેન્કોએ વિઝીટીંગ કાર્ડ લઈ મોટેથી વાંચ્યું:

યુમેની પોલેકટોવીચ
એગમોન્ટ–લાવરેત્સ્કી
મેટ્રોપોલિટન થિયેટર્સનો પ્રસિદ્ધ અભિનયપટુ કલાકાર

પાવલોવે કહ્યું: "એ એક વિચિત્ર વાત છે કે આપણા બધાય રશિયન નટો ક્રિશાનટોવ, થીટીસોવ, મેમનટોવ, એપિમાખોવ અને એવાં જ મોટાં મોટાં નામો ધરાવતા હોય છે!"

"અને વધારે તો ગમત એ હોય છે કે એ પ્રસિદ્ધ નટોમાં કાં તો કોઈની જીભ તોતડાતી હોય છે કે કોઈ એવું લપલપિયું બોલનારો હોય છે કે ભાગ્યે જ કોઈ સમજી શકે."

"હા, અને સૌથી વધારે ગમ્મત તો એ છે આ કાર્ડ મોકલનાર મેટ્રોપોલીટન થિયેટર્સના પ્રસિદ્ધ અભિનયપટુ કલાકાર સદ્‌ગૃહસ્થ સાથે ઓળખાણ હોવાનું માન હું ધરાવતો નથી. હા, પણ આ કાર્ડની પાછળ કંઈક લખેલું છે. અક્ષરો તો કોઈ થોડું ભણેલા અને ખૂબ નશો કરેલાના જેવા લાગે છે." કહી ચારકેન્કોએ પાછળનું લખાણ વાંચવા માંડ્યું.

"ઓરડાના બારણા આગળથી અકસ્માત પસાર થતાં નજરે પડેલ મહાન રશિયન વિદ્વાન ગાવરીલા પેટ્રોવીચ ચારકેન્કોની તંદુરસ્તી માટે હું પીઉં છું. આપ મારી સાથે બેસી થોડો દારૂ પીઓ એવી મારી ઇચ્છા છે. તમને જો હું યાદ ન આવતો હોઉં તો રાષ્ટ્રીય નાટકશાળામાં ભજવાયેલ 'ગરીબી એ ગુનો નથી' યાદ કરશો કે જેમાં આ નમ્ર સેવકે આફ્રિકનની ભૂમિકા ભજવી હતી."

"ખરી વાત. એક વખત ત્યાં કોઈ સંસ્થાના લાભાર્થે નાટક ભજવાયું હતું, તેમાં મારે અનિચ્છાએ જવું પડયું હતું. હવે આ શ્રીમાનનું મુખ આછું આછું યાદ આવે છે . . . બોલો, ગૃહસ્થો, શો જવાબ આપું?" ચારકેન્કોએ તેના મિત્રમંડળને પૂછયું.

લિખોનીને સહૃભાવ દાખવતાં જવાબ આપ્યો: "એને જ અહીં બોલાવો. ગમ્મત પડશે."

"અને તમારો શું મત છે?" અધ્યાપકે પ્લેટોનોવને પૂછ્યું.

"મારે તો બધુંય સરખું જ છે. મારે એની સાથે થોડીઘણી

પિછાણુ છે. આવતાં જ એ પહેલી બૂમ તો એ નાંખશે કે 'બોય, શેમ્પેન ?' પછી પત્ની માટે આંસુ વહાવશે કે જે એના મત મુજબ દેવીસમ પવિત્ર છે—પછી એક દેશપ્રેમ દાખવતું ભાષણુ છોડશે અને છેવટે બીલ માટે ઝઘડો આદરશે; પણ તે વખતે બૂમાબૂમ નહિ કરે. કંઈ નહિ, બોલાવો. તેના આવવાથી બધાને ગમત તો જરૂર પડશે."

"તેને આવવા દો." વોલોડચાએ કેટીની પીઠ પાછળથી જણાવ્યું; કારણકે કેટી તે સમયે તેના ખોળા પર ચઢી બેસી પોતાના પગ ઝુલાવતી હતી.

"અને તમે શું કહો છો, વેલ્ટમેન ?"

"શું ?" ઓચિંતો ઝબકયો હોય તેમ તે વિદ્યાર્થીએ કહ્યું. તે તેના સોબતીઓ તરફ પીઠ ફેરવી બાજુમાં જ કોચ પર પાશા સૂતી હતી, ત્યાં બેઠો હતો અને તેના પર વાંકા વળી પોતાની મિત્રતા અને સહાનુભૂતિ દાખવવા ઘડીકમાં તેના ખભે, ઘડીકમાં તેના વાળ પર અને ઘડીકમાં તેના માથા પર લાંબો સમય થયા હાથ ફેરવતો હતો. જવાબમાં પાશા અર્ધમીંચ્યાં અને ધ્રૂજતાં નયનો વડે તેના તરફ સંકુચિત, નિર્લજ્જ અને અર્થહીન સ્મિત કરતી હતી. "શું ? શેની વાત છે ? હા . . . . . . હા . . . છો એ નટ આવતો. મને તેમાં કશો વાંધો નથી, બોલાવો."

યારકેન્કોએ સામિયન મારફત આમંત્રણ પાઠવ્યું. નટ આવ્યો અને તરત જ પોતાના અભિનયનું પ્રદર્શન કરવા માંડયું. દ્વારમાં પેસતાં જ ત્યાં આગળ તે અટકી ગયો. તેણે રેશમી પટીઓ ચોડેલો લાંબો કોટ પહેર્યો હતો અને ચળકતી રંગભૂમિની ટોપી હાથમાં છાતી સરસી ધરી હતી—જાણે રંગભૂમિ પર કોઈ મહાન બેંકર કે મહાન વ્યક્તિના પ્રવેશનું દશ્ય ન હોય ! અને સત્યતઃ પોતાના અંતરમાં તો એ આવા પ્રકારની વ્યક્તિઓની જ કલ્પના કરતો હતો.

"મારા આગમનથી આપને કાંઈ ખલેલ પડતી તો નથી ને ?"

તેને અંદર આવવાની રજા આપવામાં આવી, અને તેણે આગળ વધી પોતાની ઓળખાણ આપવા માંડી. હસ્તધૂનન કરતાં તે કોણી એટલી આગળ લાવ્યો અને એટલી ઊંચી કરી કે તેમ કરતાં હાથ તો ઘણો નીચો રહી ગયો. હવે તે બેંકનો ડીરેકટર મટી જઈ કોઈ ચતુર, ઉમદા ખવાસ ધરાવતો યુવાનોનો માનીતો ખેલાડી બની ગયો હતો; પણ તેની ગંદી મોટી ભમરો અને પાપણો વગરના પોપચાંવાળું મુખ કહી આપતું હતું કે તે દારૂડિયો, વ્યભિચારી અને ક્રૂર માણસ હતો. જે બે છોકરીઓ તેની સાથે દારૂ પીતી હતી તે પણ અંદર આવી. તેમાં એક તો હતી આનાના વારવનિતાગૃહમાં ઉમ્મરમાં સૌથી મોટી, અનુભવવૃદ્ધ, તેમ જ ટ્રામના ઘોડાની જેમ દરેક વસ્તુથી ટેવાયેલી હેન્રીએટ્ટા. તેનો અવાજ કંઈક ઘોઘરો હોવા છતાં હજી તેણે પોતાનું સૌંદર્ય જાળવી રાખ્યું હતું; અને બીજી હતી મોટી માન્કા. હેન્રીએટ્ટા આગલી રાતથી આ નટની સાથે હતી કારણકે તેને તે બહાર એક હોટેલમાં પોતાની સાથે રાત વિતાવવા લઈ ગયો હતો.

પણ યારચેન્કોની બાજુમાં જ બેસતાં આ નટ મહાશયે જાણે કે પોતે કોઈ સરળ હૃદયનો જમીનદાર હોય, અને એક વખત પોતે પણ વિદ્યાપીઠનો વિદ્યાર્થી હોઈ પોતે હવે નવા વિદ્યાર્થીઓ તરફ પિતૃત્વભરી સહાનુભૂતિ દાખવતો હોય—તેવા પ્રકારનો નવો જ સ્વાંગ ધારણ કર્યો.

"સાચુંજ કહું છું, સદ્‌ગૃહસ્થો, કે આ સંસારની જંજાળમાં ફસાયા પછી આત્મા માત્ર યુવાનોના સંગમાં જ આરામ મેળવી શકે છે." એક નટની અદાથી ભાવ દર્શાવવા મોંને વાંકુચૂકું કરતાં તે બોલ્યો. "આદર્શે પહોંચવાની તમન્ના! કંઈક કરી બતાવવાની પ્રમાણિક ઇચ્છા! . . . રશિયાના વિદ્યાર્થીજગત કરતાં જગતમાં બીજી કોઈ વધારે ભવ્ય અને પવિત્ર સંસ્થા નથી . . . બોય! શેમ્પે . . . ન!" તેણે ઓચિંતા કાન ફાડી નાખે તેવા અવાજે બૂમ મારી અને ટેબલ પર જોરથી મૂઠી ઠોકી.

લિખોનીન અને યારકેન્કો આ નટનો દારૂ મફત પીવા ઇચ્છતા ન હતા, એટલે ત્યાં પુનઃ પાછી દારૂની છોળો ઊડવા લાગી. ઈશ્વર જાણે ક્યાંયથી ગાનાર મિશકા અને કારકુન નીકી પણ ત્યાં આવી પહોંચ્યા અને તેમના બેતાલ સૂરે ગાવા લાગ્યા.

એવામાં રોલીપોલી પણ જાગૃત થતાં ત્યાં આવી પહોંચ્યો. ગરીબડું મોં કરી તે યાચના કરવા લાગ્યોઃ "શેઠ સાહેબો . . . આ બુઢ્ઢા પર પણ રહેમ નજર રાખજો !"

આમ મિજલસ જામતી જોઈ લિખોનીનને અત્યંત આનંદ થતો હતો; પણ યારકેન્કોને જેમ જેમ દારૂ ચઢતો ગયો તેમ તેમ તેના ભવાં ઊંચાં ચડવાં લાગ્યાં. ટૂંક સમયમાં જ ત્યાં ગરબડાટ અને સિગારેટના ધુમાડાનું સામ્રાજ્ય વ્યાપી ગયું. સામિયને ભડોભડ પડદા નાખી દીધા. એ ગૃહની બીજી છોકરીઓ પણ—કોઈ મહેમાનથી છૂટી પડતાં નવરી થઈને અને કોઈ નૃત્ય વચ્ચેથી આરામ લેવાને બહાને—ત્યાં આવી પહોંચતી, મહેમાનોના ખોળા પર ચડી બેસી, સિગારેટ ફૂંકતી, દારૂ પીતી અને ચુંબનોનો વરસાદ વરસાવતી—વળી ઘડીકમાં ત્યાંથી ચાલી જતી અને પુનઃ પાછી ફરતી. કેરેશકોસીના કારકુનોને આથી ખોટું લાગ્યું, કારણકે છોકરીઓ દીવાનખાનામાં બેઠેલાઓ કરતાં ખાનગી ઓરડામાં બેઠેલા તરફ વધારે ધ્યાન આપતી હતી અને તેથી બડબડાટ કરવા મંડયા અને વિદ્યાર્થીઓ પાસે આવી તેમને ધમકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ સામિયને ત્યાંથી આવતાં જતાં બેચાર એવા સત્તાસૂચક શબ્દો વાપર્યા કે બિચારા ઠંડા પડી ગયા.

થોડી વારમાં ન્યુરા તેની ઓરડીમાંથી પાછી ફરી અને તેની પાછળ જ પેટ્રોસ્કી પણ અંદર આવ્યો. પેટ્રોસ્કીએ ગંભીરતા ધારણ કરી જાહેર કર્યું કે પોતે આ બધોય વખત બહાર સડકો પર ફરતો ફરતો અહીં બનેલા બનાવ પર વિચાર કરતો હતો, અને અંતે એવા નિર્ણય પર આવ્યો હતો કે બોરિસનું વર્તન યોગ્ય ન હતું; પણ

તેમાં તેનો દોષ ન હતો; કારણકે તે સમયે તેણે વધારે દારૂ પીધેલો હોઈ તેનું મગજ ઠેકાણે ન હતું. એવામાં જેની એકલી જ ત્યાં દાખલ થઈ, કારણકે બોરિસ નિદ્રાને સ્વાધીન થયો હતો.

નટ મહાશય અત્યારે પૂર બહારમાં ખીલ્યા હતા. બારીના કાચ પરથી એક દારૂડિયો મધમાખી પકડવા પ્રયત્ન કરે ત્યારે થતા માખીના ગણગણાટનું સુંદર રીતે તેણે અનુકરણ કરી બતાવ્યું. પછી કોઈ ગભરાઈ ગયેલી સ્ત્રી ટેલિફોન પર કેવી રીતે વાત કરે તેનું અનુકરણ કરી દેખાડયું. તે પછી ગ્રામોફોનમાંથી આવતા અવાજોનું તથા એક ઇરાની છોકરા અને વાંદરાની રમતનું અનુકરણ કરી દેખાડયું. આ છેલ્લા પ્રયોગ વખતે તેણે જાણે પોતાના ગળાની સાંકળ હાથે પકડી હોય તેવી રીતે કરી વાંદરાની માફક હેઠે બેસી દાંત દેખાડયા અને આંખો મટમટાવી ઘડીકમાં પોતાને માથે તો ઘડીકમાં બીજે નખોરિયાં ભરવા પ્રયત્ન કર્યાં. આમ કરતાં તે નાકમાંથી અવાજ કાઢી એક ગીત પણ સાથે ગાતો જતો હતો.

અંતે તેણે નાની માન્કાને પોતાના બે હાથ વડે છાતી સાથે દબાવી પોતાના લાંબા કોટમાં સમાવી દીધી, અને તે વખતે રશિયામાં જ્યાં ત્યાં જોવામાં આવતા પૂર્વના પ્રદેશોના છોકરાઓ પોતાના નાના વાંદરાનાં બચ્ચાને છાતી સરસું દાબી ભીખ માગતાં કેવું ગરીબડું મોં કરે છે તેનું અનુકરણ કરી દાખવ્યું. જાડી કેટીને આ રમતની ખબર હતી, તેથી તેણે કડક સ્વરે પૂછયું: "તું કોણ છું ?"

"હું એક ગરીબ સરબિયન છું. કાંઈક આપોને બા." તેણે ગૂંગણા અવાજે કહ્યું.

"તારા વાંદરાનું નામ શું છે ?"

"માટ્રૅશ્કા . . . બહુ ભૂખ્યો છે . . . તેને માટે કાંઈ આપો . . ."

"તારી પાસે પરવાનો છે કે ?"

"અમે તો બા, સરબિયાના વતની ! . . બાઈ, કાંઈક આપો . .
. . . તમારું ભલું થશે . . ."

ટૂંકમાં ત્યાં પહેલાં જે નિરાશામય વાતાવરણ ફેલાયું હતું તે આ નટના આગમન પછી હવે દૂર થઈ ગયું અને દરેક જણ પ્રફુલ્લિત બની આનંદ ઉડાડતું હતું. આમાં ઉમેરો કરતો હોય તેમ નટ દરેક મિનિટે બૂમ મારતો હતો: "બોય, શેમ્પેન !" પણ સામિયન આ નટની રીતભાતથી માહિતગાર હોઈ તેની બૂમો તરફ ધ્યાન આપતો નહોતો.

ત્યાં ઘોંઘાટિયું અને અર્થહીન એવું સંપૂર્ણ રશિયન વાતાવરણ ફેલાઈ ગયું હતું. ગુલાબી ચહેરો અને જાડા વાળવાળો, આનંદી ટોલ્પીજીન 'કારમેન' નામના નાટકમાંથી પિયાના પર એક ગીત ગાતો હતો અને રોલીપોલી એ ગીતના સૂરને અનુરૂપ નૃત્ય કરતો, આમથી તેમ હાથપગ ઉછાળતો, ઘડીકમાં આમ કૂદતો અને ઘડીકમાં તેમ કૂદતો, વચ્ચે વચ્ચે નીચે બેસી જઈ જોરથી બૂમો પાડતો હતો.

"અરે, આવા એક નૃત્ય માટે તો બ્રાન્ડીની આખી બાટલી પણ ઓછી છે !" તે પોતાના લાંબા ભૂરા વાળ વીંઝતો વચ્ચે વચ્ચે બોલતો હતો.

"વાહ જી, વાહ !" ઊંઘથી ઘેરાતી આંખોને પરાણે ઉઘાડવા પ્રયત્ન કરતા બે મિત્રો વચ્ચે મોટેથી બોલી ઊઠયા.

હવે નટ મહાશયે કોથળીમાંથી એક પછી એક વસ્તુઓ બહાર કાઢતા મદારીની માફક બીભત્સ વાતોનો ભંડાર ખુલ્લો મૂકયો અને તે સાંભળી વારવનિતાઓ આનંદથી વાંકી વળી ચીસો નાંખવા મંડી. વેલ્ટમેન જે અત્યાર સુધી પાશા જોડે કોઈ ન દેખે તેમ ધીમે સ્વરે વાતો કરતો હતો, તે આ ગડબડાટનો લાભ લઈ ઓરડા બહાર સરકી ગયો અને થોડી મિનિટ બાદ પાશા પણ તેના પૂર્વવત્ શરમાળ, શાંત અને મૂર્ખ સ્મિતસહ તેની પાછળ બહાર ચાલી ગઈ.

બાકીના વિદ્યાર્થીઓમાંથી પણુ—લિખોનીન સિવાય—એક પછી એક દરેક વિદ્યાર્થી કોઈ ચુપચાપ, તો કોઈ બહાનું બતાવી, બહાર ચાલ્યા ગયા અને લાંબા સમય સુધી પાછા ફર્યા નહિ. વોલોડયા પાવલોવને નૃત્ય જોવાનું મન થયું હતું; ટોલ્પીજીનનું માથું દુઃખતું હોઈ તેણે ટમારાને પોતાને બહાર લઈ જઈ કોઈ જગ્યાએ માથે પાણી રેડવાની જગ્યા બતાવવા જણાવ્યું; પેટ્રોસ્કીએ ચુપચાપ લિખોનીન પાસેથી ત્રણ રૂબલ ઉછીના લીધા અને બહાર જઈ ત્યાંથી નાની માન્કાને બોલાવવા ઝોસિયાને મોકલી, એટલું જ નહિ પણ ગંભીર અને સમજુમાં ગણાતો રામસેસ પણ જેનીના આજના અપ્રતિમ સૌંદર્ય આગળ નમી પડ્યો. તેણે એમ જાહેર કર્યું કે સવારમાં તેને ઘણું જ અગત્યનું કામ હતું તેથી જો બને તો ઘેર જઈ થોડી ઊંઘ લેવાની તેને જરૂર હતી; પણ મિત્રોની વિદાય લીધા પછી ઓરડાની બહાર જતાં પહેલાં તેણે આંખના અણુસારે જેનીને પોતાની પાછળ આવવા જણાવ્યું. તે આ અણસારો સમજી ગઈ અને જવાબમાં અનુમતિ દાખવવા પોતાની આંખો નીચી ઢાળી દીધી અને જ્યારે પુનઃ તેણે આંખો ઊંચી કરી ત્યારે પ્લેટોનોવ—જેણે આ મૂંગો સંવાદ જોયો હતો, તે જેની રામસેસની પૂંઠે જે ઘૃણાત્મક દૃષ્ટિથી જોતી હતી—તે જોઈ જરા પણ અજબ થયો નહિ. પાંચેક મિનિટ બાદ તે બોલી: " માફ કરજો, હું હમણાં જ પાછી આવી. " કહી પોતાનો ઘાઘરો ઘુમાવતી તે બહાર ચાલી ગઈ.

" હવે ! લિખોનીન, તારો વારો કે ? " અખબારનવેશે મશ્કરી કરતાં પૂછ્યું.

" ના જી, તમે ભૂલ કરો છો ! " લિખોનીને જવાબ આપ્યો અને પછી જીભનો ડચકારો કર્યો. " તેમ કરતાં મને મારો કોઈ સિદ્ધાંત કે માન્યતા અટકાવતાં નથી . . . હું એક અશાસકવાદી હોઈ એમ જણાવવા માગું છું કે વસ્તુઓ જેટલી ખરાબ તેટલી જ

અમારા માટે વધારે સારી . . . પણ સદ્‌ભાગ્યે મને જુગારનો શોખ હોઈ, તેમાં જ હું મારી સર્વ શક્તિઓનો વ્યય કરું છું : તેને લીધેજ મારા પર આ પાશવિક વૃત્તિનું જોર ચાલતું નથી . . . એ એક આશ્ચર્ય પામવા જેવી બાબત છે કે ઘણી બાબતોમાં આપણે સહમત થઈએ છીએ. હું તમને એ જ વિષય પર પૂછવાનું કરતો હતો."

"મને, ના, તેવું કાંઈ નથી. હું તો જ્યારે બહુ શ્રમિત થઈ ગયો હોઉં છું ત્યારે ઘણી વાર અહીં આવી સૂઈ જાઉં છું. સામિયન પાસેથી તેની નાની ઓરડીની ચાવી લઈ તેના નાના કોચ પર ઊંઘી જાઉં છું; ઉપરાંત હવે તો ગૃહની બધી છોકરીઓ પણ એમ માનતી થઈ ગઈ છે કે મારા તરફથી તેમને ભય રાખવાનું કાંઈ કારણ નથી."

"સાચે જ . . . તમે કદાપિ પણ . . . ?"

"કદાપિ પણ નહિ."

"ખરી વાત છે. પ્લેટોનોવ તો એક સાધુ જેવા છે." ન્યુરાએ જણાવ્યું.

"આશરે પાંચેક વર્ષ પહેલાં મારામાં પણ આ પ્રકારની વૃત્તિઓ ઉદ્‌ભવી હતી." પ્લેટોનોવે કહ્યું. "પણ સાચે જ એ ઘણી કંટાળાભરી અને ઘૃણાત્મક વૃત્તિઓ છે. હમણાં જ પેલા નટે અનુકરણ કરતાં મધમાખીઓ બતાવી હતી, લગભગ તેવા પ્રકારની. તે બધીય બારી પર ચોટેલી હોય છે અને કોક મૂર્ખ માનવી થોડો સમય તેમના પર કબજો મેળવવા પ્રયત્ન કરે છે અને પાછો સદાને માટે છૂટો પડી જાય છે; અને અહીં પ્રણય . . . ? હું એને માટે યોગ્ય વ્યક્તિ નથી. હું ખૂબસૂરત પણ નથી, તેમ સ્ત્રીઓને જોઈ હું શરમથી અને મૂંઝવણથી સભ્યતાપૂર્વક દૂર જ રહ્યા કરું છું. જ્યારે અહીં તો વિષયલાલસા, ભયંકર અદેખાઈ, આંસુ, વેરઝેર, મારફાડ અને આત્મભોગ—ટૂંકમાં અહીં ઉત્તેજક અદ્‌ભુતતા જ પ્રમુખપણે હોય છે; અને તેમ હોવાનું કારણ પણ સહેલાઈથી સમજી શકાય

તેવું છે. દરરોજ જ્યારે તેમની સમક્ષ પ્રેમનો દંભ કરતાં ભાયણો થતાં હોય છે, ત્યારે સ્ત્રીઓનાં હૃદય શુદ્ધ પ્રેમને જ વાંછી રહ્યાં હોય છે. પણ પ્રેમમાં કાંઈક લહેજતદાર હોવું જોઈએ એવું અનિચ્છાએ પણ લોકો ઇચ્છતા હોય છે. તેમને માત્ર પ્રેમના શબ્દો નથી જોઈતા, તેઓ તો પ્રેમના કરુણાંત કૃત્યોની ઇચ્છા રાખતા હોય છે; અને તેથી આ સ્ત્રીઓ હંમેશાં ચોર, ખૂની, બદમાશો અને એવા બીજા નાલાયકોને જ વધારે ચાહે છે."

"અને સૌથી અગત્યનું એ છે કે મારી અને તેમની વચ્ચે જે મિત્રતા બંધાઈ છે તે એ જ કારણસર તેથી નાશ પામે." પ્લેટાનોવે ઉમેર્યું.

"મશ્કરીની પણ હદ હોય છે." લિખોનીને પ્લેટાનોવના શબ્દોનો વિરોધ કરતાં કહ્યું. "તો પછી શાથી તમને ઘણોખરો સમય અહીં વિતાવવાની ફરજ પડે છે? જો તમે કોઈ લેખક હોત, તો તે પ્રશ્ન નિરાળો હતો. તો તો સહેલાઇથી જવાબ મળી રહેત કે તમે પાત્રાલેખન અર્થે યોગ્ય પાત્રોની શોધ કરો છો: તેમનાં જીવનનું નિરીક્ષણ કરો છો . . . જેમ પેલો જર્મન પ્રોફેસર વાંદરાઓની ભાષા અને રીતભાત સમજવા ત્રણ વર્ષ સુધી તેમના ભેગો રહ્યો હતો, પણ તમે પોતે એ તો જાહેર કરી ચૂકયા છો કે તે વિષે કાંઈ લખવા તો ઇચ્છતા નથી!"

"હું લખવા ઇચ્છતો નથી તેમ નથી—માત્ર હું તે વિષે લખી જ શકતો નથી એ મૂળ વાત છે."

"એ આપણે બન્ને લખીશું. હવે એક બીજા પ્રશ્નનો વિચાર કરીએ. તમે અહીં પતિતોના ઉદ્ધારાર્થે-તેમને જીવનનો સાચો માર્ગ બતાવનાર મહાત્મા તરીકે આવતા હશો. તમને ખબર તો હશે કે ખ્રિસ્તી ધર્મના પ્રારંભના યુગમાં તે ધર્મના કેટલાક પાદરીઓ જંગલમાં વસવાને બદલે મઠમાં ભરાઈ જાહેર માર્ગો, પતિતોનાં

સ્થાનો અને એવી જગ્યાઓની મુલાકાત લેતા, પણ તમારી ગણત્રી તેમાં પણ થઈ શકે તેમ નથી."

"ખરી વાત છે. હું તેવી દૃષ્ટિથી અહીં આવતો નથી."

"તો પછી તમારો અહીં આવવાનો હેતુ શું છે? હું જોઈ શકું છું કે અહીં એવું ઘણું છે કે જેનાથી તમને ઘૃણા ઉત્પન્ન થતી હશે, તમારા આત્માને અત્યંત દુઃખ અને કલહ થતાં હશે. દાખલા તરીકે, આ મૂર્ખ બોરિસ સાથેની વ્યર્થ તકરાર, આ બૈરાંઓ પર હાથ ઉગામતો આ દરવાન. ટૂંકમાં અહીં બધું જ છે—બીભત્સતા, નિર્લજ્જતા અને દારૂનું સામ્રાજ્ય! તમે વ્યભિચાર નથી કરતા એ હું માની શકું છું, પણ તમારો અહીં આવવાનો મૂળ હેતુ શું એ પ્રશ્ન હજી મારે મન તો અણઉકેલ રહ્યો છે."

અખબારનવેશે આનો તરત જ જવાબ ન આપ્યો; પછી તે પહેલી જ વાર સત્ય વાત જાહેર કરતો હોય તેમ ધીમે સ્વરે કહેવા લાગ્યો: "હું આ જીવન તરફ આકર્ષાયો છું કારણકે . . કેવી રીતે કહું! . . . તેની ભયંકર નગ્ન સત્યતાને લીધે. જાણે કે રૂઢિઓનાં સર્વ આવરણોને અહીં તોડીફાડીને દૂર કરવામાં આવ્યાં છે. અહીં નથી કોઈ પણ પ્રકારનું જૂઠાણું, કે નથી કોઈ દંભ, નથી પવિત્રતાનો ડોળ, કે નથી કોઈ પણ પ્રકારની ખાનગી રીતે થતી સમજુતીઓ—પછી ભલે એ જાહેર પ્રજામતનો પ્રશ્ન હોય કે વંશપરંપરાની આબરૂનો પ્રશ્ન હોય કે પછી પોતાના અંતરાત્માનો પ્રશ્ન હોય. કોઈ પણ પ્રકારના ખોટા દંભ કે ખોટી શોભાને અહીં સ્થાન જ નથી. અહીં તો તે પોતે–'હું' એ સ્વરૂપે જ હાજર હોય છે. અને આ 'હું' કોણ? એક જાહેર વારવનિતા–એક અધમાવસ્થાને છેલ્લે પગથિયે પહોંચેલી વ્યક્તિ–શહેરની વધારા પડતી વિષયવાસનાને વહી જવા માટેની ગટરનું મુખ્ય દ્વાર! જેની ઇચ્છા હોય તે કોઈ પણ અહીં આવે—અહીં કોઈને પણ ના કહેવામાં આવતી નથી—એ જ આ ધંધાનો મુખ્ય આદર્શમંત્ર

હોય છે, પણ આ ક્ષણભરની વિષયવાસનાની તૃપ્તિના બદલામાં તારે તેની કિંમત નાણાં, રોગ, ઘૃણા ને અપજશમાં ભરી આપવી પડશે. બસ એટલું જ! ટૂંકમાં મનુષ્યજીવનનું બીજું એક પણ અંગ એવું નથી કે જ્યાં સત્ય આટલી ભયંકરતા, આટલી સ્પષ્ટ રીતે, આટલી સચોટતાથી–કંઈ પણ ઢાંકપિછોડા કે દંભ વગર પ્રકાશમાન થતું હોય!"

"હું નથી માની શકતો. આ સ્ત્રીઓ તો શેતાનને પણ શરમાવે તેવું બોલતી હોય છે. પોતાનો પ્રથમ અધઃપાત કેવી રીતે થયો તે વિષે તો જરા પૂછી જોજો! એવી તો બનાવટી વાત જોડી કાઢશે!"

"પણ એ પૂછવાની જરૂર જ શી છે? તમને તે પ્રશ્ન પૂછવાનો અધિકાર પણ શો છે? અને તેમનું જૂઠાણું લગભગ બાળકોના જૂઠાણાં જેવું હોય છે, અને એ તો તમે જાણો છો કે બાળકો જેવું વાતો જોડી કાઢનાર જગતમાં કોઈ જ હોતું નથી—તે સાથે જ તેમનાં જેવું નિષ્કપટ પણ કોઈ હોતું નથી; અને એ પણ એક સમજવા જેવી બાબત છે કે એ બન્ને, બાળકો અને વારવનિતાઓ, આપણી–પુરુષોની અને મોટેરાંઓની–સમક્ષ જ જૂઠું બોલે છે. તેઓ અંદરઅંદર કદાપિ જૂઠું બોલતાં નથી—કોઈ કોઈ વાર માત્ર ઈશ્વરપ્રેરિત શીઘ્ર રચનાઓજ કરી જાય છે. પણ તેઓ આપણી આગળ અસત્ય વદે છે, કારણકે આપણે તે તેમની પાસેથી માગીએ છીએ; આપણે આપણને સાવ અજાણ, એવા તેમના આત્માઓ પર, આપણી મૂર્ખ, દાવપેચભરી વાતો અને સવાલોથી દબાણ લાવીએ છીએ, ખાનગીમાં તેઓ આપણને મહાન મૂર્ખ અને બુદ્ધિહીન ઢોંગી સમજે છે. તમે કહો તો હમણાં હું મારી આંગળીઓના વેઢે ગણાવી આપું કે કયા પ્રસંગોએ વારવનિતા પુરુષો આગળ જૂઠાણું આદરે છે, અને તમને પોતાને ખાતરી થશે કે પુરુષો જ તેને જૂઠું બોલવા પ્રેરે છે."

"ઠીક છે, ઠીક છે, જોઈશું."

"પ્રથમ તો એ કે તે પોતાની જાતને સ્વરૂપવાન બનાવવા દયાહીન રીતે રંગે છે અને આમાં કેટલીક વાર તે પોતાના સ્વાસ્થ્યનો પણ ભોગ આપે છે. શા માટે? કારણકે મોઢે ખીલવાળો દરેક લશ્કરી બાળસૈનિક, જે ઉમ્મરે પહોંચતાં પોતાની સજાતીય ચેતનાને લીધે વસંત ઋતુમાં ફડફડાટ કરતા પક્ષી જેવો હોય છે તે, અથવા તો કોઈ સરકારી ખાતાનો સાધારણ કારકુન કે સામાન્ય પાદરી—જેને ઘેર સગર્ભા બૈરી અને નવ બાળકો હોય છે—તે બન્ને, અહીં માત્ર સામાન્ય વિષયવાસનાની તૃપ્તિ અર્થે નથી આવતા હોતા. તેઓ તો અહીં આનંદપ્રમોદ કરવા પધારેલા હોય છે: તેમને તો સૌંદર્યનું પાન કરવું હોય છે—જોજો આ આપણા સૌંદર્યપૂજકો! પણ આ બધી છોકરીઓનો, આ સરળ અને નિખાલસ રશિયન પ્રજાની દીકરીઓનો આવા સૌંદર્યપૂજકો માટે શું મત હોય છે? 'ગળ્યું એટલું મીઠું અને રાતું એટલું રૂપાળું!' અને પરિણામે તમને મળે છે આ સુરમો, સફેદ સીસું અને કૃત્રિમ રંગોથી રંગાયલી સુંદરીઓ!

"હવે બીજી વાત! આ મહાન વીરો માત્ર સૌંદર્ય એકલાની જ ઇચ્છા નથી ધરાવતા હોતા! ના, ના, તેમને તો તેમના માત્ર એક ચુંબનથી જ તે સ્ત્રીની નસેનસમાં કામદેવ પ્રગટ થતો હોય તેવો સાફલ્ય પ્રેમ જોઇતો હોય છે. ઠીક, તમારે એવું જોઈએ છીએ? તો એવું પણ હાજર છે! અને તેથી આ સ્ત્રીઓ તેમની સમક્ષ હાવભાવ અને શરીરના હલનચલનદ્વારા જૂઠાણું આદરે છે અને પુરુષો પોતે પણ આત્માના ઊંડાણુમાંથી આ વ્યવસાયિક છેતરપીંડી વિષે માહિતગાર હોય છે, નહિ તો તેઓ પોતાની જાતને છેતરે છે અને મનમાં જ ફુલાય છે: 'અહા, હું કેવો સુંદર પુરુષ છું! અહા, સ્ત્રીઓ મારી પાછળ કેવી ગાંડી થઈ જાય છે! અહા, હું તેમને કેવી રમાડું છું?'

"પરંતુ, તમે તો જાણતા હશો કે સૌથી અધમ એવો પુરુષ પણ,

પોતાનાં આ વખાણ થતાં જુએ છે અને સમજે છે કે એ માત્ર ખોટાં વખાણ છે, છતાં એવા પણ કેટલાય મનુષ્યો હોય છે કે જેમના આત્મામાં એક પ્રકારની આનંદની લાગણીઓ પ્રસરી વળે છે અને તેથી જ આપણો એ પ્રશ્ન કે આ જૂઠાણું આદરવા કોણ પ્રેરે છે !

"અને હવે શ્રીમાન્ લિખોનીન, આપણે ત્રીજો મુદ્દો લઈએ કે જે તમે પોતે જ ઊભો કર્યો છે. તેને જ્યારે પૂછવામાં આવે છે કે, 'તું આ જીવનમાં શાથી આવી પડી?' ત્યારે તે ખોટા બનાવટી જ જવાબ આપે છે; પણ હું પૂછું છું કે તમને એ પ્રશ્ન પૂછવાનો શો અધિકાર છે? કારણકે તેણે તમારા અંગત જીવનમાં કાંઈ બળજબરીએ પ્રવેશ કર્યો હોતો નથી. તે કદાપિ પણ, તમારા પ્રથમ પ્રણય યા તમારી બહેનો અને તમારી પત્નીના શિયળ માટે જાણવા ઉત્સુક હોતી નથી. કદાચ, એમ હશે કે તમે પૈસા આપતા હોવાથી તમે તે અધિકાર મેળવ્યો હશે! ઠીક, કૂટણી, દલાલ, પોલીસ, દવાખાનાં અને સ્થાનિક સરકાર એ બધાં તમારું હિત સાચવવા હાજર હોય છે. તમે જે પૈસા આપો છો તેના બદલામાં, નાણા આપી ભાડે રોકેલી આ વારવનિતા, તમારી સાથે પૂરતી સભ્યતાસહ વર્તવા બંધાયલી હોય છે અને એ રીતે તમારું વ્યક્તિત્વ ચારે તરફથી સંરક્ષિત હોય છે . . . જો કે ખરી રીતે જોતાં તો તમારા આ અર્થહીન અને કદાચ અંતરમાં વેદના ઉત્પન્ન કરે તેવા પ્રશ્નોના જવાબમાં સામાન્ય સંજોગોમાં તો તમને લપડાકનો જ સ્વાદ મળવો જોઈએ; પણ તમે તો તમારા પૈસાના બદલામાં સત્ય જાણવા પણ ઇચ્છતા હો છો. જો કે એ સત્ય જાણ્યા પછી તમે નથી તેથી કાંઈ વધારે ફાયદો મેળવવાના કે નથી આ ધંધાના ઉદ્ધારાર્થે પ્રવૃત્ત થવાના. પરિણામે, તમે રૂઢિ અને ચાલતી વાયકાઓના દાસ હોઈ, તમે સાવ સહેલાઈથી સમજી શકો તેવી એક વાત તે તમને કહેશે; કારણકે તમને તો જીવન જ કાં તો અવ્યવહારુ અને કંટાળાભર્યું લાગતું હશે યા તો જીવન જેટલું અસંભવિત

કોઈ શકે તેટલું અસંભવિત ભાસતું હશે, એટલે તમારી સમક્ષ કાં તો સૈનિક, કાં તો કારકુન, કાં તો કુમારી અવસ્થામાં જન્મેલું બાળક વગેરે એવી જ જોડી કાઢેલી વાતો રજૂ થાય છે . . . . પણ લિખોનીન, હું તમને બીજા માણસોની કક્ષામાં મૂકતો નથી; કારણકે તમારા આત્મામાં મને મહાનુભાવતા અને નિખાલસતા દેખાય છે . . . ચાલો, તમારી તંદુરસ્તી ઇચ્છી થોડો દારૂ પીએ!"

અને તેમણે પુનઃ એક એક ગ્લાસ પૂરો કર્યો.

"આગળ બોલું? તમને કંટાળો તો નથી આવતો ને?" પ્લેટોનોવે પૂછ્યું.

"ના, ના. બલ્કે મને તો એમાં ખૂબ જ રસ પડે છે."

"હા, તેઓ જરૂર જૂઠાણું આદરે છે—પણ નિર્દોષતાપૂર્વક, ખાસ કરીને રાજકીય વિચારો ધરાવતા ડોળઘાલુ દભીઓ આગળ. ત્યાં તો તમે જે કહેશો તે સાથે તેઓ સહમત થશે. દાખલા તરીકે અત્યારે હું કહું કે આજની આ ચાલુ પ્રણાલિકાઓનો સંપૂર્ણ નાશ થવો જોઈએ; તો એ પણ તેમાં સૂર પુરાવશે કે જરૂર તેમ જ થવું જોઈએ; પણ જો કાલે પેલો નોઝ્દ્રોવ આવી એમ કહે કે બધા સમાજવાદીઓને ફાંસીએ ચઢાવવા જોઈએ, બધા વિદ્યાર્થીઓને કતલ કરવા જોઈએ, બધા ગડેખાંઓને તોપને મોઢે ઉડાવવા જોઈએ, તો તે વખતે પણ એની એ જ કહેશે કે બરાબર છે, તેમ જ થવું જોઇએ; પણ તે ઉપરાંત જો તમે તેની કલ્પનાશક્તિને નવો વેગ આપો, તમે તેનામાં તમારા પ્રત્યે અનુરાગ પ્રકટાવો, તો તો તે તમારી સાથે, તમે જ્યાં લઈ જવા ચાહો ત્યાં—પછી ખૂન કરવા કે ધાડ પાડવા કે પછી ગમે તો જહન્નમની ખાડીમાં પણ, તે તમારી સાથે આવવા પાછું વાળી નહિ જુએ. પણ એમ તો બાળકોય ક્યાં એવાં ગાંડા નથી બની જતાં! અને તેથી જ હું કહું છું, લિખોનીન, કે તેમનામાં અને બાળકોમાં કશો જ તફાવત નથી.

"ચૌદમે વર્ષે તે શિયળભંગ થઈ અને સોળમે વર્ષે તો તે પીળો પાસ અને ભયંકર રોગવાળી એક રીઢી વારવનિતા બની; અને અહીંજ જગતથી સાવ છૂટી પડી, એક પ્રકારની વિચિત્ર અભેદ્ય અને નિશ્ચેતન દીવાલો વચ્ચે પુરાઈ સારુંય જીવન તેને વ્યતિત કરવાનું હોય છે. તમે તેના દરરોજના વપરાશના શબ્દોની ગણત્રી કરો—ભાગ્યે જ ત્રીસ કે ચાળીસની સંખ્યા હશે, જેટલા શબ્દો એક બાળક કે જંગલમાં વસતા જંગલીના હોય છે: ખાવું, પીવું, ઊંઘવું, પુરુષ, શય્યા, બાઈ, રૂમલ, આશક, ડૉકટર, હોસ્પિટલ, કપડાં, પોલીસ, અને ખલાસ—અહીં જ એમનો શબ્દસંગ્રહ સંપૂર્ણ થાય છે; અને તેથી દસ વર્ષની ઉમ્મરથી કન્યાશાળાના મકાનની બહાર પગ પણ મૂકયો ન હોય તેવી આધેડ ઉમ્મરે પહોંચેલી કોઈ શિક્ષિકા અથવા તો બાળપણથી જ મઠમાં ઊછરેલી કોઈ સાધ્વીની જેમ તેનો માનસિક વિકાસ, તેનો અનુભવ, તેની રસિકતા, તેના અંત સુધી બાલ્યાવસ્થામાં જ રહે છે. ટૂંકમાં એક એવા કોઈ અનેક વિશેષતા અને ગુણોવાળાં ઝાડની કલ્પના કરો કે જેને કાચની નાની બરણીમાં ભરી રાખી, સજીવન રાખવામાં આવ્યું હોય! અને તેથી જ તેને જે બળજબરીએ આ નિર્દોષ, અર્થહીન અને રોજિંદું અસત્ય આદરવું પડે છે, તેને માટે, તેના જીવનમાં જે આ અણુવિકસિત બાલ્યાવસ્થા રહી જાય છે, તેને જ હું જવાબદાર ગણું છું . . . પણ આ સાવ ધંધાદારી રીતે નક્કી થતી રાત્રીની કિંમત; એક રાતમાં દસ દસ નવા પુરુષો સાથે થતો સંસર્ગ; શહેરી બાવાઓએ તેમની સ્વચ્છતા માટે નક્કી કરેલા છાપેલા કાયદાઓ; ડૉકટરની અઠવાડિક તપાસ; તેને મન સાવ સામાન્ય જેવા થઈ ગયેલા, પરંતુ સત્યતઃ મહા ભયંકર રોગો; જરા પણ છુપાવવાના પ્રયાસ કર્યા વિનાનો તેનો પુરુષો માટેનો અંતર્ગત તિરસ્કાર એ સર્વેમાં કેટલું નગ્ન, બિહામણું, અલંકારહીન, સત્ય સમાયલું છે! તેનું એ તોરી, ભયાનક અને કઠોર અન્યાયથી ભરપૂર પાશવિક જીવન મારી હથેળીમાં છે; પણ તેમાં સામાન્યતઃ

જગતના સાવ ઊંચા વર્ગથી તે સાવ હલકી કક્ષાના મનુષ્યમાં જોવામાં આવતી પગથી તે માથા સુધીની દાંભિક્તા અને છેતરપીંડી જોવામાં નથી આવતી. પ્રિય મિત્ર લિખોનીન, તમે હવે જોઈ શકશો કે આ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે થતાં સજાતિય સંબંધમાં સોએ નવ્વાણુ ટકા કેટલી છેતરપીંડી, કેટલો અનર્થ અને કેટલી પાશવતા સમાયેલાં હોય છે! અને આ પવિત્ર માતૃત્વની ભાવનામાં સાવ પાશવિક નહિ, પણ માનવીએ તેની દીર્ઘદષ્ટિથી, વિચારપૂર્વક કરેલી ગણત્રીવાળી અંધ અને દયાહીન ક્રૂરતા ભરેલી છે, અને એ ભાવનાને કેવો સુંદર સજાવટ કરવામાં આવ્યો છે? તમે કદાચ વિચારતા હશો કે તો પછી સંસ્કારી પુરુષો મારું ઘર, મારો ખોરાક, મારી પત્ની અને મારા બાળકની રક્ષા માટે પેદા કરેલા બીજા જરૂરી અને મૂર્ખતાના પ્રદર્શનરૂપ ધંધાઓ—જેવા કે આ જાતજાતના ઓવરસિયરો, કંટ્રોલરો, ઇન્સ્પેકટરો, ન્યાયાધિશો, વકીલો, જેલરો, નેતાઓ, અમલદારો, સેનાપતિઓ, સૈનિકો અને એવા અનેક ઉપાધિઓ ધારણ કરતા સેંકડો ધંધાદારીઓનું શું? તો મારો જવાબ એ છે કે એ સર્વ ધંધાઓ માનવીનાં લોભ, તૃષ્ણા, કાયરતા, લાલસા, ગુલામી મનોદશા, કાયદાબદ્ધ વ્યભિચાર, આળસ અને ભિખારીવેડાને સંતોષવા માટે જ ઊભા કરેલા છે; અને આ બધા માટે કેવા ભવ્ય શબ્દો શોધી કાઢવામાં આવ્યા છે? માતૃભૂમિ, બન્ધુત્વ, પ્રગતિ, પવિત્ર ફરજ અને દિવ્ય પ્રેમ! ઉફ્! મને તો હવે એવા એક પણ ભવ્ય શબ્દમાં વિશ્વાસ રહ્યો નથી; અને આ જૂઠા, આ બાયલા અને આ નામર્દો પ્રત્યે તો હવે મને ધૃણા ઉત્પન્ન થાય છે! ભિખારીઓ!......માનવી, અનીરવ આનંદ, અનંત ઉત્પત્તિ કે જેમાં તે પોતે જ ઇશ્વરરૂપ છે, કોઈની પણ અટકાયત ન હોય તેવો વિશાળ સ્વતંત્ર પ્રેમ, કે જે પ્રેમ ગમે તે—ઝાડ, આકાશ, માનવી, કૂતરો, હરણ એટલું જ નહિ પણ આ સુંદર જગત અને તેનાં ઉષા અને સંધ્યા અને રોજના અદ્ભુત ચમત્કારો માટે હોય—

તે માટે સરજાયો છે; પણ માનવીએ તો પોતાની જાત સાથે અસત્ય આચરણ આદર્યું છે અને તેમ કરવા જતાં તે એટલો બધો અધમ બની ગયો છે, એટલી બધી નીચી પાયરીએ ઊતરી પડયો છે... કે હવે તો હું એ બધું જોઈ ત્રાસી ગયો છું."

"એક અશાસકવાદી તરીકે, કેટલેક અંશે હું તમારી મનોવ્યથા સમજી શકું છું." લિખોનીને ગંભીરતાપૂર્વક કહ્યું—જાણે કે તેણે અખબારનવેશના શબ્દો સાંભળ્યા છતાં, નહોતા સાંભળ્યા. કેટલાક વિચારો તો આજે તેના જીવનમાં પહેલી જ વાર ઉત્પન્ન થતા હોય તેમ ભાસતું હતું. "પણ એક વસ્તુ હું નથી સમજી શકતો. તમારા કહેવા મુજબ જ્યારે માનવજાતિ અધમતાની ઊંડી ગર્તામાં ઊતરી ગઈ છે, ત્યારે—" તેણે ચારે બાજુ હાથ ફેરવી બતાવતાં કહ્યું. "માન-વીએ ઉત્પન્ન કરેલી આ સૌથી વધુ અધમ સંસ્થા તમે કેમ કરી અને આટલા લાંબા સમયથી સહી રહ્યા છો?"

પ્લેટોનોવે આનો સાવ સરળતાપૂર્વક જવાબ આપ્યોઃ "હું તો એક પ્રવાસી જેવો છું, અને જીવનનાં જુદાં જુદાં અંગોનું નિરી-ક્ષણ કરવામાં ઓર આનંદ માનું છું. આ પૂર્વે હું સુતાર અને કંપોઝીટરનું કામ કરી ચૂકયો છું. મેં તમાકુ વાનીને વેચી છે, આઝોવ સમુદ્ર પર નાવિક પણ બની ચૂકયો છું, તેમ જ કાળા સમુદ્ર પર માછીમાર પણ થઈ ચૂકયો છું. નીપર ઉપર તરબૂચ પણ મેં ચઢાવ્યાં છે, તેમ સરકસમાં પણ મેં નોકરી કરી છે, અને રંગભૂમિ પર પણ હું નાચ્યો છું. મેં શું શું કર્યું છે અને શું શું નહિ તેનો કાંઈ હિસાબ જ નથી. મેં આ સર્વ ધંધા પેટના નિર્વાહ અર્થે સ્વીકાર્યા ન હતા; પરંતુ જીવનનો અનુભવ મેળવવાની એક અમાપ તૃષ્ણા અને ઉત્કંઠાને વશ થઈ હું તે બધામાં રઝળ્યો હતો. હું ઈશ્વરના સોગંદ ખાઈ કહું છું કે જો મારાથી બની શકતું હોય તો તો થોડા સમય માટે ઘોડો, માછલી, છોડ અથવા પ્રસૂતિની વેદના સમજવા માટે સ્ત્રી થવાની ઇચ્છા પણ ધરાવું છું. ટૂંકમાં હું જીવનને તેના અંતર્ભાગમાંથી જોવા માગું છું અને મારા સમા-

ગમમાં આવતા દરેક માનવીની દૃષ્ટિથી જગતને અવલોકવા માગું છું અને તેથી જ નિશ્ચિંતપણે શહેરો અને જંગલોમાં રખડું છું. હું અનેક ધંધા જાણું છું ને વખત આવે તેનો આનંદપૂર્વક આશરો પણ લઉં છું, અને આમ આનંદથી મારું કિસમત જ્યાં મને દોરી જાય છે, તેની પાછળ પાછળ હું જાઉં છું. . . . . એજ રીતે અહીં આ વારવનિતાગૃહમાં પણ હું આવ્યો હતો અને હવે તો તેને હું જેમ જેમ વધારે ઊંડાણથી જોતો જાઉં છું, તેમ તેમ મારામાં ભય, બીક અને ક્રોધ વધતાં જાય છે. પરંતુ ટૂંક સમયમાં અહીંથી પણ હું ઉંઠાતરી કરીશ; કારણકે શિયાળામાં વ્યાપાર રોજગાર ઠીકઠીક ચાલવા માંડશે કે પુનઃ હું બહાર નીકળી પડીશ ! આ વખતે એકાદ મોટા કારખાનામાં જવા વિચાર છે. ત્યાં મારો એક મિત્ર છે એટલે તેની સહાય વડે ત્યાં દાખલ થવામાં વાંધો નહિ આવે . . . . . અરે સાંભળો, લિખોનીન . . . . . . નટ મહાશય કાંઈક કહેતા હોય એમ લાગે છે . . . . . . એમના નાટકનો હવે ત્રીજો અંક શરૂ થતો લાગે છે ! ”

એગમોન્ટ જે અત્યાર સુધી અનેક પ્રકારનાં અનુકરણો કરી બધાને રીઝવતો હતો, તે હવે ધીમે ધીમે થાકતો જતો હતો. તેનામાં એક પ્રકારની આત્મસંભાવનાની લાગણી પેદા થતી જતી હતી અને પરિણામે તે વારેવારે ઊછળીને ચારેકોનો હાથ ચૂમવા પ્રયત્ન કરતો હતો. તેની આંખોનાં પોપચાં રાતાંચોળ થઈ ગયાં હતાં. તેના મુખની રેખાઓ એવી તો કરચલીવાળી થઈ ગઈ હતી કે જાણે તે રુદન કરતો હોય તેમ લાગતું હતું અને તેના અવાજ પરથી એમ લાગતું હતું કે તેનું નાક અને ગળું આંસુઓથી ઊભરાઈ જતાં હતાં.

પશ્ચાત્તાપ કરતા કોઈ માનવીની જેમ તે પોતાની છાતી પર મુઠ્ઠીઓ ઠોકતો કહેતો હતોઃ “ હું પ્રહસનમાં કામ કરું છું. હું અતિતૃપ્ત પ્રેક્ષકો સમક્ષ મારી કળાને વેડફી નાંખું છું. મે મારી કળાઓને સંતાડી દીધી છે અને હવે તો હું માથેથી વેદ ઉતારવા

પૂરતું જ કામ કરું છું. બાકી પહેલાં—" તેણે કરુણ અવાજે કહેવા માંડયું. "બાકી પહેલાં તો ! જઈને નોવચેરાસ્ક, ટવીર, ઉસ્તેન, ઝવીનીગોરડોકમાં પૂછો ! પૂછજો કે ઝાડોવ અને બેલુજીનની ભૂમિકાઓ હું કેવી ઉત્તમ પ્રકારે ભજવતો હતો ! મેં મેક્ષનું કામ કેવું સરસ કર્યું હતું ! અને વેલ્ટીશેવ ! વાહ, એ તો મારી સૌથી ઉત્તમ ભૂમિકા હતી ! તે વખતે સુમ્બેકોવમાં આ નાદીન–પેરેકોસ્કી મારી આગળ નવોસવો હતો ! નીકીફેરોવ–પાવલેંકો સાથે પણ મેં કામ કર્યું છે ! અને પેલા લેગુનોવ–પોકેનીનને કોણ આગળ લાવ્યું ? હું ! પણ હવે તો—"

પુનઃ તેની આત્મસંભાવનાની લાગણીએ ઉછાળો માર્યો અને તે ચારકેન્કોનો હાથ ચૂમવા કૂદ્યો.

"હા, પણ હવે તમને મારા પર થૂંકવાનો, મારો તિરસ્કાર કરવાનો અધિકાર છે, કારણકે હું ઉચ્ચ ભૂમિકાઓ ભજવતો નથી. હું હવે માત્ર મારી મૂર્ખતાનું પ્રદર્શન કરું છું, દારૂ પીઉં છું અને પવિત્ર વસ્તુઓને પણ વેચી ખાઉં છું. મેં કલાના નામને નાનપ લગાડી છે. હવે તો હું ટ્રામના ઊતરેલા ઘોડા જેવો થઈ ગયો છું . . . હું હવે પતિત ગૃહોની મુલાકાત લેતાં પણ શીખ્યો છું, જ્યારે મારી પત્ની તે તો એક પવિત્ર દેવી છે ! . . . જો તેને આની ખબર પડે . . . તે બિચારી બહુ કામ કરે છે . . . સીવતાં સીવતાં તેની આંગળીઓને સોયોનાં કાણાં પડ્યાં છે ! એ મારી પવિત્ર દેવી ! અને હું . . . એક નાલાયક, અધમ . . . તારી હું કેટલી ઓછી કિંમત આંકું છું ? . . . કેટલું ભયાનક !" આમ બોલતાં બોલતાં તેણે પોતાના વાળ પીંખી નાખ્યા. "અધ્યાપક મહાશય, મને તમારો હાથ ચૂમવા દો ! એક તમે જ મને સમજી શકો છો. ચાલો, તમારી સાથે તેની ઓળખાણ કરાવીશ અને તમને ખાતરી થશે કે તે કેવી દેવી જેવી પવિત્ર છે ! . . . મારે માટે રાતની રાતો રાહ જુએ છે અને મારાં બાળકોના નાજુક

હાથ જોડી તેમને સાથે લઈ ઈશ્વરને પ્રાર્થના કરે છેઃ 'ઓ ઈશ્વર, પિતાને સહીસલામત રાખજે!'"

"હવે બહુ ગપ્પાં ન માર!" દારૂના નશામાં ભાન ભૂલેલી નાની માન્કા, તિરસ્કારથી એગમોન્ટ તરફ જોતી, ઓચિંતી બોલી ઊઠી. "તે તો પ્રાર્થના કરવાને બદલે કોઈક બીજાની બગલમાં ભરાઈને શાંતિથી ઊંઘતી હશે!"

"ચૂપ કર, શંખણી!" નટ મહાશય એકદમ મોટે અવાજે બોલ્યા અને એક શીશો લઈ મારવા ઉગામ્યો. "મને અટકાવજો, નહિ તો હું એનું માથું ભાંગી નાંખીશ. ખબરદાર, જો તેનું નામ તારી ગંદી અને અપવિત્ર જીભે લીધું તો . . ."

"મારી જીભ ગંદી ને અપવિત્ર નથી, કારણકે હું રોજ તે વડે પ્રાર્થના કરું છું." માન્કાએ પણ નફટાઈથી જવાબ આપ્યો. "પણ મૂર્ખા, તું જ બધા ઢોંગ લઈ બેઠો છું. તું પોતે તો વારવનિતાઓના પગ ચાટતો ફરે છે અને છતાંય ઇચ્છે છે કે તારી પત્ની સતી સાધ્વી બની રહે . . . અને બિચારાં છોકરાંઓને નકામાં વચમાં શાનો લાવી મરે છે? મોટો બાપ ન જોયો હોય તો! હવે એમ મારી સામે આંખો ને દાંતિયા કાઢીશ, એથી કાંઈ હું ડરું તેવી નથી . . ."

હંમેશા દારૂ પીધા પછી બખેડો ઊભો કરવા તત્પર બનતી આ માન્કા અને નટને શાંત પાડતાં ચારકેન્કોને બહુ મહેનત લેવી પડી. અંતે નટ રડવા લાગ્યો અને વૃદ્ધોની માફક જોરથી નાક લૂછવા લાગ્યો. તે હવે સાવ નિર્બળ બની ગયો અને હેન્રીએટા તેને પોતાની ઓરડીમાં ઉપાડી ગઈ.

દરેક જણ હવે લગભગ થાકી ગયું હોઈ, આરામની ઇચ્છા કરતું હતું. એક પછી એક બધા વિદ્યાર્થીઓ શયનગૃહોમાંથી પાછા ફર્યા અને તેમની પાછળ જ, તેમની કામચલાઉ માશૂકો પણ, જાણે

કાંઈ જ બન્યું નથી તેમ, ત્યાં એક પછી એક આવી હાજર થઈ; અને ખરેખર આ બન્ને—આ સ્ત્રીઓ અને પુરુષો—બારી પરથી જુદી જુદી ઊડી આવેલી માખીઓ જેવાં જ લાગતાં હતાં. દરેક બગાસાં ખાતું અને શરીરમાં ચેતન લાવવા હાથ પગને વાંકુ વાળતું હતું, અને તેમના મુખ પર ઉજાગરાને લીધે એક પ્રકારની ફિકાશ, થાક અને કંટાળાની લાગણી લાંબા સમય સુધી રહી હતી; અને જ્યારે બધા વિદ્યાર્થીઓ પોતપોતાને ઘેર જવા તત્પર થયા, ત્યારે તેમની આંખોમાં, ગુનેગારોની આંખોમાં છૂટા પડતી વેળા દેખાય છે તેવી, એક પ્રકારની પ્રતિકૂળ લાગણી ચમકતી હતી.

"તમે અહીંથી ક્યાં જવાના છો?" લિખોનીને અખબાર-નવેશને ધીમેથી પૂછ્યું.

"હજી કાંઈ નક્કી નથી કે ક્યાં જવું. ઇચ્છા તો હતી કે સામિયનની ઓરડીમાં જઈને આડો પડું, પરંતુ આવું સુંદર પ્રભાત ગુમાવવાનું હવે મન નથી થતું. મને વિચાર થાય છે કે હવે સ્નાન કરી લઉં અને પછી વહાણમાં બેસી લિપ્સ્કી મઠમાં જાઉં. ત્યાં એક સાધુને હું ઓળખું છું અને તેથી તેની સાથે ધર્મ વિષે થોડાં ગપ્પાં મારી પાછો ફરીશ, પણ . . ."

"મારી ઇચ્છા છે કે આ બધાના ગયા પછી આપણે અહીં થોડી વાર બેસીએ. તમારી સાથે કેટલીક મહત્ત્વની વાતો કરવાની મારી ઇચ્છા છે."

"ભલે, જેવી તમારી ઇચ્છા!"

યારચેન્કો સૌથી છેલ્લો ગયો. તેણે માથું દુખવાનું અને થાકનું બહાનું કાઢ્યું હતું; પણ જેવો તે બહાર ગયો નહિ કે ઓચિંતા અખબારનવેશે લિખોનીનનો હાથ પકડીને તેને બારણાના કાચ ભણી ખેંચ્યો.

"જુઓ!" તેણે રસ્તા તરફ બતાવતાં કહ્યું.

અને એ કાચમાંથી લિખોનીને જોયું તો અધ્યાપક મહાશય ટ્રેપલનું દ્વાર ખખડાવી રહ્યા હતા. એકાદ મિનિટ પછી દ્વાર ઊઘડયું અને શ્રીમાન ચારકેન્કો તેમાં અદશ્ય થઈ ગયા.

"તમે શી રીતે જાણ્યું?" લિખોનીને આશ્ચર્યથી પૂછ્યું.

"સાવ સહેલી રીતે! મેં તેના મુખ પરના ભાવ તથા તે જે રીતે વેરકાના શરીરને સ્પર્શ કરતો હતો તે જોયું હતું. બીજાઓ ઓછા દંભી હતા, પરંતુ આ મહાશય તો ખૂબ શરમાળ હતા."

"ઠીક, હવે આપણી વાતચીત શરૂ કરીએ." લિખોનીને કહ્યું. "હું તમને વધારે વખત નહિ રોકું."

[૧૩]

માત્ર ત્યાં બે છોકરીઓ રહી હતી—સૂવાનો પોશાક પહેરેલી જેની, અને આરામખુરશીમાં ગોટીલું વળી વાતચીત દરમ્યાન ઊંઘી ગયેલી હયુગા તેના શીતળાનાં ચાઠાંવાળા મુખ પર બાળકના જેવું આછું સ્મિત પ્રસરેલું હતું. ઓરડામાં તમાકુના ધુમાડાને લીધે એક પ્રકારની નીલવર્ણી છાયા છવાઈ હતી અને તેમાંથી કડવાશની વાસ આવતી હતી. દીવાઓમાં મીણબત્તીઓના બળવાથી ચારે બાજુ મીણના રેલા ઊતરી થર જામી ગયા હતા. ટેબલ પર દારૂ અને કોફીના પ્યાલાની સાથે જ નારંગીના છોડાં જ્યાંત્યાં વેરાયલાં નજરે પડતાં હતાં.

જેની સોફા પર, પગની ઘૂંટણો પર હાથ વાળી બેઠી હતી. પ્લેટોનોવ તેનાં નીચે ઢળેલાં કાળાં ભવાંની નીચે ઊંડા નયનોમાં ચમકાર કરતા ઘેરા પ્રકાશને જોઈ પુનઃ આશ્ચર્ય પામ્યો.

"દીવા હોલવી નાંખું છું !" લિખોનીને કહ્યું.

બારીઓના પડદાઓમાં થઈને પ્રભાતનાં આછાં અજવાળાં ઓરડામાં આવતાં હતાં. મીણબત્તીઓ હોલવાઈ જતાં તેમાંથી ધૂણીની આછી લહેરો બધે પ્રસરી રહી. તમાકુના ધુમાડાના થરને કાપી બારીની તડમાંથી આવતા ઊગતા સૂર્યનું એક સોનેરી કિરણ સામેની દીવાલ પર સોનાના ચકતા જેવું લાગતું હતું.

"હવે ઠીક લાગે છે." લિખોનીને ખુરશી પર બેસતાં કહ્યું. "મારી વાત ટૂંકી છે. . . . પણ. . . . કઈ રીતે શરૂ કરવી તે મને નથી સૂઝતું."

અને તે જેની તરફ શૂન્ય દૃષ્ટિએ જોઈ રહ્યો.

"તો પછી, હું ચાલી જાઉં ?" જેનીએ બેદરકારીથી પૂછ્યું.

"ના, તેમ કરવાની જરૂર નથી." લિખોનીન વતી અખબારનવેશે જવાબ આપ્યો. "તેનો કાંઈ વાંધો નથી." તેણે વિદ્યાર્થી તરફ ફરી કહ્યું અને આછું સ્મિત કર્યું. "કારણકે તમારી વાતચીત તો હશે વારવનિતાવૃત્તિને લગતી ! કેમ, ખરું કહું છું ને ?"

"હા . . . લગભગ એવી જ . . ."

"ઠીક ત્યારે, હવે તે જે કહે તે ધ્યાનપૂર્વક સાંભળો. તેના વિચારો અસાધારણ કટાક્ષોથી ભરપૂર હોવા છતાં, ઘણી વખત તે વિચાર કરવા જેવા હોય છે."

લિખોનીને જોરથી બે હાથ વડે મોઢું ઘસ્યું, પછી આંગળામાં આંગળાં ભેરવ્યાં અને કઈ રીતે વાર્તાલાપ શરૂ કરવો તે સૂઝતું ન હોવાથી, બે વખત આંગળીઓના ટચાકા પણ ફોડયા. એ સ્પષ્ટ જણાતું હતું કે તે વ્યગ્ર બની ગયો હતો અને પોતે જે કહેવા માંગતો હતો તેને માટે ખૂબ સંકોચ અનુભવતો હતો.

પછી ઓચિંતો ગુસ્સામાં આવી જઈ તે બોલી ઊઠયો: "પણ, છેવટે તો બધુંય એનું એજ ને. . . . હમણાં તમે આ સ્ત્રીઓ વિષે

વાતો કરતા હતા...હું તે સાંભળી રહ્યો હતો.....અને એ પણ હું કબૂલ કરું છું કે, એમાં તમે મને કશું નવું નહોતું કહ્યું; પણ કોણ જાણે કેમ, મારા આ રખડેલ જીવનમાં જાણે કે આ પરિસ્થિતિ પહેલી જ વાર હું ખુલ્લી નજરે જોતો હોઉં એમ મને લાગે છે....મારો તમને હવે એ સવાલ છે કે આ તે વારવનિતા-વૃત્તિ એટલે શું? મોટા શહેરોની એક પ્રકારની અસાધારણ ઘેલછા કે કોઈ અનંત ઐતિહાસિક ચમત્કાર! તેનો કદાપિ પણ અંત આવશે ખરો? કે પછી માનવસમાજના અંત સાથે જ તેનો પણ અંત લખાયેલો છે? મારા આ પ્રશ્નનો જવાબ કોઈ આપી શકશે?"

પ્લેટોનોવ, હમેશની ટેવ મુજબ, તેના પ્રતિ ઝીણી આંખો વડે ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. લિખોનીન કયા કારણે આટલો બધો વ્યગ્ર બની ગયો હતો તે જાણવા એ મથતો હતો.

"તેનો ક્યારે અંત આવશે, એ તમને કોઈ નહિ કહી શકે. કદાચ, જ્યારે સમાજવાદીઓ અને અશાસકવાદીઓની ભવ્ય કલ્પના-સૃષ્ટિઓ જગતમાં સર્વત્ર સ્થપાશે, જ્યારે જગત દરેકનું અને કોઈનું પણ નહિ હોય, જ્યારે પ્રેમ સ્વતંત્ર બનશે અને પોતાની અમાપ તૃષ્ણાઓને જ અધીન બનશે, જેમાં સમગ્ર માનવજાતિ એક સુખી મહાકુટુંબ જેવી હશે, જ્યારે મારાતારાનો ભેદ નાશ પામશે, જ્યારે સ્વર્ગ પૃથ્વી પર ઊતરી આવશે, ત્યારે જ માનવી નગ્ન, પાપરહિત અને મહાન બનશે, અને ત્યારે જ કદાચ આનો—"

"પણ અત્યારે, હાલમાં?" લિખોનીન વધતી જતી વ્યગ્રતા સાથે પૂછતો હતો. "મારે શું હાથ જોડીને જોયા જ કરવું? 'કે એને ને મારે શું?' એક અનિવાર્ય અધમતા તરીકે તેને શું સ્વીકારી લેવી? તેની વિરુદ્ધ આંખ આડા કાન કરવા અને જેમ છે તેમ જ ભલે ચાલવા દો એમ જાહેર કરવું! કે પછી તેના પર મારે આશીર્વાદ વરસાવવા?"

"આ અધમતા અનિવાર્ય નથી પણ દુસ્તર છે; પણ અંતે તમારે માટે તો બધું સરખું જ છે, નહિ ?" પ્લેટોનોવે શાંત આશ્ચર્ય-સહ પૂછ્યું. "કારણકે તમે તો એક અશાસકવાદી છો, ખરું ને ?"

"એટલે મને તમે કેવા પ્રકારનો અશાસકવાદી લેખો છો ? હા, હું અશાસકવાદી છું, કારણકે જીવનનો વિચાર કરતાં મારી વિચારશક્તિ પરિણામે મને અશાસક પ્રારંભ તરફ ખેંચી જાય છે; અને વિચાર કરતાં મને લાગે છે કે ભલે મનુષ્ય મનુષ્યને મારે, છેતરે અને લૂંટે, પરંતુ અંતે તો આ જુલમ વહેલો કે મોડો અદાવતને જન્મ આપશે. ભલે તેઓ બાળકો પર જુલ્મો આદરે, ભલે કોઈ પણ ઉત્પાદક વિચારને પગ નીચે કચડી નાંખે, ભલે ગુલામગીરી ચાલુ રહે, ભલે વેશ્યાવૃત્તિ વિદ્યમાન રહે, ભલે તેઓ લૂંટ ચલાવે, તોફાનો જગાવે અને લોહી રેડે ... એ બધુંય તેમને કરવા દઈએ ! કારણકે તેઓ જેટલો વધારે જુલ્મ કરશે તેટલો તેનો વહેલો અંત આવશે. મને લાગે છે કે પ્રયત્ન કરવાની શક્તિ પણ સામે થવાની શક્તિ જેટલી જ બળવાન હોય છે અને જેટલી વધારે ખરાબ તેટલી વધારે સારી. માનવજાતિમાં પાપ અને દ્વેષ એકઠાં થવા દો, તેમને એકઠાં થઈ આ જગત જેવડા એક મોટા ફોલ્લાની જેમ પાકવા દો; કારણકે અંતે એક દહાડો તો એ જરૂર ફૂટવાનાં જ છે, અને પછી ભલે તેને પારાવાર દુઃખ અને યાતના ભોગવવી પડે, ભલે એ ફોલ્લાના પરૂમાં જગત આખું ડૂબી જાય! પરંતુ તેના પરિણામે કાં તો માનવજાતિ તેમાં પડી ગૂંગળાઈને મરી જશે, યા તો આ માંદગીના અંતે નવું સુંદર પુનર્જીવન પામશે."

લિખોનીન વચ્ચે એક ઠંડી કોફીનો પ્યાલો એકશ્વાસે ગટગટાવી ગયો, અને પુનઃ પૂર્વવત્ ઉત્તેજક સ્વરે કહેવા લાગ્યો:

"હા. આજ પ્રમાણે, હું અને બીજા ઘણાય, અમારી ઓરડીઓમાં બેસી અમારા ચા અને નાસ્તા સાથે આવાં જ પ્રમાણોનો

વિચાર કરીએ છીએ કે જેમાં દરેક વ્યક્તિ વ્યક્તિગત રીતે સાવ નજીવી કિંમત ધરાવતી હોય છે; પણ જો એકાદ બાળકને હું મારી નજર સમક્ષ માર પડતા જોઉં છું, તો જરૂર મારું લોહી ઊકળી આવે છે અને જ્યારે હું એકાદ કંગાળ ખેડૂત કે મજૂરને પોતાના પેટના નિર્વાહ અર્થે પરસેવાથી તરબોળ થતો જોઉં છું, ત્યારે મારાં બીજગણિતનાં પ્રમાણો માટે શરમ અને લજ્જાથી મારું માથું નમી જાય છે. એમાં કાંઈક અસંબંધતા અને અસંગતતા હોય છે; છતાં તે માનવીની વિચારશક્તિ કરતાં હજાર દરજ્જે વધારે ભવ્ય છે. આજની વાત જ . . . લ્યો . . . હવે આજે મને શાથી, મેં કોઈ ગરીબ મજૂરને છેતર્યો યા લૂંટયો હોય, કોઈ નાના બાળકને માર્યો હોય યા કોઈ નિરાધાર માનવીને ફટકાર્યો હોય, તેવી લાગણી થાય છે? અને આજે મને શાથી એમ લાગે છે કે મારી આ ચૂપકીદી, મારી આ બેદરકારી અને મારી આ આડકતરી રજા એ જ આજની આ વારવનિતાવૃત્તિ માટે જવાબદાર છે? કહો, કહો, મારે શું કરવું, પ્લેટોનોવ?" વિદ્યાર્થીએ શોકમય અવાજે અખબારનવેશને પૂછયું.

પ્લેટોનોવ તેના તરફ પૂર્વવત્ ઝીણી આંખોએ જોઈ રહ્યો અને જવાબ આપ્યા વિના જ બેસી રહ્યો, પણ જેની ઓચિંતી પોતાના કુહાડીના ઘા જેવી ભાષામાં બોલી ઊઠી:

"પેલી એક અંગ્રેજ સ્ત્રીની જેમ તમે કેમ નથી કરતા? . . . એક સમયે એવી એક રાતા વાળવાળી સ્ત્રી અહીં અમારી પાસે આવી હતી. તે કોઈક બહુ પ્રસિદ્ધ સ્ત્રી લાગતી હતી, કારણકે અહીં તેના લાવલશ્કર સાથે આવી હતી . . . તેમાં કેટલાક અધિકારીઓ પણ હતા. પણ તેના આગમન અગાઉ જ અમારા માનવંતા ઇન્સ્પેકટર બારકેશની સાથે એક આસિસ્ટંટ કમિશનર આવ્યો હતો અને તેણે તો આવતાં-ની સાથે જ અમને ચેતવણી આપી કે, "યાદ રાખજો કૂતરીઓ, જો તમારા મોંમાંથી એકાદ પણ અસભ્ય શબ્દ બહાર પડયો તો,

તમારા આ મકાનનો એક ટુકડો હાથ નહિ આવે એટલુંજ નહિ, પણ તમને પોલીસ ચોકીએ લઈ જઈ એવી તો ફટકારીશ અને જેલમાં જ ખોસી દઈશ!' પછી આ બધી વિધિને અંતે બાઈસાહેબ પધાર્યાં. તેણે આખોય વખત કોણ જાણે કોક પરદેશી ભાષામાં બડબડ કર્યા જ કર્યું. પછી પાંચ પૈસાની કિંમતનું એક એક બાઈબલ અમને દરેકને આપી તે પણ પધારી ગયાં. તમે પણ એમ જ કરો ને! વહાલમજી!"

આ સાંભળી પ્લેટોનોવ ખડખડાટ હસી પડયો, પણ લિખોનીનનો નિખાલસ અને શોકાતુર ચહેરો જોઈ તેને લાગ્યું કે એ આ મજાક નહોતો સમજી શકયો. તે ચૂપ થઈ ગયો અને ગંભીર બની કહેવા લાગ્યો:

"લિખોનીન, આપણાથી કંઈ જ બની શકે તેમ નથી. જ્યાંસુધી મિલકત છે, ત્યાંસુધી ગરીબી પણ રહેવાની, તેમ જ્યાં સુધી લગ્નની સંસ્થા જીવંત છે, ત્યાંસુધી વારવનિતા પણ નહિ મરે. તને ખબર છે કે કયા પ્રકારના લોકો આ વારવનિતાવૃત્તિને હંમેશાં જીવતી રાખે છે અને તેને પોષે છે? એ છે આપણા પેલા કહેવાતા ખાનદાનો, સંસ્કારી ગણાતા સજ્જનો, બાળબચ્ચાં ધરાવતા ઉમદા પિતાઓ, પત્નીઘેલા પતિઓ અને પ્રેમાળ ભ્રાતાઓ! તેઓ હેતપુરઃસર અને જાણી જોઈને જ આ પ્રકારની વ્યાવસાયિક વારવનિતાવૃત્તિને સજીવન રાખે છે, કારણકે તેમને ખાત્રી હોય છે કે જો આ સંસ્થાનું અસ્તિત્વ નાશ પામ્યું, તો તરતજ ત્યાં ઠલવાતો વિષયનો ઊભરો આવીને આપણા જ શયનગૃહો અને આપણી ચાકરડીની ઓરડીઓમાં ઠલવાશે; કારણકે વારવનિતાવૃત્તિ એ તો તેમની કાયદાબદ્ધ અને અંગત કુંજમાંથી બીજાઓની બહાર વહી જતી વિષયલાલસાને સંતોષવાનો અખાડો છે; અને પત્ની અને બાળકોને પૂર્ણ પ્રેમથી ચાહનારા આ સદ્‌ગૃહસ્થો પણ પ્રસંગ મળે એકાદ ગુપ્ત પ્રણયલીલા ખેલી લેવાના પ્રસંગને જવા દેતા નથી. વળી એક બીજું પણ કારણ છે અને તે એ કે

રોજ ને રોજ એક જ પત્ની, એક જ ચાકરડી કે એક જ માશૂકનું મોં જોયા કરવાથી તે પ્રતિ કંટાળો ઊપજતો હોય છે. સત્યતઃ પુરુષ એક પત્નીત્વ ઈચ્છતા એક પશુ જેવો છે. એક પ્રકારનો અનેક પુષ્પનો રસ ચૂસવા મથતો ભ્રમર જેવો હોય છે. એની વિષય સંબંધીની એવી વૃત્તિઓને સંતોષવા આવાં ટ્રૂપલ કે આનાનાં અદ્દભુત વારવનિતાગૃહો જન્મે છે. અલબત્ત બાહ્ય જગતમાં, દેવી જેવી પત્ની અને છ છ કુંવારી દીકરીઓ ધરાવતા મહાનુભાવ પિતાઓ વારવનિતા-વૃત્તિનો નાશ કરવાનો પોકાર ઉઠાવતા હોય છે, એટલુંજ નહિ પણ કોઈ લૉટરી કે ધર્માદા ખેલ મારફત તે આવી પતિત સ્ત્રીઓના ઉદ્ધાર અર્થે એકાદ સેંટ મેગ્ડેલેનનો પતિતાશ્રમ કે પતિતોદ્ધારક સંસ્થા પણ ખોલવા મથતા હોય છે, પણ અંતરમાં તો વારવનિતા-વૃત્તિની સંસ્થા સદૈવ સજીવ રહે એમ જ તેઓ ઇચ્છતા હોય છે."

"મેગ્ડેલનનો પતિતાશ્રમ !" જેનીએ હજી સુધી તેનામાં વસી રહેલા તિરસ્કારસહ સ્મિત કરી કહ્યું.

"હા, એ તો હું પણ સમજી શકું છું કે આવા સમાજ કે આશ્રમો વગેરેના ખોટા પ્રયોગો એ એ સંસ્થાઓની મજાક ઉડાવવારૂપ છે;" લિખોનીને જણાવ્યું. "પણ, ભલે હું મૂર્ખ લાગું કે અક્કલહીન લાગું, પરંતુ જ્યારે મારી નજર સમક્ષ એકે ઝૂંપડું બળતું હોય ત્યારે, 'અરે ! આ તો હજી બળે છે, અરે ! એમાં માણસો પણ બળતાં હશે !' કહી હાથપગ જોડીને બેસી રહેવા હવે હું તૈયાર નથી."

"એટલે હવે તમે એક બાળકની હોળીની નાની શી પિચકારી વતી તે અગ્નિ બુઝાવવા માંગો છો ?" પ્લેટોનોવે કર્કશ સ્વરે પૂછ્યું.

"ના." લિખોનીને પણ તેટલા જ કર્કશ સ્વરે કહ્યું. "પણ... ...કેમ કહેવાય .....કદાચ હું એમાંના એકાદ જીવને તો જરૂર બચાવી શકું ? પ્લેટોનોવ, આ જ વસ્તુ માટે હું તમારી સાથે વાત કરવા માગતો હતો અને તેમાં હું તમારી મદદ ચાહું છું...

. . . મારી માત્ર એટલી જ વિનંતી છે કે તેને મજાકમાં ન ઉડાવી દેશો, તેમ ન તો તેના પર ટાઢું પાણી રેડશો."

"એટલે તમે અહીંથી એકાદ છોકરી લઈ જઈ તેનો ઉદ્ધાર કરવા ચાહો છો, એમ જ ને?" પ્લેટોનોવે તેના પ્રતિ ધ્યાનપૂર્વક જોતાં કહ્યું. તે હવે આખાય વાર્તાલાપનો મુખ્ય મુદ્દો સમજી ગયો હતો.

"હા . . . . કશું ચોક્કસ નથી . . . હું પ્રયત્ન કરવા . . . . . ." લિખોનીને અનિશ્ચિતતાથી જણાવ્યું.

"પણ એ જરૂર પાછી જ આવશે." પ્લેટોનોવે જણાવ્યું.

"હા, જરૂર !" જેનીએ પણ નિશ્ચયાત્મક સ્વરે કહ્યું.

લિખોનીન ઊભો થયો અને જેની પાસે જઈ, તેના બે હાથ પકડી, ધ્રૂજતા અવાજે કહેવા લાગ્યોઃ

"જેની. . . . તું તું . . .જ કેમ ન આવે? . . . હું તને એક વારવનિતા નથી લેખતો . . . મારી મિત્ર લેખું છું . . . એમાં કોઈ મોટી વાત નથી . . . છ માસનો આરામ . . . પછી આપણે એકાદ ઉદ્યોગ હાથ પર લઈશું . . . આપણે સાથે બેસી વાંચીશું . . ."

જેનીએ ગુસ્સાથી પોતાના હાથ તેના હાથમાંથી ખેંચી લીધા. "જા, પડ જઈને ખાડામાં." તેણે લગભગ ચીસ પાડી કહ્યું. "હું તને બરોબર પિછાનું છું. મને લઈ જઈને તારે તારાં મોજાં સિવડાવવાં હશે ! અને ચૂલો ફુંકાવવો હશે ! તું જ્યારે તારા મિત્રો સાથે ગપ્પાં મારતો હોય, ત્યારે મારી પાસે તારી રાહ જોતાં ઉજાગરા કરાવવા હશે ! અને જ્યારે તું કોઈ મોટો અમલદાર, ડૉક્ટર કે વકીલ બન, ત્યારે ખાસડાં ખાવાનો સૌથી પહેલો વારો, નહિ ? તે સમયે કહીશ કે, 'ચાલ, નીકળ અહીંથી, તું તો વારવનિતા છું—તેં જ મારી યુવાન જિંદગીની પાયમાલી કરી, હવે તો હું કોઈ પવિત્ર અને નિર્દોષ કન્યાનું પાણિગ્રહણ કરવા માંગું છું' . . . કેમ ?"

"નહિ, નહિ, તેમ નથી . . . હું એક ભાઈ તરીકે કહું છું. . . સાચે . . . મારા દિલમાં એવો કશો ઇરાદો નથી . . ." લિખોનીને ગભરાઈ જઈ જવાબ આપ્યો.

"હું તને અને તારા જેવા ભાઈઓને બરાબર ઓળખું છું . . . જ્યાં એક રાત ગઈ નહિ કે તારી . . . એ યોજના મારી આગળ ન મૂકીશ . . . એથી તો મને તારા પ્રત્યે ઘૃણા અને કંટાળો ઊપજે છે."

"થોભ લિખોનીન," અખબારવેશે ગંભીર બની કહ્યું. "આમ કરી તારાથી ન સહેવાય તેટલો ભારે બોજો તું તારા પર ચઢાવવા મથી રહ્યો છું. હું કેટલાક આદર્શવાદીઓને ઓળખું છું કે જેઓ સિદ્ધાંતને ખાતર ગ્રામ્યકન્યાઓ સાથે પરણ્યા હતા. તેમની વિચારસરણી પણ તારા જેવી જ હતી કે કુદરત, નિર્દોષ ગ્રામ્યકન્યા, જમીનમાં વસી રહેલી અદ્દભુત શક્તિ વગેરે . . . પણ જ્યાં બાર માસ પણ ન વીત્યા કે આ નિર્દોષ ગ્રામ્યકન્યા એવી તો ફૂલી ગઈ કે તે તો આખો દિવસ ખાટલામાં પડી પડી બિસ્કીટો જ ખાધા કરે અને પોતાની આંગળીઓ પરથી વીંટીઓ કાઢી તેને જોયા કરે, કે પછી રસોડામાં બેસી દારૂના બાટલા ગટગટાવી જાય અને ગાડીવાન સાથે ખાનગીમાં બીડી મોજે માણે; માટે, હજી સમજ, અહીં તો તેથી પણ વધુ ભયાનક પરિણામ આવવાનો સંભવ છે."

ત્રણે જણ ચુપચાપ બેઠાં અને ત્યાં નિઃશબ્દતાનું વાતાવરણ પ્રસરી રહ્યું. લિખોનીનનું મોં ઊતરી ગયું હતું, અને તે રૂમાલ વડે કપાળ પરનો પસીનો લૂછતો હતો.

"નહિ, ગમે તે થાય!" ઓચિંતા તેણે હઠાગ્રહ કરતાં કહ્યું. "હું તમારી વાતોને નથી માની શકતો! હું તે માનવા પણ નથી માગતો! લ્યુબા!" તેણે ઊંઘતી છોકરીને બૂમ મારી. "લ્યુબા!"

છોકરી જાગૃત થઈ, હથેલી વતી હોઠ સાફ કર્યાં, બગાસું ખાધું અને પછી બાળકની જેમ સ્મિત કરી બોલીઃ "હું ઊંઘતી નહોતી. મેં બધું સાંભળ્યું છે. હું માત્ર ઝોકાં ખાતી હતી."

"હ્યુઆ, તું આ પાપાગારમાંથી છૂટી થઈ મારી સાથે આવવા તૈયાર છું?" લિઓનીને તેની પાસે જઈ, તેનો હાથ પકડતાં પૂછ્યું. "હંમેશને માટે અહીંથી નીકળી જઈ મારી સાથે આવવાનું છે!"

હ્યુઆ ગૂંચવાડામાં પડી જઈ, જાણે કે આનો અર્થ શું એવી દૃષ્ટિથી જેની તરફ જોવા લાગી.

"તમને એ ઠીક પડશે." જેનીએ ખંધાઈથી કહ્યું. "પરંતુ હજી તમે તો અભ્યાસ કરો છે, એટલે આ છોકરીને લઈ જઈ ક્યાં રાખશો?"

"તેને લઈ જઈને માત્ર રાખવાની જ નથી, હ્યુઆ . . . હું તો તેને માત્ર મદદ કરવા ચાહું છું . . . . . કેમ, અહીંથી તો હવે ધરાઈ ગઈ છું ને?"

"હા, અહીંથી તો હવે હું ધરાઈ ગઈ છું; કારણકે હું જો જેની જેટલી તોરી યા પાશા જેટલી માનીતી હોત તો વાત જુદી હતી . . . પણ અહીં તો હું એમાંની એકે નથી, એટલે મારે તો સદાકાળ . . ."

"તો પછી જરૂર મારી સાથે ચાલ!" લિઓનીને આજીજી-પૂર્વક કહ્યું. "તને કંઈક કામ તો આવડતું જ હશે? સીવતાં, ભરતાં, ગૂથતાં?"

"મને તો કશુંય આવડતું નથી!" હ્યુઆએ જરા ઝંખવાણી પડી જઈને કહ્યું અને હાથ વડે મોં ઢાંકી દીધું. "ગામડાની છોકરી-ઓને જેટલું આવડતું હોય તેટલું મને આવડે છે, વધારે કશું જ નહિ. થોડુંઘણું રાંધતાં આવડે . . . કારણકે એક પાદરીને ત્યાં થોડો સમય હું રાંધવા રહી હતી . . ."

"વાહ, એ તો ઘણુંજ ઉત્તમ! એથી વધારે શું જોઇએ!" લિઓનીને આનંદમાં આવી જઈ કહ્યું. "હું તને મદદ કરીશ. તું એક વીશી ઉઘાડજે . . . સસ્તી વીશી, સમજી . . . બધા વિદ્યાર્થીઓ તારે ત્યાં જમવા આવશે! બસ ફીર કયા બાત કહેના!"

"બહુ થયું, મશ્કરીની પણ હદ હોય છે!" લ્યુબાએ મોઢું લગાડતાં કહ્યું અને પુન: જેની તરફ સૂચક દૃષ્ટિથી જોઈ રહી.

"ના, ના, એ મશ્કરી નથી કરતો." જેનીએ કહ્યું. આ વખતે તેના અવાજમાં કોઈ અગમ્ય વિચિત્ર પ્રકારનો કંપ હતો. "તે સાચે જ તને મદદ કરવા ચાહે છે."

"હું સોગંદપૂર્વક કહું છું કે હું મજાકની વાત નથી કરતો—ઈશ્વરના સોંગદ ખાઈ કહું છું." વિદ્યાર્થીએ કહ્યું, અને તેને ખાતરી કરાવવા વધસ્તંભનું નિશાન પણ કર્યું.

"ખરેખર લ્યુબા, તને કશો વાંધો નહિ આવે. મારા જવાથી તેને કાંઈ ફાયદો નહિ થાય; કારણકે હું તો આ જીવનથી ટેવાઈ ગઈ છું. ઉપરાંત હવે મને આ જીવનમાંથી કોઈ જ બહાર કાઢી શકે તેમ નથી, પણ લ્યુબા તો સરળ ને ભોળી છોકરી છે અને હજી તે અમારા જીવનથી ટેવાઈ નથી. રાં . . .મારા સામું શું તાકી રહી છું? પૂછે એનો તો જવાબ આપ. બોલ, જવું છે કે નહિ?" જેનીએ કહ્યું.

"શા માટે નહિ? જો ખરેખર એમ જ હોય તો. . .પણ જેની તું શું સલાહ આપે છે?"

"તું તો હજી એવી ને એવી ગામડિયું ગમાર જ રહી!" જેનીએ ગુસ્સાથી કહ્યું. "તારા હિસાબે તો અહીં સડયા કરવામાં જ મજા હશે? કૂતરાની માફક સાંકળથી બંધાઈ રહેવામાં ને ભસવામાં જ બધું સુખ સમાઈ જતું હશે? કે પછી પ્રમાણિક જીવન ગુજારવામાં વધુ સુખ હોય છે?. . . . ગમાર! તારે તો એના હાથ ચૂમવા જોઈએ ને એના પગની રજ માથે ચઢાવવી જોઈએ; પણ આ તો વળી પાછી ડાહી બહુ!"

આ સરળ છોકરીએ ખરેખર લિખોનીનના હાથને ચૂમવા પોતાના હોઠ આગળ કર્યા. આથી બધાને હસવું આવ્યું અને તેનું આવું ભોળપણ જોઈ બધાને તેને માટે સહાનુભૂતિ પણ ઉપજી.

લિખોનીન ખૂબજ આનંદમાં આવી જઈ કહેવા લાગ્યો: "બસ, હવે વાંધો નથી. જા, જઈને તારી શેઠાણીને કહે કે તું હવે અહીંથી હંમેશને માટે ચાલી જવા માગું છું; અને તારે જે ખાસ જરૂરની હોય એટલી ચીજો એકઠી કરી લે. હવે પહેલાં જેવું નથી. હવે તો કોઈ પણ છોકરી જ્યારે ચાહે ત્યારે ચાલી જઈ શકે છે."

પણ વચમાં જ જેનીએ તેને અટકાવીને કહ્યું: "ના, એમ નહિ. તે જઈ શકશે એ ખરી વાત છે, પરંતુ તમારે હજી ઓછી આફતોમાંથી પસાર થવાનું નથી. હું કહું તેમ કરો. દસ રૂબલ તો કાઢી શકશો ને?"

"અલબત . . . તમે કહો તો . . ."

"હવે જઈને લ્યુબાને કહેવા દો કે, તમે આજે તેને તમારે ત્યાં લઈ જાઓ છો. તેને માટે નિયત કરેલો ભાવ દસ રૂબલ છે. પછી ભલે આવતીજ કાલે-તેના પાસ અને બીજી ચીજો માટે આવજો. એ બધું અમે બરોબર પાર ઉતારીશું. તે પછી તમે એનો પાસ લઈ પોલીસમાં જજો અને જાહેર કરજો કે લ્યુબા આજથી તમારે ત્યાં ચાકરડી તરીકે રહી છે અને તેથી તમે તેનો પાસ સામાન્ય પરવાનામાં બદલી આપવામાં આવે એમ ચાહો છો. ચાલ લ્યુબા, હવે ઝડપ કર. પૈસા લઈને ચાલવા માંડ, અને એમા આગળ બહુ વાર ખોટી ન થઈશ, નહિ તો કૂતરી બધું જાણી જશે; અને . . ." જેનીએ લ્યુબાને જતી અટકાવતાં કહ્યું: "તારા મોઢા પરથી રંગ લૂછી કાઢ ગમાર, નહિ તો રસ્તે બધા તારા તરફ આંગળીઓ કરશે!"

અરધા કલાક પછી લ્યુબા અને લિખોનીન એ ગૃહના મુખ્ય દ્વાર આગળ એક વિકટોરિયામાં બેસતાં હતાં. જેની અને અખબારનવેશ ફૂટપાથ ઉપર ઊભાં હતાં.

"તું બહુ ભૂલ કરે છે;" પ્લેટોનોવ હજી પણ કહેતો હતો. "પણ હું તારામાં વસતી એ જ્વલંત લાગણી માટે તને ધન્યવાદ

આપું છું કે વિચાર આવ્યો નહિ કે તેને અમલમાં મૂકયો. તું ખરેખર એક બહાદુર યુવાન છું."

"અને તમારા આ નવજીવનના પ્રારંભને હું મુબારકબાદી આપું છું;" જેનીએ હસીને કહ્યું. "અને જોજો, તમારા પહેલા બાળકના નામસંસ્કાર વખતે મને ભૂલશો નહિ."

"એ માટે તો તારે નવો અવતાર લેવો પડશે." લિખોનીને પણ તેવી જ રીતે હસીને ટોપી ઉછાળતાં જવાબ આપ્યો.

ગાડી ચાલી ગઈ. અખબારનવેશે જેની તરફ જોયું, તો તેની આંખોમાં અશ્રુ જોઈ તેને આશ્ચર્ય થયું.

"પ્રભુ એમને સહાય થાઓ. એમની મુરાદ પૂરી પાડો." તે ધીમે સ્વરે કહેતી હતી.

"આજે તને શું થયું છે, જેની?" તેણે આર્દ્રતાથી પૂછ્યું. "શું છે? તને કંઈ થાય છે? મને વાત તો કર!"

જેની તેના તરફ પીઠ ફેરવી, બારણાના સળિયા પકડી ઊભી રહી.

"જરૂર પડે તો હું તમને કાગળ ક્યાં લખું?" જેનીએ ગળગળા અવાજે પૂછ્યું.

"કેમ વળી? 'પડઘા' પત્રના તંત્રીવિભાગના સરનામે, એટલે તરત મને પહોંચશે!"

"હું. . .હું. . .હું. . ." જેનીએ કહેવા માંડ્યું, પરંતુ વાક્ય પૂરું કરે તે પહેલાં એ હાથ વડે મોંઢુ ઢાંકી તે ડૂસકે ને ડૂસકે રોવા લાગી. "હું. . .તમને કાગળથી જણાવીશ. . ."

અને મોંને હાથથી ઢાંકી રાખીને જ, ધ્રૂજતા ખભા સાથે તે પગથિયા પર થઈ અંદર દોડી ગઈ અને બારણાને ધડાધડ બંધ કરીને ઘરમાં સંતાઈ ગઈ.

●

યા મા

ખંડ બીજો

[૧]

દસ વર્ષના ગાળા પછી, આજે પણ થામાના બાકીના રહેવાસીઓ, તે સામાન્ય નજીવા પ્રસંગોમાંથી ઊભા થયેલા ભયંકર અને અણછાજતા બનાવોથી ભરપૂર વરસને યાદ કરે છે, કે જેને પરિણામે સત્તાવાળાઓએ, પોતે જ ઉત્પન્ન કરેલા, કાયદાબદ્ધ વારવનિતાવૃત્તિના સૂજનજૂના રહેઠાણને છિન્નવિછિન્ન કરી નાંખ્યું, અને તેનાં અવશેષોને હસ્પિતાલ, જેલ અને શહેરના બીજા ભાગોમાં વિખેરી નાખ્યાં. આજે પણ સામાન્ય વીશીઓ ચલાવવાનો ધંધો કરતી એ જર્જરિત થઈ ગયેલી જાડી માલિકણો અને બાઈઓ જીવે છે અને શોક, ભય અને મૂંઝવણ સાથે તે દિવસને યાદ કરે છે.

જેમ એક ફાટેલા કોથળામાંથી બટાટાઓ વેરાવા માંડયા હોય, તેમ ત્યાં તોફાનો, રોગચાળો, ખૂન અને આત્મહત્યાઓની પરંપરા શરૂ થઈ હતી અને તેમ થવાનું કારણ કોઈ કલ્પી શકતું ન હતું—જાણે કે આ કમનસીબ બનાવોમાં એક પ્રકારની ભરતી આવી હતી અને રસ્તા પર નાનાં બાળકોએ ઉડાડેલો બરફનો ગોળો ગબડતો ગબડતો વિશાળ કાય સ્વરૂપ ધારણ કરી અંતે કોઈના પર તૂટી પડતો ન હોય! ધીમે ધીમે તેમાં વધારો થતો જ ગયો માલિકણો અને બાઈઓના જોવામાં આ પ્રસંગ પહેલી જ વાર આવ્યો હોવા

છતાં, તેમના અંતરમાં એક પ્રકારની ભયની એવી લાગણી ઉત્પન્ન થઈ હતી કે કોણ જાણે આ વરસ કેવી ભયંકરતાથી પસાર થશે.

અને ખરેખર એ એક સામાન્ય નિયમ છે કે આવી ઉપાધિઓ અને વિપદો અમુક વ્યક્તિગત બની ગયેલાં કુટુંબો કે ધંધાદારીઓ ઉપર આવે છે, ત્યારે એકસામટી આવે છે. તેમાંયે જે કુટુંબો કે ધંધાઓ જગતના સામાન્ય વ્યવહારમાંથી જુદા પડી ગયેલા હોય છે, ત્યાં તો એવી ઉપાધિઓ ખાસ કરીને આવે છે. કહેવત છે કે 'ઉપાધિઓ આવે ત્યારે એકસામટી આવે,' અને એ જ વસ્તુસ્થિતિ માત્ર અહીં જ નહિ, પણ દેવળોમાં, આશ્રમોમાં, બેંકોમાં, સરકારી ખાતાંઓમાં, લશ્કરની બરાકોમાં અને કેળવણીનાં સ્થળોમાં પણ જોવામાં આવે છે, કે જ્યાં સામાન્ય રીતે જીવન નદીનાં ઊંડાં જળની માફક એકધારું વહન કરતું હોય છે; અને જ્યાં ઓચિંતો એકાદ નજીવો પ્રસંગ બનતાં, બદલીઓ, બરતરફીઓ, માંદગીઓ વગેરેનો ધોધ વરસવા માંડે છે. જેમ કોઈ મહાતરકટ રચાયું હોય અને તેમાં ફસાતા હોય તેમ સમાજના સભ્યો અંદર સપડાય છે અને પરિણામે કોઈ ગાંડા થઈ જાય છે, કોઈની માલમિલકત લૂંટાઈ જાય છે અને એવી જ અણધારી આપદાઓ પેદા થાય છે. એક પછી એક જગ્યાઓ ખાલી પડે છે, કેટલાકને એક પછી એક બઢતી મળે છે, નવાં તત્ત્વો દાખલ થાય છે અને બે વરસ વીતતાં તો ત્યાં જૂનામાંનો એક પણ માણસ જોવામાં નથી આવતો. જો સંસ્થાને કાંઈ વિઘ્ન ન નડ્યું હોય તો ત્યાં સર્વત્ર નવું જ વાતાવરણ ફેલાયલું જોવામાં આવે છે અને તે જ પ્રમાણે શહેરો, સામ્રાજ્યો, પ્રજાઓ, દેશો અને કોણ કહી શકે કે આખાય જગત માટે પણ નથી બનતું ?

ટૂંકમાં એવી જ કોઈ અગમ્ય આપત્તિ યામા પર પણ આવી પડી હતી કે જેને પરિણામે જૂની યામાનું ત્યાં નામનિશાન પણ ન રહ્યું અને હવે એ વિલાસી યામાને સ્થાને ત્યાં સામાન્ય ખેડૂતો, કસાઈઓ,

તાર્તંરો અને એવા જ લોકોનો વસવાટવાળું એક નવું જ પરૂં વસેલું જોવામાં આવે છે, અને આ લોકોની અરજી પરથી સત્તાવાળાઓએ તે શેરીનું નામ પણ બદલી નાખી, એક મીઠાઈ અને કરિયાણાની દુકાન ધરાવતા ધર્મિષ્ઠ વ્યાપારી ગુલુબોવના નામ પરથી તેનું નામ 'લુબોવકા શેરી' રાખ્યું છે.

અને આ આપત્તિ ત્યાં દરવર્ષે ભરાતા મેળા વખતે પહેલવહેલી દેખાઈ. આ મેળો ખાસ કરીને ઉનાળામાં ભરાતો અને તેમાંય આ વરસે તો મેળામાં ખૂબ જ માણસો આવ્યાં હતાં. મેળામાં ઘણાં માણસો આવવા માટે ઘણાં કારણો આપવામાં આવતાં હતાં. કોઈ કહેતું કે પાસે જ ખાંડની ત્રણ મિલો બંધાઈ હતી તેથી, તો કોઈ જણાવતું કે આ વરસે પાક બહુ સારો નીવડ્યો હતો તેથી, તો કોઈ નવી નહેર અને નવી જ દાખલ થયેલી વીજળીક રોશનીને તેનું કારણ જણાવતાં, તો વળી કોઈ પાંચસો માઈલની નવી સડક બંધાઈ હતી તે કારણ રજૂ કરતાં; પણ મૂળ કારણ તો એ હતું કે લોકોને નવું નવું બાંધવાની ઘેલછા લાગુ પડી હતી, અને તેમાં બેંકો અને શરાફી પેઢીઓ મુખ્ય ભાગ ભજવતી હતી. શહેર બહાર ચારે બાજુ ઈંટોનાં કારખાનાં અળશિયાંની માફક ઊભરાતાં હતાં. એક મોટા પાયા પર ખેતીવાડીનું પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું. બે નવી સ્ટીમર કંપનીઓ ઊભી થઈ હતી અને તેમની અને જૂની કંપનીઓ વચ્ચે સખ્ત હરીફાઈ ચાલતી હોવાથી માલની અને માણસોની પુષ્કળ આવજા થતી; અને આ હરીફાઈ એટલી હદ સુધી પહોંચી હતી કે એક માણસનું ભાડું પંચોતેર કોપેક હતું તે ઘટાડીને તેમણે પાંચ, ત્રણ, બે અને છેવટે એક કોપેક કરી નાંખ્યું હતું. અંતે આ વિષમ હરીફાઈથી છેવટે બંધ થવાની અણી પર આવેલી એક કંપનીએ તો માણસોને મફત લઈ જવાની પણ જાહેરાત કરી, પણ ત્યાં તો તેના હરીફે મફત લઈ જવા ઉપરાંત કંપનીને ખર્ચે નાસ્તાપાણી પણ આપવામાં આવશે તેમ જાહેર કર્યું. પરંતુ

આ શહેરની સૌથી મહત્ત્વવાળી પ્રતિભા તો નદી પરના બંદરની મોટા પાયા પરની ખિલવણી હતી અને તેના પરિણામે ત્યાં હજારો મજૂરો એકઠા થયા હતા. અલબત, એ ખિલવણી પાછળ કેટલા પૈસાનો ધુમાડો થતો હતો તે તો માત્ર ઈશ્વર જ જાણતો હતો.

ઉપરાંત શહેરમાં આવેલા સૌથી જૂના અને વૈભવશાળી દેવળને હજાર વરસ થયાંનો એક મહાન ઉત્સવ શરૂ કરવામાં આવ્યો હતો અને તેથી સાઈબિરિયા અને બરફના સમુદ્રો પરથી—દક્ષિણમાં કાળા અને કાસ્પિયન સમુદ્ર પરથી—એમ દૂર દૂરથી અગણિત સંખ્યામાં યાત્રાળુઓનાં ટોળેટોળાં દર્શન કરવા અને જમીનની અંદર દાટેલા સંતોના ચરણસ્પર્શ કરવા આવતાં હતાં. ટૂંકમાં આને પરિણામે આ દેવળ તરફથી રોજ ચાળીસ હજાર માણસોને ખાવા માટે અન્ન અને રહેવા માટે જગ્યા પૂરી પાડવામાં આવતી હતી અને જેમને જગ્યા નહોતી મળતી તેઓ, રાતના સમયે દેવળના વિશાળ ચોગાનમાં, કૂતરાઓની જેમ, એક બીજાની બગલમાં ભરાઈ સૂઈ રહેતાં હતાં,

આમ ત્યાં પરીઓની વાતમાં આવે એવું દૃશ્ય બની રહ્યું હતું. દરેક જાતના નવા નવા આવનારાઓને અંગે શહેરની વસ્તીમાં પુષ્કળ વધારો થઈ ગયો હતો. આ નવા આવનારાઓમાં કડિયા, સુતાર, રંગારા, ઇજનેરો, પરદેશીઓ, ખેડૂતો, દલાલો, બદમાશ વ્યાપારીઓ, નાવિકો, બેકાર બદમાશો, મુસાફરો, ખિસ્સાકાતરુઓ અને જુગારીઓ, એમ સર્વે પ્રકારના લોકોનો સમાવેશ થતો હતો. શહેરમાં એક પણ હોટેલ—પછી ભલી તે ગંદામાં ગંદી હોય, ત્યાં ઊભા રહેવા જેટલી જગ્યા પણ નહોતી રહી. યાત્રાળુઓ કોઈ ખાલી જગ્યા હાથ ચઢતાં મોં માંગ્યું દામ આપી ભાડે રાખી લેતા. શેર-બજારમાં પણ રોજ ભાવોની એવી તો ચડઊતર થતી કે તેવી ભાગ્યે જ પૂર્વે કદાપિ થઈ હોય; અને સોદા પણ તેવા જ પ્રકારના થતા. રોજ કરોડોની રકમ એક હાથમાંથી બીજા હાથમાં અને બીજા

હાથમાંથી ત્રીજા હાથમાં પસાર થતી. કલાકમાં તો કાલનો ભિખારી આજે લક્ષાધિપતિ બનતો અને કાલનો લક્ષાધિપતિ આજે ભિખારી બની જતો. કેટલીય સધ્ધર પેઢીઓને તાળાં દેવાઈ ગયાં હતાં. સામાન્ય રસ્તે રખડતા રોજિંદા મજૂરો પણ આમાં ઉત્સાહથી ભાગ લેતા. તે સમયમાં પોતે, કેટલા બધા પૈસા કમાયા હતા તે તો રોજિંદા મજૂરો, પોર્ટરો, છૂટક ફેરીઆઓ અને એવાઓ હજી પણ યાદ કરે છે. વહાણમાંથી તરબૂચ કિનારે ઉતારવામાં ગમે તેવો માણસ પણ સહેજે રોજના ચારથી પાંચ રૂબલ કમાઈ લેતો; અને પૈસાથી આકર્ષાયલા, આ જૂના અને પ્રલોભન કરતા શહેરના વિલાસી સૌંદર્ય વા પ્રતિમાઓ પ્રતિ લોલુપ દષ્ટિથી જોતા, ઉનાળાના મલયાનિલને લીધે ઉત્તેજિત થયેલા, દારૂ પી ગાંડા થયેલા, આ હજારો ને લાખોની સંખ્યામાં એકત્ર થયેલા પુરુષરૂપમાં પરદેશી જાનવરો એકે અવાજે પોકાર કરતા હતા કે, " અમને સુંદરીઓનો સહવાસ જોઈએ ! "

અને તેથી આ નવા બંધાતા બંદર આગળ, એક મહિનામાં તો અનેક નાની નાની નાટક કંપનીઓ, નાના નાના બાગવાળી હોટેલો અને બીરની દુકાનો સેંકડોની સંખ્યામાં ફૂટી નીકળી. રોજ શેરીઓને નાકે દારૂનાં નવાં પીઠાં ઊઘડતાં અને દારૂનાં પીઠાંઓનાં ઓઠાં હેઠળ સંખ્યાબંધ ઘરડી કુલટાઓએ પોતાનો ધંધો ધમધોકાર ચલાવવા માંડયો હતો. આજે પણ કેટલાંય માબાપો, તે સમયે પોતાના યુવાન પુત્રો અને કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ અને યુવાન સૈનિકો શા શા રોગ લઈ ઘેર આવતા, તેની વાત કરતાં પણ કંપી ઊઠે છે. નવા આવનારા ચાકરડીઓની માગણી કરતા અને પરિણામે આજુ-બાજુના ગામડાંઓમાંથી હજારો ખેડૂતકન્યાઓ આ નોકરી મેળવવા આવવા લાગી હતી; અને એ તો અનિવાર્ય હતું કે આવા સમયે યામાવાસી છોકરીઓની અસાધારણ માંગ થવાની અને તેથી વોર્સા, લૉઝ, ઓડેસા, રીગા, મોસ્કો અને ઠેઠ સેંટપીટર્સબર્ગ તેમ જ પરદેશમાંથી એ પ્રકારની સ્ત્રીઓ હજારોની સંખ્યામાં આવી

પહોંચી હતી. આમાં માત્ર સામાન્ય રશિયન વારવનિતાઓ જ ન હતી, પણ ફ્રાંસ, વિયેના, જર્મની અને હુંગેરીમાં મશહૂર ગણાતી વારવનિતાઓ પણ હતી. રોજ આની પાછળ લાખો રૂબલોનો ધુમાડો થતો હતો—જાણે કે સોનાનો પર્વત તૂટી જઈ આ શહેરમાં ગલીએ ગલીએ વેરાઈ ગયો હતો ! ચોરી અને ખૂનની સંખ્યામાં પણ અજબ પ્રકારનો વધારો થયો હતો. પોલીસની સંખ્યા પૂરતી ન હોવાથી ભાગ્યે જ તે કોઈ સ્થળે દેખાતી, તેમ કેટલાકનાં મોં થેલીઓએ બંધ કરેલાં હોવાથી તેમણે પોતાની શક્તિ ભવિષ્યમાં જરૂર પડે તે માટે ફાજલ રાખી હતી. સામાન્ય કારણો માટે લોકોનાં ખૂન થતાં. ઘણી વાર એવું બનતું કે એકાદ નિર્જન ગલીમાં થઈને પસાર થતા મુસાફરને બે ચારની ટોળી ઘેરી લેતી અને પૂછતીઃ "તારું નામ શું ?" પેલો જવાબ આપતોઃ "ફેડોરોવ." "એમ, ફેડેરોવ ! લે ત્યારે !" આમ કહી તેના પેટમાં છરી હુલાવી દેતા. આવા કેટલાય ગુંડાઓનાં નામ તો શહેરના રહેવાશીઓને મોઢે થઈ ગયાં હતાં—જેમાં મોંટકા અને ડુંડાસ નામના બે ભાઈઓ, ગ્રીક વોલોડકા, ફ્રિડોર મિલર, કેપ્ટન ડીમીટ્રેલ, ડાબ્રેવસ્કી અને શાશેક એ મુખ્ય હતાં.

જેમ કોઈ મહાઅગ્નિ ફાટી નીકળવાથી લોકોનું ટોળું જમા થાય, તેમ શહેરના મુખ્ય રસ્તાઓ પર ચોવીસે કલાક લોકોનું ટોળું તોફાનો કરતું અને કિકિયારીઓ પાડતું જોવામાં આવતું. તે સમયે યામામાં કેવી પરિસ્થિતિ હતી તેનું વર્ણન કરવું પણ મુશ્કેલ છે; જો કે વારવનિતાગૃહોની માલિકણોએ છોકરીઓની સંખ્યામાં બેવડો વધારો કર્યો હતો અને ભાવોમાં ત્રણગણો વધારો કર્યો હતો, છતાં આ નશાબાજ અને મસ્ત બનેલા લોકોની વિષયલાલસાને કમનસીબ છોકરીઓ સંતોષકારક રીતે પૂરી કરી શકતી ન હતી. લોકો જાણે કે પૈસા તો કાંકરાની માફક વેરતા હોય તેમ લાગતું હતું. લગભગ ખીચોખીચ ભરાયલા દીવાનખાનાઓમાં એકએક છોકરી માટે સાત, આઠ

કે દસ દસ માણસો ગાડી જોતા જોવામાં આવતા. ટૂંકમાં પ્રલયકાળ નજદીક આવ્યો છે એમ જ ભાસતું હતું.

અને તેજ સમયથી યામાને માથે આપદાઓ પડવાની શરૂઆત થઈ, કે જેને અંતે તેનું નામનિશાન પણ ન રહ્યું; અને યામાના નાશ સાથે આપણને પરિચિત આનાના વારવનિતાનાગૃહનો પણ લય થઈ ગયો.

[૨]

ઘઉંનાં સુવર્ણમય ખેતરો અને ઓકનાં આહ્લાદજનક વનનાં વનને વીંધતી, વિશાળ નદીઓ પર બાંધેલા પૂલો પર ગડગડાટ કરતી, અને પાછળ ધુમાડાનાં વાદળોને અવશેષરૂપ મૂકતી રેલવે ટ્રેન ઝપાટાબંધ આગળ ધસતી હતી.

બીજા વર્ગના એક ખાનામાં, બારીઓ ઉઘાડી હોવા છતાં પણ બફારો લાગતો હતો, કારણકે ગ્રીષ્મ ઋતુનો સમય હતો અને તેમાં એન્જિનના વાસ મારતા ધુમાડાનો વધારો થવાથી દરેકનાં ગળાં બળતાં હતાં. મુસાફરી અને તાપને લીધે દરેક યાત્રી થાકી ગયો હતો : ન થાકવામાં હતો માત્ર એક ખુશમિજાજી અને મળતાવડા સ્વભાવનો યહૂદી. તેણે સુંદર અને ભપકાબંધ કપડાં પહેર્યાં હતાં. તેની વાચા પણ એન્જિનની ઝડપ સાથે સરસાઈ કરતી હતી. તેની સાથે એક સ્ત્રી હતી, જેના દેખાવ પરથી તેણે હમણાં જ આ યહૂદીની સાથે લગ્ન કર્યાં હોય તેમ ભાસતું હતું. ટૂંકમાં તેઓ નવદંપતી દેખાતાં હતાં; કારણકે યુવાનની સહેજ દૃષ્ટિ વળતાં યુવતીના ગાલ પર લાલાશ ચઢી આવતી અને તે રમણીય મૂંઝવણમાં પડી જતી. વળી જ્યારે યુવતી યુવાન તરફ જોવા માટે આંખો ઊંચી કરતી, ત્યારે તે તારાની માફક ચમકતી જણાતી અને હર્ષનાં આછાં આંસુઓથી ભીની થઈ જતી.

પ્રેમાળ યહૂદી બાળાઓનું જ હોઈ શકે, એવું સુંદર તેનું મુખ હતું. તેના ગુલાબી હોઠ પર નિર્દોષતા તરવરતી હતી અને આંખો કાળી ભમ્મર જેવી હતી.

યુવાન યહૂદી ડબ્બાના બીજા ત્રણ મુસાફરોથી શરમાયા વગર યુવતી પ્રત્યે દરેક પળે વહાલ દાખવતો. એક પ્રણયીના ખાસ તોર પરના ફુંપદ માફક, અહંભાવ અને અશિષ્ટાચારી માલિકની જેમ, જાણે કે તે એમ જણાવવા મથતો હતો કે, 'જુઓ અમે કેટલાં સુખી છીએ અને અમારું સુખ જોઈ તમને પણ આનંદ થાય છે, ખરું ને?" ઘડીકમાં તે યુવતીના પોશાક નીચે લટકતા પગ પર હાથ ફેરવતો, ઘડીકમાં તેના ગાલે ચૂંટણી ખણતો, ઘડીકમાં તેની કાળી રુક્ષ અને વાળેલી મૂછો વડે કોઈ ન જુએ તેમ ચુંબન પણ લઈ લેતો . . . પણ જો કે તેના મુખ પર આનંદનો ચમકાર જોવામાં આવતો હતો છતાં તેનાં વારંવાર બંધઉઘાડ થતાં નયનોમાં, તેના ઉપલા હોઠના કરડવામાં અને તાજી હજામત કરાવેલી હડપચીની સ્પષ્ટ તરી આવતી રેખાઓમાં, એક પ્રકારની અકળામણ, મૂંઝવણ કે ગડમથલ થતી જોવામાં આવતી હતી.

આ પ્રેમી યુગલના સામેના પાટિયા પર ત્રણ મુસાફરો બેઠેલા હતા. તેમાં એક નિવૃત્ત થયેલો વૃદ્ધ સેનાપતિ હતો. તેણે વાળમાં પોમેડ નાખી તે કપાળ ઢંકાઈ જાય તેમ ઓળ્યા હતા. બીજો એક હૃષ્ટપુષ્ટ જમીનદાર હતો. તેણે ગળાના કોલરનાં બટન ઉઘાડી નાખ્યાં હતાં, છતાં ગરમીને લીધે હાંફતો હતો અને પળેપળે હાથ-રૂમાલ વડે મોં લૂંછતો હતો. ત્રીજો હતો એક યુવાન લશ્કરી અમલદાર. જેમ કોઈ મધમાખી ઉનાળાના ગરમ દિવસોમાં બંધ ઓરડામાં બારીના કાચ સાથે અથડાઈ ગણગણાટ કરે તેમ આ હોરીઝનના વાતોડિયાપણાથી (યુવાન કયારનોય પોતાનું નામ હોરીઝન છે એવી ઓળખાણ આપી ચૂકયો હતો.) બીજા મુસાફરો કંટાળેલા હોઈ ખિજવાયલા હતા, પણ સામા માણસોને પોતાના

તરફ કેમ ખેંચી રાખવા તેની કળામાં આ યહૂદી પાવરધો હતો અને તેથી તેણે હાથચાલાકીના ખેલો કરી બતાવ્યા તથા રમૂજથી ભરપૂર યહૂદી કહાણીઓ કહી સંભળાવી; અને જ્યારે કોઈ સ્ટેશને ગાડી ઊભી રહેતાં તેની પત્ની બહાર પ્લેટફોર્મ ઉપર પગ છૂટો કરવા ઊતરતી, ત્યારે તેની ગેરહાજરી દરમ્યાન આ યુવાન યહૂદી એવી તો વાતો કરતો કે નિવૃત્ત સેનાપતિના મુખ પર સ્મિતની આછી લહરીઓ ફરકતી, જમીનદાર હસતાં હસતાં બેવડો વળી જતો અને યુવાન લશ્કરી અમલદાર, જેને મોંયે હજી ધાવણનું દૂધ પણ સુકાયું નહોતું અને જેને નિશાળ છોડચે હજી માત્ર એક જ વર્ષ થયું હતું, તે આ વાતો સાંભળી હાસ્ય અને ઉત્કંઠા ન રોકી શકવાથી કોઈ તેને રાતો થઈ જતો ન જુએ માટે બીજી તરફ મોં ફેરવી લેતો.

હોરીઝનની પત્ની પણ નિર્દોષતાથી વારંવાર તેના પતિ તરફ વહાલ બતાવતી હતી; ઘડીકમાં તે પોતાના હાથરૂમાલ વડે તેનું મોં લૂંછતી; ઘડીકમાં તેને તે જ રૂમાલ વડે પવન નાંખતી અને ઘડીકમાં તેની 'ટાઈ' ઠીક કરતી. આવે સમયે પતિના મુખ પર હાસ્યાપદ બેદરકારી અને આત્મસંતોષનાં ચિહ્ન પ્રસરી રહેતાં.

"પણ હું આપને એમ પૂછવા માગું છું," વૃદ્ધ સેનાપતિએ સભ્યતાપૂર્વક ઉધરસ ખાતાં પૂછયું. "કે આપ શો ધંધો કરો છો?"

"અરે પ્રભુ!" યહૂદીએ મિઠ્ઠા અવાજે ગરીબડું મોં કરી જવાબ આપ્યો. "આજના વખતમાં અમે ગરીબ યહૂદીઓ શું ધંધો કરી શકીએ? હાલમાં તો હું ટ્રાવેલીંગ સેલ્સમેન અને દલાલીનું કામ કરું છું; પણ હમણાં હું રજા ઉપર છું. તમે હા...હા..હા.... તમે તો કારણ સમજી ગયા હશો. હું હમણાં જ પરણ્યો હોઈ સંવનન... લે, હવે બહુ ન શરમાઈએ સારોચકા, આ પ્રસંગ જીવનમાં વારંવાર આવતો નથી; પણ ટૂંક સમયમાં જ મારે કામે વળગવું પડશે અને પરિણામે પાછું દૂર દૂર રખડવા નીકળવું પડશે.

હમણાં તો હું સારોચકા સાથે શહેરમાં જઈશ, તેનાં સગાંવહાલાંઓને મળીશ અને વળી પાછો આગળ વધીશ. મારી પહેલી મુસાફરીમાં હું મારી પત્નીને સાથે લઈ જવા ઇચ્છા રાખું છું. હમણાં તો હું સીટ્રીસ અને બે અંગ્રેજી પેઢીઓ તરફથી કામ કરું છું. તમને મારો માલ બતાવું? જુઓ, આ રહ્યા થોડા નમૂનાઓ . . ."

તેણે તરત પીળા ચામડાની એક બેગમાંથી નમૂનાઓ કાઢ્યા અને એક દરજીની ચપળતાથી નમૂનાઓના કાર્ડોને એક છેડાથી પકડી બીજા ભાગને નીચે લટકતા રાખ્યા.

"જુઓ, કેવા સરસ નમૂનાઓ છે! આ પરદેશી માલની સરખામણીમાં આ આપણો માલ ક્યાં ટક્કર ઝીલે! જુઓ, આ આપણી રશિયન બનાવટના અને આ અંગ્રેજી બનાવટના. જુઓ, બરાબર જુઓ, એટલે ખાતરી થશે કે રશિયન માલ અંગ્રેજી માલની સરખામણીમાં કેટલો હલકો છે! એનું કારણ એટલું જ કે એ લોકો ઘણા આગળ વધેલા છે અને ત્યાં સુધારા દાખલ થયેલા છે; અને તેજ કારણસર યુરોપ પણ રશિયાને જંગલી ગણે છે. . . .

"હાં, અમે એ સગાંઓની મુલાકાત લઈશું, મેળામાં હરીશું-ફરીશું, 'શાટો દ ફ્લૉર્સ' જોઈશું અને અમે થોડા દહાડા આનંદપ્રમોદમાં વિતાવી વૉલ્ગાને માર્ગે ઝારીટ્સીન અને ત્યાંથી કાળો સમુદ્ર ઓળંગી અમારે ગામ ઓડેસા પહોંચી જઈશું."

"સરસ મુસાફરી કરવાની મળશે." યુવાન લશ્કરી અમલદારે કહ્યું.

"મારું પણ એમ જ માનવું છે," હોરીઝને તેના મતને ટેકો આપતાં કહ્યું. "પણ જાણો છો ને કાંટા ન વાગે ત્યાંસુધી કાંઈ ગુલાબ ઓછાં જ હાથમાં આવે છે! અમારા વેપારના કામમાં ઘણી માથાકૂટ હોય છે અને ઘણી જાતનાં જ્ઞાનની જરૂર પડે છે; અને આ જ્ઞાન વ્યાપાર સંબંધીનું જ નહિ, પણ . . . હાં . . . માનસસ્વભાવ

પારખવાનું જ્ઞાન. સામો માણસ તમને જરાય મચક ન આપતો હોય ત્યારે નાકમાં દમ આવે ત્યાંસુધી માથાકૂટ કરીને પણ અમારે માલ ખપાવ્યે જ છૂટકો. તેમ કરવા અમારે એટલી બધી દલીલો ને દાખલાઓ આપવા પડે કે એ તો અમારું મન જ જાણે છે; ઉપરાંત હું એવી કચરાપટી લાઈનોમાં હાથ નાખતો નથી, પરંતુ સાવ સીધી હોય તેવા જ પ્રકારની લાઈન હાથ ધરું છું. મને ઘણીય વાર એવી હલકી લાઈનો લેવા કહેવામાં આવે છે અને તેમાં આના કરતાં હજાર ગણો નફો અને સાવ નહિ જેવી મહેનત કરવાની હોય છે, છતાંય હું તેથી દૂર જ રહું છું. તમે અહીં કોઈ પણ કાપડના કે ગ્લોઈરના ગેલીસ—હું એ પેઢી વતી પણ કામ કરું છું—કે બટનોના વેપારીને જઈને એટલું જ પૂછશો કે આ હોરીઝન કોણ છે તો દરેક તરત જ વગર સંકોચે જવાબ આપશે કે, 'ભાઈ, હોરીઝન માણસ નથી, પણ સોનાની ખાણ છે: એની પ્રમાણિકતા વિષે અમને જરાય શંકા નથી.'" આ વાતચીત દરમ્યાન હોરીઝન એક પછી એક ખોખાં ખોલી જાતજાતનાં બટનોના નમૂનાઓ બહાર કાઢી દેખાડતો હતો.

"ખાસ કરીને જે વિભાગમાં આપણા પહેલાં બીજા સેલ્સમેનો પહોંચી ગયા હોય અને ઑર્ડરો લઈ ચૂકયા હોય, ત્યાંથી એક પાઈનું પણ કામ મેળવતાં અમારે લોહીનાં પાણી કરવાં પડે છે; કારણકે વેપારી તમારો એક શબ્દ પણ સાંભળ્યા વગર તમને સીધું બારણું જ દેખાડવાનો; પણ એમ પાછા હઠે એ બીજા! હું તો હોરીઝન! ન્યુ એરકાનીશવાળા મિ. ફ્રોલ્ટફેન જેમ પોતાના ઊંટોને નચાવે તેમ હું તો આ વેપારીઓને નચાવનારો. કોઈ કોઈ વારે એક જ માલ વેચતા બે સેલ્સમેનો એક જ ગામમાં એકઠા થઈ જાય, ત્યારે ખરી મારામારી થાય છે; અને તેમાંય જો કોઈ એવો સેલ્સમેન હોય કે જે ખાય નહિ ને ખાવા દે પણ નહિ—ત્યારે તો જોઈ લ્યો મજા! આવે પ્રસંગે નવા માલના ઑર્ડરો લેતાં એવી

તો યુક્તિઓ વાપરવી પડે છે—કાં તો ખૂબ દારૂ પાવો પડે કે પછી કોઈ વાર કોઈ આડા માર્ગે પણ જાણી જોઈને જવા દેવો પડે! એટલે મેં તમને પહેલાં જ જણાવ્યું હતું કે વેપાર એ નાનીસૂની વાત નથી. હાં, આ બધા ઉપરાંત હું બનાવટી આંખો અને દાંત પણ રાખું છું, પણ એમાં ઝાઝું મળતર હોતું નથી. હું હવે એને છોડી દેવાનો છું. તે ઉપરાંત હું હવે આ બધાયમાંથી મુક્ત થવાની ઇચ્છા ધરાવું છું. માણસ એકલો હોય ત્યાંસુધી તે ગમે ત્યાં રખડે તો બહુ વાંધો આવતો નથી, પણ જ્યાં તે પરણ્યો ને ઘરમાં બૈરી આવી, અને કેટલીકવાર તો તેના કુટુંબ સહિત..." કહી તેણે તેની પત્નીના ઢીંચણને હાથવતી જરા પંપાળ્યો અને પરિણામે યુવતીના ગાલ શરમથી લાલચોળ થઈ ગયા અને તે વધુ સુંદર દેખાવા લાગી. "કારણકે ઇશ્વરે બધીય આપદાઓ અમારા યહૂદીઓ માટે જ ભરી રાખી હોય છે... ત્યારે અમારે અમારા સ્વતંત્ર ધંધાનો વિચાર કરવો પડે છે કે જેથી એક જગ્યાએ ઠરીને ઠામ થવાય. વળી જરૂરિયાતો પણ વધી હોય છે; કારણકે તાંબાની તોલડી તેર વાનાં માગે! ઘરબાર, રાચરચીલું અને એવું કેટલુંય!...કેમ મારું કહેવું સાચું છે ને સેનાપતિ સાહેબ?"

"હા હા અલબત્ત ... હા!" સેનાપતિએ હેરીઝનને ટેકો આપતાં જણાવ્યું.

"મને લગ્નમાં પહેરામણી સારી મળી છે. અલબત્ત એ રકમ કાંઈ બહુ ભારે નથી, છતાંય મારે મન તો તે કિંમતી રકમ છે; ઉપરાંત મારી પાસે થોડીક બચત પણ છે અને જે પેઢીઓ વતી હું કામ કરું છું તેઓ પણ મને થોડીક રકમ ધીરશે, એટલે જો પ્રભુની મહેરબાની હશે તો તો થોડા જ સમયમાં અમે અમારી પોતાની કમાણીમાંથી છાશ-રોટલો ખાતાં થઈ જઈશું."

"હં... સારી વાત છે." જમીનદારે વાતને અનુમોદન આપતાં કહ્યું.

"અમે દુકાનનું નામ 'હોરીઝન એન્ડ સન્સ' રાખીશું. કેમ ખરું છે ને, સારોચકા? 'એન્ડ સન્સ?' અને મને ખાતરી છે કે આપ સદ્‌ગૃહસ્થો આપની ખરીદી મારે ત્યાંથી જ કરશો. કોઈ વાર 'હોરીઝન એન્ડ સન્સ'નું પાટિયું વાંચવામાં આવે કે તરત જ યાદ કરજો કે એક વખત તમે એક યહૂદી યુવાનને ગાડીમાં મળ્યા હતા, તેની જ આ દુકાન છે."

"જરૂર!" જમીનદારે કહ્યું.

અને હોરીઝન એકદમ તેની તરફ ફર્યો:

"ઉપરાંત હું દલાલીનું પણ કામ કરું છું. મિલકતો ખરીદવી, વેચવી, સાટાં કરી આપવાં, ગીરો મુકાવી આપવી એ બધું કામ હું કરું છું, અને મારા જેટલી સરળતા અને થોડે પૈસે કામ કરનાર તમને બીજો કોઈ નહિ મળે. આપને જો કદાચ જરૂર પડે તો સેવક આપની સેવા કરવા સદા તત્પર છે તે ભૂલશો નહિ." એમ કહી તેણે નમન કરી પોતાના નામનું વીઝીટીંગ કાર્ડ જમીનદારને આપ્યું અને સાથે સાથે બીજા બે સદ્‌ગૃહસ્થોને પણ કાર્ડ આપ્યાં.

જવાબમાં જમીનદારે પોતાના ખિસ્સામાંથી એક કાર્ડ કાઢયું.

"જોસફ ઈવાનોવીચ વેંજેનોરસ્કી." હોરીઝને મોટેથી વાંચ્યું. "ઘણો જ આનંદ થયો... અને તેથી જો આપને જ્યારે જરૂર જણાય..."

"જરૂર, કદાચ હમણાં જ..." જમીનદારે વિચારમાં પડી જતાં કહ્યું. "હા, હમણાંજ એવો પ્રસંગ ઊભો થાય તેમ છે કે જેમાં મારે તમારી મદદની જરૂર પડે. હું હમણાં... જઉં છું, તેનું કારણુ એ છે કે મારે એક મકાન વેચવાનું છે. તમે તે વેચાવી આપી શકો તેમ હો તો મને મળજો. હું હંમેશા ગ્રાન્ડ હોટેલમાં ઊતરું છું. કદાચ આ કામ આપણે સહેલાઈથી પાર ઉતારી શકીશું."

"અરે, જરૂરથી! એમાં શું? જોસફ શેઠ!" હોરીઝને આનંદમાં આવી જતાં કહ્યું અને તેમ કરતાં પોતાની આંગળીઓ વડે જોસફના ઢીંચણને થાબડયો. "તમે મારામાં સંપૂર્ણ વિશ્વાસ અને ખાતરી રાખજો કે જે કામ હોરીઝન હાથમાં લે છે, તે કામમાં પછી તમારે ચિંતા કરવાનું કશું રહેતું નથી."

અરધા કલાક પછી હોરીઝન અને યુવાન લશ્કરી અમલદાર ડબ્બાના પ્લેટફોર્મ ઉપર સિગારેટ ફૂંકતા ઊભા હતા.

"તમે ઘણીવાર . . . મુલાકાત લ્યો છો, મિ. લેફ્ટેનેન્ટ?" હોરીઝને પૂછયું.

"અરે, આ તો મારી પહેલી જ મુલાકાત છે. અમારી પલટનનો મુકામ શેરનોબોબમાં છે. મારું પોતાનું વતન તો મોસ્કો છે."

"એમ! ત્યારે તમે આવા દૂરના પ્રદેશમાં કયાં આવી ભરાયા?"

"નસીબ ત્યાં લખાયલું હશે, કારણકે બીજે કયાંય જગા જ ખાલી નહોતી."

"પણ આ શેરનોબોબ—એનું તો નામ ના લેશો. આખાય પોગેલિયામાં એના જેવું નકામું ગામ એક પણ નથી."

"હા, તમે ખરું કહો છો, પણ નોકરી રહી એટલે ત્યાં દહાડા કાઢયા વગર છૂટકો નથી."

"એટલે મને લાગે છે કે તમે થોડા દહાડા મોજમજા ઉડાવવા ત્યાં જતા હશો?"

"હા, હું ત્યાં બે કે ત્રણ દહાડા રોકાવાનો વિચાર રાખું છું. સાચું કહું તો હું મોસ્કો જવા નીકળ્યો છું. મેં બે માસની રજા લીધી છે એટલે વિચાર થયો કે લાવ રસ્તામાં આવે છે તો બે ત્રણ દહાડા ત્યાં પણ ઊતરી જાઉં. કહે છે કે આ શહેર બહુ સુંદર છે."

"અરે, તમને ખબર નથી. એના જેવું સુંદર શહેર ભાગ્યે જ

બીજું એકે હશે.—જાણે યુરોપનું જ કોઈ શહેર જોઈ લ્યો. શું ત્યાંના રસ્તા, ત્યાંની વીજળીક રોશની, ટ્રામો અને થિયેટરો! અને ત્યાંના કાફેઓ! તે જોઈ તમે આંગળાં કરડશો. મારી સલાહ છે કે તમે શારો દ ફ્લોર અને ટીવોલી તો ખાસ જોજો, અને ટાપુ પર ફરવા જવાનું તો ભૂલશો જ નહિ. ત્યાંની ખૂબી તો કાંઈ ઓર જ છે. ત્યાંની સ્ત્રીઓ—ત્યાં . . . ની સ્ત્રી . . . ઓ!"

આ વાત સાંભળી અમલદારનાં મોં પર લોહી ચઢી આવ્યું અને દૃષ્ટિ ફેરવી લેતાં જરાક ધ્રૂજતા સ્વરે તેણે પૂછ્યું:

"હા, મેં પણ તેવું સાંભળ્યું છે. શું ત્યાંની સ્ત્રીઓ ખરેખર એટલી બધી સુંદર હોય છે?"

"અરે, શું કહું! ત્યાં તો સ્ત્રીઓ નથી રહેતી, પણ માત્ર પરીઓ જ વસે છે પરીઓ!"

"એટલે?"

"એટલે એ જ કે ચારે બાજુથી બધીય રૂપસુંદરીઓનો ત્યાં શંભુમેળો એકઠો થાય છે. પોલીશ, રશિયન અને યહૂદી, એમ દરેક જાતની રૂપસુંદરીઓ ત્યાં એકઠી થાય છે. તમે એકલા અને સ્વતંત્ર છો તેથી મને તમારી અદેખાઈ આવે છે. મારા જમાનામાં મેં પણ મોજશોખ પુષ્કળ ભોગવ્યાં છે. વળી વધારે ખૂબી તો એ છે કે ત્યાંની નવયૌવનાઓ લાલસામયી હોય છે—જાણે અગ્નિજ્વાળાઓ! તમે બીજું કાંઈ જાણો છો?" જાણે કોઈ મહા ગુહ્ય વાત કહેતો હોય તેમ અવાજ ધીમો કરી દેતાં હોરીઝને કહ્યું.

"શું?" યુવાન લશ્કરી અમલદારે જરાક ગભરાટમાં પડી જઈ પૂછ્યું.

"અરે, એ તો બહુ જાણવા જેવી બાબત છે. પેરીસ કે લંડનમાં પણ ન મળે તેવા, પ્રેમ કરવાના માર્ગની ત્યાં સરળતા છે અને એમાં જ એની ખૂબી છે. તે માટે તો ત્યાં એવા એવા માર્ગો

યોજવામાં આવ્યા છે કે જેની આપણને તો કલ્પના પણ ન આવી શકે. તે જોઈ આપણી તો અક્કલ પણ કામ નથી કરતી."

"શું એ શકય છે ?" અમલદારે પૂછ્યું. તેનો શ્વાસ આ બધી વાતો સાંભળી અધ્ધર રહી ગયો હતો.

"અરે, ઈશ્વરના સોગંદ, જો હું ખોટું બોલતો હોઉં તો ! પણ માફ કરજો, સાહેબ, તમે બધી વાત તો સમજતા હશો. હુંય કુંવારો હતો અને અલબત્ત, દરેક માણસ ભૂલને પાત્ર છે ... અલબત્ત, હવે તેમાંનું કાંઈજ નથી ... પણ મારી પાસે પૂર્વનો કેટલોક સંગ્રહ હજી પડેલો છે. ઊભા રહો, હમણાં જ બતાવું છું—માત્ર મહેરબાની કરી જરા સંભાળીને જોજો."

હોરીઝને પોતાની નજીકમાં કોઈ છે તો નહિ એ માટે ચારે તરફ જોઈ લીધું અને પછી પોતાના વાસ્કુટના અંદરના ખિસ્સામાંથી મોરોકકો ચામડાનું એક નાનું પાકીટ કાઢીને અમલદારના હાથમાં મૂકયું.

"લ્યો, જુઓ. માત્ર જરા સંભાળપૂર્વક જોશો."

યુવાન લશ્કરી અમલદારે, એક પછી એક, કોઈ સાદાં અને કોઈ રંગીન એવાં પોસ્ટ કાર્ડ, જેમાં માનવજાતિની અધમમાં અધમ પરિસ્થતિ દાખવતાં અનેક અશકય આસનોનાં ચિત્રો હતાં, તે કાઢી જોવા માંડયાં. વચ્ચે વચ્ચે હોરીઝન અમલદારની પીઠ પાછળથી તેમાં ડોકિયું કરતો, તેને કોણીથી ધકકો મારતો અને કાનમાં કહેતો: "કેમ, ચીજ છે ને? ઘેર બેઠાં પેરીસ અને વિયેનાની મોજ ભોગવી શકાય તેમ છે ને?"

યુવાન અમલદાર એકેએક ચિત્ર જોઈ ગયો અને જ્યારે તે પાકીટ બંધ કરી પાછું આપતો હતો ત્યારે તેના હાથ ધ્રૂજતા હતા. તેનું કપાળ અને ભ્રમરો પ્રસ્વેદથી ભીનાં થઈ ગયાં હતાં. તેની આંખો

આગળ આછાં પડલ બાઝી ગયાં હતાં અને તેના ગાલ લાલલાલ થઈ ગયા હતા.

"પણ તમે જાણો છો ?" ઓચિંતા હોરીઝને આનંદમાં આવી જઈ કહ્યું. "મારે તો હવે બધુંય નકામું છે; કારણકે મારે હવે તે વર્જ્ય છે . . . મેં મારા પૂર્વજીવન પર હવે તો પાણી મૂક્યું છે, એટલે ઘણા વખતથી તમારા જેવો કોઈ રસિક માણસ મળે, તો તે આપી દેવાની તક જ હું શોધતો હતો. મારે તેની કાંઈ બહુ કિંમત જોઈતી નથી. બોલો, તમારે એ રાખવાની ઇચ્છા છે ?"

"હું . . . હા . . . જુઓને . . . આપણે."

"વાહ ! તો તો પછી આપણી મિત્રતાની યાદગીરીમાં હું કાર્ડ દીઠ માત્ર પચાસ કોપેક જ લઈશ. શું . . . બહુ વધારે કિંમત કહું છું ? ના, ના, હું તમને લૂંટવા નથી માગતો. ચાલો, ત્રીસ કોપેક આપજો, બસ ! શું હજી પણ ભાવ વધારે લાગે છે ? ચાલો, મારુંયે રહ્યું ને તમારુંયે રહ્યું, પચીસ કોપેક આપજો, થયું ? અરે, તમે તો કેવા માણસ છો ? વીસ પણ નહિ આપો ? પાછળથી મને યાદ કરશો અને તે ઉપરાંત એ જાણો છો ? જ્યારે હું ત્યાં આવું છું ત્યારે હંમેશાં હોટેલ હરમોટેજમાં ઊતરું છું. ત્યાં હું હંમેશાં સવારના આઠ પહેલાં અને રાતના આઠ પછી મળી શકું છું અને હું કેટલીય સારા ઘરની સ્ત્રીઓને ઓળખું છું; એટલે હું તેઓની સાથે તમારી મુલાકાત કરાવી આપીશ અને તે પણ મફત. તે માટે તમારે મને કાંઈ નહિ આપવું પડે. શું ? હા, વાત એમ છે કે આ સ્ત્રીઓ તમારા જેવા હસમુખા અને યુવાન અમલદારોની સાથે પરિચય પાડવામાં એક પ્રકારનું માન સમજે છે. ના, ના, એ પરિચય પાડવામાં તમારે એક પાઈનું પણ ખરચ નહિ થાય; ઊલટું એ લોકો તમારું ખરચ પૂરું પાડશે. હા, તેથી ભૂલશો નહિ, હોટેલ હરમોટેજ ! અને હોરીઝન ! જો આ વાત પસંદ ન હોય તો પણ મારું સરનામું

જરૂર યાદ રાખશો. હું તમને બીજી અનેક રીતે ઉપયોગી થઈ પડીશ. આ ચિત્રો તો એવી વસ્તુઓ છે કે તમારે ત્યાં નકામી તરીકે પળવાર પણ પડી નહિ રહે. જેને આવી વસ્તુઓ ગમે છે તેઓ તો તેના ત્રણ ત્રણ રૂબલ આપી લઈ જાય છે. અલબત્ત, તેમ કરનારા ખાસ કરીને શ્રીમંત વૃદ્ધો હોય છે. તદુપરાંત—" હોરીઝન વાંકો વળ્યો અને એક આંખ મિચકારી કાનમાં કહેવા લાગ્યો: " કેટલીય ખાનદાન સ્ત્રીઓ તો આવાં ચિત્રો માટે મરી ફીટે છે. જ્યારે તમે તો રૂપાળા અને તંદુરસ્ત યુવાન છો, એટલે તમારી કિંમત તો અનેકગણી વધી જવાની. "

પૈસા હાથમાં આવતાં તેને બરોબર ગણી હોરીઝને ખિસ્સામાં મૂક્યા અને પછી હાથ લાંબો કરી અમલદાર સાથે હસ્તધૂનન કર્યું, પણ તે વખતે તે યુવાન અમલદાર શરમનો માર્યો ઊંચું જોઈ ન શક્યો. હોરીઝન, તે પછી, જાણે કાંઈ જ બન્યું ન હોય તેવી રીતે તરત જ આવી પોતાની જગ્યાએ ગોઠવાયો.

પણ હોરીઝન જબરો વાચાળ હતો. પોતાની જગ્યાએ પાછા ફરતાં વચ્ચે કોરીડરમાં, કેટલોય સમય થયાં તેણે ધ્યાનમાં રાખેલી અને પોતાના તરફ ધ્યાન ખેંચવા પ્રયત્ન કરેલો, એક નાની ત્રણ વર્ષની સુંદર હસમુખી બાલિકા આગળ તે થોભ્યો. તેની આગળ તે ઘૂંટણે વળી બેઠો અને પછી તેની સાથે રમતમાં જોડાવાનો પ્રયત્ન કરતાં વાતોએ વળગ્યો.

" તમે ક્યાં જાઓ છો ? શું ? એકલી ? વાહ તો તો બહુ બહાદુર કહેવાય ! આટલી નાની છોકરી અને એકલી મુસાફરી કરે છે ? અને મા વગર ! એકલી જઈને ટિકિટ લઈ આવી ? વાહ ! તો તો વળી બહુ જ બહાદુર કહેવાય ! તારી બા ક્યાં છે ? "

ને જ પળે એક ઊંચી, સશક્ત, સુન્દર અને પ્રભાવશાળી યુવતી જોડેના ખાનામાંથી બહાર આવી અને સ્વસ્થતાપૂર્વક કહેવા

લાગી: "મહેરબાની કરી બાળકથી આઘા ખસો. નાનાં રમતાં બાળકોને સતાવતાં શરમ નથી આવતી ?"

હોરીઝન આ સાંભળી તરત જ ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો: "બાનુ ! માફ કરજો, પણ આવું સુન્દર બાળક જોઈ મને ઘડીભર તેની સાથે રમવાનું મન થઈ આવ્યું. કેવું સુંદર અને તંદુરસ્ત બાળક છે ! બાઈ, મારે પણ ત્રણ બાળકો છે અને તેથી જ આવું સુંદર બાળક જોઈ તેની સાથે રમવા હું લલચાયો."

પણ તે સ્ત્રીએ હોરીઝનના બોલવા તરફ જરાય ધ્યાન ન આપ્યું અને બાલિકાને લઈને પોતાની જગ્યાએ ચાલી ગઈ. હોરીઝન મોં વકાસી ઊભો જ રહ્યો.

મુસાફરી દરમ્યાન હોરીઝન વારંવાર બાજુમાં આવેલા ત્રીજા વર્ગના ડબ્બામાં જતો હતો. એક ડબ્બામાં ત્રણ રૂપાળી યુવતીઓ એક દાઢીવાળા અને ગંભીર દેખાતા પુરુષની સાથે બેઠેલી જોવામાં આવતી હતી. આ દાઢીવાળો પુરુષ અને હોરીઝન દરેક મુલાકાત વખતે કોઈક સાંકેતિક ભાષામાં થોડીક વાતચીત કરતા હતા. સ્ત્રીઓ તેમના તરફ કંઈક ભયભીત સ્થિતિમાં જોઈ રહેતી. તેમના મુખ પરથી એમ જણાતું કે તેઓ કાંઈક માગણી કરવા માગતી હતી, પણ તેમ કરવાની તેમનામાં હિંમત ન હતી. આખરે બપોરના સમયે એક યુવતીએ હિંમ્મત કરી પૂછયું:

"ત્યારે તો ખરી વાત ને ? પેલી જગાવાળી વાતની ! . . . બીજું કંઈ નહિ, પણ હું જરા ગૂંચવાયા કરું છું."

"શું છે, મારગારીટા ! મારા શબ્દો એટલે તમારે સરકારી નોટો જેટલી સધ્ધર ખાત્રીવાળા સમજી લેવા . . . સાંભળ લેઝર !" તેણે પેલા દાઢીવાળા સદ્‌ગૃહસ્થ તરફ ફરતાં કહ્યું: "હમણાં જ એક મોટું

સ્ટેશન આવશે. આ છોકરીઓને ત્યાંથી જે ગમે તે અપાવજે. ત્યાં ગાડી પચીસ મિનિટ થોભે છે."

"મારે તો થોડીક મીઠાઈ લેવી છે." નિર્દોષતાની જીવંત મૂર્તિરૂપ લાગતી એક યુવતીએ કંઈક અચકાતાં અચકાતાં કહ્યું.

"કોણ બોલ્યા કે ? તારે જે ઇચ્છા હોય તે લેજે. સ્ટેશન આવતાં હું જ મીઠાઈવાળાને અહીં મોકલીશ કે જેથી તું તારે મનગમતી ચીજો પસંદ કરી ખરીદી શકે. લેઝર, તું તસ્દી ન લઈશ. હું જ બધી વ્યવસ્થા કરી આપીશ."

બીજા ડબ્બામાં એક વૃદ્ધ અને મજબૂત બાંધાની અને જોતાં જ ભય ઉત્પન્ન થાય તેવી સ્ત્રીની સરદારી નીચે બેઠેલી દસથી પંદર સ્ત્રીઓનો અખાડો જામેલો જોવામાં આવતો હતો. તેનો અવાજ તીક્ષ્ણ હતો અને ગાડીના ચાલવા સાથે તેનું પેટ, બરણીમાંના મુરબ્બાની જેમ ઊછળતું હતું. એ બધી સ્ત્રીઓનો દેખાવ જ કહી આપતો હતો કે તે બધી કયા ધંધાને શોભાવતી હતી !

સ્ત્રીઓ પાટિયા પર આડી પડી, સિગારેટ ફૂંકતી, પાનાં ખેલતી હતી અને બીર પીતી હતી. વચ્ચે વચ્ચે ડબ્બાના બીજા પુરુષ–ઉતારુઓ તેમની મશ્કરી કરતા અને આ સ્ત્રીઓ પણ તેમને જડબાતોડ જવાબો આપતી હતી. ડબ્બાના કેટલાક જુવાનિયા દારૂ અને સિગારેટોથી તેમનો સત્કાર પણ કરતા હતા.

જ્યારે આ ડબ્બા આગળ હોરીઝન આવતો ત્યારે તે સાવ જુદા જ પ્રકારનો માણસ બની જતો. જાણે કોઈ મહાન અધિકારી એક હલકા દરજ્જાના નોકર સાથે વર્તતો ન હોય! બીજી બાજુ આ સ્ત્રીઓ જ્યારે જ્યારે તેની સાથે વાતો કરતી, ત્યારે ત્યારે શબ્દે શબ્દે તેની મહેરબાની મેળવવા પ્રયત્ન કરતી હોય તેમ જણાઈ આવતું હતું; પણ તેણે આ રૂમાનિયનો, યહૂદણો, રશિયનો અને પોલેન્ડવાસીનીઓનાં મિશ્રણરૂપ ટોળાં તરફ એક દૃષ્ટિપાત કરી જોઈ લીધું કે બધું વ્યવસ્થિત હતું, અને તરત જ બીજા સ્ટેશને મીઠાઈ અપાવવાનું કહી

તે ત્યાંથી ચાલી નીકળ્યો. જેમ કોઈ કસાઈખાના માટે ઘેટાં લઈ જતો કસાઈ રસ્તામાં જોવા આવે કે ઘેટાંમાંથી કોઈ નાસી તો ગયું નથીને, તેમ આ હોરીઝન પણ બધું ઠીકઠાક છે કે નહિ તે જોવા ત્યાં આવતો હતો. આ પછી તે પોતાના ખાનામાં પાછો ફરતો અને તેની નવપરિણીત પત્ની સાથે વિનોદ કરવા લાગતો.

જ્યાં ગાડી વધારે સમય થોભતી ત્યાં તે પોતે જઈને જોતો કે તેનાં ઘરાકોને વ્યવસ્થાસર ભોજન મળે છે કે નહિ. જો કે પોતે તો એમ જ જવાબ આપતો કે, “મારે તો કંઈ જ લાગતુંવળગતું નથી, પણ આ રેલવેવાળાઓ કેટલીક વાર એવો તો ખરાબ ખોરાક આપે છે કે વાત ના પૂછો. ત્રણ ચાર રૂબલના ખોરાક પાછળ સોએક રૂબલ ડૉક્ટરને આપવા પડે. હાં, સારોચકા!” કહી તે તેની પત્ની તરફ ફરતો: “કેમ તારે કાંઈ ખાવું નથી? કે અહીં મોકલાવું?”

સારોચકા આ શબ્દો સાંભળી શરમાઈ જતી અને આંખો વડે ભોજનનો ઇનકાર કરતી. કોઈક વાર વળી અસ્પષ્ટ સ્વરે જવાબ આપતી:

“ના, ના. મને ભૂખ નથી. તું મારી બહુ ખબરઅંતર રાખે છે, હોરીઝન!”

પણ હોરીઝન આટલેથી જ અટકતો નહિ. તરત જ ખાવાનો ડબ્બો કાઢી ભોજન કરવા લાગતો. તેની પત્ની પણ શરમાતાં શરમાતાં તેમાં ભળતી અને ભોજનકાર્ય પૂરું થતાં બાકીનું વધેલું એક કાગળમાં વીંટાળી હોરીઝન ઊંચે મૂકી દેતો.

દૂર દૂર કોઈ મોટા શહેરના આગમનસૂચક વીજળીક રોશનીના પ્રચંડ દીવાઓનું તેજ અને આછો ઘોંઘાટ સંભળાવા માંડ્યો હતો. તે જ સમયે ડબ્બા આગળ થઈને ગાડીનો કંડક્ટર પસાર થયો અને જતાં જતાં હોરીઝનને કાંઈક સંકેત કરતો ગયો. હોરીઝન તરત જ કંડક્ટરની પાછળ પાછળ ગયો.

"હમણાં જ ટિકિટ ઇન્સ્પેક્ટર આવશે." કંડક્ટરે કહ્યું. "તેથી મહેરબાની કરી થર્ડ ક્લાસના આ ખાના આગળ તમારી બૈરી સાથે થોડી વાર ઊભા રહો."

"ઠીક." હોરીઝને જણાવ્યું.

"અને મને આપવા કહેલા પૈસા પણ હમણાં જ આપી દો."

"કેટલા આપવાના છે?"

"કેમ, આપણે જે નક્કી કર્યું છે તે. વધારાના અડધા પૈસા–બે રૂબલ ને એંશી કોપેક."

"શું?" હોરીઝન એકદમ ગર્જી ઊઠ્યો. 'બે રૂબલ અને એંશી કોપેક? કેમ, મને દીવાનો બીવાનો સમજે છે કે શું? લે આ એક રૂબલ જોઈતો હોય તો. વધારે કશું નથી મળવાનું."

"માફ કરજો સાહેબ, આ જો કે ખરાબ વાત છે, પણ આપણે પહેલેથી નક્કી નહોતું કર્યું!"

"નક્કી . . . નક્કી . . . લે આ અડધો રૂબલ વધારે, એથી વધારે એક પાઈ પણ ન મળે. શી ધૃષ્ટતા! હમણાં ઇન્સ્પેક્ટરને જ કહી દઈશ કે આ માણસ વગર ટિકિટે મુસાફરો લઈ જાય છે. એ બનાવવાની વાત બીજા આગળ કરજે ભાઈ, અહીં નહિ."

કંડક્ટરની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ.

"એમ! સાલા લુચ્ચા!" તેણે ગર્જવા માંડ્યું. "તારા જેવાને પકડીને તો રેલના પાટા સાથે બાંધી મારવા જોઈએ."

પણ હોરીઝન તેના પર તરાપ મારતાં બોલ્યો: "શું? ગાડી નીચે પાટા પર! પણ તું જાણે છે કે એવા શબ્દો બોલનારને શી સજા થાય છે? ઊભો રહે, હમણાં જ હું જઈને 'મદદ'ની બૂમ મારું છું અને ગાડીની સાંકળ ખેંચું છું." એમ કહી તેણે સાંકળ પકડીને ખેંચવાનો એવો તો અભિનય કર્યો કે ગરીબ બિચારો કંડક્ટર તો હેબતાઈ ગયો.

"તારું સત્યાનાશ જાય!" કહી તેણે ત્યાંથી ચાલતી પકડી.

હોરીઝન તેની પત્નીને બહાર બોલાવી લાવ્યો અને જણાવ્યું: "સારોયકા ચાલ, જરા વાર ડબ્બાના પ્લેટફોર્મ ઉપર ઊભા રહીએ. ત્યાંથી બહારનો દેખાવ સુંદર રીતે જોઈ શકાય છે."

આજ્ઞાંકિત સારોયકા તરત જ એક હાથે પોશાકને પકડી, તેને જરાય નુકસાન ન થાય તેની સંભાળ લેતી, પતિ જોડે પ્લેટફોર્મ ઉપર ગઈ.

દૂર દૂર સંધ્યાના સુવર્ણમય તેજમાં શહેરની આબાદીના પ્રતિનિધિરૂપ વિશાળ ભવનોનાં મોટા મોટા ઘૂમટો દેખાતા હતા. ઊંચે ટેકરીઓ પર દેવળો આકાશમાં ઊડતાં સફેદ પક્ષીઓ જેવાં જણાતાં હતાં. ચારે બાજુના બંગલાઓ અને તેના બગીચાઓ દેખાતા હતા. આ બગીચાઓમાંથી આહ્‌લાદજનક મધુર સુવાસિત પવન થાકેલા અને મુસાફરીથી કંટાળેલા યાત્રીઓના મગજને રાહત આપતો હતો. કોઈ પરીઓની વાતમાં આવતું હોય તેવું આ સુંદર શહેર જાણે કે ટ્રેનને મળવા સામું આવતું હોય તેમ ભાસતું હતું.

ગાડી થોભી કે તરત જ હોરીઝને ત્રણ મજૂરોને પોતાનો સામાન પહેલા વર્ગના દરવાજે લઈ જવાનું અને તેની પત્નીને તેની પાછળ પાછળ જવાનું કહ્યું; પણ તે પોતે તો ત્યાંજ ઊભો રહ્યો કે જેથી કરીને પોતે જોઈ શકે કે બંને ડબ્બાવાળી યુવતીઓ બરાબર બહાર નીકળી ગઈ છે કે નહિ. પાસે થઈને પસાર થતી વૃદ્ધાને તેણે જણાવ્યું: "ભૂલતાં નહિ, મેડમ બારમેન! હોટેલ અમેરિકા, નંબર ૩૨." જ્યારે દાઢીવાળા સદ્‌ગૃહસ્થને તેણે કહ્યું: "લેઝર, રાત્રે છોકરીઓને જમાડવાનું અને સિનેમા દેખાડવાનું ભૂલતો નહિ. રાતના અગિયારેક વાગે મારી રાહ જોજે. હું થોડીક વાતચીત કરવા આવવાનો છું, પણ જો તે દરમ્યાન મારી જરૂર પડે તો તું મારું સરનામું જાણે છે—હરમીટેજ. મને ફોન કરજે; પણ જો કદાચ કોઈ કારણસર હું ત્યાં ન હોઉં, તો હું કાં તો રીમન કાફેમાં કે સામેના યહૂદી ભોજનગૃહમાં હોઈશ, સમજ્યો? જાઓ ત્યારે!"

[૩]

પોતાના વેપાર-ધંધા માટે હોરીઝને કહેલી બધી વાતો સાવ ગપ જ હતી. તેનાં બટન અને બનાવટી દાંત એ બધુંય તેનો ખરો ધંધો—લોહીનો વેપાર ઢાંકવા માટે જ હતું. અલબત્ત, દસેક વર્ષ પહેલાં તેણે કોઈ અજાણી પેઢી તરફથી દારૂ વેચવાનું કામ કર્યું હતું અને આને અંગે જ સેલ્સમેનોમાં જોવામાં આવતી વાચાળતા તેનામાં આવી હતી. જ્યારે તે આ સેલ્સમેનનું કામ કરતો હતો, ત્યારે જ તેને આ લોહીના વેપારનો ધંધો હાથ લાગ્યો હતો. વાત એમ બની હતી કે જ્યારે એક વખત તે હોસ્ટોવ જતો હતો, ત્યારે તેણે એક યુવાન દરજણને પોતાના પ્રેમપાશમાં સપડાવી હતી. આ દરજણ હજી પોલીસના ચોપડે ચડી ચૂકી ન હતી, પણ તેના દેખાવ અને પ્રેમ કરવાની રીત, તે શું ધંધો કરતી હતી તેની સાબિતી આપતાં હતાં. હોરીઝન તે સમયે ખીલતી જુવાનીમાં હતો અને તેથી તેણે આ દરજણને પોતાની પાછળ ખૂબ ભમાવી હતી અને તેમાં તેને અવનવા અનુભવો મળ્યા હતા. છ એક માસ પછી તો તે તેને—આ સ્વચ્છંદે વિહરતા યુવકને ગળે —ઘંટીના પડની માફક ચોંટી હતી. એ ઉપરાંત હવે હંમેશ અદેખાઈ, અવિશ્વાસ અને રુદનનાં નાટક ભજવાવા માંડયાં હતાં . . . એ હતું સતત સહવાસનું ફળ. ધીમે ધીમે તેણે તેને મારવા માંડી. પહેલી વખત તો તે આ બનાવથી ખૂબ જ આશ્ચર્ય પામી, પણ બીજા પ્રસંગથી તે સાવ ડાહીડમરી બની ગઈ. એમ કહેવાય છે કે પ્રેમમાં પડેલી સ્ત્રી પ્રેમમાં સફળતા મેળવવા કોઈ પણ માર્ગને અધમ લેખતી નથી. આવા પ્રકારની સ્ત્રીઓ કાં તો એકદમ લાગણીવાળી અને નિર્બળ મનની હોય છે, અથવા તો ભ્રષ્ટ મનોદશા ભોગવતી અને ગમે તેવાં અધમ કાર્યો કરવા તત્પર બને તેવી હોય છે, અથવા તો જેઓમાં સ્વમાનની કાંઈ પણ ભાવના હોતી નથી—પણ સાવ

સરળ અને મૂર્ખ હોય છે. આ દરજણ બીજી કક્ષાની હતી અને હોરીઝને ટૂંક સમયમાં તેની પાસે દેહવિક્રય કરાવવામાં સફળતા મેળવી. તે પહેલી સાંજથી—જે સાંજે દરજણ પોતાની કમાણીના પાંચ રૂબલ લઈ હોરીઝન પાસે આવી—તેજ દિવસથી તેને આ દરજણ પ્રત્યે એક પ્રકારની ન સમજાય તેવી ઘૃણાની લાગણી ઉત્પન્ન થઈ આવી અને એ એક અજાયબ થવા જેવું છે કે ત્યાર પછી હોરીઝન ગમે તેટલી સ્ત્રીઓના સહવાસમાં આવ્યો—અને તેના ધંધા દરમ્યાન તે સેંકડોના સહવાસમાં આવ્યો હતો—છતાં તેનામાંથી આ સ્ત્રી પ્રત્યેની ઘૃણાની અગમ્ય લાગણી નાશ ન પામી. તેણે દરેક રીતે આ બિચારી કમનસીબ યુવતીને સતાવવા માંડી અને અનેક પ્રકારની માનસિક યાતનાઓ આપવા માંડી. જવાબમાં આ દરજણ કાંઈ પણ જવાબ ન આપતી. નિશ્વાસ નાંખતી, રોતી અને નીચે ઊતરી ઘૂંટણીએ પડી તેના હાથને ચૂમતી. આ મૂંગી તાબેદારી હોરીઝનના હૃદયમાં વધારે કડવાશ જગવતી. તે તેને કાઢી મૂકતો, પણ તે જતી નહિ. તે તેને ધક્કા મારી બહાર શેરીમાં કાઢી મૂકતો, પણ એકાદ બે કલાક પછી ટાઢથી ધ્રૂજતી, વરસાદથી પલળતી તે પાછી ફરતી. આખરે તેના જેવા જ એક મિત્રે તેને જીવનભર ઉપયોગમાં આવે એવી સલાહ આપી—પત્નીને વારવનિતાગૃહમાં વેચવાની !

સત્યતઃ તો જ્યારે હોરીઝન પહેલવહેલો આ ધંધામાં પડયો, ત્યારે તેની સફળતા વિષે તેને બહુ શંકા હતી; પણ તેણે જે ધારણા રાખી હતી, તેને બદલે તો આ ધંધામાં તેને અણધારી ફત્તેહ મળી. ખારખોવના વારવનિતાગૃહની એક માલિકણે તેને આમાં સરળતા કરી આપી. સુંદર રીતે પિયાનો વગાડતા, સુંદર રીતે નૃત્ય કરતા, પોતાની વિનોદી વાતોથી આખાય દીવાનખાનાને ખડખડાટ હસાવતા, અને ખાસ કરીને ગ્રાહકોનાં ખિસ્સા ખાલી કેમ કરાવવાં તે કળામાં એકકો એવા આ હોરીઝનને ઘણા સમયથી તે પિછાનતી હતી. હવે માત્ર તેની પત્નીને સમજાવવાનું જ બાકી રહ્યું હતું, અને તેજ

સૌથી અઘરું કામ હતું. તે તો પોતાના પ્રિયતમથી જરાય અળગી થવા માગતી ન હતી. તેણે તો ગળે ફાંસો ખાવાની, હોરીઝનની આંખો એસિડથી બાળી મૂકવાની, પોલીસમાં ફરિયાદ કરવાની અને જો તે બધાયથી ન માને તો હોરીઝનના જે કેટલાંક અઘોર કૃત્યો તેની જાણમાં હતાં અને જે જાહેર થાય તો હોરીઝનને તરત જ આ દુનિયા છોડી જવાની શિક્ષા થાય તે જાહેર કરવાની ધમકી આપી. આ છેલ્લી ધમકી સાંભળી હોરીઝને પોતાના પેંતરા ફેરવ્યા. તે ઓચિંતો જ એક અદ્ભુત અને પ્રેમાળ પ્રિયતમ બની ગયો. દરજણ તેને જે કાંઈ પૂછતી, તેના જવાબમાં તેણે મૂંગા જ રહેવા માંડયું. પછી એકાદ શબ્દ એવો બોલતો કે જેના અનેક અર્થ કરી શકાય. પછી પોતે જીવનમાં એક ભૂલ કરી હતી તેનો પસ્તાવો કરતો હતો તેમ જાહેર કરવા માંડયું; અને પછી તો એક મહા ભયંકર જૂઠાણું ફેલાવવા માંડયું. તેણે દરજણને જણાવ્યું કે પોલીસ તેની તપાસ રાખતી હતી અને જો પોતે સપડાય તો કદાચ પોતાને આજન્મ કારાગૃહની શિક્ષા ખમવી પડે અને તેથી થોડાક મહિના પરદેશ નાસી જવું એજ વધારે સલાહભર્યું હતું, પણ સત્યતઃ તો તેણે એક એવા મહાન અદ્ભુત ઉદ્યોગ પર નજર માંડી હતી કે જેમાંથી તે હજારો નહિ બલ્કે લાખો રૂપિયા કમાવાની આશા રાખતો હતો. દરજણ હોરીઝનના આવા વર્તનથી સ્ત્રીસુલભ સ્વભાવને અંગે, અને સ્ત્રીઓમાં જે એક માતૃત્વની લાગણી વસેલી હોય છે તેને અંગે ડરી ગઈ હતી. પરિણામે તેને એ સમજાવતા બહુ મુશ્કેલી ન નડી કે હવે તેમને બન્નેને સાથે મુસાફરી કરવી એમાં મહાન જોખમ સમાયેલું હતું અને તેથી હોરીઝનના માથેથી આફતનો નિકાલ ન આવે ત્યાંસુધી તેણે—દરજણે—અહીં જ રહેવું વધારે યોગ્ય હતું. ત્યાર પછી તે જો જઈને એકાદ વારવનિતાગૃહમાં છૂપી રીતે રહે કે જ્યાં તેને પોલીસ પણ ન પકડી શકે, એ વાત તો તે ક્ષણમાત્રમાં તેને ગળે ઉતારી શકયો. એક દિવસ હોરીઝને તેની પ્રિયતમાને સારાં કપડાં પહેરવા, સુંદર રીતે

વાળ ઓળવા, મોઢે પાવડર લગાવવા અને ગાલ પર લાલી લગાવવા આજ્ઞા કરી અને તેમ થતાં તે તેને પોતાના એક પરિચિત વારવનિતા-ગૃહમાં ઉપાડી ગયો. દરજણ ત્યાંની માલિકણને ગમી ગઈ અને તે જ દહાડે તેનો પાસપોર્ટ બદલાવી તેને પીળો પાસ આપવામાં આવ્યો. થોડાંક અશ્રુ અને ચુંબનો પછી હોરીઝને ત્યાંથી વિદાય લીધી અને ત્યાંથી નીકળી તેણે માલિકણના ઓરડામાં આવી, દરજણ-ની કિંમત પેટે પચાસ રૂબલ—જો કે તેણે તો બસો રૂબલ માંગ્યાં હતા—સ્વીકારી લીધા. તેણે કિંમત માટે લાંબી રકઝક કરી નહિ, કારણકે આખરે તેણે પોતાનો યોગ્ય ધંધો પોતે જ શોધી લીધો હતો અને આજે તેણે તેમાં શ્રીગણેશ પણ માંડયા હતા.

અલબત્ત આજે તેણે જે સ્ત્રીનું વેચાણ કર્યું હતું, તે તો તેના મૃત્યુપર્યંત વારવનિતાગૃહના મજબૂત પંજામાંથી છટકી શકી ન હતી. હોરીઝન તો તેને એટલી બધી ભૂલી ગયો હતો કે એકાદ વરસ બાદ તેને કલ્પનામાં તેનું મુખ પણ યાદ આવતું ન હતું. પણ કોણ કહી શકે. . . .કે તે માત્ર દંભ જ કરતો હતો !

અને હવે તો તે સારાય દક્ષિણ રશિયાના લોહીના વેપારનો એક મહાન આડતિયો બની ગયો હતો. તે કોન્સ્ટેન્ટીનોપલ અને આરજેન્ટાઇન પર્યંત સોદા કરતો. તેણે ઓડેસાના વારવનિતા-ગૃહોમાંથી છોકરીઓનાં ટોળાં ને ટોળાં કીવ મોકલી આપ્યાં હતાં. કીવની વારવનિતાઓ તેણે ખારખોવ ભેગી કરી હતી. ખારખોવની વારવનિતાઓને તેણે ઓડેસા લાવી મૂકી હતી. જે સ્ત્રીઓ નાપસંદ કરવામાં આવી હતી અથવા તો મોટાં શહેરમાં બહુ જાણીતી થઈ ગઈ હતી, તેવી સ્ત્રીઓને ખરીદી પ્રાંતનાં નાનાં શહેરો અને શ્રીમંત વિભાગોમાં તે વેચી આવતો. તેણે પુષ્કળ ઘરાકી બાંધી હતી અને તેની પાસેથી આવી સ્ત્રીઓ ખરીદનારાઓનો વર્ગ પણ જેવો તેવો ન હતો. આ વર્ગમાં નાયબસૂબાઓ, લશ્કરના કર્નલો, પ્રખ્યાત ધારાશાસ્ત્રીઓ,

વિખ્યાત ડૉક્ટરો, શ્રીમંત જમીનદારો અને નશાબાજ વેપારીઓનો સમાવેશ થતો હતો; અને જેમ કોઈ ખગોળશાસ્ત્રી આકાશના સર્વ તારાગણથી પરિચિત હોય છે, તેમ હોરીઝન પણ તે પ્રદેશની વાર-વનિતાગૃહોની માલિકણો, દલાલણો, છૂપી રીતે ધંધો કરતી રખાતો; નાટકની એક્ટ્રેસો અને એવી સર્વ સ્ત્રીઓથી પરિચિત હતો. તેની સ્મરણશક્તિ અદ્ભુત હતી અને તેને પરિણામે તેને કશુંય નોંધી લેવાની ફરજ પડતી નહિ. આ સ્મરણશક્તિમાં સેંકડો નહિ બલ્કે હજારો નામો, છૂપાં નામો, રહેઠાણોનાં સરનામાં અને સંકેત સંજ્ઞાઓ છુપાયલાં હતાં. તે તેના એકેએક ગ્રાહકની રસવૃત્તિથી પણ પરિચિત હતો. કેટલાકને સાવ ખખડી ગયેલી વનિતાઓ પસંદ પડતી કેટલાક વળી સાવ 'અનાઘ્રાતં પુષ્પમ્' જેવી કન્યાઓ માટે મોંમાંગ્યા દામ આપતા; તો કેટલાક વળી સાવ નાદાન વયની કન્યાઓની જ માગણી કરતા. આમાં છેલ્લા પ્રકારના ગૃહસ્થોની માંગણી સંતોષતાં બહુ જહેમત ઉઠાવવી પડતી, પણ તેમાં પેદાશ પણ તેવી જ હતી. તેને તેના ગ્રાહકોની અનેક પ્રકારની ઇચ્છાઓ પૂરી કરવી પડતી હતી અને પરિણામે કોઈ કોઈ વાર સૃષ્ટિક્રમવિરુદ્ધ કાર્યના રસભોગીઓ તરફથી પણ માગણીઓ આવતી. જો કે આ પ્રકારના કાર્યમાં ભારે આમદાની હોવા છતાં હોરીઝન બહુ ઓછો રસ લેતો. બે ત્રણ વખત તેને જેલમહેલનાં દર્શન કરવા પડચાં હતાં, પણ આથી તો તેને લાભ થયો હતો; કારણકે તેમ થતાં તેના મનમાં કેદખાના વિષેની જે ભડક હતી તે નાશ પામી હતી અને દરેક વખતે છૂટતો ત્યારે પોતાના ધંધામાં બમણા જોરથી કામ કરતો થઈ જતો. વળી વર્ષોનાં વીતવા સાથે જગતની વ્યાવહારિક દષ્ટિ પણ તેનામાં પુષ્કળ આવી ગઈ હતી.

આ વર્ષો દરમ્યાન તેણે પંદર વખત લગ્ન કર્યાં હતાં અને પંદરે વખત સારી પહેરામણી મેળવી હતી. દરેક વખતે જ્યાં પત્નીના પૈસા હાથમાં આવ્યા કે એક સુપ્રભાતે એવો તો ગુમ થઈ જતો કે

તેનો પત્તો ન મળતો અને જો બની શકે તો તેની નવપરિણીત વધૂને તે એકાદ વારવનિતાગૃહમાં અથવા તો એવો ધંધો કરતા એકાદ કાફેમાં સારે નફે વેચી દેતો. ઘણી વાર એવું બનતું કે આવી કમનસીબ નવવધૂનાં માબાપ પોલીસ મારફતે તપાસ ચલાવતાં; પરંતુ આમ જ્યારે તેની તપાસ શેપરલીંગના નામે થતી હોય ત્યારે તે તો ક્યારનોય રોઝેનસ્ટેર્ઇન નામ ધારણ કરી એક ગામથી બીજે ગામ ફરવા લાગી ગયો હોય! આમ તે વારંવાર નામો બદલતો હતો, પરંતુ તેની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોવા છતાં, તે ઘણી વાર ભૂલી જતો કે કયા વરસમાં પોતે નાથાનીલસન બન્યો હતો અને કયા વરસમાં બાકાલીર બન્યો હતો; એટલું જ નહિ પણ હવે તો તેને તેનું પોતાનું સાચું નામ પણ એકાદ ધારણ કરેલા નામ જેવું જ લાગવા માંડયું હતું.

એ એક સમજવા જેવી વાત હતી કે તેને પોતાના આ ધંધામાં કશુંય કલંક કે ઘૃણા છૂટે તેવું લાગતું ન હતું. તેને તો આ ધંધો જગતના બીજા ધંધાઓ જેવો જ ભાસતો હતો અને પોતાની રીતે તે અમુક પ્રમાણમાં ધર્મિષ્ઠ પણ હતો. જો સમય મળતો તો તે જરૂર શુક્રવારે દેવળમાં જતો.[1] તે ગમે ત્યાં હોય છતાં તહેવારના દિવસો તો વિધિપૂર્વક પાળતો. તેની પાછળ એક વૃદ્ધ માતા અને એક ખૂંધી બહેન હતાં અને તેઓ ઓડેસામાં વસતાં હતાં હોરીઝન જ્યાં હોય ત્યાંથી તેમના પર નિયમિત રીતે તો નહિ, પણ વારંવાર નાની મોટી રકમો મોકલાવ્યા કરતો. ક્રેડીટ લીયોનામાં તેને નામે સારી રકમ જમા થઈ હતી અને તેમાં વ્યાજનો તેમ જ તેના તરફથી વધારો થયા કરતો હતો. તે લોભ કે લાલચને વશ થઈ આ ધંધામાં પડયો ન હતો, પણ તે ધંધામાં રહેલા ભય, જોખમ, આકર્ષણ અને માનવીના હૃદયને મળતો સંતોષ—એ બધું હોવાથી તેમાં પડયો હતો. સ્ત્રીઓ પ્રતિ તે સાવ ઉદાસીન હતો, જો કે તેમને તે બરાબર સમજી શકતો અને તેમની કિંમત આંકી શકતો. આ બાબતમાં તે,

---

1. યહૂદીઓ શુક્રવારને પવિત્ર દિવસ માને છે.

સ્વાદિષ્ટ મીઠાઈની કિંમત સમજતો હોવા છતાં અરુચિને લીધે ચાખવાનું કદાપિ પણ મન ન થાય એવા કંદોઈ જેવો હતો. કોઈ પણ સ્ત્રીને પોતાના તરફ કેમ ખેંચવી, કેમ લલચાવવી અને પોતે કહે તેમ કરવા તેને કેમ ફરજ પાડવી એ તો તેને માટે રમતની વાત હતી. મોરલીનો અવાજ સાંભળતાં નાગ જેમ તાબે થઈ જાય, તેમ તેને જોતાં સ્ત્રીઓ ખેંચાઈ આવતી અને તેના હાથમાં આજ્ઞાંકિત, શાંત અને રમકડાં જેવી બની જતી. તેની રીતભાત અને વર્તણૂક જ એવા પ્રકારનાં હતાં, કે અનુભવી સવારનો હાથ પડતાં જ ગમે તેવો તોફાની ઘોડો તાબે થઈ જાય, તેમ સ્ત્રીઓ પણ તેને તાબે થઈ જતી.

તે દારૂ સાધારણ પ્રમાણમાં લેતો, અને તે પણ જ્યારે કોઈ સોબતી હોય ત્યારે જ. ખાવાની બાબતમાં તે સાવ બેદરકાર હતો. પરંતુ જેમ દરેક મનુષ્યમાં તેની પોતાની અમુક નબળાઈ હોય છે, તેમ હોરીઝન પણ સુંદર કપડાં માટે ગાંડો થઈ જતો અને આને માટે તે સેંકડો રૂબલો ખરચી નાખતો. તેની પાસે દરેક પ્રકારના કોલરો, હાથનાં, ગળાનાં ને કોલરનાં બટનો, ઘડિયાળની ચેનો અને પટાઓ, ખમીસો, જેકેટ અને ગંજીફરાકો તથા ઉત્તમ પ્રકારના બૂટ તો ઢગલાબંધ પડયાં રહેતાં.

સ્ટેશન પરથી તે સીધો હરમીટેજ હોટેલમાં પહોંચ્યો, હોટેલનાં દરવાજામાં વાદળી કબજા ને એક જ પ્રકારની ટોપીઓ પહેરેલા નોકરોએ તેનો સામાન ઊંચકી લીધો અને તેમની પાછળ તે પત્ની સાથે હાથમાં હાથ રાખી દાખલ થયો. બન્ને પતિપત્નીએ કોઈ પણ સહેજે અંજાઈ જાય તેવાં કપડાં પહેર્યાં હતાં. તેના એક હાથમાં એક બેદરકારીભરી રીતે રાખેલી નાની રૂપે મઢેલી અને નગ્ન સ્ત્રીરૂપી હાથાવાળી સોટી હતી.

"વગર પરવાને અહીં કોઈને રહેવાની રજા મળતી નથી." એક મોટા ભરાવદાર દેખાતા અને ઊંધણશી જેવા લાગતા પુરુષે હોરીઝનને પગથી તે માથા સુધી નિહાળતાં કહ્યું.

"અરે, ઝેશર, વળી પાછી એની એ જ વાત લાવ્યો કે?" હોરીઝને સ્મિત કરતાં અને પેલા પુરુષનો ખભો થાબડતાં જવાબ આપ્યો. "રજા નથી એટલે શું? દરેક વખતે તું મારી આગળ એ વાત કહે છે. મારે અહીં ત્રણ દિવસ રહેવાનું છે; કારણકે જ્યાં કાઉન્ટ ઈપાટેવ સાથે ભાડાનું નક્કી થઈ ગયું કે તરત જ હું ત્યાં ચાલ્યો જવાનો છું. પછી તું તારી મેળે તારા બધા જ ઓરડાઓમાં આળોટ્યા કરજે. પણ ઝેશર, જરા બરોબર આંખ ખોલીને જો તો ખરો કે ઓડેસાથી હું તારા માટે કેવું સરસ રમકડું લાવ્યો છું. તું તો ખુશખુશ થઈ જઈશ."

અને સંભાળથી કોઈ જાણે નહિ તેમ એક સોનાનો સિક્કો તેણે ઝેશરના હાથમાં સરકાવી દીધો, જે પેલાએ તરત જ મૂઠીમાં સમાવી દીધો.

ઓરડામાં પહોંચતાં જ હોરીઝને પહેલું કામ બારણા બહાર સુંદર બૂટોની છ જોડી મૂકવાનું કર્યું, અને ત્યાં થઈ જતા એક નોકરને બોલાવી જણાવ્યું

"આ એકદમ સાફ કરી નાંખ! મોં દેખાય એવા પોલીશ કરજે સમજ્યો, તારું નામ શું? ટીમોથી? ઠીક—સાંભળ, જો મારું કામ બરાબર કરીશ, તો હું ભૂલી નહિ જઉં. શું કહ્યું? બરાબર આયના જેવા પોલીશ થવા જોઈએ!"

[૪]

હોરીઝન હોટેલ હરમીટેજમાં બધું મળીને ત્રણ દિવસ અને ત્રણ રાતો કરતાં વધારે સમય નહોતો રહ્યો, છતાં તેટલા સમયમાં તો તે આશરે ત્રણસો માણસોને મળી ચૂકયો હતો. તેના આગમન સાથે જાણે કે શહેરમાં કાંઈ નવું જ ચેતન આવ્યું હોય તેમ જણાતું હતું. તેને મળવા આવનારાંઓમાં નોકરો મેળવી આપનારી એજન્સીઓના માલિકો, સસ્તી વીશીઓની માલિકણો અને લોહીના વેપારની દલાલણો ખાસ હતી; અને માત્ર વધારે નફાની જ દષ્ટિથી નહિ, પણ પોતાની કુશળતા દાખવવાના ગર્વથી હોરીઝન સસ્તામાં સસ્તી કિંમતે સ્ત્રીઓ ખરીદતો. અલબત્ત, માત્ર દસ કે પંદર રૂબલ પોતાને વધારે મળે તે સામે હોરીઝનને વાંધો ન હતો, પણ તેનો હરીફ તેના કરતાં વધારે સારી રીતે સોદા પાર ઉતારી શકે છે, એ ખ્યાલથી જ તે ધમધમી ઊઠતો.

શહેરમાં આવ્યા બાદ બીજા જ દિવસે તે પેલી બેલા નામની કન્યાને લઈને ફોટોગ્રાફરને ત્યાં પહોંચ્યો અને તેની સાથે તેણે કેટલાય જુદા જુદા પોઝના ફોટા પડાવ્યા. આના બદલામાં તેને પોઝ દીઠ ત્રણ રૂબલ મળ્યા હતા; જ્યારે બેલાને તો તેમાંથી માત્ર પોઝ દીઠ એક રૂબલ જ તેણે આપ્યો હતો. અહીંથી નીકળી તે સીધો બારસુકોવા પાસે પહોંચ્યો.

આ એક સ્ત્રી હતી અથવા તો વધારે સ્પષ્ટતાથી કહીએ તો એક નિવૃત્ત થયેલી વારવનિતા હતી. તે આધેડ વયની ને શ્રીમંત હતી, જેથી તે એક પતિ અને એક પેયગૃહ રાખવાને શક્તિમાન બની હતી તેનો પતિ જાતે પોલ હોઈ એક દેખાવડો યુવાન હતો.

હોરીઝન અને બારસુકોવા જૂનાં મિત્રોની જેમ મળ્યાં. તેઓ જ્યારે વાતો કરતાં, ત્યારે તેમનામાં શરમ, બીક કે લાગણી જેવું કશું ન રહેતું.

"મેડમ બારસુકોવા! આજે હું તમને એક ખાસ વસ્તુ આપવા આવ્યો છું. ત્રણ સ્ત્રીઓ છે; એક ઘણીજ દેખાવડી ને સભ્ય: બીજી પણ દેખાવડી અને યુવાન, સમજ્યા ને—તમે કહો તે કરવા તૈયાર અને ત્રીજી છે એક રહસ્યમયી લલના, જે માત્ર સ્મિત કરે છે, કશું બોલતી નથી, પણ સૌંદર્યનો અપ્રતિમ નમૂનો છે—ટૂંક સમયમાં બધાં કરતાં આગળ વધી જાય તેવી છે."

મેડમ બારસુકોવા તેના પ્રતિ અવિશ્વાસથી માથું હલાવતી જોઈ રહી હતી, તે બોલી: "શ્રીમાન હોરીઝન! આજે તમે આ શા ફેંકાફેંક કરી રહ્યા છો? ગઈ વખત મારી સાથે જેમ ચાલબાજી રમી ગયા હતા, તેમ આ વખતે પણ રમવા માગો છો કે શું?"

"ઈશ્વરના સોગંદ, મારી તેવી જરા પણ ઇચ્છા નથી! તમને તે છેતરવાનું હોય! હાં, પણ હું વર્ણવી ગયો ત સ્ત્રીઓ બહુ મહત્ત્વની નથી, પણ તમને એક સદ્ગુણસંપન્ન અને કેળવાયેલી સંસ્કૃત સ્ત્રી આપવા માંગું છું. તેની સાથે તમે જેમ ઠીક લાગે તેમ વર્તજો. એ તમને તમારા ધંધામાં ભારે મદદગાર થઈ પડશે."

બારસુકોવાએ જરા ખંધુ સ્મિત કર્યું અને પૂછ્યું: "વળી પાછી વૈરી કે?"

"ના, પણ છે ખાનદાન કુળની."

"તો તો પાછી પોલીસ જોડે અથડામણ?"

"આહ! અરે પ્રભુ! પણ હું ક્યાં તમારી પાસે વધારે પૈસા માગું છું? ત્રણેયના બધા થઈને માત્ર હજાર રૂબલ!"

"ઠીક, આપણે વધારે ખુલ્લાં દિલથી વાતો કરીએ. જુઓ, હું તો પાંચસો આપીશ. ખોટા ભરોસામાં રહી વધારે પૈસા વેડફી નાંખવામાં હું માનતી નથી."

"મેડમ બારસુકોવા, જુઓ આપણે આજે કાંઈ પહેલવહેલાં સોદો કરવા એકઠાં થતાં નથી. હું તમને છેતરવા નથી માગતો અને

તેથી તેને હમણાં જ અહીં લઈ આવીશ. મારી વિનંતિ માત્ર એટલી જ છે કે, તમે મારાં કાંઈ છો એ રીતે જ વાર્તાલાપ કરજો, કારણકે હું અહીં ત્રણ દિવસથી વધારે થોભવાનો નથી."

મેડમ બારસુકોવા હવે ગેલમાં આવી જઈ કહેવા લાગી: "ઠીક, હવે નજીવી બાબતો માટે હું બહુ ખેંચતાણ નહિ કરું અને તેમાંય જ્યારે તમે મને છેતરવા નથી માગતા, ત્યારે હું પણ તમને છેતરવા માગતી નથી! આજકાલ તો સ્ત્રીઓની બહુ માંગ વધી પડી છે. હાં. . . . શ્રીમાન હોરીઝન, રાતો દારૂ લેવામાં તો તમને કાંઈ વાંધો નથી ને?"

"આભાર બાનુ, મને વાંધો નથી."

"ઠીક ત્યારે, આપણે થોડો સમય મિત્રોની જેમ વાતો કરીએ . . . . શ્રીમાન હોરીઝન, સાચું કહેજો, તમે વરસે દહાડે આમાંથી કેટલું કમાતા હશો?"

"અરે બાનુ, એનું તો શું કહેવાય? સાધારણ રીતે બારથી વીસ હજાર ગણાય: પણ અમારે તો રેલભાડામાં જ તેમાંથી મોટો ભાગ ખરચી નાખવો પડે છે."

"તમે થોડું થોડું બચાવતા તો હશો જ?"

"હા, પણ નહિ જેવું. વર્ષે દહાડે આશરે બેથી ત્રણ હજાર જેટલું બચે."

"હું તો દસથી વીસ હજાર ધારતી હતી—"

હોરીઝનને કંટાળો આવવા લાગ્યો. તેને લાગ્યું કે તેની પાસેથી અમુક માહિતી મેળવવા આ પ્રયત્ન થતો હતો અને તેથી તેણે સામો પ્રશ્ન કર્યો: "પણ આ બધું જાણવાથી તમને શો ફાયદો થવાનો છે?'

બારસુકોવાએ એક વીજળીનું બટન દાબ્યું અને તેના જવાબમાં આવેલી દમામદાર ચાકરડીને કોફી અને શેમ્પેન લાવવાનો હુકમ

આપ્યો. હોરીઝનને કઈ વસ્તુઓ વધારે પસંદ હતી તેથી તે માહિતગાર હતી. પછી તેણે પૂછ્યું:

"તમે શેપશેરોવીચને ઓળખો છો?"

હોરીઝન એકદમ ઊભો થઈ જતાં બોલી ઊઠયો:

"અરે પ્રભુ, તેને કોણ નહિ ઓળખતું હોય! એની તો વાત જ ન્યારી છે. તે તો અદ્ભુત માણસ છે."

અને આમ જુસ્સામાં આવી જવાથી તે ભૂલી ગયો કે તેને જાણીજોઈને આ વાતો તરફ દોરવામાં આવ્યો હતો. તે 'પૂર્વવત્' સ્વરે જ કહેવા લાગ્યો:

"અરે આ શેપશેરોવીચે ગયે વરસે શું કર્યું હતું તે જાણો છો? તે કોવ્નો, વીલ્નો અને ઝીટોમીરમાંથી ત્રીસ સ્ત્રીઓ આરજેન્ટાઈન લઈ ગયો હતો અને તે દરેકને તેણે હજાર હજાર રૂબલે વેચી દીધી હતી. કરો સરવાળો... કેટલા થયા? પૂરા ત્રીસ હજાર રૂબલ! અને તમે માનો છો કે તે આટલેથી જ સંતોષ પામ્યો હતો? સ્ટીમર પરનો ખરચો કાઢવા, આ પૈસામાંથી તેણે કેટલીક હબસણો ખરીદી અને અહીં લાવી તે બધીય મોસ્કો, પીટર્સબર્ગ, કીવ, ઓડેસા અને ખારકોવનાં વારવનિતાગૃહોમાં વેચી મારી. પણ હું કહું છું કે તે તો કોઈ અજબ વ્યક્તિ છે. વેપાર કેમ કરવો એ તો જાણે એના જ બાપની કરામત છે!"

બારસુકોવાએ પ્રેમાળ બની જઈ તેના ઢીંચણ પર હાથ મૂક્યો. વાત કહેવા માટે તે તકની જ રાહ જોઈ રહી હતી, તેથી ખૂબ મમતાભર્યા સ્વરે કહેવા લાગી:

"અને તેથી જ હું તમારી આગળ એક યોજના રજૂ કરવા ચાહું છું. શ્રી... અરે... આ વખતે તમારું કયું નામ છે?"

"હોરીઝન... હાં... કહો..."

"હા, તેથી જ મારી એક માગણી છે કે શ્રીમાન હોરીઝન,

તમે થોડીક કુંવારી કન્યાઓ ન મેળવી આપી શકો? આજકાલ તેવી છોકરીઓની ખૂબ જ માગણી રહે છે. હું તમારી આગળ સ્પષ્ટ દિલે વાત કરું છું. અમે તે માટે ગમે તેટલા પૈસા ખરચ કરવા તૈયાર છીએ, કારણકે આજકાલ તેની જ ફેશન છે; અને તમારાં આ સ્ત્રી-ઘરાકો તમને પૂર્વવત્ હાલતમાં જ પાછાં સોંપવામાં આવશે. અલબત્ત, નીતિની દૃષ્ટિએ જોતાં આ જરા ખરાબ છે, પણ હું તે માટે લાચાર છું..."

હોરીઝને નીચું જોઈ રહી એ હાથ મસળતાં કહ્યું: "જાણે કે...મારી પત્ની છે....તમે તો સમજી ગયાં હશો."

"હા. પણ..,"

"મને જણાવતાં બહુ શરમ થાય છે કે તે...શું કહું....તે અત્યાર સુધી મારી પત્ની તરીકે જ રહી છે."

બારસુકોવા ખડખડાટ હસી પડી.

"હોરીઝન, તમે આવા ભયંકર બદમાશ હશો, તેવું હું આજ સુધી નહોતી ધારતી, પણ મારે તો ભલે તમારી પત્ની હોય—ગમે તે ચાલશે; પણ તમે સાચે જ તેને સોંપી દેવા તૈયાર છો?"

"પૂરા હજાર પડશે!" હોરીઝને ગંભીર બની કહ્યું.

"હં, પાછી પૈસાની વાત! ભલે હજાર! પણ કહો તો ખરા કે તે મારા હાથમાં તો રહેશે ને?"

"છટ્!" હોરીઝને આત્મવિશ્વાસથી જણાવ્યું. "અહીં પણ તમારે પ્રથમ તો ફોઈની જ ભૂમિકા ભજવવાની છે—જાણે કે થોડા દહાડા હું તેને તમારે ત્યાં મૂકી જાઉં છું. મેડમ બારસુકોવા, આ સ્ત્રી મારી પાછળ દીવાની બની ગઈ છે. તમે જો તેને એમ કહેશો કે મારા ભલા માટે તેણે અમુક રીતે વર્તવાની જરૂર છે, તો પછી તમારે ઝાઝી લાંબીટૂંકી નહિ કરવી પડે."

હવે તેમને કાંઈ વધારે વાતચીત કરવાનું પ્રયોજન ન રહ્યું. મેડમે એક પ્રોમીસરી નોટ કાઢી અને મહામુશ્કેલીએ તે પર તેણે પોતાનું, પોતાના બાપનું અને પોતાની અટકનું નામ લખ્યું. અલબત્ત, આવા સોદામાં કરારનામું કરવું એ આશ્ચર્યજનક જ ગણાય, પણ ચોરીમાં પણ એક પ્રકારનું નીતિબંધન હોય છે. આવા સોદાઓમાં તેઓ એક બીજાને નથી છેતરતા; નહિ તો ગુનેગારને માટે પ્રાણદંડ તૈયાર જ હોય છે. જેલ, જાહેરસ્થાન કે વારવનિતાગૃહ બધે જ એક જ પ્રકારનું નીતિબંધન હોય છે.

તે જ ક્ષણે જેમ કોઈ વ્યક્તિ અદૃશ્યમાંથી ઊતરી આવે તેમ મેડમ બારસુકોવાનો પતિ મૂછોને વળ દેતો ત્યાં આવી હાજર થયો. ત્રણેયે મળી થોડો દારૂ પીધો, મેળાને લગતાં ગપ્પાં માર્યાં અને વેપારમાં પડતી મુશ્કેલીઓને લગતી એકબીજાની ફરિયાદો કરી. તે પછી હોરીઝને તેની પત્ની પર હોટેલમાં ટેલિફોન કર્યો અને તેને ત્યાં બોલાવી. તેણે તેની ફોઈ અને ફોઈના બોરમાન પુત્રની ઓળખાણ કરાવી અને જણાવ્યું કે કેટલાંક અનિવાર્ય રાજકીય સંજોગોને અંગે પોતાનાથી હવે વધારે સમય આ શહેરમાં રહી શકાય તેમ નથી. તેણે સારાહને–તેની પત્નીને ખૂબ જ મમત્વભર્યું ચુંબન લીધું, એકાદ અશ્રુ પણ પાડયું અને પછી તે રવાના થઈ ગયો.

[૫]

હોરીઝનના આગમન સાથે (જો કે અહીં તે કયા નામે ઓળખાતો હતો તે તો માત્ર ઈશ્વર જ જાણતો; કારણકે ગોગોબેવીચ, ગીડાલેવીચ, ઓકુનેવ, રેસ્મીટાલસ્કી એમ અનેક નામે તે વિહરતો હતો.) એટલે કે આ માણસના આગમન સાથે યામસ્કાયા વિભાગમાં પણ ઘણા ફેરફારો થઈ ગયા, કેટલાય દાવપેચ રમાવા શરૂ થયા,

ટ્રૂપલમાંથા છોકરીઓ આનાને ત્યાં બદલવામાં આવી, આનાને ત્યાંની છોકરીઓ એક રૂબલવાળા ગૃહોમાં પહોંચી અને એક રૂબલ-વાળા ગૃહોની છોકરીઓ અર્ધા રૂબલવળા ગૃહોમાં પહોંચી. બઢતીનો પ્રશ્ન જ નહોતો, માત્ર પડતી જ જોવામાં આવતી હતી અને આ દરેક ફેરબદલીમાં હોરીઝનને પાંચથી સો રૂબલનો તડાકો પડતો. કોઈ ધોધ જેવી અજબ શક્તિ તેનામાં જોવામાં આવતી હતી. બપોરના સમયે આનાના ગૃહમાં બેસી સિગારેટ પીતાં પીતાં પગ પર પગ ચડાવી, હોરીઝન વાતો કરતો હતો:

" હવે પ્રશ્ન એ છે કે . . . સોનકાની તમારે શી જરૂર છે ? તેને માટે આવા સભ્ય ગૃહમાં સ્થાન હોવું ન જોઈએ. તેથી જો તેને ઉતારી નાંખશો, તો તમે સો રૂબલ પેદા કરી શકશો અને મને પણ પચીસેક રૂબલનો તડાકો પડશે. તો કહો, એની કંઈ બહુ માંગ તો નથી ને ?"

" અરે શ્રીમાન શાઝકી (અહીં શ્રીમાન હોરીઝન આ નામે ઓળખાતા હતા) તમે હંમેશા ઉતારવાની જ વાતો કરો છો, પણ મને આ છોકરીની દયા આવે છે. તે એવી તો સારી છોકરી છે . . ."

હોરીઝને ક્ષણભર વિચાર કર્યો. તે કોઈ યોગ્ય કહેવત શોધતો હતો અને તે જડી આવતાં બોલી ઊઠ્યો: " એ તો ધા ભેગો ધસરકો ! અને મેડમ શોબસ, (આના આ નામે ઓળખાતી હતી) મારી તો ખાત્રી છે કે, એની બહુ માંગ નહિ જ હોય !"

આનાનો પતિ ઇસીહાવીચ જો કે એક વૃદ્ધ, જર્જરિત પુરુષ હતો, છતાં આવા પ્રસંગે તે નિશ્ચયાત્મક સ્વરે આના સાથે વાત કરતો. તે બોલ્યો:

" તમારું કહેવું બરાબર છે- તેની હાલમાં જરા પણ માંગ નથી; માટે આના, બરોબરવિચાર કરીને જવાબ આપજે. તું જ વિચાર કર—એનાં કપડાંનું જ બિલ મહિને પચાસ રૂબલ આવે છે. શ્રીમાન શાઝકીને પચીસ રૂબલ મળશે અને મને

તથા તને મળીને પચાસ રૂબલ મળશે. કંઈ નહિ તો આપણા ગૃહની બદનામી થતી તો અટકશે !"

અને પરિણામે સોનકાને એક રૂબલવાળા ગૃહમાં ઉતારવાને બદલે, સીધી અર્ધા રૂબલવાળા ગૃહમાં ઉતારી દેવામાં આવી, કે જ્યાં સારી રાત ધમાધમ ચાલુ રહેતી અને સાવ હલકા પ્રકારના લોકો ત્યાં આનંદ પ્રમોદાર્થે જઈ પહોંચતા. આ લોકો બળવાન શરીરશક્તિ અને માનસવાળા હોઈ, તેઓને તૃપ્ત થતાં ઘણો સમય વીતી જતો. એક દિવસે રાતના જ્યારે સોનકા ટાઢથી ધ્રૂજતી હતી, ત્યારે થેકલા નામની એક મોટી ગોળમટોળ સ્ત્રી કુદરતી હાજતે જવા બહાર ચોગાનમાં આવતાં, ઘરની બાઈને ઉદ્દેશીને તે બોલી:

" બાઈ, જો આ છત્રીસમો ઘરાક ગયો . . . ભૂલતી નહિ ! "

સદ્ભાગ્યે તે દિવસે સોનકાને કોઈએ બહુ સતાવી નહોતી. આ ગૃહમાં પણ તેના તરફ બધાં સદ્ભાવથી વર્તતાં હતાં. કોઈને પણ તેનાં સુંદર નયનોની દરકાર હતી નહિ, અને જ્યારે કોઈ જ હાજર ન હોય ત્યારે જ તેનો ખપ પડતો. તેનો જૂનો આશક તેને મળવા અહીં પણ હંમેશા આવતો હતો; પણ કાં તો તેની ભીરુતા, કે પછી યહૂદી ચાંપલાઈ કે પછી શારીરિક નિબળતા—ગમે તે કારણે પણ તે કદાપિ સોનકાને બહાર ફરવા લઈ જતો નહિ. તે રાતની રાત સોનકાની નજીક બેસી રહેતો અને કદાચ તે કોઈ ઘરાકને રીઝવવા ગઈ હોય, તો તેની રાહ જોતો એકલો પણ બેસી રહેતો. કેટલીક વાર ધાંધલ પણ મચાવતો અને છતાંય તેને તે અંતરથી પ્રેમ કરતો હતો. દિવસે પોતાની દુકાનમાં દવાઓ આપતાં આપતાં પણ તે સોનકાનું જ રટણ કરતો.

[૬]

શહેર બહાર પરાનાં એક કાફેના પ્રવેશદ્વાર આગર ઇલેક્ટ્રિક દીવાઓથી શણગારેલો બગીચો દૃશ્યમાન થતો હતો. આ કૃત્રિમ બગીચામાં પુષ્પોની જગ્યાએ વીજળીના નાના દીવાઓ ગોઠવેલા હતા. બાજુમાં જ એવા પ્રકારની કેટલીક કમાનો પણ બનાવેલી જોવામાં આવતી હતી. બાગમાં આગળ વધતાં પીળી રેતી પાથરેલો એક નાનો શો ચોક જોવામાં આવતો હતો. ડાબી બાજુએ નૃત્ય માટે બનાવેલો એક ચોતરો, રંગભૂમિ તથા શૂટીંગ ગેલેરી જોવામાં આવતાં હતાં. નજીકમાં એક સ્ટેન્ડ હતું અને જમણી બાજુએ કાફેની મુલાકાતે આવનારાઓ માટે એક મોટી ગેલેરી હતી. ચારે બાજુએ વીજળીના દીવાઓની ઝગમગાટ કરતી રોશની પ્રસરેલી હતી. આ દીવાઓના કાચ પર તારની જાળીઓ ભરી લીધેલી હોઈ તે પર અનેક ઝીણાં જીવાણુંઓ અથડાતાં. અસ્પષ્ટ પડછાયા નીચેની જમીન પર એક પ્રકારનાં આનંદ અને ગર્વની લાગણીઓનું પ્રદર્શન કરતી, સુંદર આછા પોશાક પહેરેલી, ગતિમાં બબ્બેની જોડમાં ફરતી કેટલીય ભૂખી સ્ત્રીઓ ત્યાં જોવામાં આવતી હતી.

કાફેનાં બધાં ટેબલો રોકાઈ ગયાં હતાં અને તે પર થતો કાંટા-છરીઓનો ખણખણાટ અને લોકોનો ગણગણાટ સંભળાતો હતો. ખાદ્ય પદાર્થોમાંથી અનેક પ્રકારની સુગંધી આવતી હતી. કાફેના મધ્યમાં એક મોટા ને ઊંચા ચોતરા પર મજબૂત, સફેદ દાંતવાળા, માથે પોમેડ લગાવેલા અને સુંદર રીતે વાળ ઓળેલા કેટલાક રૂમાનિયનો વાજિંત્રો વગાડતા હતા, તેમનો નાયક શરીરને વારેઘડીએ આમથી તેમ હલાવતો વાયોલીન બજાવતાં બજાવતાં વચ્ચે વચ્ચે પ્રેક્ષકો તરફ નયનો નચાવતો હતો. એ નયનો નર–વેશ્યાનાં હતાં. અને એ બધુંય—વિપુલ પ્રમાણમાં જોવામાં આવતા આ ઝગમગાટ કરી રહેલા વીજળીના દીવાઓ, રૂપજીવી-ઓના સુંદર પોશાકો, મગજને ઉત્તેજિત કરી મૂકતી અત્તરોની

સુવાસ, હૃદયના તારને ઝણઝણાવતું સંગીત—એ બધુંય એકબીજાને અનુકૂળ હતું અને તે બધું સમગ્ર રીતે જોતાં પ્રજા એક પ્રકારની ઉત્તેજિત અવસ્થામાં રહેવા માટે આ અર્થહીન, કંટાળાભરી અને મૂર્ખ વિલાસીતાને પોષી રહી હતી, એમ સ્પષ્ટ જણાઈ આવતું હતું.

વચલા હોલની ચારે બાજુ ઊંચે ગેલેરીઓ આવેલી હોઈ, વચ્ચે વચ્ચે ખાનગી ઓરડાઓમાં જવાનાં પ્રવેશદ્વારો જણાતાં હતાં. આવા એક ખાનગી ઓરડામાં અત્યારે ચાર વ્યક્તિઓ—બે સ્ત્રીઓ અને બે પુરુષો—બેઠેલાં જોવામાં આવતાં હતાં. સ્ત્રીઓમાં એક શેવિન્સ્કાયા નામની ખૂબસૂરત તથા મીસરી સ્ત્રીઓના જેવી લંબગોળ આંખો અને લાલસાભર્યાં મુખવાળી એક પ્રખ્યાત નટી હતી. બીજી જરા બેઠા બાંધાની, મદભરી પણ કંઈક ફિક્કી લાગતી, બેરેનોસ ટેફરીંગ હતી. આ બેરોનેસ હંમેશા આ નટીની સાથેજ ફરતી જોવામાં આવતી. પુરુષોમાં એક હતો સુપ્રસિદ્ધ વકીલ સ્યાઝાનોવ અને બીજો હતો એક શ્રીમંતનો નબીરો—નાનાં નાનાં રસમય કાવ્યોનો સર્જક તથા ચાલુ બનાવો પર કટાક્ષો દોરી સારાય શહેરમાં પ્રસિદ્ધિ મેળવેલ વોલોડયા શાપલિન્સ્કી.

તે ઓરડીની દીવાલો લાલ રંગની હોઈ તેમાં વચ્ચે સોનેરી પટાઓ દોરેલા હતા. બોટલો તથા રોશનીમાં ચળકાટ મારતા કેટલાક કાચના પ્યાલા ત્યાં પડેલા જણાતા હતા. બહાર બારણાંઓ આગળ, ભીંતને અઢેલી જરૂર પડે તો તરત જ હાજર થવાય તે માટે એક દરવાન ઊભો હતો. એક આંગળીએ હંમેશા કિંમતી હીરાની વીંટી પહેરી કાફેનો મેનેજર જતાં આવતાં વારંવાર આ દ્વાર આગળ ઊભો રહેતો અને અંદર શું વાતચીત થાય છે તે કાન દઈ સાંભળવા મથતો.

બેરોનેસ કંઈક કંટાળાભર્યાં મુખે નીચે બેઠેલાઓ તરફ એકીટસે જોઈ રહી હતી. ત્યાં લાલ, પીળા ને વાદળી રંગના સ્ત્રીઓના પોશાકો વચ્ચે એક જ રંગના કપડાં પહેરેલા પુરુષો કાળા હથોડાઓ જેવા લાગતા હતા. શેવિન્સ્કાયા કંઈક બેદરકારીથી, પણ સાથે જ

અંતરના ઊંડાણથી અને ઉત્કંઠાસહ નીચે જોતી હતી. તેના મુખ પર થાકની નિશાનીઓ જણાતી હતી. તેના ડાબા હાથની કમળની દાંડી જેવી આંગળીઓ પર કિંમતી જવાહીરો એવી બેદરકારીથી લાદેલાં હતાં કે જાણે હમણાંજ તે બધાં નીચે પડી જશે. એવામાં તે ઓચિંતી ખડખડાટ હસી પડી અને બોલીઃ

“ જુઓ ! જુઓ ! કેવી હાસ્યાસ્પદ વ્યક્તિ અથવા કેવો હાસ્યાસ્પદ વ્યવસાય ! પેલો . . . પેલો જે પેલું વગાડે છે તે ! ”

બધાંયે, તેણે જે તરફ હાથ કર્યો હતો, તે તરફ જોયું અને સાચે જ એ દૃશ્ય કોઈને પણ રમૂજ ઉપજાવે તેવું હતું. ફ્રમાનિયન વગાડનારાઓની પાછળ એક લાંબી દાઢીમૂછોવાળો—કેટલાંય બાળકોના પિતામહ જેવો જણાતો—એક કદાવર પુરુષ આનંદમાં આવી જઈ એક સાથે સાત સિસોટીઓ જોડેલી શરણાઈ વગાડતો હતો. તેનું ભારે શરીર મોટી શરણાઈ આમથી તેમ ફેરવવામાં તેને અડચણરૂપ થતું હોઈ, તે પોતાનું માથું જ આમથી તેમ ફેરવતો હતો.

“ અદ્ભુત વ્યવસાય! અરે કવિરાજ, તમેય તમારું માથું એની માફક ધુણાવો જોઈએ! ” રોવિન્સકાયાએ કહ્યું.

કવિ અંતરથી આ નટીને ચાહતો હતો અને તેથી તેની કોઈ પણ આજ્ઞા કોઈ પણ સમયે ઉઠાવવા તત્પર રહેતો હોઈ, તરત જ તે તેમ કરવા લાગ્યો; પરંતુ અરધી મિનિટમાં જ કંટાળી જઈને કહેવા લાગ્યોઃ

“ અશક્ય ! કાં તો લાંબા સમયનો અભ્યાસ અથવા જન્મથી જ કોઈનામાં એવી યોગ્યતા ઊતરી આવી હોય તો જ તેમ સહેલાઈથી વગાડી શકાય ! ”

આ દરમ્યાન બેરોનેસ એક ગુલાબ લઈ તેની પાંદડીઓ તોડી તોડી એક પ્યાલામાં નાંખતી હતી. પછી તેણે એક બગાસાને મહામુશ્કેલીએ રોકી રાખી, મોં જરાક કટાણું કરી કહેવા માંડ્યું: “ અરે ભગવાન ! આપણા લોકોમાંથી રસમય જીવન જ ઘટી

ગયું છે—ન મળે હાસ્ય, ન મળે સંગીત કે ન મળે નૃત્ય! જાણે કોઈ જંગલી ટોળાને પરાણે આનંદપ્રમોદમાં ભાગ લેવા એકઠું કરવામાં આવ્યું ન હોય!"

વકીલે ગ્લાસ લીધો અને એક શ્વાસે તે ખાલી કર્યો. પછી બેદરકારીભરી રીતે પરંતુ મધુર સ્વરે તેણે જવાબ આપ્યો:

"ત્યારે શું તમારા પેરીસ કે નાઈસમાં અહીં કરતાં વધારે રસમય જીવન છે? ખરું પૂછો તો ઉત્સાહ, યૌવન અને હાસ્ય આપણા માનવીઓના જીવનમાંથી જ ઊડી ગયાં છે અને હવે એવી જરાય આશા નથી કે તે પુનઃ દૃષ્ટિગોચર થાય. લોકોને કંઈક ધૈર્યપૂર્વક નિહાળવા જોઈએ એમ હવે મને તો ભાસે છે અને કદાચ એમ પણ હશે કે નીચે બેઠેલા લોકોને આજે રજાનો—આરામનો દિવસ હોય!"

"બચાવપક્ષનું ભાષણ!" કવિરાજે પોતાની સદૈવ શાંત રીતે કહ્યું.

પણ રોવિન્સ્કાયા તરત જ આ પુરુષો તરફ ફરી પોતાની ચમકતી આંખોને ઝીણી કરી જોવા લાગી. તે જ્યારે જ્યારે ગુસ્સે થતી ત્યારે ત્યારે આ રીતે જોતી અને તે જોઈ મોટા મોટા ભૂપતિઓનાં પણ ગાત્ર ઢીલાં થઈ જતાં; પરંતુ ક્ષણવારમાં જ પોતાની વૃત્તિઓ પર કાબૂ મેળવીને કાંઈક કંટાળાભર્યા અવાજે તે બોલી:

"તમે બધા આ શી વાતો કરો છો તે હું નથી સમજી શકતી. હું એ પણ નથી સમજી શકતી કે આપણે અહીં શા માટે આવ્યાં હતાં! કારણકે જગતમાં હવે જોવા જેવું કંઈ રહ્યું જ નથી. દાખલા તરીકે મેં સેવીલ, મેડ્રિડ અને સાન સેબાસ્ટિયનમાં ગોધાયુદ્ધો જોયાં છે કે જે જોવાથી માણસને ઘૃણા સિવાય ભાગ્યે જ બીજી લાગણી થતી હશે! મેં મુક્કાબાજી અને કુસ્તી, મલીનતા અને પશુતા પણ જોયાં છે. એક વખત મેં વાઘના શિકારમાં પણ ભાગ

લીધો હતો અને તે સમયે હું એક મોટા હાથીની પીઠ પર આરામથી જરાય ડર્યા વગર બેઠી હતી... ટૂંકમાં, આ બધી બાબતોથી તમે પણ વાકેફગાર છો; અને મારું આ મહાન, વિચિત્ર અને ધાંધલિયું જીવન કે જે વિતાવતાં મને ધોળાં થવા આવ્યાં. . . ."

"અરે, અરે, આ શું બોલ્યાં, રોવિન્સ્કાયા!" કવિ મૃદુ ઠપકો દેતાં બોલી ઊઠચો.

"હવે એ ખોટાં વખાણ બાજુએ રાખો, કવિરાજ! હું સમજું છું, છતાં ખરેખર મને કેટલીક વાર એમ થઈ આવે છે કે જાણે હું નેવું વરસની ઘરડી ડોસી છું. મારો આત્મા અત્યંત થાકી ગયો છે, છતાંય મારે મારું આ ધાંધલિયું જીવન તો ચાલુ જ રાખવું પડે છે. મારા સારાય જીવનમાં માત્ર ત્રણ વખત મારો આત્મા લુબ્ધ થઈ જાય તેવા પ્રસંગો બન્યા છે. પ્રથમ જ્યારે હું નાદાન વયની કન્યા હતી, ત્યારે મેં એક બિલાડીને એક ચકલા ઉપર તરાપ મારતાં જોઈ હતી. તે વખતે હું ભય અને ઉત્સુકતાસહ બિલાડીની હિલચાલ અને ચકલાનો પ્રાણરક્ષણ માટેનો ફડફડાટ જોઈ રહી હતી. હજી પણ હું એ વાતનો નિશ્ચય કરી શકી નથી કે તે સમયે મારી સહાનુભૂતિ કઈ તરફ હતી—બિલાડીની બુદ્ધિચંપળતા તરફ કે ચકલાની અસ્થિરતા તરફ! પણ અંતે ચકલો ફાવ્યો. એક પળમાં તો એ ઊડીને એક વૃક્ષની ટોચે પહોંચ્યો અને ત્યાંથી તેણે પોતાની વાણીમાં બિલાડીને એવી તો ગાળો દેવા માંડી કે જો હું તેની વાણીનો એક શબ્દ પણ સમજી શકી હોત તો જરૂર શરમના માર્યા મારે નીચું જોઈ લેવું પડત; જ્યારે બિલાડીએ જાણે કે તેને કોઈએ અન્યાય કર્યો હોય તેમ, ચીમનીની માફક પૂંછડી ઊંચી કરી માત્ર જોઈ રહી એવો દેખાવ કર્યો કે જાણે કાંઈ પણ અસાધારણ બન્યું ન હતું. એ મારો પહેલો પ્રસંગ. બીજા પ્રસંગ વખતે એક નાટકમાં મહાન કળાકારની સોબતમાં મારે ગાવાનું હતું."

"કોની સાથે?" બેરોનેસે એકદમ પૂછ્યું.

"કેમ? નામની શી જરૂર છે? હં . . . અમે જ્યારે બન્ને સાથે ગાતાં હતાં, ત્યારે ઓચિંતી મને અદૃશ્ય રીતે પ્રેરણા થઈ આવી હતી અને હું તેની સાથે ગાવામાં એકતાન થઈ ગઈ હતી. અહા! તે સમયે એકસૂરમાં અમારું ગીત કેવું આગળ વધતું હતું અને અમારા બન્નેના અવાજો એકસ્વરૂપ બની ગયા હતા. એ પરિસ્થિતિને શબ્દોમાં મૂર્ત સ્વરૂપ આપવું અશક્ય છે અને એવો પ્રસંગ સારાય જીવનમાં એકાદ વખત જ આવે છે. મારે તે સમયે રડવાનું હતું અને હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે હું તે સમયે સાચા દિલથી રડી હતી. મારાં આંસુ આત્માના ઊંડાણમાંથી આવતાં હતાં. જ્યારે દૃશ્ય પૂરું થયું ત્યારે મારા સોબતીએ—પ્રસિદ્ધ ગાયકે મારી નજીક આવી મારે માથે તેનો વિશાળ પંજો મૂકીને સ્મિતસહ કહ્યું: 'અદ્‌ભુત! મારા જીવનમાં પહેલી જ વાર હું આટલી. . .' હજી પણ મને તે માટે ગર્વ ઉત્પન્ન થાય છે, કે મેં તેના હાથને ચૂમ્યો હતો. વળી અશ્રુ તો ત્યારેય મારી આંખમાંથી વહી રહ્યાં હતાં. . ."

"અને ત્રીજો !" એરેનેસે પૂછ્યું. તેની આંખો અદેખાઈની જ્વાળાઓથી ભભૂકી ઊઠી હતી.

"અને ત્રીજો !" નટીએ ગંભીર બની જતાં કહ્યું. "ત્રીજો તો સાવ સાદામાં સાદો પ્રસંગ છે. ગઈ મોસમમાં હું નાઈસમાં હતી, ત્યારે હું કારમેન[1] જોવા ભાગ્યશાળી થઈ હતી. તેમાં સેસીલ કેટીએ તે વખતે—' અત્રે નટીએ વધસ્તંભનું નિશાન કર્યું. "જે સદ્‌ભાગ્યે કે કમભાગ્યે હાલ મૃત્યુ પામી છે, તેણે મૂખ્ય ભૂમિકા ભજવી હતી."

ઓચિંતી જ તેની વિશાળ આંખો અશ્રુથી ઊભરાઈ ગઈ અને ઉનાળાની સંધ્યાએ કોઈ બે તારલા ચમકે તેમ તે ચમકવા લાગી. તેણે મુખ ફેરવી લીધું અને થોડોક સમય તેની કુમળી આંગળીઓ બેઠકના મખમલ પર જોરથી ખૂંચી રહી; પણ જ્યારે તેણે મિત્રો

---

૧ પશ્ચિમનું એક ઉત્તમ નાટક.

તરફ પુનઃ મોં ફેરવ્યું, ત્યારે અશ્રુ સુકાઈ ગયાં હતાં અને તેના વિલાસી હોઠ પર આછું સ્મિત ફરકી રહ્યું હતું.

પછી વકીલે, મૃદુ પણ જાણી જોઈને દબાવેલા, શાંત સ્વરે માનપૂર્વક પૂછ્યું:

"પણ શેવિન્સ્કાયા, તમારી જગપ્રસિદ્ધ કીર્તિ, તમારા પ્રશંસકો, પ્રેક્ષકોનો ઘોંઘાટ . . . અને છેવટે તમે તમારા પ્રેક્ષકોને જે આનંદ આપો છો, તે બધુંય હોવા છતાં તમારી નસોમાં નવચેતન ન આવે એ શું શક્ય છે ?"

"ના, વકીલ સાહેબ !" તેણે કંટાળાભર્યા સ્વરે જવાબ આપ્યો. "તમને ક્યાં ખબર નથી કે એ બધાની મારે મન કેટલી કિંમત છે ! પોતાના મિત્રો માટે મફત પાસ અને સાથે પચીસ રૂબલ મેળવવાની તૃષ્ણા ધરાવતો એક મુલાકાત ઇચ્છતો નિરસ પ્રતિનિધિ ! તમારા હસ્તાક્ષરની યાચના કરતા નિશાળિયાઓ ! મારા ગાયન વખતે ઝીણા અવાજે ગણગણાટ કરતો સેનાપતિની પદવીવાળો કોઈ વૃદ્ધ બબૂચક ! જ્યારે બહાર નીકળો ત્યારે તમારી પાછળ ઉચ્ચારાતાં સનાતન વાક્યો 'જોઈ પેલી બહુ જાણીતી છે તે !' નામ વગરના પત્રો ! પડદા પાછળનાં છૂપા કાવતરાં . . . એનો પાર આવે એમ નથી; પણ તમારે જ ક્યાં અદાલતમાં સડેલું માનસ ધરાવતી સ્ત્રીઓનો સામનો નથી કરવો પડતો ?"

"ખરી વાત છે." વકીલે અનુમોદન આપતાં કહ્યું.

"બસ, ત્યારે સર્વત્ર એમ જ હોય છે. ઉપરાંત જ્યારે જ્યારે મને સાચી પ્રેરણા થઈ આવે છે, ત્યારે . . . ત્યારે હું તો માત્ર દંભ અને ડોળ કરું છું એવું ભાન તે જ સમયે મારા અંતરને વલોવી નાંખે છે, એ ભયંકર પરિસ્થિતિનો ઉમેરો કરો . . . ઉપરાંત પોતાના હરીફના વિજયનો સતત ભય ! તેમ જ પોતાના સ્વરને કંઈક થયું તો શું થશે એ ભય વીંધી નાંખતો હોય છે. તેમાંથી બચવા વારંવાર ગળે

પટા બાંધી રાખવાની યાતનાઓ વેઠવી પડે છે. તેથી જ હું કહું છું કે મેળવેલી કીર્તિને ટકાવી રાખવી એ મહામુશ્કેલ કામ છે."

"પણ એક મૌલિક કલાકાર તરીકેની એ કલાકારની અદ્દભુત શક્તિ! કહે છે કે અદ્દભુત શક્તિ આગળ ભલા ભલા ભૂપતિઓની શક્તિ પણ કશા હિસાબમાં નથી હોતી."

"તમારું કહેવું સત્ય છે; પરંતુ કીર્તિ—ખ્યાતિ, એ બધાંયની મીઠાશ તો દૂરથી જ જોવામાં મજા છે. જાણો છો ને 'ડુંગર પણ દૂરથી જ રળિયામણા!' તેનો આનંદ માત્ર કલ્પનામાં—સ્વપ્નમાં જ માણી શકાય છે; પણ જ્યારે એક વખત તમે તે મેળવી ચૂક્યા કે પછી તમારે માત્ર તેના કાંટાની વેદનાઓ જ અનુભવવાની બાકી રહે છે. આમ હોવા છતાં, જો તેમાં એક ટકાનો પણ ઘટાડો થયો છે એવી ખબર પડી કે તરત જીવ કેટલો બધો રહેંસાઈ જાય છે! હા, એક વાત કહેવી તો હું ભૂલી ગઈ કે અમારું કલાકારોનું જીવન તો સખ્ત મજૂરી સાથેની સજા જેવું જ હોય છે. સવારમાં ઊઠતાં વાર જ કસરતો, બપોરનાં રિહર્સલો, અને તેમાંથી પરવારી જયાં ભોજન લીધું નહિ કે નાટકનો સમય થઈ જાય છે. કોઈ દિવસ એકાદ કલાક વાંચવાનો કે આજે આમ બેઠાં છીએ તેવો આરામનો સમય તો ભાગ્યે જ અમારા નસીબમાં લખાયેલો હોય છે.... અને જ્યારે એવો સમય આવે છે...ત્યારે એ આરામ ને આનંદ મેળવવાનાં સાધનો પણ અત્યંત સામાન્ય થઈ ગયેલાં હોવાથી, તેમાં પણ હવે મને કાંઈ રસ પડતો નથી...."

છેલ્લા વાક્યનો અર્થ બરાબર સમજાવવા તેણે આંગળીઓ વડે નીચેના દૃશ્યને બતાવ્યું.

કવિ આ વાતચીતથી ઘણો ઉશ્કેરાઈ ગયો હતો. તે હવે બોલી ઊઠ્યો: "તો મને જણાવો રોબિન્સકાયા, તમને શામાં આનંદ આવે છે?"

જવાબમાં તે તેના તરફ પોતાનાં વિશાળ નયનો વડે ક્ષણવાર જોઈ રહી અને પછી કંઈક શરમાતાં પણ શાંત રીતે જવાબ આપ્યો:

"પહેલાં લોકો ખૂબ નિખાલસતાથી રહેતા અને તેમનામાં વિરોધો હતા નહિ. મને એમ થાય છે કે મારે તે સમયે જન્મ લેવો હતો કે જેથી કરી હું જે પ્રકારનું જીવન જીવવાની કલ્પના કરું છું, તેવું જીવન હું જીવી શકી હોત. અહા! ક્યાં એ પ્રાચીન રોમ?"

તેની આ વાતનો સત્ય અર્થ માત્ર રયાઝાનોવ જ સમજી શક્યો, અને તેથી તેના તરફ જોયા વગર તે લેટીન ભાષામાં કાંઈક ગણગણ્યો. નટી આ સાંભળી ખુશ થઈ બોલી ઊઠી: "બરોબર, રયાઝાનોવ! સાચે જ તમે બહુ બુદ્ધિશાળી છો અને તેથી તમે મને અત્યંત પ્રિય લાગો છો. એક અક્ષરમાં તમે આખી વાત સમજી જાઓ છો. જો કે એ કાંઈ અદ્દ્ભુત બુદ્ધિકૌશલ્યનું લક્ષણ નથી. સાચે જ એ માણસ એકઠાં થાય, સાથે ભોજન લે, વાતો કરે અને બીજે દિવસે તેમાંથી એક નાશ પામે... તમે સમજ્યાને, જીવનમાંથી સદાયને માટે વિદાય લે! પણ તેમને એક બીજા તરફ ભય કે દ્વેષ હોતો નથી. કહો, એનાં જેવું અદ્દ્ભુત દૃશ્ય જોવા બીજે ક્યાં મળશે? હું તો એવા જીવનના જમાનામાં જીવવા માગું છું."

"તમારામાં કેટલી બધી ક્રૂરતા ભરેલી છે!" બેરોનેસે ગંભીરતાપૂર્વક કહ્યું.

"તેમાં મારો શો દોષ! મારા પૂર્વજો સૈનિકો અને લૂંટારા હતા. ઠી... ત્યારે હવે આપણે ઊઠીશું?"

તેઓ બધાં બહાર નીકળ્યાં. કવિએ પોતાની મોટર બોલાવી. નટી તેના હાથને ટેકો દઈને ઊભી હતી. ઓચિંતું તેણે પૂછ્યું:

"કવિરાજ, સાચું કહેજો કે જ્યારે તમે તમારી એ કહેવાતી સભ્ય સ્ત્રીઓથી છૂટા પડો છો, ત્યારબાદ સામાન્ય રીતે તમે ક્યાં જાઓ છો?"

કવિરાજે પહેલાં તો વાત ઉડાવવા ગલ્લાંતલ્લાં કરવા માંડ્યા, પણ તેને ખાતરી હતી કે પોતે કદાપિ પણ નટી આગળ જૂઠું બોલી શકશે નહિ, એટલે અંતે તેણે કહ્યું: "હં ... હં ... તમને એ સાંભળી ઘૃણા વછૂટશે ... પણ ઝીગાનીને ત્યાં ... નાઈટ કલબોમાં ... બીજે કયાં?"

"અને ઉપરાંત ... એથી પણ વધારે ખરાબ સ્થળે કયાં?"

"તમે મને બહુ કફોડી સ્થિતિમાં મૂકી રહ્યાં છો. જ્યારથી હું તમારા પ્રેમમાં પડ્યો છું, ત્યારથી તો...."

"હવે અત્યારે પ્રેમની વાતો કરવાનો પ્રસંગ નથી."

"કેમ કરી જણાવું?" કવિ બબડ્યો. તેને લાગ્યું કે તે શરમનો માર્યો ધ્રૂજતો હતો. "અલબત્ત...વારવનિતાને ત્યાં ... હવે એમાં મને પોતાને તો કાંઈ ..."

નટીએ કવિને કોણી મારતાં કહ્યું: "વારવનિતાગૃહમાં!"

જવાબમાં કવિરાજ કાંઈ બોલ્યા નહિ, એટલે નટી આગળ કહેવા લાગી: "માટે હવે આપ નામદાર, અમને આપની મોટરમાં બેસાડી, આજ સુધી જે સ્થળથી હું માહિતગાર ન હતી, ત્યાં અમને એકદમ લઈ જાઓ; પણ મારા રક્ષણનો ભાર આપને શિર છે તે ભૂલશો નહિ."

બાકીનાં બન્ને આ પ્રસ્તાવમાં સહમત થયાં, કારણકે બેમાંથી એકેમાં નટીના બોલને ઉથાપવાની શક્તિ નહોતી. રોવિન્સ્કાયા હંમેશાં પોતાનું ધાર્યું કરતી અને તે ઉપરાંત એ બધાં જાણતાં હતાં કે પીટર્સબર્ગમાં મોટા કુળની સ્ત્રીઓ અને કેટલીય વાર યુવાન કન્યાઓ આથી પણ વધારે ખરાબ અને ભયંકર તોફાનોમાં પ્રવૃત્ત થતી હતી.

[૭]

યામાને માર્ગે વળતાં નટીએ કવિને કહ્યું: "સૌથી પહેલાં મને એકદમ ઉચ્ચ પ્રતિના ગૃહમાં લઈ જજો. પછી મધ્યમ પ્રકારના ગૃહમાં અને છેવટે સાવ હલકા પ્રકારના ગૃહમાં."

જવાબમાં કટાક્ષ કરતાં કવિએ જણાવ્યું: "બાનુ રોવિન્સ્કાયા, આપના દરેક હુકમને માન આપવા આપનો આ તાબેદાર સેવક તૈયાર છે. આપના એક બોલ પર જાન કુરબાન કરવા તૈયાર છું. આપના એક ઇશારે હું મારી કારકિર્દી પર પાણી ફેરવવા તૈયાર છું અને મારા આ શબ્દોને આપ અતિશયોક્તિરૂપે ન માનશો... પણ હું આપને એવા ગૃહોમાં લઈ જતાં ખચકાઉં છું. રશિયનો રીતભાત વિનાના હોય છે અને કેટલીક વાર તેઓ સારા માણુસોનું અપમાન કરી બેસે છે. મને ભય રહે છે કે તે લોકોની એકાદ અણુછાજતી ટીકાથી તમને માઠું લાગી જશે અથવા તો ત્યાંનો કોઈ મહેમાન તમારી મશ્કરી કરવા પ્રેરાશે..."

"અરે ભગવાન!" રોવિન્સ્કીયા વચ્ચે બોલી ઊઠી. "જ્યારે હું લંડનમાં હતી અને અનેક માણુસો મારી પ્રશંસા કરતા હતા, ત્યારે પણ હું કેટલાક અંગત મિત્રોની સોબતમાં ત્યાં વ્હાઈટ શેપલમાં આવેલાં આવાં ગૃહોની મુલાકાત લેવા જતાં અચકાતી નહોતી; અને તમને હું ખાત્રીપૂર્વક કહું છું કે, ત્યાં મારી સાથે સંપૂર્ણ મર્યાદાસહ વર્તન રાખવામાં આવ્યું હતું. એક વખત મારી સાથે ખાનદાન કુટુંબના બે અંગ્રેજી નબીરાઓ હતા, તે બન્ને ઉમરાવ કુટુંબના અને ખેલાડી હતા; શારીરિક અને માનસિક બન્ને રીતે મજબૂત હતા અને તેઓ કદાપિ પણ કોઈ સ્ત્રીનું અપમાન થાત તો સાંખી રહેત નહિ; પણ મને લાગે છે કે કવિરાજ, તમે તો બાયલાઓના કુળના હશો?"

આ સાંભળી કવિ એકદમ તપી જઈ બોલ્યો:

"ના, ના, રોવિન્સ્કીયા! તમારા પ્રત્યેના મારા સાચા પ્રેમે જ મને તમને અગાઉથી ચેતવણી આપવા પ્રેર્યો હતો, પણ તમારી આજ્ઞા હોય તો હું જગતની અધમમાં અધમ જગ્યાએ પણ જવા તૈયાર છું. આવાં શંકાભર્યાં સ્થળોએ જ નહિ, અરે ખુદ જહન્નમમાં જવા પણ તૈયાર છું!"

આ વાતચીત દરમ્યાન તેઓ યામાના સૌથી પ્રખ્યાત ગૃહ ટ્રેપેલ આગળ આવી પહોંચ્યાં હતાં. વકીલ પોતાના હંમેશના કટાક્ષમય સ્મિતસહ બોલી ઊઠયોઃ "ચાલો, હવે સંગ્રહસ્થાનની તપાસ શરૂ થાય છે."

રંગીન કાગળો ચોંટાડેલા અને તે પર કેટલાંક ચિત્રામણ કાઢેલા એવા એક નાના શા ઓરડામાં તેઓને લઈ જવામાં આવ્યાં. નટીની ચપળ સ્મરણશક્તિએ તરત જ એ શોધી કાઢયું કે તેઓ આ પૂર્વે જ્યાં બેઠાં હતાં, ત્યાં પણ આવા જ પ્રકારના રંગીન કાગળ ચોંટાડેલા હતા.

બાલ્ટિક પ્રાંતોમાં વસનારી ચાર જર્મન સ્ત્રીઓ બહાર આવી. તેઓ બધી સભ્ય રીતભાતવાળી, મજબૂત, મોટાં સ્તનો ધરાવતી અને મોઢે પાવડર લગાવેલી સ્ત્રીઓ હતી. પહેલાં તો બહુ વાર્તાલાપ ન ચાલ્યો. પોતે સભ્ય સ્ત્રીઓ છે એમ બતાવવા એ ચારે સ્ત્રીઓ પ્રથમ તો પથ્થરમાંથી કોતરી કાઢેલાં પૂતળાંઓની જેમ બેસી રહી. વકીલે શેમ્પેન મંગાવ્યો, પણ તેથીય વાર્તાલાપ કાંઈ આગળ વધી શકયો નહિ. આથી નટીએ પોતે જ વાર્તાલાપ આગળ વધારવાની શરૂઆત કરી. તેણે જે સૌથી વધુ જાડી, રોટલા જેવી અને વધારે દેખાવડી હતી, તેવી એક સ્ત્રીને જર્મન ભાષામાં પૂછ્યુંઃ "તમારો જન્મ ક્યાં થયો હતો? જર્મનીમાં?"

"ના બાનુ, મારું વતન તો રીગા છે."

"તો પછી તમારે અહીં શાથી આવવું પડયું? મને ખાત્રી છે કે ગરીબાઈ તો તમને અહીં નહિ જ લાવી હોય?"

"જરાય નહિ બાનુ, પણ મારો ભવિષ્યનો ભરથાર હાન્સ હાલમાં એક રેસ્ટોરામાં નોકરી કરે છે, અને લગ્ન કરી શકીએ એટલી રકમ હજી અમારે પાસે થઈ નથી, તેથી હું મારી કમાણી બેંકમાં જમા કરું છું અને તે પણ તેમ કરે છે. એમ કરતાં જ્યારે અમારી જરૂરિયાત જેટલું—દસ હજાર રૂબલ—બચાવી શકીશું ત્યારે અમે સ્વતંત્ર થઈ અમારી પોતાની બીરની દુકાન ખોલીશું અને જો સંજોગો અનુકૂળ આવશે તો તો અમે કુટુંબ પણ ઉછેરીશું; પણ મને વધારે બાળકો ગમતાં નથી. બે હોય તો બસ—એક પુત્ર અને એક પુત્રી."

"પણ બહેન, તમે જુવાન, ખૂબસૂરત અને ભણેલગણેલ, —બે ભાષાઓના જાણકાર પણ છો . . ." નટીએ આશ્ચર્યસહ જણાવ્યું.

"હું બે નહિ, ત્રણ ભાષાઓ જાણું છું; કેમકે મને લેટિન પણ આવડે છે." જર્મન સ્ત્રીએ જરા અભિમાન લેતાં જવાબ આપ્યો. "મેં પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કરી માધ્યમિક શાળામાં ત્રણ વર્ષ અભ્યાસ કર્યો હતો."

રોવિન્સ્કીયા આ સાંભળી વધારે ઉત્સાહિત થઈ કહેવા લાગી: "તો પછી—પછી આટલી સારી કેળવણી તમને મળેલી હોવાથી ખુશીથી ક્યાંક પણ મહિને ખાવુંપીવું ને ત્રીસ રૂબલનો પગાર તો સહેજે મેળવી શકો. દાખલા તરીકે શ્રીમંત કુટુંબમાં બાઈ તરીકે, કોઈ સ્ટોરમાં કારકુન તરીકે કે એવી જગ્યા તમે સહેજે મેળવી શકો . . . અને જો તમારો ભવિષ્યનો ભરથાર . . . ફ્રીઝ . . ."

"હાન્સ, બાનુ . . ."

"અને જો હાન્સ ખરેખર ઉદ્યમી અને કરકસરિયો હોય તો તમને ત્રણથી ચાર વરસના ગાળામાં તમારી મુરાદો પાર પાડવાનો સમય આવી મળે. કેમ, તમને કેમ લાગે છે ?"

"બાનુ, આપની થોડી ભૂલ થાય છે; કારણકે મને ગમે તેવી

મનપસંદ નોકરી મળે તોય હું મહિને દહાડે વધારામાં વધારે પંદરથી વીસ રૂબલ બચાવી શકું, જ્યારે અહીં હું સહેજે સો રૂબલ બચાવી શકું છું કે જે હું જઈને તરત જ મારા ખાતામાં જમા કરાવી આવું છું. વળી કોઈના ઘરમાં નોકર થઈ રહેવું એ કેટલું નીચે જોવડાવનારું છે ! હંમેશાં માલિકનો મિજાજ સાચવવા ચારે પગે ખડા રહેવું પડે ! અને માલિક હંમેશા કંઈક ને કંઈક નખરાં તમારી સાથે કર્યા કરે જ ! ફૂ ! . . . એ ઉપરાંત શેઠાણી તમને જોઈ વગર મફતની ઈર્ષામાં બળી જાય અને તેથી વગર વાંકે લડયા કરે. ઓહ !"

એ સાંભળી નટીએ નીચે જોઈ લીધું અને ગંભીર બની કહ્યું: "ના—હું નથી સમજી શકતી—મેં તમારા આ . . . આ ગૃહોમાં તમારા જીવન વિષે ઘણું સાંભળ્યું છે. કહે છે કે અહીંનું જીવન ભયંકર હોય છે. કહે છે કે તમને ઇચ્છા વિરુદ્ધ ગમે તેવા દુષ્ટ અને અધમ માણસો સાથે પ્રેમ કરવાની ફરજ પાડવામાં આવે છે. તમારા ઉપર અનેક પ્રકારના અત્યાચાર કરવામાં આવે છે . . ."

"બિલકુલ નહિ, બાનુ . . . અમારા દરેકની પાસે એક ચોપડી હોય છે, જેમાં આવક અને ખરચ લખવામાં આવે છે. ગયા મહિનામાં મારી કમાણી પાંચસો રૂબલ લગભગ થઈ હતી. તેમાંથી હંમેશાં ભાડું, ખોરાક, બત્તી, કપડાં એમ મળી બે તૃતીયાંશ માલિકણ કાપી લે છે, એટલે મારે ખાતે લગભગ દોઢસો જેટલા બચ્યા હતા. તેમાંથી સો રૂબલ મેં મારા ખાતે જમા કરાવ્યા. કહો, આમાં અમારા પર શો અત્યાચાર કરવામાં આવ્યો ? અને જો મારે કોઈ મહેમાન પાસે ન જવું હોય—એવા કેટલાય વિચિત્ર પ્રકારના મહેમાનો આવે છે—ત્યારે હું કહી દઉં છું કે મારી તબિયત ઠીક નથી, એટલે મારે બદલે કોઈ નવી આવેલી છોકરીને પરોણાગત માટે મોકલવામાં આવે છે."

"તોપણ . . . હાં, તમારું નામ શું ?"

" એલ્સા."

" કહે છે કે તમારા પ્રત્યે બહુ કઠોર વર્તણુક રાખવામાં આવે છે—કેટલીક વાર માર મારવામાં આવે છે . . . અને ઇચ્છા વિરુદ્ધ કાર્યો કરવાની ફરજ પાડવામાં આવે છે !"

" એવું કોઈ દિવસ બનતું નથી, બાનુ! અમે બધાં તો અહીં કુટુંબની જેમ જીવન વિતાવીએ છીએ. કેટલાક તો સગાસંબંધીઓ પણ છે. અમારી તો અંતઃકરણપૂર્વકની એટલી જ પ્રાર્થના છે કે બધેય અમારા જેવું હોય. યામસ્કાયા શેરીમાં કેટલીક વાર તોફાનો અને એવું બને છે એ ખરી વાત છે . . . પણ એ તો . . . પેલાં હલકાં ગૃહોમાં . . . રશિયન છોકરીઓ બહુ દારૂ ઢીંચનારી હોય છે અને તેમને એક જ આશક હોય છે. તેઓ કદાપિ ભવિષ્યનો વિચાર કરતી નથી."

" તમે બહુ સમજદાર છો, એલ્સા !" નટીએ દુઃખભર્યા સ્વરે કહ્યું. " તમે જણાવો છો એવી જો પરિસ્થિતિ હોય તો તો બહુ સારી વાત કહેવાય; પણ કોઈ કોઈ વાર મહા ભયંકર દરદ—ચેપી રોગ—લાગુ પડી જાય છે તેનું શું ? એને પરિણામે તો માનવીએ મોતને ભેટયે જ છૂટકો ! તમે તેમાંથી કેવી રીતે બચી શકો ?"

" હજીય હું કહું છું કે તમે જણાવો છો તેવી વસ્તુ-સ્થિતિ નથી, બાનુ. જ્યાંસુધી એક પુરુષ નીરોગી છે તેવી મારી ખાતરી થતી નથી, ત્યાંસુધી હું તેને મારી શય્યામાં પગ મૂકવા દેતી નથી . . . અને આમ પોણોસો ટકા તો તેવો ભય ઓછો થઈ જાય છે."

" પણ તમારા આલ્બર્ટનું શું ?" નટીએ એકદમ ગુસ્સે થઈ જઈ ટેબલ પર હાથ પછાડતાં કહ્યું.

" હાન્સ !"

" ભૂલ થઈ . . . તમારા હાન્સને એથી આનંદ તો નહિ

જ થતો હોય કે તમે અહીં રહો છો અને તેણે તમારામાં મૂકેલા વિશ્વાસનો તમે રોજ ભંગ કરો છો ?"

એલ્સા નટી તરફ ઊંડા આશ્ચર્યથી જોઈ રહી. પછી બોલી:

"પણ બાનુ, . . . પણ એણે મારામાં જે વિશ્વાસ રાખ્યો છે, તેનો મેં કદાપિ પણ ભંગ કર્યો નથી. એ તો પેલી શં . . . રશિયન કૂતરીઓ તેમ કરે છે. એ કૂતરીઓ પોતે આશકો રાખે છે અને તેમની પાછળ પોતાની કમાણી વેડફી નાંખે છે. હું તો કદાપિ પણ એવો માર્ગ અખત્યાર ન કરું."

આ સાંભળી નટી ઊભી થઈ જઈ તિરસ્કારપૂર્ણ શબ્દોમાં બોલી ઊઠી: "આથી વધારે અધમ પડતી વાત કઈ હોઈ શકે ! ચાલો મિત્રો, અહીંનું બિલ ચૂકવી દો, એટલે આપણે આગળ વધીએ."

જ્યારે તેઓ બહાર નીકળ્યાં ત્યાર કવિએ નટીને એક બાજુ લઈ જઈ આર્દ્ર સ્વરે કહ્યું: "શું એક પ્રયોગથી સંતોષ નથી થયો ?"

"કેટલી અધમતા ! કેવી અધમતા !"

"તેથી જ હું કહું છું કે હવે બસ કરો !"

"ના, હવે તો હું પૂરું જોયે જ સંતોષ મેળવીશ. હવે મને મધ્યમ વર્ગના ગૃહ તરફ લઈ ચાલ !"

આથી કવિએ માત્ર દસ જ પગલાં દૂર આવેલા આનાના ગૃહમાં જવાનું નક્કી કર્યું.

પણ તેમને ખરો અનુભવ અહીં જ થવાનો હતો. પ્રથમ તો સામિયન દરવાને તેઓ દાખલ થાય તે સામે વિરોધ કર્યો અને જ્યારે વકીલ મહાશયે તેના હાથમાં થોડાક સોનાના સિક્કા મૂક્યા, ત્યારે જ તે શાંત પડ્યો. તેમણે ટ્રેપેલમાં હતો તેવો જ એક નાનો ઓરડો પસંદ કર્યો. બન્ને ઓરડામાં ફેર માત્ર એટલો જ હતો કે આ જરા વધારે જૂના જેવો અને ગંદો હતો. એમાનો હુકમ થતાં જ ઘેટંના ટોળાની માફક બધી છોકરીઓ ત્યાં આવી ભરાઈ; અને

પરિણામે કોઈ ઘેટાને બજારમાં છૂટું મૂકવામાં આવે અથવા તો સોડા ને એસિડનું મિશ્રણ થતાં જેવું બને તેવું વાતાવરણ ત્યાં ફેલાઈ ગયું. તેમાંય એમાની મોટી ભૂલ તો જેનીને દાખલ કરવામાં થઈ હતી, કારણકે અત્યારે તેના મિજાજનો પારો સાવ છેલ્લી પાયરીએ પહોંચેલો હતો. સૌથી છેવટે દાખલ થનારા ટમારા હતી. તેનું મુખ ગોળ, નિર્દોષ અને સતત સ્મિત કરતું હતું. ટૂંક સમયમાં ગૃહની લગભગ જાણવા જેવી બધીય વ્યકિતઓ ત્યાં એકઠી થઈ ગઈ હતી. અહીં નટીએ 'તમે આ જીવનમાં કયાંથી આવી પડયા ?' એ પ્રશ્ન પૂછવાની જોખમદારી નહોતી વહોરી, પણ એટલું તો કબૂલ કરવું જોઈએ કે અહીં આ નવમહેમાનો પ્રતિ સંપૂર્ણ પ્રકારની બાહ્ય સભ્યતા રાખવામાં આવી હતી. આખરે તેમને તેમના પ્રિય ગીતોમાંનું એકાદ ગીત ગાવા જણાવ્યું અને બધી છોકરીઓ એક સાથે નીચેનું ગીત ગાવા લાગી:—

આવ્યો સોમ ફરીથી આજે,
લઇ જશે મને ફરવા કાજે;
કદીક દાકટર નહિ જવા દે,
પડયો ઘરામાં, નામ જવા દે.

અને બીજું—

ઓ રે ! મુજને આ શું થાય ?
ના રહેવાય !
પીઠું પેહું બંધ જણાય
માથામાં સણકા ઉઠે છે,
ના સહેવાય !

અને ત્રીજું—

જલદ જલશે પ્રણય આ
પ્રેમ-પરવાના તણો હા ! હા !
મગર દિલદારના દિલની
ગજબ ઠંડીય બેપરવા !
આ બન્નેની જુગતે જોડ,

જરીય ના ખાંપણુ કે ખોડ;
ભાઈ ખાસ્સા છે ખિસ્સા ચોર,
બાઇજીની તો જુદી તોર,
દામ-દિલ બન્નેનાં ચોર.
એમ ઇશ્કમાં વીતી રાત,
હાવાં ઊઘડે મધુર પ્રભાત;
ખીસ્સું હળવું કરવા માટ,
ઘરાકની જોતો એ વાટ,
પેલી શય્યામાં સૂતેલી-
ખડખડ ખૂબ હસતી ઘેલી.
આજ ઉષાના પંખી-ગાને,
પડયા બિરાદર બંદીખાને;
પેલીને તો કાંઈ પડી ના-
પણ બીજા એની ટોળીના,
રાહ જુએ કે, કાં આવ્યો ના !*

---

* આવા જ ભાવાર્થવાળુ' એક બીજુ' ગીત અમે અહીં આપવા યોગ્ય ધારીએ છીએ. તેનો મૂળ લેખક હેનરીક હીન છે.

એ બે ચા'તાં એક બીજાને,
ખૂબ પ્રેમથી શંકા શાને ?
પેલી વેશ્યા, પેલો ચોર,
એ બન્નેની જુગતે જોટ.
વાત વિનોદે વિત્યો દિન,
રાતે રણુકે હૈયા-બિન;
લયલા ને મજનૂની જોડ,
જામે જુદી રંગત ઓર !
પણ એવામાં કૌતુક થાય,
બંદાને તો પકડી જાય !
અટારિયેથી જોતાં બાઈ,
મંદ-સ્મિત ફૂલડાં વેરાય !
મજનૂએ ત્યાં મૂક્યું વેણુઃ

વળી એક બીજું તેવુંજ ગીત—

ફના થયો છું હું તો આજે,
કોડી કફ્ફર કંઈ ના પાસે,
દિવસ વીતે, વરસો જાય,
પલ પલ આયુ ઓછું થાય.

એક બીજું—

મેરી મોરી, ના રડ ગોરી!
તું તો આ ઉરમાંય વસેલી
જ્યાં આ નોકરીની લપ છોડી
કે તુર્તજ પરણીશું ઘેલી!

પણ અહીં ઓચિંતી પેલી જાડી કેટી, કે જે સામાન્ય રીતે બહુ ઓછું બોલનારી હતી, તે ખડખડાટ હસી પડી. તેનું મૂળ વતન ઓડેસા હતું.

"તારા વિણ આ ઉર અચેન!
ઊડી આવ દિલની .ઓ દેવી!
તારી મારી મોહબત કેવી!
પલ ના પડે વિખૂટાં એવી.

. . . .

આરજુ દિલની આ સંભળાય!
ફક્ત ફરી સ્મિતફૂલડાં વેરાય!

. . . .

બીજે દિ સૂરજદે પ્રકટ્યા!
બિરાદર ફાંસીએ લટક્યા!
કલાકમાં તો કબર ચણાય!
માટીયે સુકાતી નાઈ!
ત્યારે પેલાં લચલાબાઈ!
શરાબની પ્યાલીને સાહ!
હસતાં મીઠડાં ગીતડાં ગાય!!

"જુઓ, હું પણ એક ગીત ગાઈ સંભળાવું. અમારે ત્યાંનાં પીઠાંઓમાં ભામટાઓ અને રાતની રાણીઓ એ ગીત બહુ ગાય છે."

અને ક્યાંક કોઈ ભવાઈમાં જોયેલો અભિનય કરતાં તેણે પોતાના ઘોઘરા સ્વરે ગાવું શરૂ કર્યું:—

"ને એ મેરી !
પછી જઈને ડયૂકોવકામાં
ટેબલ પાસે વટથી બેસી,
માથેથી ટોપીને ફેંકી—
હું પૂછીશ તને પ્રિયે કે,
'તું શું પીશે,' તો તું કે'શે,
'માથું દુઃખે' પણ ઘેલૂડી !
મેં તુજને એ ક્યાં પૂછ્યું કે,
શું દુઃખે છે ? હું તો પૂછું:
તું શું પીશે ? બીર મગાવું ?
કે શેમ્પેઈન તણી તું શોખી ?
બોલ ! બોલ ! તું શું પીવાની ?
કે પછી કંઈજ નથી લેવાની ?
માંડી વાળું વાત નકામી ?

અને આમ આખોય પ્રસંગ શાંતિથી પૂરો થાત, પણ ત્યાં તો નાની માન્કા ચણિયો ને બોડીસભર ત્યાં ઓચિંતી આવી પહોંચી. એક વેપારી, જેણે આગલી રાત આનંદપ્રમોદમાં વિતાવી હતી, તે અત્યારે તેની સોબતમાં હતો અને તેથી માન્કાને દારૂ પુષ્કળ પીવા મળ્યો હોઈ અત્યારે હંમેશની જેમ તેનું મગજ ઠેકાણે ન હતું. તેણે આવતાંની સાથે જ તોફાન કરવા માંડયું. ઓરડામાં દાખલ થતાં ઓચિંતી તે હેઠે પડી ગઈ, એટલે તેણે ત્યાં જ ભોંય પર હસતાં આળોટવા માંડયું. તેને જોઈ બીજાં બધાં પણ હસવા લાગ્યાં. પણ . . . આ શું ? માન્કાનું હાસ્ય ઓચિંતું અટકી ગયું અને તેણે જોર-જોરથી બરાડવા માંડયું: "હુર્રાહ ! આપણા શ્વાનમંડળમાં આજે નવી કૂતરીઓ આવી છે !"

હવે સાચું પૂછો તો આવા સન્માનની કોઈએ પણ કલ્પના નહોતી કરી અને તેમાંય વળી બેરોનેસે એક વધારે છબરડો વાળ્યો. તે બોલી: "હું એક પતિતાશ્રમની ચાલક છું અને તેથી મારી એક ફરજ તરીકે તમારી પાસેથી માહિતી મેળવવા ઇચ્છું છું."

એ સાંભળી જેની ભભૂકી ઊઠી:

"રાં . . . ઠચરી ! નીકળ અહીંથી ! ડોકરી ! દંભી ! . . . તમારા પતિતાશ્રમો . . . એ તો જેલખાના કરતાંય વધારે ભયંકર હોય છે. તમારા મંત્રીઓ અમારો ઉપયોગ માંસના ટુકડાઓની જેમ કરે છે. તમારા પિતાઓ, પતિઓ અને ભાઈઓ અમારી પાસે આવે છે અને તેમને અમે દરેક જાતના રોગોનો ચેપ લગાડીએ છીએ . . . અને ખાસ જાણીજોઈને . . . અને પછી તેઓ તમને ચેપ લગાડે છે. તમારી સ્ત્રીચાલકો અને સુપ્રિન્ટેન્ડેન્ટો ક્યાં સારી હોય છે ! તેઓ વળી ગાડીવાળા, ઘરના નોકરો અને પોલીસવાળા રાખીને રહે છે, પણ અમે જો જરાક હસીએ કે કોઈની મશ્કરી કરીએ તો તરત જ અમારા માટે જેલખાનાની અંધારી ઓરડીઓ તૈયાર જ હોય છે; અને તેથી જો અહીં રંગભૂમિ સમજી માહિતી જ મેળવવા આવ્યાં હોય તો સાચી વાતો સાંભળ્યે જ છૂટકો છે !"

પણ ટમારાએ સ્વસ્થ બની તેને અટકાવી અને કહ્યું:

"ઊભી રહે જીની, હું જ તેમને બરોબર રીતે જણાવીશ. . . . બેરોનેસ, તમે શું એમ ધારો છો કે અમે આ કહેવાતી સભ્ય સ્ત્રીઓ કરતાં વધુ અધમ સ્ત્રીઓ છીએ ? પુરુષો અમારી પાસે આવે છે, એક મુલાકાતના બે રૂબલ કે આખી રાતના પાંચ રૂબલ આપી જાય છે અને હું આ વસ્તુ જગતમાં કોઈથી છુપાવતી નથી, . . . પણ બેરોનેસ, તમે તમારા આત્માને ઠગવાનો પ્રયત્ન કર્યા વગર સાચેસાચું જણાવજો કે તમારા જાણ્યામાં એવી એક પણ

બાળબચ્ચાંવાળી પરણેલી સ્ત્રી છે કે જે વાસનાને પોષવા કોઈ યુવાન સાથે કે પૈસાના લોભે કોઈ વૃદ્ધ સાથે ખાનગીમાં વ્યભિચાર નહિ કરતી હોય ? હું ખાત્રીપૂર્વક જણાવું છું કે તમારા લોકોમાંથી પચાસ ટકા સ્ત્રીઓ ખાનગીમાં કોઈ ને કોઈની રખાતો હોય છે, જ્યારે બાકીની પચાસ ટકા વૃદ્ધા હોઈ જુવાન છોકરાઓ રાખે છે; ઉપરાંત એ વાતની પણ મને પૂરી ખબર છે કે તમારામાંની કેટલીય—જેની સંખ્યાનો સુમાર નથી—તેમના પિતા, ભાઈ કે કેટલાક કિસ્સાઓમાં સગા પુત્રો સાથે વ્યભિચાર ખેલે છે અને એ છૂપી વાતો તમે એકાદ પેટીમાં પૂરી રાખેલી વસ્તુની જેમ છુપાવી રાખો છો. એટલે આપણામાં તફાવત હોય તો આટલો જ કે, અમે પતિત છીએ પણ જૂઠું બોલતાં નથી કે દંભ કરતાં નથી, પણ તમે તો પતિત હોવા સાથે ભયંકર છેતરપિંડી—જૂઠાણું પણ આદરો છો. હવે કહો કે, આ તફાવત કોની તરફેણમાં જાય છે ?"

"શાબાશ ટમારા, એ લોકોને તો એ રીતે જ સુણાવવી જોઈએ !" જમીન પર આળોટતી માન્કા ત્યાં પડયે પડયે જ બોલી. તેના વાળ વિખરાઈ ગયા હતા અને અત્યારે તે નાની બાર તેર વરસની કન્યા જેવી લાગતી હતી.

"હવે બસ !" જેની બોલી. તેનાં નયનોનો ચમકાટ હજી પૂર્વવત્ જ હતો.

"શા માટે અટકું, જેની ? હજી તો ઘણું સંભળાવવાનું બાકી છે. અમારામાંથી ભાગ્યે જ હજારે એક ગર્ભપાત કરાવતી હશે, પણ તમારામાં તો લગભગ એકેએક અનેક વાર ગર્ભપાત કરાવ્યા હશે. શું ? હું આ અસત્ય વાત કરું છું ? અને તેમ કરવાનું કારણ—તમે ગરીબ હતાં કે કંટાળી ગયાં હતાં તે ન હતું, પણ તમારું સૌંદર્ય અને શરીરનો બાંધો—જે તમારી એકમાત્ર મૂડી હોય છે—તે નાશ ન પામે એ હોય છે; અથવા તો તમે માત્ર વાસનાની

તૃપ્તી જ ઇચ્છતાં હો છો અને તેમાં વાંધો ન આવે તે માટે આ રીતે ગર્ભાવસ્થા અને બાળકોના ઉછેરની માથાકુટને દૂર રાખો છો !"

શેવિન્સ્કાયા આ બધું સાંભળી વિચિત્ર ગૂંચવણમાં પડી ગઈ હતી; તેથી ધીમા સ્વરે પણ ઝડપથી ફ્રેંચ ભાષામાં તે બોલી ઊઠી: "બેરોનેસ, જરા સંભાળજે, કારણકે આ છોકરી બહુ અનુભવી હોય તેમ લાગે છે."

"હા, કારણકે મેં એને કોઈક સ્થળે જોઈ હોય તેમ લાગે છે. પણ ક્યાં જોઈ હતી તે યાદ આવતું નથી. કદાચ સ્વપ્નમાં પણ જોઈ હોય... કે મારી બાલ્યાવસ્થામાં !" બેરોનેસે નટીને જવાબ આપતાં જણાવ્યું.

"બેરોનેસ, આપની સ્મરણશક્તિને બહુ તકલીફ ન આપશો, હું આપને યાદ દેવડાવીશ. હવે જુઓ, ખારખોવ યાદ કરો—પછી કોનિયાકીનની હોટેલની એક ઓરડી—નાટકનો મેનેજર શોલોવીશીક અને એક ગાનાર .... તે વખતે તમે હજી બેરોનેસ ... નહોતાં થયાં ..." ટમારાએ કહ્યું. "અને હવે આપણે ફ્રેંચ ભાષા છોડી જર્મનમાં જ વાત કરીશું. તમે તે વખતે મારા જેવાં એક દાસીપાઠ કરતાં સામાન્ય નટી જ હતાં."

"અરે પ્રભુ! મેડમ મારગારેટ ! તમે ત્યાંથી અહીં શી રીતે આવી ચઢયાં ?" બેરોનેસે ટમારાને ઉદ્દેશીને ફ્રેંચમાં પૂછયું.

"અરે, એ સવાલ તો બધા મને રોજ પૂછે છે. કેમ આવી ? વળી ઊભી થઈ ને સીધી અહીં આવી ...." અને પછી કટાક્ષ કરતાં ઉમેર્યું: "અમે તમારી સાથે જેટલો સમય વિતાવ્યો છે, તેના પૈસા તો જરૂર તમે ચૂકવશો ?"

"ના, ના. એમને મરવા દે !" ઓચિંતી નાની માન્કા જમીન પરથી ઊભી થતાં બોલી ઊઠી અને પછી પોતાના મોજામાંથી સોનાના બે સિક્કા કાઢી મહેમાનો સામે ટેબલ પર ફેંકયા.

"લો . . . એ તમારા ગાડીભાડાના. હવે એકદમ ચાલવા માંડો, નહિ તો હું અહીંના બધાય આયના અને બાટલીઓ ફોડી નાંખીશ . . ."

રોવિન્સ્કાયા ઊભી થઈ અને અશ્રુપૂર્ણ નયને બોલી: "અમે હવે જરૂર ચાલ્યાં જઈશું અને મેડમ માર્ગારેટનો કિસ્સો અમને ઘણો કામ લાગશે. ગભરાશો નહિ, તમારો જેટલો સમય અમે બગાડયો છે, તેટલાના પૈસા તમને જરૂર મળશે. કવિ, આ ભૂલતા નહિ; પણ તમે અમને ગાઈ સંભળાવ્યું હતું તેથી હું પણ એક ગીત સંભળાવવા ઇચ્છું છું."

રોવિન્સ્કાયા પિયાના આગળ ગઈ અને સૂર મેળવી, મીઠા અવાજે એક પ્રખ્યાત લોકગીત ગાવા લાગી.

એક મહાન સર્જકે રચેલું આ ભાવમય લોકગીત સાંભળી બધી સ્ત્રીઓને તેમનું પૂર્વજીવન યાદ આવ્યું. તેમનો પ્રથમ પ્રેમ: તેમની પ્રથમ પડતી: વસંતની એક સુપ્રભાતે જ્યારે ઠંડા વાયુની મીઠી લહરો આવતી અને ઘાસ જયારે ઠંડા ઝાકળ–બિંદુઓથી સ્નાન કરતું હતું ત્યારે લીધેલી વિદાય: આખરી આલિંગના અને તે સમયે નિર્દોષ હૃદયે ઉચ્ચારેલા શબ્દો: 'ના, ના, આવું ફરી વખત નહિ જ થાય! ના, નહિ જ થાય!' અને જ્યારે સવારની ઠંડી માથાના વાળને ભીંજવી નાખતી હતી, ત્યારે હોઠ ઠંડા સુક્કા થઈ ગયેલા હતા.

જ્યારે દરેક સ્ત્રી પૂર્વજીવનની મીઠી યાદગીરીઓને સંભારતી શાંત અને ચૂપ થઈ ગઈ હતી, ત્યારે જેની ઓચિંતી દોડી નટીના પગ પકડી ડૂસકાં લેતી રડવા લાગી.

રોવિન્સ્કાયાએ તેને ઊભી કરી, તેને માથે હાથ ફેરવતાં કહ્યું: "બહેન, મને ભેટવા દે!"

જેનીએ જવાબમાં તેના કાનમાં કાંઈક વાત કરી: "એમાં શું! એથી કાંઈ ડરવાનું કારણ નથી." નટીએ તેને આશ્વાસન આપતાં જણાવ્યું. "થોડાક મહિના સારવાર કરીશ એટલે એ દૂર થઈ જશે."

"ના . . . ના . . . હું તો એનો વારસો એ બધાયને આપી જવા ઇચ્છું છું. ભલે એ બધા સડે અને મરે!"

"તારે બદલે હું હોઉં તો તેમ ન કરું, બહેન!" નટીએ કહ્યું.

અને જવાબમાં જેની—અભિમાની જેની—તેના હાથને અને ઘૂંટણોને ચૂમવા લાગી અને કહેવા લાગી: "તો . . . તો મેં શું ગુનો કર્યો હતો કે એ લોકોએ મને આવી સજા કરી? શા માટે? શા માટે?"

આવી અદ્દ્ભુત શક્તિ એક મહાન કળાકારમાં હોય છે! એ અદ્દ્ભુત શક્તિ જે માત્ર પતિત કારણને હાથ ધરતી નથી પણ તેની પાછળ છુપાયલા તેના પવિત્ર આત્માને બહાર લાવે છે! અભિમાની જેની અત્યારે રોવિન્સ્કાયાના પોશાકમાં પોતાનું મોં છુપાવી ઊભી હતી. નાની માન્કા ગરીબ ગાય જેવી બની હાથરૂમાલમાં મોં છુપાવી એક ખુરશી પર બેઠી હતી. ટમારા ઘૂંટણ પર હાથ ટેકવી, તે પર માથું રાખી, નીચી દૃષ્ટિ કરી બેઠી હતી. જ્યારે સામિયન દરવાન, કાંઈક જરૂર પડતાં તરત મદદમાં જવાય તે માટે નજીકમાં આવી ઊભો હતો. તે આ દૃશ્ય જોઈ આભો જ બની ગયો હતો.

રોવિન્સ્કાયાએ માત્ર એકલી જેની જ સાંભળી શકે એટલા ધીમે અવાજે તેના કાનમાં કહ્યું:

"જરાય નિરાશ ન થઈશ. કેટલીક વાર એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે માણસે આત્મહત્યા કરવા સિવાય બીજું કાંઈ રહેતું નથી; પણ મારો જ દાખલો લે. હું એમ નિરાશ થઈ હોત તો આજે હું જે જગપ્રસિદ્ધ નટી બની છું તે કદાપિ પણ બનત ખરી! પણ તેમ થતાં પહેલાં મારે પણ અનેક યાતનાઓ અને અપમાનો મૂંગે મોંએ ગળી જવા પડયાં છે, માટે જ કહું છું કે નિરાશ ન થઈશ; કારણકે ભવિષ્યમાં શું થવાનું છે તે અત્યારથી કોણ કહી શકે?"

તેણે વાંકા વળી જેનીના કપાળને ચુંબન કર્યું અને કવિએ તે સમયે નટીની આંખમાં જે અદ્ભુત મૃદુ ભાવ જોયા તે તે કદાપિ પણ ભૂલી શક્યો નહિ.

બધાંય ગંભીર ચહેરે બહાર નીકળ્યાં, પણ વકીલ જરા પાછળ રહ્યો.

તે જેની પાસે ગયો અને સન્માન અને લાગણીસહ તેણે તેના હાથને ચુંબન કર્યું. પછી તેણે કહ્યું: " હું કાંઈ અયોગ્ય બોલ્યો હોઉં તો ક્ષમા કરજો . . . પુનઃ આવું નહિ બને તેની ખાતરી આપું છું, પણ તમારે જો મારી ક્યારેય જરૂર પડે તો તમારે માટે મારા દ્વાર હંમેશા ખુલ્લાં છે. લો આ મારા નામનું કાર્ડ. યાદ રાખજો કે આજથી હું તમારો એક સાચા દિલનો મિત્ર છું."

અને પુનઃ તેણે જેનીના હાથને ચુંબન કર્યું અને પછી તે પણ બહાર ચાલ્યો ગયો.

[૮]

ગુરૂવારે સવારથી જ ઝરમર ઝરમર વરસાદ પડવા માંડયો હતો અને તેથી વનરાજી તથા લીલોતરી લીલીછમ થઈ ગયેલી જણાતી હતી. એવામાં ઓચિંતી ત્યાં નીરવ શાંતિ પ્રસરી રહી—જાણે સર્વત્ર એક પ્રકારની શૂન્યતા પ્રસરી ગઈ હોય તેમ લાગ્યું.

તે સમયે, નિયમ મુજબ, બધી છોકરીઓ જેનકાના ઓરડામાં એકઠી થઈ હતી, પણ ખુદ જેનકાના માનસમાં તો વિચારોની અનેક પરંપરાઓની દોડધામ ચાલી રહી હતી. તે આજે હંમેશ મુજબ ન તો કટાક્ષના શબ્દો બોલતી હતી, ન તો હાસ્ય કરતી હતી, કે ન તો તેની પીળા પૂંઠાવાળી પ્રિય નવલકથા વાંચતી હતી. એ નવલકથાનું પુસ્તક અત્યારે તેની છાતી પર પડયું હતું, પણ તેના ચહેરા પર એક પ્રકારની ઉદાસીનતા છવાઈ ગયેલી હતી અને તેની આંખોમાંથી તિરસ્કારની જ્વાળાઓ પ્રગટતી

હતી. માન્કાએ તેનું લક્ષ બીજે દોરવા ઘણુાય પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. જેનકા તો હતી તેમની તેમ જ ઉદાસીન બની સૂતી હતી. સારુંય વાતાવરણ નિરાશામય જણાતું હતું; પરંતુ એમ લાગતું હતું કે છેલ્લાં કેટલાંક અઠવાડિયાં થયાં જે અખૂટ વરસાદની ધારાઓ વરસી રહી હતી, તેને પરિણામે આ નિરાશામય વાતાવરણ છવાયલું હતું. ટમારાએ જેનકાની નજદીક જઈ તેને આલિંગન આપી, પોતાના મુખને એકદમ નજીક લઈ જઈ, ધીમા સ્વરે કહ્યું:

" શું થયું છે, જેનકા ? તારામાં કાંઈક ફેરફાર થઈ રહ્યો છે, એવું તો મને ઘણા સમયથી લાગ્યા કરે છે અને માન્કાને પણ તેમ જ જણાય છે. જો તો ખરી, તારા વગર એ બિચારી કેવી લાચાર થઈ ગઈ છે ? શું છે, મને તો કહે ! કદાચ હું તને થોડી ઘણી મદદ કરી પણ શકું ! "

જવાબમાં જેનકાએ આંખો મીંચી દીધી અને નકારસૂચક માથું ધુણાવ્યું. ટમારા તેનાથી જરા આઘી ખસી, પણ તેનો ખભો પંપાળવો તેણે ચાલુ રાખ્યો.

" તો પછી તું જાણે, જેનકા ! તારા અંતરની વાતો હું ક્યાંથી સમજી શકું ? મેં તને પૂછ્યું હતું એટલા માટે કે તું જ આ બધામાંથી એક માત્ર . . . . . . "

ઓચિંતો કાંઈક નિશ્ચય કર્યો હોય તેમ જેનકા કૂદકો મારતી પથારીમાં બેઠી થઈ ગઈ અને ટમારાના હાથ પકડી એકદમ સત્તા-સૂચક સ્વરે બોલવા લાગી:

" ઠીક ! ચાલ આપણે જરા બહાર જઈએ. ત્યાં હું તને બધી વાત જણાવીશ. છોકરીઓ, તમે અહીં જ રહેજો. અમે થોડી વારમાં પાછાં આવીએ છીએ."

બહાર ચાલીમાં જેનકાએ તેની સખીના ખભે હાથ મૂક્યા અને ઊતરી ગયેલે મોઢે કહેવા લાગી: " ઠીક સાંભળ ! મને કોઈ કે ચેપી રોગ આપ્યો છે—મને ચેપી રોગ લાગુ પડ્યો છે ! "

"અરે રે! ક્યારથી?"

"ઘણો સમય થયો. પેલા છોકરાઓ અહીં આવ્યા હતા તે યાદ છે? અને પેલો જે પ્લેટોનોવ જોડે આખો વખત લડ્યા કરતો હતો? તે સમયે મને પહેલવહેલાં આની ખબર પડી. બીજે જ દિવસે સવારે મારી જાણમાં આવ્યું હતું!"

"તું જાણે છે?" ટમારાએ સ્વસ્થતાપૂર્વક જણાવ્યું. "મને આ વાતની તો મૂળથી શંકા હતી અને તેમાંય ખાસ કરીને જ્યારે તું પેલી નટી આગળ ઘૂંટણીએ પડી કાંઈક ખાનગીમાં બોલી હતી, ત્યારે તો મારી શંકા દૃઢભૂત થઈ હતી; પણ બહેન, એમાં ડરે છે શા માટે—તારે હવે બરોબર સારવાર લેવી જોઈએ."

જેનકાએ ગુસ્સાથી પગ પછાડ્યો અને અત્યાર સુધી હાથમાં ચોળ્યા કરતી હતી તે રૂમાલને તેણે ફાડી નાખ્યો.

"નહિ, નહિ! હું તમારામાંથી કોઈને ચેપ નહિ લગાડું. એ તો તેં જોયું હશે કે છેલ્લાં કેટલાંય અઠવાડિયાં થયાં હું બધાની સાથે બેસી જમતી નથી અને મારાં વાસણો પણ હું જ ધોઈ નાંખું છું. તે જ કારણસર હું માન્કાને દૂર રાખવા પ્રયત્ન કરું છું, કારણકે તું જાણે છે કે તેને હું મારા સાચા દિલથી ચાહું છું; પણ આ બે બદામના વિષયી કૂતરાઓને તો હું જરૂર ચેપ લગાડીશ. દર સાંજે દસ, પંદર—જેટલા આવે તે બધાને હું આ ચેપી રોગ આપ્યા કરીશ. પછી, ભલે તેઓ સબડ્યા કરે. ભલે એ ચેપ તેની પત્નીઓ, રખાતો અને માતાઓ—હા, હા, તેમની માતાઓ, તેમના પિતાઓ, તેમની ચાકરડીઓ અને તેમની દાદીની દાદીઓને લાગે. ભલે એ બધા પ્રમાણિકતાના પૂતળાંઓનો એમાં જ નાશ થાય!"

ટમારાએ જેનકાને માથે હાથ ફેરવતાં મૃદુ સ્વરે કહ્યું: "ખરેખર શું તું એટલી હદે જવા માગે છે, જેનકા?"

"હા, અને જરાય દયા રાખ્યા વિના, પણ તેથી તમારે

કોઈએ પણ મારાથી ડરવાનું નથી. કોને ચેપ લગાડવો તે તો હુંજ પસંદ કરી લઈશ. એમાની જે સૌથી મૂર્ખ, સૌથી સુંદર, સૌથી શ્રીમંત અને સૌથી મહાન વ્યક્તિઓ હશે, તેમને જ પસંદ કરીશ, અને એ બાબતની હું ખાસ સંભાળ રાખીશ કે ફરી ત્યાર પછી તમારી પાસે ન આવે. અરે! તેમને માટે હું કેટલી મરી પડું છું, એનો તો હું એવો સ્વાંગ ભજવીશ કે તે જોઈ તમે ખડખડાટ હસી પડશો. હું કોઈ એક ગાંડી સ્ત્રીની જેમ તેમને બચકાં ભરીશ, વલૂરિયાં ભરીશ, રડીશ, ધ્રૂજીશ અને એ બધા—એ મૂર્ખશિરોમણિઓ–હું તેમના પ્રત્યે સાચો જ ભાવ દર્શાવું છું એમ માનશે!"

"તું જાણે! તું જાણે, જેનકા!" ટમારાએ વિચારમાં પડી જતાં નીચી નજરે જણાવ્યું. "કદાચ તારું કથન સાચું પણ હોય, કોને ખબર? પણ મને એ તો કહે કે તું ડૉક્ટરથી આ વાત કેવી રીતે છુપાવી શકી?"

જેનકા ઓચિંતી તેની પાસેથી ખસી ગઈ અને બારી નજદીક જઈ તેના કાચ પર માથું ટેકવી ધ્રુસકે ને ધ્રુસકે રોવા લાગી. તેનાં આંસુમાં તિરસ્કાર અને ગુસ્સો હતાં. રડતાં રડતાં તે વચ્ચે કહેવા લગી:

"કારણકે . . . કારણકે . . . કારણકે ઈશ્વરે મારા પર દયા કરી છે. મારો રોગ એવે સ્થાને છે કે જે કોઈ ડૉક્ટર નહિ જાણી શકે; ઉપરાંત આપણો ડૉક્ટર તો ઘરડો ને મૂરખો. . . ."

અને એકદમ જેનકાએ પોતાના મન ઉપર કાબૂ મેળવી આંસુ ખાળ્યાં અને તે બોલી: "ચાલ ટમારા! પણ જોજે આ વાત પાછી બધે ફેલાય નહિ."

"તે વિષેની ખાત્રી રાખજે!"

અને બન્ને શાંત અને સ્વસ્થ બની જેનકાના ઓરડામાં પાછા ફર્યાં.

થોડી વાર પછી સામિયન ત્યાં આવ્યો. તે જ્યારે જ્યારે

જેનકા પાસે આવતો, ત્યારે ત્યારે અદબભરી રીતે વર્તતો. તેણે કહ્યું:

" જેનકા, સાહેબ વાન્ડાને મળવા આવ્યા છે, તો તેને દશેક મિનિટ બહાર જવાની રજા આપ."

આ સાંભળી એક નીલવર્ણાં નયનોવાળી યુવાન કન્યા જેનકા તરફ ઉત્સુક નજરે જોઈ રહી. જો જેનકાએ ના કહી હોત તો તે ત્યાં જ રહી હોત, પરંતુ તેણે કાંઈ જ જવાબ ન આપ્યો, ઊલટી આંખો મીંચી દીધી. વાન્ડા બહાર ગઈ.

આ સાહેબ વાન્ડા પાસે દર પખવાડિયે નિયમિત આવતો. તે જ પ્રમાણે ઝો પાસે પણ એવી એક મહાન વ્યક્તિ નિયમિત આવતી.

જેનકાએ ઓચિંતી તેની પ્રિય નવલકથાને પાછળ ફેંકી દીધી. તેની આંખોમાં અજબ ચમકાટ પ્રસરી રહ્યો હતો.

" તમે બધાં આ સાહેબને નકામો વગોવો છો." તેણે કહ્યું. " મેં તો એનાથીય વધારે ખરાબ માણસો જોયા છે. મારી પાસે એવો . . . એવો એક મૂર્ખશિરોમણી . . . આવતો હતો. તેને તો મારા પ્રત્યે ત્યારે જ અનુરાગ પેદા થતો, જ્યારે . . . શું કહું જ્યારે તે મારા સ્તનોને ટાંકણીઓ ભોંકતો . . . એ જ પ્રમાણે વીલ્નોમાં મારી પાસે એક પાદરી આવતો હતો. તે મને અણીશુદ્ધ સફેદ કપડાં પહેરાવતો, બધે પાવડર કરવાની ફરજ પાડતો અને પછી પથારી પર ચતાપાટ સૂઈ રહેવાની ફરજ પાડતો. પછી મારી નજદીક તે ત્રણ મીણબત્તીઓ સળગાવતો અને એમ જ્યારે તેને હું સાવ મૃત સ્ત્રી સમાન જણાતી, ત્યારે તે . . . "

આ સાંભળી નાની માન્કા બોલી ઊઠી: " જેનકા, તું સાચું કહે છે. મારી પાસે પણ એક એવો વૃદ્ધ કૂતરો આવતો હતો. તે મને આખોય વખત એવી રીતે વર્તવાની ફરજ પાડતો કે જાણે હું નિર્દોષ કન્યા હોઉં, અને તેથી મારે તેટલો બધો સમય રડ્યા કરવું પડતું અને ચીસો પાડ્યા કરવી પડતી; પણ જેનકા, તું

આટલી બધી ચતુર છે, પણ નહિ કહી શકે કે એ કોણ મહાશય હશે?"

"કોઈ જેલનો અધિકારી!"

"ના, બંબાખાતાનો ઉપરી."

ઓચિંતી જાડી કેટી ખડખડાટ હસી પડી અને પછી તેના ઘોડા અવાજે કહેવા લાગી:

"અને મારી પાસે પણ એવો એક શિક્ષક આવતો હતો. તે કંઈક ગણિત કે એવું બીજું શીખવતો હતો. તે મને એમ જ માનવા ફરજ પાડતો કે જાણે હું પુરુષ છું અને હું તેના પર બળાત્કાર કરું છું. એની મૂર્ખાઈની તો શી શી વાતો કરું! એ બધોય વખત સાચેસાચ જાણે કોઈ બળાત્કાર કરતું હોય તેમ તે ચીસો પાડ્યા કરતો: 'હું તમારી છું! હું તન–મન–ધનથી તમારી છું. મને સતાવશો નહિ?'"

"કોક ચક્રમ હશે, ચક્રમ!" વેરકાએ જણાવ્યું.

"ના, ના, ચક્રમ શાનો?" ટમારાએ પ્રત્યુત્તર વાળતાં જણાવ્યું. "ચક્રમ જરાય નહિ, પણ બીજા એવા વિષયી કૂતરાઓના જેવો એક કૂતરો. ઘેર તો તેમ કરવું પાલવે નહિ, એટલે અહીં પૈસા ખર્ચી પોતાને મનગમતો આનંદ મેળવતો હશે. એ જ મૂળ હેતુ હશે, કેમ, ખરું ને?"

જેનકા, જે અત્યાર સુધી ચુપચાપ પથારીમાં પડી પડી સાંભળતી હતી, તે સફાળી બેઠી થઈ અને બોલવા લાગી: "તમે બધીય મૂર્ખીઓ છો! તેમને શા સારુ આ માટે માફી આપો છો? પહેલાં તો હું પણ તમારા જેવી મૂર્ખ હતી, પણ હવે તો હું તેમને મારા ચરણે પડવા ફરજ પાડું છું, મારા પગના ચુંબન કરાવું છું અને એ બધાય તેમ કરવામાં આનંદ માને છે . . . તમે બધીય જાણો છો કે હું પૈસાને નથી ચાહતી, પણ મને ફાવે તેવી

રીતે પુરુષને મારી તરફ આકર્ષું છુ અને લૂંટું છું. અને એ મૂર્ખાઓ—મૂર્ખશિરોમણીઓ—અને તેમની પત્નીઓ, કન્યાઓ, માતાઓ અને ભવિષ્યની વધૂઓની છબીઓની ભેટ આપે છે.... તમે બધાંએ આપણા જાજરૂમાં પડેલા છબીઓના ઢગલાને નથી જોયો? પરંતુ બહેનો, તમે જાણો છો .... સ્ત્રી તો જીવનમાં માત્ર એક જ વખત પ્રેમમાં પડે છે, જ્યારે પુરુષ તો કૂતરાની જેમ અનેક કૂતરીઓની પાછળ ભમતો હોય છે... તેને મન બેવફાઈ એ તો કાંઈ વિસાતમાં જ નથી; અને તેને જૂની કે નવી માશૂક માટે દિલમાં જરાય આભારની લાગણી હોય છે તેમ પણ હોતું નથી. મારા સાંભળવામાં આવ્યું છે કે આજકાલ જુવાનીઆઓમાં ઘણા સારા છોકરાઓ પણ હોય છે. હું એ વાત સ્વીકારું છું, જો કે હજી સુધી મારા જોવામાં કે અનુભવમાં એકે એવો છોકરો આવ્યો નથી. મારા જોવામાં તો જેટલા આવ્યા છે તે બધાય લુચ્ચા, લફંગા ને મૂર્ખશિરોમણી જ હતા. થોડા જ સમય પર આપણા કમનસીબ જીવનનું વર્ણન કરતી એક નવલકથા મેં વાંચી હતી. તેમાં, હું કહું છું તે જ પ્રમાણે લખેલું હતું."

વાન્ડા પાછી ફરી અને ધીમેથી જઈ જેનકાની પથારીની કોર પર, દીવાનો પડછાયો પડતો હતો, ત્યાં જઈને બેઠી. મૃત્યુની શિક્ષા પામેલા લોકો, સખ્ત મજૂરીની શિક્ષા પામેલા કેદીઓ અને વેશ્યાઓના અંતરમાં જે ઊંડી મનોવેદના હોય છે, તેવી ઊંડી વેદનાને અંગે અત્યારે કોઈએ પણ, વાન્ડાએ હમણાં કેવી રીતે સમય પસાર કર્યો હતો, તે પૂછવાની હિંમત કરી નહિ. થોડી વાર પછી ઓચિંતા વાન્ડાએ જ ટેબલ પર પચીસ રૂબલ પછાડ્યા અને કહ્યું:

"મારે માટે સફેદ દારૂ અને તડબૂચ લાવો!"

અને પછી પોતાના હાથમાં મોઢું છુપાવી ટેબલ પર નીચી વળી તે ડૂસકાં લેતી રોવા લાગી. પુનઃ કોઈએ તેને એક પણ પ્રશ્ન પૂછવાની હિંમત કરી નહિ. માત્ર જેનકા જ ગુસ્સાથી સફેદ પૂણી

જેવી થઈ હતી અને તેણે પોતાના હોઠને એટલા જોરથી કરડયો કે તે પર લોહીની ટશરો ફૂટી આવી.

"હા," તે બોલી. "હવે હું ટમારાની વાત બરાબર સમજી શકું છું. ટમારા, હું તારી માફી માગું છું. તું પેલા ચોર સેનકાને ચાહે છે, તે માટે મેં તારી અનેકવાર મશ્કરી કરી છે, પણ હવે હું કહીશ કે ચોરો અને ખૂનીઓ જ સૌથી વધુ સભ્ય પુરુષો હોય છે. પોતે એક છોકરીને ચાહે છે એ વાત તે કોઈથી છુપાવતો નથી; અને જરૂર પડે તો તેને માટે તે—ચોરી કે ખૂન—ગમે તે ગુનો કરવા તત્પર હોય છે. પણ આ—આ બધાય—પ્રમાણિકતાનાં પૂતળાંઓ તો જુઠ્ઠા, લુચ્ચા અને દગાબાજ હોય છે. એમને ત્રણ કુટુંબ, એક પત્ની અને પાંચ તો છોકરાં હોય છે! એક ગવર્નેસ ને બે બાળકો પરદેશમાં હોય છે. આગલી પત્નીની એક મોટી છોકરી હોય અને તેને પણ એક બાળક હોય; અને તેમનો આ વ્યભિચાર ગામમાં બધેય જાણીતો હોય છે ... માત્ર ન જાણતાં હોય તેમનાં પોતાનાં જ બાળકો અને કદાચ તેમને કાને પણ તે વાત આવી હોય છે અને એક બીજાના કાનમાં તેની વાતો પણ કરતાં હોય છે. કલ્પના કરો કે તે મહાશય એક પ્રસિદ્ધ પુરુષ હોઈ સારુ જગત તેમને માન આપતું હોય છે ...... બહેનો, આજ સુધી આપણને દિલ ખોલીને વાત કરવાનો એકે પ્રસંગ જ નહોતો સાંપડયો, પરંતુ આજે તેવો પ્રસંગ મળતાં હું સત્ય વાત જણાવતાં કહીશ કે જ્યારે હું દસ વર્ષની હતી, ત્યારે મારી સગી માતાએ જ મને ઝીટોમીર શહેરના એક ડોકટરને વેચી હતી. મેં તેનાં હાથને ચુંબનો કર્યાં અને પુષ્કળ આજીજીઓ કરતાં કહ્યું: 'હું હજી નાદાન વયની છું,' તોપણ તેણે કહ્યું: 'અરે, એથી કંઈ નહિ! કાંઈ નહિ. તું જલદીથી મોટી થઈ જઈશ.' અને પછી એટલાં તો દુઃખ, ઘૃણા ને તિરસ્કાર વછૂટે પરંતુ ... અને પછી તેણે તો એ વાત એક સામાન્ય કહાણીની માફક બધાને કહેવા માંડી. એ હતો મારા આત્માનો કરુણ આર્તનાદ!"

"ઠીક ત્યારે આજે જ્યારે આપણે બોલવા જ બેઠાં છીએ, ત્યારે પૂરું જ બોલી લઈએ." શાંત અને સ્વસ્થ અવાજે ઝોએ કહ્યું અને કંઈક બેદરકારીભર્યું પરંતુ ઉદાસીન સ્મિત કર્યું. "મારું શિયળભંગ એક ધાર્મિક શાળાના શિક્ષકે કર્યું હતું. તેણે એક દહાડો મને તેને ઘેર બોલાવી—તેની પત્ની તે વખતે શહેરમાં નાતાલની ખરીદી કરવા ગઈ હતી. તેણે મને મીઠાઈ ખવડાવી અને પછી મને જણાવ્યું કે બેમાંથી એક વાત સ્વીકાર્યા વિના મારો છૂટકો ન હતો, અને તે એ કે કાં તો મારે તેની મરજીને તાબે થવું, નહિ તો હું ખરાબ ચાલચલગતની છું એવું જાહેર કરી તે મને નિશાળમાંથી કાઢી મૂકશે; અને છોકરીઓ, તમે તો જાણો છો કે તે વખતે આપણે શિક્ષકોથી કેટલાં બીતાં ! અહીં તો એ શિક્ષકો એટલા બધા ભયાનક નથી લાગતા અને તેમની સાથે આપણે ગમે તેમ વર્તીએ છીએ, પણ તે ઉમ્મરે તો! કારણકે ત્યારે તો એ આપણને ઝાર અને ખુદ ઈશ્વર કરતાં પણ મોટા દેખાતા !"

"અને મને એક વિદ્યાર્થીએ ફસાવી હતી. તે અમારે ત્યાં શેઠના છોકરાઓને ભણાવવા આવતો હતો. ત્યાં હું નોકરડી હતી."

"ના, પણ હું . . ." ન્યુરાએ જણાવ્યું અને પછી મોં ખુલ્લું રાખી આગળ બોલતાં અટકી ગઈ. તે જે તરફ જોઈ રહી હતી તે તરફ નજર કરતાં જેનકાને તેના હાથ જોરથી પકડવા પડ્યા. બારણામાં સુકાઈ ગયેલી, આંખે કાળાં કૂંડાળાં વળેલાં અને કોઈ ઊંઘમાં ચાલતું હોય ને આશ્રય માટે બારણાનું કડું શોધતું હોય તેવી દેખાતી લ્યુબકા ઊભી હતી.

"લ્યુબકા ! મૂર્ખી ! તને શું થયું છે?" જેનકાએ જોરથી બૂમ પાડી પૂછ્યું.

"શું થાય ? મને લઈ ગયો અને હવે કાઢી મૂકી !"

કોઈ એક શબ્દ પણ બોલ્યું નહિ. જેનકાએ બે હાથ વડે આંખો દબાવી દીધી અને તે જોરથી શ્વાસ લેવા લાગી. તેના ગાલ

નીચેની ચામડીના હલનચલનથી કોઈ પણ જોઈ શકે કે તે જોરથી દાંત કચકચાવતી હતી.

"જેનકા, હવે તો હું તારે આશરે છું." હ્યુબકાએ એકદમ હતાશ થતાં અને લાચારી દાખવતાં કહ્યું. "તને બધાં આદર આપે છે, તો તું આના કે સામિયનને મારા વતી વાત ન કર . . . કે મને પાછી રાખે ?"

જેનકાએ ટટાર થઈ, પોતાનાં આંસુ વહેતાં, પરંતુ હમણાં જ અટકયાં હોય તેવાં સૂકાં અને તિરસ્કારની જ્વાળાઓથી સળગતાં નયનો વડે હ્યુબકા પ્રત્યે ફરી ભાંગ્યાતૂટયા શબ્દોમાં પૂછ્યું:

"તેં આજે કાંઈ ખાધું છે ?"

"ના, તેમ કાલે કે પરમ દહાડે પણ મેં કાંઈ ખાધું નહોતું."

"સાંભળ જેનકા !" વાન્ડાએ કહ્યું. "હું તેને થોડોક સફેદ દારૂ આપું; તે દરમ્યાન વેરકા રસોડામાં જઈને કાંઇક ખાવાનું લઈ આવશે ! કેમ ?"

"જેમ ઠીક લાગે તેમ કરો. હા, એ ઠીક છે. અરે છોકરીઓ, જુઓ તો એ કેટલી બધી ભીંજાઈ ગઈ છે! મૂર્ખી છે, બીજું શું! ચાલ, કપડાં બદલી નાંખ. માન્કા કે ટમારા તમારામાંથી એક જણ તેને તમારાં ગરમ કપડાં આપો. હાં . . . હવે," તેણે હ્યુબકા તરફ ફરતાં કહ્યું. "બોલ, ત્યાં ગયા પછી શું શું બન્યું ?"

[૯]

તે દિવસે જ્યારે અણચિંતવ્યો અને પોતાની જાતને પણ અગમ્ય એવી રીતે, લિખોનીન આનાના ગૃહમાંથી હ્યુબકાને ઉપાડી ગયો હતો, ત્યારે ભર ઉનાળો ચાલતો હતો. ઝાડ અલબત્ત લીલાં લાગતાં

હતાં છતાં પણ પવનની લહેરોમાં, પાંદડાં અને ઘાસની વાસમાંથી એક પ્રકારની કરુણાનો ભાસ થતો હતો. સાથે જ આવતી વર્ષાનો પણ આભાસ થતો હતો. તે વિદ્યાર્થી આ પવિત્ર, નિર્દોષ અને શાંત વનરાજી, જેમને જાણે કે ગઈ રાતે જ મહાન ઈશ્વરે મનુષ્યોને ન દેખાય તેવી રીતે અહીં રોપી હતી, તે તરફ સ્તબ્ધ બની જોતો હતો; અને વૃક્ષો પોતે પણ આશ્ચર્યથી, ખાડાખાબોચિયામાં નીચે સ્થિર થઈ ગયેલા પાણીના શાંત નીલવર્ણાં જળને, હમણાં જ જાગૃત થયું હોય તેવા તાજા જ જેવા લાગતા શુભ્ર આકાશને, તથા દૂર દૂર અર્ધ ઊંઘમાં અને અર્ધ જાગ્રત અવસ્થામાં પોતાના આછા સ્મિતથી ધીમે ધીમે પ્રકાશમાન થતા બાળ સૂર્યને આવકાર આપતાં જોઈ રહ્યાં હતાં.

ઊગતી ઉષાના મનોહર સૌંદર્યથી અંજાઈ જવાથી, જીવનના આનંદના ઉલ્લાસથી અને સારી રાત એક ધુમાડિયા આવાસમાં વિતાવ્યા બાદ, બહારની સ્વચ્છ હવા મળતાં તેને જે આનંદ થયો હતો, તે બધાને લીધે વિદ્યાર્થીના હૃદયમાં પણ અવનવા તાર ઝણઝણી રહ્યા હતા; પરંતુ તે બધાંય કરતાં પોતે જે મહાન કર્તવ્ય માથે લીધું હતું, તે કર્તવ્યના સૌંદર્ય અને મહત્તાથી તેને અનેકગણો આનંદ થતો હતો.

હા, તે એક મનુષ્ય તરીકે—એક સાચા મનુષ્ય તરીકે—તેની ઊંચામાં ઊંચી જે વ્યાખ્યા કરી શકાય, તે રીતે પોતે વર્ત્યો હતો. અત્યારે પણ તેને પોતાના આ કાર્ય માટે પસ્તાવો થતો ન હતો. ભલે એ બધાં (આ ‘ એ ’ કોને ઉદ્દેશીને પોતે કહેતો હતો, તે તો પોતે પણ તે સમયે સમજતો ન હતો) માટે વારવનિતાવૃત્તિની વાતો કરવી એમાં જ સર્વ કાર્ય સમાઈ જતું હોય, ભલે એ બધા ચાના ટેબલની આજુબાજુ બેસી ચા અને નાસ્તા સાથે, પવિત્ર અને સંસ્કૃત કન્યાઓ સમક્ષ, માત્ર વાતો જ કર્યા કરે ! પણ તેના એક પણ મિત્રે આવી અધમ અવસ્થામાંથી એક પણ સ્ત્રીને છોડ-

વવા કશુંય પગલું ભર્યું હતું ? અને હવે વળી કદાચ આ બાળાની પાસે કોઈ એવો પણ આવશે કે જે તેની આગળ ફાવે તેવી વાતો કરશે, બધી ભયાનકતા જાહેર કરશે અને તે રડવા લાગે ત્યાંસુધી તેના આત્માને સતાવશે; પછી પોતે પણ તરત જ રડવા માંડશે, તેને આશ્વાસન આપશે, આલિંગન આપશે, માથે હાથ ફેરવશે, પહેલાં ગાલે ચુંબન કરશે, અને પછી ઓષ્ઠો ઉપર, અને . . . અને . . . પછી શું બનશે એ તો સર્વવિદિત જ છે ! ઉફ્ ! પણ નહિ, લિખોનીન એમ કદાપિ પણ નહિ કરે. તે તો જે બોલવાનો તે જ આચરવાનો !

તેણે લ્યુબકાની કમરે હાથ વીંટાળ્યો અને તેના તરફ મમતા ભરી લગભગ પ્રેમાળ આંખોએ જોઈ રહ્યો; જો કે તેજ પળે, તે પોતે મનમાં એમ માનતો હતો કે તેને એક પિતા અને ભાઈની જેમ પોતે જોઈ રહ્યો હતો.

લ્યુબકાને ખૂબ જ ઊંઘ આવતી હતી. તેની આંખો મીંચાઈ જતી હતી અને રસ્તામાં ઊંઘી ન જવાય તે માટે મહા મુશ્કેલીએ આંખો ખોલતી હતી. તેના ઓષ્ઠ ઉપર તો જે પ્રકારનું સ્મિત લિખોનીને ઓરડામાં જોયું હતું, તેવુંજ નિર્દોષ, બાલીશ સ્મિત ફરકતું હતું અને તેના મુખના એક ખૂણામાંથી જરા જરા લાળ વહેતી હતી.

" લ્યુબકા ! કિસમતના ક્રૂર પંજામાં સપડાયલી નિર્દોષ કન્યા ! જો, જો, બહાર જગત કેટલું સુંદર છે ! અરે પ્રભુ ! હું આજે પાંચ વર્ષે સૂર્યોદય જોઉં છું, નહિ તો આવે સમયે કાં તો હું પાના રમતો, દારૂ ઢીંચતો કે વિદ્યાલયમાં ભણવા જવાની ધમાલમાં ગૂંથાતો. જો, ત્યાં ઉષા પૂર્ણ સ્વરૂપે પ્રગટ થઈ છે ! સૂર્ય ક્ષિતિજ પર આવી પહોંચ્યો છે ! અને લ્યુબકા, એમ જ સમજ, આજથી તારા જીવનમાં પણ સૂર્યોદય થાય છે. આજથી તું નિર્ભયપણે મારી સંભાળ

નીચે રહેજે. હું તને પ્રમાણિકતાના પંથે ચડાવીશ—તને હું જીવન-વિગ્રહના મરદાનગીભર્યા યુદ્ધે દોરીશ."

હ્યુબકા તેના તરફ ઉત્સુક નજરે જોઈ રહી. તે વિચાર કરતી હતી: "હજી તેના મગજમાંથી ધૂન ખસી જણાતી નથી; પણ કાંઈ નહિ, આખરે તે દયાળુ ને ભલો માણસ જણાય છે—માત્ર જરા વધારે પડતી રીતે." અને અર્ધઊંઘના સ્મિતસહ તેણે કંઈક કટાક્ષમાં કહ્યું: "હા, અને પછી તમે મને મૂર્ખ પણ બનાવશો. તમે પુરુષો બધા એક જ પ્રકારના હો છો. તમને આનંદ મળે માટે ધારી વસ્તુ હાથ કરો છો; અને પછી . . . પછી બસ, ખેલ ખતમ!"

"હું! અરે, આ શું કહો છો? શું એવું કરું એવો લાગું છું!" લિખોનીને એકદમ પ્રત્યુત્તર વાળતાં અને છાતી પર હાથ મૂકતાં જણાવ્યું. "તું હજી મને બરાબર ઓળખતી નથી. હું એવો નાલાયક નથી કે એક નિરાશ્રિત, નિર્દોષ કન્યાને ફસાવું! નહિ! હું તેવો તેવો નથી; પણ તારી કેળવણી વધે, તારી દૃષ્ટિમર્યાદા વિશાળ બને, અત્યાર સુધી તારે જે વેઠવું પડયું છે અને તને જે અન્યાય થયો છે, તેના ઘા તારા હૃદયને પરાણે ભૂલવા પડે, તેમ કરવા હું મારી સર્વ શક્તિઓ વેડરી નાખીશ. હું તારા પ્રત્યે એક પિતા ને ભાઈની જેમ વર્તીશ. હું જીવનને દરેક પગથિયે તારી સંભાળ રાખવા હાજર રહીશ; અને જે દિવસે તું કોઈની સાથે સાચા—શુદ્ધ સ્નેહથી જોડાઈશ તે દિવસને—અને તને જે દિવસે આ ભયાનક નરકાગારમાંથી છોડાવી તે દિવસને—હું ચિરસ્મરણીય માનીશ."

તેનું આ ભાષણ સાંભળી ગાડીવાળો ચુપચાપ હસતો હતો, એમ પાછળથી તેની પીઠ હાલતાં જણાતું હતું. આ ગાડીવાળાઓ ઘણી વાતો જાણતા હોય છે; કારણકે અંદરના બેસારુઓ તરફ તેમની પીઠ હોવા છતાં ગાડીની અંદર ચાલતી દરેક વાતચીત તેઓ સાંભળી શકતા હોય છે; જ્યારે પોતાની વાત કોઈ ત્રીજી વ્યક્તિ

સાંભળે છે એની તો વાતો કરનારાઓને શંકા પણ હોતી નથી. લોકોમાં જે અનેક વાતો બનતી હોય છે તે આ વૃદ્ધ ગાડીવાળાઓની જાણમાં હોય છે. કોને ખબર, આ ગાડીવાળાએ, આ પૂર્વે, આથી પણ વધારે જોરદાર ભાષણ સાંભળ્યું હોય!

કોણ જાણે કેમ પણ લ્યુબકાને એમ લાગતું હતું કે કાં તો લિખોનીન તેના પ્રત્યે ગુસ્સે થયો હતો, અથવા તો કોઈ કલ્પિત હરીફની અત્યારથી જ અદેખાઈ કરતો હતો, તેથી લ્યુબકાની નિદ્રા ઊડી ગઈ હતી. તેણે આંખો પૂરી ખોલીને કંઈક અગમ્ય રીતે અને તે જ સમયે એક પ્રકારની તાબેદારીભરી દૃષ્ટિથી તેના તરફ જોઈ, પોતાની કમર પર વીંટળાયલા તેના હાથની એક આંગળીને સ્પર્શ કરતાં કહ્યું:

"મિઠ્ઠા, ગુસ્સે ન થશો. હું હંમેશા તમને વફાદાર રહીશ. લો, હું ઈશ્વરના સોગન ખાઈ વચન આપું છું. ઈશ્વરની સાક્ષીએ કહું છું કે હું કદાપિ તમને બેવફા નહિ થાઉં. મને તમારી સંભાળભરી દેખરેખની ખાસ જરૂર છે, એ શું હું નથી સમજતી એમ તમે શું માનો છો? તમે એમ માનો છો કે હું કશું નથી સમજતી? વાહ! તમારા જેવો આવો રૂપાળો, ખૂબસૂરત યુવાન વિદ્યાર્થી બીજો કોણ છે? હા . . . જો તમે કોઈ કુટુંબકબીલાવાળા વૃદ્ધ સદ્‌ગૃહસ્થ . . ."

"ના, ના, તેમ નથી. તારી સમજવામાં ભૂલ થાય છે." લિખોનીને મોટે અવાજે જવાબ આપ્યો અને પુનઃ તે જ સ્વરે, સ્ત્રીઓના સમાન હક્ક, શ્રમની પવિત્રતા, માનવીને જોઈતો ન્યાય, સ્વતંત્રતા અને ચાલુ અન્યાયી પરિસ્થિતિનો સામનો કરવાની જરૂરિયાત—એ બધા વિષયો પર ભાષણ આપવા મંડી પડ્યો.

તેણે જે મોટું ભાષણ આપ્યું તેમાંથી લ્યુબકા એક અક્ષર પણ સમજી નહોતી. તેને તો હજી એમ જ ભાસતું હતું કે તેનાથી કાંઈક ગુનો થઈ ગયો હતો અને તેથી તે નિરાશ બની ઉદાસીન

ચહેરે નીચું જોઈ રહી હતી. જો આ પરિસ્થિતિ વધારે વાર ટકી હોત તો કદાચ ભરરસ્તે તે રડવા લાગી હોત; પણ સદ્‌ભાગ્યે એ જ સમયે તેમની ગાડી લિખોનીનના નિવાસસ્થાન આગળ આવી પહોંચી, "લો, આપણે આવી પહોંચ્યાં. ઊભો રહે, ગાડીવાળા!" લિખોનીને કહ્યું.

ગાડીવાનને પૈસા ચૂકવ્યા બાદ તે મકાનના પગથિયાં ચડવા લાગ્યો, ત્યારે તો એ એટલા હર્ષમાં આવી ગયો કે તેણે ગાવા માંડ્યું :

"પધારો કુમકુમને પગલે."

અને પુનઃ કોઈ એક અગમ્ય પરંતુ કરુણ સ્મિત ગાડીવાળાના કરચલીઓ વળેલા વૃદ્ધ મુખ પર ઝળકી રહ્યું.

[૧૦]

જે ઓરડીમાં લિખોનીન રહેતો હતો તે સાડા પાંચમા માળે આવેલી હતી. આ છેલ્લો અડધો માળ એટલે પાંચ, છ કે સાત માળના આલીશાન મહાલયો ભાડાં ખાવાં બાંધેલાં હોઈ સૌથી ઉપરના માળે કાતરિયાં જેવી નાની ઓરડીઓ—પતરાંનાં છાપરાવાળી પણ રાખવામાં આવતી કે જેથી ત્યાં પણ ભાડૂતો વસાવી શકાય અને વધારે ભાડું પેદા કરી શકાય. આ કાતરિયાં પક્ષીના માળા જેવાં હતાં, કારણકે શિયાળામાં ત્યાં ટાઢનો પાર નહિ અને ઉનાળામાં તાપ પણ ધોમ તપે ને સહરાના રણનો ખ્યાલ આપે. લ્યુબકા મહામુશ્કેલીએ ઉપર પહોંચી. ચઢતી વખતે તેને વારંવાર એમ લાગ્યા કરતું હતું કે હમણાં, હમણાં બે પગથિયાં પછી, તે અધવચેજ બેસી જશે અને એવી ભરનિદ્રામાં પડી જશે, કે કોઈ તેને તેમાંથી જગાડી શકશે નહિ; પણ તે બધોય સમય લિખોનીન કહેતો હતો:

"તું થાકી ગઈ છું; પણ એમ ડરીએ નહિ. મારા હાથ પર ટેકો દે. આપણે આ બધોય સમય ઊંચે માર્ગે ચડી રહ્યાં છીએ! ઊંચે અને ઊંચે! અને એ માનવજીવનની અભિલાષાઓના સંકેતરૂપ નથી શું? મારી સખી, મારી બહેન, મારા હાથ પર ટેકો દે!"

પણ આમ કરતાં તો લ્યુબકાને ચડવું વધારે મુશ્કેલ થઈ પડયું; કારણકે એકલી એકલી તો તે ગમે તેમ કરી ઉપર પહોંચી જાત, પણ હવે તો આ લિખોનીનને પણ સાથે ખેંચવાનો હતો અને તે ઊંઘને લીધે ઘણો ભારે થઈ ગયો હતો. તેના ભારે શરીરની તો તેને બહુ ચિંતા ન હતી, પણ તેની વાતો સાંભળી સાંભળી લ્યુબકાને હવે ધીમે ધીમે કંટાળો આવવા લાગ્યો હતો. આ ક્રોધમય કંટાળો ધાવતાં બાળકને દાંતમાં થતી પીડા, પક્ષીનો ચાલુ કર્કશ અવાજ અથવા તો બાજુના ઓરડામાં કોઈ વારંવાર સિસોટીઓ વગાડતાં જેવો ઊપજે તે પ્રકારનો હતો.

આખરે બન્ને લિખોનીનની ઓરડીએ પહોંચ્યાં. બારણાને તાળું દીધેલું ન હતું, સામાન્ય રીતે એ દ્વારને કદાપિ તાળું ન દેવાતું. લિખોનીને ધક્કો મારી બારણું ખોલ્યું અને તેઓ અંદર દાખલ થયાં. ઓરડામાં અંધારું હતું, કારણકે બારીઓના પડદા નીચે નાખેલા હતા. ઓરડામાંથી ઉંદર, ઘાસલેટ, વાસી શાક, મેલી ચાદર અને તમાકુની વાસ આવતી હતી. ત્યાં એક અદૃશ્ય વ્યક્તિ જોરથી નસકોરાં બોલાવતી ઊંઘતી હતી.

લિખોનીને બારીના પડદા ઊંચા કર્યા. એક સામાન્ય ગરીબ વિદ્યાર્થીના ઓરડામાં જે વસ્તુઓ દૃષ્ટિગોચર થાય તે સર્વ ત્યાં દેખાતી હતી. એક વણબિછાવેલી પથારી પર એક ધાબળો જેમતેમ પડયો હતો. જોડે જ એક પગભાંગ્યું ટેબલ હતું અને તે ઉપર મીણબત્તી વગરનું એક સ્ટેન્ડ પડયું હતું. ભોંય પર અને ટેબલ પર કેટલીય ચોપડીઓ વેરણખેરણ પડી હતી. સિગારેટનાં ઠૂંઠાં તો જ્યાં ત્યાં નજરે

પડતાં હતાં અને પથારીની સામે આવેલી ભીંતને અઢેલી મૂકેલા એક કોચ પર કાળા વાળ અને મૂછોવાળો એક યુવાન ભર ઊંઘમાં ઉઘાડું મોં રાખી નસકોરાં બોલાવતો હતો. તેના ખમીસનાં બટન ખુલ્લાં હતાં અને તેમાંથી છાતી અને તેના પર ઇરાની ઘેટાંઓના શરીર પર જ માત્ર જોવામાં આવે છે એવા કાળા વાળ દેખાતા હતા.

"નિજરેઝે! એય નિજરેઝે, ઊઠ!" લિખોનીને સુનારના પડખામાં ગોદો મારતાં કહ્યું. "પ્રિન્સ!"

"અં . . . . અં . . . . અં . . . ."

"તારું અને તારા વંશજોનું નખ્ખોદ જાય! તેમનું કોકેશશની સૌંદર્યશ્રેણીમાંથી નિકંદન નીકળી જાય! તમારા જ્યોર્જિયામાં કદીય ભગવાનનો વાસ ન થાય! ઊઠ, એ ગધેડા! ઊઠ એ ખચ્ચર!"

પણ ઓચિંતી, અણધારી જ હયુબકા વચ્ચે પડી. તેણે લિખોનીનનો હાથ પકડી મૃદુ સ્વરે કહ્યું:

"પ્રિય! શા માટે તેને સતાવો છો? તે બહુ થાકેલો હશે એટલે તેને ખૂબ ઊંઘ આવતી હશે! તો એને થોડી વાર જંપવા દો! મને વાંધો નથી—હું તો ઘેર જઈશ. ગાડીભાડા માટે અડધો રૂબલ આપશો? અને કાલે પાછા મારી કને આવજો. કેમ ઠીક છે ને, પ્રિય!"

લિખોનીન શરમાઈ ગયો. તેને આ શાંત, નિદ્રાના ઘેનમાં ડૂબેલી બાળાના શબ્દો કંઈક ઓર જ પ્રકારના અને વિચિત્ર ભાસ્યા. અલબત્ત, એ એમ ન સમજી શકયો કે આ શબ્દો દ્વારા તે બાળા, પૂરતી ઊંઘ ન મળી હોય તેવા માણુસ પ્રત્યે, પ્રેરક પણ અદૃશ્ય દયા દર્શાવી રહી હતી કે પછી તે કદાચ બીજાની ઊંઘ તરફની એક પ્રકારની વ્યાવસાયિક સહાનુભૂતિ હતી, પણ આ સ્તબ્ધતા ક્ષણુજીવી હતી, અને તે કંઈક અગમ્ય કારણુસર ગુસ્સે થયો. તેણે સૂતા

માણસના, આંગળી વચ્ચે લટકતા સિગારેટના ઠૂંઠાવાળા હાથને પકડી ખૂબ જોરથી હલાવ્યો અને કંઈક સખ્ત અને ગંભીર અવાજે જણાવ્યું:

" સાંભળ, એય નિજરેઝે ! હું મશ્કરીની વાત નથી કરતો. સમજ એ મૂર્ખ, અત્યારે હું એકલો નથી પણ મારી સાથે એક સ્ત્રી પણ છે. ગધેડા ! "

અને જાણે કે ચમત્કાર થયો : જાણે કોઈ કળ દબાવી હોય તેમ સૂતેલો માણસ ઝડપથી બેઠો થઈ ગયો. તેણે સોફા પર બેસી જોરથી આંખો, કપાળ અને ભમરો હાથ વડે ચોળવા માંડી. આગંતુક સ્ત્રીને જોઈ, તે જરા ગૂંચવણમાં પડી ગયો અને પહેરણનાં બટન બીડતો અસ્પષ્ટ સ્વરે બોલવા લાગ્યો:

" કોણ તું, લિખોનીન? અરે, હું તો અહીં તારી રાહ જોતો જોતો જ ઊંઘી ગયો! મહેરબાની કરી આવનાર બાઈને વિનંતિ કર કે ક્ષણવાર મુખ ફેરવીને ઊભાં રહે ! "

તેણે ઝડપથી પોતાનો—વિદ્યાર્થીનો ડગલો ચઢાવી દીધો અને બે હાથ વતી માથાના વાળ ઠીક કર્યાં. સ્ત્રી ગમે તેટલી ઉમ્મરે પહોંચવા છતાં પણ શણગાર પ્રત્યે અભાવ દર્શાવતી નથી અને તે જ નિયમ મુજબ લ્યુબકા આયના પાસે જઈ પોતાના વાળ ઠીક કરવા લાગી. નિજરેઝેએ આંખોના અણસારા વડે જ લિખોનીનને પૂછ્યું કે નવી આવનાર વ્યક્તિ કોણ હતી.

" કંઈ નહિ, એમાં તારે કાંઈ માથું મારવાની જરૂર નથી." લિખોનીને મોટેથી જવાબ આપતાં જણાવ્યું. " ચાલ, પણ આપણે અહીંથી જવાનું છે. રસ્તામાં તને હું બધી વાત કરીશ. માફ કરજે લ્યુબકા, એક મિનિટમાં જ હું પાછો ફરીશ અને તને અહીં, બરોબર બધું બતાવી દઈને વરાળ માફક પાછો અદૃશ્ય થઈ જઈશ.''

" ના, ના! તમારે તકલીફ લેવાની જરૂર નથી." લ્યુબકાએ

જવાબ આપ્યો. "મને તો અહીં—આ સોફા પર ઠીક ફાવશે અને તમે સામેની તમારી પથારી પર સૂઈ જજો."

"ના, તેમ નહિ બને, દેવી! મારો એક મિત્ર અહીં નજીકમાં જ રહે છે, એટલે હું તેને ત્યાં જઈને સૂઈશ. હું હમણાં જ એક મિનિટમાં પાછો ફરું છું."

બન્ને વિદ્યાર્થીઓ બહાર ચાલીમાં ગયા.

"આ સ્વપ્નનો શો અર્થ છે?" નિજરેઝેએ તેનાં ઊંઘથી અર્ધ મિંચાયલા પૌર્વાત્ય નયનોને પહોળાં કરી પૂછયું: "આ સુંદર બાળકને—આ ધાધરામિત્રને કયાંથી ઊંચકી લાવ્યો?"

જવાબમાં લિખોનીને ગંભીરતાપૂર્વક પોતાનું માથું ધુણાવ્યું અને મોં કટાણું કર્યું. ઘોડાગાડીની મુસાફરી, સ્વચ્છ હવા, ઊગતું પ્રભાત અને વ્યવહારુ માનસે તેના મગજને સંપૂર્ણ રીતે ઠંડું પાડયું ત્યારે તેના અંતરમાં એક પ્રકારનું કઢંગાપણું અને આવા ઓચિંતા કાર્યની બિનજરૂરિયાત વિષે કાંઈક નિરાશામય વિચારો ઉત્પન્ન થવા માંડયા હતા. તે સાથે તેને પોતાના પ્રત્યે તથા જે છોકરીને પોતે ઉપાડી લાવ્યો હતો તે પ્રત્યે, એક પ્રકારનો અવ્યક્ત ક્રોધ પણ ઉત્પન્ન થયો હતો. તેને અત્યારથી જ આ વિચિત્ર સહજીવન, ઉપાધિઓનો વધારો, કડવાશ અને ખરચ, હૃદયની આરપાર ઊતરી જાય તેવા સોબતીના પ્રશ્નો, તેમનાં કટાક્ષમય સ્મિત અને અંતે સરકારી પરીક્ષાઓ વખતે કેટલી વિટંબણાઓ પડશે, તે બધા ખ્યાલોએ મૂંઝવવા માંડયો હતો; પણ નિજરેઝેની સાથે વાર્તાલાપ શરૂ થતાં જ તેને પોતાને ઉપર જણાવેલા વિચારો આવવા માટે શરમ લાગવા માંડી અને વાર્તાલાપ પૂરો થતાં થતાં તો તેણે પોતાના આ નવીન સાહસના વખાણ પણ કરવા માંડયાં.

"જાણે કે એમ છે, પ્રિન્સ!" લિખોનીને પોતાના મિત્રના મુખ તરફ જોયા વગર અને તેના પહેરણના બટનને ફેરવતાં ફેરવતાં

અસ્પષ્ટ શબ્દોમાં કહેવા માંડયું. "તારી ભૂલ થાય છે. આ કોઈ વ્યાધરામિત્ર નથી . . . પણ . . . માત્ર . . . હું આજ આપણા કેટલાક મિત્રો સાથે ફરવા ગયો હતો . . . એટલે કે કાંઈ ખાસ તો હું ગયો ન હતો, પણ થોડી વાર માટે મિત્રો સાથે યામામાં આનાને ત્યાં ગયા હતો . . ."

"કોની કોની સાથે?"

"એનું તારે શું કામ છે, પ્રિન્સ? અમારી સાથે ટોલ્પીજીન, શામસેસ, એક અધ્યાપક નામે યારકેન્કો, બોર્યા અને બીજા કેટલાક પણ હતા . . . બીજા કોણ કોણ હતા તે યાદ આવતું નથી. તે દિવસે આખોય દહાડો અમે હોડીઓમાં સહેલ કરી, પછી એક કાફેમાં ગયા અને ત્યાંથી જ મૂર્ખાઓની જેમ યામામાં જઈ પહોંચ્યા. હું તો, તું જાણે છે ને બહુ પીતો નથી. મેં તો ત્યાં જઈને, એક અખબારનવેશ સાથે માત્ર ગળું જ ભીંજાવ્યું હતું, પણ બીજા બધા કાબૂમાં ન રહ્યા અને તેથી સવાર થતાં તો, ગમે તે કારણસર પણ મને બહુ લાગી આવ્યું અને મને આ કમનસીબ સ્ત્રીઓ પ્રત્યે અત્યંત દયા અને અનુકંપા ઊપજ્યાં. તે જ ક્ષણે મને એવો પણ વિચાર આવ્યો કે આપણી આ બહેનો, આપણો પ્યાર, આપણી મમતા અને આપણા સંરક્ષણનો કેટલો બધો આનંદ અનુભવે છે! આપણી માતાઓ પૂજ્યભાવ અને ભક્તિનો રસાનંદ અનુભવે છે! તેમને જો કોઈ એક અક્ષર પણ ઊંચા અવાજે કહે, તેમની લાગણીને જરા પણ કોઈ દુભાવે, તો આપણે તેનો પ્રાણ લેવા તત્પર થઈ જઈએ છીએ! કેમ, હું સત્ય જ કહું છું ને?"

"હં . . ." પ્રિન્સે અર્ધું તો પોતે જેમ ધાર્યું હતું તેમ બન્યું હોવાથી, અને અર્ધું આગળ શું બન્યું તે જાણવા અર્થે આંખો એક તરફ ફેરવી.

"હાં—પછી મેં વિચાર કર્યો કે અત્યારે ધારે તો કોઈ

પણ માનવી પોતાની વાસનાને સંતોષવા થોડો સમય કે આખી રાત માટે આ કમનસીબ છોકરીઓમાંની ગમે તેને ખરીદી શકે તેમ છે અને કાંઈ પણ દરકાર કર્યા વગર, એક વખત વધુ—તેના આત્મામાં જે એક મહાન વસ્તુ—પ્રેમ—સમાયેલ છે—તેને ભ્રષ્ટ કરવામાં આવશે... સમજ્યો! તે ત્યાં એ મહાન અંશને અવગણશે, પગ નીચે કચરશે, મુલાકાતના પૈસા આપશે અને પછી સિસોટીઓ વગાડતો, ખિસ્સામાં હાથ ઘાલી આનંદથી પોતાના રસ્તે પડશે; અને એથીય વધારે ભયાનક તો એ છે કે આ વસ્તુ તેને મન એક ટેવ જેવી થઈ પડેલી હશે. તેને મન તો બધું સરખું જ હોય છે. તેમની તો લાગણીઓ જ અહીંર મારી ગઈ હોય છે. આત્મા અંતરના ઊંડાણમાં છુપાઈ ગયો હોય છે. કેમ, સાચું કહું છું ને? અને છતાંય તેવી દરેક વ્યક્તિમાં એક ઉત્તમ ભગિની અને પવિત્ર માતાનો નાશ થતો હોય છે. કેમ, મારું કહેવું સાચું છે ને?"

"હું" નિજરેડ્ઝે ગણગણ્યો અને તેણે પુનઃ આંખો એકથી બીજી તરફ ફેરવી.

"અને તેથી મેં વિચાર કર્યો: માત્ર આ પોકળ શબ્દો અને આ વ્યર્થ અલંકારપૂર્ણ વ્યાખ્યાનોનો કશો અર્થ નથી! પરિષદો ભરી કરવામાં આવતાં ભાષણોનો કંઈ જ અર્થ નથી. આ અંત, નિયમ (અને ઓચિંતા તેને અખબારનવેશના શબ્દો યાદ આવતાં) આ પતિતોદ્ધાર આશ્રમો અને આ પવિત્ર બાઈબલો વહેંચવાની પ્રથાનો સંદતર ત્યાગ કરવો જોઈએ. મારે અહીં એક સાચા માણસની જેમ ઊભા થઈ આગળ આવવું જોઈએ. મારે એક બાળાને આ નરકાગારમાંથી છોડાવી, તેના આત્માને પૂર્ણ પ્રકાશ મળે અને તેને નવું જીવન મળે તેવું શિક્ષણ આપવું જોઈએ અને તેની સાથે પ્રેમથી વર્તવું જોઈએ."

"હું..." નિજરેડ્ઝેએ પુનઃ પૂર્વવત્ ગણગણાટ કર્યો.

"પ્રિન્સ, તારા મગજમાં તો માત્ર વાસનાના જ વિચારો આવ્યા કરતા હોય તેમ જણાય છે; કારણકે તારે સમજવાની જરૂર છે કે હું માત્ર એક સ્ત્રીની વાત નથી કરતો, પણ એક જીવંત માનવીની વાત કરું છું. હું માત્ર કાયાની જ વાત કરતો નથી, પણ તેમાં વસેલા આત્માની વાત કરી રહ્યો છું."

"હાં . . . હાં . . . ઠીક છે. પછી આગળ ?"

"હાં, તેથી મને જે વિચાર સૂઝયો, તે પ્રમાણે વર્તવાનું મેં પગલું ભર્યું; અને તે મુજબ તેને હું આનાને ત્યાંથી ઉપાડી લાવ્યો છું. હાલ તો તેને અહીં જ રાખવાની છે અને પછી . . . પછી તો જેવી ઈશ્વરેચ્છા! પહેલાં તો હું એને લખતાં ને વાંચતાં શીખવીશ અને પછી બનશે તો એકાદ નાની વીશી કે કરિયાણાની દુકાન ઉઘાડાવી આપીશ. મને ખાત્રી છે કે આપણા મિત્રો જરૂર મને મારા આ ઉમદા અને સાહસિક કાર્યમાં મદદ કરશે. પ્રિન્સ, મારા દોસ્ત, દરેકને સહાનુભૂતિ—સહકારની જરૂર હોય છે. પછી જોઈ લે કે વર્ષ બે વર્ષમાં હુંય સમાજને એક સુંદર, મહેનતુ અને તેને યોગ્ય એક સભ્યની ભેટ ધરીશ કે જેનો આત્મા તદ્દન પવિત્ર હોઈ તે ગમે તે માટે લાયક હશે . . . કારણકે તેણે માત્ર તેની કાયા જ અભડાવી છે, તેનો આત્મા તો હજી નિર્દોષ અને પવિત્ર છે."

"સ . . . સ . . ." પ્રિન્સ બોલ્યો.

"આનો શું અર્થ, ગધેડા ?"

"અને તું એને સીવવાનો સંચો લાવી આપીશ કે ?"

"કેમ, સીવવાનો સંચો જ યાદ આવ્યો ? તારો બોલવાનો ભાવાર્થ હું સમજી શકતો નથી."

"કારણકે મિત્ર, નવલકથાઓમાં એ જ માર્ગ બતાવવામાં આવે છે. જ્યાં નાયકે એકાદ એવા પતિત આત્માનો ઉદ્ધાર

કર્યો નહિ, કે તરત જ તેની આત્મા માટે તે સીવવાનો સંચો ખરીદી લાવે છે."

"ચૂપ, બકવાદ ન કર." લિખોનીને તેને હાથ વતી ધક્કો મારતાં જણાવ્યું. "બધીય વાતોમાં તને તો મશ્કરી જ સૂઝે છે."

પણ ત્યાં તો આ જ્યોર્જિયન ઓચિંતો ખૂબ ગરમ થઈ ગયો. તેની કાળી આંખો ચમકવા લાગી, અને તેની ભાષામાં કૉકેશિયન શબ્દો દેખા દેવા લાગ્યા. તે બોલ્યો: "ના, હું બકવાદ નથી કરતો, મિત્ર! અહીં તો માત્ર બેજ માર્ગ ખુલ્લા છે અને બન્નેનો અંત છેવટે એક જ પ્રકારનો આવવાનો. કાં તો તેને અને તારે બેસતી આવી જશે, અથવા પાંચેક મહિના રાખ્યા પછી તું તેને કાઢી મૂકીશ અને પછી તે, કાં તો યામામાં પાછી ફરશે અથવા તો ભટકવા માંડશે. અને એ સાચી જ વાત છે! અથવા તમારે બન્નેને મેળ નહિ આવે, તું તેના પર શારીરિક અને માનસિક બોજો લાદવા પ્રયત્ન કરીશ, તેના અજ્ઞાન અંધકારમય માનસને કેળવવા પ્રયત્ન કરીશ અને તે કંટાળીને તારી પાસેથી નાસી જશે; અને ત્યારે પણ પછી કાં તો તે શેરીએ શેરીએ ભટકશે કે યામામાં પાછી જશે; અને આ પણ સત્ય જ વાત છે! હા, એક ત્રીજો માર્ગ આ બન્નેના સંક્રમણમાંથી નીકળે છે, અને તે એ કે, તું એક સગાભાઈની જેમ, એક નીતિજ્ઞની જેમ, તેની રક્ષા કરવા તારી જાત વેડફી નાંખતો હોઈશ, જ્યારે તે તો છૂપી રીતે બીજા કોઈની સાથે પ્રેમમાં પડી હશે. મિત્ર, હું સાચું જ કહું છું કે એક સ્ત્રી એ સ્ત્રી હોઈ હંમેશા સ્ત્રી જ રહેવાની અને પુરુષ તેની સાથે ત્રણેક મહિના મોજમજાહ ઉડાવી તેને કાઢી મૂકવાનો, અને ત્યારે પણ તે કાં તો શેરીએ શેરીએ ભટકવાની કે યામામાં પાછી ફરવાની."

લિખોનીને એક ઊંડો નિશ્વાસ મૂકયો. તેના મનમાં નહિ, પણ અંતરના કોઈ અગોચર ઊંડાણમાં ક્યાંક નિજરેઝેનું કહેવું સત્ય હતું એ વિચારને ટેકો આપતો વિચાર ઝબકીને આથમી ગયો; પણ તેણે તરત જ સ્વસ્થતા મેળવી, માથું ધુણાવ્યું અને પ્રિન્સ તરફ

હાથ લંબાવી વિજયદર્શક સ્વરે તેણે જણાવ્યું: " હું વચન આપું છું કે આજથી છ માસ પછી તું તારા આ શબ્દો પાછા ખેંચીશ અને તે વેળાએ શિક્ષા તરીકે અય ઈરીવેનિયમ બકરા ! હું તારી પાસેથી એક ડઝન બાટલી કેખેટાઇન દારૂની પડાવીશ."

"વાહ ! કબૂલ ! ' પ્રિન્સે જોરથી લિખોનીનને તાળી આપતાં કહ્યું. " ઘણા જ હર્ષ સાથે કબૂલ–મંજૂર; પણ જો મારા કહ્યા મુજબ બને તો, નહિ તો પછી એ શિક્ષા તારે ખમવાની."

" કબૂલ ! ચાલ, હવે સાહેબજી . . . . . • પ્રિન્સ, તું કયાં સૂવાનો છે ?"

" અહીં જ, સોલોવિવને ત્યાં—આ ચાલીમાં જ; પણ તું તો મધ્યયુગના વીરની જેમ તે કન્યાની અને તારી વચ્ચે બેધારી તલવાર મૂકીને સૂઈશ, કેમ ખરું ને ?"

" ચૂપ ! હું પોતે સોલોવિવને ત્યાં રાત વિતાવવાનો વિચાર કરતો હતો, પણ હવે તો હું બહાર જઈને થોડી વાર રખડીશ અને પછી એકાદ મિત્રને ત્યાં જઈ પહોંચીશ. કાં તો ઝેટઝેવીચને ત્યાં કે પછી સ્ટ્રમ્પને ત્યાં ! સાહેબજી, પ્રિન્સ !"

" જરા થોભ !" લિખોનીને ચાલવા માંડતાં પ્રિન્સે તેને અટકાવી કહ્યું. " હું તને એક વાત કહેવી ભૂલી ગયો. પાર્ટઝન તો પહોંચી ગયો."

" એમ ?" લિખોનીને જરાક આશ્ચર્ય દર્શાવી કહ્યું અને પછી એક મોટું બગાસું ખાધું.

" હા, પણ બહુ ડરવા જેવું નથી. માત્ર થોડાંક છૂપાં કાગળિયાં અને એવું જ હાથમાં આવ્યું હતું. ભાઈને બહુ બહુ તો વરસેક માટ સરકારી મહેમાનગત ચાખવી પડશે."

" વાંધો નહિ, એક વર્ષ તો એ રમતમાં કાઢી નાંખશે."

" સાહેબજી, વીર પુરુષ !"

" સાહેબજી, ઘોડા !"

[૧૧]

હવે લિખોનીન એકલો પડ્યો. અર્ધઅંધારી ચાલીમાંથી ઘાસલેટના ટીનના દીવાની તથા તમાકુની ઘૃણાત્મક વાસ આવતી હતી. ચાલીને બે છેડે મૂકેલાં બે જાળિયાંઓમાંથી સૂર્યનો આછો પ્રકાશ અંદર આવવા પ્રયત્ન કરતો હતો.

માણસને લાંબા સમયનો ઉજાગરો થતાં તે જે એક પ્રકારની શિથિલતા અને નિરાશા અનુભવે છે, તેવી જ શિથિલતા અને નિરાશા લિખોનીન અત્યારે અનુભવી રહ્યો હતો. તેને લાગતું હતું કે જાણે પોતે એક મનુષ્યની સામાન્ય દૈનિક જીવનની સીમાઓને વટાવી ગયો હતો અને તેને માટે હવે એ જીવન કોઈ ભૂતકાળની વસ્તુ હોઇ ક્યારે પોતે તે અનુભવી શકશે તે વિષે તેને ખાતરી ન હતી; પણ તે જ સમયે તેના વિચારો અને લાગણીઓમાં એક પ્રકારની શાંત સ્પષ્ટતા અને બેદરકારીભરી નિખાલસતા વ્યક્ત થતી હતી અને આ સ્ફાટિક જેવા નિર્વાણ પ્રત્યે તેને કંટાળાભરેલું અને સુરત પ્રલોભન થતું હતું.

તે પોતાની ઓરડી આગળ ભીંતને અઢેલીને ઊભો રહ્યો અને તેમ કરી પોતાની આજુબાજુ–ઉપરનીચે સેંકડો માણસો કેવા આનંદથી આરામ લેતા હતા તે જોઈ, સાંભળી અને અનુભવી રહ્યો. એ નિદ્રાધીન લોકોની આ નિદ્રા પરોઢ વખતની હોઈ ગાઢ હતી, તેમનાં મુખ ઉઘાડાં હતાં, શ્વાસોશ્વાસ નિયમિત ચાલતો હતો અને મુખના બે ખૂણા પર લાળનાં ટીપાં આવી અટકી રહેલાં હતાં; અને તે જ સમયે તેના મસ્તકમાં થઈને વીજળીની ઝડપે, કવચિત દેખા દેતો પણ બાલ્યાવસ્થાથી જાણીતો એક વિચાર પસાર થઈ ગયો કે ઊંઘતા લોકો કેવા ભયાનક—મૃત લોકો કરતાં પણ વધારે ભયાનક લાગતા હોય છે! ત્યાં તેને હલુબકા યાદ આવી. તેના

અંતર્ગત, વિસ્તૃત અને ગૂઢ 'હું'એ ઝડપથી તેને ફૂંક મારી કે તે બાળા ત્યાં આરામપૂર્વક સૂતી હતી કે કેમ તે પૂછવા તથા સવારે આ વિષે કાંઈક પૂછવાના બહાનાં હેઠળ, તેણે ઓરડીમાં જવું જોઈએ; પણ તેણે પોતાના મનને એમ મનાવ્યું કે તે પોતે તેવી વાતનો જરા પણ વિચાર કરતો ન હતો અને પછી બહાર શેરીમાં ચાલ્યો ગયો.

તે, તેને મન તદ્દન નવી જ એવી એક પ્રકારની સુસ્ત પણ સ્પષ્ટ ઉત્સુક્તાથી, દરેક વસ્તુને ખાસ અવલોકનપૂર્વક નિહાળતો, રસ્તે ચાલવા લાગ્યો અને દરેક વસ્તુ તેની સમક્ષ એટલી સ્પષ્ટતાથી રજૂ થતી હતી કે જાણે તે પોતે પોતાની આંગળીઓ અડકાડી અનુભવ કરતો ન હોય . . . એવામાં ત્યાં થઈને એક ખેડૂતની સ્ત્રી નીકળી. તેને ખભે એક લાંબી લાકડી હતી. આ સ્ત્રી આધેડ વયની હોઈ તેની ભમરો તથા ચહેરા પર કરચલીઓ વળેલી હતી; પણ તેના ગાલ ભરાવદાર હતા અને તે પર આરોગ્યની લાલી ચમકતી હતી; વળી તેના ખભા પર લાદેલા ભારને લીધે અને તેની મદભરી ચાલને લીધે તેના મોટા નિતંબ તાલબદ્ધ આમથી તેમ હાલતા હતા અને તેના સાગરની લહેરો જેવા હલનચલનમાં એક પ્રકારનું વાસનામય પરંતુ મોહક સૌંદર્ય તરી આવતું હતું.

"એક તોફાની નાઝનીન, અને તેણે પણ જીવનના અનેક રંગો નિહાળ્યા હશે." લિખોનીનને વિચાર આવ્યો અને અણધારી અને ઓચિંતી તેને આ સ્ત્રી મેળવવાની કોઈ અગમ્ય ઇચ્છા થઈ આવી. આ ઇચ્છા, રસ્તા પર ઘણો વખત થયાં પડેલા, જીવડાંઓએ કોતરી ખાધેલા પણ દૂરથી આકર્ષક લાગતા કોઈ એક સફરજન મેળવવા માટે થતી મલીન ઇચ્છા જેવી હતી.

તેવામાં તેની આગળ થઈને એક શ્યામ રંગની શબવાહિની ગાડી પસાર થઈ. ગાડીને આગળ ને પાછળ એમ બે ઘોડાઓ જોડેલા હતા. તે પર મશાલોવાળા અને કબર ખોદનારા સવારથી જ નશામાં

ચકચૂર, રાતાં અને ઘૃણાસ્પદ મુખવાળા, માથા પર મોટી ટોપીઓ પહેરી, અવ્યવસ્થિત રીતે, તેમના વ્યાવસાયિક પોશાકોમાં સજ્જ થઈ બેઠેલા જોવામાં આવતા હતા. તેઓ ઘોઘરા કર્કશ સ્વરે, તાલ કે સ્વરની પરવા કર્યા વગર, કોઈ ઢંગધડા વગરનું ગીત ગાતા હતા. "તેઓ કાં તો કોઈનું મુડદું ઉપાડી જવા જતા હશે, યા તો એ કાર્ય પતાવીને પાછા ફરતા હશે." લિખોનીનને વિચાર આવ્યો. "આનંદી જીવાત્માઓ! . . ." મોટે રસ્તે આવતાં તે અટક્યો અને લીલા રંગે રંગેલા એક બાંકડા પર બેઠો. ચેસ્ટનટનાં ઊંચાં ઝાડોની બે લાંબી હાર દૂર દૂર જતી હતી અને આગળ જતાં એક થઈ જતી જણાતી હતી. ઝાડ ઉપર ફળ લટકતા હતાં. લિખોનીનને ઓચિંતું યાદ આવ્યું કે ગઈ વસંતઋતુની શરૂઆત વખતે પણ તે આ જ સ્થળે અને આ જ રીતે બેઠો હતો. તે સમયે સંધ્યા, કોઈ એક શ્રમિત કુમારિકા, સ્મિતસહ નિદ્રાને સ્વાધીન થવા તૈયાર થતી હોય, તેવી જણાતી હતી. તે સમયે, નીચે ઘટાદાર અને ઉપર આછાં થઈ જતાં પાંદડાંવાળાં અને મહોરથી ભરચક ચેસ્ટનટનાં ઝાડ પૂર્ણ રીતે ખીલી ઊંચે આકાશને મળવા જતાં હોય તેવાં ભાસતાં હતાં; અને લિખોનીનને ઓચિંતો એક વિલક્ષણ વિચાર આવ્યો— દરેક મનુષ્ય વહેલો કે મોડો આવી ઊંડી ગહન વિચારભૂમિમાં જઈ પહોંચે છે—કે આ ફળ જે હવે પાકી જવાની તૈયારીમાં છે, તે તે સમયે તો માત્ર મહોર જ હતું અને આવી તો કેટલીય વસંત ઋતુઓ અને કેટલાય મહોરો આવશે, પણ જે વસંતઋતુને એક વખત મહોર આવી ચૂક્યાં, તેને પુનઃ પાછાં લાવે તેવી શક્તિ જગતમાં કોઈ ધરાવતું ન હતું. આ ગાઢ વનરાજી પ્રતિ નિરાશામય દૃષ્ટિથી નિહાળતાં નિહાળતાં ઓચિંતા તેને જણાયું કે લાગણીથી ભરપૂર આંસુઓ તેના નયનોને ચમકાવી રહ્યાં હતાં.

તે ઊઠ્યો અને જાણે કે ઈશ્વરે સર્જેલા જગતને પહેલી જ વાર નિહાળતો હોય, તેમ બારીકીથી પણ શાંત રીતે અવલોકન કરતો

તે આગળ ચાલવા લાગ્યો. તેની આગળ થઈને સલાટોની એક ટુકડી નીકળી અને જેમ કેમેરાના લેન્સ પર સાંગોપાંગ દૃશ્ય ઝડપાઈ જાય તેમ તેના અંતરપટ પર આ સલાટોની આકૃતિઓ આબેહૂબ રીતે જડાઈ ગઈ. રાતી દાઢીવાળો અને મોટાં નીલવર્ણાં નયનોવાળો, સલાટોનો આગેવાન મોખરે ચાલતો હતો. તેની બાજુમાં જ, સૂજેલી ડાબી આંખ અને મોઢેથી ગાલ તથા નાકથી ભમર સુધીના બે લીસોટાવાળો એક ભીમકાય યુવાન ચાલતો હતો. બીજી બાજુએ નવા નિશાળિયા જેવો લાગતો એક ગામડિયો સલાટ ચાલતો હતો. તેમની પાછળ મોડા પડવાથી, બકરા જેવી હાસ્યાસ્પદ ચાલે દોડતો એક વૃદ્ધ સલાટ હતો. તેમનાં બધાયનાં કપડાં ચૂનાથી રંગાયલાં હતાં; અને આ રંગબેરંગી શંભુમેળા જેવા પણ મૃત સિનેમેટોગ્રાફિક ફિલમ જેવું લાગતું દૃશ્ય, એક સુસ્ત જીવનવિહીન ટોળી જેમ, તેની આગળ થઈને પસાર થઈ ગયું.

તેને ન્યુ ક્રીશેનેસ્કી બજાર આગળ થઈ પસાર થવાનું હતું. ત્યાં તેના નાકમાં એવી એક વાસ દાખલ થઈ ગઈ કે તેના નસકોરાંને છીંક ખાવાની ફરજ પડી. લિખોનીનને હવે યાદ આવ્યું કે કાલ બપોર પછી તેણે કાંઈ ખાધું ન હતું, એટલે હવે તેને ભૂખ લાગી. તે જમણી બાજુએ બજારના મધ્ય ભાગ તરફ વળ્યો.

તેના ભૂખમરાના દિવસોમાં—અને આવા અનુભવ તેને અનેક વખત કરવા પડયા હતા—તે અહીં આવતો અને મહામુશ્કેલીએ મેળવેલા ચાર પૈસામાં તે પોતાનું પેટ ભરતો. મોટે ભાગે આવું શિયાળામાં જ બનતું. વેચનારી બાઈ ખૂબ કપડાં પહેરી ટાઢથી થીજી ન જવાય તે માટે એક સગડી આગળ બેસતી. તેની આગળ તાવડીમાં લસણથી ભરપૂર પકોડાઓ જોવામાં આવતા. આ પકોડાની કિંમત દસ કોપેક પડતી અને એક રોટલાના બે કોપેક પડતા.

આજે બજારમાં ઘણા માણસો જોવામાં આવતા હતા. લિખોનીન કોણીથી માર્ગ કરતો પોતાની પ્રિય દુકાન તરફ આગળ

વધતો હતો, તેવામાં તેને કાને સંગીતનો ધ્વનિ આવ્યો. ટોળામાંથી માર્ગ કરી દુકાન પાસે જતાં તેણે જે એક વિલક્ષણ અને સુંદર દશ્ય જોયું, તેવા પ્રકારનું દશ્ય માત્ર ભાગ્યશાળી દક્ષિણ રશિયામાં જ જોવામાં આવે છે. દસ કે પંદર વેચનારીઓ એકઠી થતાં સામાન્ય રીતે તેઓ પારકા લોકોની ચાડીચુગલી કરવામાં પોતાનો સમય ગુમાવતી, પણ આજે તો આ વેચનારીઓ કાલ સાંજની તોફાને ચડી હતી અને તેથી આખું બજાર તેમને સાંભળવા એકઠું થયું હતું. બે વાજિંત્રવાળા ને એક ઢોલકવાળો કંઈક કંટાળાભર્યા પણ મસ્ત સ્વરને જુદી જુદી રાગરાગિણીથી વગાડતા હતા. નજીકમાં બૈરીઓ વોડકા દારૂના ગ્લાસ પર ગ્લાસ ઉડાવ્યે જતી હતી, બાજુમાં જ પુરુષો ટેબલ ઉપર બેસી વોડકા ઉડાવતા હતા; જ્યારે બાકીના તાળીઓ વગાડતા અને વચ્ચે વચ્ચે નાચતા અને કૂદતા હતા. એ કૂંડાળાની મધ્યમાં પગથી પર એક પિસ્તાળીસ વર્ષની પણ ખૂબસૂરત, મસ્ત રાતા હોઠ અને કાળી કાળી મારકણી ભમરોમાંથી ચળકાટ મારતાં મદભર નયનો-વાળી સ્ત્રી નૃત્ય કરતી હતી. તેના નૃત્યમાં માત્ર એક જ ખૂબી હતી કે તે એક વાર મસ્તક નમાવી તીરછી નજરે કટાક્ષમય દૃષ્ટિથી જોતી અને પછી ટટાર થઈ હાથ પહોળા કરી ઊભી રહેતી. આ દરમ્યાન નૃત્ય ચાલુ રહેવાને લીધે તેનાં મોટાં સ્તન અને નિતંબ આમથી તેમ ઊછળતા. નૃત્ય દરમ્યાન તે પગના થડકારા સાથે એક લોક-ગીત ગાતી હતી.

આ ગાનારી લિખોનીનની એક જૂની ઓળખીતી દુકાનવાળી હતી. લિખોનીન પોતાના ઘણા ખરાબ સમયમાં તેનો ગ્રાહક હતો, એટલું જ નહિ પણ આ વેચનારીએ કેટલીય વાર તેને ઉધાર માલ પણ આપ્યો હતો. તેણે લિખોનીનને જોતાંવેંત જ ઓળખી કાઢ્યો અને તરત જ કૂદકો મારી તેની પાસે પહોંચી તેને આલિંગન કર્યું, છાતી સરસો દાબ્યો અને તેને ચુંબનોથી નવરાવી નાંખ્યો. પછી બે હાથ ભેગા કરી મીઠા અવાજે કહેવા લાગી:

"મારા નાના શેઠ, મારા વહાલા, મારા જેવી એક પીધેલ પત્નીને માફ કરજો. વાહ ! આજે તો હું ખૂબ આનંદમાં છું !" અને વળી પાછી તેના હાથને ચુંબન કરવા આગળ વધી. "પણ મને ખાત્રી છે કે તમે બીજા લોકો જેવા અભિમાની નથી. લાવો, તમારો હાથ મને આપો, વહાલા ? કેમ વળી, મારે હાથ ચૂમવો છે ! ના, ના, લાવો . . . લાવો . . . "

"કેવી નકામી વાત કરો છો, બાઈ ?" લિખોનીને જરા સચેત થતાં ઓચિંતા જવાબ આપ્યો. "હમણાં કર્યું હતું તેવું ચુંબન કરો, કારણકે તમારા હોઠ બહુ મિઠા છે."

"આહ, મારા પ્રિયતમ ! મારા નાના સૂર્ય, મારા મીઠા દાડમ ! તો લાવો તમારા હોઠ, આગળ ધરો. મને ત્યાં ચુંબન કરવા દો." બાઈએ જવાબ આપ્યો.

અને પુનઃ તેને આલિંગન આપતાં પોતાની વિશાળ છાતીમાં લિખોનીનને સમાવી દઈ તેના હોઠ ઉપર ચુંબનોનો વરસાદ વરસાવ્યો. પછી તેની બાંય પકડી વચલા કૂંડાળામાં લાવી અને વાંકી વળી ગાતી ગાતી તેની આજુબાજુ ઘૂમવા લાગી.

લિખોનીન હવે પૂર્ણ ઉત્સાહમાં આવી ગયો હતો, તેથી તેણે પણ ગ્રહની આસપાસ તારા ફરે તેમ નાચવા માંડયું. લોકોએ તેને તાળીઓથી વધાવી લીધો. પછી તેને ટેબલ પર બેસાડયો અને તેની આગળ વોડકા અને નાસ્તો રજૂ કરવામાં આવ્યાં. તેણે પણ પોતાના એક ઓળખીતાને બીર લેવા મોકલ્યો અને પછી પોતાના એક હાથમાં કાચના ગ્લાસને ધરી તેણે મૂર્ખતાભર્યાં ત્રણ ભાષણો આપ્યાં. તેમાંનું એક ભાષણ યુક્રેનના સ્વાતંત્ર્યને લગતું; બીજું હતું રશિયન સ્ત્રીઓને અંગે રશિયન ખોરાકમાં આવતી સુંદરતા વિષેનું; અને ત્રીજું હતું દક્ષિણ રશિયાના વ્યાપાર અને વાણિજ્ય વિષેનું. તેની

બાજુમાં જ પેલી વેચનારી બેઠી હતી અને તેથી આ ભાષણ દરમ્યાન તે તેને પોતાની પાસે ખેંચવા પ્રયત્ન કરતો હતો અને એ સ્ત્રીને પણ આ વાત મનગમતી હોવાથી તે આનો વિરોધ કરતી ન હતી; પણ લિખોનીનના વિશાળ હાથોમાં પણ એ બાઈની કમર સમાતી ન હતી. એવામાં તેણે ટેબલ નીચે લિખોનીનનો હાથ એટલા જોરથી પકડી દબાવ્યો કે તે પર લોહીની ટશરો ફૂટી આવી.

આ દરમ્યાન વેચનારીઓ જે એક બીજાને ચુંબનો કરતી હતી, તેમનામાં કેટલાક જૂના વિરોધો પ્રગટી નીકળ્યા અને તે બધી વઢવાડ કરવા લાગી. તેમાંની બે જણીઓ હાથને લાંબા કરી, જાણે હમણાં જ અખાડામાં કુસ્તી કરવા ઊતરવાની હોય તેમ એક બીજાને ગાળો દેવા મંડી પડી:

" રાંડ, કૂતરી, તું મને ચુંબન કરવા માટે સાવ નાલાયક છે!" એક જણી બરાડી ઊઠી.

બીજીએ પણ તેને તેવા જ સ્વરે જવાબ આપ્યો: "બેસ, બેસ, રાંડ જુઠ્ઠી! તારા ઉપર તો થૂંકવાય કોણ તૈયાર છે!"

લિખોનીને આ ધન્ય પળનો સદુપયોગ કર્યો. જાણે તેને હમણાં જ કાંઈક યાદ આવ્યું હોય તેમ તે ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો: "બાઈ, થોડી વાર અહીં જ રહેજો. હું હમણાં જ થોડી વારમાં પાછો ફરીશ." અને તે કૂંડાળા બહાર નીકળી ગયો.

"અરે શેઠ! ઓ શેઠ!" તેના એક પડોશીએ તેને જતો જોઈ બૂમો પાડવા માંડી. "પાછા વહેલા આવજો. મારે તમને કાંઈક કહેવાનું છે!"

થોડે આગળ ગયા પછી, લિખોનીન યાદ કરવા લાગ્યો કે, તેને હમણાં શું કરવાનું હતું; અને પુનઃ તેના અંતરના ઊંડાણમાંથી તેને યાદ તો આવ્યું કે પોતાને શું કરવાનું હતું અને છતાંય જાણે

કે આ કાર્ય જેટલું દૂર ધકેલાય તેટલું સારું, તેમ તેણે પોતાના મનને મનાવ્યું. સવારના નવ કે દસનો સમય થયો હતો. સુધરાઈવાળા રસ્તા પર પાણી છાંટતા હતા. ચોકમાં અને રસ્તાઓની પગથી પર જાતજાતનાં પુષ્પો વગેરે લઈ માલણો બેઠી હતી. ટૂંકમાં શહેરમાં એક નવા જ પ્રકારનું ઉલ્લાસમય જીવન પ્રગટ થતું જણાતું હતું. દરેક જાતના કૂતરાઓને ભરીને એક ગાડું સડક પરથી જતું હતું. ગાડાને મોખરે પોતાનું સવારનું કાર્ય કરી કૂતરા પકડનારાઓ બે જણા બેઠેલા હતા.

"હવે તો એ જાગી હશે," લિખોનીનના અંતર્ગત વિચારે નિર્ણય કર્યો. "પણ જો એ નહિ જાગી હોય તો હું પાસેના સોફા પર થોડી વાર સૂઈ જઈશ."

ચાલીમાં ધાસલેટની વાસ મારતો દીવો આછો પ્રકાશ આપવા પ્રયત્ન કરી રહ્યો હતો અને ઉપરનાં જાળિયામાંથી સૂર્યનો પણ આછો પ્રકાશ અંદર આવવા મહેનત કરી રહ્યો હતો. ઓરડીનું બારણું અંદરથી બંધ ન હતું. લિખોનીને જરાય અવાજ કર્યા વગર તે ઉઘાડયું અને પોતે અંદર દાખલ થયો.

બારીઓ અને પડદાઓની વચ્ચે થઈને આછો પ્રકાશ ઓરડીમાં આવતો હતો. લિખોનીન ઓરડીના મધ્યભાગમાં જઈ ઊભો રહ્યો અને ઊંઘતી લ્યુબકાના શ્વાસોચ્છવાસને સાંભળવા લાગ્યો. તેના હોઠ એટલા બધા ગરમ અને સૂકા થઈ ગયા હતા કે તેને વારંવાર તે જીભ વડે ચાટવા પડતા હતા. તેનાં ઘૂંટણો ધ્રૂજતાં હતાં.

"તેને પૂછ કે તારે કાંઈ જોઈએ છીએ?" તેના અંતરમાંથી અવાજ આવ્યો.

જોરથી શ્વાસોચ્છવાસ લેતાં, ઉઘાડા મુખે, ધ્રૂજતા પગે, એક નશાબાજ મનુષ્યની જેમ તે લ્યુબકાની પથારી નજદીક ગયો.

લ્યુબકા ચતી પડી ઊંઘતી હતી. તેનો એક હાથ લટકતો હતો

અને બીજો હાથ છાતી પર પડેલો હતો. લિખોનીન વાંકો વળી ઠેઠ તેના મુખ નજીક પોતાના મુખને લઈ ગયો. તે ઊંઘમાં નિયમિત અને ઊંડા શ્વાસ લેતી હતી. નિદ્રાધીન હોવા છતાં તેના યુવાન નીરોગી શરીરમાંથી નીકળતા શ્વાસોચ્છ્વાસમાંથી એક પ્રકારની સ્વચ્છ અને સુગંધીમય વાસ આવતી હતી. તેણે સંભાળપૂર્વક પોતાના હાથનાં આંગળાં તેના ખુલ્લા હાથ પર અને તેની છાતી પર ફેરવ્યાં. "આ હું શું કરું છું?" તેની સમજશક્તિએ ગભરાઈને પ્રશ્ન કર્યો; પણ જાણે કે તરત જ કોઈક બીજાએ લિખોનીન વતી જવાબ આપતાં જણાવ્યું: "પણ હું તો કાંઈ કરતો નથી. હું તો માત્ર તેને એટલું જ પૂછવા માગતો હતો કે તેને પૂરતો આરામ છે કે નહિ અને તેને ચા પીવી છે કે નહિ?"

એવામાં ઓચિંતી લ્યુબકા જાગી. તેણે આંખો ઉઘાડી, પુનઃ મીંચી ને ઉઘાડી.

તેણે આળસ ખાધી ને પછી બાલિશ સ્મિત સાથે લિખોનીનના ગળામાં પોતાના હાથ ભેરવ્યા:

"પ્રિયતમ, વહાલા!" ઊંઘને લીધે જરાક કર્કશ લાગતા પણ પ્રેમાળ સ્વરે લ્યુબકાએ જણાવ્યું. "મેં તો તમારી કેટલી બધી રાહ જોઈ! છેવટે હું તો તમારા પર ક્રોધે પણ ભરાઈ હતી; અને એમાં જ હું તો ઊંઘી ગઈ અને આખી રાત ઊંઘમાં તમારાં જ સ્વપ્નાં જોયાં કર્યાં. આવ, આવ, પ્રિયતમ, મને તારામાં સમાવી દે!" એમ બોલી તેણે લિખોનીનને ખેંચી પોતાની છાતી સરસો દબાવ્યો.

લિખોનીને લગભગ વગર વિરોધે આમ થવા દીધું. પછી તે જાણે ધ્રૂજતો હોય તેમ જરા થરડાતા સ્વરે બોલ્યો.

"ના, ના, લ્યુબકા, નહિ . . . એમ ન કર, લ્યુબકા . . . એ વાત ન કરીશ, લ્યુબકા . . . મને ન સતાવ, મને મારી જાતનો ભરોસો નથી . . . પ્રભુ ખાતર મને છોડી દે, લ્યુબકા!"

"ચાલો, ચાલો હવે !" હયુબકાએ ખૂબ ગેલમાં આવી જઈ હસતાં હસતાં જવાબ આપ્યો. "આવો, આવો, મારા જીવના ..." અને તેણે તેને પુનઃ પોતાની છાતી સરસો દબાવી, તેના હોઠથી હોઠ મિલાવી, તેના જીવનનું કદાચ પહેલું અને છેલ્લું એવું મિઠું તેને ભાવભર્યું ચુંબન કર્યું.

"દુષ્ટ ! તું શું કરે છે ?" લિખોનીનના અંતરમાં વસી રહેલ કોઈ પ્રમાણિક ગર્વિષ્ઠ અને અસત્ય સ્વરૂપધારી વ્યક્તિએ કહ્યું.

"કેમ હવે ? હવે તો વાંધો નથી ને ?" હયુબકાએ પ્રેમભર્યા અવાજે લિખોનીનના હોઠને છેલ્લું ચુંબન લેતા પૂછ્યું. "મારા પ્યારા વિદ્યાર્થી ..."

[૧૨]

આત્મામાં વ્યથા અને પોતાના તથા હયુકબા પ્રત્યે—અરે, સારાય જગત પ્રત્યે ઘૃણા અને તિરસ્કારસહ, કપડાં કાઢ્યા વિના જ લિખોનીન, તેના જર્જરિત સોફા પર જઈને પડયો. તેને પોતાના આ કર્તવ્યથી એટલી બધી શરમ આવતી હતી કે તે દાંત કચકચાવતો હતો. નિદ્રા દૂર નાસી ગઈ હતી અને તેના વિચારો તેના આ મૂર્ખ કર્તવ્ય—હયુબકાને ઉપાડી લાવવાના કાર્યને જેને તે હવે આ જ રીતે પિછાણતો હતો—તેની આસપાસ ભમવા લાગ્યા કે જેમાં એક કરુણાંત નાટકની અંદર એક ઘૃણાત્મક નાટક પણ ભજવાઈ રહ્યું હતું. તે સ્વગત વિચારતો હતોઃ "બધુંય એનું એ ! હું કોલ આપી ચૂકયો છું એટલે હવે છૂટકો નથી ! અને, અલબત્ત, આજે જે બન્યું, તેની પુનરાવૃત્તિ તો હવે કદાપિ નહિ જ થાય ! અરે પ્રભુ, ક્ષણિક પ્રલોભનને વશ થઈ, જગતમાં કોણ જખ નથી મારતું ! કોઈ એક ફિલસૂફે સાચુંજ કહ્યું છે કે વ્યક્તિના આત્માની કિંમત, તેના અધઃપતનના

ઊંડાણુ અને તેના ઉડ્ડયનની ઊંચાઈથી જ આંકી શકાય છે! પણ આજના આ બેજવાબદાર કર્તવ્ય માટે તો સારોય મૂર્ખાઈભર્યો દિવસ, પેલા નાલાયક અખબારનવેશ પ્લેટોનોવની દલીલો અને પોતાની વીરતાની લાગણી, એ જ હતાં. સત્યતઃ તો જાણે કે કંઈ બન્યું જ ન હતું; પરંતુ પેલા કંટાળાભર્યા લેખક શેર્નીશેસ્કીની નવલકથા 'કરવું શું?'માંથી એકાદ પ્રકરણ જ જાણે ભજવાઈ રહ્યું હતું! અને . . . અને, કાલે હું તેના તરફ કયા મોંએ જોઈ શકીશ?"

તેના શરીરમાં અસહ્ય વેદના થઈ રહી હતી. પોપચાં દુઃખનાં માર્યાં બિડાઈ જતાં હતાં. હોઠ સુકાઈ ગયા હતા. તેણે એક પછી એક સિગારેટોનો ધાણુ વાળવા માંડ્યો હતો અને વારે વારે સોફા પરથી ઊઠી પાસે પડેલો કુંજો મોઢે માંડી ગળાનો શોષ છિપાવવા માંડ્યો હતો. પછી ઓચિંતા કોઈ આકસ્મિક મનોબળના પરિણામે તે ગત રાત્રીના વિચારોને આઘા હડસેલી શક્યો અને તરત જ શાંત, ગાઢ અને સ્વપ્નવિહીન નિદ્રામાં પડ્યો.

તે ઊઠ્યો ત્યારે બપોરના બે કે ત્રણ વાગ્યા હતા. પ્રથમ તો તેને કાંઈ સૂઝ્યું જ નહિ. તે શૂન્યમનસ્ક બની થોડી વાર બેસી રહ્યો. પછી હોઠ પર જીભ ફેરવતાં, ભારે આંખો વડે તેણે ઓરડીમાં ચારે તરફ નજર ફેરવી. રાતના જે કાંઈ બન્યું હતું તે તેની સ્મૃતિમાંથી નાશ પામ્યું જણાતું હતું; પણ જ્યારે તેણે, ચુપચાપ પથારી પર પડી રહેલી લ્યુબકાને જોઈ, ત્યારે મૂંઝવણ અને ગુસ્સાને લીધે તેનું ગળું ભરાઈ આવ્યું અને હવે પુનઃ તેની સ્મૃતિએ પૂર્ણ સ્વરૂપે દેખા દીધી. તે જ પળે તેણે જોયું, કે આગલી રાતની ભૂલો, પોતાની જ આંખોએ સવારે જોતાં કેટલી ભયાનક જણાતી હતી?

"કેમ, ઊંઘી ઊઠ્યા, પ્રિયતમ?" લ્યુબકાએ પ્રેમાળ સ્વરે પૂછ્યું.

તે પથારીમાંથી ઊભી થઈ અને સોફા નજીક જઈ લિખોનીનના કામળો ઢાંકેલા પગ નજીક બેસી તે પંપાળવા લાગી અને બોલીઃ

"અરે, હું તો ક્યારનીય ઊઠી છું; પરંતુ હું તો ચુપચાપ બેસી રહી હતી, કારણકે તમને ઊંઘમાંથી ઉઠાડતાં મને બીક લાગતી હતી. તમે ભર ઊંઘમાં પડ્યા હતા."

આમ બોલી તે જરા આગળ વધી અને તેણે લિખોનીનના ગાલે ચુંબન કર્યું. લિખોનીને મોં જરા કટાણું કર્યું અને તેને આઘી ખસેડી મૂકી.

"થોભ, લ્યુબકા, થોભ! એની કાંઈ જરૂર નથી. સમજી, હવેથી તેમ કરવાની બિલકુલ જરૂર નથી. કાલે જે કાંઈ બન્યું તે માત્ર અકસ્માત જ હતો. એમ જ માનજે કે મારી નિર્બળતાનું એ પરિણામ હતું, અથવા તો એને ક્ષણિક નીચતા ગણી લેજે; પણ હું ઈશ્વરના સોગંદ ખાઈને જણાવું છું કે તને મારી પ્રિયતમા બનાવવાનું તો મારી કલ્પનામાં પણ ન હતું. તને તો હું મારી મિત્ર, મારી બહેન, મારી સખીરૂપે જોવા ઇચ્છું છું એટલે હવે એ વાતને બહુ મહત્ત્વ આપવાની જરૂર નથી. એ તો વખત વીતતાં એની મેળે બધું ઠીકઠાક થઈ જશે. માત્ર માણસે હિંમત રાખવી જોઈએ; અને હવે જરા પીઠ ફેરવી બારી આગળ જઈને ઊભી રહે . . . મારે મારાં કપડાં ઠીક કરવાં છે."

લ્યુબકાને આ સાંભળી ખોટું લાગ્યું હોય તેમ તેણે જરા હોઠ લાંબા કર્યા અને પીઠ ફેરવી બારી આગળ જઈ ઊભી. તેનું સરળ અને નિર્દોષ માનસ આ મિત્રતા, ભ્રાતૃત્વ અને સખાભાવની વાતોને સમજી શક્યું ન હતું. એક વિદ્યાર્થી—કોઈ સામાન્ય માણસ નહિ—પણ એક વિદ્યાર્થી, એક કેળવણી પામેલો માણસ, જે ભવિષ્યમાં ડૉક્ટર, વકીલ કે ન્યાયાધીશ થઈ શકે તેમ હતો, તેણે તેનો ભાર ઉપાડી લીધો હતો, તે વિચારે જ તેના કલ્પના—જગતમાં આંદોલન મચાવ્યું હતું. . . અને આ તો હવે પોતાની ઇચ્છા પૂરી થતાં તેને પાછી ધકેલી દેવાની વાતો કરતો હતો! પુરુષો . . . બધાય એક જ બીબામાં ઘડાયલા હોય છે।

લિખોનીન ઝડપથી ઊભો થયો અને મોં ધોઈ એક જૂના નેપકીન વડે તે લૂછવા લાગ્યો. પછી તેણે બન્ને બારીઓના પડદા ઊંચા ચઢાવ્યા. બપોરનો સોનેરી તડકો, નીલવર્ણું ગગન, શહેરનો ગડગડાટ, વૃક્ષોના પાંદડાંઓના ઢગલા, ઘોડાની ટ્રામગાડીઓની ઘંટડીઓના અવાજો, ગરમીની સુક્કી સુવાસ, ગંદી શેરી, આ બધાં એક સામટાં લિખોનીનની નાની શી ઓરડીમાં પોતાનો પ્રભાવ દેખાડવા લાગ્યાં. લિખોનીન લ્યુબકા નજીક ગયો અને મૃદુતાથી તેના ખભા પર તેણે હાથ મૂકયો.

"હવે બહુ વિચાર ન કરીશ . . . થયું ન થયું થવાનું નથી, પણ ભવિષ્ય માટે એ ઉપરથી ધડો લેવાનો છે. અરે, તેં હજી ચા પણ નથી પીધી, નહિ ?"

"ના, અત્યાર સુધી હું તમારી રાહ જોતી બેસી રહી હતી. ઉપરાંત, કોની પાસે ચા માંગવી તે પણ હું જાણતી નહોતી, અને તમેય ઠીક છો ! તમે તમારા મિત્ર સાથે બહાર ગયા પછી બારણા નજીક આવી થોડી વાર ઊભા રહ્યા હતા એ મને ખબર છે, પણ તમે મને સાહેબજી પણ ન કર્યા, કેમ ખરું ને ?"

"ગૃહજીવનનો પહેલો ઝઘડો !" લિખોનીને વિચાર કર્યો. આ વખતે આ વિચારમાં તિરસ્કાર ન હતો, પણ માત્ર રમૂજ હતી.

મુખપ્રક્ષાલન, ભૂરું આકાશ, કંઈક દુઃખદ પણ સરળ એવો લ્યુબકાનો ચહેરો, ઉપરાંત ગમે તેમ પણ તે પુરુષ હતો અને તેણે રાંધેલા નાસ્તા માટે તે નહિ પણ પોતે જવાબદાર હતો, એ બધા વિચારોએ ચેતન આણ્યું હતું અને તેણે હવે યોગ્ય રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હતો. તેણે બારણું ઉઘાડયું અને જોરથી બૂમ પાડી કહ્યું:

"એલેક્ઝાન્ડ્રા...! ચા ! બે કેક ! માખણ ને નાસ્તો ! અને વોડકાની એક નાની બોટલ . . ."

બહાર ચાલીમાંથી ચંપલોનો અવાજ આવ્યો અને દૂરથી કોઈ

વૃદ્ધ વ્યક્તિનો કર્કશ સ્વર સંભળાયોઃ "શેનો રાડો નાંખે છે? હેં અલ્યા, બૂમો શાની પાડે છે! હો, હો, હો! જાણે તબેલામાં ઘોડો હણહણ્યો! હવે તું કાંઈ નાનો કીકો નથી, સમજ્યો! હવે તો તું મોટો થયો, છતાંય રસ્તા પર ભટકતા છોકરાની જેમ બરાડા શેના પાડે છે? બોલ, શું જોઈએ છીએ?"

અને આ શબ્દો પૂર્ણ થતાં જ એક વૃદ્ધા એ ઓરડીમાં દાખલ થઈ. આ વૃદ્ધા તે જ એલેક્ઝાન્ડ્રા—વિદ્યાર્થીઓમાં ધીરધાર કરતી તથા સંકટ સમયે આશ્વાસન આપતી એક મિત્ર અને અહીંની ચાકરડી હતી. તેની ઉમ્મર પાંસઠ વર્ષની હતી અને તેને દલીલો કરવાની અને વાંધા પાડવાની ખૂબ ટેવ હતી.

લિખોનીને પુનઃ પોતાને જોઈતી વસ્તુઓની ટીપ કહી સંભળાવી અને તેના હાથમાં એક રૂબલની નોટ મૂકી, પણ આ મળતાં તે વૃદ્ધા બહાર જવાને બદલે, પ્રકાશ તરફ પીઠ ફેરવી બેઠેલી છોકરી તરફ, દાંત વગરનું મોઢું વાગોળતાં વાગોળતાં અને નાક લૂછતાં લૂછતાં જોઈ રહી.

"કેમ, એલેક્ઝાન્ડ્રા, બબૂચકની માફક શું જોઈ રહી છું?" લિખોનીને હસતાં હસતાં પૂછ્યું. "કેમ, સૌંદર્ય જોઈ સ્તબ્ધ બની ગઈ છું? સાંભળ, આ મારી એક સગી છે. . . . નજીકની સગી એટલે કે લ્યુબોવ . . ." તે પળ વાર અચકાયો, પણ તરત જ સ્વસ્થતા મેળવી કહેવા લાગ્યોઃ "હું તો તેને માત્ર લ્યુબકાના નામે જ બોલાવું છું. હું તો તેને આવડી હતી ત્યારની ઓળખું છું." કહી લિખોનીને હાથ વતી બતાવ્યુંઃ "હું ત્યારે કાન આમળી પતંગિયાં પકડી આણતો . . . પણ હવે જા, હવે . . . અને જલદીથી નાસ્તો અને ચા લઈ આવ."

પણ વૃદ્ધા એકદમ ન ગઈ. તેણે માત્ર દરવાજા તરફ શરીર ફેરવ્યું અને મોં ફેરવી તિરસ્કારપૂર્ણ નયનો વડે લ્યુબકાને જોવા લાગી અને ધીમે સ્વરે ગણગણવા લાગીઃ

"નજીકની સગી! એ બધી સગીઓ કોણ હોય છે, તે અમે જાણીએ છીએ! ત્યાં કારટાનોભ્યા શેરીમાં એવી કેટલીય રખડતી હોય છે અને આ કૂતરાઓ પણ કોણ જાણે ધરાતા જ નથી."

"લે હવે ડચરી, જાય છે કે નહિ?" લિખોનીને જોરથી બૂમ પાડી કહ્યું. "નહિ તો પેલા ટ્રીઆસોવની માફક ચોવીસ કલાક રસોડામાં જ પૂરી રાખીશ."

એલેક્ઝાન્ડ્રા ચાલી ગઈ અને ઘણી વાર સુધી તેની ચંપલો અને તેના ખોખરા સ્વરમાંથી આવતો ગણગણાટ બહાર ચાલીમાં સંભળાયા કર્યો. અલબત્ત, તેના પ્રેમાળ સ્વભાવ મુજબ વિદ્યાર્થીઓના અમુક દોષ જેવા કે, નશાબાજી, પાનાં રમવાં, ઘોંઘાટ, જોરથી ગાવું, વગેરે માટે તે માફી આપી શકતી હતી, કારણકે તેઓના જ સહવાસમાં તેણે લગભગ ચાળીસ વર્ષ વિતાવ્યાં હતાં; પણ અફસોસ! તે હજી કુમારિકા હતી અને પરિણામે તેનો સંયમી આત્મા માત્ર એક જ દોષની માફી આપી શકતો ન હતો અને તે દોષ હતો વ્યભિચાર!

[૧૩]

"વાહ સરસ . . . અતિ ઉત્તમ!" લિખોનીન ભાંગેલા ટેબલની આજુબાજુ ભમતો અને વગર કારણે વસ્તુઓને અહીંથી તહીં ફેરવતો બોલતો હતો: "ઘણા લાંબા સમયથી, એકાંતવાસ ભોગવતા જોગીની જેમ, ગૃહજીવનના શાંત જીવનનો જેમાં લહાવો મળે અને શિષ્ટ ખ્રિસ્તી રીત મુજબ, જેમ ચા પિવાવી જોઈએ, તેમ ક્યારેય મેં ચા પીધી નથી. બેસ, લ્યુબકા બેસ, બહેન, અહીં આ સોફા પર બેસ અને ગૃહવ્યવસ્થાનો કારભાર ઉપાડી લે. સવારમાં તું તો વોડકા

નહિ પીતી હોય, પણ હું તારી રજાથી થોડોક લઈશ... સવારમાં તે થોડોક લેવાથી બદનમાં સ્ફૂર્તિ આવે છે. મારા પ્યાલામાં જરા લીંબુ નાંખી કડક બનાવજે. હસમુખ સુંદરીના નાજુક કરકમળોએ તૈયાર કરેલા ગરમ ચાના પ્યાલાની મીઠાશ તો જગતમાં બીજે ક્યાંય મળવી મુશ્કેલ હોય છે."

લ્યુબકા ચુપચાપ આ બકવાટને સાંભળી રહી. ઓરડીના શાંત વાતાવરણમાં આ વાતચીત ઘોંઘાટસમ ભાસતી હતી અને તેનું પૂર્વનું શંકાસ્પદ અને કટાણું સ્મિત ધીમે ધીમે સરળ અને ઉલ્લાસમય બનતું જતું હતું; પણ લ્યુબકાને આ ચા બનાવવી નહોતી ફાવતી. ઘેર, ગામડામાં હજી ચાએ પૂરતો પગપેસારો કર્યો ન હતો અને તેથી તે શોખની જ વસ્તુ ગણાતી હોઈ માત્ર જમીનદારોના જ ઘરમાં દાખલ થઈ હતી. અલબત્ત, સામાન્ય લોકો તેને વપરાશમાં લેતા, પણ માત્ર જ્યારે કોઈ મહેમાનપરોણો ઘેર આવ્યો હોય ત્યારે જ; અને તે સમયે આ ચા બનાવાની ક્રિયાનો અધિષ્ટાતા ઘરનો વડો બનતો. આ પછી લ્યુબકા શહેરમાં ગઈ. અહીં પહેલાં તે એક પાદરીને ત્યાં હતી અને પછી એક વીમાદલાલને ત્યાં; (આ જ વીમાદલાલે તેને વામાના માર્ગે ચડાવી હતી.) આ બે સ્થળોએ તેને માત્ર ઠરી ગયેલી ને ઢંગધડા વગરની ચા મળતી કે જેમાં જરા વધારે પડતી ચા નાંખી એક જ ઘૂંટડે તે પી જતી. પાદરીને ત્યાં તેની સુકલકડી, કમળાવાળી અને અદેખી સ્ત્રી ચા બનાવતી અને વીમાદલાલને ત્યાં તેની જાડી, વૃદ્ધ, અદેખી અને મખ્ખીચુસ પત્ની ચા બનાવતી. પરિણામે બાળપણમાં જેમ જમણો હાથ કયો અને ડાબો હાથ કયો તે ઓળખતાં અથવા તો એક સામાન્ય ગાંઠ વાળતાં જેટલી મુશ્કેલી નડે તેટલી જ મુશ્કેલી અત્યારે લ્યુબકાને આ ચા બનાવતાં નડતી હતી, અને લિખોનીનનો ગરબડાટ તો ઊલટો અંતરાયરૂપ બની તેને મૂંઝવણમાં નાંખતો હતો.

"બહેન, આ બનાવતાં આવડવી એ તો એક મહાન કળા છે. તેનો તો મોસ્કોમાં જઈ ખાસ અભ્યાસ કરવો જોઈએ. પ્રથમ તો કોરી ચાની કીટલીને જરા તપાવવી જોઈએ. પછી તેમાં ચા નાખવી અને તરત જ તે ઉપર ઊકળતું પાણી રેડવું. આ મિશ્રણ તરત જ બીજા વાસણમાં કાઢી લેવું, કારણકે આથી ચા વધારે ચોખ્ખી અને સુગંધીદાર બને છે; અને હા, એમ કહેવાય છે કે ચીનાઓ જંગલી હોઈ તેઓ ચા બહુ ગંદી રીતે બનાવે છે. આ પછી ચાની કીટલીને ફરી પાછી ત્રણ મિનિટ સુધી રહેવા દેવી. પછી કીટલી ભરાય ત્યાંસુધી ઊકળતું પાણી રેડી એને જરાક એમ ને એમ રહેવા દેવું. બસ પછી ચા તૈયાર! મધુર, તાજગી બક્ષતી અને કૌવત આપતી ચા તૈયાર!"

શીળીના આછાં દેખાતાં ચાઠાંવાળી લ્યુબકાનો સરળ પણ સાદો ચહેરો આ ભાષણ સાંભળી જરા ફિક્કો પડી ગયો.

"ઈશ્વરને ખાતર, મહેરબાની કરી મારા પર ગુસ્સે ન થતા... અને હું ખાત્રીપૂર્વક જણાવું છું કે હું ઝપાટાબંધ, બનતી ત્વરાએ બધું શીખી લઈશ; અને મને હજીય તમે કહીને કેમ બોલાવો છો? હવે આપણે એકબીજાને છેક અજાણ્યાં તો નથી જ."

એટલું બોલી તે લિખોનીન તરફ પ્રેમભીની નજરે જોઈ રહી. અને સાચે જ, આજે પ્રભાતમાં તેની ટૂંકી પણ અસંબંધ જિંદગીમાં પહેલી જ વાર, જો કે કાંઈ પણ આનંદ વગર પણ પોતાની ઇચ્છાથી જ, માત્ર દયા ને ઉપકારની લાગણીને વશ થઈને, તેણે પોતાનું શરીર એક પુરુષને સમર્પણ કર્યું હતું કે જેમાં પૈસા, બળજોરી કે કાઢી મૂકવાનો ભય એમાંથી એક પણ પ્રશ્ન ન હતો અને જેમ સૂર્યને જોઈ સૂર્યમુખી પુષ્પ ખીલે, તેમ તેના નારીહૃદયમાં આ પુરુષ પ્રત્યે શુદ્ધ પ્રેમનાં અંકુર ફૂટ્યા હતા.

પણ લિખોનીનને એક પ્રકારની હૃદયમાં કાંટા ભોંકતી તથા શરમથી મૂંઝવણની લાગણી થઈ આવી. ગઈ કાલે જેને પોતે

ઓળખતો પણ ન હતો અને આજે હવે જે આકસ્મિક જ તેની રખાત બની હતી, તેના પ્રત્યે તેને એક પ્રકારની ઘૃણાત્મક લાગણી થઈ આવી. "ગૃહજીવનના આકર્ષણ વધવાં માંડયાં!" તેને સ્વાભાવિક જ વિચાર ઊપજ્યો, છતાં તે ઊભો થયો, લ્યુબકા નજીક ગયો અને તેનો હાથ પકડી, ઊભી કરીને તેના માથા પર હાથ ફેરવતાં કહેવા લાગ્યો:

"મારી બહેન, મારી વહાલી બહેન!" તેના અવાજમાં કરુણા અને દંભ હતાં. "આજે જે કાંઈ બન્યું છે તેની પુનરાવૃત્તિ ન થવી જોઈએ. એમાં એકલો હું જ દોષને પાત્ર છું અને જો તું ઇચ્છતી હોય તો હું પગે પડી માફી માગવા પણ તૈયાર છું. એટલું જ સમજજે કે આજે જે કાંઈ બન્યું હતું, તે મારી ઇચ્છા વિરુદ્ધ હતું, અણચિંતવ્યું અને અણધાર્યું બન્યું હતું અને હું પોતે પણ નહોતો ધારતો કે તેવું બનશે. સમજી, લાંબો વખત થયાં ... હું સ્ત્રીઓના ગાઢા સંસર્ગમાં નહોતો આવ્યો ... મારામાં મારી પશુવૃત્તિએ જોર કર્યું ... અને ... અરે પ્રભુ, શું મારો ગુનો એટલો ભયાનક છે? જંગલમાં વસતા જોગીઓ, સાધુઓ, મહાત્માઓ અને મહાપુરુષો આધ્યાત્મિક શક્તિમાં તો મારા કરતાં હજાર દરજ્જે આગળ વધેલા હોય છે; છતાંય આ કામવાસના, માયાના આ પ્રલોભન સામે, તેઓ પણ ટકી શકતા નથી. પણ, તું કહે તેના સોગંદ ખાઈ હું જણાવીશ કે આવું પુનઃ નહિ જ બને ... કેમ, બરાબર છે ને?"

લ્યુબકા તેના હાથમાંથી પોતાનો હાથ ખેંચી લેવા પ્રયત્ન કરતી હતી. તેના હોઠ જરા સુકાઈ ગયા હતા અને તેની આંખના નીચાં વળેલાં પોપચાં તનમનાટ કરી રહ્યાં હતાં.

"હા," કોઈ બાળક લાડ કરતું હોય તેમ તેણે જણાવ્યું. "એમ જ કહોને કે હું તમને નથી ગમતી. તો પછી ચોખ્ખે-ચોખ્ખું જ કહી દો અને ગાડીભાડા માટે થોડા પૈસા આપો અને

થોડાક બીજા—જેટલી ઇચ્છા હોય તેટલા . . . રાતનું ભાડું તો ભરી ચૂક્યા છો, એટલે મારે તો માત્ર . . . ત્યાંસુધી પહોંચવાનું જ બાકી છે."

આ સાંભળી લિખોનીન માથાના વાળ ખેંચવા લાગ્યો અને ઓરડીમાં ચારે બાજુ ઘૂમતો જોરથી બોલવા લાગ્યોઃ

"અરે, એમ નહિ, એમ નહિ. એ વાત નથી ! જરા બરાબર સમજ, લ્યુબા ! આજે સવારે જે કાંઈ બન્યું . . . તે કોઈ પણ પ્રતિષ્ઠિત માણસને માટે યોગ્ય ન હતું . . . તે ન જ બનવું જોઈએ ! પ્રેમ—એમાં માત્ર શરીરનો જ સહચાર નથી હોતો, પણ આત્માની, વિચારોની, સ્વાર્થ અને માનસની પણ એકતા હોય છે. પ્રેમ એ તો એક વિશાળ અને અપૂર્વ ભાવના છે, તે સમસ્ત વિશ્વ જેટલી શક્તિમાન છે અને તેમાં માત્ર શય્યાભાગી બનવું એટલું જ નથી હોતું. લ્યુબકા, આપણી વચ્ચે એવો પ્રેમ નથી અને જો તેવો પ્રેમ પ્રગટ થશે તો તો તારે અને મારે માટે સુખનો સોનાનો સૂરજ ઊગશે ! પણ તે દરમ્યાન હું તારો એક મિત્ર બની રહીશ, તારા જીવનમાર્ગનો એક માર્ગદર્શક બની રહીશ. હાલ તો તેટલું જ બસ છે . . . મનુષ્યની નબળાઈઓથી હું પરિચિત છું, છતાં હું ખાત્રી આપું છું કે હું એક પ્રમાણિક માણસ છું."

લ્યુબકા નીચું મુખ કરી વિચાર કરતી હોય તેમ જણાયુંઃ "તે એમ માને છે કે તે મારી સાથે લગ્ન કરે એમ હું ઇચ્છું છું—અને હું તો તેવું કાંઈ જ ઇચ્છતી નથી." તે દિલગીર બની વિચારતી હતી. "અત્યારે જેમ ચાલે છે તેમ જ ચાલુ રાખવું ઠીક છે અને કેટલાંક માત્ર ભરણપોષણ લઈને પણ સહજીવન ગાળે છે. એ બોકો તો કહે છે કે ચાર ફેરા ફરી જીવન વ્યતીત કરવું તે કરતાં તો આ વધારે માફક જીવન છે, અને એમાં ખરાબ પણ શું છે ? શાંત, સરળ, સાદું જીવન . . . હું તેનાં મોજાં સાંધીશ, ઓરડી ધોઈશ, રાંધીશ . . . અલબત્ત,

વખત આવ્યે, એ પણ કોક પૈસાદાર કન્યા સાથે લગ્ન તો કરવાનો જ. હા, પણ તે વખતે એ મને સાવ નાગીપૂગી તો ઘર બહાર નહિ જ કાઢી મૂકે. જો કે એ કંઈક અંશે ભોળો અને વાતોડિયો છે, પણ છેવટે તો ઉમદા માણસ છે. તે મારે માટે કંઈક બંદોબસ્ત તો જરૂર કરશે જ; અને કદાચ, તેને મારે માટે પ્રીતિ પણ ઉત્પન્ન થાય, અને મારી સાથે સ્નેહસંબંધ પણ રાખે. હું તો એક સરળ અને મૃદુ સ્વભાવની કન્યા છું; વળી હું કદાપિ પણ તેને બેવફા નહિ નીવડું, કારણકે લોકો તો વાતો કરે છે કે આખરે તો એવું જ પરિણામ આવે છે . . . માત્ર મારે તેની નજરે કાંઈ ન પડવા દેવું. પણ એક વાત ઈશ્વર જેટલી ચોક્કસ છે કે તે પુનઃ મારી સાથે શરીરસંબંધ બાંધશે અને તે પણ આજે રાતના જ !"

અને લિખોનીન પણ વિચારસાગરમાં ડૂબી ગયો હતો. તે શાંત અને ગંભીર બની ગયો. તેને પોતાની શક્તિ બહારના મહાન કાર્યનો બોજો હવે ન ઊંચકી શકાય તેટલો અસહ્ય લાગવા માંડ્યો હતો અને તેથી જ જ્યારે કોઈએ તેનું બારણું ઠોક્યું ત્યારે તેને આનંદ થયો. તેના "અંદર આવો "ના આમંત્રણના જવાબમાં બે વિદ્યાર્થીઓ અંદર દાખલ થયા. તે બે વિદ્યાર્થીઓ સોલોવિવ અને નિજરેઝે હતા.

સોલોવિવ ઉમ્મર લાયક હોઈ તેનો ચહેરો વિશાળ ને ભરાવદાર હતો અને તે પર આછી દાઢી પણ ઊગવા માંડી હતી. એ એક આનંદી અને ખુશમિજાજી વિદ્યાર્થી હતો, અને એવો વર્ગ કોઈ પણ વિદ્યાપીઠમાં મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. તે પોતાના આરામનો સમય— ચોવીસે કલાક તેને તો આરામના જ હતા—રસ્તાઓ પર રખડવામાં, બીરની દુકાનોમાં, બિલિયર્ડ, નાટકશાળા, નવલકથાઓ અને વર્તમાનપત્રોના વાંચનમાં અને મલ્લકુસ્તી જોવામાં વિતાવતો. જ્યારે તે બધા વચ્ચે જે કાંઈ થોડો ગાળો પડતો, તેમાં તે ભોજન, નિદ્રા, ઓરડીની વ્યસ્થા વગેરે કરી લેતો, અને કોક કોક વખતે તે કોઈ ચાકરડી, દાસી કે વારવનિતા સાથે પણ મોજ મારી આવતો.

તેના બીજા સહાધ્યાયીઓની જેમ તે પણ પોતાને એક મહાન ક્રાંતિકારી માનતો: જો કે રાજકીય ખટપટો અને આંતરકલહો પ્રત્યે તેને તિરસ્કાર હતો અને ક્રાંતિકારી સાહિત્ય વાંચવા પ્રત્યે કંટાળો હોવાથી તેના કાર્યક્રમથી તે હંમેશા અજાણ જ રહેતો. પરિણામે તેને કોઈ પણ મંડળમાં દાખલ કરવામાં આવ્યો ન હતો; જો કે કેટલીક વાર તેને અમુક સૂચનાઓ મળતી, પણ તેનો અર્થ સમજાવવામાં ન આવતો હોઈ, તેનો તે ઉપયોગ નહોતો કરી શકતો; પણ જે કામ તેને સોંપવામાં આવતું તેમાં તે કદાપિ પણ બેવફા ન નીવડતો અને તે કામ તે પૂર્ણ ઝડપથી અને હસતે મુખે કરી આવતો. જેના પર સરકારની નજર હોય તેવા સોબતીઓને છૂપા રહેવામાં તે મદદ કરતો, છૂપા સાહિત્યની રક્ષા કરતો અને પરવાના તથા પૈસાની લાવજા કરતો. તેનામાં અમાપ શક્તિ અને હૃદયની સરળતા હતી. ઘણી વાર સીંબરસ્કાયા કે ઉરીરસ્કાયા પ્રાંતના ઊંડાણમાં આવેલા કોઈ ભાગમાંથી, એક અભ્યાસ કરતા વિદ્યાર્થીને પૂરતા થઈ પડે તેટલા પૈસા તેને માટે આવતા, પણ માત્ર બે જ દિવસમાં, સત્તરમી સદીના કોઈ ફ્રેંચ ઉમરાવની જેમ તે બધા પૈસા ઉડાવી દેતો અને પછી આખોય શિયાળો માત્ર એક જ સૂજનજૂનો કોટ તથા પોતાની ખાસ કરામતથી અણીશુદ્ધ રાખેલા જોડાભેર વિતાવતો.

આ સરળતા તથા મહાન શક્તિઓથી તે વિભૂષિત હોવા ઉપરાંત તેનામાં એક બીજો પણ ગુણ હતો અને તે પૈસાનો કેમ સદુપયોગ કરવો તે તથા નાની હોટેલો ને વીશીઓમાંથી કેમ ઉધાર વસ્તુઓ મેળવવી તે. શહેરના લગભગ બધા ભઠિયારા, માલ પર પૈસા ધીરનાર, જૂનાં કપડાંવાળા અને બીજા આવા ધંધા કરનારા તેના નિકટના મિત્રો હતા.

પણ જો કોઈ ખાસ કારણસર તેના આ બધા માર્ગો બંધ થઈ જતા, તો સોલોવિવ તેથી હિંમત હારતો નહિ. ચારે બાજુ ભૂખે મરતા મિત્રો અને બધા માર્ગો બંધ થવાથી નિરાશાના સાગરમાં ડૂબેલા આ વિદ્યાર્થીને તે સમયે એક ખાસ આંતરિક પ્રેરણા મળતી;

અને પરિણામે ખભે ભાર ઉપાડી રસ્તે જતા કોઈ પણ તાર્તરને તે કાંઈક ભેદી સંજ્ઞા કરતો અને થોડી વાર તેની સાથે નજીકની ગલીમાં ભરાઈ જતો. થોડી વારમાં તે પાછો ફરતો, પણ તેના સૂજનજૂના કોટ સિવાય—માત્ર કેડે દોરી બાંધેલા ખમીસ સાથે અને કડકડતી ઠંડી હોય તો તેના ઓવરકોટ વગર અથવા તો તેની નવી ટોપી વગર,

બધાં તેને ચાહતાં. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ અને નોકરો બધાની સાથે તેને નિકટની મિત્રતા હતી. તે તેના ખાસ મિત્રો અને તાર્તરો-નો તો ખાસ માનીતો હતો કે જે તેને ભોળો માનતા. આ તાર્તરો ઘણી વાર તેમનો માનીતો દારૂ, મોટા બાટલાઓમાં ભરી લાવતા, અથવા તો તેને પોતાની સાથે ભોજન કરવા આમંત્રણ આપતા; અને એ જરા વિચિત્ર ભાસતું હોવા છતાં ઘણી વાર કટોકટીના સમયે સોલોવિવ આ તાર્તરોને ખાનગી કાગળિયાં વગેરે છૂપાં રાખવા માટે સોંપતો. સોંપતી વખતે તે સરળતાપૂર્વક ગંભીર ચહેરે જણાવતો: “મેં જે તમને સોંપ્યું છે તે એક મહાન પુસ્તક છે. એમાં લખ્યું છે કે જગત પર બધે ગરીબાઈ અને દુષ્ટતા વધી પડેલી છે અને મનુષ્યોએ એકબીજા પ્રત્યે ન્યાયથી અને રહેમથી રહેવું જોઈએ.”

તેનામાં બીજા પણ બે ગુણો હતા: એક તો એ સ્પષ્ટતાપૂર્વક ઉતાવળે વાંચી શકતો અને બીજો તે શેતરંજનો અઠંગ ખેલાડી હતો. આ રમતમાં તે એટલો બધો પ્રવીણ હતો કે ભલભલા ખેલાડી-ઓને તે જરા વારમાં હરાવી દેતો. રમતની એક એક ચાલ એટલી ગણત્રીપૂર્વકની તે ચાલતો કે સામો ખેલાડી થોડી જ વારમાં હારી જતો. તેની દરેક ચાલ વખતે જાણે કે તેને કોઈ અદૃશ્ય રહી પ્રેરણા કરતું હોય તેમ જણાતું. દરેક ચાલ વખતે ભાગ્યે જ તે ચાર કે પાંચ પળથી વધારે સમય વિચાર કરવામાં ગુમાવતો.

પરિણામે ઘણા તેની સાથે રમવા તત્પર ન થતા; છતાં પણ લોકો ઘણી વાર તેની સાથે રમવા બેસતા અને તે વખતે મોટી મોટી રકમોના દાવ મંડાતા. હંમેશા જીત સોલોવિવની જ થતી, અને આ

બધા પૈસા તે પોતાના મિત્રોને મદદ કરવામાં વાપરી નાંખતો; પણ તે કોઈ પણ જાહેર હરીફાઈમાં ન ઊતરતો. આવા આમંત્રણ વખતે તે જવાબ વાળતો: "મને આ નકામી રમત માટે માન કે પ્રેમ નથી, પણ મારામાં કોઈક એવી અદૃશ્ય શક્તિ છે અને તેને પરિણામે હું જીતું છું. તેથી જ મને તે રમત પ્રત્યે ન તો માન છે, કે ન તો જીત વખતે ગર્વ થાય છે, કે ન તો હાર વખતે દુઃખ થાય છે."

આવા ઉદાર વિચારોનો આ વિદ્યાર્થી સોલોવિવ હતો; અને નિજરેઝે હતો તેનો અભિન્નહૃદય મિત્ર. અલબત્ત આથી સવારથી તે મધરાત સુધી તેમનો બધો સમય એકબીજાની મશ્કરીઓ કરવાનો, વિવાદો કરવાનો અને ગાળાગાળી કરવાનો હક દૂર થતો ન હતો. આ સોલોવિવ પોતે કેમ કરી જીવન ગુજારતો હતો તે તો માત્ર એક ઇશ્વર જ જાણતો હતો. તે પોતે કહેતો કે તેનામાં ઊંટની શક્તિ હતી કે જેને પરિણામે તે એક સામટો ખોરાક ખાઈ પછી દિવસોના દિવસો સુધી વગર ખોરાકે ચલાવી શકતો. તેને પોતાના વતન જ્યોર્જિયામાંથી કંઈક મદદ મળતી, પણ તે નહિ જેવી હતી; કારણકે તે મદદ મોટે ભાગે લૂગડાંલત્તાં કે ખોરાકમાં આવતી. આ મદદ ખાસ કરીને નાતાલમાં, ઇસ્ટરમાં અને ઓગસ્ટમાં તેની વર્ષગાંઠ વખતે તેના પ્રાંતના વતનીઓ મારફત આવતી. તે વખતે તેને ત્યાં ખાદ્ય પદાર્થો, ફળફળાદિ તથા દારૂની રેલમછેલ થતી. ભાઈ પોતે તો ઓરડી રાખતા નહિ, તેથી આ બધું એક મિત્રને ત્યાં એકઠું થતું અને પછી ત્યાં મોટી મિજલસ જામતી, જ્યોર્જિયાનાં લોકગીત ગવાતાં, નૃત્ય થતું અને ભાષણો થતાં. આ ભાષણ આપવાનું કામ મોટે ભાગે નિજરેઝેને માથે આવતું.

નિજરેઝે વક્તૃત્વકળામાં ઘણો પાવરધો હતો અને જ્યારે તે બરાબર ખીલતો ત્યારે તો મિનિટના ત્રણસો શબ્દોની ઝડપે બોલતો. તેની ભાષામાં કલ્પનાનાં પૂર વહેતા. તે સમયે, તે કોકેશશ બાજુનો વતની હોવાથી, ઘડીકમાં કોઈ પક્ષીનો કિલકિલાટ, તો ઘડીકમાં કોઈ

ગરૂડના બોલવાનો અવાજ આવતો હોય તેમ ભાસતું; અને પછી ભલે તે ગમે તે વિષય પર વાત કરતો હોય, પણ તેમાં જ્યોર્જિયા આવ્યા વગર રહેતું નહિ. વળી તે સમયે જ્યોર્જિયન કવિ રૂસ્તાવેલી-ના એક મહાકાવ્યમાંથી અમુક લીટીઓનો ઉપયોગ કર્યા વગર તે રહી શકતો નહિ, અને સાથે જ તે ખાત્રી આપતો કે આ કવિ શેકસ્પિયર અને હોમરને ભેગા કરીએ તે કરતાં પણ હજારગણો મહાન હતો.

તે તામસી સ્વભાવનો હોવા છતાં દ્વેષીલો ન હતો અને પોતાના સ્વમાનને જરાય હાનિ પહોંચાડ્યા વગર તે બધાનું કામ કરી છૂટતો; પણ તેના મિત્રોને તેની એક વાતથી—તે એ કે હંમેશા પોતે સ્ત્રીઓને જરા જરામાં કેવી રીતે વશ કરી શકતો હતો, તે વાતોનાં અતિશયો-ક્તિપૂર્ણ વિવેચનોથી—ઘણો કંટાળો આવતો. સદ્‌ભાગ્યે કે કમભાગ્યે, તે એમ માનતો હતો કે પોતે એક બહુ જ ખૂબસૂરત પુરુષ હતો અને તેને પરિણામે, દરેક પુરુષ તેની અદેખાઈ કરતો હતો, બધી સ્ત્રીઓ તેનો પ્રેમ મેળવવા તલસતી હતી, અને સઘળા પતિદેવો તેના પ્રત્યે ઝેર વરસાવતા હતા. સ્ત્રીઓ માટેની આ સ્વકલ્પિત કલ્પના તેના મગજમાંથી ક્ષણવાર માટે પણ દૂર થતી નહિ. તેને સ્વપ્નાં પણ તેનાં જ આવ્યા કરતાં. રસ્તા પર ચાલતાં, દરેક મિનિટે લિખો-નીન સોલોવિવ કે કોઈ બીજા સોબતીને કોણીનો ગોદો મારતો, હોઠ ચાટતો અને માથાને જરાક વાંકું કરી, નજદીકમાં થઈને જતી કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ કરતાં કહેતો: "વાહ! કોઈ ચીજ! ખરેખર સુંદર નવયૌવના! જોયું, એ કેવી મારા તરફ જોઈ રહી હતી! હું જો ધારું તો તો આમ તેને મેળવી શકું. . . ."

તેની આ નબળાઈથી બધા વાકેફગાર હતા અને તે માટે બધા તેની મશ્કરી પણ કરતાં, પણ સાથે જ તેનામાં જે બીજા ગુણો વસેલા હતા, તેને અંગે આ નબળાઈ માટે ઘણી વાર તેને માફી પણ મળતી. સાથે સાથે એ પણ કહેવું જોઈએ કે સ્ત્રીઓ સાથેના વ્યવહારમાં

હંમેશાં જીત તેની જ થતી. દરજણો, કાપડની દુકાનમાં કામ કરતી છોકરીઓ, રંગભૂમિની સામાન્ય નટીઓ, મીઠાઈવાળાની દુકાને કામ કરતી છોકરીઓ અને ટેલિફોનની તરુણીઓ તેની કાળી ભમ્મર આંખો સાથે આંખો મેળવતાં જ પાણી પાણી થઈ જતી.

“ આ ગૃહ અને તેમાં વસતાં દરેક પવિત્ર અને શાંત માનવીઓ ! . . .” સોલોવિવે એકાદ પાદરીની જેમ ભાષણ કરવું શરૂ કર્યું, પણ તે આગળ વધી ન શકયો. “ ધર્માત્માઓ ! ” તેણે આશ્ચર્યમાં પડી જતા ગણગણાટ કરવા માંડયો: “ અરે, પણ આ . . . આ . . . આ તો સોન્યા છે ! ના, ના, મારી ભૂલ થાય છે. આ નાડયા છે . . . હા ! ઠીક, આ તો આનાવાળી લ્યુબકા ! ”

લ્યુબકા આ બધી પ્રસ્તાવના સાંભળી શરમની મારી લાલચોળ થઈ ગઈ અને તેની આંખમાં આંસુ આવી ગયાં, તેથી તેણે હથેલીઓમાં પોતાના મોંને છુપાવી દીધું. લિખોનીને આ જોયું, તેનો અર્થ તે સમજ્યો અને તે યૌવનના દુ:ખી આત્માનો આર્તનાદ સાંભળી તેની મદદે ધાયો. તેણે તરત જ કઠોર સ્વરે સોલોવિવને અટકવા હુકમ આપ્યો:

“ હા, એ જ છે, સોલોવિવ ! હા, તે યામાવાસી લ્યુબકા જ છે. પૂર્વાશ્રમમાં એક વારવનિતા હતી. અરે, હજી ગઈ કાલ સુધી જ તે એક વારવનિતા હતી; પણ આજથી તે મારી સખી, મારી ભગિની છે અને તેથી આજથી દરેકને હું જણાવું છું કે જેમને મારાં પ્રત્યે જરાય લાગણી હોય, તે દરેકે તેને તે પ્રમાણે માનવી, નહિ તો . . .”

આ સાંભળી સોલોવિવ ખરા અંતઃકરણપૂર્વક લિખોનીનને ભેટી પડયો અને તેને જોરથી પોતાના ભુજપાશમાં દબાવ્યો.

“ મિત્ર, બસ . . . મારી ભૂલ થઈ. હું વચન આપું છું કે એ ભૂલ પુનઃ નહિ થાય. આવ, મારી પવિત્ર બહેન ! . . .” કહી તેણે પોતાનો સ્નાયુબદ્ધ હાથ લંબાવ્યો અને લ્યુબકાનો હાથ પકડી

હસ્તધૂનન કર્યું. "અમારા આ કબૂતરખાનામાં તમારાં પનોતાં પગલાં પાડવા માટે હાર્દિક અભિનંદન! તમારા આગમનથી અમોને નવીન પ્રેરણા મળશે અને અમારાતમારા કેટલાક નાલાયક રિવાજો આપોઆપ નાશ પામશે. એલેક્ઝાન્ડ્રા ! બીર લાવ !" તેણે મોટે સ્વરે બૂમ પાડતાં જણાવ્યું. "અમે અસભ્યતાના ડુંગરે ચઢી બેઠા છીએ. દુર્ગુણો એ અમારો કબજો લીધો છે અને આનું મુખ્ય કારણ એ છે કે અમારી સોબતમાં કોમળતાની સુવાસ પ્રસરાવનારી કોઈ કોમલાંગી ન હતી. લાવો, ફરી એક વખત મને તમારો નાજુક, નાનો હાથ મારા હાથમાં લેવા દો. બીર !"

"આવે છે !" બારણા બહારથી એલેક્ઝાન્ડ્રાનો નાખુશ અવાજ સંભળાયો. "લાવું છું. બૂમો શાનો પાડે છે ? તારે કેટલો જોઈએ છીએ ?"

જવાબમાં સોલોવિવ બહાર ચાલીમાં ગયો. લિબોનીન તેની પાછળ આભારદર્શક સ્મિત કરતો જોઈ રહ્યો, જ્યારે નિજરેઝેએ બહાર જતા સોલોવિવનો ખભો થાબડ્યો. બન્ને સોલોવિવની જરા કઠોર પણ શુદ્ધ હૃદયની લાગણીઓ માટે મનમાં ને મનમાં તેનો આભાર માનતા હતા.

સોલોવિવ થોડી વારમાંજ પાછો ફર્યો અને એક જૂનીપુરાણી ખુરશી પર સંભાળપૂર્વક પોતાની જગા લેતો બોલ્યોઃ "હા, હવે આજનું કામકાજ શરૂ કરીએ. હું આપની કાંઈ સેવા ઉઠાવી શકું એમ છું ? તમે જો મને માત્ર અડધા કલાકની છૂટી આપશો, તો હું બાજુના જ કોઈ કોફી–હાઉસમાં જઈ ત્યાંના કોઈ અઠંગ ખેલાડીનાં ખિસ્સાં સાફ કરી આવીશ. ટૂંકમાં સેવક આપની સેવામાં બસરોચક્ષમ હાજર છે !"

"કેવો રમૂજી માણસ છે !" હ્યુબકાએ પેટ દુઃખી આવે તેટલું હસતાં કહ્યું. તે આ વિદ્યાર્થીના બોલવાનો ભાવાર્થ જરા

પણ સમજી નહોતી, પણ કોઈક અદશ્ય વસ્તુ તેના ભોળા હૃદયને તેના તરફ ખેંચી રહી હતી.

"ના, ના, તેમ કરવાની કશી જરૂર નથી." લિખોનીને જણાવ્યું. "હજી મારી પાસે પૈસાની રેલમછેલ છે. મારી ઇચ્છા એવી છે કે આપણે સૌએ કોઈ સારા સ્થળે એકઠા થવું. ત્યાં મારે કેટલીક બાબતોમાં તમારી બધાની સલાહ લેવાની છે; કારણકે આપણા વચ્ચે ગમે તેવા વિરોધો હોવા છતાંય, આપણે બધા એક જ છીએ. તે જ પ્રમાણે તમે ઉમ્મરમાં જેટલાં નાના લાગો છો, તેટલા બુદ્ધિ અને અનુભવમાં નાના નથી. ત્યારપછી હું જઈને આને (લ્યુબકાને) માટે કાંઈક વ્યવસ્થા કરીશ . . . તેના પરવાનાની . . . તમે મારી રાહ જોજો. મને બહુ વાર નહિ લાગે. હવે તમને જણાયું હશે કે આજનું કાર્ય કેવા ગંભીર પ્રકારનું છે અને તેમાં ટીખળને સ્થાન નથી. હું . . ." તેનો અવાજ દંભ તથા લાગણીથી ભરાઈ ગયો: "હું ઇચ્છું છું કે આ બોજો ઉપાડવામાં તમે પણ મને સહાયભૂત થાઓ. કેમ ચાલીશું ?"

"વાહ ! ચાલો ત્યારે !" નિજરેઝેએ જવાબ આપ્યો અને કંઈક અર્થપૂર્ણ દષ્ટિએ લ્યુબકા તરફ જોઈ પોતાની મૂછોને વળ દેવા લાગ્યો. લિખોનીને તેના તરફ આડકતરી નજરે જોયું. સોલોવિવે તો ભોળા ભાવે જણાવ્યું:

"બરોબર છે, લિખોનીન. તેં ખરેખર એક મહાન અને ઉત્તમ કાર્યનો આરંભ કરેલો છે. નિજરેઝેએ રાતના મને બધી વાત કરી હતી અને સાચે જ આ યુવાની શા કામની છે—જો તેમાં માણસ પવિત્ર ભૂલો ન કરી શકે ! લાવ એલેક્ઝાન્ડ્રા, એ બાટલી અહીં લાવ. હું મારા હાથે ફોડી લઈશ, કારણકે તને એ ફોડતાં નહિ આવડે અને તેમ કરવા જતાં કદાચ તું લોહી કાઢીશ. તમારા નવા જીવનની યાદગીરીમાં લ્યુબોચકા . . . માફ કરજો . . . શું લ્યુબોવ . . . લ્યુબોવ . . . !"

"મને તો માત્ર . . . હ્યુબા જ કહીને બોલાવજો."

"ભલે તેમ ! હ્યુબા. નિજરેઝે . . . અલ્લાહવર્દી ! . . ."

"પછી . . . બોલ ?" નિજરેઝેએ જવાબ વાળ્યો અને પોતાનો ગ્લાસ તેના ગ્લાસને અડકાડયો.

"અને સાથે હું એટલું પણ ઉમેરીશ કે લિખોનીન, તારા આ કાર્ય માટે મને અપૂર્વ આનંદ થાય છે." સોલોવિવે ગ્લાસને ટેબલ પર મૂકતાં અને મૂછો પર જીભ ફેરવતા કહ્યું. "અને સાથે જ તને નમન કરું છું. સાચે જ તું મહાન અને ઉદાર છે અને ગમે તેવું વીરતાપૂર્ણ કાર્ય કાંઈ પણ અતિશયોક્તિ કર્યા વગર માથે ઉઠાવી શકે છે !"

"હવે બહુ થયું . . . એમાં વળી વીરતા ક્યાં આવી ?" લિખોનીને જરા ગુસ્સે થતાં કહ્યું.

"કેમ વળી, એમાં ખોટું શું છે ?" નિજરેઝેએ કહ્યું. "તું જ કેવો નકામો ગરબડાટ કરી રહ્યો છે ?"

"તેથી શું થયું ?" સોલોવિવે સામો જવાબ વાળતાં જણાવ્યું. "કદાચ આ કોઈ માત્ર મહાન ભાષણ જ હોય તોય તેથી શું થયું ! આજથી હું, હ્યુબાને આપણા આ કાતરિયા મંડળનાં એક માનદ સભ્ય તરીકે જાહેર કરું છું." તે ઊભો થયો અને નમન કરી, હાથ પ્રસરાવતો કહેવા લાગ્યોઃ

"પધારો કુમકુમને પગલે
અમારા મોંઘેરા મેહેમાન."

લિખોનીનને યાદ આવ્યું કે આજે પરોઢિયે તેણે પોતે આ જ શબ્દો એક નટની કુશળતાથી ઉચ્ચાર્યાં હતા અને તેથી તે શરમનો માર્યો આંખ પણ ઊંચી ન કરી શક્યો.

"બસ, હવે આ પ્રહસનનો અંત આણો. ચાલો, સદ્‌ગૃહસ્થો ! હ્યુબા, કપડાં પહેરી તૈયાર થા !"

[૧૪]

'સ્પેરોઝ' રેસ્ટેરાં ત્યાંથી માત્ર બસો ડગલાં જ દૂર હતું. ત્યાં જતાં, કોઈ ન જુએ તેમ લ્યુબાએ, બાવડું પકડી લિખોનીનને પોતાની તરફ ખેંચ્યો. આમ થતાં તે બન્ને—સોલોવિવ અને નિજરેડ્ઝે કરતાં થોડાં પગલાં પાછળ પડી ગયાં.

"ત્યારે તમે ખરેખર તેમ કરવા માગો છો?" પોતાની પ્રેમાળ કાળી આંખો તેના પર ઠેરવતાં લ્યુબકાએ પૂછ્યું. "તમે મારી મશ્કરી તો કરતા નથી ને?"

"આમાં મશ્કરી કરવા જેવું છે શું? અને હું જો આવા પ્રકારની મશ્કરી કરવા પ્રેરાઉં તો તો મારા જેવો અધમ માણસ બીજો કોણ હોઈ શકે! હું ફરીથી ભાર દઈ જણાવું છું કે, મારો અને તારો સંબંધ એક મિત્ર, ભાઈ અને સખા કરતાં પણ વધારે છે; એટલે હવે એ વિષે વધારે વાતો ન કરીશ. અને આજે સવારે જે બન્યું તે પુનઃ નહિ બને તેનું હું વચન આપું છું. આજે જ હું તારે માટે જુદી ઓરડી રાખીશ."

લ્યુબકાએ એક નિશ્વાસ મૂકયો. જો કે લિખોનીનના આ પવિત્ર નિશ્ચયમાં તેને બહુ વિશ્વાસ ન હતો, છતાં તેથી તેને ખોટું લાગ્યું ન હતું, પણ કોઈ પણ પુરુષનો એક સ્ત્રી સાથે વાસનામય સંબંધ સિવાય બીજો કયો સંબંધ હોઈ શકે તે તેના અજ્ઞાન અને અંધકારમય મગજમાં ઊતરી શકયું નહિ; ઉપરાંત માનીતી કે અણમાનીતી સ્ત્રી તરીકેની પ્રાચીન અસંતોષની લાગણી—કે જે લાગણી આનાના વારવનિતાગૃહમાં હરીફાઈરૂપે તીવ્ર બની હતી અને જે હમણાં નિશ્ચેતન બની જવા છતાં ક્રોધમય તથા હાર્દિક હતી, તે—પુનઃ જન્મ લેતી જણાતી હતી.

'સ્પેરોઝ'માં લિખોનીન એક ગંભીર, દયાળુ અને પૈસાની બાબતમાં ચોખ્ખા વ્યવહારવાળો ગણાતો હતો અને તેથી તરત જ

એક ખાનગી ઓરડો તેને કાઢી આપવામાં આવ્યો. આવું માન બહુ જ ઓછા વિદ્યાર્થીઓને મળતું. આ ઓરડામાં ગેસનો દીવો ચોવીસે કલાક બળતો; કારણકે અજવાળાનું સાધન આ સિવાય માત્ર એક જાળિયુંજ હતું, કે જેમાંથી રસ્તે જતા લોકોની સોટીઓ, બૂટ, છત્રી એ જ માત્ર જોઈ શકાતાં.

તેમને એક બીજા વિદ્યાર્થી, સિમોનોસ્કીને આ મંડળીમાં દાખલ કરવો પડયો. 'જાણે હું કોઈ પ્રદર્શનની વસ્તુ હોઉં, તેમ બધે મને શા માટે ફેરવવામાં આવે છે?" લ્યુબકા વિચારતી હતી. "જાણે તેણે કોઈ મહાભારત કામ કર્યું ન હોય તેવી રીતે તે વર્તતો લાગે છે." અને જ્યારે બધા અંદરઅંદર વાતો કરવામાં મશગૂલ હતા ત્યારે તેણે લિખોનીનના કાનમાં કહ્યું:

"પણ આ આટલા બધા અહીં શા માટે એકઠા થયા છે? હું બહુ શરમાળ છું અને ઘણા લોકોને જોઈ હું ગભરાઈ જાઉં છું."

"અરે, એમ ગભરાઈએ નહિ, લ્યુબકા!" લિખોનીને ઓરડાના દરવાજા આગળ અટકી જતાં ઝડપથી ધીમે સ્વરે જવાબ આપતાં જણાવ્યું. "બહેન, એમાં ડરવા જેવું કાંઈ નથી. આ બધા બહુ સારા માણસો છે અને મારા મિત્રો છે. તેઓ તને—આપણને બન્નેને મદદ કરશે. તેમની મજાકો અને કેટલીક મૂર્ખ વાતો તરફ ધ્યાન ન આપીશ, કારણકે તેમના હૃદય તો કાંચનનાં છે."

"પણ મને તો આ બધું એવું અજુગતું લાગે છે અને બબ્બે મને તો શરમ આવે છે; કારણકે એ બધાય તો ક્યારનાય જાણતા હશે કે તમે મને ક્યાંથી લઈ આવ્યા છો!"

"અરે, તેથી શું થયું? ભલેને જાણતા!" લિખોનીને ઉત્સાહપૂર્વક જણાવ્યું. "શા માટે તું તારા ભૂતકાળથી ડરે છે, તેને દબાવી દેવા ઇચ્છે છે? અરે, વરસ દહાડા પછી તો તું ગમે તે માણસની સામે હિંમતથી જોઈને કહી શકીશ: 'જે નથી તે ક્યાંથી ચઢી શકે!' ચાલ, ચાલ, લ્યુબકા!"

જ્યારે આ ભૂખ્યા વિદ્યાર્થીઓ પોતાને જોઈતી વસ્તુઓ મંગાવી રહ્યા હતા, ત્યારે સિમોનોસ્કી સિવાય દરેકના મનમાં કંઈક અનેરા ભાવ રમી રહ્યા હતા અને પરિણામે આગળ કેવી રીતે વર્તવું તેની વિમાસણમાં પડેલા જણાતા હતા, અને કેટલેક અંશે સિમોનોસ્કી પોતે આને માટે કારણભૂત હતો. તે દાઢી મૂછ વગરનો, નાકે ચશ્માં ચઢાવેલો અને લાંબા વાળવાળો હતો. તે દરેકની સામે એવી તિરસ્કૃત દૃષ્ટિથી જોતો કે જાણે આ બધાં નજીવાં મગતરાં હોય! તેને પોતાના કોઈ ખાસ અંગત મિત્રો ન હતા; પણ તેના વિચારો અને અનુમાનો બહુ વજનદાર ગણાતા. અલબત્ત, કોઈ એમ કહી શકે તેમ ન હતું કે તેનામાં આ રીત ક્યાંથી આવી હતી. કોઈ એ નિર્ણય કરી શકતું ન હતું કે આ રીત તેના આત્મવિશ્વાસના દેખાવને અંગે હતી, યા તો મોટે ભાગે જે વસ્તુ લોકોને ગમતી તે જ બોલવાને અંગે હતી, કે પછી બરાબર યોગ્ય સમયે જ તે બોલતો તેને અંગે હતી. દરેક સમાજમાં આવા કેટલાક માણસો હોય છે. કેટલાક પોતાનાં આત્મ-લક્ષી વચનો દ્વારા પ્રભાવ પાડે છે; કેટલાક પોતાનો નિશ્ચિત મત આપી આવો પ્રભાવ પાડે છે, કેટલાક જેમ આવે તેમ બોલબોલ કરીને, તો કેટલાક ભયંકર કટાક્ષો કરીને અને એક વર્ગ તો વળી સાવ ચુપકીદી ધારણ કરીને તમને એમ માનવાની ફરજ પાડે છે કે આ ચુપકીદી પાછળ વજનદાર વિચારો છુપાઈ રહ્યા છે; એક બીજો વર્ગ એવો હોય છે, કે જે દરેક વિષયનો પોતે જ્ઞાતા છે તેવો દેખાવ કરીને આવો પ્રભાવ પાડે છે; ઉપરાંત એક વર્ગ વળી એવો પણ હોય છે કે જે દરેક વસ્તુ તરફ તિરસ્કાર બતાવવામાં જ પોતાની મહત્તા માને છે. કેટલાક લોકો પોતાનો આવો પ્રભાવ પાડવા દરેક વસ્તુને અંતે 'છટ્' શબ્દ ઉચ્ચારે છે અને આ શબ્દ તલવારના ઘા કરતાં પણ વધારે ભયંકર કામ કરે છે. સિમોનોસ્કીની ગણત્રી આ છેલ્લા વર્ગમાં કરી શકાય.

આખરે ભોજનકાર્ય અડધે પહોંચતાં, દરેકની જીભ છૂટવા

માંડી. માત્ર લ્યુબકા જ, પોતાના ભાણાને જરા પણ અડચા વિના ચુપચાપ બેઠી હતી અને માત્ર 'હા' કે 'ના' એટલા જ શબ્દો જરૂર પડયે ઉચ્ચારતી હતી. વાતો કરનારાઓમાં મુખ્યત્વે લિખોનીન, સોલોવિવ અને નિજરેડ્ઝે હતા. લિખોનીન વાતો કરતો હતો—વ્યવહારુ અને નિશ્ચયાત્મક રીતે, પણ સાથે જ તેના આવા શબ્દો પાછળ પોતે કોઈ અણગમતી, કંઈક સત્ય વસ્તુ છુપાવવા મથતો હોય તેમ જણાતું હતું. સોલોવિવ ખૂબ આનંદ અને ચેનચાળા સાથે વાતો કરતો હતો અને તેમ કરતાં વારંવાર પોતાનો હાથ ટેબલ પર પછાડતો હતો. નિજરેડ્ઝે અધૂરાં વાકયો બોલી એમ જણાવવા મથતો હતો કે જાણે તે બધું જ સમજતો હતો, પરંતુ જાહેર કરવા માગતો ન હતો, છતાં એક વસ્તુ નિશ્ચિત હતી અને તે એ કે આ કમનસીબ કન્યાના ભવિષ્ય બાબતના વિચારોમાં તેમને બધાને રસ પડયો હતો અને તેથી તેના ઉદ્ધારને લગતી વાતોમાં તેઓ તલ્લીન થઈ ગયા હતા. પરિણામે દરેક જણ પોતે જે કંઈ જણાવતો તેમાં સહાનુભૂતિ મેળવવા અજાણે સિમેોનોસ્કી તરફ જોતો, પણ સિમેોનોસ્કી કશું જ બોલ્યા વિના, ગંભીર ચહેરે, ચશ્માંમાંથી બરોબર જોઈ શકાય તે માટે માથું ઊંચું કરી, માત્ર ચુપચાપ આ બધું સાંભળ્યા કરતો. તેણે પોતાનો મત, સૌથી છેવટે જાહેર કરવા માટે સંઘરી રાખ્યો હતો.

"ઠીક, ઠીક, ઠીક," સિમેોનોસ્કીએ ટેબલ પર આંગળીઓ ફેરવતાં કહ્યું. "લિખોનીને જે કર્યું છે તે ખરેખર એક ઉમદા અને વીર કૃત્ય છે અને સોલોવિવ તથા નિજરેડ્ઝે તેમાં તેને મદદ કરવાના છે એ પણ સારું છે. મારાથી જેટલું થઈ શકે તેટલું કરવા હું પણ તૈયાર છું; પણ આપણા આ મિત્રને તેની અંતર્ગત શક્તિઓ બતાવવાનો માર્ગ મળે તેવે રસ્તે આપણે જો તેને દોરી શકીએ અને તેવો માર્ગ આપણે લઈએ તો સુગમ થઈ પડશે એમ હું માનું છું." પછી તેણે લ્યુબકા તરફ ફરીને પૂછયું: "બોલો બહેન,

તમને શું આવડે છે? તમે શું કરી શકો તેમ છો? કંઈક કામ કે એવું કાંઈ? દાખલા તરીકે ભરત, ગૂંથણ, સીવણ કે એવું કાંઈ?"

"મને તો કશું જ નથી આવડતું." હ્યુબકાએ, શરમના માર્યાં લાલચોળ થઈ જઈ, આંખો નીચી ઢાળી દઈ, ટેબલ નીચે આંગળીઓ ફેરવતાં કહ્યું. "હું તો એમાંનું કશું જ જાણતી નથી."

ત્યાં લિખોનીન તેની મદદે ધાયો: "અહીં જ આપણી ભૂલ થાય છે; કારણકે આપણે આ વાતચીત શરૂઆતથી જ પ્રારંભને બદલે અંતથી કરી છે. તેની હાજરીમાં તેને લગતી વાતચીત કરી આપણે તેને કઢંગી પરિસ્થિતિમાં મૂકીએ છીએ. જુઓ, મૂંઝવણની મારી તે બોલી પણ શકતી નથી. ચાલ હ્યુબકા, ચાલ, હું તને ઘેર મૂકી આવું—પછી હું દસ જ મિનિટમાં પાછો ફરીશ. તે દરમ્યાન તારી ગેરહાજરીમાં અમારે જે વાતો કરવાની છે તે પતાવી દઈશું. કેમ, બરોબર છે ને?"

"મને તો કાંઈ વાંધો નથી." હ્યુબકાએ ન સંભળાય તેવા સ્વરે જવાબ આપ્યો. "હું તો તમે કહેશો તેમ કરીશ . . . માત્ર મને ઘેર જવું નથી ગમતું."

"કેમ?"

"મને ત્યાં એકલાં રહેવું નથી ફાવતું. હું તો બહાર ચોગાનમાં એક બાંકડા પર બેઠી બેઠી તમારી રાહ જોઈશ."

"હાં, હાં." લિખોનીનને કાંઈ યાદ આવતું લાગ્યું. "પેલી એલેક્ઝાન્ડ્રાએ તેને ગભરાવી મૂકી છે, પણ વાંધો નહિ, હું એ ડાચરીને સીધી કરીશ. ચાલ, હ્યુબકા!"

હ્યુબકાએ ઊભાં થઈ, દરેકની સાથે હસ્તધૂનન કર્યું અને લિખોનીન સાથે બહાર નીકળી ગઈ.

થોડી વાર પછી લિખોનીન પાછો ફર્યો અને પોતાને સ્થાને ગોઠવાયો. તેને લાગ્યું કે તેની ગેરહાજરીમાં તેના વિષે કાંઈક વાતો

થઈ હતી અને તે જાણવા તેણે દરેક ઉપર આંખ ફેરવી જોઈ. પછી ટેબલ પર બન્ને હાથ મૂકતાં તેણે જણાવ્યું:

"સદ્‌ગૃહસ્થો, મને ખબર છે કે તમે બધા ઉમદા અને સહૃદયી મિત્રો છો." તેણે જરા આડી નજરથી સિમોનોસ્કી તરફ જોઈ લેતાં જણાવ્યું: "અને જરૂર પડયે મારી પડખે ઊભા રહો તેવા છો; તેથી જ મને મદદ કરવા હું તમને મારા ખરા અંતરથી આમંત્રણ આપું છું. મારે એ કબૂલ કરી લેવું જોઈએ કે આ કાર્ય ઉપાડતાં મેં પૂરતો વિચાર કર્યો ન હતો, પણ હું તે સમયે માત્ર હૃદયની અંતર્ગત પ્રેરણાથી દોરાયો હતો."

"અને એ જ સૌથી મહત્ત્વની વસ્તુ છે." સોલોવિવે કહ્યું.

"મને પિછાણનારા અને ન પિછાણનારા, મારા માટે શું કહેશે તે વિષે હું બેદરકાર છું, પણ આ બાળાને ઉગારવાની—એ મૂર્ખ શબ્દ વાપરવા માટે ક્ષમા કરજો . . . ઉગારવાની નહિ—પણ તે જીવનવિગ્રહના માર્ગે કંઈ પણ ભીતિ વગર આગળ જઈ શકે તે માટે મેં જે નિશ્ચય કર્યો છે, તેમાંથી મને કોઈ નહિ ફેરવી શકે. અલબત્ત, હું તેને માટે એક સામાન્ય ઓરડી ભાડે રાખી શકું તેમ છું, તેનો શરૂઆતનો ખાધાખર્ચ પણ ઉપાડી શકું તેમ છું; પણ મને એક વસ્તુ અકળાવે છે અને તે એ કે પછી આગળ શું કરવું. અલબત્ત આ પ્રશ્ન માત્ર પૈસાનો જ નથી, કારણકે તેની જોખમદારી તો હું ઉપાડી લઉં છું, પણ કાંઈ પણ કામ બતાવ્યા વગર માત્ર તેને ખાવાની ને પીવાની ફરજ પાડવી એનો અર્થ તો એટલો જ થાય કે તેને આળસ, બેદરકારી અને બેપરવાઈના માર્ગે જ ચઢાવવી; એટલે તેનું પરિણામ શું આવે તે તો તમે કલ્પી શકો છો. તેથી આપણે તેને માટે કાંઈ ધંધાનો વિચાર કરવો જોઈએ; અને તે જ પ્રશ્ન ઉપર આપણે સર્વેએ વિચાર કરવાનો છે. સદ્‌ગૃહસ્થો, માટે કંઈક વિચાર કરો અને મને માર્ગ બતાવો."

"તે શું કરી શકે તેમ છે, તે આપણે જાણવું જોઈએ;" સિમોનોસ્કીએ કહ્યું. "કારણકે વારવનિતાગૃહમાં દાખલ થઈ તે પૂર્વે કાંઈક તો એ કરતી જ હશે."

નિરાશા દાખવતાં લિખોનીને હાથ ફેલાવ્યા અને પછી કહ્યું:

"કંઈ જ નહિ. થોડું ઘણું સીવી શકે, ઘણું થોડું અને તેય સાવ ગામડાની કન્યા જેવું; કારણકે તે માંડ પંદર વર્ષની હશે, ત્યારે કોઈ સરકારી કારકુને તેને ફસાવી હતી. હા, થોડેઘણે અંશે ઓરડી સાફ કરતાં આવડે, લૂગડાં ધોઈ શકે અને કોબીનો સૂપ અને એવું કાંઈક રાંધી શકે, પણ તેથી આગળ કાંઈ જ નહિ."

"એનું નામ કાંઈ જ નહિ." સિમોનોસ્કીએ કહ્યું અને જીભથી ટચકારો કર્યો.

"તદુપરાંત તે સાવ નિરક્ષર છે."

"પણ એ કંઈ બહુ મહત્ત્વની વાત નથી;" સોલોવિવે લ્યુબકાનો બચાવ કરતાં કહ્યું. "કારણકે જો આપણે કોઈ ભણેલી કન્યાની બાબતમાં અથવા તો અર્ધશિક્ષિત કન્યાની બાબતમાં આવું કરવાનો પ્રસંગ આવી પડયો હોત તો તો પરિણામ મીંડામાં જ આવત; જ્યારે અહીં તો આપણી સમક્ષ સાવ અણખેડાયલું ક્ષેત્ર છે: સાવ કુંવારી ભોં છે."

"હી . . . હી . . ." નિજરેઝેએ હસવા માંડયું.

સોલોવિવને આથી ઘણો ગુસ્સો આવ્યો અને તે તેના પર તૂટી પડયો: "સાંભળ એય પ્રિન્સ! દરેક પવિત્ર વિચાર કે શુભ કાર્યને બીભત્સ સ્વરૂપ આપી શકાય, પરંતુ એમાં કશી ચાલાકી કે મોટાઈ નથી; એટલે આજે કશુંક કરી શકીએ તેનો વિચાર કરવા માટે અમે એકઠા થયા છીએ, તે તરફ તું જો. તારી મોભાગ્ર બુદ્ધિથી જ જોતો હોય, તો પેલો દરવાજો જોયો છે ને? ચાલવા માંડ."

"પણ પેલી ઓરડીમાં તો હમણાં તેં પોતે જ . . ." પ્રિન્સે ગૂંચવાડામાં પડતાં પોતાનો બચાવ શોધ્યો.

"હા, મેં કહ્યું હતું." સોલોવિવે એકદમ નરમ પડી જતાં કહ્યું. "એ મારી મૂર્ખતા હતી અને તે માટે મારી દિલગીરી જાહેર કરું છું અને હવે હું ખરા અંતઃકરણપૂર્વક જાહેર કરું છું કે લિખોનીન એક ઉમદા દિલવાળો માણસ છે અને તેના કાર્યમાં સહાયભૂત થવા માટે મારી સર્વ શક્તિઓનો તે ચાહે તે રીતે ઉપયોગ કરી શકે છે. વળી હું ફરીથી જણાવીશ કે અક્ષરજ્ઞાનનું જ્ઞાન એ ખાસ મહત્ત્વની વસ્તુ નથી. એ જ્ઞાન તો રમતાં રમતાં પણ મેળવી શકાય છે. આવા અણખીલ્યા મગજને—ખાસ કરીને શાળાની સહાય વગર અને પોતાની ઇચ્છાથી, વાંચતાં, લખતાં, ગણતાં શીખવવું એ તો સોપારીના બે ટુકડા કરવા જેટલું સહેલું છે; અને શારીરિક મહેનત કે જે વિના આજના જમાનામાં જીવવું દુર્લભ થઈ પડે છે, તેને માટે તો હજારો ધંધારોજગાર પડેલા છે—તે તો માત્ર પખવાડિયા જેટલા ટૂંક સમયમાં પણ શીખવી શકાય."

"દાખલા તરીકે?" પ્રિન્સે પૂછ્યું.

"દાખલા તરીકે. . . દાખલા તરીકે . . . હા, હવે દાખલા તરીકે, કૃત્રિમ પુષ્પો બનાવવાં. હા, અને જો તે નહિ તો, તેથીય સારું કામ તો પુષ્પવાળાની દુકાને કારકુનનું કામ. ઘણો જ સરસ ધંધો અને કોઈનાય બાપની સાડાબારી નહિ."

"તેમાં એ વિષય પ્રત્યે રસ હોવો જરૂરનો છે." સિમોનોસ્કીએ બેદરકારીભરી રીતે ઉમેર્યું.

"જગતમાં અંતર્ગત રસ કે આવડત જેવી વસ્તુ હોતી જ નથી, નહિ તો આવડતવાળા બધા માણસો ઊંચા ખાનદાન કુટુંબોમાં જ જન્મ્યા હોત. કળાકારને ત્યાં કળાકાર જન્મત અને ગાયકને ત્યાં ગાયક જન્મત; પણ આપણે એવું કાંઈ જ જોતા નથી. છતાં, હું એ વિષય વધારે લંબાવવા નથી ચાહતો. થોડાક સમય પૂર્વે એક દુકાનદારની બારી આગળ મેં એક બાળાને બેઠેલી જોઈ હતી

અને તેની આગળ એક યંત્ર હતું જે પગથી ચલાવાતું હતું." સોલોવિવે કહ્યું.

"વાહ! ફરી પાછું એક નાનું યંત્ર!" પુનઃ પ્રિન્સ સ્મિતસહ અને લિખોનીન તરફ જોતાં બોલી ઊઠયો.

"ચૂપ, નિજરેઝે!" લિખોનીને શાંતિથી પણ કડક અવાજે જણાવ્યું. "તારે શરમાવું જોઈએ."

"મૂર્ખ!" સોલોવિવે તેને ઉપહાર આપ્યો અને પછી પોતાની વાતમાં આગળ વધ્યો. "હાં... જ્યારે એ યંત્ર ચાલે છે ત્યારે તેના ઉપર, એક ચોરસ ફ્રેમમાં, કેનવાસ પાથરેલું હોય છે; અને સાચે જ એની કરામત શી હોય છે, તે હું નથી સમજી શકયો, પણ છોકરી તેમાં કંઈક કરતી હતી અને પરિણામે તે પર રંગબેરંગી ભાત પાડતી હતી. તે પર સરોવર હતું અને વચ્ચે કમળનાં પુષ્પો તથા ચારે તરફ લીલોતરી પણ હતી. વળી પાણીમાં બે હંસ એક બીજા તરફ જતાં પણ જોઈ શકાતાં હતાં, પાછળના ભાગમાં એક ઉદ્યાન હતું—જાણે કોઈ જીવંત દૃશ્યનો નમૂનો. મને તો એમાં એટલો બધો રસ પડયો કે તેની શી કિંમત થાય છે તે જાણવા હું ખાસ અંદર ગયો. તેની કિંમત સામાન્ય સીવવાના સંચા કરતાં સહેજ વધારે હતી અને તે હપ્તાથી પણ મળી શકે છે. જેને પણ સામાન્ય સીવવાનો સંચો ચલાવતાં આવડે, તે આના પર માત્ર કલાકેકની મહેનતથી કામ કરતાં શીખી શકે છે. સંચા પર જાતજાતની અને અનેક પ્રકારની આકૃતિઓ ઉતારી શકાય છે અને ખાસ મહત્ત્વની વાત તો એ છે કે બારીઓના પડદા, આલ્બમો, દીવાના શેડ અને એવી બાબતો માટે એનો ખૂબ ઉપાડ થાય છે; તેમાં આવક પણ સારી હોય છે."

"હા, એ પણ એક ધંધો ખરો." લિખોનીને વાતને અનુમોદન આપતાં અને દાઢી ઉપર હાથ ફેરવી ઊંડો વિચાર કરતાં જણાવ્યું. "પણ સાચું પૂછો તો મારી યોજના આ મુજબની છે.

મારે તો તેને માટે એક નાની શી . . . નાની શી વીશીની કે એવી જ દુકાન ઉઘાડી આપવા વિચાર છે શરૂઆતમાં તો બહુ જ નાના પાયા ઉપર, પણ જ્યાં ઘણો જ સ્વચ્છ, સસ્તો અને સુંદર ખોરાક મળતો હોય; કારણકે ઘણા વિદ્યાર્થીઓને, પોતે ક્યાં જમે છે અને શું જમે છે, એની બહુ પરવા હોતી નથી. અને વિદ્યાર્થીઓનાં ભોજનગૃહોમાં હંમેશાં જગ્યાની પણ તાણ હોય છે, તેથી કદાચ આપણે આપણામાંના ઘણા વિદ્યાર્થીઓને આ તરફ આકર્ષી શકીશું."

"એ યોજના સારી છે," પ્રિન્સે કહ્યું. "પણ સાથે જ તેટલી અવ્યવહારુ છે; કારણકે આપણે બધા ઉધાર જમવાની શરૂઆત કરીશું. તું તો એ સારી રીતે જાણે છે કે, પૈસાની બાબતમાં આપણે નાદાર હોઈએ છીએ! આવા કામને માટે તો કોઈ વ્યવહારુ, કોઈ પૂરતો ખબરદાર માણસ જોઈએ અને જો સ્ત્રી હોય તો ગ્રાહકને કાચો ખાઈ જાય તેવી જોઈએ; છતાંય તેની પડખે એક પુરુષ તો જોઈએ જ. હું નથી ધારતો કે જમનાર બરાબર રીતે પૈસા આપે છે કે નહિ, તે જોવા માટે લિખોનીનને ત્યાં ઊભા રહેવું પાલવે!"

આ સાંભળી લિખોનીને પ્રિન્સ તરફ તિરસ્કારપૂર્ણ નજરે જોયું અને દાંત કચકચાવ્યા, પણ મોંએથી કાંઈ બોલ્યો નહિ.

સિમેનોસ્કી ચશ્માંના કાચને રમાડતો, પોતાના ભાવહીન, જોખી જોખીને બોલતો હોય તેવા શબ્દોમાં કહેવા લાગ્યો. "તમારો હેતુ સદ્‌ગૃહસ્થો, ઘણો જ ઉમદા છે અને તે વિષે બે મત છે જ નહિ, પણ તમે બધાએ આ વસ્તુની એક શંકાસ્પદ દિશા તરફ ધ્યાન આપ્યું છે? કારણકે એક વીશી ખોલવી તેમાં—શરૂઆતમાં પૈસા, મદદ અને કોઈના પીઠબળની જરૂર પડે છે. એ ખરું છે કે પૈસાનો તો સવાલ રહ્યો નથી, એમાં હું લિખોનીન સાથે સંમત થાઉં છું; પણ તો આવા ઔદ્યોગિક જીવનનો પ્રારંભ કે, જેમાં એકે એક પગલાં માટે પહેલેથી સગવડ કરી મૂકવામાં આવી હોય તે

અનિવાર્ય બેદરકારી, બેપરવાઈ અને અંતે ધંધા તરફ ઉદાસીન તિરસ્કારને જન્મ નહિ આપે? એક બાળક પણ પચાસ વખત જમીન પર પછડાયા વગર ચાલતાં નથી શીખતું . . . . . . નહિ! જો તમે આ બાળાને સાચે જ મદદ કરવા માંગતા હો, તો તમે તેને એક બાપકમાઈવાળાની જેમ નહિ, પણ ખરેખર એક મહેનતુ વ્યક્તિની માફક, પોતાના પગ ઉપર ઊભા રહેવાની તક આપો. જો કે આ યોજનામાં મહેનતનો બોજો, કામચલાઉ જરૂરિયાત વગેરે નાહિંમત કરનારાં તત્ત્વો છે ખરાં, પણ જો તે એ બધાને જીતી જશે તો તો તે આગળના કાર્યક્રમમાં ફત્તેહમંદ જ થશે."

"ત્યારે, તમારા મત મુજબ, તેણે શું બનવું—એક રકાબીઓ ધોનારી!" સોલોવિવે અવિશ્વાસની લાગણી સાથે પૂછ્યું.

"હા." સિમોનોસ્કીએ ઠંડા પેટે આક્ષેપનો જવાબ વાળતાં કહ્યું. "રકાબી ધોનારી, યા ધોબણ યા રસોઈણ. દરેક પ્રકારની મહેનત માણસને ઉચ્ચ માર્ગે લઈ જાય છે."

લિખોનીને માથું ધુણાવ્યું અને પછી બોલ્યો:

"સોનાના શબ્દો. તારા શબ્દો મારફતે ખુદ ડહાપણની દેવી પોતે બોલતી જણાય છે, સિમાનોસ્કી! રકાબી ધોનારી, રસોઈણ દાસી, ગવર્નેસ . . . પણ, સૌથી પહેલાં તો એ જ શંકા છે કે તેમાંના એકેને માટે તે લાયક છે કે નહિ: બીજું તે દાસી તરીકે તો એક જમાનામાં કામ કરી ચૂકી છે અને ત્યાં શેઠનો મિજાજ, તેની વિષયવાસના વગેરેનો સ્વાદ પણ ચાખી ચૂકી છે. કહેવાય છે કે નેવું ટકા વારવનિતાઓ આ ઘરની ચાકરડીઓના વર્ગમાંથી આવે છે, એ વાતથી તું શું અજાણ છે? અને પરિણામે, ગરીબ બિચારી લ્યુબા, પહેલી જ તકે સૌથી છેવટે વધારે ખરાબ નહિ તો ત્યાંનો માર્ગ લેશે કે જ્યાંથી હું તેને છોડાવી લાવ્યો છું; કારણકે એ માર્ગથી તે પરિચિત છે અને ત્યાં આટલી ભયંકરતા હોતી નથી; ઉપરાંત

શેઠની રીતભાત જોતાં તેને એ જ વધારે યોગ્ય લાગશે. વળી મારે માટે, એટલે કે આપણા બધાને માટે એ શું શોભારૂપ છે કે, આટલી બધી મહેનત અને ધાંધલ પછી આપણે જેને જે જગ્યાએથી છોડાવી લાવ્યા ત્યાં જ પુનઃ તેને ધકેલી મૂકવી ?"

"બરોબર છે." સોલોવિવે અનુમોદન આપ્યું.

"જેવી તમારી બધાની ઇચ્છા." જાણે પોતાને કાંઈ જ લાગતું-વળગતું ન હોય તેવા ભાવથી સિમોનોસ્કીએ જણાવ્યું.

"પણ જ્યાંસુધી મને લાગેવળગે છે," પ્રિન્સે કહ્યું. "ત્યાંસુધી હું એક વ્યક્તિ અને એક ઉત્કંઠિત માનસવાળા માણસ તરીકે આ અખતરામાં હાજર રહેવા અને તેમાં ભાગ લેવા માગું છું, પણ આજે રવિવારે જ મેં તમને બધાને ચેતવણી આપી હતી કે આવા અખતરાઓ આ પૂર્વે અનેક થઈ ચૂકયા છે અને તે બધાનો —જેટલા આપણી જાણમાં છે તે બધાનો—એક ભવ્ય નિષ્ફળતામાં અંત આવ્યો છે, જ્યારે જે વિષે આપણે માત્ર સાંભળ્યું છે, તે પુરાવા વિનાનું અને શંકાસ્પદ છે . . . પણ હવે તો તેં કાર્ય હાથમાં લીધું છે એટલે તેને પાર પાડવું જ જોઈએ. અમે બધા તારી પડખે છીએ, લિખોનીન."

લિખોનીને ટેબલ પર હાથ પછાડયો.

"ના!" તેણે નિશ્ચયાત્મક સ્વરે જણાવ્યું. "દોરી પકડીને ચાલતા માણસના માર્ગ વિષેની સિમોનોસ્કીની કેટલીક શંકાઓ સાચી છે, પણ એ સિવાય બીજો કોઈ માર્ગ મને સૂઝતો નથી. પ્રારંભમાં હું તેને રહેવા અને ખાવાની બાબતમાં મદદ કરીશ . . . કંઈક હલકું કામ શોધી આપીશ અને તે માટે જોઈતી વસ્તુઓ લાવી આપીશ. પછી ભલે જે થવાનું હોય તે થાય! અને તેનું મગજ કંઈક કેળવણી પામે તે માટે આપણે બધાએ કાંઈક કરવું જોઈએ; કારણકે તેનો આત્મા અને તેનું હૃદય તો સુંદર છે, એ વિષે મને ખાત્રી છે. આને માટે મારી પાસે કાંઈ કારણો નથી, પણ

મને લાગે છે કે તેમાં હું કાંઈ ભૂલ તો નથી જ કરતો. નિજરૅડેં, આ મશ્કરી કરવાનો સમય નથી." તેણે ફિક્કા પડી જઈ ગુસ્સેથી બરાડતાં કહ્યું. "તારી નાલાયક ટીકાઓ ઘણો વખત થયાં સાંભળવા છતાં હું જાણીબૂજીને ચૂપ રહ્યો છું. અત્યાર સુધી હું તને એક લાગણીવાળો અને ભાવનાપ્રધાન માણસ સમજતો હતો, પણ હવે જો એવું કાંઈ પણ કર્યું છે તો ખાત્રી રાખજે કે તારા વિષેનો મારો અભિપ્રાય ફેરવી નાંખીશ અને તે પણ સદાને માટે!"

"પણ મેં તો તેવું કાંઈ કર્યું નથી . . . . . . સાચે જ . . . પણ એમાં આટલો બધો ગુસ્સો શાને થઈ જાય છે, પ્રિય મિત્ર! મારું હસવું તને ન ગમતું હોય તો અત્યારથી સેવક ગંભીર બની જાય છે. ચાલ હાથ મિલાવ, લિખોનીન, અને આ પ્રસંગની યાદગીરીમાં ગ્લાસ ભર!"

"ઠીક, ઠીક, હવે આધો મર! લે, આ તારી તંદુરસ્તીની ખુશાલીમાં! ચાલ, હવે છોકરવેડા ન કર! . . . . . . હા, હવે આપણે ક્યાં અટક્યા હતા, સદ્‌ગૃહસ્થો! સ્વતંત્ર મહેનત મજૂરીની મહત્તા, જેમાં કંઈ પણ વિઘ્ન ન હોય તેવા, સિમોનોસ્કીના ન્યાયી મતને સંતોષ મળે તેવું કાંઈ મળી આવે, તો હું મારી યોજનાને વળગી રહેવા તૈયાર છું. હ્યુગાને દરેક બાબતથી માહિત કરવા, જેમકે તેને નાટ્યશાળામાં લઈ જવી, જલસાઓમાં લઈ જવી, ભાષણોમાં તથા મુશાયરાઓમાં લઈ જવી, તેની આગળ મોટેથી વાંચવું, તેને—સંગીત અલબત્ત તે સમજી શકે તેવું સંગીત—સાંભળવાની તક આપવી, એ બધું કરવા હું તૈયાર છું; પણ આ બધું મારા એકલાથી થવું મુશ્કેલ છે, તેથી તેમાં હું તમારા બધા તરફથી મદદની આશા રાખું છું અને તે પછી તો, જેવી ઈશ્વરેચ્છા!"

"હા!" સિમોનોરકીએ કહ્યું. "વસ્તુ જૂની નથી; અને આપણે જે જાણવાનું શક્ય નથી તેને કેવી રીતે જાણી શકીએ— પણ કદાચ લિખોનીન! તું ધર્મપિતા બનીશ. હું પણ મારી

સેવાઓ તેમાં અર્પું છું."

"અને હું પણ! અને હું પણ!" બીજા બેએ પણ કહ્યું. અને તરત જ ટેબલ આગળથી જરા પણ ખસ્યા વગર, હ્યુમ્બર્ટાને શિક્ષણ આપવા ચારે વિદ્યાર્થીઓએ એક વિશાળ અને અદ્દ્ભુત કાર્યક્રમ ઘડી કાઢ્યો.

સોલોવિવે વ્યાકરણ અને લેખનકાર્ય શીખવવાનું માથે લીધું. કંટાળાભર્યા પાઠોથી તે કંટાળી ન જાય અને તે જલદીથી પોતાના ભણવા તરફ ધ્યાન આપે તે માટે એણે રશિયન અને પરદેશી સરળ નવલકથાઓ તેની સમક્ષ વાંચવાનું પણ સાથે સાથે માથે લીધું. લિખોનીને પોતાના ખાતે ગણિત, ભૂગોળ અને ઇતિહાસ શીખવવાનું રાખ્યું.

જ્યારે પ્રિન્સે પોતાની હંમેશની મજાકો છોડી દઈ, સરળ હૃદયે જણાવ્યું: "મારા બાળકો, હું તો કંઈ જ જાણતો નથી અને જે કાંઈ હું જાણું છું, તે એટલું ખરાબ રીતે જાણું છું કે તેની કાંઈ કિંમત જ નથી, પણ મહાન અને પ્રતિભાશાળી જ્યોર્જિયન કવિ રૂસ્તાવેલીની અમર કૃતિ 'ચિત્તાનું ચામડું' તેની આગળ વાંચીશ અને તેની લીટીએ લીટી તેની આગળ ભાષાંતર કરી જઈશ. એ પણ સાથે હું કબૂલ કરી લઉં કે હું શિક્ષક તરીકે સાવ નાલાયક છું; કારણકે એક જગ્યાએ હું ભણાવવા રહ્યો હતો, પણ બીજે જ દિવસે મને હાંકી કાઢવામાં આવ્યો હતો. આમ હોવા છતાં મેન્ડોલીન, બેગપાઈપ અને સિતાર પર મારા જેટલો કાબૂ બીજા કોઈને નહિ હોય!"

પ્રિન્સ સરળ હૃદયથી આ બધી વાત કરતો હતો અને તે જ કારણસર લિખોનીન અને સોલોવિવને હસવું આવ્યું, પણ અણધાર્યો અને બધાના આશ્ચર્ય વચ્ચે સિમોનોસ્કીએ તેને ટેકો આપ્યો અને જણાવ્યું:

"પ્રિન્સનું કહેવું ખરેખર અર્થપૂર્ણ છે. કોઈ પણ વાજિંત્ર

પરનું પ્રભુત્વ એ માનવીનું રસજ્ઞાન કેટલું ઉચ્ચ કક્ષાએ પહોંચેલું છે તે બતાવે છે. એટલું જ નહિ પણ જીવનમાં તે મદદરૂપ થઈ પડે છે. અને હું . . . સદ્‌ગૃહસ્થો તેની સમક્ષ કાર્લ માર્કસનું 'મૂડી' તથા 'માનવ સંસ્કૃતિનો ઇતિહાસ' વાંચીશ. ઉપરાંત તેને રસાયણશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, સૃષ્ટિવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના વિષયોનો અભ્યાસ કરાવવાનું પણ હું માથે લઉં છું."

સિમોનોસ્કીના બોલ હંમેશાં દરેક માનપૂર્વક સાંભળતું તથા અત્યારનો પ્રશ્ન પણ મહત્ત્વનો હતો, નહિ તો બાકીના ત્રણે વિદ્યાર્થીઓ ઉપરનું ભાષણ સાંભળી ખડખડાટ હસી પડ્યા હોત; પરંતુ અત્યારે તો તેઓ માત્ર ફાટે ડોળે તેના તરફ જોઈ રહ્યા હતા.

"હા." સિમોનોસ્કીએ પુનઃ ગંભીરતાપૂર્વક કહેવા માંડ્યું. "ઘેર થઈ શકે તેવા રસાયણ અને ભૌતિક શાસ્ત્રના અખતરાઓ તેની સમક્ષ કરી બતાવીશ. આ અખતરાઓ હંમેશાં રસિક હોઈ માનવીને ઉપયોગી થઈ પડે તેવા હોય છે અને તે કેટલાક જડ ઘાલી બેઠેલા વહેમોને દૂર કરવામાં પણ મદદ કરે છે. સાથે સાથે તે દ્વારા જગતની રચના અને ભૌતિક વિષયો પણ સમજાવી શકીશ. કાર્લ માર્કસની બાબતમાં તો એટલું જ યાદ રાખવાનું છે કે મહાન પુસ્તકો જો સમજાય તેવી રીતે રજૂ કરવામાં આવે, તો જેટલી સહેલાઈથી તે વિદ્વાન માણસો સમજી શકે છે, તેટલીજ સહેલાઈથી નિરક્ષર માણસો પણ સમજી શકે છે, કારણકે દરેક મહાન વિચાર મૂળમાં તો બહુ સરળ હોય છે."

લિખોનીને હ્યુબકાને નક્કી કરેલે સ્થળે, બહાર બેન્ચ પર બેઠેલી જોઈ. તે તેની સાથે ઘેર ગઈ, પણ તેમ કરવામાં તેને જરા પણ આનંદ થતો ન હતો; કારણકે લિખોનીને ધાર્યું હતું તેમ ગડબડાટ કરતી એલેક્ઝાન્ડ્રાનાં કઠોર શબ્દોથી હ્યુબકા ત્રાસી ગઈ હતી;

તદુપરાંત લિખોનીન પોતાનો ભૂતકાળ છુપાવવા કાંઈ પણ પ્રયત્ન કરતો ન હતો, તે વિચાર તેને ખૂબ સતાવી રહ્યો હતો, પણ તે, જે આનાના ગૃહમાં પોતાની ઇચ્છાશક્તિ ગુમાવી બેઠી હતી, જેનું વ્યક્તિત્વ હરી લેવામાં આવ્યું હતું અને જે દરેક મહેમાનના આમંત્રણને વગર વિરોધે સ્વીકારવા ટેવાયલી હતી, તે મોઢામાંથી એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર તેની સાથે ચાલવા લાગી.

આ દરમ્યાન શેતાન એલેક્ઝાન્ડ્રા ગૃહપતિ પાસે પહોંચી ગઈ હતી અને તેની આગળ ફરિયાદ કરી હતી કે લિખોનીન એક બાળાને લાવ્યો હતો અને તેણે તેની સાથે પોતાની ઓરડીમાં રાત ગુજારી હતી, પણ તે કોણ હતી તે પોતે કહી શકતી ન હતી; લિખોનીન કહે છે કે તે એની સગી છે પણ તેણે તેનો પરવાનો રજૂ કર્યો ન હતો. આ ગૃહપતિ ઘણો કઠોર માણસ હતો અને ભાડૂતો પ્રત્યે, હારેલા લોકો તરફ વિજેતા વર્તે તે રીતે વર્તતો હતો અને માત્ર વિદ્યાર્થીઓથી જ જરા ડરતો હતો, કારણકે કેટલીક વાર તે લોકો તેનો નાકમાં દમ લાવતા હતા. તેના મગજમાં વાત ઉતારતાં એલેક્ઝાન્ડ્રાને પુષ્કળ સમય વિતાવવો પડચો હતો. અંતે લિખોનીને લ્યુબકા માટે, પોતાની ઓરડીથી કેટલેક દૂર, પણ તે જ મકાનમાં એક જુદી ઓરડી ભાડે રાખી, ત્યારે જ આ ગૃહપતિ મહાશય કાંઈક શાંત પડચા હતા. લ્યુબકાની નવી ઓરડી એક નાની બારી અને ચાર દીવાલોવાળું નાનું કાતરિયું જ હતી.

" પણ છતાંય, મિ. લિખોનીન, કાલે જરૂરથી પરવાનો રજૂ કરજો." ગૃહપતિએ છૂટા પડતાં પરવાનાની વાત પર ભાર મૂકતાં જણાવ્યું. " તમે બહુ મહેનતુ અને સભ્ય માણસ છો, આપણે એક બીજાને ઘણા વખતથી પરિચિત છીએ અને તમે તો જાણો છો કે હાલનો સમય કેટલો કટોકટીનો છે. જો કોઈ જઈ ને મારી વિરુદ્ધ વાતો કરે તો મને તરત જ રજા મળે એટલું જ નહિ, પણ મને આ ગામમાં પણ રહેવા ન દે. આજકાલ એ લોકો બહુ સખ્તાઈથી વર્તે છે."

સાંજના સમયે લિખોનીન લ્યુબકાને લઈને ફરવા નીકળ્યો અને પ્રિન્સીઝ પાર્કમાં જઈ ત્યાંના સંગીતની મોજ માણી વહેલો ઘેર પાછો ફર્યો. તે લ્યુબકાને તેની ઓરડી સુધી મૂકી આવ્યો. અને તરત જ એક પિતાની જેમ તેને કપાળે હોઠ અડાડી છૂટો પડયો; પણ દસ મિનિટ પછી, જ્યારે તે કપડાં કાઢયા વગર જ પથારીમાં પડયો પડયો કાયદા વિષેનું પુસ્તક વાંચતો હતો, ત્યારે બિલાડી જેટલી ચુપકીદી દાખવતી લ્યુબકા તેના ઓરડામાં દાખલ થઈ

" વહાલા! પ્રિયતમ! તમને તકલીફ આપવા માટે ક્ષમા કરજો. તમારી પાસે સોયદોરો નથી ? પણ એમ ગુસ્સે ન થશો. હું તરત જ ચાલી જઈશ."

" લ્યુબા ! તરત જ નહિ પણ હમણાં જ—અબઘડીએ ચાલી જવા હું તને ફરમાવું છું."

" મારા વહાલા ! મારા પ્રિયતમ !" લ્યુબકાએ દયામણી અને હાસ્યજનક રીતે ગણગણવા માંડયું. " પણ એમ નકામા શું કરવા બૂમો પાડો છો ?" અને તરત જ બીજી પળે, મીણબત્તીના દીવાને એક ફૂંકથી હોલવી નાખી, હસતાં ને રડતાં અંધારામાં લિખોનીનના ગળે બાઝી પડી.

" નહિ લ્યુબા, આમ ન થવું જોઈએ. આ રીત ચલાવ્યે રાખવી એ તો અશકય વાત છે." લિખોનીન દસ મિનિટ પછી, એક કામળામાં વિંટળાયેલો, બારણા આગળ ઊભો રહી બોલતો હતો. " કાલે હું તારે માટે એક જુદા જ મકાનમાં ઓરડી ભાડે રાખી આવીશ. મહેરબાની કરી આવું ફરીથી ન થવા દઈશ. ચાલ. સાહેબજી, પ્રભુ તારું ભલું કરે ! છતાં મને વચન આપ કે આપણો સંબંધ માત્ર મિત્રાચારીભર્યો જ રહેશે."

" આ મારું વચન ! વચન !" લ્યુબકાએ સ્મિત કરતાં કરતાં કહ્યું અને ઓચિંતી તેના ગાલને ચુંબન કરી તેના હાથને ચૂમવા લાગી.

છેલ્લું કાર્ય સાવ તાત્કાલિક અને અંતરની ઓચિંતી પ્રેરણા આભારી હતું અને ખુદ હ્યુબકાને માટે પણ તે અણધાર્યું હ તેણે, પોતાના સારાય જીવનમાં પાદરી સિવાય, કોઈ પણ પુરુષ હાથને ચુંબન કર્યું ન હતું. કદાચ તે આ રીતે લિખોનીનને એ દાખવવા માગતી હતી કે પોતે તેની કેટલી આભારી છે અને કેટલી ઉચ્ચ કક્ષાનો માનવી છે !

[૧૫]

ઘણા માણસોના મત મુજબ રશિયાના સંસ્કૃત વર્ગમાં અદ્ભુ પુરુષોની એક સારી જેવી સંખ્યા છે અને તેઓ રશિયન ભૂ અને સંસ્કૃતિના સાચા પુત્રો હોઈ, મોં પર જરા પણ વિષાદ છાયા લાવ્યા વગર, મોતનો સામનો કરી શકવાની તાકાત ધર છે. તેઓ પોતાના સિદ્ધાંત, ભલે એ અશક્ય ભાસતો હોય છતાં, માટે ગમે તેવાં દુઃખ અને યાતના સહન કરવા તૈયાર હોય પરંતુ આ જ લોકો એક દરવાનના હોંકારા આગળ નરમ ! જતા હોય છે, ધોબણનો ધાંટો સાંભળી ધ્રૂજી ઊઠતા હોય છે ર ભોગેજોગે જો પોલીસ–થાણાની મુલાકાત લેવી પડે, તો તો એ સ્થ દૃષ્ટિગોચર થાય તે પૂર્વે જ તેમના ટાંટિયા ધ્રૂજવા માંડતા હોય લિખોનીન પણ આવો જ રશિયાના એ સંસ્કૃત વર્ગનો માનવી હ બીજે દિવસે (ગઈ કાલે તહેવાર હોવાથી તથા બહુ મોડું થવાથી જે નહે બની શક્યું) તે સવારમાં વહેલો ઊઠયો અને જેવું તેને યાદ આવ્યું આજ હ્યુબકાના પરવાના માટે જવાનું છે કે તરત જ પૂર્વે જ્ય તે શાળામાં ભણતો અને પોતે નપાસ જ થવાનો છે એવી ખા સાથે પરીક્ષા આપવા જતાં જેવી સ્થિતિ થતી, તેવી જ ખર સ્થિતિ તેની આજે પણ થઈ ગઈ. માથામાં ચક્કર આવવા લાગ્યાં ર

હાથ અને પગ તો કોઈ બીજાના જ હોય તેમ ભાસવા માંડયું; ઉપરાંત સડકો પર કાદવ કરતો ઝરમર ઝરમર વરસાદ પણ સવારનો પડયા કરતો હતો. "હંમેશા જ્યારે મારે માટે કોઈ અણગમતો બનાવ ઊભો થવાનો હોય, ત્યારે જ આ વરસાદ કોણ જાણે કયાંથી આવી પહોંચે છે." લિખોનીનને કપડાં બદલતાં વિચાર સ્ફુર્યો.

તે જ્યાં વસતો હતો ત્યાંથી થાણાનો લત્તો બહુ દૂર ન હતો. બહુ બહુ તો અડધોથી પોણો માઈલ દૂર હશે. ટૂંકમાં એ લત્તામાં પોતે ઘણી વાર જઈ ચૂકયો હતો, પણ આજ પૂર્વે તેને કયારેય દિવસના સમયમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ન હતો. તે માર્ગ પર વળતાં તેને આખો વખત લાગ્યા કર્યું કે પોતે કયાં જતો હતો એ, રસ્તે ચાલતું દરેક માનવી જાણતું હતું અને પરિણામે સામેથી આવતો દરેક રાહદારી, દરેક પોલીસવાળો અને દરેક ગાડીવાન તેના તરફ તિરસ્કાર, ઘૃણા અને જિજ્ઞાસાથી જોતો હતો. જ્યારે પ્રભાત ખુશનુમા નથી હોતું ત્યારે માનવીઓના ચહેરા પર જે પ્રકારની ફીકાશ અને વિકૃતિ દેખાય છે, તેવી જ ફીકાશ અને વિકૃતિ આજે તેને દરેકના ચહેરા પર દેખાતી હતી. વારંવાર તે મનમાં ને મનમાં પોતે ત્યાં ગયા બાદ પોલીસ સ્ટેશન પર જઈને શું બોલશે, તેનું રીહર્સલ કરતો હતો અને દરેક વખતે તે કાંઈક જુદી જ ગોઠવણી કરતો હોય તેમ જણાતું હતું. આવા અપૂર્ણ રીહર્સલોથી તેને પોતાની જાત પ્રત્યે ગુસ્સે થતો અને ઘણી વાર વચ્ચે જ અટકી જઈ તે પોતાને સંબોધન કરતોઃ

"નહિ, તારે પ્રથમથી આનો વિચાર જ ન કરવો, શું કહેવાનું છે એ પહેલેથી તારે નક્કી જ ન કરવું; કારણકે તત્કાળ જે જવાબો સૂઝે છે, તેથી કાર્ય વધારે સરળ થઈ પડે છે . . ."

અને પુનઃ કાલ્પનિક સંવાદો તેના મગજમાં તૈયાર થવા લાગતાઃ

"આ બાળાને તેની ઇચ્છા વિરુદ્ધ રોકી રાખવાનો તને કંઈ પણ અધિકાર નથી."

"હા, તો ભલે પોતાની ઇચ્છાથી જાહેર કરે કે તે અહીં રહેવા ખુશી નથી."

"હું તો તેના કહેવાથી આવ્યો છું."

"હશે, પણ એની ખાતરી શી?" અને પુનઃ તે મનમાં ને મનમાં આ કાલ્પનિક સંવાદોને અટકાવી દેતો.

અને પછી શહેરના છેડાનો ભાગ શરૂ થયો. ત્યાં ગાયો આમથી તેમ રઝળતી હતી. એક વાડની નજીક પહોળો પગમાર્ગ હતો, અને ત્યાં નાનાં નાનાં ખાબોચિયાં અને ઝરણાંઓ પર જર્જરિત અને મહામુશ્કેલીએ ટકાવી રાખેલા પુલ જોવામાં આવતા હતા. પછી તે યામસ્કાયા શેરીમાં દાખલ થયો. આનાના ગૃહમાં બારીઓ બધી બંધ હતી—જાણે મહા રોગચાળો ચાલ્યા પછી સર્વત્ર શાંતિ ફેલાઈ જાય, તેવી જ મૃતવત્ શાંતિ ત્યાં ચારે બાજુ આવેલાં બંધ ગૃહોને લીધે ભાસતી હતી. ધડકતે હૈયે લિખોનીને ઘંટડીની દોરડી ખેંચી.

જવાબમાં એક હાથમાં ઘાઘરો અને બીજા હાથે ભીનો કકડો પકડી, ગંદા મુખવાળી એક ઉઘાડપગી દાસી આવી. તે હમણાં ઓરડો ધોતી હતી.

"હું જેનકાને મળવા માંગું છું." લિખોનીને શરમાતાં શરમાતાં કહ્યું.

"જેનીબાઈ તો એક મહેમાનની સેવામાં છે. તે હજી ઊઠયાં નથી."

"તો પછી ટમારા?"

ચાકરડી તેના તરફ કંઈક શંકાભરી નજરે જોઈ રહી.

"મિસ ટમારા . . . જોઉં . . . પણ મને લાગે છે કે તેમને ત્યાં પણ મહેમાન હશે . . . પણ તમારે શું કામ છે . . . તેમની મુલાકાત માટે આવ્યા છો કે કાંઈ બીજા કામ માટે?"

"ના, તેવું કાંઈ નથી . . . ભલે મુલાકાત કહેજે."

"ઠીક... તપાસ કરી કહું...જરા ઊભા રહેજો."

અર્ધ અંધકારમય દીવાનખાનામાં લિખોનીનને મૂકીને તે ચાલી ગઈ. બારીઓના પડદાઓની તડમાંથી આવતાં નીલવર્ણાં રજકણો ચારે બાજુ ફેલાયલા અંધકારને ભેદવા મથતાં જણાતાં હતાં ઓરડાનું ફર્નિચર અને ભીંતે લગાવેલાં ચિત્રો બિહામણા ધાબાં જેવાં લાગતાં હતાં. ઉપરાંત ઓરડામાંથી ગઈ કાલની તમાકુની, શરદીની, ખટાશની તથા ખાલી નાટ્યશાળાઓ અને તેવી જગ્યાઓમાંથી જે એક પ્રકારની વિચિત્ર અને ન સમજાય તેવી વાસ આવે છે, તેવી વાસ આવતી હતી. દૂર દૂર શહેરમાં જતી એક જર્જરિત ઘોડાગાડીનો ખડખડાટ વચ્ચે વચ્ચે સંભળાતો હતો. ભીંત પર લગાવેલી ઘડિયાળમાંથી કંટાળાભર્યો ટીકટીકનો અવાજ આવ્યા કરતો હતો. અને આવા વાતાવરણ વચ્ચે કંઈક અકથ્ય મૂંઝવણ અનુભવતો લિખોનીન, પોતાના બે હાથ ચોળતો આમથી તેમ ફરતો હતો. કોણ જાણે કેમ પણ આજે તેને ખૂબ શરદી લાગી હોય તેમ જણાતું હતું.

"મારે આ મૂર્ખ પ્રહસન માથે વહોરી લેવાની કાંઈ જ જરૂર ન હતી." તે જરા ગુસ્સામાં જ વિચાર કરતો હતો. "એ તો હવે નક્કી જ છે કે આખીય વિદ્યાપીઠમાં હું એક આંગળી ચીંધવાનું સાધન બની ચૂકયો છું. સેતાને જ મને ફસાવ્યો! અરે, પણ જ્યારે ગઈ કાલે જ તે કહેતી હતી કે મને જવા દો ત્યારે પણ કાંઈ બહુ મોડું નહોતું થયું. મારે તો માત્ર ગાડીભાડાના તથા તેને બક્ષિસ તરીકે થોડા પૈસા આપવાની જરૂર હતી અને બધુંય ઠીક થઈ જાત, અને આજે તો આ અમાપ ભારના બોજા નીચે દબાઈ જવાને બદલે અને નિરાશાની લાગણીઓ અનુભવવાને બદલે, સ્વતંત્ર બની આનંદથી હું છૂટો હરતોફરતો હોત; પણ હવે પાછું ડગલું ભરાય તેમ રહ્યું નથી, કાલે તો તેટલું પણ નહિ હોય અને પરમ દિવસે તો પાછા ફરવાનો માર્ગ સમૂળગો બંધ થઈ જશે. એકાદ મૂર્ખ ડગલું ભર્યું તો તરત જ

તેને અટકાવવું જોઈતું હતું; પણ બીજી બાજુ જો તેમ ન કર્યું તો તો તે બીજાં બે મૂર્ખ પગલાંને સાથે ઘસડી લાવે છે અને આ બે નવાં પગલાં બીજાં વીસને ઘસડી લાવે છે. અથવા તો કદાચ અત્યારે પણ પાછા ફરવાનો માર્ગ સમૂળગો તો નથી બંધ થઈ ગયો? કારણકે તે પણ તેના જેવી બીજી છોકરીઓની જેમ મૂર્ખ, અજ્ઞાન છે અને કદાચ ચક્રમ પણ હશે. તે તો માત્ર એક બે પગવાળું પ્રાણી છે કે જે માત્ર પેટ ભરવાનું અને શય્યાભાગી થવાનું જ સમજે છે. ઓહ! સેતાન!" લિખોનીને બળપૂર્વક પોતાના ગાલ, કપાળ તથા માથા પર હાથ ફેરવ્યો અને આંખો મીંચી દીધી. "અને જો હું સામાન્ય વિષયવાસનાના માર્ગથી જ દૂર રહ્યો હોત! કારણકે—" તે સ્વગત બોલતો હતો. "કારણકે અત્યાર સુધીમાં બે વાર તો એ બની ચૂક્યું છે અને પછી તો એ નિરંતર ચાલ્યા જ કરવાનું..."

પણ સાથે સાથે આનાથી વિરોધી બીજા વિચારો પણ તેના માનસજગતમાં પરિભ્રમણ કરી રહ્યા હતા.

"પણ, ગમે તેવો તોય હું એક પુરુષ છું. મારે મારો બોલ પાળવો જ જોઈએ. અને મને આ કરવાની પ્રેરણા આપનાર ખરેખર એક ઉમદા અને ઉચ્ચ ભાવનાવાળી પ્રેરણાશક્તિ હતી. જે સમયે મારા વિચારને મેં કાર્યમાં મૂક્યો ત્યારે મને અતિવ આનંદ થયો હતો તે મને બરાબર યાદ છે. એ એક મહાન અને ગજબનાક પવિત્ર લાગણી હતી, કે પછી દારૂ, નિદ્રાહીન રાત, સિગારેટ અને લાંબી લાંબી વાતોને પરિણામે મગજની અતિશયોક્તિ જ માત્ર હતી?"

અને તે જ પળે કોઈ અગમ્ય ઊંડાણમાંથી, કઢંગી, શરમાળ અને નિર્દોષ મુખારવિંદવાળી લ્યુબકા તેના સ્મરણજગતમાં હાજર થતી.

"તો પછી હું એક બાયલો અને નકામો માણસ તો નથી?" લિખોનીનના આત્મામાંથી કોઈએ પોકાર કર્યો અને તેણે જોરથી

પોતાના હાથ વિંઝોટયાઃ "હું શાથી આટલો બધો ડરું છું ? મારે કોનાથી ગભરાવાનું છે ? મારા જીવનનો હું જ માલિક છું એ વિચાર પર તો આજ સુધી હું મુસ્તાક રહ્યો હતો. માની લઈએ કે આ અદ્ભુત બનાવ—આ એક માનવ આત્મા પર કરવામાં આવતો માનસિક પ્રયોગ કે જે એક અપૂર્વ પ્રયોગ હોઈ નવાણુ ટકા નિષ્ફળ જ જવાનો છે—તે અતિશયોક્તિએ મારા મગજમાં ઘર કર્યું હતું. તો શું મારે આને માટે કોઈને જવાબ આપવાનો છે કે કોઈ શું કહેશે તેથી મારે ડરવાનું છે ? લિખોનીન ! માનવજાત પ્રત્યે શિખર પરથી દૃષ્ટિપાત કરતાં શીખ !"

તે જ પળે સફેદ અંગરખા પર રાત્રીનું જેકેટ ચઢાવી, છૂટા વાળ સાથે, તરતની જ ઊંઘમાંથી ઊઠેલી જેનકા આવી પહોંચી.

"આ . . ." તેણે લિખોનીન તરફ હાથ લંબાવતાં બગાસું ખાધું. "કેમ છો, મારા પ્રિય વિદ્યાર્થી ! અમારી લ્યુબકાને નવી જગ્યામાં ગમે છે કે ? કોઈક દહાડો ત્યાં આવવાનું આમંત્રણ તો આપજો ! કે પછી તમે તમારું મધુચન્દ્ર શાંતિથી ભોગવી રહ્યા છો ! બહારના કોઈ સાક્ષીઓ સિવાય ?"

"એ મૂર્ખ બકવાદ બંધ કર, જેનકા ! હું તો પરવાના માટે આવ્યો છું."

"એ . . . મ ! પરવાના માટે ?" જેનકા વિચારમાં પડી ગઈ. "પરવાનો તો અહીં નથી; પણ અહીં તો જે એક સામાન્ય પરવાનો રહે છે, તે તમારે લઈ જવાનો. આ સામાન્ય પરવાનો વારવનિતાઓ માટેનો ખાસ હોય છે તે તો તમે જાણતા જ હશો. પોલીસથાણા પર એના બદલામાં તમને સાચો પરવાનો કાઢી આપશે. હવે તમે જોયું હશે, પ્રિય મિત્ર, કે આ બાબતમાં હું તમને કાંઈ બહુ મદદ નહિ કરી શકું; કારણકે બાઈ કે દરવાનને મોઢે આની જરાક જેટલી વાત જો ગઈ, તો તો મારા બાર જ વાગી જાય. પણ શું કરવું એ

હું તમને જણાવું. તમે દાસીને કહી બાઈને બોલાવજો અને તે વખતે એમ કહેવડાવજો કે એક ગૃહસ્થ—જે હમેશા અહીં આવે છે, તે ખાસ કામસર તમને બોલાવે છે અને કામ બહુ જરૂરનું હોવાથી તમને પોતાને ખાસ મળવા માગે છે. પણ માફ કરજો, મારે જતાં રહેવું જોઈએ, તેથી ગુસ્સે ન થશો. તમે અહીં અંધારામાં એકલા શું કામ બેસી રહ્યા છો? એકાદ નાની ઓરડીમાં જઈને બેસો. તમે કહેશો તો હું ત્યાં તમારા માટે બીર કે કોફી મોકલીશ, કે પછી . . ." તેની આંખો ચમકતી હતી. "કે પછી એકાદ છોકરી . . . ટમારા તો છૂટી નથી, પણ ન્યુરા કે વેરકા ચાલશે ને?"

"ચૂપ કર જેની! હું અહીં ઘણી મહત્ત્વની અને જરૂરી વાત કરવા આવ્યો છું, પણ તું . . ."

"ભલે! ભલે! હું હવે એવી વાતો નહિ કરું, હું તો અમસ્તી જ કહેતી હતી. હવે મને ખાત્રી થાય છે કે તમે વફાદારી પણ દાખવી રહ્યા છો અને એ ખરેખર તમારે માટે ઘણું શોભાસ્પદ છે. ચાલો—ત્યારે!"

જેની તેને એક નાની ઓરડીમાં લઈ ગઈ અને બારીનો પડદો ઊંચો કરી બારી ઉઘાડી નાંખી. સૂર્યનાં કિરણો ધીમે ધીમે અંદર પ્રવેશ કરી ફર્નિચર અને મખમલના સોફાઓ પર ફેલાઈ ગયાં.

"આજ સ્થળે તેનો પ્રારંભ થયો હતો." લિખોનીન દિલગીરી સાથે વિચાર કરતો હતો.

"હું જાઉં છું." જેનકાએ કહ્યું. "અને તમે તેની આગળ બહુ ટાઢાશથી ન વર્તતા—સામિયનની સાથે પણ કડકાઈથી જ વર્તજો. દેવાય એટલી ગાળો દેજો. અત્યારે દિવસ છે એટલે તે લોકો તમને કશું કરવાની હિંમત નહિ કરી શકે. જો કંઈક થાય તો તરત જ કહેજો કે હું હમણાં જ સૂબા પાસે જાઉં છું અને બધી વાત જાહેર કરું છું—અને કહેજો કે ગૃહને તાળાં દેવડાવી તમને ચોવીસ કલાકમાં જ

કાઢી મુકાવીશ. દમદાટીથી જ વાતો કરવા માંડશો કે એ બોકો નરમ ઘેંશ જેવાં થઈ જશે. ચાલો ત્યારે, તમારા કાર્યમાં તમને સફળતા મળે તેવી પ્રાર્થના સાથે વિદાય થાઉં છું."

તે ચાલી ગઈ અને દસેક મિનિટ બાદ બ્લુ સાટીનના ડ્રેસમાં સજ્જ થઈ, ગંભીર ચહેરે અને દબાવેલા હોઠ સાથે બાઈ એમા ત્યાં આવી. લિખોનીને ઊભા થઈને તેની સાથે હસ્તધૂનન કર્યું. એમાના બેય હાથ પર અંગૂઠીઓની હાર લાગેલી હતી. તે જોઇ લિખોનીન તિરસ્કારસહ વિચારવા લાગ્યો: "એનું નખ્ખોદ જાય ! જો આ સ્ત્રીને આત્મા જેવી કોઈ વસ્તુ હોત, જો તેનો આત્મા વાંચી શકાતો હોત, તો કેટલાય સીધાં અને આડકતરાં ખૂન તેની પાછળથી ડોકિયાં કરતાં દેખાત !"

અત્રે એ જણાવવું જરૂરી છે કે, યામાનો માર્ગ પકડતાં પહેલાં લિખોનીને પૈસા લેવા ઉપરાંત એક રિવૉલ્વર પણ સાથે લઈ લીધી હતી અને રસ્તે ચાલતાં વારંવાર ખિસ્સામાં હાથ નાંખી તેને તપાસી જોઈ હતી. તેને લાગતું હતું કે ત્યાં મારામારીનો પ્રસંગ ઉપસ્થિત થશે અને તેની પૂર્વ તૈયારી તરીકે તેણે આ હથિયાર સાથે લઈ લીધું હતું, પણ અજાયબી વચ્ચે તેણે જોયું કે જે મારામારીની તેણે કલ્પના કરી હતી, તેને બદલે અહીં સાવ શાંત વાતાવરણ નજરે પડતું હતું. કાર્ય ઘણું સરળ, ઘણુંજ કંટાળાભરેલું, રસહીન અને નિરાશાજનક હતું.

"પધારો, !" બાઈ એ જરા અભિમાનપૂર્વક એક નીચી ખુરશીમાં બેસતાં અને સિગારેટ સળગાવતાં કહ્યું. "તમેય જબરા છો. એક રાત અને એક દિવસના પૈસા આપ્યા અને છતાંય તમે તે છોકરીને એક રાત અને એક દિવસ વધારે રાખી છે; ઉપરાંત હજી તમારા ખાતે મારા પચીસ રૂબલ લેણા નીકળે છે. અમે જ્યારે કોઈ છોકરીને એક રાત માટે બહાર મોકલીએ છીએ ત્યારે દસ રૂબલ

લઈએ છીએ અને ત્યાર પછીના ચોવીસ કલાક માટેના પચીસ રૂબલ લઈએ છીએ. અલબત્ત એ કર જેવું ખરું. કેમ તમે સિગારેટ નથી પીતા, યુવાન?" કહી તેણે પોતાની સિગારેટની ડબી તેની સમક્ષ ધરી અને લિખોનીને શૂન્ય ચિત્તે તેમાંથી એક સિગારેટ લીધી.

"હું તો તમારી સાથે સાવ જુદી જ વાત કરવા માગું છું."

"હં! તમે તે સાવ જુદી જ વાત જાહેર કરવાની તકલીફ ન લેશો. હું બધું ક્યારનીય સમજું છું. ઘણું કરીને શ્રીમાન એ છોકરીને—લ્યુબકાને—સાવ પોતાને માટે જ—તમે રશિયનો શું કહો છો—બીજા કોઇના ઉપભોગમાં ન આવે તેમ રાખવા માગો છો? હા, હા, હા. તેવું બને છે ખરું. બાવીસ વર્ષથી હું વારવનિતાગૃહમાં રહું છું અને મારા તેટલા વર્ષોના અનુભવોથી કહું છું કે ઘણા મૂર્ખ જુવાનિયાઓની બાબતમાં તેવું બને છે ખરું, પણ સાથે જ હું તમને ખાતરીપૂર્વક જણાવીશ કે આનું પરિણામ શૂન્યમાં જ આવશે!"

"તેનું શું પરિણામ આવશે તે મારે જોવાનું છે." લિખોનીને પોતાની આંગળીઓ તરફ જોતાં ખિન્ન હૃદયે જવાબ આપ્યો. જવાબ આપતી વેળા તેના ઘૂંટણો ધ્રૂજતા હતા.

"હં! અલબત્ત, એ તમારે જ જોવાનું છે, મારા યુવાન વિદ્યાર્થી!" અને એમાના ભરાવદાર ગાલ અને ભવ્ય હડપચી હાસ્યથી છલકાઈ ગયાં. "હું તો મારા સાચા દિલથી ઇચ્છું છું કે તમારા પ્રેમ અને અને તમારી આ મૈત્રીમાં તમને વિજય મળો; પણ મહેરબાની કરી એ નાલાયક છોકરી—એ લ્યુબકાને કહેજો કે જ્યારે તમે તેને બહાર કાઢી મૂકો ત્યારે તેનું મોં ફરી અહીં દેખાડવાની હિંમત ન કરે! ભલે એ ભૂખે રિબાઈને મરી જાય કે પછી સૈનિકો માટેના અર્ધા રૂબલવાળાં ગૃહોમાં જઈ આશ્રય લે."

"પણ તમે નિશ્ચિંત રહેજો કે તેને પાછા ફરવાનો પ્રસંગ ઊભો નહિ થાય. હવે મહેરબાની કરી, વધારે વિલંબ કર્યા વગર તેનો પીળો પરવાનો મને આપશો?"

"પરવાનો ! ઓહ, ભલે ! ભલે ! હમણાં જ—આ જ પળે ! પણ તે પહેલાં મારે આપને જરાક તસ્દી આપવી પડશે કે તેણે અહીંથી જે ઉધાર લીધું છે તેના પૈસા ચૂકવી આપશો. લો જુઓ, આ રહી તેના હિસાબની ચોપડી. હું પહેલેથી જ ચેતીને તે મારી સાથે લાવી છું. આપણી વાતચીત શા પર થવાની છે તેની મને પહેલેથી જ આગાહી થઈ હતી." તેણે ચોપડી કાઢવા પોતાની છાતીના ભાગ જરા ખુલ્લો કર્યો અને તેમ કરતાં તેનાં ભરાવદાર અને મોટાં સ્તનો લિખોનીનની નજરે પડ્યાં. તેણે તે ખુલ્લા ભાગમાંથી એક નાની કાળા પૂંઠાવાળી ચોપડી બહાર કાઢી, જેના મુખપૃષ્ઠ પર લખેલું હતું: "નં...યામારકાયા શેરીમાં આવેલા આના મારકોવના શેર્ઈમ્સના વારવનિતાગૃહમાં રહેતી મિસ ઈરીન વોશેનકોવાનો—હચુબકાનો હિસાબ." તેણે હાથ લાંબો કરી ટેબલની સામી બાજુ બેઠેલા લિખોનીનના હાથમાં તે મૂકી. લિખોનીને પહેલું પાનું ફેરવ્યું અને તે પર છાપેલા નિયમોના ચાર કે પાંચ પેરેગ્રાફ વાંચી ગયો. ત્યાં સાવ નિરસ શબ્દોમાં અને ટૂંકાણમાં જણાવવામાં આવ્યું હતું કે, હિસાબની ચોપડીની બે નકલો રાખવામાં આવે છે, જેમાંથી એક નકલ માલિકણ પાસે રહે છે અને બીજી નકલ વારવનિતા પાસે રહે છે: બન્ને ચોપડીઓમાં આવક અને ખરચના આંકડાઓ નોંધવામાં આવે છે: શરત મુજબ વારવનિતાને ભોજન, રહેવાનું, અગ્નિ, બત્તી, ચાદરો, સ્નાનગૃહ વગેરે આપવામાં આવશે જેના બદલામાં તે પોતાની આવકમાંથી, કોઈ પણ સંજોગોમાં બેતૃતિયાંશથી વધારે નહિ, એટલી રકમ માલિકણને આપવા બંધાય છે: અને બાકીની રકમમાંથી તેણે બહાર હરવાફરવા જતી વખતે ચોખ્ખાં અને સારાં કપડાં પહેરવાં, જેમાં બહાર ફરવા જવાના ઓછામાં ઓછા બે પોશાક હોવા જોઈએ. ઉપરાંત એ પણ જણાવવામાં આવ્યું હતું કે લેવડદેવડ સ્ટેમ્પસ (ટિકિટો) દ્વારા કરવામાં આવશે કે જે વારવનિતાને તેના તરફથી પૈસા મળતાં માલિકણ આપશે:

અને હિસાબ મહિને મહિને કરવામાં આવશે. વળી અંતે એ પણ જણાવવામાં આવ્યું હતું કે વારવનિતાને માથે માલિકણનું ઋણ હોવા છતાં તે માટે સામાન્ય દીવાની કાયદા મુજબ ચૂકવવા જો બંધાય તો તે ગમે ત્યારે આ ગૃહ પોતાની ઇચ્છા મુજબ છોડી શકે છે.

લિખોનીને આ છેલ્લી કલમ પર પોતાની આંગળી મૂકી અને ચોપડી એવી રીતે ફેરવી કે તે "બાઈ"ના જોવામાં આવી શકે. પછી વિજયસૂચક સ્વરે તેણે જણાવ્યું :

"અહા! જોયું ને—તેને ગમે ત્યારે આ ગૃહ છોડી જવાનો હક્ક છે. પરિણામે તે તમારા આ દુષ્ટતા અને બીભત્સતારૂપ નરકાગારને છોડીને જઈ શકે છે કે જ્યાં તમે . . ." લિખોનીન તો આગળ બોલવા જતો હતો પણ ત્યાં તો એમાએ શાંતિપૂર્વક તેને અધવચ્ચે જ અટકાવ્યો :

"હં! એ વિષે મને શંકા નથી. ભલે જાય, પણ પહેલાં પૈસા ચૂકવતી જાય!"

"કેમ ખાતું પાડી આપે તો? તે તમને ખાતું પાડી આપશે!"

"છટ્! ખાતું! પ્રથમ તો એ સાવ નિરક્ષર છે; અને બીજું, તેના ખાતાની કિંમત શી? એના ખાતાને તો કૂતરુંય ન સૂંઘે. પણ એ ભરોસાદાર જામીન આપે તો મને કાંઈ વાંધો નથી."

"પણ આ નિયમોમાં જામીન વિષે તો કાંઈ જણાવ્યું નથી."

"એવી તો ઘણી વાતો નથી જણાવેલી! નિયમોમાં એ ક્યાં જણાવ્યું છે કે માલિકણને ખબર આપ્યા વગર કોઈ પણ છોકરીને બહાર લઈ જવાની મનાઈ છે?"

"ગમે તે હોય, પણ તમારે મને તેનો પરવાનો તો આપવો જ પડશે!"

"હું કાંઈ દીવાની નથી કે એવી મૂર્ખાઈ કરું! અહીં કોઈ સભ્ય સદ્‌ગૃહસ્થ અને પોલીસ સાથે આવજો અને પોલીસ પાસે

ખાતરી અપાવજો કે તમારો આ મિત્ર પૈસાદાર માણસ છે, અને પછી એ માણસને જામીન રાખજો. અને હા, તે ઉપરાંત પોલીસ પાસેથી એવું પણ પ્રમાણપત્ર તમારે આપવું પડશે કે તમે આ છોકરીને કમાણીના કાજે યા તો બીજા વારવનિતાગૃહમાં વેચવા માટે લઈ જતા નથી—પછી તમે કહેશો તેમ કરીશ. ચાલો રસ્તો પકડો."

"સેતાન!" લિખોનીન બરાડયો. "પણ હું જ એ જામીન થવા તૈયાર છું—હું જાતે પોતે! જો હું તમને ખાતું હમણાં જ પાડી આપું તો..."

"જુવાન! તમારી વિદ્યાપીઠોમાં શું ભણાવવામાં આવે છે, તે હું નથી જાણતી, પણ શું તમે મને એવી ભોટ ધારો છો? કોને ખબર, ઈશ્વર જાણે કે, તમે પહેર્યું છે એ સિવાય બીજું પાટલૂન પણ તમારે પહેરવા હશે કે નહિ! કોને ખબર કે તમે બે દહાડા થયા અનાજ ભેગા થયા હશો કે નહિ! લો, વાત લાવ્યા છે કે લાવો, ખાતું પાડી આપું! શા માટે મારું માથું પકવો છો?"

લિખોનીન હવે ખૂબ ગુસ્સે થયો. તેણે ખિસ્સામાંથી પાકીટ કાઢયું અને ટેબલ પર પછાડયું.

"તેમ હોય તો હું રોકડા જ ગણી આપું છું અને તે પણ અત્યારે જ!"

"આહ! તેમ હોય તો તો એ જુદી જ વાત થઈ!" એમાએ શબ્દોમાં મીઠાશ આણતાં પણ કંઈક અવિશ્વાસની લાગણી સાથે જણાવ્યું. "તો હવે મહેરબાની કરી હિસાબવાળું પાનું ફેરવો અને જુઓ કે તમારી માશૂકની કેટલી બાકી નીકળે છે!"

"ચૂપ કર! રાંડ ઠચરી!"

"હું તો ચૂપ જ છું, મૂર્ખ!" શાંતિથી એમાએ જવાબ વાળ્યો.

ચોપડીની ડાબી બાજુએ ખાનાં પાડી તેમાં આવક બતાવવામાં આવી હતી અને તે જ પ્રમાણે જમણી બાજુ પર ખરચ બતાવવામાં આવ્યું હતું.

"સ્ટેમ્પસ ખાતે જમા તા. ૧૫ મી એપ્રીલ," લિખોનીને વાંચવા માંડ્યું. "૨૦ રૂબલ : ૧૬ મીએ, ૪ રૂબલ : ૧૭ મીએ ૧૨ રૂબલ : ૧૮ મીએ માંદી : ૧૯ મીએ માંદી : ૨૦ મીએ ૬ રૂબલ : ૨૧ મીએ ૨૪ રૂબલ !"

"મારા પ્રભુ !" લિખોનીન ઉપલા આંકડા વાંચતાં ત્રાસી ઊઠ્યો. "એક રાતમાં બાર મરદ !"

છેવટે સરવાળો હતો:

"કુલ ૩૩૦ રૂબલ !"

"ઓ પ્રભુ ! આ તો એક પ્રકારની ઘેલછા નહિ તો બીજું શું ? એકસો ને પાંસઠ મુલાકાતો !" લિખોનીને બે રૂબલના ભાવે મુલાકાતોનો હિસાબ કાઢતાં અને આગળનાં પાના ફેરવતાં મનમાં ને મનમાં કહ્યું. પછી તેણે જમણી બાજુનાં ખાનાં તરફ નજર ફેરવવા માંડી:

"લેસવાળો લાલ રેશમનો પોશાક કરાવ્યો–૮૪ રૂબલ–દરજણ એલ્ડીકોમોવા : સવારનો પોશાક અને લેસ–૩૫ રૂબલ–એલ્ડીકોમોવા : ૬ જોડ રેશમી મોજાં–૩૬ રૂબલ, વગેરે વગેરે. ઘોડાગાડીના, મીઠાઈના, સેંટ અત્તરના વગેરે વગેરે કુલ ૨૦૫ રૂબલ." તે પછી ૩૩૦ રૂબલમાંથી માલિકણના ખાધાખોરાકી વગેરેના બે તૃતિયાંશ લેખે ૨૨૦ રૂબલ કાપી લેતાં ૧૧૦ રૂબલ બાકી રહ્યા. મહિનાની આખરનો હિસાબ નીચે પ્રમાણે રહ્યો હતો:

"દરજીનું બિલ તથા બીજી વસ્તુઓનાં તથા તેમાં બાકી રહેલા ૧૧૦ રૂબલ ઉમેરતાં ૯૫ રૂબલ ઈરીન વોશેનકોવા ખાતે લેણા નીકળે છે, જેમાં ગયા વરસના ચારસો અને અઢાર રૂબલ ઉમેરતાં, કુલ બાકી પાંચસો ને તેર રૂબલ લેણા રહે."

લિખોનીન તો આ વિગતો વાંચી ઠંડોગાર થઈ ગયો. પહેલાં તો તેણે વસ્તુઓનો આટલો બધો ભાવ જોઈ તે માટે ગુસ્સો પ્રદર્શિત

કરવા માંડ્યો, પણ એમાએ જવાબ આપ્યો કે એ વિગતો સાથે એને કાંઈ લાગતુંવળગતું નથી. ઉપરાંત તેનું ગૃહ ઉચ્ચ પ્રતિનું હોઈ ત્યાંની દરેક છોકરીએ સારા અને સુંદર પોશાક રાખવા જ જોઈએ; અને બાકીની વસ્તુઓ સાથે તેને કાંઈ લાગતુંવળગતું ન હતું. ગૃહે તો તેને માલ ઉધાર અપાવી—તેને પૈસા ધીરી—માત્ર પોતાની ફરજ બજાવી હતી. લિખોનીન આ જવાબ સાંભળી ઠંડોગાર થઈ ગયો.

"પણ આ તમારી દરજણ તો માનવ આકૃતિમાં કોઈ ભયંકર ફણીધર—કોઈ પિશાચ જ લાગે છે." લિખોનીને ગુસ્સાથી બડબડાટ કરવા માંડ્યો. "તે અને તમે બધાં એક જ કાવત્રાખોર ટોળીનાં સભ્યો જ છો. રાંડ . . . ડોકરી! તારે હૃદય જેવું કાંઈ છે કે નહિ?"

પણ જેમ જેમ તે વધારે ગુસ્સે થતો જતો હતો, તેમ તેમ એમા ઠંડા કલેજે અને કટાક્ષોમાં જવાબ આપ્યે જતી હતી.

"હું ફરીથી જણાવું છું કે એ સાથે મારે કાંઈ લાગતુંવળગતું નથી, અને શ્રીમાને જો ફરીથી મને કાંઈ પણ અપમાનજનક કહ્યું છે તો મારે નાછૂટકે દરવાનને બોલાવવો પડશે, જે આવી તમને ગળચીમાંથી પકડી બહાર ફેંકી દેશે."

આખરે લિખોનીનને આ હૃદયહીન અને કઠોર ડોશીની સાથે વાટાઘાટમાં ઊતરવું પડ્યું અને એ વાટાઘાટ એટલી બધી લાંબી ચાલી કે તેમ કરતાં તેનું ગળું પણ સુકાઈ ગયું. આખરે ૨૫૦ રૂબલ રોકડા અને બસોનું ખાતું એમ સોદો નક્કી થયો. અને તે પણ ક્યારે કે જ્યારે લિખોનીને પોતાનું પ્રમાણપત્ર કાઢી બતાવ્યું કે પોતે આ જ વરસે અભ્યાસ પૂર્ણ કરતો હતો અને પછી વકીલ થવાનો હતો.

એમા પરવાનો લેવા ગઈ અને લિખોનીને એ નાની ઓરડીમાં આંટાફેરા મારવા માંડ્યા. તે દીવાલ પરનાં ચિત્રો તો ક્યાર-

નોય નિહાળી ચૂકયો હતો. તેમાં એક હતું રાજહંસ સાથે ક્રીડાનું. બીજું દરિયાકિનારે સ્નાનનું. ત્રીજું જનાનખાનાનું અને ચોથું હતું એક નગ્ન પરીનું. પણ ઓચિંતી તેની દૃષ્ટિ એક અર્ધ ઢંકાયલા કાચમાં મઢેલા નિયમોની ફ્રેમ પર પડી. લિખોનીન આ ફ્રેમ પહેલી જ વખત જોતો હતો. તે આશ્ચર્ય અને ઘૃણા સાથે પોલીસ કાયદાઓની શુષ્ક અને મૃત ભાષામાં લખાયલા તે નિયમો વાંચવા લાગ્યો. તેમાં શરમભરી રીતે અને વ્યવહારપૂર્ણ ટાઢાશથી, ચેપ ન લાગે તે માટેની સાવચેતીઓ અને ઉપાયો વર્ણવેલા હતા : સ્ત્રીઓએ શરીરની અને ગુહ્ય ભાગોની કેમ સ્વચ્છતા જાળવવી તે દર્શાવવામાં આવ્યું હતું; તેમ જ અઠવાડિક તપાસ અને તે માટે કેમ તૈયાર રહેવું તેની વિગતો આપવામાં આવી હતી. લિખોનીનના વાંચવામાં એ પણ આવ્યું કે આવું કોઈ પણ વારવનિતાગૃહ અદાલત, દેવળ કે શાળાના મકાનથી સો પગલાંની અંદર હોવું ન જોઈએ : માત્ર સ્ત્રીઓ જ વારવનિતાગૃહો ચલાવી શકશે અને માલિકણનાં સગાં અને તે પણ માત્ર સ્ત્રી જાતિનાં અને સાત વર્ષથી નાનાં નહિ તેવાં તેની સાથે રહી શકશે : અને માલિકો તથા છોકરીઓએ અન્યોઅન્ય તથા મહેમાનો સાથે સંપૂર્ણ સભ્યતા, શાંતિ, માનમરતબાથી વર્તવું; દારૂ પી છાકટા બનવાની, સોગંદ ખાવાની તથા બૂમબરાડા પાડવાની કોઈ પણ સંજોગોમાં સખ્ત મનાઈ કરવામાં આવી હતી. તદુપરાંત કોઈ પણ વારવનિતાએ પોતે દારૂ પીધો હોય અથવા તો મહેમાને દારૂ પીધો હોય તેવી સ્થિતિમાં, અને તે સિવાય અમુક પ્રસંગોએ પણ સજાતિય સંબંધ ન ધરાવવો. તે સિવાય તેમાં વારવનિતાઓને ગર્ભપાત ન કરવા માટે સખ્ત સૂચનાઓ આપવામાં આવી હતી. " અહા, કેટલા ગંભીર અને નૈતિક વિચારો ! " લિખોનીને મનમાં ને મનમાં કટાક્ષ કરતાં વિચાર કર્યો.

આખરે એમા સાથે સોદો પૂરો થયો. પૈસા મળતાં તેણે રસીદ લખી આપી અને એક હાથે તે અને પરવાનો લિખોનીનને આપ્યાં

અને બીજે હાથે પૈસા લીધા. આ પ્રસંગે તે બન્ને એકબીજાની આંખો અને હાથ તરફ બે વાઘ સામસામા જુએ તેમ જોતાં હતાં. એ તો સ્પષ્ટ હતું કે એ બન્નેમાંથી કોઈને એક બીજા પ્રત્યે વિશ્વાસ ન હતો. લિખોનીને કાગળિયાં પાકીટમાં મૂકયાં, અને જવાની તૈયારી કરી. એમા તેને બારણા સુધી વળાવવા આવી અને જ્યારે લિખોનીન રસ્તા પર જઈ પહોંચ્યો, ત્યારે તેણે બારણાના પગથિયા ઉપર ઊભા રહીને વાંકા વળી બૂમ પાડી કહ્યું :

"વિદ્યાર્થી ! એય વિદ્યાર્થી !"

લિખોનીન ઊભો રહ્યો અને પાછો વળી જોવા લાગ્યો.

"કેમ શું છે ?" તેણે પૂછ્યું.

"આટલું સાંભળતો જા ! અને તે એ કે તારી હચુબકા સાવ નકામી, ચોર અને ચાંદીના રોગથી પીડાય છે. અમારા સારા મહેમાનો તો એની સામું જોતા પણ નહિ અને જો તું એને ઉપાડી ગયો ન હોત તોય અમે તો તેને કાઢી મૂકવાનાં હતાં ! ઉપરાંત તને એ પણ જણાવી દઉં કે, તે દરવાન, સિપાઈઓ, પટાવાળાઓ અને સામાન્ય ચોરો સાથે પણ શરીરસંબંધ રાખતી. તમારા આ કાયદેસરનાં લગ્ન માટે મારાં અભિનંદન !"

"ઓહ ! રાંડ સર્પણી !" લિખોનીને ગુસ્સાથી બૂમ પાડી કહ્યું.

"બેસ, બેસ, મૂર્ખના સરદાર !" એમાએ જવાબ વાળ્યો, અને બારણાં બંધ કરી ઘરમાં ભરાઈ ગઈ.

લિખોનીન એક ગાડી ભાડે કરી પોલીસથાણે પહોંચ્યો. રસ્તામાં તેને યાદ આવ્યું કે આ પરવાના—આ પ્રખ્યાત 'પીળા પાસ'—તરફ જોવાનો તો તેને સમય જ નહોતો મળ્યો. આ પીળો પાસ એક પોસ્ટકાર્ડ જેટલો સફેદ કાગળ હતો. એક બાજુએ ખાનાં પાડી તેમાં વારવનિતાનું નામ, તેના બાપનું નામ, અટક તથા ધંધો—'વારવનિતા'—

એમ લખેલું હતું. બીજી બાજુએ, પેલા વર્તન અને આંતરિક તથા બાહ્ય સ્વચ્છતાને લગતા શરમભર્યા અને દંભી નિયમો, જે તેણે હમણાં જ આનાગૃહમાં વાંચ્યા હતા, તે છાપેલા હતા. તેણે તેમાં વાંચ્યું: "દરેક મહેમાનને સ્વચ્છતા બાબતનું ડૉક્ટરે સૌથી છેલ્લી તપાસ વખતે આપેલું પ્રમાણપત્ર દરેક વારવનિતા પાસેથી માગવાનો અધિકાર છે." અને પુનઃ લિખોનીનના હૃદય પર લાગણીમય દયા ઊભરાઈ આવી.

"કમનસીબ સ્ત્રીઓ" લિખોનીન શોક સાથે વિચાર કરતો હતો. "તમારા પર શાં શાં દુઃખ અને યાતનાઓ લાદવામાં આવે છે! તમને કેવી કેવી ગાળો દેવામાં આવે છે કે આખરે ટ્રામના ઘોડાઓ જેમ તમે તેનાથી રીઢાં થઈ જાઓ છો અને આ બધું દુઃખ છે એ વાત જ ભૂલી જાઓ છો!"

પોલીસ થાણે પહોંચતા ઇન્સ્પેક્ટર બારકેશ તેને મળ્યો. તે રાતની નોકરીમાં હતો. પરિણામે પૂરતી ઊંઘ ન મળી શકવાથી તે ગુસ્સામાં હતો. તેની મોટી રાતી દાઢી ચોળાઈ ગયેલી દીસતી હતી. એક પડખે ઓશીકું મૂકી તે સૂતેલો હોવાથી તેનો જમણો ગાલ સૂજીને પણ લાલ થઈ ગયેલો દીસતો હતો, પણ કોઈ નીલવર્ણા જવાહીરની જેમ તેની સ્પષ્ટ અને ઠંડી આંખો અજબભરી રીતે ચમકતી હતી. રાત દરમ્યાન જે ભામટાઓ તેના હાથે ચડયા હતા તેમની નોંધ, તેમની તપાસ તથા તેમના પ્રત્યે ગાળો–શ્રાપોનો વરસાદ અને પછી તે દરેકની વિભાગવાર વિદાય એ બધી વિધિ પૂરી થતાં તે એક સોફા પર પડ્યો અને ગળા પાછળ બે હાથ કરી તેણે એવી તો જોરથી આળસ મરડી કે તેના શરીરના એકેએક ભાગમાંથી કડાકા ફૂટયા. જેમ કોઈ સામાન્ય વસ્તુને જોતો હોય, તેવી રીતે તેણે લિખોનીન તરફ જોયું અને પૂછ્યું:

"વિદ્યાર્થી, તમારે શું કામ છે?"

લિખોનીને ટૂંકમાં પોતાનું આવવાનું કારણ જણાવ્યું.

"અને તેથી હું . . . ." લિખોનીને વાતને અંતે કહ્યું. "તેને મારે ત્યાં લઈ જવા ઇચ્છું છું . . . તો આની વિધિ તમારે ત્યાં કેવી રીતે કરવામાં આવે છે ?. . . એક ચાકરડી તરીકે, કે પછી તમે કહેતા હો તો એક સગી તરીકે . . . કેવી રીતે ?"

"એક એક પત્ની કે એક રખાત તરીકે !" બેદરકારીથી કટાક્ષમાં બારકેશે કહ્યું અને પોતાના નામના અક્ષરો છાપેલી સિગારેટની પેટી આંગળીઓ વડે રમાડવા માંડી. "હું તમારે માટે કાંઈ જ કરી શકું તેમ નથી . . હમણાં તો નહિ જ ! તમે જો તેની સાથે લગ્ન કરવા ઇચ્છતા હો તો તમારી વિદ્યાપીઠના સત્તાવાળાઓ તરફથી યોગ્ય રજાચિઠ્ઠી લઈ આવો; પણ જો તમે તેને રખાત તરીકે જ રાખવા માંગતા હો, તો વિચાર કરો કે તેથી શું ફાયદો ? તમે એક બાળાને નરકવાસમાંથી લઈ આવી, તેની સાથે તે જ પ્રકારનો વ્યવહાર રાખવા માંગો છો, એમ જ થયું ને !"

"છેવટે એક ચાકરડી તરીકે !" લિખોનીને કહ્યું.

"ભલે ચાકરડી. તો તમે તમારા ઘરમાલિક તરફથી એ પ્રકારની કેફિયત લઈ આવો—કારણકે હું માનું છું ત્યાંસુધી તમારે પોતાનું ઘર તો નહિ જ હોય. હા, ત્યારે ઘરમાલિકની કેફિયત કે તમે એક ચાકરડી રાખી શકો તેવી સ્થિતિ ધરાવો છો; ઉપરાંત એ પ્રકારનાં બધાં કાગળિયાં કે જે પુરવાર કરતાં હોય કે તમે જે પોતે આ જણાવો છો, તે જ માણસ છો—દાખલા તરીકે તમારા વિભાગના અમલદારની તથા વિદ્યાપીઠના સત્તાવાળાઓ પાસેથી તે પ્રકારની કેફિયતો—અને એવું બધું. કારણકે હું માનું છું કે તમે નોંધાયલા વિદ્યાર્થી તો તો હશો ? કે પછી તમે પણ . . . ગેરકાયદેસર વર્ગના છો ?"

"ના, હું નોંધાયલો વિદ્યાર્થી છું." લિખોનીને સંયમ ખોવાની શરૂઆત કરતાં સામો જવાબ આપ્યો.

"તો તો ઘણું સારું. અને તે યુવાન કન્યા કે જેને માટે તમે આટલી બધી જહેમત ઉઠાવો છો તે?"

"ના, તે હજી નથી નોંધાઈ, પણ મારી પાસે તેનું પ્રમાણપત્ર છે અને મને આશા છે કે તેના બદલામાં તમે મને તેનો પરવાનો કાઢી આપશો; એટલે તરતજ હું તેનું નામ નોંધાવી દઈશ."

બરકેશ પુનઃ આળસ મરડી સિગારેટની ડબ્બી સાથે રમત કરવા લાગ્યો.

"હું કંઈ કરી શકું તેમ નથી, મિ. વિદ્યાર્થી. જ્યાંસુધી મેં જણાવેલાં બધાં કાગળિયાં રજૂ કરો નહિ ત્યાંસુધી હું કંઈ જ કરી શકું તેમ નથી અને તે છોકરીની બાબતમાં—તેને તમારી સાથે રહેવાનો અધિકાર પણ નથી એટલે વિના વિલંબે—મારે તેને પોલીસના કબજામાં સોંપવી પડશે અને ત્યાં જ તેને રાખવામાં આવશે. હા, જો તે પોતે જ્યાંથી આવી ત્યાં પાછી જવા તૈયાર ન હોય તો. ચાલો, ત્યારે સાહેબજી!"

લિખોનીને માથા પરની ટોપી આંખો ઢાંકી દે તેટલી નીચી ખેંચી અને બારણા સુધી ગયો, પણ ઓચિંતો જ એક ચપળ વિચાર તેને સૂઝયો કે જે પ્રત્યે તેને પોતાને તિરસ્કાર વછૂટયો અને પેટમાં ખડબડાટ, ટાઢા હાથ અને પગના અંગૂઠામાં વેદના સહિત તે પુનઃ સોફા નજીક ગયો અને અવાજમાં જરાક મીઠાશ આણતાં પણ બેદરકારીભરી રીતે તેણે કહ્યું:

"માફ કરજો, ઇન્સ્પેક્ટર! હું ખરી મહત્ત્વની વાત તો ભૂલી ગયો. આપણા બન્નેના ઓળખીતા એવા એક મહાશયે તમારું એક નાનું શું લેણું ચૂકવવા મને જણાવ્યું છે."

"હં! ઓળખીતા?" બરકેશે તેની વિશાળ નીલવર્ણી આંખો પહોળી કરતાં પૂછયું. "એ મહાશય કોણ છે?"

"બાર....બારબારિસોવ."

" આહા ! બારબારિસોવ ! હા, હા, યાદ આવ્યું. હવે મને યાદ આવે છે ! "

" તો આટલા આ દસ રૂબલ નહિ સ્વીકારો ? "

બરકેશે માથું ધુણાવ્યું પણ નોટ હાથમાં ન લીધી.

" આ તમારો એટલે કે આપણો બારબારિસોવ બદમાશોને ગુરુ લાગે છે. મારા તેની પાસે દસ રૂબલ નથી નીકળતા પણ પૂરા પચીસ રૂબલ નીકળે છે. બદમાશ કહીંનો ! પચીસ રૂબલ અને ઉપર કંઈક છે. અલબત્ત, હું એ ઉપરની નાની રકમ માટે બહુ દબાણ કરવા નથી માગતો. ભલે એ એને જ પચતા ! આ તો અમારું બિલિયર્ડનું દેવું છે. મારે કહેવું જોઈએ કે તે રમતમાં ઘણો દગો કરે છે . . . અને તેથી શ્રીમાન, હવે બીજા પંદર . . . કાઢો જોઈએ."

" ઠીક, તમે પણ પહોંચેલા છો, મિ. ઇન્સ્પેકટર ! " લિખોનીને પૈસા કાઢતાં કહ્યું.

" ચા . . . લો હવે ! " બરકેશે મીઠા સ્વભાવના માણસ બની જતાં જવાબ વાળ્યો. " બૈરી–બાળકો . . . અને અમારા પગાર તો કેટલા ટૂંકા હોય છે એ તો તમે જાણો છો . . . લો આ પરવાનો. રસીદ પર સહી કરો. ચાલો, આવજો. સાહેબજી ! "

કેવી વિચિત્ર વાત ! પરવાનો હવે પોતાના કબજામાં આવી ગયો છે, એ વિચારે જ લિખોનીનનો ગુસ્સો શાંત પડી ગયો અને પુનઃ તેનામાં ઉત્સાહ દેખાવા લાગ્યો.

" ચા . . . લો ! " તેણે રસ્તા પર ઝપાટાબંધ ચાલતાં વિચાર કરવા માંડયો. " જ્યાં પાયા માંડયા કે ચણતર થવા માંડયું. જે ખરું મુશ્કેલીનું કામ હતું તે તો પાર પડી ગયું. હવે બરાબર પકડી રાખજે, લિખોનીન ! અને તારા અંતરમાં નિરાશાને પ્રવેશ કરવા દઈશ નહિ. તેં જે કાર્ય ઉપાડયું છે તે ખરેખર અદ્ભુત અને મહાન છે ! ભલે હું આ કાર્યમાં ખપી જાઉં—તેની મને પરવા નથી. એક

સારું કામ કર્યા પછી તરત જ તેના બદલાની આશા રાખવી એ ખરેખર શરમભર્યું છે. હું કાંઈ સરકસનો કૂતરો, કેળવેલો ઊંટ કે પાઠશાળામાંથી શિક્ષણ મેળવી બહાર પડતી શરમાળ કન્યા નથી. ગઈ કાલે મારે મારા પોતાના પર સંયમ રાખવાની જરૂર હતી, નહિ તો એમાં જે મૂર્ખતા અને બિનવ્યવહારુપણું જણાયું તે ન જણાત; ઉપરાંત તે કેટલેક અંશે અપરિપક્વ હતું, પણ જીવનમાં દરેક વસ્તુ સુધારી શકાય છે. માણસ પોતાના જીવનમાં ભંયકર કટોકટીના સમયનો સામનો કરે છે; પરંતુ સમય વીતતાં . . . તો એ ને એ જ બાબતો સાવ નજીવી જણાય છે . . . ”

તેણે આશ્ચર્ય સાથે જોયું કે જ્યારે તેણે પરવાનો લ્યુબકાને બતાવ્યો ત્યારે તેને ન તો કાંઈ ખાસ આનંદ થયો, કે ન તો કાંઈ ખાસ અજાયબી થઈ આવી. તેને તો લિખોનીન પાછો આવ્યો તેથી જ આનંદ થયો હતો. કદાચ આ અજ્ઞાન, સરળ આત્માએ પોતાના રક્ષણહારની બાંય પકડી જીવનમાર્ગે આગળ વધવાનો નિર્ણય કરી લીધો હશે ! તે તો તેના ગળે વળગી પડી, પણ લિખોનીને તેને તેમ કરતાં અટકાવી અને શાંતિથી તેના કાનમાં પૂછ્યું:

“ લ્યુબકા, કહે . . . ગમે તે હોય પણ સાચું કહેતાં ડરીશ નહિ. એ લોકોએ—ત્યાં પેલા ગૃહમાં—મને એમ કહ્યું હતું કે તને પેલો અમુક રોગ થયો છે. તું જાણે છે ને પેલો ખરાબ રોગ ? તને જો મારામાં વિશ્વાસ હોય તો હજી પણ મને કહી દે કે આ વાત સાચી છે કે ખોટી ? ”

તે લાલચોળ થઈ ગઈ અને બે હાથમાં મોઢું છુપાવી સોફા પર પડી આંસુ વહાવવા લાગી.

“ પ્રિયતમ ! સાચે જ ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું ! સાચે જ એવું કાંઈ નથી. હું હંમેશા બહુ ખબરદાર રહેતી. મને તો એનો બહુ ડર રહેતો અને તમને હું એટલા બધા ચાહું છું કે જો તેમ

હોત તો મેં તમને ક્યારનુંય કહ્યું હોત !" કહી તે તેનો હાથ પોતાના હાથમાં લઈ પોતાના અશ્રુભીના મુખને અડાડવા લાગી અને તેમ કરવું ચાલુ રાખી એક નિર્દોષ બાળકની મૂર્ખ અને લાગણીવાળી દિલસોજીથી તેને તે વાતની ખાતરી કરાવવા લાગી.

લિખોનીનને પણ તરત જ તેના શબ્દોમાં વિશ્વાસ બેઠો:

"હું તારા શબ્દોને સાચા માનું છું." તેણે લ્યુબકાના વાળ પર હાથ ફેરવતાં સ્વસ્થતાપૂર્વક કહ્યું. "હવે રડ નહિ અને એમ ઉશ્કેરાઈ ન જા. હવેથી માત્ર આપણે આપણી નબળાઈને પુનઃ વશ ન થઈએ તે જ જોવાનું છે. ચાલ, જે થવાનું હતું તે તો થઈ ગયું. હવે આપણે તેને યાદ નહિ કરીએ એટલે થયું."

"જેવી તમારી ઇચ્છા!" ઘડીકમાં તેના હાથને અને ઘડીકમાં તેના કોટને ચૂમતી તે ભોળી બાળાએ તેની કાલી ભાષામાં કહ્યું. "તેમ કરી હું તમને અણગમતી વસ્તુ કરું છું એમ હોય તો ભલે તમે કહેશો તેમ વર્તીશ."

પણ તે જ સાંજે પુનઃ એજ ઉત્તેજક વૃત્તિની પુનરાવૃત્તિ થઈ, અને પછી તો રોજ ને રોજ એ ચાલુ રહેવા લાગી કે જેના પરિણામે લિખોનીનને પહેલાં શરમના માર્યા પશ્ચાત્તાપની જે લાગણી થતી તે પણ બંધ થઈ ગઈ અને અંતે તે માત્ર એક સામાન્ય રોજિંદી વસ્તુ બની રહી.

[૧૬]

ન્યાયને ખાતર એટલું તો જરૂર કહેવું પડશે કે લ્યુબકા શાંત અને સ્વસ્થ જીવન ગાળી શકે તે માટે લિખોનીને પોતાનાથી બનતા બધા માર્ગો લીધા હતા. પોતાને ત્યાં અગવડ પડતી હતી તેટલા જ કારણે નહિ,

પણ એલેક્ઝાન્ડ્રાનો બડબડાટ દહાડે દહાડે વધતો જતો હતો, તે કારણે તેણે તેનું આ કાતરિયું—પક્ષીના માળા જેવું મકાન—બદલવાનો નિર્ણય કર્યો હતો અને પરિણામે તેણે શહેરને છેડે, બે ઓરડા ને એક રસોડાવાળો ફ્લેટ ભાડે રાખવાનો નિશ્ચય કર્યો હતો, અને ટૂંક સમયમાં જ તેણે એક એવો સસ્તો ફ્લેટ—મહિને નવ રૂબલના ભાડા-વાળો—શોધી કાઢચો. સગડીનું ખરચ પોતાને માથે હતું. અલબત્ત આથી તેને ભણાવવા જવાનું બહુ દૂર પડતું, પણ તેને પોતાનાં સ્વાસ્થ્ય અને શક્તિ પર વિશ્વાસ હતો અને તે વારંવાર કહેતોઃ

"પગ તો મારા પોતાના છે, પછી શા માટે તેનો સંપૂર્ણ ઉપયોગ ન કરવો ?"

અને સાચે જ તે જબરો ચાલનારો હતો. એક વખત મશ્કરીમાં, તેણે પેડોમીટર (ગતિમાપક યંત્ર) ખિસ્સામાં રાખી ચાલવાની હરીફાઈ કરી હતી અને સંધ્યાકાળ સુધીમાં પંદર માઈલ કાપ્યા હતા, જે તેના લાંબા પગના હિસાબે ગણવા જતાં તો લગભગ અઢાર માઈલ થવા જાય. વળી તેને હમણાં દોડધામ પણ ખૂબ કરવી પડતી હતી, કારણકે લ્યુબકાનો પરવાનો મેળવવામાં અને નવી ઘરવખરી વસાવવામાં તેણે પાનાં રમી એકઠી કરેલી સઘળી બચત ખલાસ થઈ ગઈ હતી. તેણે પુનઃ પાના પર નાના દાવથી શરૂઆત કરી, પણ થોડા જ સમયમાં તેને માલૂમ પડયું કે તેનો વિજયનો સિતારો ચલિત થઈ ગયો હતો અને તેને સ્થાને નિષ્ફળતાનો સિતારો ગોઠવાઈ ગયો હતો.

આ દરમ્યાન તેનો અને લ્યુબકાનો સંબંધ કેવા પ્રકારનો હતો, તે તેના મિત્રોથી છૂપો રહ્યો ન હતો, પણ હજી તેના મિત્રોના દેખતાં તો લિખોનીન પોતાનો લ્યુબકાની સાથેનો સંબંધ જાણે ભાઈબહેનનો જ હોય તેવો દેખાવ કરતો હતો. કેટલાંક કારણસર, તે ન તો એમ સમજી શકચો કે પછી તે એમ સમજવા જ માગતો ન હતો, કે તેણે આ જૂઠાણું, આ દંભ દેખાડચો ન હોત તો આનું પરિણામ વધારે સારું, વધારે ફળદાયી આવત અથવા તો કદાચ

એમ પણ હોય કે તે આમ જાણવા છતાં, પોતાનો માર્ગ બદલવા તૈયાર ન હતો. આંતરિક સંબંધમાં તેણે આગળ પડતો ભાગ લીધો ન હતો. તેની શરૂઆત હંમેશાં પ્રેમનાં વચનો, આલિંગન વગેરેથી લ્યુબકા જ કરતી. (તે હજીય લ્યુબકા જ રહી હતી, કારણકે લિખોનીને તેનું નામ પરવાનામાં ફરીન વાંચવા છતાં, કોણ જાણે તે તેનો ઉપયોગ કરવો જ ભૂલી ગયો હતો.)

આ બાળા, જે પૂર્વે કંઈ પણ વિચાર વગર અથવા તો જાણે પોતે વિષયની આગથી બળીઝળી ગઈ હોય તેવો દેખાવ કરી, રોજના સેંકડો અને મહિનાના હજારો પુરુષોને પોતાની કાયા સોંપતી, તે જ હવે લિખોનીનને સ્ત્રીસ્વભાવાનુસાર પ્રેમ અને અદેખાઈથી ચાહતી અને તેની પાછળ તન, મન અને વિચારોથી ગાંડી થઈ જતી. પ્રિન્સ તેને બહુ ગમ્મતી અને મળતાવડો જણાતો, જ્યારે સોલોવિવ તેને ખૂબ આનંદી લાગતો. અતિ પ્રભાવશાળી સિમોનોસ્કીથી તે એક પ્રકારેથી ડરતી, પણ લિખોનીન તો તેનો દેવ અને તેનું સર્વસ્વ હતો; એટલું જ નહિ પરંતુ સૌથી વધુ ભયંકર તો એ હતું કે તેને તે પોતાની જ અંગત મિલકત અને શારીરિક આનંદનું સાધન માનતી હતી.

એ એક ઘણી પ્રાચીન કલ્પના છે કે જે માણસ એક વખત પોતાને મનગમતો આનંદ મેળવી ચૂક્યો છે, તેનાથી ધરાઈ ગયો છે અને શારીરિક વાસનાઓનો બધો અનુભવ મેળવી ચૂક્યો છે, તે માણસ ફરીથી કોઈને પણ એટલી જ પ્રબળતાથી પ્રેમ નહિ કરી શકે; એટલું જ નહિ પરંતુ પોતે તે બાબતોમાં સાવ વિરક્ત બની જશે; પણ સ્ત્રીઓની બાબતમાં આવાં કોઈ બંધન કે કાયદો હોતાં નથી. અને લ્યુબકા આ મતના જીવંત દાખલારૂપ હતી. તે આનંદસહ લિખોનીનનાં તળિયાં ચાંપવા—તેની ગુલામ બની રહેવા તૈયાર હતી; પણ તે જ સાથે તે એવી પણ ઇચ્છા સેવતી કે લિખોનીન, એક મેજ, એક કૂતરો કે એક બિલાડી તરફ દાખવે છે, તે કરતાં પોતાના તરફ કાંઈક વધારે લાગણી દાખવે. અને આ અણચિંતવ્યો પ્રેમપ્રવાહ,

જે એક સામાન્ય ઝરણાને બદલે બન્ને કાંઠે ઊભરાઈ જતી વિશાળ નદી જેટલા પ્રબળ વેગવાળો બની ગયો હતો, તેના ધસારા સામે તે હંમેશા શક્તિહીન પુરવાર થતો, અને પરિણામે ઘણી વાર મનમાં ને મનમાં તિરસ્કાર અને કટાક્ષ સાથે તે વિચારતો:

"દર સાંજે હું ખૂબસૂરત યુસુફની ભૂમિકા ભજવું છું, છતાં તે તો તેની પ્રિયતમાના હાથમાંથી છટકી જવા શક્તિમાન થયો હતો અને સામા પક્ષના હાથમાં માત્ર તેના કપડાં જ રહ્યાં હતાં, પણ હું તો કોણ જાણે ક્યારેય આ ધૂસરીમાંથી મુક્ત થઈશ?"

જેમ દીવાની આસપાસ પતંગિયાં ઊભરાય, તેમ તેના સદા ખુલ્લા દ્વારવાળા અને ગરીબ છતાં દરેકનો સત્કાર કરતા ઘરમાં એકઠા થતા વિદ્યાર્થી મિત્રોના તેના અને લ્યુબકા પ્રત્યેના દ્વિઅર્થી અને સંશયયુક્ત વર્તનથી લિખોનીનને ખૂબ આઘાત થવા લાગ્યો હતો. લ્યુબકા પ્રત્યેના શબ્દોમાં, ભાવમાં, દૃષ્ટિપાતમાં અને ખુદ તેમનામાં, એક વિદ્યાર્થી પોતાની પત્ની, માશૂક કે બહેન પ્રત્યે જે ભાવને જોવાની ઇચ્છા રાખે તે ભાવ જોવામાં આવતો ન હતો. લ્યુબકા તરફની બાહ્ય સભ્ય વર્તણૂક જોઈ, લિખોનીન, પોતાના મિત્રોના મગજમાં કઈ વિચારસરણી રમી રહી હશે તેની આ પ્રમાણે કલ્પના કરતો:

"સાદી, સસ્તી મોજમજાહ અર્થે તને વારવનિતાગૃહમાંથી લઈ આવવામાં આવી છે; પણ પૈસા માટે, સેંકડો બલ્કે હજારો પુરુષોને તું તારી કાયા સોંપતી હતી, એટલે હજીય તું એક વ્યાવસાયિક વારવનિતા જ છું. તારા પૂર્વધંધાની છાપ, તું ગમે તે કરે, તોપણ ધોઈ શકાવાની નથી. તને એક રાત માટે બોલાવવી એ તો સહજ વાત છે; એવી માગણીનો તું તત્કાળ સ્વીકાર કરે, તું જરૂર જાય."

અને કોઈ અગમ્ય અંધકારમય તિરસ્કારસહ લિખોનીનને લાગી આવતું કે, લ્યુબકાની સાથે પોતાને સરખાવીને તેના મિત્રો તેને કેટલું અપમાન પહોંચાડી રહ્યા હતા!

અને આમ હ્યુબકા પ્રત્યે તેનામાં એક પ્રકારની છૂપી દુશ્મનાવટના અંકુર ફૂટવા લાગ્યા હતા; અને પરિણામે વારંવાર આ ધૂસરીમાંથી છુટકારો મેળવવા માટેની અનેક વિચિત્ર યોજનાઓ તેના મગજમાં એક પછી એક દેખા દેવા લાગી હતી. આમાંની કેટલીક તો એવી નીચ યોજનાઓ હતી કે થોડાક કલાક બાદ કે બીજે દિવસે લિખોનીનને તે યાદ આવતાં, તે અંતરમાં જ શરમાઈ મરતો હતો.

"મારું માનસિક અને નૈતિક અધઃપતન થઈ રહ્યું છે," તે કમકમાટી ખાતાં વિચાર કરતો. "મેં જે ક્યાંક વાચ્યું હતું કે સાંભળ્યું હતું તે ખોટું નથી કે એક ઉચ્ચ કક્ષાના પુરુષનો એક નિરક્ષર અને અજ્ઞાન સ્ત્રી સાથે સંબંધ જોડાતાં, તે સ્ત્રી કદાપિ પણ પુરુષની ઉચ્ચ કક્ષાએ પહોંચી નહિ શકે, પણ ઊલટું સ્ત્રી પુરુષને નમાવશે અને પોતાની માનસિક અને નૈતિક દૃષ્ટિમાં તેને હલકો પાડી નાખશે."

અને એ અઠવાડિયા પછી તો હ્યુબકા તેના કલ્પના–જગતમાં જરા પણ સંચાર કરતી નહિ. તે પણ હવે લાંબી લાંબી પ્રેમની વાક્ધારાઓ, આલિંગનો, રિસામણાં–મનામણાં તેમ જ દયા અને મારામારી વગેરે સામાન્ય ગૃહજીવનનાં આકર્ષણોને અજમાવતો થઈ ગયો હતો.

જેમ કોઈ અણખીલ્યું પુષ્પ ચીમળાઈ ગયું હોય અને પુષ્કળ વરસાદ મળતાં પાછું તે ખીલી ઊઠે, તેમ હવે આરામ અને સ્વતંત્ર જીવન પામતાં હ્યુબકાનું સૌંદર્ય અજબ રીતે ખીલવા લાગ્યું હતું. મોં પરના શીળીના ડાઘા અદૃશ્ય થઈ ગયા હતા અને તેની આંખોમાં જે ભય અને શંકા તરવરતી હતી, તે હવે અદૃશ્ય થઈ જવાથી, તેમાં હવે એક અજબ પ્રકારનો ચમકાટ ચમકતો જોવામાં આવતો હતો. શરીર પણ પૂર્ણ તંદુરસ્તી પામતાં ખીલવા લાગ્યું હતું અને હોઠ પર લાલાશ જોવામાં આવતી હતી; પણ લિખોનીન, હ્યુબકાને રોજ જોતો હોવાથી, આ ફેરફાર જોઈ શક્યો ન હતો અને તેના મિત્રો હ્યુબકાને આ વિષે જે અભિનંદનો આપતા, તે પણ તે માની શકતો નહિ. "મૂર્ખ

મજાકો!" તે ક્રોધે ભરાઈ વિચારતો. "આ છોકરાઓ માત્ર મને બનાવવા માટે જ આવી વાતો કરે છે."

ગૃહિણી તરીકે હ્યુબકા એક સામાન્ય સ્ત્રી જેટલી પણ આવડતવાળી ન નીવડી. અલબત્ત, તે સામાન્ય ચીજો રાંધી શકતી અને લિખોનીનના રોજના શિક્ષણના પ્રતાપે પોણા રૂબલે શેરવાળી ચા ઉકાળતાં અને બનાવતાં તે શીખી ગઈ હતી; પણ આથી આગળ તે વધી શકી નહોતી, કારણકે દરેક કળા માટે દરેક માનવીમાં પોતાની જ અમુક હદ હોય છે કે જેને કોઈ પણ રીતે ઓળંગી શકાતી નથી. તેને ઓરડી ધોવામાં ખૂબ આનંદ આવતો અને આ કામ તે એટલી બધી વખત અને એટલા ઉત્સાહથી કરતી કે થોડા જ સમયમાં ત્યાં ભેજ દેખાવા લાગ્યો હતો અને પરિણામે જ્યાંત્યાં બહુ ઝીણું જંતુઓ દર્શન દેવાં લાગ્યાં હતાં.

એક વખત વર્તમાનપત્રની જાહેરાતથી લોભાઈને, લિખોનીન એક સીવવા-ગૂંથવાનું યંત્ર હપ્તેથી લઈ આવ્યો હતો. જાહેરાતન વચન મુજબ તો આ કામમાંથી દરરોજ ત્રણ રૂબલનો ચોખ્ખે નફો મેળવી શકાય તેવું સહેલું આ યંત્ર હતું. લિખોનીન સોલોવિવ અને નિજરેઝે તો એ યંત્ર ચલાવતાં થોડાક જ કલાકમ શીખી ગયા હતા. લિખોનીને તો અનંત સમય સુધી ટકે તેવાં એ એવડા મોટા માપનાં મોજાંની જોડ પણ તે પર બનાવી હતી કે ત જોડ તો મોસ્કોના ક્રોસનાય ચોકમા બ્રોંઝના પૂતળાં ઊભા કરી મૂકવામાં આવેલા મહાન વિજેતાઓ મિનિન અને પોઝારસ્કીન પગને પણ કદાચ મોટી પડે; પણ માત્ર હ્યુબકા જ આ યંત્ર ચલાવત ન શીખી શકી. સહેજ વાંધો નડતાં તેને પુરુષોનો સહકાર શોધવે પડતો, પણ તે કૃત્રિમ પુષ્પો બનાવતાં ઝડપથી શીખી ગઈ હત અને સિમોનોસ્કીનો વિરોધી મત હોવા છતાં, તે સાચે જ સુંદ અને ચિત્તવેધક દેખાવો પુષ્પોથી બનાવી શકતી હતી; એટ

એકાદ મહિનામાં કેટલાક વેપારીઓ તેનો માલ પણ ખરીદવા લાગ્યા હતા અને વધુ આશ્ચર્ય તો એ હતું કે આ વિષયના નિષ્ણાત પાસેથી તેણે માત્ર બે જ પાઠ લીધા હતા અને બાકીનું શિક્ષણ તેણે, યંત્રની સાથે જ આવેલા એક સચિત્ર માર્ગદર્શક નોંધના પુસ્તક ઉપરથી પોતાની જાતે જ મેળવી લીધું હતું. તે એક અઠવાડિયામાં એક રૂબલ કરતાં વધારે કિંમતના કૃત્રિમ પુષ્પો બનાવી શકતી ન હતી, પણ આ પૈસા માટે તેને અજબ અભિમાન થતું હતું અને તેથી પહેલી જ કમાણીના રૂબલમાંથી તે અર્ધા રૂબલની કિંમતનું સિગારેટ–હોલ્ડર લિખોનીન માટે ખરીદી લાવી હતી.

વર્ષો પછી, લિખોનીને પોતાના અંતરમાં દુઃખ અને વેદના સાથે કબૂલ કર્યું હતું કે તેના વિદ્યાર્થીજીવન અને વકીલ તરીકેના સારાય જીવનમાં આ જ દિવસો તેણે શાંતિ અને આરામમાં વિતાવ્યા હતા. આ વિચિત્ર અને ચક્રમ જેવી અને કેટલેક અંશે મૂર્ખ જેવી લાગતી લ્યુબકામાં પોતાની આસપાસ શાંતિનું વાતાવરણ જમાવવાની કોઈક અદૃશ્ય શક્તિ, કોઈ અજબ પ્રેરણાબળ હતું અને તેની આ શક્તિના જ પ્રતાપે લિખોનીનનું રહેઠાણ એક આનંદમય શાંતિનું સ્થાન બન્યું હતું, અને જેમને જીવનનો વિગ્રહ વેઠતાં અનેક દુઃખો સહન કરવાં પડતાં હતાં, તેવા અનેક વિદ્યાર્થીઓ દુઃખ, ભૂખમરો અને એવી અનેક યાતનાઓ વેઠયા બાદ અહીં આવતા, એક પ્રકારની ગૃહજીવનની શાંતિ અને આરામ મેળવતા અને એ રીતે જીવનના એક મહત્ત્વના આશ્રમનો થોડોઘણો પણ આડકતરો લહાવો લેવા પામતા. તે દિવસોમાં, ચાના ટેબલ આગળ જ્યારે બધા એકઠા થતા, વાદવિવાદ ચાલતો, યોજનાઓ ઘડાતી અને ભવિષ્યનાં સ્વપ્નાંઓ રચાતાં, ત્યારે લ્યુબકા ચુપચાપ એકીટસે જોઈ રહી શાંતિથી અને મિત્રતાભરી સુજનતાથી ત્યાં બેસી રહેતી. એ દૃશ્ય પાછળથી જ્યારે લિખોનીનની નજર સમક્ષ ખડું થતું ત્યારે તેનું અંતર વીંધાઈ જતું, પણ સાથે એ પણ કહેવું જોઈએ કે લ્યુબકા વિષેના તેના

ક્રૂર અને અંતરને વીંધતા વિચારો તેમના છૂટા પડ્યા પછી તેના મગજમાંથી સાવ ભુંસાઈ ગયા હતા. પરંતુ આવા કિસ્સાઓમાં આવું જ બને છે.

અને શિક્ષણની બાબતમાં પણ મહામુશ્કેલીએ ગાડું આગળ વધતું હતું. આ બધા પોતાની જાતે જ થઈ બેઠેલા મહાન શિક્ષણ-શાસ્ત્રીઓ વ્યક્તિગત અને સામુદાયિક રીતે એક જ મતનો ઉચ્ચાર કરતા હતા કે માનવમાનસની કેળવણી અને માનવઆત્માની પ્રગતિ વ્યક્તિગત અનુમાનોથી જ સાધી શકાય છે; પણ જ્યારે એક જ પ્રકારના વિચારોને ક્રિયામાં મૂકવાનો સમય આવતો, ત્યારે તેઓ પોતાને જે અનિવાર્ય અને જે ખાસ જરૂરી જણાતું તે જ હચુબકાના મગજમાં ઠસાવવા પ્રયત્ન કરતા અને જેના વિના કાંઈ પણ મુશ્કેલી વગર કાર્ય આગળ ધપાવી શકાત, તેવી વૈજ્ઞાનિક અડચણોને જીતવા તેની સાથે પ્રયત્ન કરતા હતા.

દાખલા તરીકે ગણિત શીખતાં, હચુબકા જે વિચિત્ર, ભયંકર, જંગલી, અથવા તો વધારે સ્પષ્ટ કહીએ તો સાવ બાલીશ અને જૂના જમાનાની રીતથી આંકડાઓના સરવાળા-બાદબાકી કરતી, તે લિખોનીનને જરા પણ રુચતું નહિ. તે એક ને એક બે, અને બે ને એક ત્રણ અને ત્રણ ને એક ચાર એવી રીતે જ આગળ વધતી. દાખલા તરીકે બાર એટલે તેને મન બે વાર બે ત્રણ હતા; ત્રણ વાર પાંચ અને બે વાર બે એટલે ઓગણીસ થતા: સાથે એ પણ કહેવું જોઈએ કે આ રીતથી સોના આંક સુધી તે ઝડપથી પહોંચી હતી. આથી આગળ જવાની તે હિંમત કરતી નહિ. તેને પોતાના વ્યવહારુ જીવનમાં તેની જરૂર જણાતી ન હતી. એક પછી એક એકથી નવાણુ સુધી ગણવાની રીત શીખવવામાં લિખોનીન નિષ્ફળ નીવડ્યો હતો. તેણે આ રીત શીખવવા ઘણાય યત્નો આદર્યા પણ પરિણામ શૂન્ય જ આવતું અને તેથી પરિસ્થિતિ એવી ઊભી થતી કે તે ગુસ્સામાં આવી હચુબકા

પર ચિડાતો અને બૂમો પાડતો, ત્યારે હ્યુબકા સ્તબ્ધ બની, બીની પાંપણોવાળી આંખો પહોળી કરી તેના તરફ જોઈ રહેતી. ઉપરાંત તેનું અગમ્ય માનસ સરવાળા અને ગુણાકાર સહેલાઈથી શીખી ગયું, પણ બાદબાકી અને ભાગાકાર તો કેમે કર્યું શીખી શક્યું જ નહિ. પરંતુ અજબ પમાડે એવી ઝડપથી ગામડાઓમાં હજારો વર્ષથી ચાલતા અનેક મૂંઝવણભર્યાં પ્રશ્નો અને પલાખાંઓ તે કરી આપતી અને તેના મગજમાં તે બરોબર ઠસી રહેતા. ભૂગોળ તરફ તેને જરાય પ્રેમ થતો નહિ. એ સાચું હતું કે તે શેરી, બાગ કે ઓરડાની ચાર જુદી જુદી દિશાઓ લિખોનીન કરતાં હજાર દરજ્જે વધારે સારી રીતે સમજી શકતી હતી, અને આ માટે તેના હૃદયમાં વસી રહેલા સનાતન ગ્રામ્યસંસ્કાર જ જવાબદાર હતા; પણ તે જમીનનાં પડ અને એવી બાબતો તથા ક્ષિતિજ વિષે એક પણ અક્ષર માનવા ધસીને ના પાડતી; અને જ્યારે તેને કહેવામાં આવ્યું કે પૃથ્વી ગોળ હોઈ સૂર્યની આસપાસ ફરે છે ત્યારે તો તે ખડખડાટ હસી પડી અને નાકનું ટીચકું ચઢાવ્યું. ભૂગોળના નકશા એ તેને માટે રંગ-બેરંગી વિચિત્ર વસ્તુઓ હતી. પણ જુદી જુદી આકૃતિઓ તે બરોબર રીતે અને ઝડપથી સમજી શકતી. "ઇટાલિ ક્યાં છે?" લિખોનીન પૂછતો. "આ રહ્યો, આ બૂટ." હ્યુબકા જવાબ આપતી અને વિજયપૂર્વક તે દેશ પર આંગળી મૂકી બતાવતી. "સ્વીડન અને નોર્વે?" "આ છાપરાં પરથી કૂદતો કૂતરો." "બાલ્ટિક સમુદ્ર?" "આ રહી એ ઘૂંટણીએ પડેલી વિધવા." "કાળો સમુદ્ર?" "બૂટ." "સ્પેન?" "ટોપી પહેરેલો જાડીઓ." . . . વગેરે વગેરે. ઇતિહાસમાં પણ તેને ભૂગોળ જેવું જ હતું. લિખોનીનના ધ્યાનમાં એ ન આવ્યું કે તેનો બાળક જેવો આત્મા વાર્તાસાહિત્ય માંગતો હતો અને તેથી જો તેણે ઐતિહાસિક બનાવોને રમૂજી અને હૃદયવેધક વાર્તાઓના સ્વરૂપે શીખવવા પ્રયત્ન કર્યો હોત, તો તેને તેમાં સફળતા મળત; પણ તે તો પરીક્ષાઓ પાસ કરવા અને ચોક્કા

અને પાંચમા ધોરણના વિદ્યાર્થીઓને શીખવવા ટેવાયલો હોઈ, તેણે તેના મગજમાં તારીખો અને નામો ઠસાવવાં પ્રયત્ન કર્યો; ઉપરાંત તે અત્યંત અધીરા સ્વભાવનો, ઉદ્ધત અને ગરમ મિજાજનો હતો: જરા વારમાં કંટાળી જતો અને આ છોકરી, જે તેના જીવનમાં ઓચિંતી અને મૂર્ખતાભરી રીતે વણાઈ ગઈ હતી, તેના પ્રત્યે છૂપો પણ દરરોજ વધતો તિરસ્કાર ઉત્પન્ન થતો હતો. તેને પરિણામે આ શિક્ષણના સમય દરમ્યાન વારંવાર અને વિના પ્રયોજને તે વચ્ચે કંટાળીને અટકી જતો.

શિક્ષક તરીકે નિજરેઝેએ સૌથી વધુ સફળતા મેળવી હતી. રીબનો વડે બાંધેલાં અને ભીંતની ખીલીએ લટકાવેલાં તેનાં સિતાર અને મેન્ડોલીન દરરોજ જોવામાં આવતાં હતાં. કંટાળો ઉપજાવતાં અને અવાજ કાઢતાં મેન્ડોલીન કરતાં મીઠા મૃદુ સ્વરો કાઢતી સિતાર લ્યુબકાને વધારે પ્રિય લાગતી હતી. નિજરેઝે મહેમાન બની આવતો (તે દર અઠવાડિયે ત્રણ ચાર વખત સાંજના સમયે આવતો) ત્યારે લ્યુબકા પોતાના હાથે ભીંતેથી સિતાર ઉતારતી અને હાથરૂમાલ વડે કાળજીપૂર્વક તેને લૂછી તેના હાથમાં મૂકતી. નિજરેઝે સૂર મેળવવાનો જરા દેખાવ કરી, ગળું ખોંખારી, પગ પર પગ ચઢાવી, ખુરશીને આરામથી અઢેલી, તેના જરા કર્કશ અને ગળામાંથી આવતા પણ મીઠા અને હૃદયભીના સ્વરે ગાવાનું શરૂ કરતો; અને તે વખતે જાણે પોતાના જ સંગીતમાં પોતે લુબ્ધ થઈ ગયો હોય તેમ સ્તબ્ધ બની ગયાનો દેખાવ કરી, આંખો મીંચી દેતો, અથવા તો વચ્ચે ભાવપૂર્ણ વાક્યો આવતાં કે સૂર ખેંચાતા તે આમથી તેમ માથું ઝુલાવતો અને સિતારની દોરી પરથી જમણો હાથ પહોળો કરી પથ્થરનાં પૂતળાં જેવો બની જઈ, ક્ષણભર શરમાળ અશ્રુપૂર્ણ અને મૃદુભાવ દાખવતી આંખો વડે લ્યુબકાને જોઈ રહેતો. તેને અસંખ્ય ભાવનાગીતો, પ્રણયગીતો ને લોકગીતો મોઢે હતાં. આ બધામાંથી એક આર્મેનિયન ગીત લ્યુબકાને ખૂબ જ

ગમી ગયું હતું; અને આવાં આર્મેનિયન ગીત પણ નિજરેઝેને અનેક આવડતાં. આ ગીત ગાતી વખતે નિજરેઝે પોતાનો સ્વર ઘણો મૃદુ કરી નાખતો અને વિસ્મિત નયનો વડે હ્યુબકાને જોઈ રહેતો! પણ હ્યુબકા પર આની અસર ઊલટા જ પ્રકારની થતી. તે તો હસતાં હસતાં બેવડી વળી જતી અને તેની આંખમાં હર્ષાશ્રુ ઊભરાઈ જતાં. એક વખત તો હ્યુબકાને એટલી બધી લાગણી થઈ આવી કે તે પોતાના મન ઉપર કાબૂ રાખી શકી નહિ અને તેણે પણ સાથે જ ગાવા માંડયું, અને તેમના સંયુક્ત સૂરોએ ખૂબ સરસ મેળ ખાધો. પછી તો ધીમે ધીમે જેમ જેમ તે તેની આગળ વધારે છુટ્ટી થતી ગઈ, તેમ તેમ વારંવાર બન્ને સાથે ગીત ગાવા લાગ્યાં. હ્યુબકાનો અવાજ જરા તીણો હોવા છતાં મૃદુ અને મીઠાશભર્યો હતો અને તેના પર તેની ભૂતકાળની જિંદગી, સખ્ત ઠંડીમાં જહેમત, દારૂનો નશો તથા અનિયમિત વ્યાવસાયિક જીવને કાંઈક અસર કરેલી જણાતી ન હતી. તેનામાં એક ઈશ્વરી બક્ષિસ જેવી પ્રેરક, કુદરતી, મધુર, સુંદર આવડત હતી કે જે વડે તે પોતાનો અવાજ બીજા કોઈ સૂર ભેગો એક કરી શકતી; અને પછી તો વખત એવો આવી લાગ્યો કે હ્યુબકા પ્રિન્સને વિનંતી ન કરતી, પણ ઊલટો પ્રિન્સ હ્યુબકાને એકાદ લોકગીત ગાવા વિનંતી કરતો અને આવાં લોકગીત હ્યુબકાને તો અસંખ્ય યાદ હતાં. અને તેવે સમયે ટેબલ પર કોણી ટેકવી, હથેળીમાં માથું રાખી, ગ્રામ્યકન્યાની જેમ તે ગાવાનું શરૂ કરતી. તે જ્યારે છેલ્લી લીટીએ પહોંચતી ત્યારે પ્રિન્સ તેમાં પોતાનો અવાજ પણ ભેળવતો અને ધીમે ધીમે બન્નેના અવાજ અને વાજિંત્રના સૂર શાંત પડી જતાં ત્યાં અદ્ભુત શાંત વાતાવરણ પથરાઈ રહેતું.

પણ, પ્રખ્યાત જ્યોર્જિયન કવિ રૂસ્તાવેલીની “ ચિત્તાનું ચામડું ” નામની જે અપૂર્વ કૃતિ પ્રિન્સે શીખવવાનું માથે લીધું હતું, તેમાં તેણે સાવ નિષ્ફળતા મેળવી હતી. એ મહાકાવ્યની મીઠાશ એની

મૂળ ભાષાના અમુક શબ્દોમાં હતી પણ જેવો પ્રિન્સ તે ગંભીર બની વાંચવાની શરૂઆત કરતો કે હ્યુબકા પહેલાં ધીમે ધીમે હસવાની શરૂઆત કરી, વધતાં વધતાં આખો ઓરડો ગાજી ઊઠે એટલું પ્રબલ હસવા માંડતી, એટલે પ્રિન્સ ગુસ્સામાં આવી જોરથી ચોપડી બંધ કરી દેતો અને હ્યુબકાને ખચ્ચર અને ઊંટનાં ઉપનામોથી વધાવતો, પણ આ વિરોધ લાંબો સમય ટકતો નહિ.

એવા પણ કેટલાક પ્રસંગો આવતા કે જ્યારે નિજરેડ્ઝેના દિલમાં બકરા જેવા તોફાની આનંદના તરંગો ઊભરાઈ આવતા. તે સમયે તે એમ દંભ કરતો કે જાણે તે હ્યુબકાને આલિંગન લેવા ચાહે છે અને ખૂબ લાલસાભરી આંખો વડે તેના તરફ જોઈ નાટકિયા ભાષામાં જણાવતો:

" અય દિલબર ! અલ્લાહના બાગનું તું અત્યુત્તમ ગુલાબ છે ! તારા ઓષ્ઠ પર મદ અને દૂધ લાગેલાં છે, અને તારા શ્વાસોશ્વાસ તો શીશકબાબની સુગંધ કરતાં પણ વધારે આહ્લાદજનક છે. તારા ઓષ્ઠદ્વારા નિવાર્ણના અમર અમૃતનું પાન કરાવ. ઓ મારી ઉત્તમ ટિફ્લિશિયન બકરી ! "

પણ પ્રત્યુત્તરમાં હ્યુબકા હસતી, ગુસ્સે થતી, હાથ પછાડતી અને લિખોનીનને કહી દેવાની ધમકી આપતી.

" વાહ ! " પ્રિન્સ બન્ને હાથ પહોળા કરી કહેતો. " લિખોનીન કોણ છે ? લિખોનીન તો મારો પરમ મિત્ર, મારો ભાઈ અને અભિન્ન-હૃદય મિત્ર છે; પણ. પ્રેમ એ શી વસ્તુ છે, તે એ જાણે છે ? તમે ઉત્તરના વતનીઓ પ્રેમને શું સમજો ? પ્રેમને માટે અમે જ્યોર્જિય-નો જ જગતમાં સર્જાયા છીએ. જો હ્યુબકા ! હું તને હમણાં જ દાખવીશ કે પ્રેમ શું છે ? " કહી તે મુઠ્ઠીઓ વાળતો, શરીરને આગળ લાવતો અને આંખો વિકરાળ કરી, દાંત કચકચાવતો સિંહ જેવો એવો તો અવાજ કરતો કે, આ બધું મશ્કરીમાં થાય છે એમ જાણતી હોવા

છતાં, હ્યુબકા બાળકની જેમ ડરી જતી અને બીજા ઓરડામાં દોડી જતી.

પણ એટલું કહેવું જોઈએ કે મિત્રપત્ની તરફ કેવા પ્રકારનું વર્તન રાખવું જોઈએ એ વિષેનું શિક્ષણ તેને બાળપણમાં તેની માતા તરફથી મળ્યું હોવાથી બીજાં આડાંઅવળાં તોફાનો કરવા છતાં, તેનામાં હજી અમુક નૈતિક બંધનોની ભાવના સજીવ હતી; અને કદાચ તે સમજતો હતો (અને આ પૌર્વાત્ય પ્રદેશના લોકો ભોળા હોવા છતાં, અને કદાચ તે જ કારણસર પોતાની ઇચ્છામાં આવે ત્યારે પોતાના મનોબળ ઉપર અંકુશ મૂકવાની અજબ શક્તિ ધરાવતા હોય છે) કે, જો તેણે આ હ્યુબકાને એક ક્ષણ માટે પણ પોતાની માશૂક બનાવી તો, તે જે આ શાંત ગૃહજીવનની જિંદગીથી ટેવાયો હતો, તેનો સદાને માટે અંત આવી જશે, કારણકે તે જો કે આખીય વિદ્યાપીઠમાં બધા સાથે અંગત મિત્રાચારીનો સંબંધ રાખતો હતો છતાં, તેને આ વિચિત્ર શહેરમાં એકલવાયાપણું લાગતું અને આ મુલક તો તેને એથીય વધુ વિચિત્ર ભાસતો હતો!

અભ્યાસ કરાવવાનું કામ સોલોવિવને સૌ કરતાં વધારે માફક આવ્યું હતું. આ બળવાન, સશક્ત અને બેદરકાર માણસ, અપરોક્ષ અને પોતાને પણ અગમ્ય રીતે સ્રીત્વની એ છુપાયલી, ન પકડાય એવી અપૂર્વ જાદુગીરી કે જે ઘણી વાર સૌથી કઠોર અને સૌથી ભયાનક સ્રીઓમાં પણ જોવામાં આવે છે, તેના પંજામાં સપડાતો જતો હતો. પરિણામે હુકમ વિદ્યાર્થિની કરતી, હુકમનો અમલ શિક્ષક કરતો. અંતર્ગત તો પુરાતન, પણ બીજી બાજુ નવા, ઊંડા અને એક સ્વતંત્ર આત્માની મારફતે હ્યુબકા બીજાઓએ અખત્યાર કરેલા માર્ગે જવા તત્પર ન થતી, પણ તે પોતાનો ખાસ વિચિત્ર માર્ગ જ શોધતી. દાખલા તરીકે, ઘણા બાળકોની જેમ, તે વાંચતાં પહેલાં લખતાં શીખી હતી. તે પોતે તો શાંત અને આજ્ઞાંકિત સ્વભાવની હતી, છતાં તેનું પોતાનું

નહિ, પણ તેના માનસનું કોઈ અજબ લઢણુ, વાંચનમાં વ્યંજન સાથે સ્વર કે સ્વર સાથે વ્યંજન જોડવાનું ઘસીને ના પાડતું: લખતાં, તેને આ વાંધો નડતો નહિ. નવા નિશાળિયાઓને લીટીઓ દોરી તે મુજબ લખતાં ફાવતું નથી, છતાં તેને એ રીતે લખવાનું ખૂબ ગમતું. તે વાંકી વળી કાગળો પર અક્ષરો પાડતી : જાણે કોઈ કાલ્પનિક ધૂળ ઉડાડતી હોય તેમ થાક લાગવાથી કાગળ પરથી ધૂળ ઉડાડવા મથતી : હોઠ ચાટતી અને ઘડીકમાં આ ગલોફામાં અને ઘડીકમાં બીજા ગલોફામાં જીભને ઘાલી તેને ફુલાવતી. સોલોવિવ તેના પર કશી જાતનું દબાણુ કરતો નહિ અને તેને ફાવે તેમ કરવા દેતો; અને સાથે એ પણ કહી દેવું જોઈએ કે તેના વિશાળ, પહોળા અને સશક્ત આત્માને આ દોઢ માસ દરમ્યાન આ આકસ્મિક, નબળા મનની અને ક્ષણ-ભંગુર વ્યક્તિ તરફ આકર્ષણુ થવા માંડયું હતું અને તેના પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થવા માંડયો હતો. કોઈ મહાકાય હાથી એક નબળા નિરાધાર પ્રાણી પ્રત્યે પ્યારથી જુએ, તેવો ચોકકસ, ટીખળી, પ્રભાવશાળી અને કંઈક અંશે વિચલિત એવો આ પ્રેમ હતો.

વાંચન એ બન્નેને માટે આનંદનો વિષય હતો અને અહીં પણ શું વાંચવું એ હ્યુબકાની મનોવૃત્તિ પર છોડવામાં આવ્યું હતું. સોલોવિવ તો માત્ર તેના વહેણુ અને ગતિનો જ પ્રેક્ષક હતો. દાખલા તરીકે, તેને 'ડૉન કવીકઝોટ' મુદ્દલ ગમ્યું ન હતું અને ટૂંક સમયમાં જ તે કંટાળી ગઈ, જ્યારે બીજી બાજુ 'રોબિન્સન ક્રુઝો' સાંભળતાં તેને ખૂબ જ આનંદ આવતો હતો, અને ખાસ કરીને— 'રોબિન્સન ક્રુઝો' તેનાં સગાંઓને મળે છે, તે દશ્ય વખતે તો તેની આંખોમાંથી આંસુઓની ધારા વહેતી. તેને 'ડીકન્સ' ગમતો અને તેના તેજસ્વી વિનોદમાં તેને ખૂબ આનંદ આવતો, પણ અંગ્રેજી સમાજની કેટલીક વિધિઓ તે કદાપિ પણ સમજી શકતી નહિ. બન્નેએ કેટલોક વખત 'ચેખોવ' પણ વાંચ્યો હતો અને હ્યુબકા, તેના મનોરથોમાં, તેના સ્મિતમાં અને તેના શોકના સૌંદર્યમાં, વિના

મુશ્કેલીએ ઊંડી ઊતરી આનંદ મેળવતી. બાળવાર્તાઓ તેને ખૂબ ગમતી અને તે વખતની તેની સ્થિતિ જોતાં કોઈને પણ આનંદ અને હાસ્ય આવ્યા વગર રહે નહિ. એક વખત સોલોવિત્ર તેની સમક્ષ 'આવેશ' નામની ચેખોવની એક વાર્તા વાંચતો હતો. આ વાર્તામાં એવું આવે છે કે એક વિદ્યાર્થી જીવનમાં પહેલી જ વખત એક વારવનિતાગૃહમાં જઈ પહોંચે છે અને પછી બીજા દિવસે જાણે આવેશ આવ્યો હોય તેમ અંતરની ઊંડી વેદનાથી અને પોતે એક ભયંકર ગુનો કર્યો હોય તેવા માનસિક વિચારોથી પીડાય છે. સોલોવિવને ખબર ન હતી કે લ્યુબકાના માનસ પર આ વાર્તા આટલી બધી પ્રબળ અસર કરશે. તે તો એ વાર્તા સાંભળી રડવા, સોગંદો ખાવા અને હાથ પછાડવા લાગી હતી અને તે આખોય વખત બોલ્યા કરતી હતી:

"અરે પ્રભુ! એ એવી બધી વાતો લાવે છે ક્યાંથી? અને આટલી કુશળતાપૂર્વક! એમાં જે કાંઈ જણાવ્યું છે તે સોએ સો ટકા અમારા જીવનની સાચી વાતો છે!"

એક વખત સોલોવિવ પોતાની સાથે પાદરી પ્રીવોસ્ટની લખેલી 'મેનન લેસ્કોટ અને શેવાલિયર દ ગ્રોનો ઇતિહાસ' નામની ચોપડી લાવ્યો હતો. અત્રે એ પણ કહી દેવું જોઈએ કે સોલોવિવ પોતે આ અપૂર્વ કૃતિ પહેલી જ વાર વાંચતો હતો, છતાંય લ્યુબકા તે પુસ્તકની કિંમત ખૂબ આંકી શકી હતી. વસ્તુનો અભાવ, રજૂ કરવાની સાવ સાદી રીત, લાગણીઓથી ઠેરઠેર ખેંચાઈ જવું, જૂના જમાનાની શૈલી, તે સર્વ જોઈને સોલોવિવ તો ઠંડો-ગાર જ થઈ ગયો હતો; જ્યારે લ્યુબકા તો આ વિલક્ષણ અમર નવલકથામાં આવતાં આનંદ, શોક અને હૃદયસ્પર્શી દેખાવોનાં લાંબા લાંબા વર્ણનોનો માત્ર કાનદ્વારા જ નહિ પણ નયનો અને પોતાના ભોળા હૃદયદ્વારા પણ સંપૂર્ણ આસ્વાદ લઈ શકી હતી.

સોલોવિવ તેનું સોનેરી પણ ઓળ્યા વગરના વાળવાળું, દીવાના તેજથી ચમકતું માથું ચોપડીમાં ઊંડું નમાવી વાંચતો હતો: "સેંટ

ડેનીસમાં, અમારો લગ્નનો ઇરાદો ભુલાઈ ગયો; ધર્મના કાયદાઓ કોરાણે મુકાયા અને તેનો જરા પણ વિચાર કર્યા વગર અમે એક થઈ ગયાં ”

“ એ લોકોએ શું કર્યું? એટલે પોતાની સ્વેચ્છાથી જ, એમ જ ને? પાદરી વગર, એમ જ ને ?” પોતાનાં કૃત્રિમ પુષ્પોને આધાં ખસેડતી, અધીરી બની હચુબકા પૂછવા લાગી.

“ અલબત્ત! અને તેથી શું થયું ? સ્વતંત્ર પ્રેમ અને ત્યાર પછી જે બને છે તે—હમણાં તારે ને લિખોનીન ને ચાલે છે તેમ જ!”

“ અરે પ્રભુ! એ તો જુદી વાત છે. તમે તો જાણો છો કે એ મને ક્યાંથી લાવ્યો છે, પણ આ તો નિર્દોષ અને ખાનદાન કન્યા છે. તેને માટે આવું પગલું એ બહુ નીચ કાર્ય ગણાય; અને મારા શબ્દો નોંધી રાખજો, સોલોવિવ, કે આગળ જતાં એ તેને તરછોડી દેશે. ગરીબ બિચારી! હાં, હાં, આગળ વાંચો!”

પણ થોડાંક પાનાં આગળ જતાં હચુબકાની બધી લાગણીઓ અને સહાનુભૂતિ છેતરાયલા ઘોડેસવાર તરફ વળી ગઈ. સોલોવિવ વાંચતો હતોઃ

“ છતાં, મ . . . ની ચોરીછૂપીની મુલાકાતો અને વિદાયથી હું ખૂબ મૂંઝવણમાં પડયો. સાથે મને મેનનની નાની નાની કેટલીય ખરીદીઓ યાદ આવી કે જે અમારી આવકના પ્રમાણમાં ઘણી ભારે હતી. નવા પ્રેમીની ઉદારતાની એ પહેલી લપડાકો—પણ ના, ના, મેં પુનઃ વિચાર કર્યોઃ ‘ મેનન મને કદાપિ દગો દે જ નહિ. તે જાણે છે કે, હું તેને માટે જ જીવું છું અને તેને એ વાતની ખાસ ખબર છે કે હું તેને માટે પ્રાણ પાથરવા પણ તૈયાર છું.’ ”

“ મૂર્ખ! ખરો મૂર્ખ!” હચુબકા બોલી ઊઠી. “ અલ્યા, હજી પણ નથી જોઈ શકતો કે પેલા પૈસાદારે તેને રખાત તરીકે રાખી છે. કેટલી હલકી કોટીની તે સ્ત્રી છે!”

અને જેમ જેમ નવલકથા આગળ વધતી ગઈ તેમ તેમ હ્યુબકાને તેમાં વધારે ને વધારે આનંદ અને રસ પડવા લાગ્યો અને તેમાં તે એકધ્યાન થવા લાગી. જ્યારે દ ગ્રો કલબમાં ઊંચો-નીચો થઈ રહ્યો હતો ત્યારે મેનન પોતાના આશક અને ભાઈની મદદ વડે તેના નવા નવા રૂપપ્રશંસકોને નીચોવતી હતી, તે સામે હ્યુબકાને જરા પણ વિરોધ ન હતો, પણ તેની દરેક નવી બદમાસી—છેતરપિંડીથી હ્યુબકાને વધારે ને વધારે ક્રોધ આવતો અને શૂરવીર શેવેલિયરની વેદના જોઈ તેની આંખોમાંથી આંસુ વહેતાં. એક વખત તેણે પૂછ્યું :

"સોલોવિવ, ભાઈ, એ—એ લેખક કોણ હતો ?"

"એ એક ફ્રેંચ પાદરી હતો."

"એ રશિયન તો નહોતો, એમ ને ?"

"ના, ના. ખાતરીપૂર્વક ફ્રેંચ. જો તેનાં લખાણોમાં બધે—ગામ ફ્રાંસનાં છે અને માણસોનાં નામ પણ ફ્રાંસના વતનીઓનાં છે."

"ત્યારે તે પાદરી હતો, એમ તમે કહો છો ને ? ત્યારે તેને આ બધી વાતનો અનુભવ મળ્યો ક્યાંથી ?"

"મળ્યો, ગમે ત્યાંથી ! કારણકે તે એક સામાન્ય માણસ હતો—ઉમરાવ હતો અને પાછળથી પાદરી થયો હતો. તેણે જીવનમાં ઘણું જોયું હતું. પછી એ પાદરીઓથી પણ છૂટો પડી ગયો હતો. આ પુસ્તકની શરૂઆતમાં તેના વિષે બધી માહિતી તેણે આપેલી છે."

તેણે પાદરી પ્રીવોસ્ટનું જીવનચરિત્ર તેની આગળ વાંચી સંભળાવ્યું. હ્યુબકાએ અર્થપૂર્ણ રીતે માથું હલાવતાં, એકધ્યાન થઈ તે સાંભળ્યું. જ્યાં જ્યાં સમજ ન પડી ત્યાં ત્યાં ખુલાસા પૂછ્યા અને જ્યારે તે પૂર્ણ થયું ત્યારે ગંભીર મુખે કહેવા લાગી:

"એમ, ત્યારે એની કહાણી એવી છે ! તેણે સાચે જ બહુ સારું લખ્યું છે. માત્ર પેલી કેમ આટલી બધી નીચ છે ? કારણકે પેલો

એને જાનથી પણ વધુ ચાહે છે, ત્યારે તે તો તેની સાથે બધોય વખત દગો જ રમતી હોય છે."

"ઠીક, હ્યુબકા, એમાં તું શું કરી શકે? કારણકે તે પણ તેને ચાહતી હતી. માત્ર તે જરા દંભી અને મૂર્ખ છે; અને માત્ર પોતાનાં કપડાં અને પોતાને માટે ઘોડા અને જરજવાહીરની જ ભૂખી હોય છે."

હ્યુબકા એકદમ બરાડી ઊઠી અને એક મૂઠીને બીજી મૂઠી મારતાં બોલી:

"રાં . . . કમજાત, જો મારા હાથમાં આવે તો હું તેના રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાંખું. શું એનું જ નામ પ્રેમ કહેવાતો હશે? જો તમે એક પુરુષને સાચા દિલથી ચાહતાં હો, તો તેના તરફથી તમને જે કાંઈ મળે, તે પણ તમને તેટલું જ પ્યારું લાગવું જોઈએ. તેને જો જેલ મળે, તો તમારે પણ તેની સાથે જેલમાં જવું જોઈએ. તે જો ચોર બને તો . . . તો વળી તમારે તેને તેના કાર્યમાં મદદ કરવી જોઈએ. તે જો ભિખારી હોય તો તમારે પણ તેની સાથે ભીખ માગતાં ફરવું જોઈએ. જ્યાંસુધી પ્રેમ મળતો હોય, ત્યાંસુધી ખાવા માટે રોટલાનો સુક્કો કટકો જ માત્ર મળતો હોય તેથી શું થઈ ગયું! તે રાં . . . કમજાત, સાવ કમજાત છે, બીજું શું? પણ હું જો તેના પ્રેમીના સ્થાને હોઉં તો તેનો તરત જ ત્યાગ કરું! અથવા તો રડવાને બદલે તેને એવો તો મેથીપાક આપું કે મહિના સુધી ખાટલામાં પડી પડી સડે . . . રાં . . . કમજાત!"

વાર્તાનો અંતિમ ભાગ લાંબો સમય તે ન સાંભળી શકી અને હંમેશ તે આંસુ વહાવવા લાગતી હોવાથી, વાંચનને વચ્ચે જ અટકાવી દેવું પડતું અને છેલ્લું પ્રકરણ તો ચાર કટકે પૂરું કરવામાં આવ્યું હતું.

પ્રેમીઓને કેદખાનામાં સહન કરવાં પડતાં અનંત દુઃખો અને

તેમના નાસી છૂટવાના નિષ્ફળ પ્રયત્નો, એનનને જબરજસ્તીથી અમેરિકા મોકલી દેવી અને સ્વેચ્છાથી તેની પાછળ જવામાં દ ગ્રોનો આત્મસંયમ વગેરે પ્રસંગોએ હ્યુબકાના કલ્પના—જગતમાં એવું તો રમખાણુ મચાવ્યું—તેના આત્મા પર એવો તો પ્રભાવ પાડ્યો કે તે તે પ્રસંગો પર ટીકાઓ કરવાનું પણુ તે ભૂલી ગઈ. એનનના ભર જંગલમાં શાંત અને સુંદર મૃત્યુની કથા સાંભળતી વેળાએ તે જરાય પણુ હાલ્યાચાલ્યા વગર છાતીએ બે હાથ મૂકી દીવા તરફ એક ચિત્તે જોઈ રહી હતી અને તેની બન્ને આંખોમાંથી અશ્રુની અસ્ખલિત ધારાઓ વહી, તેના ગાલોને ભીંજાવી, ટેબલ પર વરસાદ-નાં ટીપાંની માફક પડતી હતી, પણુ પ્રિયતમા એનનના શબ પાસે બે દિવસ સુધી બેસી રહ્યા બાદ દ ગ્રોએ પોતાની તલવારની મૂઠ વડે કબર માટે જમીન ખોદવા માંડી, ત્યારે તો હ્યુબકાએ એવાં તો ડૂસકા લેવા માંડયાં કે સોલોવિવ પણુ ગભરાઈ ગયો અને જઈને તત્કાળ પાણીનો ગ્લાસ ભરી લાવ્યો. પાણી પીધા પછી જરા શાંત પડવા છતાં હ્યુબકા લાંબો સમય સુધી તેના ધ્રૂજતા, ફૂલેલા હોઠ વડે ડૂસકાં લેતી જ રહી અને તે દરમ્યાન અસ્પષ્ટ સ્વરે બોલતી હતી:

"આહ! તેમનું જીવન કેટલું દુઃખી હતું! કેટલું કમનસીબ! અને હેં પ્રિય સોલોવિવ! જગતમાં હંમેશા એવું જ દુઃખદાયી બને છે, કે જ્યાં એક સ્ત્રી અને પુરુષ પ્રેમમાં પડ્યાં નહિ કે પરમેશ્વર તેમને શિક્ષા કર્યા વગર રહેતો નથી? ભગવાન એવું શા માટે કરતો હશે? શા સાટે? શા માટે?"

[૧૭]

પણુ જો કે હ્યુબકાના માનસ અને આત્માની વિચિત્ર કેળવણીમાં, મહાન વ્યવહારુ જગતના સત્યના કાંટાઓનો સામનો કરીને

જ્યોર્જિયન અને ઉદારાત્મા સોલોવિવ કંઈક અંશે ઉપરછલો પ્રારંભ કરવા શક્તિમાન થયા હતા અને લિખોનીન પ્રત્યેના શુદ્ધ અને અમાપ પ્રેમને લઈને, પોતાને માર પડે કે ગાળો પડે તેની જેમ તે શુદ્ધ હૃદયથી તે માફી આપતી, તેમ તેણે તેના વેદાંતપણાને એક તરફથી શુદ્ધ હૃદયથી માફી આપી હતી, ત્યારે બીજી બાજુ સિમોનોસ્કીની શિક્ષણ પ્રણાલિકા તેને માટે અત્યાચાર અને એક સતત અનંત બોજારૂપ થઈ પડી હતી; કારણકે કોઈ પણ શિક્ષક બીજા બાળકોને શિક્ષણ આપતાં જે મહેનત લે તે કરતાં અહીં વધારે ચીકાશથી તે અભ્યાસ કરાવવા મથતો હતો.

પોતાના મતથી જરા પણ નહિ ફરવાનો તેનો આગ્રહ, તેની બોલવાની પ્રભાવશાળી ઢબ અને તેનો ગંભીર ચહેરો, એ બધું જોઈને લ્યુબકા તો સાવ ડઘાઈ જ ગઈ હતી અને તેનો આત્મા કોઈ બંધનમાં સપડાઈ ગયો હોય તેમ તેને લાગ્યા કરતું હતું. આ જ પ્રમાણે સિમોનોસ્કી વિદ્યાપીઠના મેળાવડામાં કે જાહેર સભાઓમાં ગરીબ અને શરમાળ નવા વિદ્યાર્થીઓ પર પોતાનો પ્રભાવ પાડતો. જાહેર સભાઓનો તે વક્તા હતો; વિદ્યાર્થીઓની પંચાયતમાં તે કાર્યવાહક સભાનો આગેવાન સભ્ય હતો; તે ભાષણોની નોંધ લેવામાં, છપાવવામાં અને પ્રસિદ્ધ કરવામાં અગ્ર ભાગ લેતો: તેને તે વિભાગના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો હતો અને અંતે તેણે વિદ્યાર્થીમંડળના નાણાખાતામાં ખાસ રસ લેવા માંડ્યો હતો. તે એવા વર્ગના લોકોમાંનો એક સભ્ય હતો કે જેઓ વિદ્યાર્થી-જીવનની સમાપ્તિ થતાં, એકાદ પક્ષમાં નેતા બની પવિત્ર અને આત્મ-સંયમી હૃદયના નિરંકુશ લવાદ બની બેસે છે; જેઓ તેમની પરાક્રમી પણ દુઃખદાયક દુર્દશા તરફ આખા રશિયાનું ધ્યાન ખેંચી ચુખલોન કે એવા પ્રદેશમાં પોતાની રાજકીય મજલ પૂરી કરે છે અને તે પછી પોતાનો ભૂતકાળનો સુંદર રીતે આશરો લઈ કોઈના વચ્ચે પડવાથી, વકીલાતથી કે પછી સારી જમીન ધરાવતા અને પ્રાંતિય

ચળવળમાં આગળ પડતો ભાગ લેતા કોઈ ખાનદાન કુટુંબની કન્યા સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, પોતાનો જીવનમાર્ગ નક્કી કરી લે છે. સામાન્ય નજરે તો અપરોક્ષ રીતે—સાવ અપરોક્ષ રીતે જ તેઓ સંભાળપૂર્વક પોતાનો માર્ગ કરે છે; અથવા વધારે સ્પષ્ટતાથી કહીએ તો મોટા ફાંદવાળા અને સંધિવા તથા પેટનાં દરદો થાય ત્યાંસુધી અદૃશ્ય થાય છે. પછી તેઓ આખા જગત પ્રત્યે બડબડાટ કરે છે અને કહે છે કે તેઓને કોઈ સમજી શકયું નથી અને તેમનો વખત એ તો પવિત્ર આદર્શોનો સમય હતો. પોતાના કુટુંબમાં તો તેઓ સરમુખત્યારી કરતા હોય છે અને વારંવાર ભારે વ્યાજે પૈસાની ધીરધાર કરતા હોય છે.

જેમ દરેક બાબતમાં દરેક વસ્તુ સિમોનોરકીને સાવ સહેલી લાગતી અને પોતાનો મત નિશ્ચિત કરી બેસતો, તેમ તેને હ્યુબકાને શિક્ષણ આપવાનો માર્ગ પણ સહેલો લાગતો હતો અને શું શીખવવું તેનો તેણે અગાઉથી જ નિર્ણય કરી મૂકયો હતો. તેણે હ્યુબકાને પહેલાં રસાયણશાસ્ત્ર અને વિજ્ઞાન શીખવવાનું નક્કી કર્યું હતું.

"સાવ અજ્ઞાન સ્ત્રીમાનસ!" તે વિચારતો હતો. "એ સ્તબ્ધ બની જશે, પછી હું તેના ચિત્તનો કબજો લઈશ અને પછી સામાન્ય બાબતો અને જાદુની વાતો કરતાંય આગળ વધી જ્યાં વહેમ નથી, ભ્રમ નથી, જ્યાં કુદરતને તપાસવાનું વિશાળ ક્ષેત્ર પડેલું છે, તેવા સાર્વજનિક જ્ઞાનના મધ્યબિંદુ આગળ હું તેને લઈ જઈશ."

એ કહેવું જોઈએ કે તે ભણાવતો ત્યારે તેનું મગજ એક જ બાબત પર ચોંટી ન રહેતું. હ્યુબકાને આશ્ચર્ય પમાડવા હાથમાં જે કાંઈ આવે તે બધુંય આણવા તે પ્રયત્ન કરતો. એક વખત તે દારૂ ભરેલો, દોરીથી બાંધેલો ને હાથે બનાવેલો, કૃત્રિમ સાપ પોતાની સાથે લાવ્યો. તેણે તે સળગાવ્યો અને પરિણામે ઘણી વાર સુધી ઓરડામાં ઘોંઘાટ કરતો અને દારૂની વાસ પ્રસરાવતો તે સાપ કુદાકુદ કરી રહ્યો. હ્યુબકાને આથી જરાય આશ્ચર્ય ન થયું અને જણાવ્યું

કે આ તો દિવાળીના ફટાકડા જેવું હતું, પોતે તેવું ઘણીય વાર જોયું હતું અને તેથી પોતાને તે જોવાથી કાંઈ આશ્ચર્ય થતું ન હતું; પણ તેણે બારી ખોલવાની રજા માગી. પછી તે એક શીશી, બિલાડીની પૂછડી, પતરાનાં કકડા ને એક પ્રકારનો ગુંદર લાવ્યો અને તેનો પ્રયોગ કર્યો—ધડાકો તો થયો પણ ને નહિ જેવો જ.

"તારું સત્યાનાશ જાય, સેતાન ?" ધડાકાને લીધે આંગળીએ વાગવાથી થતી વેદનાથી હ્યુબકાએ રડતાં રડતાં કહ્યું.

પછી તેણે ઑક્સિજન બનાવવાનો પ્રયોગ કર્યો, પણ તેમાં તો એવું બન્યું કે બધાની આંખો બળવા લાગી, પણ હ્યુબકાને આ પ્રયોગથી બહુ આનંદ આવ્યો અને તાળીઓ પાડતાં બોલી ઊઠીઃ

"મિસ્ટર પ્રોફેસર ! હજી એક વાર આ પ્રયોગ કરો ! હા, હા, કરો !"

પરંતુ તેણે એક દારૂની બાટલીમાં ઑક્સિજનમાં હાઇડ્રોજન મેળવ્યો અને તેને ટુવાલમાં વીંટીને મૂકયો. સિમોનોસ્કીએ હ્યુબકાને તે બાટલીનું મોં એક બળતી મીણબત્તી આગળ ધરવા કહ્યું અને જ્યારે મોટી ચાર તોપો ફૂટી હોય અને તેથી છતનું પ્લાસ્ટર પણ તૂટી પડયું હોય તેવો ધડાકો થયો, ત્યારે તો હ્યુબકા એટલી બધી શૂન્યમનસ્ક થઈ ગઈ કે માંડમાંડ તે ઠેકાણે આવી અને ધ્રૂજતા હોઠ વડે પણ ગંભીરતાપૂર્વક તેણે જણાવ્યું:

"માફ કરજો, પણ આ ઓરડીની માલિક હું છું અને હવે હું કોઈ વારવનિતા નથી, પણ સભ્ય સ્ત્રી છું. તેથી હું આપને હવેથી સભ્યતાપૂર્વક વર્તવા વિનંતી કરું છું. તમે એક સારા માણસ હોઈ માનપૂર્વક વર્તશો એમ હું માનતી હતી, પણ તમે તો સાવ મૂર્ખતા-ભર્યા જ પ્રયોગો કર્યા કરો છો. આને માટે તો સરકાર ધારે તો તમને જેલમાં પણ પૂરી શકે."

પાછળથી, ઘણા દહાડા પછી હ્યુબકાએ પોતાની સખીઓ

સમક્ષ, પોતાનો એક વિદ્યાર્થી મિત્ર હતો અને તેણે ડાઈનામાઈટનો પ્રયોગ કર્યો હતો, એની વાત કરી હતી.

કદાચ એમ હશે કે આ સિમોનોરકી—આ વિચિત્ર માનવી—પોતાના યુવાન મિત્રોની ટોળીમાં—જ્યાં માત્ર સિદ્ધાંતો સાથે જ સંબંધ હોય છે ત્યાં—પોતાનું મહત્ત્વ જમાવતો, પરંતુ જ્યારે જીવંત આત્મા પર પ્રયોગ કરવાનો પ્રસંગ આવતો ત્યારે અસંગત બની જતો. તે એવો એક મૂર્ખ માનવી હતો કે જે પોતાના આ લક્ષણને કુશળતાથી છુપાવી રાખવાની શક્તિ ધરાવતો હતો.

આમ વિજ્ઞાન અને રસાયણશાસ્ત્રમાં નિષ્ફળતા મળતાં તેણે માનસશાસ્ત્રનો વિષય હાથ ધર્યો. એક વખત તેણે પૂર્ણ આત્મવિશ્વાસથી અને સામો પક્ષ જરા પણ વિરોધ કરી ન શકે તેવા સ્વરે હ્યુબકા સમક્ષ જાહેર કર્યું કે ઈશ્વર જેવી કોઈ વસ્તુ છે જ નહિ અને હમણાં પાંચ જ મિનિટમાં પોતે પોતાનું આ કથન પુરવાર કરી બતાવશે. આ સાંભળી હ્યુબકા તો પોતાની જગ્યાએથી કૂદકો મારી ઊભી થઈ ગઈ અને તેણે મક્કમ સ્વરે જણાવ્યું કે તે એક અધમ વેશ્યા હોવા છતાં, ઈશ્વરમાં માનતી હતી અને પોતાની હાજરીમાં તે ઈશ્વર વિરુદ્ધની વાતો નહિ ચાલવા દે; એટલુંજ નહિ પણ જો આ ચેતવણી આપવા છતાં પણ તે તેનો બકબકાટ ચાલુ રાખશે તો પોતે લિખોનીનને-આ વિષે ફરિયાદ કરશે.

"અને હું એને એ પણ કહી દઈશ," હ્યુબકાએ રડતે અવાજે કહ્યું. "કે તમે ભણાવવાને બદલે વગર મફતની અનેક અર્થહીન વાતો કર્યા કરો છો ને તોફાનો મચાવો છો; અને તે બધોય વખત તમારો હાથ તો મારા ઘૂંટણ પર રાખી મૂકો છો. એ કાંઈ સારું ન કહેવાય." આ બાળા જે આજ પર્યંત સાલસ અને ગરીબ હતી, તે પહેલી જ વાર હિમ્મતથી આટલા શબ્દો બોલી પોતાના શિક્ષક પાસેથી ખસી ગઈ.

પણ આમ થોડી નિષ્ફળતાઓ મળવા છતાં લ્યુબકાના માનસ અને કલ્પના પર પોતાનો મત ઠસાવવાના પ્રયત્નોમાંથી તે પાછો હઠ્યો ન હતો.

તેણે સૌથી નાનામાં નાના અણુથી માંડી નેપોલિયન સુધીમાં આવતી દરેક વસ્તુઓની ઉત્પત્તિના ઇતિહાસનો સિદ્ધાંત સમજાવવા માંડ્યો. લ્યુબકા આ ચર્ચા એકચિત્તે સાંભળતી અને તે બધોય વખત તેના નયનમાં એક એવા પ્રકારનો ભાવ તરવરી રહેતો કે જે દ્વારા તે "આનો ક્યારે અંત આવશે?" એમ પૂછતી હોય તેવું ભાસતું હતું. તેણે હાથરૂમાલ મોઢે ધરી બગાસું ખાધું અને પછી તેની માફી માગતાં બોલી: "માફ કરજો, એ તો જરા મને આજે થાક લાગ્યો હતો." તે જ પ્રમાણે કાર્લ માર્કસની બાબતમાં પણ થયું. માલ, વધારાની કિંમત, ઉત્પાદક, મજૂર, વગેરે લ્યુબકાને મન હવામાં અધ્ધર લટકતા માત્ર શબ્દો જ હતા; અને જ્યારે જ્યારે રસોડામાં સૂપ ઊકળી જવાની ગંધ આવતી યા તો બહારથી કોઈ બારણું ઠોકતું ત્યારે તો આ કંટાળામાંથી ઊઠવાનો પ્રસંગ મળતાં ખુશ ખુશ થતી ઊઠીને ચાલી જતી.

એવું ન હતું કે સિમોનોસ્કી સ્ત્રીઓ સાથે સફળતા નહોતો મેળવી શકતો. તેનો આત્મવિશ્વાસ અને તેની બોલવાની પ્રભાવશાળી છટા હંમેશા ભોળા જનો—ખાસ કરીને અજ્ઞાન અને ગ્રામ્યજનો પર ખૂબ પ્રભાવ પાડતાં અને ગુંચવણભરેલી વિગતોમાંથી તે સહેલાઇથી છટકી જતો; કેમકે કાં તો તેને માટે ભવિષ્યમાં કોઈ મહાન પ્રેમનો ઉદ્ભવ થવાનો હોવાથી તે સામાન્ય પ્રણયસંબંધોની દરકાર કરતો ન હતો, યા તો તે મહાજન (Superman) હોવાને કારણે તેને બધા પ્રકારની છૂટ હતી. (ગરીબ બિચારો નીત્શે! તેના મહાજનનો આ વિદ્યાર્થીઓ કેવો દુરુપયોગ કરતા હતા!) પરિણામે શાંત અને લગભગ અગોચર એવી લ્યુબકાના દઢ પ્રતિરોધથી સિમોનોસ્કી ઘણો ચિડાતો અને ઉશ્કેરાઈ જતો. તેને વધારે ગુસ્સે થવાનું કારણ

તો એ હતું કે આ સ્ત્રી જે રોજ બબ્બે રૂબલ માટે અનેકનો પ્યાર સ્વીકારવા તૈયાર થતી હતી, તે આજે હવે ઓચિંતી પવિત્ર અને વિરક્ત પ્યારની પૂતળી બની ગઈ હતી ! આત્મા પર પડેલા અપમાનના ચાબખાના સોજા કદાપિ પણ મટતા નથી અને શરમભરી સજાતિય ટેવો સ્મૃતિમાંથી કદાપિ પણ ભુસાઈ જતી નથી.

"છટ્," તેણે વિચાર કર્યો. "એમ બને જ નહિ. તે તો માત્ર ઢોંગ જ કરે છે, પણ મને લાગે છે કે હું સાચા માર્ગે આગળ વધતો નથી."

એટલે દિવસે દિવસે તે વધારે કડક, ચિડિયો અને કઠોર થતો ચાલ્યો અને પરોક્ષ રીતે, સામા પર પોતાની બોલવાની પ્રભાવશાળી છટાથી જ પ્રભાવ પાડવાની જે ટેવ પડી હતી અને જેનાથી પોતે કદી પણ દૂર થઈ શકતો ન હતો, તેનો તે વધારે ને વધારે આશરો લેતો ચાલ્યો.

એક વખત હસુબકાએ તેના આવા વર્તન વિષે લિખોનીનને ફરિયાદ કરી:

"તે તો હવે મારી સાથે બહુ કડકાઈથી વર્તે છે અને હું એનું કહેવું જરાય સમજી શકતી નથી."

જેમ તેમ કરી લિખોનીને તેને શાંત પાડી; છતાંય તેણે સિમોનોસ્કી પાસે આ વાતનો ખુલાસો માંગ્યો. સિમોનોસ્કીએ પોતાના હંમેશ મુજબના સ્વસ્થતાભર્યા સ્વરે તેનો ખુલાસો આપતાં જણાવ્યું કે,

"જેવી તારી ઇચ્છા, પ્રિય મિત્ર! જો મારી રીત તને કે હસુબકાને પસંદ ન આવતી હોય તો હું રાજીનામું આપવા તૈયાર છું. મારી સમક્ષ તો પ્રશ્ન માત્ર એટલો જ છે કે તેને અક્ષરજ્ઞાનની સાથે સાથે કંઈક નિયમનનું પણ જ્ઞાન મળે. તેને જે નથી આવડતું તે હું તેને મોટેથી ગોખાવું છું. વખત જતાં એ બંધ થશે, પણ અત્યારે

તો એ અનિવાર્ય છે. યાદ છે લિખોનીન કે જ્યારે ગણિતને બદલે બીજગણિત આપણને શીખવાનું આવ્યું અને સંખ્યાને બદલે વર્ણો મૂકવા પડ્યા, ત્યારે આપણે તેનું કારણ ન સમજી શકવાથી આપણને તે કેટલું બધું મુશ્કેલીભર્યું લાગ્યું હતું!"

અને બીજા જ દિવસે દીવા નીચે લ્યુબકાની કાયા પર વાંકો વળી તે કહેતો હતો:

"ત્રિકોણ દોર. હા, આવી રીતે અને આવી રીતે. મથાળે હું લખું છું—'પ્રેમ.' માત્ર અક્ષર પ લખ અને નીચે મ અને સ. બસ . . . મરદ અને સ્ત્રીનો પ્રેમ."

પોતે કોઈ મહાન વિભૂતિ હોય તેવી રીતે ગંભીર સ્વરે તેણે કેટલુંય દ્વિઅર્થી સંભાષણ કર્યું અને પછી ઓચિંતો તે સંભાષણનો અંત આણતાં કહેવા લાગ્યો:

" અને તેથી જો લ્યુબકા, જેવી રીતે ખાવાની, પીવાની અને શ્વાસ લેવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે પ્રેમ કરવાની પણ ઇચ્છા ઉત્પન્ન થાય છે." એમ કહીને તેણે લ્યુબકાની જાંગ પર જોરથી હાથ પછાડ્યો. લ્યુબકાએ પણ મૂંઝવણમાં પડી જઈ તેને ગુસ્સો ન લાગે તે માટે, તેને ખબર ન પડે તેવી રીતે ધીમે ધીમે ત્યાંથી પગ ખસેડી લીધો.

"કહે જોઈએ કે, કોઈ કારણસર ઘેર જમવાને બદલે કોઈ વીશી કે હોટેલમાં જઈ તારી ક્ષુધાને તું સંતોષે તો તેથી તારા પતિ, માતા, પિતા કે બહેને શા માટે ગુસ્સે થવું જોઈએ? અને તે જ પ્રમાણે પ્રેમની બાબતમાં પણ. એથી જરાય વધારેય નહિ તેમ ઓછુંય નહિ. માત્ર શારીરિક આનંદનો જ એ પ્રશ્ન છે. કદાચ બીજા આનંદો કરતાં એ આનંદ વધારે બળવાન અને વધારે ઊંડો હશે, પણ તેથી વધુ કાંઈ નહિ. દાખલા તરીકે હમણાં, હું ઇચ્છું છું કે તું મારી થાય. જ્યારે તું . . . "

"બસ કરો, શ્રીમાન!" "હ્યુબકાએ ગુસ્સે થઈ, તેને અધ-વચ્ચે જ અટકાવ્યો. "આખો વખત એકની એક વાત કરી તમે કહેવા શું માગો છો? હવે વાત બદલો તો સારું. તમને કહેવામાં તો આવ્યું છે કે ના, ના ને ના. તમે જે ઇચ્છો છો તે હું સમજી નથી શકતી, એમ તમે માનો છો? લિખોનીન મારો ઉદ્ધારક છે, અને જ્યાંસુધી હું તેને મારા પ્રાણ કરતાં પણ અધિક ચાહું છું, ત્યાંસુધી મારાથી બેવફાઈનું એક પગલું પણ નહિ ભરી શકાય... અને તમે તો તમારા આ બકબકાટને લીધે હવે તો સાવ કંટાળારૂપ લાગો છો."

અને તેના સિદ્ધાંતમાં જ રચ્યાપચ્યા રહેવાના આ સ્વભાવને લઈને, તેણે એક વાર હ્યુબકાને સખ્ત માનસિક આઘાત પહોંચાડયો હતો. વિદ્યાપીઠમાં લાંબા સમયથી બધામાં વાતો ચાલતી હતી કે લિખોનીને એક બાળાને અમુક વારવનિતાગૃહમાંથી બચાવી છે અને હવે તે તેના નૈતિક ઉદ્ધારના પ્રયત્નો કરી રહ્યો છે. એ જ વાત સ્વાભાવિક રીતે જ વિદ્યાપીઠમાં ભણતી વિદ્યાર્થિનીઓ કે જે વારંવાર વિદ્યાર્થીઓના મંડળોમાં આવતી, તેમના કાને પણ આવી હતી; અને તેથી બીજું કોઈ નહિ પણ ભાઈ સિમોનોસ્કી, એક દિવસ પોતાની સાથે વૈદાનો અભ્યાસ કરતી બે, ઇતિહાસનો અભ્યાસ કરતી એક અને એક ઊગતી કવિયત્રી, જે સાથે સાથે વિવેચનાપૂર્ણ લેખો પણ લખતી હતી—એમ ચાર વિદ્યાર્થિનીઓ હ્યુબકાને ત્યાં લઈ આવ્યો. તેણે તે બધાનો ઘણા જ ગંભીર ભાવથી અને મૂર્ખતાભરી રીતે પરિચય કરાવ્યો:

"જુઓ," તેણે ઘડીકમાં હ્યુબકા તરફ અને ઘડીકમાં મહેમાનો તરફ હાથ લાંબા કરતાં પરિચય કરાવવા માંડયો. "જુઓ, હું તમારો એકબીજાનો પરિચય કરાવું. તને—હ્યુબકા, આ અદ્ભુત, પવિત્ર અને આત્મસંયમી રશિયન કન્યાઓમાં સાચા મિત્રો મળશે, જે તને તારી ઉજ્જ્વળ પ્રગતિના માર્ગે ચઢવામાં સહાયરૂપ થઈ પડશે.

જ્યારે તમે મિત્રો—લીઝા, નાડયા, શાશા અને રાશક તમે—આજની સ્ત્રીઓને ભયંકર અંધકારમાં ખેંચી જતી સમાજની ભયંકર ચક્કીમાંથી હમણાં જ છટકવા પામેલી આ બાળાને તમારી નાની બહેન સમજશો."

તે જો કે બરાબર આ જ પ્રમાણે બોલ્યો ન હતો, પણ તેના કહેવાનો આશય લગભગ આવો જ હતો. લ્યુબકા શરમથી લાલચોળ થઈ ગઈ અને રંગબેરંગી બ્લાઉઝો અને ચામડાના પટ્ટામાં સજ્જ થયેલી વિદ્યાર્થિનીઓ સાથે હસ્તધૂનન કરવા પોતાનો વગર આંગળા ખોલેલો હાથ લંબાવ્યો. તેમનું ચા ને મુરબ્બાથી સ્વાગત કર્યું; તેમની સિગારેટો સળગાવવામાં મદદ કરી : પણ બધાએ અનેક વાર કહ્યું છતાં તે હેઠી બેઠી નહિ. તે કહેતી: "હા. . . ના. . . ઠીક છે." અને જ્યારે એક મહેમાનનો હાથરૂમાલ હેઠે પડી ગયો ત્યારે તે ઊચકીને આપવા માટે દોડીને ત્યાં પહોંચી હતી.

આ મહેમાનોમાં એક હતી રાતી રાયણ જેવી, મજબૂત, જરા કઠોર અવાજવાળી, અને તેનો ચહેરો હતો માત્ર બે ફૂલેલા લાલચોળ ગાલોવાળો કે જેની વચ્ચેથી તેનું ઊંચું નાક તેના કંઈક આનંદી સ્વભાવનું લક્ષણ જાહેર કરતું હતું. વળી તેની બે નાની કાળી આંખો આખો વખત ચમક ચમક થતી હતી. તે આ બધોય વખત કોઈ કલ્પિત દુરબીન મારફતે લ્યુબકાનું નિરીક્ષણ કરતી હોય તેમ જોતી હતી. તેની દૃષ્ટિ બધે ફરતી હતી અને તેમાંથી માત્ર તિરસ્કારની છાયાઓ જ બહાર પડતી હતી. "શા માટે હું તેનાથી દૂર થઈ શકતી નથી?" લ્યુબકા કોઈ ગુનેગાર હોય તેમ વિચાર કરતી હતી. બીજી વિદ્યાર્થિની જરા અવ્યવહારુ હતી. તેણે તો પહેલી જ વાર—પણ લ્યુબકાને સોમી વાર લાગતો વાર્તાલાપ શરૂ કર્યો: "તે વારવનિતાવૃત્તિના માર્ગે શી રીતે ચઢી ગઈ હતી?" આ પ્રશ્ન કરનાર વિદ્યાર્થિની બહુ વાતોડિયણ, ફિક્કા ચહેરાવાળી ગૂંછળા વાળવાળી અને મોઢે ચઢાવેલા બાળક જેવી હતી.

"પણ મને કહો કે એ નાલાયક. . .જેણે તમને સૌથી પ્રથમ. . . તમે તો સમજ્યાં હશો ?"

આ પ્રશ્ન થતાં જ હ્યુબકાના મગજમાં તેની સખીઓમાંની અભિમાની, બહાદુર, હાજરજવાબી, અને આ વિદ્યાર્થિનીઓ કરતાં વધારે બુદ્ધિશાળી એવી જેનકા અને ટમારા યાદ આવી. તે અણચિંતવી તીખા સ્વરે બોલી ઊઠી:

"બધીય વખતે બધાય હતા. હું તે બધાંના નામ ભૂલી ગઈ છું. કોલ્કા, મીટકા, વોલોડકા, સેરેનકા, જોરજિક, ટોશકા, પેટકા અને વળી કુઝકા ગુશકા, અને બીજા કેટલાય—પણ તમારે એ પ્રશ્ન પૂછવાની શી જરૂર ?"

"કેમ. . .ના. . .એટલે કે હું તમારી તરફ સહાનુભૂતિ રાખું છું અને એ દૃષ્ટિએ પૂછું છું."

"પણ તમારે કોઈ પ્રિયતમ છે ?"

"માફ કરજો, પણ તમે શું કહો છો તે હું સમજી શકતી નથી. ચાલો, બહેનો, હવે ઊઠીએ."

"હવે જ નથી સમજાતું ? કોઈ પુરુષ સાથે એક શય્યામાં સૂતાં છો ?"

"મિત્ર સિમેનોસ્કી," બાઈએ કડક અવાજે કહ્યું. "અમે નહોતાં જાણતાં કે તમે અમને આવી વ્યક્તિ પાસે લઈ જવાના છો. આભાર, તમે બહુ સારું કર્યું."

હવે હ્યુબકાને માટે ચૂપ રહેવું મુશ્કેલ હતું. તે એ પ્રકારની સ્ત્રી હતી કે જે ઘણો વખત મૂંગી રહે, પણ જ્યાં જીભ એક વખત છૂટી કે પછી એકધારી ચાલ્યા જ કરે; અને આથી હંમેશાં જે સાલસ જણાતી, તે એ પળે ઓળખાવી પણ મુશ્કેલ થઈ પડી.

"પણ હું જાણું છું." તે ગુસ્સામાં બરાડતી હતી. "હું જાણું છું કે તું પણ મારા જેવી જ છું. પણ તારે મા છે, બાપ છે;

તારે સંભાળ લેનાર છે અને વખત આવે તો તું ગર્ભપાત પણ કરે—તમારા જેવી ધણીઓ તેમ કરે છે; પણ જો તું મારી જગ્યાએ હોત—જ્યાં અન્ન ને દાંતને વેર હોય છે, જ્યાં બાળા સાવ અભણ હોય છે, કારણકે તેને લખતાં કે વાંચતા પણ આવડતું નથી હોતું : જ્યાં પુરુષો ચારે બાજુ હડકાયા કૂતરા જેવા ભટકતા હોય છે–તો તો તું પણ ક્યારનીય જ્યાંથી હું આવી છું, ત્યાં પહોંચી ગઈ હોત! મારા જેવી ગરીબ બાળા આગળ મોટી નીતિમાન થઇને આવતાં શરમ નથી આવતી ?"

સિમોનોસ્કી કઢંગી પરિસ્થિતિમાં આવી પડચો હતો અને તેથી જેમ જૂના જમાનામાં રંગભૂમિ પર વૃદ્ધો સ્ત્રીઓને તખ્તા પરથી લઈ જતાં જે શબ્દો વાપરતા, તેવા શાંતિસૂચક શબ્દોનો તેણે અહીં પોતાના જરા કર્કશ સ્વરે ઉપયોગ કર્યો. આ રીતે તેણે લ્યુબકાને શાંત કરવા પ્રયત્ન કર્યો.

પણ તેના નસીબમાં હજી લ્યુબકાના સ્વતંત્ર જીવનને દુભાવે અને તેના આ નાટકીય જીવનનો અંત આવે તેવા એક દુઃખદાયક નાટકનો છેલ્લો અંક ભજવવાનો બાકી હતો.

લ્યુબકાએ લિખોનીન આગળ ક્યારનીય ફરિયાદ રજૂ કરી હતી કે સિમોનોસ્કીની હાજરી તેને માટે દુઃખદાયક નીવડતી હતી, પણ લિખોનીને પોતાને મન ભાસતી આ નજીવી ફરિયાદ પર ધ્યાન નહોતું આપ્યું. સિમોનોસ્કીની દંભી વાક્જાળમાં તે પૂર્ણ રીતે સપડાયેલો હતો. જગતમાં કેટલીક એવી પ્રબળ અસરો હોય છે કે તેમાંથી મુક્તિ મેળવવી લગભગ અશક્ય થઈ પડે છે. બીજી બાજુ તે લ્યુબકા સાથે નિરંતર સહચાર સાધતાં કંટાળી ગયો હતો અને તેને હવે તે કાર્ય બોજારૂપ લાગતું હતું. વારંવાર તે મનમાં વિચાર કરતો: " તે મારું જીવન ખરાબ કરી રહી છે. હું અધમતાની–મૂર્ખતાની ગર્તામાં ઊંડો ને ઊંડો ઊતરતો જાઉં છું: હું આ મૂર્ખાઈભરી, કડવી અને વિના પ્રયોજનની ઉદારતામાં નકામો ફસાઈ પડચો છું. પરિણામમાં મારે લ્યુબકા સાથે લગ્નગ્રંથિથી

જોડાવું પડશે અને પછી કાં તો જકાત ખાતા કે એવા કોઈ સરકારી કારકુનીમાં કે છોકરા ભણાવવામાં જિંદગી પૂરી કરવી પડશે. પછી હું પણ લાંચો લેતો, ગામગપાટા હાંકતો, એક તિરસ્કૃત પ્રાંતિક અમલદાર બની જઈશ—ત્યારે મારા વિચારોની મહત્તા, જીવનનું સૌંદર્ય, મનુષ્ય માત્ર માટે સારાં કાર્યો અને પ્રેમ કેળવવાની ભાવના વગેરે સ્વપ્નાંનું શું થશે?" તે ઘણી વાર આ શબ્દો એકલો મોટેથી પણ ઉચ્ચારતો, પોતાના વાળ ખેંચતો અને તેને પરિણામે લ્યુબકાની ફરિયાદો એકચિત્તે સાંભળવાને બદલે તે ગુસ્સે થઈ જતો. રાડો નાંખતો, પગ પછાડતો અને શાંત, ગરીબ લ્યુબકા, ગરીબડી ગાય જેવી થઈ જઈ, દિલનો ઊભરો ખાલી કરવા માટે રસોડામાં ચાલી જતી.

ગૃહજીવનમાં જેમ તકરાર થયા પછી મનામણાં થાય છે, તેમ તેવે સમયે લિખોનીન પણ વારંવાર જણાવતો:

"પ્રિય લ્યુબા! આપણે એકબીજાને અનુકૂળ નથી આવતાં તે સમજ. જો, આ રહ્યા તારે માટે સો રૂબલ, તે લઈ ઘેર ચાલી જા. તારાં સગાં તને ત્યાં પોતાનાં એક કુટુંબીજન તરીકે સ્વીકારશે. ત્યાં થોડો સમય રહેજે અને ચારે તરફ તપાસ રાખજે. હું તને તેડવા માટે છએક માસ પછી આવીશ. તે દરમ્યાન તને પૂરતો આરામ મળી ગયો હશે અને આ શહેરના વસવાટના અંગે તારામાં જે કાંઈ કુત્સિત વિચારો દાખલ થયા છે તે પણ અદૃશ્ય થઈ ગયા હશે. એટલે કોઈની પણ સહાય વગર, એકલી અને સગર્વ, સ્વતંત્ર રીતે તું તારું નવું જીવન શરૂ કરી શકીશ."

પણ, જે સ્ત્રી જીવનમાં પહેલી જ વાર અને તેના પોતાના મત મુજબ છેલ્લી જ વાર, શુદ્ધ પ્રેમનો આસ્વાદ મેળવવા ભાગ્યશાળી થઈ હોય, તેના માટે કાંઈ કરી શકાય તેમ છે? તેના મગજ પર આવી જરૂરિયાત ઠસાવી શકાય ખરી કે? તેને માટે તર્ક જેવી કોઈ વસ્તુ હયાતી ધરાવે છે ખરી કે?

સિમોનોસ્કીના શબ્દ અને અભિપ્રાયોની પ્રગલ્ભતા સમક્ષ માનભરી નજરે ઊભો રહેતો લિખોનીન, હવે પોતાની જ કલ્પના-શક્તિનો ઉપયોગ કરવા લાગ્યો અને તેનો અને લ્યુબકા વચ્ચે સાચો સંબંધ કેવા પ્રકારનો હતો તે હવે પોતે સમજ્યો, અને આ બોજામાંથી છુટકારો મેળવવા તેણે નક્કી કર્યું કે, " લ્યુબકા સિમોનોરસ્કીને ગમે છે; અને લ્યુબકાને તો હું કે તે, પછી ગમે તે ત્રીજો, બધાય સરખા જ છે ને? મને લાગે છે કે તેની આગળ જઈ બધી વાત સ્પષ્ટ રીતે જાહેર કરું. તેને બધી વાત સમજાવું અને એક મિત્ર તરીકે તેને સોંપી દઉં; પણ જો આ મૂર્ખ નહિ માને તો પછી મારે કોઈ નવો જ માર્ગ લેવો પડશે."

"અથવા તો કોક વાર તે બન્ને એકલાં બેઠાં હોય તેવી સ્થિતિમાં પકડી પાડવાં." તે આગળ વિચાર કરતો. "કોઈ એવી નાજુક સ્થિતિમાં બેઠાં હોય ત્યારે . . . બરાડા પાડવા, ધાંધલ મચાવવું. . . . ઉપકાર કર્યાનો દેખાવ કરવો . . . થોડા પૈસા ફેંકવા . . . . અને ચાલો ભાઈ પોઇસ."

તેણે હવે દિવસોના દિવસો સુધી ગેરહાજર રહેવા માંડયું; અને પછી જ્યારે તે આવતો ત્યારે તેને ચિત્રવિચિત્ર સવાલો પૂછતો. પરિણામે તકરારો જામતી, આંસુ વહેતાં, મૂર્છાના પ્રસંગો પણ બનતા, અંતે મનામણાં થતાં, માફીઓ મંગાતી, ખૂબ હેત ઠલવાતું અને તે પછી લિખોનીન, પોતાનો સંયમ ગુમાવતો અને પુનઃ જૂની ધરેડે ગાડું ચાલવા લાગતું; અને આવા અધઃપતન પછી તે હંમેશા કડવાશભરી રીતે કહેતોઃ "હું તારી આગળ સોગંદ ખાઈ જણાવું છું, કે તારી સાથે આ મારો પાશવિક સંબંધ છેલ્લો જ છે."

લ્યુબકા, તે ઘરબહાર જતો, ત્યારે ઘણી વાર છાનીમાની તેની પાછળ પાછળ જતી. તે જે મકાનમાં દાખલ થતો, તેની સામેની પગથી પર જઈ ઊભી રહેતી અને તેની સાથે લડવા અને રસ્તામાં રોકકળ

ફરી તોફાન મચાવવા, કલાકોના કલાક તેની પાછા ફરવાની રાહ જોતી ત્યાં ઊભી રહેતી. તે એના કાગળો ચોરી લેતી, પણ પોતાને વાંચતાં આવડતું નહિ અને પ્રિન્સ કે સોલોવિવની મદદ લેવી પાલવે નહિ તેથી રસોડાના કબાટમાં ચા ને ખાંડ ભેગા તે છુપાવી રાખતી. તે હવે એટલી હદે પહોંચી હતી કે ગુસ્સાના આવેશમાં તે સલ્ફ્યુરિક એસિડની ધમકી આપતાં પણ શીખી હતી.

"એનું નખ્ખોદ જાય." લિખોનીન જ્યારે 'યોજનાઓ' ઘડતો ત્યારે વિચાર કરતો. "ભલે એમની વચ્ચે કાંઈ ન હોય, માત્ર જરાક જેટલો સંબંધ જ હોય તોપણ બસ છે, કારણકે તે બધું એકનું એક જ છે; પણ હું એનો ઉપયોગ કરીશ અને તેમને બન્નેને પૂરો સ્વાદ ચખાડીશ."

અને તેવે સમયે પોતે શું બોલવું તે અત્યારથી જ નક્કી કરવા લાગી જતો: "ઠીક!...મેં તને મારી છાતી પર રાખી હતી અને તેનો મને આ બદલો મળે છે? તું મારા ઉપકારના બદલામાં મને બેવફાઈથી નવાજે છે?... અને તું, તું મારો પરમ મિત્ર ... તેં જ મારા સુખમાં કુહાડો માર્યો?...ના ના, તમે બન્ને સાથે રહો. હું જ અહીંથી અશ્રુપૂર્ણ નયને ચાલ્યો જાઉં છું. મને લાગે છે કે મારી હવે જરૂર નથી. હું તમારા પ્રેમમાં વિક્ષેપ પાડવા નથી માગતો." વગેરે વગેરે.

અને સાચે જ આ સ્વપ્નાં, આ છૂપી યોજનાઓ, આ ક્ષણભંગુર તક, જે મૂળમાં ભયંકર હોઈ, પાછળથી લોકો તે કબૂલ કરતા નથી, તે ઓચિંતી જ એક દિવસ પરિપૂર્ણ થઈ. તે દિવસે સોલોવિવનો ભણાવવાનો વારો હતો. તેના આનંદ વચ્ચે, લ્યુબકા, આજે વગરભૂલે આખો પાઠ વાંચી ગઈ હતી. "મીખી પાસે સારો હળ છે ... અને સિસોઈનો હળ પણ સારો છે. ... બાળકો પ્રભુને ચાહે છે. ..." આજે ઈનામ તરીકે સોલોવિવે તેની સમક્ષ એક

નવલકથા વાંચવાનો ઇરાદો જાહેર કર્યો. તે સાંભળી હ્યુઅકા તાળીઓ પાડતી ખુરશીમાં કૂદી. આ અદ્ભુત, વીરકૃત્યોથી ભરપૂર નવલકથાનાં સૌંદર્યે તેનામાં અજબ ઘેલછા ઉત્પન્ન કરી હતી, પણ તેને પોતાના વિચાર પૂરતી રીતે જાહેર કરવાનો મોકો મળ્યો નહિ. સોલોવિવને કામ હોવાથી તે ઉતાવળમાં હતો, અને જેવો સોલોવિવ ઊઠ્યો કે તેને બારણામાં જ સિમોનોસ્કી મળ્યો. આ જોઈ હ્યુઅકા હતાશ થઈ ગઈ અને તેના હોઠ બિડાઈ ગયા. હમણાં હમણાં તેને આ પંતુજી અને કઠોર પુરુષ તરફ અત્યંત કંટાળો આવવા માંડ્યો હતો.

આજે સિમોનોસ્કીએ એક એવા જ કંટાળાભર્યા વિષય પર ભાષણ શરૂ કર્યું. તેમાં તે જણાવતો હતો કે પુરુષ માટે કોઈ કાયદા, હક, ફરજ, માન, અપમાન કે બદમાશી જેવું છે જ નહિ; અને પુરુષ એ આત્મસંપૂર્ણ, કોઈનો પણ તાબેદાર નહિ અને સર્વથી સ્વતંત્ર એવી એક વ્યક્તિ છે.

“ઇશ્વર બનવું કે નજીવું જીવડું બનવું કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કીડી બનવું—એ બધુંય સરખું જ છે.”

તે તો આથીય આગળ વધીને પ્રેમની લાગણીઓ વિષે બોલવા માગતો હતો, પણ બહુ દિલગીરી સાથે જણાવવું જોઈએ કે તેણે જરા ઉતાવળ કરી. તેણે હ્યુઅકાને આલિંગન કર્યું, તેને પોતાના તરફ ખેંચી અને તેને જોરથી દબાવવા માંડી: “આલિંગનથી તે મદમાં આવી જશે, એટલે તરત માની જશે.” ગણતરીબાજ સિમોનોસ્કી વિચારતો હતો. તે તેના મોઢાને પકડી હોઠ પર ચુંબન લેવા માગતો હતો, પણ હ્યુઅકાએ તો ચીસો પાડવા અને થૂંક ઉરાડવા માડ્યું. દેખાવ પૂરતી ધારણ કરેલી તેની સભ્યતા અત્યારે તેનો ત્યાગ કરી ગઈ હતી.

“નીકળ અહીંથી, સેતાન, બદમાશ, મૂર્ખ, ગંદા ! હું તારું માથું જ ભાગી નાખીશ.”

તેના વારવનિતાજીવનની સર્વ ભાષા તેને અત્યારે યાદ આવતી હતી; પણ સ્મિમોનોરકી તો, ચશ્માં પડી જવાથી અને મુખ પર ઉઝરડા પડવાથી વિકૃત થઈ જવાથી, તેના તરફ ઝીણી આંખો વડે જોતો, મગજમાં જે આવ્યું તે બોલતો હતોઃ

"પ્રિયતમા, પણ એમાં શું વાંધો છે? . . . આનંદની એક જ પળ . . . આપણે બન્ને આનંદમાં એક થઈશું . . . કોઈ નહિ જાણે . . . મારી થા! . ." અને બરાબર તે જ પળે લિખોનીન ઓરડામાં દાખલ થયો.

અલબત્ત, તેના પોતાના દિલમાં તો એવું કાંઈ ન હતું કે તે આ જ પળે, આવું નીચ પગલું ભરશે; પણ કોણ જાણે કેમ દૂરથી જોતાં તેને એમ ભાસ્યું કે પોતાનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને પોતાના હવે પછીના શબ્દો કરુણ અને મહત્ત્વભર્યા હશે.

"હા," ખેલના ચોથા અંકમાં જેમ કોઈ પાત્ર થાકેલા સ્વરે કહે તેમ તેણે કહ્યું, અને અપંગ હોય તેમ હાથને લબડતા મૂકી છાતી પર લટકતી હડપચીને હલાવવા લાગ્યો. "હું બધું માની શકતો હતો—સિવાય કે આ! તને હું માફ કરું છું, લ્યુબા—તું તો ગુફાવાસી છું; પણ તું સ્મિમોનોરકી. . .તારે માટે તો મને માન હતું. . .છતાં હું તને સભ્ય માણસ લેખીશ. પણ અંગત અનુભવથી હું જાણું છું કે બુદ્ધિની દલીલો કરતાં વાસના બહુ પ્રબળ બની જાય છે. આ રહ્યા પચાસ રૂબલ. હું તે લ્યુબા માટે મૂકતો જાઉં છું. અલબત્ત, તું એ મને થોડા વખત પછી પાછા આપીશ, એ વિષે મને શંકા નથી. તેણે શો માર્ગ લેવો તે તું જ નક્કી કરજે! . . . તું ડાહ્યો, દયાળુ અને પ્રમાણિક માણસ છે, જ્યારે હું . . . ("બાયલો"! કોઇનો સ્પષ્ટ તિરસ્કારથી ભરપૂર અવાજ તેના મગજ સાથે અથડાયો.) હું તો જાઉં છું, કારણકે મારાથી આ યાતના વધારે વાર સહેવાશે નહિ. સુખી થજે."

તેણે ખીસામાંથી પાકીટ કાઢ્યું અને તેને નાટકી ઢબે ટેબલ પર ફેંક્યું : પછી માથાના વાળ ખેંચ્યા અને બહાર નીકળી ગયો. દરવાજામાંથી બહાર જતાં જતાં તે મહામહેનતે બોલ્યો:

"તારો પરવાનો મારા મેજના ખાનામાં છે."

છતાં, તેને માટે આ જ ઉત્તમ માર્ગ હતો. અને જે રીતે તેણે કલ્પના કરી હતી, તે જ રીતે આખું દૃશ્ય આબેહૂબ ભજવાઈ ગયું હતું.

ચા મા

ખંડ ત્રીજો

[૧]

અને હ્યુબકાએ આ બધી કથા જેનકાના ખભા પર માથું મૂકી ડૂસકાં લેતાં લેતાં બહુ જ લંબાણથી અને કટકે કટકે કહી સંભળાવી.

અલબત્ત, તેના અંગત અભિપ્રાય મુજબ તો, આ હાસ્ય-કરુણથી ભરપૂર કથની, સત્યતઃ જે બની હતી તેના કરતાં જુદું જ સ્વરૂપ રજૂ કરતી હતી.

તેના કહેવા મુજબ લિખોનીન તો તેને ફસાવવા માટે જ લઈ ગયો હતો, કે જેથી તે તેની મૂર્ખતાનો બને તેટલો લાભ ઉઠાવે અને પછીથી તેને ત્યજી દે; પણ તેને—મૂર્ખીને—તો તેના પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થયો હતો. એના પરિણામે તે તેના દરેક કાર્ય પ્રત્યે અને તેના સ્ત્રીમિત્રો પ્રત્યે અદેખાઈથી જોવા લાગી હતી. તેથી જ તેણે તેના પ્રત્યે આવું નીચ પગલું ભર્યું હતું. તેણે જાણી જોઈને જ તેના મિત્રને ભણાવીને ત્યાં મોકલ્યો હતો અને તેના મિત્રે જ્યારે તેની સાથે વધારે પડતી છૂટ લેવા માંડી, ત્યારે અગાઉ કરી રાખેલી

ગોઠવણુ મુજબ લિખોનીન ત્યાં આવી પહોંચ્યો હતો અને ધમાલ મચાવી હ્યુબકાને બહાર રસ્તા પર હાંકી કાઢી હતી.

અલબત્ત, તેણે રજૂ કરેલી આ વાર્તામાં જેટલે અંશે સત્ય હતું, તેટલે જ અંશે અસત્ય પણ હતું; પણ તેને પોતાને તો જે લાગ્યું તે આ હતું.

અને પછી તેણે ત્યાર પછીના જીવનનો લંબાણુપૂર્વક ચિતાર આપતાં જણાવ્યું કે, તેને કોઈ પુરુષનો આશરો ન હોવાથી કે કોઈ તેને સારે માર્ગે દોરનાર ન હોવાથી, તેણે ગામને એક છેડે આવેલી નિર્જન ગલીની એક ગંદી હોટેલમાં એક ગંધાતી અને અંધારી ખોલી ભાડે રાખી હતી. ત્યાં તેની પરવાનગી વગર પહેલે જ દિવસે એક ગુંડાએ તેના શરીરનું વેચાણ કરી પૈસા કમાવવા પ્રયત્ન કર્યો હતો. પરિણામે તે ત્યાંથી નીકળી એક ચાલીની ઓરડીમાં રહેવા ગઈ હતી, પણ ત્યાં પણ એક બુઢ્ઢી દલાલણે તેને પોતાની આશ્રિતા બનાવી દીધી હતી. આવી ગરીબ વસ્તીમાં, તેના કહેવા મુજબ, આવી દલાલણો પોતાનો ધંધો ધમધોકાર ચલાવતી હોય છે.

તેથી, હ્યુબકાએ શાંત જીવનનો માર્ગ લીધો હોવા છતાં, તેના મુખ પર, તેની વાતચીતમાં અને તેની સારીય વર્તણૂકમાં એવી કોઈ ખાસ વિશિષ્ટતા દૃષ્ટિગોચર થતી હતી, કે જે અનુભવી આંખ તરત જ પિછાની લેતી હતી. અલબત્ત, આ વસ્તુ એવી હતી કે તે સ્પષ્ટ નજરે જરાય માલૂમ પડે તેવી ન હતી, પણ આ ધંધામાં રાતદહાડો મચ્યા રહેનારને તેની ગંધ તરત જ આવતી.

પણ તેનામાં આકસ્મિક, ટૂંક સમય માટે, જે શુદ્ધ પ્રેમના અંકુરો ફૂટ્યા હતા, તેણે આ બીજી વારના અધઃપતનની અનિવાર્યતાનો સામનો કરવાની તેનામાં હિંમત આણી હતી અને પોતે આનો વિરોધ સંપૂર્ણ રીતે કરી શકે તે માટે નોકરી મેળવવા છાપાઓમાં જાહેરખબર પણ આપી હતી, પણ તેની પાસે કશા

પ્રમાણુપત્ર ન હતાં. તદુપરાંત, તેને આ કામ માટે " નોકરી આપનાર સંસ્થાઓની " માલિકણોના જ સંસર્ગમાં આવવું પડતું હતું, અને આ માલિકણો પણ તેમની કાબેલ, આંતરિક અને કોઈક અગમ્ય દૃષ્ટિથી તેને જોતાં તરત જ જાણી લેતી કે આ બાળા, તેમના પતિ, પિતા, ભાઈ અને પુત્રોને આડે માર્ગે જવાનું આકર્ષણ કરનાર વ્યક્તિ જ છે; પરિણામે કોઈ સારી ને સભ્ય જગ્યા માટે ભલામણ કરતું જ નહિ, પણ કઠોર સ્વભાવવાળી, હાથે હીરાની વીંટીઓનો દદારો કરનાર જાડી વૃદ્ધાઓને ત્યાં જવા માટે ફરમાન થતું. લ્યુબકા તરત જ જાણી જતી કે આ વૃદ્ધાઓ બીજી કોઈ નહિ, પણ સૈનિકો તથા તેવા જ હલકા વર્ગના પોષણ માટે ચાલતાં સસ્તાં કૂટણખાનાઓની માલિકણો જ હતી.

અને ઘેર—પોતાના વતનમાં પાછો ફરવાનો કાંઈ અર્થ કે ઉપયોગ ન હતો. રાજ્યના પાટનગરથી તેના માતૃવતનનો પ્રદેશ આશરે બારેક માઈલ જ દૂર હતો, અને તેણે આ અધ:પતનનો માર્ગ લીધો હતો એ વાતની ખબર તો પાટનગરની મુલાકાતે આવતા તેના ગામના માણસોએ ક્યારનીય ત્યાં પહોંચાડી દીધી હતી;એટલુંજ નહિ પણ ત્યાં શેરીઓમાં ભટકતા અને આના મારકોવનાના વારવનિતાગૃહની મુલાકાતે આવતા કૂલીઓ, હોટેલના નોકરો, ગાડીવાળાઓ વગેરે પણ આ વાત તેને ગામ પહોંચાડવામાં સામેલ હતા અને આમાં તેમણે કલમ તથા જીભ બન્નેનો ઉપયોગ કર્યો હતો. આથી જો તે પોતાને જન્મસ્થાન પાછી ફરે તો આ વાતાવરણના પરિણામે પોતાનું ત્યાં કેવું સ્વાગત થશે તે પણ તે ખાતરીપૂર્વક જાણતી હતી. ટૂંકમાં એવી કઠોર પરિસ્થિતિમાં જીવન વિતાવવાનો પ્રસંગ આવે તે કરતાં કોઈ પણ મનુષ્ય પોતાની જાતે જ આત્મહત્યા કરી જીવનનો અંત આણવાનું વધારે પસંદ કરે.

પૈસાની બાબતમાં તે કોઈ એક પાંચ વર્ષના બાળકની જેમ છુટ્ટા હાથની હતી અને ગમે તે વસ્તુઓ પાછળ પૈસા ખરચી

નાંખતી. પરિણામે ટૂંક સમયમાં જ તે કોડી વગરની થઈ ગઈ. બીજી બાજુ વારવનિતાગૃહમાં પાછા ફરવું એ તેને કુહાડીના ઘા જેટલું ભયંકર ભાસતું હતું, પણ રસ્તા પર રખડી પોતાનું જીવન વ્યતીત કરતી વારવનિતાઓની જેમ જીવન ગાળવા માટે અનેક બાજુએથી પ્રલોભન કરવામાં આવતાં અને તેનું માનસ આ પરિસ્થિતિનો વિરોધ કરી શકશે કે કેમ એ શંકાસ્પદ હતું. સાંજના જ્યારે તે રાજમાર્ગ પરથી નીકળતી, ત્યારે વયોવૃદ્ધ દલાલણો તેનો પૂર્વરંગ તરત જ ઓળખી લેતી અને તેમાંની એકાદ તેની નજીક આવી લલચાવનારા શબ્દોદ્વારા વાર્તાલાપ શરૂ કરતીઃ

"કેમ બહેન, આજે આમ એકલી કેમ ફરે છે ? ચાલ, આપણે મિત્રો બનીએ. આપણે ચાલતાં ચાલતાં વાતો કરીશું. એ વધારે ઠીક છે. જ્યારે જ્યારે પુરુષો છોકરીઓ સાથે આનંદમાં સમય વિતાવવાનો નિશ્ચય કરે છે, ત્યારે તેઓની ચારની ટોળી બને એમ ઇચ્છે છે.'

"અને બહેન, એટલું જ નહિ, પણ મારી સાથે ફરવાથી તને બીજો એક ફાયદો થશે, કારણકે હું બધા ઇન્સ્પેક્ટરોને ઓળખું છું."

"ઇન્સ્પેક્ટરો શાના?" હ્યુબકાએ પૂછ્યું.

"આ નહિ પેલા, સરકારી અમલદારો, જે ચારે બાજુ ભમતા જ હોય છે અને પાસ વગરની—આપણા પીળા પાસ વગરની છોકરીઓને ગિરફતાર કરવા હંમેશાં તત્પર હોય છે. જ્યાં એકાદ હાથમાં આવી કે તરત જ તેને પકડીને પોલીસ થાણા પર લઈ જાય છે; અને બિચારી છોકરીને આની અગાઉથી તો ખબર જ નથી પડતી, કારણકે એ લોકો સાદા વેષમાં હોય છે. તદુપરાંત કોની પાસે પાસ છે અને કોની પાસે પાસ નથી એ બધાને એ ઓળખતો હોય છે! અને થાણા પર પોલીસ તમારો પરવાનો ઝૂંટવી લેવાની અને પછી તો દર અઠવાડિયે પોલીસ થાણામાં જઈ તમારે વૈદકીય

તપાસ કરાવવાની; એટલું જ નહિ પણ તમારી પાસે પીળા પાસ હોવા છતાં જ્યારે ઇન્સ્પેકટર ઇચ્છે ત્યારે તમને પકડીને લઈ જાય છે અને ત્યાં લાકડાંના પાટિયાવાળી બેન્ચોવાળા એક સામાન્ય ઓરડામાં આપણે રાત ગુજારવી પડે છે. ગિરફતારીના કારણમાં કહેશે કે તેણે દારૂ બહુ ઢીંચ્યો હતો અથવા તો તે રસ્તે જતા માણસોને લલચાવતી હતી. તે પછી તમે સાવ નિર્દોષ હો છતાં પણ ન્યાયાધીશ બે અઠવાડિયાની સજા ફટકારવાનો ! અને લ્યો, બે અઠવાડિયાં ખારસાં પાઈનીય આવક વગર કાઢવા પાડવાનાં. એ સાચું કે ધાર્યું હોય તો આ ઇન્સ્પેકટરને આઘો રાખી શકાય છે અને તે માટે એક જ ઉપાય છે કે તેને એકાદ રૂબલ આપવો અને એકાદ હોટેલમાં તેની સાથે રાત ગાળવા જવા તૈયાર રહેવું; પણ ઘણી વાર એવું બને છે કે આપણી પાસે રૂબલના વાંધા હોય અને ભાઇસાહેબ એવા તો બદબોથી ભરેલા હોય કે . . .

" તેથી બહેન, આપણે સાથે રહીએ એ જ વધારે સારો માર્ગ છે. હું બધી વાતોથી માહિતગાર છું અને હંમેશાં તારી જામીન થઈશ, પણ તે પહેલાં ચાલ આપણે મારી ઘરવાળીને ત્યાં જઈએ. ત્યાં હાલ અમે ત્રણ જણીઓ રહીએ છીએ, પણ જો તારા જેવી કોઈક રૂપાળી આવતી હોય, તો ચોથી માટે પણ જગા થઈ શકે તેમ છે."

અને તરત આ અનુભવી અને કાબેલ રીક્રૂટીંગ એજન્ટ, પ્રથમ તો ઇશારારૂપ અને પછી તો ખૂબ પ્રશંસારૂપ પોતાની ઘરવાળીને ત્યાં મળતી બધી સગવડો, જેવી કે ઉમદા ખોરાક, બહાર જવા આવવાની સંપૂર્ણ છૂટ, નક્કી કરેલા પૈસા કરતાં જે કાંઈ વધારે મળે તે ઘરવાળીથી છુપાવી રાખવાની ચાવીઓ વગેરેનાં વર્ણનો કરવા માંડતી. અને આ જ સ્થળે સ્વતંત્ર વારવનિતાગૃહો ચલાવતી માલિકણોને જેટલી દેવાય તેટલી ગાળો—જેવી કે એ તો 'સરકારી જાસૂસો છે,' 'સરકારની માનિતીઓ છે,' 'મોટાં ગૃહ

વાળીઓ છે'—વગેરે એ અનુભવી રીક્રૂટીંગ એજન્ટ દેતી. હ્યુબકા આ તિરસ્કારભર્યાં વચનોનો મર્મ સમજતી હતી, કારણકે વારવનિતા-ગૃહમાં વસનારીઓ પણ આ પ્રકારની રસ્તે રખડતી વેશ્યાઓ માટે અનેક તિરસ્કારપૂર્ણ વચનોનો ભંડાર ઉઘાડો મૂકતી.

અને આખરે જે બનવાનું હતું તે બન્યું; સાથે જ ભૂખે મરવાના દહાડાઓની પરંપરા અને તેના ઊંડાણમાં કોઈ અનિશ્ચિત ભાવિનો અંધકારમય ભય, એથી ત્રાસીને હ્યુબકાએ એક સભ્ય જણાતા, મહત્ત્વ ધરાવતા, જૈફ, ટાપટીપ કપડાં પહેરેલાં પણ વિષયલોલુપ વૃદ્ધ માણસના સભ્યતાભર્યાં આમંત્રણનો સ્વીકાર કર્યો. આ વૃદ્ધનો વ્યભિચારનો શોખ એવો તો ભયંકર પ્રકારનો હતો કે જેને માટે કાયદાએ ભયંકર સજા નિર્માણ કરેલી છે. ગરીબ બિચારી હ્યુબકા! પેટનો ખાડો પૂરવા તેને એ પણ માન્ય કરવું પડ્યું. તેને એના બદલામાં એક રૂબલ જ મળ્યો. વધારે માગવાની તેનામાં હિંમત નહોતી, કારણકે વારવનિતાગૃહમાં તેણે જે પૂર્વજીવન ગાળ્યું હતું તેણે તેની સર્વ પ્રકારની શક્તિને હણી લીધી હતી. બીજી વખતે આ મહાનુભાવે એક પાઈ પણ ન આપી. "હું હમણાં નોટ વટાવીને આવું છું" કહીને તે મહાશય બહાર ગયા તે ગયા જ. પુનઃ તેમનાં દર્શનનો લાભ હ્યુબકાને ન જ મળ્યો.

એક છેલબટાઉ જેવો, રૂપાળો, માથે વાંકી ટોપી, બદન પર રેશમી ખમીસ પહેરેલો યુવાન એક વખત તેને એક હોટેલમાં લઇ ગયો અને ત્યાં તેણે દારૂ તથા ભોજનનો ઓર્ડર આપ્યો. તેણે હ્યુબકા આગળ બડાશ હાંકવા માંડી કે તે તો એક મોટા અમીરનો ગેરકાયદેસરનો પુત્ર હતો અને શહેરમાં તે સર્વત્ર બિલિયર્ડના એક પ્રખ્યાત ખેલાડી તરીકે પ્રસિદ્ધ હતો. ગામની સર્વ સ્ત્રીઓ તેને માટે મરી ફીટતી હતી અને પોતે હ્યુબકાને ટૂંક સમયમાં એક મહાન નારી બનાવશે; અને પછી તો પેલા વૃદ્ધ મહાનુભવની જેમ

તે પણ એક મિનિટ માટે, ખાનગી કામસર બહાર ગયો તે ગયો જ. પુનઃ પાછો દેખાયો જ નહિ. પરિણામે પોતાના બિલના પૈસા માટે એક બાડી આંખોવાળા વેઈટરે હ્યુબકાના મોંએ ડૂચો મારી તેને એટલી તો મારી કે તે પણ મારતાં મારતાં હાંફી ગયો, પણ અંતે તેને વિશ્વાસ બેઠો કે આમાં હ્યુબકા નિર્દોષ હતી, ગુનો તેનો ન હતો પણ પેલા છેલબટાઉનો હતો, એટલે તેણે તેની હાથથેલી કે જેમાં એક રૂબલ તથા થોડું પરચૂરણ હતું તે લઈ લીધી; ઉપરાંત જામીનગીરીરૂપે તેની નાની સસ્તી ટોપી તથા જેકેટ પણ ઉતરાવી લીધાં.

એક બીજો માનવી કે જે દેખાવે સભ્ય જેવો જણાતો હતો અને જેણે ગૃહસ્થને છાજે તેવાં કપડાં પહેર્યાં હતાં, તેણે હ્યુબકા પર બે કલાક જુલમ વરસાવ્યા બાદ ઓરડીનું ભાડું તથા એંશી કોપેક હ્યુબકાના હાથમાં મૂકયા, પણ જ્યારે હ્યુબકાએ આનો વિરોધ કરવા માંડયો કે તરત જ તેણે લાલચોળ આંખો કરી મુક્કો ઉગામી કઠોર શબ્દો વડે હ્યુબકાને જણાવ્યું:

“ હાં, હવે એક શબ્દ તો આગળ બોલ . . . એટલે હું તારી બરોબર ખબર લઈ નાંખું . . . અને હમણાં જ પોલીસને બૂમ પાડું છું . . . પોલીસને કહીશ કે જ્યારે હું ઊંઘતો હતો ત્યારે આ દુષ્ટાએ મારા ખિસ્સામાંથી પૈસા ચોરી લીધા ! બોલ, પોલીસને બોલાવું ? કેમ, થાણાની હવા ખાધે બહુ દહાડા થઈ ગયા લાગે છે ? ”

અને એ રીતે એ મહાશય પણ રવાના થઈ ગયા.

આવા તો ઘણા દાખલાઓ બન્યા હતા.

અને તે દિવસે જ્યારે તેના ઘરવાળાં—એક નાવિક અને તેની પત્નીએ—તેને ઓરડી આપવાની ના પાડી અને તેનો સરસમાન બહાર ફેંકી દીધો, ત્યારે તેને માટે ઉપર આભ અને નીચે ધરતી સિવાય બીજો કોઈ આશરો ન હતો. આમ જ્યારે પોલીસથી છુપાતી,

નિદ્રાવિહીન, મુશળધાર વરસાદમાં તેને આખી રાત શહેરની શેરીઓ અને અંધારી ગલીઓમાં રખડવું પડયું, ત્યારે તેના સ્વમાનના ભોગે પણ તેને એમ લાગ્યું કે લિખોનીનને ત્યાં જવું એ જ ઇષ્ટ હતું, પણ લિખોનીન તો ગામમાં જ ન હતો. જે દિવસે લ્યુબકા તેને ત્યાંથી ચાલી ગઈ તે જ દિવસથી તેણે પણ શહેરનો ત્યાગ કર્યો હતો. આમ ચારે બાજુએથી નિરાશા અને દુ:ખના વાદળાંઓથી ઘેરાઈ છેલ્લી કિનારીએ આવી પહોંચવાથી આજે સવારે જ તેને પુન: વારવનિતાગૃહમાં પાછા ફરવાનો અને માફી માગી દાખલ થવાનો વિચાર સૂઝયો હતો.

"જેનકા, તું હોશિયાર છે, બહાદુર છે, માયાળુ છે; મારા માટે એમાને વીનવ—એ નહિ તો નાની બાઈ તારું કહેવું જરૂર માનશે." તેણે જેનકાના ઉઘાડા ખભાઓને ચુંબન કરતાં અને તેને આંસુઓથી ભીંજવી નાંખતાં અતિ આજીજીપૂર્વક કહ્યું.

"એ તો કોઈનુંય સાંભળે એવી નથી." જેનકાએ નિરાશા-જનક સ્વરે જવાબ આપ્યો. "અને તારે પણ એના જેવા મૂર્ખ અને નીચ પુરુષ સાથે પાનાં પડયાં."

'જેનકા, પણ તેં જ મને તેની સાથે જવાની સલાહ આપી હતી." લ્યુબકાએ ધીમે રહીને કટાક્ષ કર્યો.

"મેં સલાહ આપી હતી?...મેં તને કશાની સલાહ આપી ન હતી. હું હજી જીવતી બેઠી છું, ત્યાં તું મારા માટે આવાં જૂઠાણાં હાંકે છે?...ઠીક ચાલ, જઈએ."

લ્યુબકા પાછી ફરી હતી તે વાતની એમાને કયારનીય ખબર મળી ચૂકી હતી, અને તેણે ચારે બાજુએ જોતી જોતી આંગણાંમાં થઈને ઘરમાં પ્રવેશતી લ્યુબકાને જોઈ પણ હતી. તેને અંતરથી લ્યુબકા પાછી આવે તે સામે જરા પણ વિરોધ ન હતો. અત્રે એ પણ જણાવી દેવું જોઇએ કે તેણે જાણી જોઈને તેને મકાનમાં દાખલ

થવા દીધી હતી, કારણકે લિખોનીને લ્યુબકાનો જે હિસાબ ચૂકવ્યો હતો તેમાંથી અડધોઅડધ પૈસા તેને પચ્યા હતા, ઉપરાંત અત્યારે વારવનિતાઓની પુષ્કળ માંગ હતી, એટલે જો તે તેને પાછી સ્વીકારે તો આવકમાં પુષ્કળ વધારો થાય તેમ હતું; પણ આ ગણતરીમાં તેણે ભૂલ ખાધી હતી; કારણકે આ માંગનો અણચિંતવ્યો અંત આવ્યો હતો. ગમે તે હોય, છતાં તેણે લ્યુબકાને પાછી લેવાનો નિશ્ચય કર્યો હતો. માત્ર નિયમન ખાતર અને બીજી છોકરીઓ પર ધડો બેસે તે માટે પહેલાં તેને યોગ્ય શિક્ષા પણ મળવી જોઈએ એવો પણ તેણે સાથે જ નિશ્ચય કર્યો હતો.

" શું . . . " જેવી લ્યુબકાને વાત કરવાની શરૂઆત કરતાં જોઈ કે તેણે ત્રાડ પાડી. " તારે પાછું દાખલ થવું છે ? . . . કોણ જાણે આજ સુધી તું કેટલાય લબાડોની સાથે ભટકી આવી હોઈશ ? અને હવે, તું . . . રાં . . . કૂતરી, પાછી આવા સભ્ય ગૃહમાં દાખલ થવા માંગે છે ? . . . " રશિયન કૂતરી ! ચાલ, નીકળ બહાર ? "

લ્યુબકાએ તેના હાથ પકડીને ચૂમવા પ્રયત્ન કર્યો પણ એમાએ એકદમ તે પાછા ખેંચી લીધા. પછી ઓચિંતા હોઠ દબાવી એમાએ પોતાનામાં જેટલું બળ હતું તે બધું એકત્ર કરી લ્યુબકાના ગાલ પર એક તમાચો ખેંચી કાઢ્યો, જેના પરિણામે લ્યુબકા નીચે ફસડાઇ પડી, પણ તરત જ જોરથી શ્વાસ લેતી અને ડૂસકાં વચ્ચે બોલવાનો યત્ન કરતી તે પુનઃ ઊભી થઈ ગઈ.

" બાઈ . . . વહાલાં બાઈ, મને મારશો માં . . . અરે ! બાઈ, મને મારશો નહિ . . . "

અને આ વખતે પુનઃ ફસડાઈ પડતાં જમીન પર ચત્તીપાટ ઢળી પડી.

અને આ વિધિપૂર્વકની ઠંડી કતલેઆમ લગભગ બે મિનિટ ચાલી.

જેનકા, અત્યાર સુધી કંઈક બેદરકારી અને કંઈક તિરસ્કારપૂર્ણ નજરથી આ દૃશ્ય જોઈ રહી હતી, પરંતુ તેનાથી એચિંતું આ સહન ન થયું. તેણે બૂમાબૂમ કરવા માંડી. તે એમા પર તૂટી પડી, તેના વાળ પીંખવા લાગી, તેનો કબજો ફાડી નાંખ્યો અને જેમ માણુસ ગાંડું થઈ ગયું હોય તેમ એકદમ ઊંચા અવાજે રાડો પાડવા લાગીઃ "મૂર્ખ ! ખૂની ! . . . રાંડ . . . દલાલણ. . . . ચોર !"

ત્રણે સ્ત્રીઓ એક સાથે મોટા અવાજે બોલવા લાગી, જેના પરિણામે આખાય ગૃહમાં એક પ્રકારનું ધમસાણ મચી રહ્યું. જેમ કેદખાનામાં એચિંતું તોફાન ફાટી નીકળે, કિંવા કોઈ દીવાનાશાળામાં બધા દીવાનાઓ એક સાથે તોફાને ચઢે, તેવું એ દૃશ્ય હતું.

આખરે એક કલાકે સામિયન અને તેની મદદે આવેલા તેના મિત્રોના પ્રયાસથી મામલો કાબૂમાં આવ્યો. આ ગુના બદલ બધીય—તેરે છોકરીઓને થોડો ઘણો મેથીપાક મળ્યો, પણ જેનકાને બીજા કરતાં વધારે મળ્યો, કારણકે આ તોફાનની ઉત્પાદક તે હતી. માર ખાધેલ લ્યુબકા, જ્યાંસુધી તેને પાછી લેવાની વાતનો નિકાલ ન થયો ત્યાં સુધી ઘૂંટણીએ પડી બાઇને આજીજી કરતી જ રહી હતી. તે જાણતી હતી કે જેનકાના આ કૃત્ય બદલ વહેલાં કે મોડાં તેને કાંઈક સજા ભોગવવી પડશે જ. રાત સુધી જેનકા પલાંઠી વાળી પથારીમાં બેસી રહી હતી અને જે કોઈ તેની પાસે જવા પ્રયત્ન કરતું તેને ત્યાંથી હાંકી કાઢતી. તેની આંખે નખના ઉઝરડા પડ્યા હતા અને ત્યાં તે વારંવાર પાંચ કોપેકનો તાંબાનો સિક્કો લગાવ્યા કરતી હતી. જેમ કોઈ દોરડાના મારના સોળ ઊઠે તેવો ઠેઠ ગળા સુધી દેખાતો એક સોળ ફાટેલા બદનમાંથી તેની પીઠ પર દેખાતો હતો. એ સ્થળે મારામારીમાં સામિયને તેની ચામડી ચીરી નાખી હતી. આમ તે કોઈ વિકરાળ જંગલી પશુના જેવી રાતના અંધકારમાં ભયાનક લાગતી આંખો દાખવતી, ક્રોધનાં માર્યાં નસકોરાં ફૂલાવતી, દાંત કચકચાવતી ત્યાં બેઠી હતી. વચ્ચે વચ્ચે તે બડબડતી હતીઃ

"ઠીક છે. હું તમને બધાંને બરાબર બતાવીશ. હવે જ તમને ખબર પડશે, નરભક્ષકો . . ."

પણ જ્યારે નિશાદેવીનું આગમન થયું ને દીવા પ્રગટ્યા તથા નાની બાઈ ઝોસિયા "ચાલો, તૈયાર થાઓ . . . દીવાનખાનામાં હાજર થાવ" એમ તેના બારણાને ટકોરા મારી કહેતી ગઈ કે તરત જ તે ઊભી થઈ ને ત્વરાથી નાહીધોઈ કપડાં પહેરી સજ્જ થઈ. ચેહરા પર પાવડર લગાવ્યો, બરડા પર પણ પાવડર છંટકાર્યો અને આશ્ચર્યજનક પણ ગર્વભરી ચાલે દીવાનખાનામાં આવી પહોંચી. તેનું વમાન હણાયું હતું પણ તેની આંખોમાં ગુસ્સાનું, ન સહી શકાય વું અને વિકરાળ જાનવરની આંખોના જેટલું, ભયાનક ભાસતું તેજ ચમકતું હતું.

ઘણા લોકો, જેમણે આત્મહત્યા કરી જીવનનો અંત આણ્યો ાય છે, તેવા લોકોને તેમના તે કૃત્યના થોડા કલાક પહેલાં જેઓએ ોયા છે, તેઓ કહે છે કે આત્મહત્યા પૂર્વેના તે થોડા કલાકો રમ્યાન તેઓનાં નયનોમાં પણ આવું જ કોઈ ગૂઢ અને અગમ્ય ાકર્ષણ જોવામાં આવે છે. અને જે બધાંએ જેનકાને તે રાતે ને બીજા દિવસના થોડા કલાક જોઈ તે બધાં તેના તરફ ઉત્કંઠા ને વિસ્મયતાથી જોઈ રહ્યાં હતાં.

અને સૌથી વધુ અજાયબીની વાત તો એ હતી (અને આ ગુ કિસમતની બલિહારી હતી) કે તેના મૃત્યુ માટે આડકતરી રીતે ત્રાબદાર, ત્રાજવાને નમાવતા છેલ્લા દાણારૂપ, બીજું કોઈ નહિ પણ ા તેનો પ્રિય, માયાળુ, લશ્કરી વિદ્યાર્થી કોલ્યા ગ્લેડીશેવ જ હતો.

[૨]

કોલ્યા ગ્લેડીશેવ, મોજીલો પણ શરમાળ અને મોટા માથાવાળો જુવાન હતો. તેના ગાલ ગુલાબી હતા અને હવે તેને મૂછો પણ

ફૂટવા માંડી હતી. આંખોમાંથી નિર્દોષતા તરવરતી. ગયા શિયાળાની મોસમમાં જેનકાએ આ વિદ્યાર્થી પ્રત્યે માતૃત્વની યા તો રમકડાં રમવા આપવાની અને તેમ કરીને તેના તરફ એક પ્રકારનો તિરસ્કાર દેખાડવાની વૃત્તિઓ કેળવી હતી. અને જ્યારે કોલ્યા આ અધમતાના આગારમાંથી શરમનો માર્યો નીચે મુખે બહાર નીકળતો, ત્યારે તેની તરફ બારીએથી ઘણી વાર ચોકલેટ કે ટીકડીઓ ખરીદવા છુટ્ટો કોપેક પણ ફેંકતી.

આ વખતે તે આવ્યો ત્યારે તે લાંબો સમય બહાર છાવણીઓમાં રહીને આવ્યો હતો અને પરિણામે હવે તે એક કાચી વયના બાળકને બદલે નવજુવાન દેખાતો હતો. તેણે પોતાનો લશ્કરી અભ્યાસ સંપૂર્ણ કર્યો હતો અને અભિમાનપૂર્વક પોતાની જાતને એક અમલદારની ગણતરીમાં લેખતો હતો, છતાં તેની ઇચ્છા વિરુદ્ધ તેને હજુ વિદ્યાર્થીનો જ પોશાક પહેરવો પડતો હતો. તે ઊંચાઈમાં વધ્યો હતો અને તેનાં શરીરનાં અંગ પૂર્ણ રીતે વિકસ્યાં હતાં. આ બધું લશ્કરમાં ગાળેલા તાલીમબદ્ધ જીવનનું પરિણામ હતું. તેના અવાજમાં પણ કર્કશતા આવી હતી અને પોતે હવે સંપૂર્ણપણે મરદ બન્યો હતો તે માટે મનમાં ને મનમાં ફુલાતો હતો. હવે જ્યાંસુધી કોઈ નિશ્ચિત સ્થળે નીમવામાં ન આવે ત્યાંસુધી તેને આરામ ભોગવવાનો હતો. ઘરમાં અને વડીલો સમક્ષ સિગારેટ ફૂંકવાની પરવાનગી તેને ક્યારનીય મળી ગઈ હતી, એટલું જ નહિ પણ તેના પિતાએ તો તેના મોનોગ્રામવાળી સિગારેટની ડબ્બી પણ તેને ભેટ આપી હતી અને હાથખરચી માટે માસિક પંદર રૂબલ પણ આપવા માંડયા હતા.

અને અહીં—આના મારકોવનાના આ વારવનિતાગૃહમાં—તે પહેલવહેલો જ એક સ્ત્રીના—જેનકાના સમાગમમાં આવ્યો હતો.

આવાં અધમ આગારોમાં કે બીજાં છૂપાં સ્થળોએ જે નિર્દોષ આત્માઓનું પ્રથમ પતન થાય છે, તેઓની સંખ્યા આપણે ધારીએ છીએ તે કરતાં ઘણી વધારે હોય છે; કારણકે માત્ર નાદાન યુવાનોને

જ નહિ, પણ સમાજમાં મોભાદાર મનાતા અને પચાસ વર્ષની આધેડ વયે પહોંચેલા સદ્‌ગૃહસ્થોને પણ જો ફલાવીને તેમની પાસેથી સિફતથી વાત કઢાવવામાં આવે તો, ખાતરી રાખજો કે એ સૃજનજૂની કથા—પોતે પણ દાસી કે આયાના મોહપાશમાં લપટાયા હતા—એ જાહેર કર્યા વગર નહિ રહે. પણ હવે તો એ વાત અત્યંત જૂના સમયની થઈ ગઈ છે અને વ્યાવસાયિક અવલોકનકારની દૃષ્ટિએ પણ તે આવતી ન હોવાને કારણે હવે કોઈ તે વિષે વધારે ઉહાપોહ કરતું નથી.

આપણામાંનો એકેએક પોતાની છાતીએ હાથ મૂકી કબૂલ કરશે તો તેને જણાશે કે દરેકે પોતાના બાળપણમાં કોઈ એક એવું જૂઠાણું આદરેલું અને તે સફળ નીવડેલું હોઈ, તેનો બે પાંચ કે દસ વાર ઉલ્લેખ થતાં તે જીવનકથાના એક ભાગરૂપ બની ગયેલા જેવું જણાશે, અને પછી તો એ જૂઠાણું એટલે સુધી આગળ વધ્યું હશે કે ધીમે ધીમે તે જૂઠાણું આદરનાર પોતે પણ તેને એક સત્ય વાત—બની ગયેલી વાત તરીકે માનતો થઈ ગયો હશે!

સમય જતાં કોલ્યાએ પણ એવી જ એક વાત પોતાના મિત્રોમાં ફેલાવેલી કે તેની એક અડોઅડની સગી અને વ્યવહારનિપુણ બાઇએ તેને નાનપણમાં ફસાવેલો. આ સાથે એ પણ કહેવું જોઇએ કે કોલ્યા જે પ્રકારનું તે સ્ત્રીનું વર્ણન કરતો તેવી એક સ્ત્રી જગતમાં અસ્તિત્વ ધરાવતી હતી, પણ માત્ર તે તેના કલ્પનાજગતમાં; અને તે પણ જ્યારે સજાતીય સંભોગની તે દુઃખદ કરુણ ને હૃદયમાં મંથન જગાવનારી પળોમાંથી પસાર થતો હોય ત્યારે જ. આ પ્રકારની પળો દરેક માનવીના જીવનમાં અમુક સમયે ઉદ્‌ભવે જ છે.

જ્યારે તે આશરે આઠ–નવ વર્ષનો હતો ત્યારે તેણે પહેલવહેલાં જાતીય આવેશનો અનુભવ કર્યો હતો. તે સમયે તેને ભાન ન હતું કે આનો અંત કોઈ પ્રણય–સંબંધમાં આવશે, કારણકે તે ઉમ્મરે

તેને મન એ કોઈ ભયાનક વસ્તુ હતી. ઉપરાંત તે સમયે તેની નજીક, બાળવયમાં જ બાળકોને શિક્ષણપ્રણાલિ દ્વારા સજાતીય વિષયનું જ્ઞાન આપવું જોઈએ એવા પ્રગતિમાન વિચારો ધરાવતી કોઈ સભારી પણ ન હતી.

તે સાથે એ પણ જણાવી દેવું જોઈએ કે તે સમયે—જે સમયની આપણે વાત કરી રહ્યા છીએ તે અંધકારમય યુગના જમાનામાં—ખાનગી સંસ્થાઓ, કલબો તેમ જ શાળાઓ એક પ્રકારના યાંત્રિક પ્રયોગો વડે ફૂલઝાડ ઉછેરતી વાડીઓ જેવી હતી. માનસ અને નીતિની સંભાળ એવાઓના હાથમાં હતી કે જેઓ માત્ર અમુક પ્રકારની વિધિ પળાવવામાં જ બધું સમાઈ જાય છે તેમ પોતે માનતા. ઉપરાંત આ શિક્ષકો અધીરા, હૃદયહીન અને કોઈ વૃદ્ધ કુમારિકા જેવા ચીકણા સ્વભાવના હતા. અલબત્ત, આજે એવી પરિસ્થિતિ નથી રહી, પણ તે જમાનામાં તો વિદ્યાર્થીઓને પોતાને જ પોતાની સંભાળ લેવાની હતી. જેમને મોઢે હજી માતાનું દૂધ પણ સુકાયું ન હોય તેવા કુમળી વયના બાળકો કોઈ પણ જાતની મૃદુતા દાખવવી તેને "સ્ત્રીત્વ"નું લક્ષણ ગણતા, છતાં ચુંબનો, આલિંગનો અને ગૂપચૂપ વાતો કરવા તરફ તેઓ ખેંચાયા વગર રહેતા નહિ.

અલબત્ત, તેમના તરફ સાવચેતી, નરમાશભરી વર્તણૂક, સ્નાન અને ખુલ્લી હવામાં દરેકને મરજી મુજબની અચ્છિક કસરત, એ બધાં તત્ત્વોથી કામ લેવામાં આવે તો તેમનામાં જે વિકારમય આવેશો વહેલા ઉત્પન્ન થાય છે, તે જરૂર વિદ્યાર્થીજીવનમાં તો થતા અટકે; અને જો તેમ ન થાય તો છેવટે તે આવેશોનો આવેગ મંદ તો જરૂર પડી જાય અને તેના કારણો શોધવાની તક મળે.

હું પુનઃ જણાવીશ કે તે જમાનામાં આમાંનું કાંઈ પણ ન હતું.

જે ઉમ્મરે બાળક ગૃહજીવન માટે, માતા, ભ્રાતા, પિતા, બહેન વગેરેના સ્નેહ માટે ઝંખતો હોય, તેવે સમયે અણચિંતવ્યો તેને તેમની હૂંફાળી ગોદમાંથી ઝૂંટવી લેવામાં આવતો અને ટૂંક

સમયમાં જ તે પ્રણયની વાતો કરતો એક રૂપાળો ને ખૂબસૂરત ગણાતો યુવક બની જતો. પરિણામે તેને ખૂણામાં ભરાઈ અશ્લીલ વાતો કરવાનો, હાથમાં હાથ રાખી ફરવાનો કે અંધારામાં એકાંતમાં ફરવાનો અને તે દરમ્યાન સ્ત્રીજનો સાથેના પ્રણયપ્રસંગોની જોડી કાઢેલી વાતો કરવાનો ચસકો લાગતો. આમ બનવાનું મુખ્યત્વે કારણ તો બાળકોનો પરીઓની વાતો સાંભળવાનો શોખ અને તેમનામાં જાગૃત થતી સમજશક્તિ એ જ મુખ્ય હતાં. આપણે ઘણી વાર જોઇએ છીએ કે કોઈ એક પંદર વર્ષનો બાળક, જ્યારે તે છાનોમાનો ગોરસ ચોરી ખાતો કે જંગલોમાં રમતો હોવો જોઈએ તેને બદલે, અલબત્ત સસ્તી નવલકથાઓ વાંચવાના પરિણામે, પોતે, કેવો રજાઓ દરમ્યાન અમુક વિધવા શ્રીમંત સ્ત્રીને ત્યાં છાનોમાનો જાય છે, તે કેવી પોતાની પાછળ ગાંડી બની છે, ત્યાં જ્યારે પોતે જાય છે ત્યારે કેવા પલંગ, ફળફળાદિ તથા દારૂના બાટલા રાખવામાં આવે છે અને પેલી સ્ત્રી પોતાની સાથે કેટલા જિગરથી પ્યારનાં નખરાં આદરે છે, તેની વાતો કરતો હોય છે.

અને પછી આવે છે એ જમાનો કે જેમાં વાંચન એ એક અનિવાર્ય વસ્તુ થઈ જાય છે—દારૂના વ્યસન જેવું એ દૈનિક વ્યસન થઈ જાય છે. ભલે શિક્ષકો કે વાલીઓ ગમે તેટલી સખ્ત તકેદારી રાખે છતાં, જે વસ્તુ વાંચવાની મનાઈ હોય છે, તે વસ્તુ બાળકે જરૂર વાંચ્યું હોય છે, વાંચે છે અને વાંચશે. તે વયે મના કરેલાં પુસ્તકો વાંચવાનું એક અજબ આકર્ષણ હોય છે! પરિણામે ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓમાં બારકોવની વાર્તાઓ, પુશ્કીનના કહેવાતાં લખાણો, લેરમોન્ટોવ અને બીજાઓની વિષયવાસના ઉશ્કેરતી વાર્તાઓ જેવી કે પ્રથમ રાત્રિ, પુષ્પ, લ્યુકાસ, પેટર હોફનો ઉત્સવ, પાદરી વગેરેનાં હાથે લખાયલાં કાગળિયાં હાથોહાથ ફરતાં હતાં.

અને ભલે મારું આ કહેવું વિચિત્ર, અગમ્ય અને કલ્પિત જણાય પણ આ લખાણો, ચિત્રો તથા બીભત્સ દૃશ્યોનાં કાર્ડોથી

ત્ત્વાર્થીઓમાં કોઈ આનંદિત ઉત્કંઠા ઉત્પન્ન થતી નહોતી. તેમાં તો માત્ર મના કરેલી વસ્તુ પોતે વાંચી છે, મના કરેલાં ચિત્રો પોતે જોયાં છે, એવું અભિમાન અને એ જોખમદારી ઉપાડવાની પોતાનામાં હિંમત છે એ લક્ષણો મુખ્યત્વે દષ્ટિગોચર થતાં હતાં. કોલ્યાની શાળાના પુસ્તકાલયમાં પુશ્કીન અને લેરમોન્ટોવનાં લખાણોમાંથી તારવી કાઢેલા શુદ્ધ લખાણો, જેને વાંચતાં હસવું જ આવે તેવા ઓસ્ટ્રેસ્કીના બધાં લખાણો અને જેણે કોલ્યાના જીવનમાં મુખ્ય અને ક્રૂર ભાગ ભજવ્યો હતો તે ટર્જેનવનાં બધા લખાણોનો મોટો સંગ્રહ હતો. એ તો એક સર્વવિદિત વાત છે કે ટર્જેનવનાં લખાણોમાં પ્રેમની આસપાસ હંમેશા હૃદયને નિરાશ કરતી એક અદૃશ્ય જાળી ગૂંથાયલી હોય છે. આ જાળી એક પ્રકારની અતિ સૂક્ષ્મ, ન પકડાય એવી, નિષિદ્ધ, પણ લલચાવનારી હોય છે. તેની વાર્તાઓમાં કુમારિકાઓને પ્રેમ પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા હોય છે અને તેના આગમન સમયે ઊંડું મંથન અનુભવતી હોય છે. તેઓ પુષ્કળ શરમાળ હોય છે અને પ્રેમનું નામ સાંભળતાં જ ધ્રૂજવા માંડનારી અને રાતીચોળ થઈ જનારી હોય છે. પરણેલી સ્ત્રીઓ કે વિધવાઓ આ કઠોર અને ક્રૂર માર્ગ જુદી જ રીતે વિતાવે છે. તેઓ લાંબા સમય સુધી તેમની ફરજ, તેમનો સામાજિક મોભો અને જગત શું કહેશે એ વિચારોમાં ગૂંચવાયા કરે છે, અને અંતે—અરે—ચોધાર આંસુઓ સાથે તેમનું પતન થાય છે: અથવા તો અરે! તેઓ પ્રલોભનની સામે થવાની શક્તિ કેળવતી હોય છે: અથવા તો—અને એ ઘણી મોટી સંખ્યામાં બને છે—અગમ્ય નસીબ નાયક કે નાયિકાના જીવનનો ઓચિંતો જ અંત લાવે છે! અને તે પણ એક એવી જ પળે કે જ્યારે પવનના એક જરાક જેટલા સુસવાટાથી પાકેલું ફળ જમીન પર તૂટી પડવાની અણી પર હોય છે. અને છતાંય આ સદ્ગૃહસ્થો અને સન્નારીઓ તેના આ નિર્લજ્જ પ્રેમ માટે તલસતાં હોય છે: તેનો અનુભવ કરતાં અપૂર્વ આનંદ અનુભવતાં હોય છે કે ચોધાર આંસુઓ વહાવતાં

હોય છે : અને તેમને માટે આ સિવાય જગતમાં બીજું જાણે કાંઈ રહેતું જ નથી; પણ બાળકો હંમેશા, આપણે મોટેરાંઓ જે માનીએ છીએ તેથી ઊલટું જ માનતાં હોય છે. જે કાંઈ મના કરેલું હોય, જે કાંઈ અધૂરું જણાવેલું હોય કે તેમનાથી છુપાવેલું હોય, એ તેમની નજરે બમણું બલકે ત્રણગણું વધારે રસમય બની જતું હોય છે. એથી એ સ્વાભાવિક છે કે આવાં વાંચનમાંથી તેઓ એવો જ મત બાંધે છે કે મોટેરાંઓ તેમનાથી જરૂર કાંઈક છુપાવે છે.

વળી સાથે સાથે એ પણ જણાવી દેવું જોઈએ કે જો કોલ્યાએ (તેની ઉમ્મરના બીજા બાળકોની જેમ) પેલી ગુલાબી ગાલવાળી, હંમેશાં હસતી અને ફૂદડીની માફક બધે ફરતી, જેને તેણે કેટલીય વાર રમતાં રમતાં ધબ્બા માર્યા હતા, તે ચાકરડી ફ્રોસિયાને જોઈ જ ન હોત અને એક વખત ઓચિંતા પિતાજીના ઓરડામાં જઈ ચડતાં ત્યાંથી આ ચાકરડીને શરમના માર્યા મોં ઢાંકી ત્વરિત ગતિએ ઓરડા બહાર નાસી જતાં અને તે વખતે પિતાજીની આંખોમાં કોઈ અજબ ચમકારાનું દર્શન ન કર્યું હોત તો? તે વખતે પિતાજીનું આવું મુખદર્શન થતાં તેણે સ્વગત કહેલું : " આજે પિતાજી ટર્કી પક્ષી જેવા લાગે છે ! " અને જો કોલ્યાએ—અડધું તોફાન કરવાની ઇચ્છાથી અને અડધું પિતાજી શું શું રાખે છે તે છૂપી રીતે જાણવાની ઉત્કંઠાથી—પિતાજીના મેજના ખાનામાં એવાં કાર્ડોનો એક સંગ્રહ કે જેને વેપારીના ગુમાસ્તાઓ પ્રેમનાં અદ્‌ભુત સ્વરૂપો અને આધ્યાત્મિક પ્રણયના સુંદર ચિત્રો કહી ઓળખાવે છે તે ન જોયા હોત તો ?

અને તેણે શું એ નહોતું જોયું કે જ્યારે જ્યારે પેલો કોઈ એલચીખાતાનો અમલદાર અને હંમેશા રોન્ટ અત્તરથી મઘમઘતો પૉલ આવતો અને જેની સાથે માતાજી સેંટપીટર્સબર્ગની મોટે ખાંચરેની માનુનીઓની જેમ નીપર નદી પર સામે કાંઠે દેખાતા સૂર્યાસ્તનું અવલોકન કરવા ઘોડેસવાર થઈ જતાં, ત્યારે માતાજીનું

હૃદય કેટલા જોરથી ધબકતું અને પાવડર કરેલા ગાલ પર સુરખી કેવી ઊછળી રહેતી? તેણે એ સમયે શું કેટલીય નવી અને વિચિત્ર વસ્તુઓ નહોતી જોઈ? તેણે શું પૉલના આગમન સમયે તેનો સાવ કૃત્રિમ, કોઈ નટી જેવો લાગતો, ઘડીકમાં સાવ મૃદુ થઈ જતો અને ઘડીકમાં કઠોરતા ધારણ કરતો અવાજ નહોતો સાંભળ્યો? અરે, આપણે જે અનુભવથી ઘડાયલાં ગણાઈએ છીએ, તેઓ જો આપણી આસપાસના બાળકો કે જેમને માત્ર 'અરે વોલોદ્યા (કે કેટી કે પેટી) છે, તેથી શું થયું?... એ તો બાળક છે. એ શું સમજે?' એમ કહી વાત ઉડાવીએ છીએ, એ જ બાળકો કેટલું, અરે, કેટલું બધું સમજે છે, તે જો આપણે સમજી શકીએ—એટલી બુદ્ધિ કેળવીએ!

તેજ પ્રમાણે ગ્લેડીશેવને માટે તેના મોટા ભાઈનો ઇતિહાસ પણ નિરર્થક નહોતો નીવડ્યો. તે હમણાં જ લશ્કરી શાળામાંથી છૂટો થઈ એક લશ્કરી ટુકડીમાં જોડાયો હતો; પણ હમણાં રજા પર હોવાથી પોતે ચેનથી રહી શકે તે માટે તે કુટુંબ સાથે બે જુદી ઓરડીઓમાં રહેતો હતો. તે વખતે તેમને ત્યાં ન્યુશા નામની એક ચાકરડી હતી. ઘરવાળાં બધાં તેને મશ્કરીમાં 'એનીટા બાનુ' કહીને બોલાવતાં. તે ઘણી જ આકર્ષક ને લાંબા કાળા કેશકલાપવાળી સ્ત્રી હતી અને જો તેને કપડાં બદલાવ્યાં હોય તો નાટકની નટી કે રાજકન્યા જેવી દીપી ઊઠે તેવી તે રૂપાળી હતી. કોલ્યાની માતા ટૂંક સમયમાં જ જાણી ગઈ હતી કે તેનો મોટો પુત્ર અર્ધો કંઈક મશ્કરીમાં, અર્ધો કાંઈક સાચે જ, આ કાળા વાળવાળી દાસી તરફ આકર્ષાયો હતો. અલબત્ત આમાં તે માત્ર માતા તરીકે જ વિચાર કરતી હતી; કારણકે જો તેના નસીબમાં અધઃપતન લખાયલું જ હોય તો તેની શુદ્ધતા, તેની નિર્દોષતા, તેના પ્રથમ શારીરિક સંસર્ગનો લહાવો કોઈ વારવનિતા—કોઈ સાહસો માટે રખડતી કન્યાને મળવાને બદલે કોઈ એક પવિત્ર બાળાને મળવો જોઈએ એમ તે ઇચ્છતી હતી. અલબત્ત એ માત્ર એક માતા તરીકેની લાગણીથી જ આવા વિચાર કરતી હતી. કોલ્યા તે વખતે

સાહસિક નવલકથાઓ વાંચવામાં તલ્લીન હતો, અને તેથી જ તેણે તેના મોટાભાઈના આ પ્રણય કિસ્સાને આતુરતાથી નિહાળવા માંડયો હતો અને તેમાંથી પોતે નવા સિદ્ધાંત બાંધવા માંડયા હતા.

આ સિદ્ધાંત કેટલીક વાર સાચા હતા અને કેટલીક વાર માત્ર અતિ કલ્પનાના પરિણામ જેવા હતા. છ માસ બાદ એક બારણા પાછળથી તેણે એક ભયાનક દશ્ય જોયું, બલ્કે સાંભળ્યું. સેનાપતિની પત્ની તેના અંતઃપુરના ઓરડામાંથી કોઈ એક અધમ ગાડીવાળાની ભાષામાં ‘ એનીટા ’ને ગાળો દેતી હતી; કારણકે આ એનીટાને પાંચમો મહિનો જતો હતો. જો એનીટાએ તે વખતે રડવા ન માંડયું હોત તો તો તેઓએ તેનું મોં બંધ રાખવા થોડાક પૈસા આપ્યા હોત અને આમ તે શાંતિથી ઘરનો ત્યાગ કરી શકી હોત પણ એ તો તેના શેઠના પુત્રના પ્યારમાં પડી હતી—તેને ચાહતી હતી: તેથી તે કાંઈ માંગતી ન હતી અને તે જ કારણસર તેઓ તેને પોલીસની મદદ વડે હાંકી કાઢતાં હતાં.

પાંચમાં ને છઠ્ઠા વર્ગમાં અભ્યાસ કરતા કોલ્યાના કેટલાક સખાઓ આ પાપી જીવનમાં પગલા માંડી ચૂકયા હતા. તે સમયે, દરેક ખાનગી વસ્તુનો તેના ખુલ્લા નામે ઉચ્ચાર કરવો એમાં મરદાઈ મનાતી. તેમાંનો એક આરકાશા તો રોગનો પણ ભોગ થઈ ચૂકયો હતો. આ રોગ ભયંકર ન હતો, પણ હતો તો મુત્રાશયને જ લગતો. પરિણામે ત્રણ મહિના સુધી તેના મંડળમાં તે એક મહા-પુરુષ તરીકે ગણાયો હતો, અને તેમાના ઘણા તો પછી વારવનિતા-ગૃહોની મુલાકાત લેતા અને છડેચોક પોતાનાં પરાક્રમોની વાતો કરતા. મરદાઈ અને શક્તિની બાબતમાં આ ભ્રષ્ટ વિદ્યાર્થીઓ તેમનામાં સર્વોપરી સ્થાન ભોગવતા.

અને તેથી એક વાર એવું બન્યું કે તેઓએ ગ્લેડીશેવને આના મારકોવનાને ત્યાં સાથે આવવા ફરમાણ નહોતું કર્યું, પણ તેણે પોતે જ પ્રલોભનને વશ થઈ પોતાને સાથે લઈ જવા આજીજી કરી હતી. તેની એ

પ્રથમ રાત્રી હંમેશા તેના મગજમાં કોઈ સ્વપ્નની જેમ ખટકયા કરતી હતી. એ પ્રસંગને યાદ કરતાં તે થરથરી ઊઠતો. ઘણી મુસીબતે તે યાદ કરી શકયો કે તેણે પોતાનામાં હિંમત આવે તે માટે કેવી રીતે ગંધાતો દારૂ પીધો હતો. આ દારૂના પરિણામે પોતાની કેવી ભયાનક સ્થિતિ થઈ હતી, જ્યારે પોતે પહેલવહેલો મોટા ઓરડામાં દાખલ થયો ત્યારે તેને ઓરડાના દીવા કેવા ચક્કર ચક્કર ફરતા લાગ્યા હતા; જ્યાં સ્ત્રીઓ કોઈ ભૂતની જેમ લાલ પીળા રંગોમાં નાચતી અને તેમનાં ખુલ્લા બદનના ભાગ આંખને આંજી દેતા ને લલચાવનારા પ્રકાશમાં ચમકારા મારતા જણાયા હતા. તેના મિત્રોમાંના એકે આ અદ્ભુત લાગતી એક સ્ત્રીના કાનમાં કંઈક કહ્યું અને તે તરત જ કોલ્યા પાસે દોડી આવી :

"અય ! ખૂબસૂરત વિદ્યાર્થી, આ તારા વિદ્યાર્થી મિત્રો કહે છે કે હજી તું સાવ નિર્દોષ છે... ચાલ, હું તને સર્વ વિદ્યા ઘડીના છટ્ઠા ભાગમાં શીખવી દઈશ."

જો કે આ વાકય માયાળુપણે ઉચ્ચારવામાં આવ્યું હતું, પણ આના મારકોવનાના આ વારવનિતાગૃહની દીવાલો તે વાકય હજારો વાર સાંભળી ચૂકી હતી. અને પછી તો કંઈક એવું બન્યું કે જે મહામુસીબતે યાદ યાદ આવતું અને યાદ આવતાં દુઃખ થતું. અંતે તેના સ્મરણ દરમ્યાન કોલ્યા ઓચિંતો થાકી ગયો અને મહામુસીબતે તે પોતાનું મન બીજા વિષય તરફ વાળી શકયો. આખા ઓરડાને ભરી દેતાં દીવાના તેજમાંથી નીકળતાં ગોળ ગોળ પ્રકાશનાં ચક્કરો, ચુંબનોનો વરસાદ, મૂંઝવણ ઉત્પન્ન કરે એવાં આલિંગનો અને પછી જેથી માનવીને એ આનંદમાં જ સમાધિ લેવાનું અને ભયની ચીસ પાડવાનું મન થાય એવી કોઈ વેદના અને પછી જેનામાં બાથ ભીડવાની પણ શકિત નહોતી તેવા પોતાના ધ્રૂજતા હાથને પોતે આશ્ચર્યસહ જોતો હતો, એટલું જ આછું આછું તે સ્મરણ-જગતમાં લાવી શકયો.

દરેક માનવીને તેના જીવનમાં આ પ્રથમ સંભોગનો અનુભવ થાય છે; પણ આ મહાન નૈતિક વેદના કે જેના મહત્ત્વની અને ઊંડાણની બાબત ઘણી ગંભીર છે, તે ટૂંક સમયમાં જ અદૃશ્ય થઈ જાય છે; છતાં માનવીઓના મોટા ભાગમાં અમુક પળો, પછી કોઈ અગમ્ય કારણથી કે ચિડિયાપણાના પરિણામે લાંબો સમય કે જીવન પર્યંત રહી જાય છે. ટૂંક સમય બાદ કોલ્યા પણ આ વસ્તુથી ટેવાઈ ગયો: તે હિંમતવાન બન્યો. સ્ત્રીઓ સાથે વધારે છુટથી ભેળાવા લાગ્યો. અને તે જ્યારે આ ગૃહમાં આવતો ત્યારે બધી છોકરીઓ અને ખાસ કરીને વેરકા તો તેને જોતાં જ બોલી ઉઠતી:

"જેનકા, તારો આશક આવ્યો!"

ત્યારે તો તે સાંભળીને તેના આનંદનો પાર ન રહેતો.

વગર મૂછોએ, હોઠે મૂછોએ તાવ દેતો હોય તેમ હાથ ફેરવતાં તેને આ વાત તેના સખાઓ સમક્ષ જાહેર કરતાં અતિ આનંદ આવતો.

[૩]

શ્રાવણ મહિનાની રાત હતી અને વરસાદ ઝરમર ઝરમર પડતો હતો. રાત બહુ વીતી ન હતી. હજી તો માત્ર નવેકનો આશરો થયો હતો. તેજસ્વી દીવાઓથી ઝગમગતું આના મારકોવનાનું દીવાનખાનું સાવ ખાલી જેવું હતું. માત્ર દરવાજા નજીક એક તરુણ તાર માસ્તર ખુરશી નીચે પગ વાળીને બેઠો હતો અને સભ્ય કુટુંબોમાં બે નૃત્ય વચ્ચેના સમયમાં જે પ્રકારની નકામી વાતચીત કરવામાં આવે છે, તે પ્રકારની વાતચીત જાડી કેટી સાથે કરવાની શરૂઆત કરતો હતો. ઉપરાંત લાંબા પગવાળો અને જંક રોલીપોલી પણ ત્યાં હાજર હતો. તે ઘડીકમાં એક છોકરી પાસે બેસતો તો ઘડીકમાં બીજી પાસે, અને એમ દરેકને પોતાની વાચાળતાનો અનુભવ કરાવતો હતો.

જ્યારે કોલ્યા એ દીવાનખાનામાં પ્રથમ દાખલ થયો ત્યારે તેને સૌથી પ્રથમ ઓળખી કાઢનાર ગોળ નયનોવાળી અને હંમેશ મુજબ જોકીના પોશાકમાં સજ્જ થયેલી વેરકા જ હતી. તેને જોઈ તેણે તાળીઓ પાડી અને બોલી ઊઠી:

"જેનકા, જેનકા, જલદી આવ. તારો પ્રિયતમ આવ્યો છે ... પેલો જુવાન વિદ્યાર્થી ... કેવો ખૂબસૂરત ગભરુ જુવાન છે!"

પણ આ સમયે જેનકા દીવાનખાનામાં નહોતી; તે એક મજબૂત વડા કંડક્ટરના પંજામાં હતી.

આ આધેડ, ગંભીર અને ભવ્ય દેખાતો સદ્‌ગૃહસ્થ જે ખાનગીમાં રેલવે કંપનીની માલિકીની મીણબત્તીઓ વેચી ખાતો અને ઓછે પૈસે રેલવેમાં મુસાફરોને લાવતો ને લઈ જતો, તેની બાબતમાં એક વાતનું સુખ હતું કે તે કદાપિ પણ વીસ મિનિટથી વધારે રોકાતો નહિ, પણ આ વીસ મિનિટ દરમ્યાન પણ ઘડિયાળ તરફ વારંવાર જોયા કરતો. આટલા ટૂંક સમયમાં તે ચાર બાટલી બીર ઠોકી જતો અને જતી વખતે છોકરીને અડધો રૂબલ ને સામિયનને દારૂ પીવા વીસ કોપેક ઇનામમાં આપી જતો.

કોલ્યા એકલો ન હતો. તેની સાથે તેનો સહાધ્યાયી પેટ્રોવ પણ હતો કે જે કોલ્યાના શબ્દોથી લલચાઈને આજે પહેલી જ વાર વારવનિતાગૃહનો ઉંબરો ઓળંગતો હતો. આજથી દોઢ વર્ષ પૂર્વે કોલ્યાએ પગ ધ્રૂજવા, મોં સુકાઈ જવું અને દીવા ગોળ ગોળ ફરતા હોય તેમ ભાસવું વગેરે જે સ્થિતિનો અનુભવ કર્યો હતો તે જ સ્થિતિનો અનુભવ આ પેટ્રોવ પણ અત્યારે કરી રહ્યો હતો.

સામિયને તેમના ઓવરકોટ ઉતાર્યા અને એક ખૂણામાં છુપાવી દીધા કે જેથી તે કોટ પરના બટન કે પટા વગેરેથી તેઓ અહીં છે એમ કોઈ જાણી ન જાય.

એ જણાવવું જોઇએ કે આ સખ્ત માણુસ કે જેને તેમની તોફાની વૃત્તિઓ અને વાચાળતાને પરિણામે વિદ્યાર્થીઓ ગ્રાહક તરીકે

નહોતા ગમતા, તેને આવા સાવ કાચી વયના યુવાન લશ્કરી અમલ-દાર પણ નહોતા ગમતા.

"એવા ન આવતા હોય તો શું ખાટુંમોળું થઈ જવાનું?" ઘણી વાર આ દરવાન મહાશય તેમના જ જેવા બીજા મિત્રો આગળ પોતાના મતનું પ્રદર્શન કરતાં ઉપરના શબ્દો ઉચ્ચારતા. "આવા માંકડા જેવા અહીં આવ્યા છે અને એવામાં તેમના જ અમલદારનો તેમને ભેટો થઈ જાય તો? તો વળી બીજું શું? આ ગૃહને ચોવીસ કલાકમાં તાળાં દેવાં પડે, તાળાં! આ ત્રણ વર્ષ ઉપર હ્યુપેનડીખાને ત્યાં બન્યું હતું એવું! અલબત્ત, એ તો એક નામે બંધ થયું કે તરત જ પછી બીજા નામે ચાલુ થયું; અને જ્યારે તેને દોઢ વર્ષ માટે સરકારના મહેમાન થવાનો પ્રસંગ આવ્યો ત્યારે જ તેને જરા વસમું લાગ્યું હતું. એકલા બારકેશને જ ચારસો આપવા પડ્યા હતા... અને પછી ઘણી વાર એવું પણ બને છે કે, આવા માંકડામાંનું કોઈક રોગનો ભોગ થઈ પડશે, એટલે ઘેર જઈ રડશે ને ધાંધલ મચાવશે: "ઓ બાપા, ઓ બા, મને બચાવો, બહુ દુઃખ થાય છે...!" એટલે માતા અને પિતા પૂછશે: "બતાવ ચંડાળ, એ ક્યાંથી લઈ આવ્યો?" "ફલાણી ફલાણી જગ્યાએથી..." એટલે એમાં પણ પરિણામે ગાંસડાપોટલાં બાંધવાનો પ્રસંગ ઊભો થવાનો!"

"પધારો! પધારો!" તેણે કઠોર સ્વરે વિદ્યાર્થીઓનું સ્વાગત કરતાં કહ્યું.

વિદ્યાર્થીઓ દીવાનખાનામાં દાખલ થયા. દીવાના ઝગઝગાટથી તેમની આંખો મીંચાઈ જતી હતી. પેટ્રોવ—જેણે હિંમત આવે તે માટે દારૂ પીધો હતો તે—લથડિયાં ખાતો હતો અને ફિક્કો પડી ગયો હતો. તેઓ એક સોફા પર બેઠા કે તરત જ વેરકા અને ટમારા આવી તેમની બન્ને બાજુએ ગોઠવાઈ ગઈ.

"અય સુંદર નવજવાન, મને સિગારેટ આપ!" વેરકાએ પેટ્રોવને ઉદ્દેશીને કહ્યું અને તેમ કરતાં જાણે અકસ્માતથી કેમ ન મૂકચો હોય તેમ પોતાનો પગ તેના પગ પર ગોઠવ્યો. "કેવા સુંદર નવજવાન છો?"

"પણ જેની કયાં છે?" કોલ્યાએ ટમારાને પૂછયું. "કોઈ મહેમાન પાસે છે?"

જવાબમાં ટમારાએ તેની આંખોમાં દષ્ટિ મેળવી એવી રીતે જોયા કર્યું કે કોલ્યા તેથી મૂંઝાઈ ગયો અને તેણે પોતાનું મોં ફેરવી લીધું.

"ના! મહેમાન પાસે તો કયાંથી હોય? આજ આખો દિવસ તેનું માથું દુખતું હતું: એ તો એમ બન્યું કે તે પરસાળમાં ફરતી હતી તેવામાં બાઈએ ઓચિંતું બારણું ઉઘાડયું, જે તેના કપાળમાં વાગ્યું અને તેથી તેના માથામાં આખો દિવસ વેદના થતી હતી. બિચારી, આખો દહાડો ચુપચાપ પડી રહી હતી! પણ કેમ? બહુ અધીરા થઈ ગયા છો? જરા થોભો, હમણાં પાંચ મિનિટમાં જ આવશે. આજે તો તેના સહવાસથી ઘણો જ સંતોષ મળશે." વેરકા પેટ્રોવ સાથે નખરાં કરતી હતી.

"પ્રિયતમ, તમે તો મને એવા વહાલા લાગો છો! મને તો તમારા જેવા નવજુવાન બહુ જ ગમે! તેઓ અદેખા ને ખૂબ પ્રેમાળ હોય છે!"

અને ધીમે અવાજે તે એક ગાયન ગણગણવા લાગી.

"તમારું નામ શું, પ્રિયતમ?" થોડી વાર પછી વેરકાએ પેટ્રોવને પૂછયું.

"જયોર્જ!" પેટ્રોવે જરા કઠોર સ્વરે કહ્યું.

"જોર્જિક! જોરોચકા? કેવું મીઠું નામ છે?" પછી ઓચિંતી તેની એકદમ નજીક જઈ તેના કાનમાં કહેવા લાગી: "જોરોચકા, ચાલો આપણે જઈએ."

પેટ્રોવ આ પ્રશ્નથી જરા છોભીલો પડી ગયો અને બોલ્યો: "હું કાંઈ ન સમજું . . . મારો મિત્ર કહે તેમ મારે તો કરવાનું છે . . ."

આ સાંભળી વેરકા ખડખડાટ હસી પડી. "શાબાશ! કેવા બાળક જેવા છો? અરે, મારા જોરોચકા, ગામડામાં તો તારા જેવડા બે છોકરાંના બાપ હોય છે! પણ લો, આ તો બાઈસાહેબ બોલ્યા: 'હું કાંઈ ન સમજું: મારો મિત્ર જાણે!' હજી તો બાઈસાહેબ નાના કીકા હોય તેમ બોલે છે. અરે સાંભળ્યું કે ટમારા, હું તેને ખાનગીમાં આવવાનું કહું છું ત્યારે બાઈસાહેબ જણાવે છે કે: 'મારો મિત્ર જેમ કહે તેમ મારે વર્તવાનું છે!' અહો મિત્ર મહાશય, તમે જ એને અહીં લઈ આવનાર છો કે?"

"ચાલ, ગરબડ ન કર, શંખણી!" આ મશ્કરીનો અંત આણવા પેટ્રોવે તેના કઠોર સ્વરે આજ્ઞા કરી.

એવામાં રોલીપોલી ત્યાં આવી પહોંચ્યો અને એક બાજુ માથું વાંકું કરી દયાર્દ્ર ચહેરે કહેવા લાગ્યો: "શ્રીમાન વિદ્યાર્થીઓ! ઉચ્ચતમ કેળવણીથી વિભૂષિત એવા નવજવાનો! બુદ્ધિમાન વર્ગના ઉત્તમ પુષ્પો જેવા ભવિષ્યના નાગરિકો! આ ગરીબ, વૃદ્ધ ને લાચાર ડોસાને એક સિગારેટ નહિ આપો? મારી પાસે આજે એક પણ દમડી નથી."

અને જ્યાં સિગારેટ મળી કે પછી તો મહાશય ખૂબ ખીલ્યા અને તાનમાં આવી જઈ ગાયનો લલકારવા લાગ્યા.

થોડી વાર પછી ઓચિંતા ગાયનને અધવચ્ચે જ અટકાવી દઈ છાતી પર હાથ રાખી કરુણ સ્વરે રોલીપોલી કહેવા લાગ્યો:

"સદ્‌ગૃહસ્થો, હું જાણું છું કે તમે ભવિષ્યના મહાન સરદારો સ્કોબેલેવ અને ગુરકો છો! અને કેટલેક અંશે હું પણ એક લશ્કરી અમલદાર છું. જ્યારે હું જંગલખાતાની શાળામાં ભણતો હતો, ત્યારે

તે જમાનામાં અમારું જંગલખાતું લશ્કરી ખાતાની એક શાળા જ હતું. તેથી આપણે એક જ વર્ગના કહેવાઇએ અને તે માટે તમારા જેવા ઉદાર સદ્‌ગૃહસ્થોએ આ લાચાર ડોસા માટે ઉઘરાણું કરવું જોઈએ !"

"રોલી," બીજે છેડેથી જાડી કેટીએ બૂમ પાડી. "ચાલ આ અમલદારોને વીજળી બતાવ, નહિ તો હું કહીશ કે એ વગર મફતના તમારી પાસેથી પૈસા પડાવી લેવા માંગે છે !"

"કબૂલ મંજૂર !" રોલીએ આનંદમાં આવી જઈ જાડી કેટીની માગણી કબૂલ રાખી અને આગળ બોલવા લાગ્યો: "અય મહાનુભાવો, જરા આ બાજુ નિગાહ કરો ! જીવંત દૃશ્યો ! જૂન મહિનાના એક ઉષ્ણ દિવસે તોફાન ! રોલીપોલીના છૂપા નામ નીચે ઓળખાતા એક અજાણ્યા કલાકારની અદ્‌ભુત કૃતિ ! પ્રથમ ચિત્ર. . .

"જૂન માસનો સુંદર દિવસ હતો. સૂર્ય પૂર્ણ રીતે પ્રકાશતો હતો." રોલીએ સ્મિત કર્યું અને નયનો અર્ધાં મીચી દીધાં.

". . . પણ હવે દૂર દૂર ક્ષિતિજમાં થોડાંક વાદળાં દૃશ્યમાન થાય છે અને થોડી વારમાં તો ઢગલાઓની જેમ તેઓ વધતાં જ જાય છે. . ."

ધીમે ધીમે રોલીના મુખ પરથી સ્મિત અદૃશ્ય થતું હતું અને તેને સ્થાને ગંભીરતા આવતી જતી હતી.

". . . અંતે વાદળાંઓએ સૂર્યને ઢાંકી દીધો છે. . . સર્વત્ર અંધકાર પ્રસરી ગયો છે. . ."

રોલીપોલીના ચહેરા પર પણ પૂર્ણ ગંભીરતા છવાઈ રહી. "વરસાદના છાંટા માંડ્યા . . . પડવા . . ." રોલીપોલીએ ખુરશીના છેડા પર આંગળા ઠોકી વરસાદ પડતો હોય ત્યારે થતાં અવાજનું અનુકરણ કરવા માંડ્યું.

"દૂર દૂર પહેલી વીજળીનો ચમકારો થયો. . . ."

રોલીપોલીની આંખો પણ ચમકતી હતી અને તેના મોંનો ડાબો ખૂણો જરાક વળી ગયેલો જણાતો હતો.

". . . એટલે તો વરસાદ મુશળધાર પડવા લાગ્યો અને આંખોને પણ આંજી દે તેવા વીજળીના ચમકારા થવા લાગ્યા . . ."

અને રોલીપોલીએ પોતાની ભમરો, આંખ, નાક, બન્ને હોઠ વગેરેની ત્વરિત ગતિપૂર્વકની હિલચાલથી વીજળીનું અનુકરણ કરી દાખવ્યું.

"પછી તો આકાશમાં ગડગડાટ થવા લાગ્યો. ટ્રરરરરરર. . . જાણે કોઈ નજીવી વસ્તુ હોય તેમ સૈકાઓથી ઊભેલું એક ઓકનું ઝાડ તૂટી પડયું . . ."

અને માત્ર જરાક માથું નમાવી, કોઇ એક પૂતળાની જેમ, ઓકનું અનુકરણ કરતો રોલીપોલી જમીન પર ઢળી પડ્યો, પણ તરત જ પુનઃ ઊભો થઈ ગયો.

"પણ હવે તોફાન ધીમે ધીમે ઓછું થતું જાય છે. વીજળીના ચમકારા પણ ઓછા ને ઓછા થાય છે. આકાશમાં ગડગડાટ પણ મંદ સ્વરે થાય છે. . . વાદળાં પણ ઓછાં થઈ ગયાં છે . . . સૂર્ય પણ ધીમે ધીમે પ્રકાશવા લાગે છે . . ."

રોલીપોલીએ મંદ સ્મિત કર્યું.

". . . અને પુનઃ વરસાદના પાણીથી સ્નાન કરી ચૂકેલી ભૂમિમાતા પર સૂર્ય પ્રકાશવા લાગ્યો."

અને રોલીના મુખ પર હાસ્ય પ્રસરી રહ્યું. દરેક વિદ્યાર્થીએ તેને વીસ વીસ કોપેક આપ્યા. તેણે તે બધા હવામાં ઉછાળ્યા અને એક, બે, ત્રણ એમ બોલતાં બોલતાં બીજા હાથમાં ઝીલી લઈ છુપાવી દીધા.

"ટમારા, આ સારું ન કહેવાય." તેણે ઠપકો આપતા હોય

તેવા ભાવથી કહ્યું. "મારા જેવા એક ગરીબ માણુસનો છેલ્લે કોપેક લઈ લેતાં તને શરમ નથી આવતી? કેમ વળી, આ અહી તેં છુપાવ્યો છે?"

અને તેણે ટમારાના કાન આગળથી પોતાનો છેલ્લો કોપે: કાઢી બતાવ્યો.

"મારા વગર કંટાળશો નહિ, હું હમણાં જ પાછો ફરીશ.' તેણે વિદ્યાર્થીઓને અને છોકરીઓને સંબોધીને કહ્યું. "પણ જે તમે મારી રાહ ન જ જોઈ શકો તેમ હો તો તો પછી જેવી તમાર મરજી. હું છું આપનો તાબેદાર સેવક..."

"રોલીપોલી!" નાની સફેદ માન્કાએ તેને જતો અટકાવત કહ્યું. "મને પંદર કોપેકની મીઠાઈ નહિ લાવી આપે...પંદ: કોપેકની ટર્કીશ મીઠાઈ! લે આ પૈસા!"

અને ટમારાએ ફેંકેલો પંદર કોપેકનો સિક્કો રોલીપોલીએ સિફતથી પોતાના હાથમાં ઝીલી લીધો, હાસ્યાસ્પદ વંદન કર્યું અ: આંખ ઢંકાઈ જાય તેવી રીતે લીલી ટોપીને માથા પર ખેંચ અદૃશ્ય થઈ ગયો.

ઊંચી આધેડ વયની હેન્રીએટા વિદ્યાર્થીઓ પાસે આવી, સિગારે: માગી અને એક બગાસું ખાઈ કહેવા લાગી:

"તમે જુવાનિયાઓ જરા નૃત્ય કરો તો કેવું? આ છોકરી ઓ બિચારી બેસીને કંટાળી ગઈ છે."

"ભલે! ભલે!" કોલ્યાએ સંમતિ દર્શાવતાં જણાવ્યું.

"જરા સંગીત શરૂ કરો અને એવા જ કાંઈક નૃત્યને લગત સ્વર છેડો!"

સંગીતશાસ્ત્રીઓએ પોતાનાં વાજિંત્રો ઠીક કર્યાં અને સ્વ છેડ્યા. ટટાર પીઠ અને ઢળેલાં નયનો સાથે છોકરીઓ એક બીજાં કમરેથી વળગી ગોળ ગોળ ફરતી નૃત્ય કરવા લાગી.

કોલ્યા કે જે નૃત્યનો ઘણો શોખીન હતો, તેનાથી આ દૃશ્ય જોઈ વધારે વાર બેસી ન રહેવાયું અને ટમારાને પોતાની સાથે નૃત્ય કરવાનું આમંત્રણ આપ્યું. તેને ગયા શિયાળાનો અનુભવ હતો કે ટમારા બીજી છોકરીઓ કરતાં ઘણી નાજુકતાભરી રીતે નૃત્ય કરી શકતી હતી. અને આમ જ્યારે તે નૃત્યમાં મશગૂલ હતો ત્યારે, કોઈ ન જાણે તેમ પેલો જેનકાનો મહેમાન, કંડક્ટર, ત્યાં થઈને પસાર થઈ ગયો. તેને જોઈ શકવાની કોલ્યાને તક મળી નહિ.

વેરકાએ ઘણું દબાણ કર્યું પણ પેટ્રોવ કોઈ પણ રીતે તેની સાથે જવા કબૂલ ન થયો. થોડો ઘણો નશો જે ચઢ્યો હતો તે પણ હવે સાવ નિર્મૂળ થઈ ગયો હતો : પરિણામે તે જે કાર્ય માટે અહીં આવ્યો હતો તે હવે તેને વધુ ને વધુ ભયંકર અને અપ્રાપ્ય જેવું લાગતું હતું. તેનું ચાલત તો, પોતાને અહીં એક પણ છોકરી પસંદ નથી આવતી એવું બહાનું કાઢીને કે પોતાનું માથું દુઃખે છે કે એવું જ કંઈક બીજું બહાનું કાઢીને પોતે ત્યાંથી ચાલ્યો ગયો હોત; પણ તેને ખાત્રી હતી કે કોલ્યા તેને ત્યાંથી જવા નહિ દે; અને મૂળ વાત તો એમ હતી કે તેમનામાં સ્વતંત્ર રીતે ત્યાંથી ઊઠી, થોડાક પગલાં આગળ વધવાની શક્તિ જ ન હતી. ઉપરાંત, તેને એમ પણ લાગતું હતું કે તેનામાં કોલ્યા સાથે આ પ્રકારની વાતચીત કરવાની પણ શક્તિ ન હતી,

નૃત્ય પૂરું થયું. ટમારા અને કોલ્યા પુનઃ એક સોફા પર જોડાજોડ બેઠાં.

"વાહ! આ બહુ અજબ થવા જેવી વાત છે કે હજી જેનકા આવી નથી?" કોલ્યાએ અધીરાઈથી પૂછ્યું.

ટમારાએ તરત જ વેરકા તરફ દૃષ્ટિ ફેંકી. આ દૃષ્ટિમાં જે પ્રશ્ન હતો તે સામાન્ય માનવીથી ન સમજી શકાય તેવો હતો. જવાબમાં વેરકાએ પોતાની આંખો ઢાળી દીધી. આનો અર્થ એમ હતો કે, "હા, તે હવે ચાલ્યો ગયો છે."

"હું જઈને બોલાવી લાવું છું." ટમારાએ કહ્યું.

"પણુ તમે જેનકા પર આટલા બધા કેમ મરી ફીટા છો ? હેન્રીએટ્ટાએ કહ્યું: "એને બદલે હું આવું."

"વારું, ફરી કોઈ વખત વાત." કોલ્યાએ જવાબ આપ્યો અને ઉદ્વિગ્નતાપૂર્વક સિગારેટ પીવા લાગ્યો.

જેનકાએ હજી કપડાં પણુ નહોતાં પહેર્યાં. તે આયના સમક્ષ બેઠી હતી અને અંગને પાવડર કરતી હતી.

"કેમ શું છે, ટમારા ?" તેણે પૂછ્યું.

"તારો પેલો વિદ્યાર્થી આશક આવ્યો છે. ઘણી વાર થયાં તારી રાહ જોઈ રહ્યો છે."

"અહા, પેલો ગયા વરસવાળો પોરિયો ... આજે વળી તે ક્યાંથી ફૂટી નીકળ્યો ?"

"હશે ... પણુ હવે તો તે એવો ખીલ્યો છે, અને ઊંચો પણુ ... ટૂંકમાં હવે તો તે પૂરો મરદ લાગે છે અને કોઈ પણુ સ્ત્રી તેને જોઈ આનંદ પામે તેવો જણાય છે. તેથી જો તારી ઇચ્છા નહિ હોય તો પછી હું તેને ઉપાડી જઈશ."

ટમારાએ આયના મારફતે જોયું કે આ સાંભળી જેનકાએ ભ્રમરો ચઢાવી હતી.

"ના, જરા ઊભી રહે, ટમારા, હું જ એને મળીશ. એને જ અહીં મોકલ. તેને કહેજે કે મારી તબિયત ઠીક નથી અને માથું દુઃખે છે, એટલે હું બહાર નહોતી આવી."

"અરે, એ તો મેં ક્યારનુંય તેને કહ્યું છે કે ઝોસિયાએ ઓચિંતા બારણું ઉઘાડતાં તને માથામાં વગાડ્યું છે, અને એટલે તું સૂઈ રહી છું. પણુ મારો તો માત્ર એટલો જ સવાલ છે, તને આ ઠીક લાગે છે, જેનકા ?"

"મને આ ઠીક લાગે છે કે નહિ, એ જોવાનું કામ તારું નથી." જેનકાએ અપમાનસૂચક સ્વરે જવાબ આપ્યો.

ટમારાએ જરા બીતાં બીતાં પૂછયું.

" ત્યારે . . . ત્યારે . . . તને જરા પણ દિલગીરી નથી થતી, એમ જ મારે માની લેવું ને ? "

" તું મારે માટે દિલગીર નથી ? " જેનકાએ કહ્યું અને ગળા પર લગાવેલી લાલ પટ્ટી પર હાથ ફેરવ્યો. " તને તારા પોતાના માટે કાંઈ નથી લાગતું ? અને આ ગરીબ ભિચારી, કમનસીબ લ્યુબકા માટે તને કાંઈ લાગણી નથી થતી ? અને પાશકા માટે પણ તને કાંઈ નથી લાગતું ? સાચે જ, તું માનવી નથી પણ મુરબ્બાનો ડબ્બો છું."

જવાબમાં ટમારાએ તોફાની સ્મિત કર્યું અને બોલી:

" ના, એમાં તારી ભૂલ થાય છે. જ્યારે ખરો કટોકટીનો પ્રસંગ આવે છે, ત્યારે હું મુરબ્બાનો ડબ્બો મટી જાઉં છું. કદાચ ટૂંક વખતમાં જ તને એ વાતની પ્રતીતિ થશે. જેનકા, માત્ર વગર મફતનો ઝઘડો ન કરીશ; કારણકે એમાં કાંઈ સાર નથી. ઠીક, હું જઇને તેને હમણાં જ અહીં મોકલું છું."

જેવી ટમારા બહાર ગઈ કે જેનકાએ દીવો ધીમો કર્યો. પોતાનો રાતનો પોશાક પહેર્યો ને બિછાનામાં સૂઈ ગઈ. એક મિનિટ બાદ કોલ્યા અંદર આવ્યો. તેની પાછળ પેટ્રોવનો હાથ પકડીને ખેંચતી ટમારા આવતી હતી. પેટ્રોવ ખેંચતાણ કરતો હતો અને તેણે માથુ નીચું ઢાળી દીધેલું હતું, અને સૌથી પાછળ હતી નાની બાઈ ઝોસિયા.

" હવે સરસ જોડી જામી." ઝોસિયાએ કહ્યું. " જોતાં નજર પણ ઠરે : બે સુંદર યુવાન અને બે ખૂબસૂરત નાઝનીનો,—જાણે આનંદ કરવા નીકળી પડેલી કોઈ ટોળી ! બોલો, યુવાન લોકો, તમારા માટે શું લાવું ! બીર કે દારૂ ? "

કોલ્યાના જીવનમાં આજે જ તેની પાસે વધારેમાં વધારે પૈસા

હતા. તેની પાસે પચીસ રૂબલ હતા એટલે આજે શ્રીમાન દાનેશ્વરી કર્ણ બન્યા હતા. માત્ર પોતે બીજા કરતાં પછાત નથી તે દાખવવા પૂરતો જ તે બીર પીતો, પણ તેનો તુરો સ્વાદ તેને જરા પણ ગમતો નહિ. તેને હંમેશા અજાયબી થતી કે બીજા લોકો શાથી તે પી શકતા હતા. અને તે જ કારણસર નીચલો હોઠ જરા આગળ લાવી કટાણું મોં કરતાં તેણે ફરિયાદ કરી:

"હા, પણ તમારી પાસે તો કચરા જેવો માલ હશે?"

"શું કહ્યું? શું બોલ્યા, મિસ્ટર! અરે, સારા સારા લોકોએ તેને માટે પ્રમાણપત્ર આપેલાં છે.... સ્વાદિષ્ટ કાહોર, ચર્ચ-ટેનેરીફ અને ફ્રેંચ-લાફીટ... પોર્ટવાઈન પણ જોઈતો હશે તો મળશે. છોકરીઓને તો લેમોનેડ સાથે લાફીટ ઘણો જ પસંદ આવે છે."

"અને તે બધાની કિંમત શી છે?"

"શેઠ, પૈસા કરતાં કશાની કિંમત વધારે નથી. દરેક ઊંચા પ્રકારના ગૃહોમાં જે ભાવ હોય છે તે મુજબ લાફીટના શીશાના પાંચ રૂબલ, લેમોનેડના ચાર શીશાના અડધા રૂબલ લેખે થયા બે રૂબલ, એટલે કુલ થયા માત્ર રૂબલ સાત..."

"બસ થયું, ઝોસિયા!" જેનકાએ ઉદાસીન ભાવે બાઈને આગળ ભાષણ કરતાં અટકાવી. "આવા બિચારા વિદ્યાર્થીને છેતરતાં તને શરમ નથી આવતી? પાંચ ઓછા છે? જોતી નથી કે આ લોકો સદ્‌ગૃહસ્થો છે અને બીજા લોકો જેવા..."

પણ કોલ્યા અધીરો બન્યો હતો અને તેણે બેદરકારીથી એક દસ રૂબલની નોટ ટેબલ પર ફગાવી.

"હવે, એ વિષે વધારે વાતો કરવાની જરૂર નથી. જાઓ, જલદી લઈ આવો."

"ઠીક, જ્યારે આપણે પૈસાની જ વાતો કરી છીએ ત્યારે મુલાકાતના પૈસાનો પણ હિસાબ ભેગો જ ગણી લઈએ. બોલો,

સાહેબો, શો વિચાર છે? આખી રાત રહેવા માગો છો કે એક મુલાકાત પૂરતા જ રહેવા માગો છો? તમને ભાવની તો ખબર છે— એક મુલાકાતના બે રૂબલ; આખી રાતના પાંચ રૂબલ."

"ઠીક ઠીક, એક મુલાકાત પૂરતા જ એ રહેવાના છે." જેનકા ગુસ્સામાં આવી વચ્ચે જ બોલી ઊઠી. "એ બાબતમાં તો અમારો વિશ્વાસ રાખ."

દારૂ આવ્યો. ઉપરાંત ટમારાએ પોતાના માટે થોડી મીઠાઈ મંગાવી હતી તે પણ આવી. જેનકાએ નાની સફેદ માન્કાને બોલાવવા દેવાની રજા માગી. જેનકાએ પોતે ન તો દારૂ પીધો, કે ન તો પોતે બિછાનામાંથી બેઠી થઈ અને જો કે ઓરડીમાં તાપ લાગતો હતો છતાં ગરમ શાલ ઓઢી પડી જ રહી. તેણે તો આખોય વખત, હવે સંપૂર્ણ પુરુષત્વને પહોંચેલા, કોલ્યાના રૂપાળા મોંને જોયા કર્યું.

"તને શુ થયું છે, વહાલી?" કોલ્યાએ તેના બિછાના પર બેસતાં અને તેના હાથને પંપાળતાં પૂછ્યું.

"ખાસ કાંઈ નહિ... એમાં મારી જ ભૂલ હતી... જરાક માથું દુઃખે છે..."

"કાંઈ નહિ, એ તો મટી જશે."

"અરે, તમને જોયા ત્યારથી જ મને આરામ થતો હોય એમ લાગવા માંડયું છે. આટલો બધો વખત તમે કયાં ગુમ થઈ ગયા હતા?"

"હું ત્યાં—બહાર છાવણીમાં હતો, એટલે આવવાની રજા મળતી નહોતી. ત્યાંનું જીવન કેવું કઠોર હોય છે એ તો તું જાણે છે... અમારે રોજ વીસ માઈલ ચાલવું પડતું. આખો દિવસ પરેડ, ડ્રીલ ને એવી જ ધમાલમાં જતો—અને તેય શરીર પર અડધા મણના બોજા સાથે. આખા દિવસના અંતે એટલો થાક લાગતો કે સાંજના પગ કહ્યું ન કરતા... અમારે કૃત્રિમ યુદ્ધોમાં પણ ભાગ લેવો પડતો... અરે, ત્યાં કાંઈ મોજમજા કરવાની નહોતી..."

" ગરીબ બિચારા !" ઓચિંતી નાની માન્કાએ બે હાથ જોડતાં કહ્યું. " તે આ તમારા જેવા ગભરુ જવાનોને શા સારુ આટલા બધા સતાવતા હશે ? મારે તો તમારા જેવો ભાઈ કે દીકરો હોય તો તો આવું સાંભળીને મારું હૃદય જ ફાટી જાય. લો, આ તમારી તંદુરસ્તીની યાદગીરીમાં, પ્રિય વિદ્યાર્થી !"

તેઓએ એક બીજાના ગ્લાસ અડકાડ્યા. જેનકા તો પૂર્વવત્ કોલ્યાને નિહાળી રહી હતી.

" અને તું, જેનકા ?" તેણે એક ગ્લાસ તેને ધરતાં પૂછ્યું.

" મને આજે ઇચ્છા નથી." જેનકાએ ઉદાસીન ભાવથી જવાબ આપ્યો. " પણ હવે, તમે છોકરીઓ, દારૂ પીધો ને વાતોય કરી, માટે હવે રવાના થઈ જાઓ !"

" તમે આજે આખી રાત અહીં રહેશો ને ?" જ્યારે બધા રવાના થઈ ગયા ત્યારે જેનકાએ કોલ્યાને પૂછ્યું: " ડરશો નહિ, પ્રિયતમ ! જો તમારી પાસે પૂરતા પૈસા નહિ હોય તો ખૂટતા હું આપીશ. જોયું ને, તમે એવા તો રૂપાળા છો, કે મારા જેવી એક જાહેર વારવનિતા પણ તમારી પાછળ પૈસા ખરચવા તૈયાર થાય છે !" કહી તેણે હસવા માડ્યું.

કોલ્યા તેની તરફ ફર્યો: તેણે જોયું કે જેનકાના વદન પર ન તો હતું હાસ્ય, ન હતી કરુણતા કે ન હતી દિલગીરી; પણ ત્યાં કોઈ બીજો જ, કોઈ અનેરો ભાવ હતો.

" નથી રોકાવાય એમ, વહાલી ! મારી તો ઘણીય ઇચ્છા છે કે હું આખી રાત રહી જાઉં, પણ દસ વાગે પાછો ફરીશ એમ ઘેર વચન આપીને નીકળ્યો છું."

" એમાં શું, વહાલા, થોડો સમય વધારે રાહ જોશે : હવે તમે ક્યાં નાના બાળક છો, કે પછી તમારે હજી કોઈની તાબેદારીમાં

રહેવું પડે ?...પણ પછી જેવી તમારી ઇચ્છા. દીવો છે એમ ને એમ રહેવા દઉં કે સાવ હોલવી નાખું ?"

"જેમ તને ગમે તેમ !" તેણે જરાક ધ્રૂજતા અવાજે જવાબ આપ્યો અને જેનકાના ઉષ્ણ ને લુખ્ખા બદનને આલિંગન કરી તેણે ચુંબન માટે હોઠ આગળ ધર્યાં. જેનકાએ તેને જરાક પાછો ઠેલ્યો.

"એમ ઉતાવળા ન થાઓ—જરાક થોભો—મારા પ્રિયતમ ! આપણે ધરાઈને ચુંબનો કરીએ તે માટે હજી આપણી પાસે પુષ્કળ સમય છે. જુઓ હવે થોડી વાર ચુપચાપ સુઈ રહો...હાં...એજ પ્રમાણે...ચુપચાપ...જરાય હાલ્યા વગર..."

આ શાંત અને સત્તાદર્શક શબ્દોએ કોલ્યા પર હિપ્નોટીઝમ જેવી અસર કરી. તેણે તેના શબ્દો માન્ય કર્યા અને માથા નીચે હાથ રાખી ચુપચાપ ચતો સૂઈ રહ્યો. તે જરાક ઊંચી થઈ, કોણી પર માથું ટેકવ્યું ને પછી તે આછા પ્રકાશમાં બિછાના પર પડેલા આ પુરુષના એકેએક અંગને જોઈ રહી. અહા ! કેટલું સ્વચ્છ, સફેદ, મજબૂત, સ્નાયુબદ્ધ ! પાંસળીઓ કેટલી મજબૂત હતી ! જેનકા અતૃપ્ત નયને કોઈ અગમ્ય ભાવથી કોલ્યાના બદનને જોઈ રહી.

કોલ્યા ક્ષણભર આંખો મીંચી ગયો. તેને લાગ્યું કે તેના મુખ પર, તેના આખાય બદન પર આ એકસરખો દૃષ્ટિપાત, કે જે જાણે કે તેના મુખને અડકતો ને ગલગલિયાં ઉત્પન્ન કરતો હોય, તેવો લાગતો હતો.

તેણે આંખો ખોલીને જોયું તો તે જ સ્ત્રીની વિશાળ, કાળી, ગૂઢ બે આંખો તેની ઘણી જ નજદીક હતી. અત્યારે આ સ્ત્રી સાવ જુદી જ ભાસતી હતી.

"તું શું જુએ છે, જેનકા ?" તેણે સ્વસ્થતાપૂર્વક પૂછ્યું. "તું શાનો વિચાર કરે છે ?"

"પ્રિય યુવાન!...તારું નામ કોલ્યા છે, નહિ વારુ?"

"હા!"

"ગુસ્સે ન થઈશ, કોલ્યા. પણ મારી એક વિચિત્ર ઇચ્છા છે તે આજે પુરી પાડજે: તું પુનઃ આંખો બંધ કરી દે...ના હજી જોરથી, જોરથી...હું દીવો બરોબર કરી તને ધરાઈ ધરાઈને નિહાળવા માગું છું...હાં, બસ એમ...તું જાણે કે હવે તું કેટલો ખૂબસૂરત લાગે છે..હા, અત્યારે...આ પળે. પછીથી તારું બદન કઠોર થઈ જશે અને તેમાંથી બકરા જેવી વાસ આવવા માંડશે; પણ અત્યારે તો તારા બદનમાંથી રૂંવાટી અને દૂધની સુવાસ આવે છે...અને થોડીક કોઈ જંગલી પુષ્પની—પણ બંધ કરી દે...તારી આંખો બંધ કરી દે!"

તેણે દીવાને વધુ સતેજ કર્યો. પાછી ફરીને તેની હંમેશની ટેવ મુજબ બિછાના પર પલોંઠી વાળી બેઠી. બન્નેમાંથી એક પણ કાંઈ બોલતું ન હતું. દૂર દૂર કેટલીય ઓરડીઓમાંથી એક ભાંગેલા પણ ભવ્ય પિયાનાના ત્રુટક ત્રુટક સ્વર અને વચ્ચે વચ્ચે કોઈનું અટ્ટહાસ્ય આવી કર્ણપટ પર અથડાતાં હતાં, જ્યારે બીજી બાજુએથી એક ગાયન તથા વચ્ચે વચ્ચે અસંબદ્ધ વાતચીતના ત્રુટક ત્રુટક વાક્યો કાને પડતાં હતાં. વાતચીત શા વિષય પર થતી હતી તે સમજી નહોતું શકાતું. દૂર દૂર કોઈ આઘેની શેરીમાંથી પસાર થતી ઘોડાગાડીના ખડખડાટનો અવાજ પણ આવી જતો હતો.

"અને હવે જે રીતે મેં બીજા અનેકને મારો ચેપી રોગ આપ્યો છે તેમ આ વિદ્યાર્થીને પણ આપીશ." પૂર્વવત્ કોલ્યાના એક એક અંગ પર દૃષ્ટિપાત કરતી જેનકા વિચારતી હતી. "પણ મને તેને માટે આટલી બધી લાગણી કેમ થઈ આવે છે? કે પછી તે આટલો બધો ખૂબસૂરત છે તેથી એમ થાય છે? નહિ. મારામાં એવી વૃત્તિઓનો ક્યારનો નાશ થઈ ચૂક્યો છે, કે પછી તે હજી

માત્ર કાચી વયનો યુવાન છે તેથી? કેમ નહિ, હજી આગલે જ વર્ષે જ્યારે રાતના તે મારાથી છૂટો પડતો ત્યારે હું તેના ખીસામાં સફરજન ભરી દેતી. તો પછી જે વાત જાહેર કરવાની હું આજે હિંમત કરી શકું છું, તે જ વાત મેં તેને ત્યારે જ કેમ નહોતી કરી કે પછી મેં વાત કરી હોત છતાં તેણે તે માની જ ન હોત? તે ગુસ્સે થયો હોત? તે બીજી કને ગયો હોત? પણ વહેલો કે મોડો દરેક પુરુષને માટે આ વારો તો આવે છે જ . . . અને તેણે મને પૈસાથી ખરીદી છે . . . એ વાત કેમ ભૂલી જવાય? કે પછી બીજા જેમ આંધળા બની ઝંપલાવે છે તેમ એણે પણ ઝંપલાવ્યું છે . . . ?"

"કોલ્યા," તેણે શાંતિથી કહ્યું: "હવે આંખો ખોલ!"

તેણે હુકમ માથે ચઢાવ્યો, આંખો ઉઘાડી અને તેના તરફ ફર્યો. તેના ગળામાં પોતાનો હાથ ભેરવ્યો, જરા પોતાની નજદીક ખેંચી અને તેમ કરી તેણે તેના સ્તનપ્રદેશ પર ચુંબન લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ફરીથી જેનકાએ મૃદુતાથી પણ સત્તાદર્શક રીતે તેને તેમ કરતાં વાર્યો.

"નહિ, જરા થોભ. હજી જરા થોભ. હું જે કહું તે સાંભળી લે . . . એક પળ, કહે, છોકરા, તું અહીં અમારી પાસે—સ્ત્રીઓ પાસે શા માટે આવે છે?"

જવાબમાં કોલ્યાએ કાંઈ પણ બોલ્યા વગર તેના કર્કશ અવાજે હસવા માંડ્યું.

"તું કેવી મૂર્ખ છે! કેમ, વળી બધા શા માટે આવે છે? શું હું પણ એક પુરુષ નથી? કારણકે, મને લાગે છે કે હું એવી ઉમ્મરે આવી પહોંચ્યો છું કે જ્યારે દરેક પુરુષમાં સ્ત્રીની જરૂરિયાત ઉત્પન્ન થાય છે; કારણકે મને બીજી માથાફોડ ગમતી નથી તેથી!"

"જરૂરિયાત! માત્ર જરૂરિયાત! જેમ મારા બિછાના નીચે પડેલી વસ્તુની મને જરૂરિયાત પડે છે તેવી રીતે?"

"ના, તેમ નહિ!" કોલ્યાએ માયાળુ સ્મિત કરતાં કટાક્ષપૂર્વક કહ્યું. "મને તારા પ્રત્યે ખાસ આકર્ષણ છે .... પહેલે જ દિવસથી ... જો તું માની શકતી હોય તો ... હું તને થોડેક અંશે ચાહું પણ છું ... અને એટલું તો ખાતરીપૂર્વક જણાવીશ કે હજી સુધી હું બીજી કોઈ સ્ત્રીના સંસર્ગમાં આવ્યો નથી."

"હશે! પણ જ્યારે તું પહેલવહેલો અહીં આવ્યો ત્યારે તને સ્ત્રીની જરૂરિયાત હતી તેથી આવ્યો હતો?"

"ના, તે વખતે તો કદાચ જરૂરિયાત નહિ હોય ... પણ કંઈક અંશે સ્ત્રીના સહવાસની ઇચ્છા તો ખરી જ! ... મારા મિત્રોએ મારામાં એ ઇચ્છા જાગૃત કરી હતી ... મારા પહેલાં ઘણા અહીં આવી ચૂકયા હતા ... એટલે પછી હું પણ આવ્યો..."

"પણ ત્યારે, તને પહેલી વખતે અહીં આવતાં શરમ નહોતી આવી?"

કોલ્યા શું જવાબ આપવો તેની ગૂંચવણમાં પડયો. આ બધી પ્રશ્નાવલી તેને ગમતી ન હતી: તેને તે ત્રાસદાયક જણાતી હતી. તેને લાગ્યું કે તેના ટૂંક સમયના અનુભવ દરમ્યાન તે જે અર્થહીન ને નકામી વાતચીત સાંભળતો હતો, તેવી અર્થહીન એ વાતચીત નહોતી, પણ તેની પાછળ મહત્ત્વ હતું—કાંઈક ગૂઢ રહસ્ય રહેલું હતું.

"ઠીક ... શરમ આવી હતી તેમ તો ન કહેવાય ... પણ કાંઈક મૂઝવણ જેવું લાગેલું; તેથી તો હિંમત આવે તે માટે મેં થોડોક દારૂ પીધેલો!"

જેનકા પુનઃ તેના પડખામાં સૂઈ રહી અને કોણી ટેકવી તેના તરફ એકીટસે જોઈ રહી.

"પણ મને કહે." તે એટલા ધીમા સ્વરે બોલતી હતી કે મહામહેનતે કોલ્યા સમજી શકયો કે તે શું બોલતી હતી. "કહે,

મારા એક બીજા પ્રશ્નનો જવાબ આપ. તમે બધા અહીં આવી પૈસા આપી અમને ખરીદો છો—માત્ર બે રૂબલમાં—તમારા ગંદા બે રૂબલમાં—કે જેના બદલમાં તમે એમ ઇચ્છો છો કે અમે તમારી સાથે પ્રણય કરીએ—તમારા તરફ લાડ બતાવીએ—ચુંબન લઈએ—આખું શરીર સમર્પણ કરીએ. તને તે માટે શરમ નથી આવતી ?"

"ઓ ભગવાન ! આજે તું કેવા વિચિત્ર પ્રશ્નો કરે છે ! પણ એ તો બધાય પૈસા આપે છે ! જો હું ન હોત તો બીજા કોઈ આવ્યા હોત અને તેણે પણ પૈસા આપ્યા હોત—તારે માટે તો એ બધુંય સરખું હતું, નહિ વારુ ?"

"અને તું કદાપિ કોઈના પ્રેમમાં પડયો છું, કોલ્યા ? સાચું કહેજે—તને મારા સોગંદ છે. સાચેસાચ પ્રેમમાં, નહિ તો. . . કંઈક એવું જ . . . સાચું કહેજે . . . તેં કદાપિ પ્રણયચેષ્ટા કરી છે. . . કોઈ નાજનીન માટે પુષ્પો ખરીદ્યાં છે . . . શુભ્ર ચાંદનીમાં તેની સાથે હાથમાં હાથ રાખી ફર્યો છું . . . એવું જ હતું ને ?"

"હું. . . . . હા," કોલ્યાએ જરાક ગંભીર સ્વરે જવાબ આપ્યો. "જુવાનીમાં કોણ જખ નથી મારતું ? એ તો કોઈ પણ સહેજે સમજી શકે તેવી વાત છે !"

"કોઈ નજીકની સગી ? ભણેલી યુવાન બાળા ? નિશાળમાં ભણતી કન્યા ? કે વિશ્વવિદ્યાલયમાં ભણતી કુમારિકા ?. . . કોક હતી તો ખરી, નહિ વારુ ?"

"હા . . . હતી, બધાયને એવી કોક ને કોક હોય છે જ !"

"તો પછી, તેં તેને સ્પર્શ પણ કર્યો નહિ હોય, સાચું કહેજે ! . . . તેને સલામત જવા દીધી હશે ? . . . અને જો તેણે તને માત્ર એમ જ કહ્યું હોત : 'મારો ચાહે તેટલો ઉપભોગ કરજો, પણ મને માત્ર બે રૂબલ આપજો,' તો તેં તેને શું કહ્યું હોત ?"

"આજે તું આટલું બધું શું બકે છે, જેનકા!" કોલ્યાએ ઓચિંતા ગુસ્સે થતાં કહ્યું. "આજે તેં આ શો વેશ આદર્યો છે? તેં આજે શો દાવ રમવા ધાર્યો છે? હું સાચું કહું છું કે હવે હું તો કપડાં પહેરી મારા માર્ગે પડી જઈશ."

"થોભ, થોભ, કોલ્યા! હવે માત્ર એક જ, એક જ અને છેલ્લો સવાલ!"

"હજી શું બાકી છે?" કોલ્યાએ કટાણું મુખ કરતાં કહ્યું.

"અને તને એવી કદાપિ પણ કલ્પના નહોતી આવી કે... ભલે, આજે એવી કલ્પના કર... એક પળ માટે જ... કે અણચિંતવ્યું તારું કુટુંબ ગરીબ થઈ ગયું—સંપત્તિનો નાશ થઈ ગયો. તારે માત્ર નકલો કરી તે પર પેટ ભરવાનો વખત આવ્યો અથવા તો એમ સમજ કે સુતાર કે લુહારનું કામ કરીને! અને તારી બહેન, અમારી જેમ, આડે માર્ગે ચડી... હા, હા... તારી ...તારી પોતાની સગી બહેન... કોઈ નરાધમના પંજામાં સપડાઈ ને તેના શિયળનો ભંગ થયો અને પરિણામે તેને આ માર્ગ લેવો પડ્યો... તો તે વખતે તેં શું કહ્યું હોત?..."

"છટ્!... એવું બનવું જ અસંભવિત છે..." કોલ્યાએ તેને વચમાં જ અટકાવી. "પણ, હવે બસ છે. હું જાઉં છું."

"ચાલ્યો જા, એટલો મારા પર ઉપકાર થશે. મારી પાસે દસ રૂબલ છે—ટેબલ પર પેલી ડબીમાં છે, તે પણ લેતો જા. મારે હવે તેની જરૂર નથી. તેમાંથી તારી માતા માટે હાથીદાંતની સોનેરી અક્ષરોવાળી ડબ્બી ખરીદજે: અને જો તારે એકાદ નાની બહેન હોય તો તેને માટે એક મોટી ઢીંગલી પણ ખરીદજે! એમ સમજજે કે એક વારવનિતા તરફથી એ ભેટ છે; જે આજે આ જગત પર હયાતીમાં નથી. જા, બાળારાજા!"

કોલ્યા ગુસ્સામાં આવી, ભમરો ચડાવી, એક કૂદકે બિછાનામાંથી

નીચે આવ્યો. અત્યારે તે સંપૂર્ણ ખુલ્લે બદને, તેના સ્નાયુબદ્ધ મજબૂત યુવાન શરીરને ખુલ્લી રીતે દેખાડતો બિછાના પાસેની સાદડી પર ઊભો હતો.

"કોલ્યા!" જેનકાએ તેને બોલાવ્યો. તેના બોલવામાં સ્વસ્થતા અને અનુકંપા હતાં. "કોલ્યેચકા!"

કોલ્યાએ જેનકા તરફ જોયું અને જે દૃશ્ય તેના જોવામાં આવ્યું તે જોઈ ક્ષણભર તે દિગ્મૂઢ જેવો થઈ ગયો. આંસુ વહાવતી જેનકાના મુખ પર ને નયનોમાં સ્ત્રીસુલભ દયાર્દ્રતા, વેદના અને મૂંગા ઠપકાનું જે દૃશ્ય તેના જોવામાં આવ્યું, તેવું તેણે જીવનમાં કદાપિ કોઈ પણ સ્થાને—ચિત્રોમાં પણ નહોતું જોયું. તે બિછાનાની કોર પર બેઠો અને જોરથી તેને પોતાની ભુજલતામાં સમાવી એક ગાઢ આલિંગન લીધું.

"તો હવે નકામી માથાફોડ ન કરાવીશ, જેનકા!" તેણે પ્રેમાળ સ્વરે કહ્યું.

અને જવાબમાં તે પણ જાણે તેનામાં સમાઈ જવા મથતી હોય તેમ તેના ગળામાં હાથ નાખી, માથું છાતી પર રાખી, જોરથી વળગી પડી. કેટલીક પળ સુધી બન્ને કાંઈ પણ બોલ્યાચાલ્યા વગર ચુપચાપ બેસી રહ્યાં.

"કોલ્યા!" જેનીએ લુખ્ખા અવાજે ઓચિંતા પૂછ્યું. "પણ તને ચેપી રોગ લાગવાનો કદાપિ પણ ભય નહોતો લાગ્યો?"

આ પ્રશ્ન સાંભળી કોલ્યા ધ્રૂજી ઊઠયો. ભયની એક ઊંડી કંપારી તેના શરીરને વીંધી ઠેઠ તેના હૃદયના ઊંડાણને પણ જગાડી આવી. તેણે તેનો તત્કાળ જવાબ ન આપ્યો.

"અલબત્ત, જો તેમ બન્યું હોત તો, તો મહાભયંકર . . . મારી મહાભયંકર દશા થઈ હોત . . . પ્રભુ બચાવે! પણ હું તો માત્ર તારી જ પાસે આવું છું, તારા સિવાય કોઈની પાસે જતો નથી;

અને તેવું કાંઈ હોત તો તેં મને જરૂર વાકેફ કર્યો હોત!"

"હા, મેં તને જણાવ્યું હોત." જેનકાએ ઊંડા વિચાર-સાગરમાં ડૂબી જતાં જવાબ આપ્યો. તે હવે જાણે કે અતિ મહત્ત્વના અને તોળી તોળીને શબ્દો બોલતી હોય તેમ કહેવા લાગીઃ "હા, જરૂર, જરૂર, મેં તને જણાવ્યું હોત! પણ તેં કદાપિ આ ચાંદીના રોગ વિષે નથી સાંભળ્યું?"

"અલબત્ત, તે રોગ વિષે સાંભળ્યું છે! . . . કહે છે કે તેમાં નાક સડી જાય છે. . . ."

"ના, કોલ્યા, માત્ર નાક સડચે જ આરો આવતો નથી! માનવીનું આખુ અંગ રોગિષ્ઠ થઈ જાય છે. તેનાં હાડકાં, નસો, મગજ બધું રોગિષ્ઠ થઈ જાય છે . . . . કેટલાક ડોકટરો એવાં બણગાં ફૂંકે છે કે આ રોગમાંથી મુક્ત થઈ શકાય છે! સાવ જૂઠી વાત! તેમાંથી કદાપિ પણ મુક્ત થવાતું નથી! તેમાં તો માનવી દસ, વીસ કે ત્રીસ વર્ષ સુધી સડચા જ કરે છે! કોઈ પણ પળે તેને પક્ષાઘાત થઈ તેનું જમણું અંગ, જમણો પગ કે જમણો હાથ નિશ્ચેતન થઈ જાય છે. ટૂંકમાં એ કોઈ સંપૂર્ણ જીવંત માનવી નથી હોતો, પણ અર્ધજીવંત માનવી હોય છેઃ અર્ધો માનવી, અર્ધું શબ! તેમાંના મોટા ભાગનું તો મગજ ખસી જાય છે, અને દરેક એ જાણતું હોય છે . . . એકેએક વ્યક્તિ . . . આવા રોગથી પીડાતું દરેક માનવી જાણતું હોય છે કે તેની સાથે બેસવાથી, ખાવાથી, પીવાથી કે ચુંબનોથી—અરે, તેના માત્ર શ્વાસોચ્છ્વાસથી—તે કોઈકને પણ—તેનાં પ્રિયજનને—બહેન, પત્ની, પુત્રને—આ રોગનો ભોગ બનાવી રહ્યું છે . . . આવા રોગવાળાનાં બાળકો વિચિત્ર, અધૂરા માસે જન્મનારાં, ક્ષયરોગી, મૂર્ખ કે એવાં રોગિષ્ઠ જ જન્મે છે. કોલ્યા, પ્યારા, હવે સમજી શકીશ કે આ રોગ કેટલો ભયાનક છે! અને હવે—" જેનકા ઓચિંતી ટટ્ટાર થઈ, કોલ્યાને તેના બે ખુલ્લા ખભાથી પક-

ડયો અને તેનું મુખ પોતાના તરફ એવી ઝડપથી ફેરવ્યું કે તે જેનકાની આંખોનાં વેદનામય, ગંભીર અને અદ્ભુત તેજને સહન ન કરી શકયો. ક્ષણભર તેણે આંખો મીંચી દીધી. . . . "અને હવે કોલ્યા, સાંભળ કે આજે મહિનો થયાં આ ભયાનક રોગની હું ભોગ થઈ પડેલી છું. અને તે જ કારણસર મેં તને ચુંબન લેતાં અટકાવ્યો હતો. . . ."

"તું તો મશ્કરી કરે છે . . . તું જાણી જોઈને મને ચીડવે છે, જેની!" કોલ્યાએ કહ્યું. તેના અવાજમાં ગુસ્સો, ગભરાટ અને ભય હતાં.

"મશ્કરી? . . . અહીં આવ!"

તેણે તેને પરાણે ઊભો કર્યો, દીવાસળી સળગાવી અને કહ્યું:

"હવે હું જે કાંઈ બતાવું તે બરાબર ધ્યાનપૂર્વક જો!" તેણે મોઢું પહોળું કર્યું અને દીવાસળી અંદર એવી રીતે ધરી કે જેથી ગળાની ઘાંટી બરાબર જોઈ શકાય. કોલ્યાએ અંદરનું દૃશ્ય જોયું અને તે બે ડગલાં પાછો હઠી ગયો.

"તેં અંદરના સફેદ ચાંદા જોયાં? એ એ જ ચાંદી, કોલ્યા! સમજ્યો—અત્યારે એ રોગે મારો સંપૂર્ણપણે કબજો લીધેલો છે. હવે કપડાં પહેરી લે અને પ્રભુનો આભાર માન."

કોલ્યાએ ચુપચાપ અને જેની તરફ જોયા વગર, એટલી ઝડપથી કપડાં પહેરવા માંડયાં કે પાટલૂનમાં પગ પણ બરોબર જઈ નહોતા શકતા. તેના હાથ ધ્રૂજતા હતા અને મોં પણ એટલું બધું ધ્રૂજતું હતું કે દાંતના કચકચાટનો અવાજ સ્પષ્ટ રીતે સંભળાતો હતો. જેનકા નીચું મુખ રાખી બોલતી હતી:

"સાંભળ કોલ્યા, તારું સદ્ભાગ્ય છે કે તને એક પ્રમાણિક સ્ત્રી મળી છે. બીજી કોઈ હોત તો તું ન બચી શકત, સાંભળ્યું ને? અમને—જેમનું શિયળ લૂંટયા પછી તમે હાંકી કાઢો છો અને

પછી દર મુલાકાતના બે રૂબલ આપો છો—સમજ્યો ?" તેણે ઓચિંતું માથું ઊંચું કર્યું. "તે અમે તમને હમેશાં ધિક્કારીએ છીએ અને તમારા લોકો માટે અમારા દિલમાં જરા પણ દયા હોતી નથી."

કપડાં પહેરતાં પહેરતાં કોલ્યા અટકી ગયો અને પછી જેનકા નજીક જઈ તેની બાજુમાં પથારી પર બેઠો અને હાથ વડે મુખ ઢાંકી નાના બાળકની જેમ ડૂસકે ડૂસકે રડવા લાગ્યો......

"ભલા ભગવાન!" તે ગણગણ્યો. "તું કહે છે એ સર્વથા સત્ય છે... અને આ કેટલી ભયંકર વસ્તુ છે!.. અમારામાં પણ આવું બને છે... અમારે ત્યાં પણ એક ન્યુશા નામની દાસી હતી... દાસી... અમે એને મજાકમાં એનીટા કહીને બોલાવતા. એ સુંદર કન્યા હતી. મારા મોટા ભાઈએ એને ફસાવી હતી... એ પણ અમલદાર હતો... અને જ્યારે તે ચાલ્યો ગયો ત્યારે તે સગર્ભા હતી, એટલે મારી માતાએ તેને હાંકી કાઢી.... સાચે જ હાંકી કાઢી.... જેમ કોઈ ઢોરને હાંકી કાઢે તેમ!... કોણ જાણે આજે ક્યાંય હશે? અને પિતાજી... પિતાજી... તે પણ એક બીજી દાસી સાથે..."

અને આ અર્ધનગ્ન જેનકા—આ જેનકા—જે ઈશ્વરને માનતી નહોતી અને હંમેશાં સોગંદ ખાતી, તેમ જ બૂમબરાડા પાડતી, તે એકદમ ઊઠી, વિદ્યાર્થી સમક્ષ ઊભી રહી અને ધીમેથી તથા સંપૂર્ણ ગંભીરતાથી તેણે તેના પર વધસ્થંભની સંજ્ઞા કરી.

"પ્રભુ તને સલામત રાખે, મારા ભાઈ!" તેણે આભાર અને મમતાભર્યાં શબ્દો ઉચ્ચાર્યાં.

અને તે એકદમ બારણા નજીક ગઈ; બારણું ઉઘાડી તેણે બૂમ પાડી: "બાઈ!"

"શું કહે છે બહેન, બાઈ!" જેનકાએ જણાવ્યું. "જરા

જા અને જો તો ટમારા કે નાની માન્કા બેમાંથી કોઈ નવરી છે? જે નવરી હોય તેને અહીં મોકલજે."

પાછળથી કોલ્યા કંઈક ગણગણ્યો, પણ જેનકાએ જાણી જોઈને તેના શબ્દો પ્રત્યે ધ્યાન ન આપ્યું.

"જા, જઈને જલદીથી ખબર કાઢી લાવ તો, મારી બહેન!"

"અરે, આ ચાલી!"

"અરે, પણ આમ તું શા માટે કરે છે, જેની?" કોલ્યાએ વેદનાભર્યા સ્વરે પૂછયું. "એનું અહીં શું કામ છે?... શું તું તેમને મારી વાત જાહેર કરવા માગે છે?"

"જરા થોભ? અને જોયા કર... જરા થોભ, તને નુકસાન થાય એવું હું કાંઈ નહિ કરું."

થોડી વાર પછી એક શાળાએ જતી કન્યાના પોશાકમાં નાની માન્કા ત્યાં દાખલ થઈ.

"મને શા માટે બોલાવી, જેની? તમે લડયાં છો કે શું?"

"ના, અમે લડયાં નથી, માન્કા! પણ મારું માથું બહુ દુઃખે છે." જેનકાએ શાન્તિપૂર્વક જવાબ આપ્યો. "અને એ જ કારણસર આજે મારા મહેમાનને અહીં ગોઠતું નથી. જાને બહેન, જરા એની આગતાસ્વાગતા કર!"

"બસ થયું, જેની, બસ કર!" કોલ્યાએ સંપૂર્ણ વેદનાભર્યા સ્વરે કહ્યું. "હું બધું સમજું છું. બધુંય... હવે એની જરૂર નથી... હવે એટલે જ અટક!"

"અલ્યા, તમારા બન્ને વચ્ચે શું થયું છે તે કાંઈ સમજાતું નથી." માન્કાએ બે હાથ પહોળા કરી મશ્કરીના ભાવથી કહ્યું. "બે હવે કાંઈ પાવું કરવું છે કે નહિ?"

"પહેલાં તારી ઓરડીમાં તેને લઈ જા!" જેનકાએ તેને વિદાય કરતાં કહ્યું. "હું પણ પાછળ આવું છું. આજે અમે એક શરત બકી છે."

બન્નેએ કપડાં પહેરી લીધાં હતાં. કંઈ વાર સુધી બન્ને શયન-ગૃહનાં ખુલ્લાં દ્વાર અને પરસાળ વચ્ચે ચુપચાપ ઊભાં રહ્યાં. કોલ્યા જોઈ શક્યો કે અત્યારે જેનીના હૃદયમાં એવું તોફાન મચી રહ્યું હતું કે જે સારાય જીવનમાં નવો જ પલટો આણી દે છે.

પછી તેણે જેનીનો હાથ જોરથી દબાવ્યો અને કહ્યું: "ક્ષમા કરજે!... કહે, મને ક્ષમા કરીશ ને, જેનકા?"

"હા, મારા વીર ... તને ક્ષમા છે ..."

તેણે માતાના વાત્સલ્યથી કોલ્યાના માથે હાથ ફેરવ્યો અને પછી હળવેથી ધક્કો મારી તેને આગળ ધકેલ્યો.

"હવે તું ક્યાં જવાનો?" કોલ્યાને જતો જોઈ તેણે પૂછ્યું.

"મારા મિત્રને સાથે લઈ સીધો ઘેર જઈશ."

"જેવી તારી ઇચ્છા!... માફ કરજે!..." પુનઃ એક વાર કોલ્યાએ હાથ લાંબા કરી તેની ક્ષમા માગી.

"મેં તો ક્યારનીય માફી આપી છે, મારા વીરા! ..અને તું પણ મને ક્ષમા આપજે... કારણકે હવે આપણે પુનઃ નહિ મળી શકીએ!"

અને બારણું બંધ થતાં તે એકલી પડી.

બહાર પરસાળમાં આવતાં કોલ્યા મૂંઝાવા લાગ્યો, કારણકે તેને ખબર ન હતી કે ટમારા પેટ્રોવને લઈને કઈ ઓરડીમાં ગઈ હતી, પણ તેવામાં ઝોસિયા ત્યાં થઈને દોડતી જતી હતી, તેને તેણે પૂછ્યું:

"અરે, હમણાં મને બતાવવા આવવાની ફુરસદ નથી." તેણે કોલ્યાના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું. "ડાબી બાજુએ ત્રીજી ઓરડી!"

કોલ્યા જણાવેલી ઓરડીએ પહોંચ્યો અને બારણું ઠોક્યું. જવાબમાં અંદરથી ઝીણો ગણગણાટ ને હલનચલન સંભળાયાં. તેણે પુનઃ બારણું ઠોક્યું.

"કરકીવસ! બોલ, એ તો હું સોલિટેરોવ!"

વિદ્યાર્થીઓમાં અંદર અંદર આવા છૂપા નામે બોલાવવાનો રિવાજ હતો. આમાં પોતાનો અમલદાર ઓચિંતો આવી પહોંચતાં પોતાને શરમાવું પડે કે કોઈ જગ્યાએ તોફાન થયું હોય તો પોતાનાથી બચી જવાય એવો કોઈ હેતુ ન હતો, પણ માત્ર વિનોદનો જ હેતુ હતો. વારંવાર ડીટેકટીવ નવલકથાઓ વાંચવાનું આ પરિણામ હતું.

"હમણા તમારાથી અંદર નહિ અવાય!" અંદરથી ટમારાનો અવાજ સંભળાયો. "અમે કામમાં છીએ!"

પણ ત્યાં તો પેટ્રોવનો ટમારાને આગળ બોલતાં અટકાવતો કર્કશ સ્વર સંભળાયો:

"નોનસેન્સ? એ તો જૂઠું બોલે છે! અંદર આવ, કાંઈ વાંધો નથી."

કોલ્યાએ બારણું ખોલ્યું.

પેટ્રોવ કપડાં પહેરી એક ખુરશી પર બેઠો હતો અને તેનો ચહેરો ગંભીર તથા લાલ લાલ થઈ ગયેલો હતો. તે બાળકની માફક હોઠ ચાટતો હતો અને નયનો નીચાં ઢાળી બેઠો હતો.

"વાહ! આવો તે મિત્ર ક્યાંથી પકડી લાવ્યા છો?" ટમારાએ કટાક્ષમાં અને મશ્કરીમાં કહેવા માંડયું. "હું તો ધારતી હતી કે એ તો કોઈ અધીરો મરદ હશે પણ એને બદલે આ તો સાવ નાદાન કન્યા જેવો નીકળ્યો. બિચારો બ્રહ્મચર્યનો ભંગ થવા માટે શોક કરે છે. સાચે જ, આવો અણમૂલો મિત્ર ક્યાંથી શોધી કાઢયો? પણ લે, લે આ તારા બે રૂબલ પાછા!" તેણે એકદમ પેટ્રોવ તરફ ફરી બરાડા પાડવા માંડયા અને ટેબલ પર બે રૂબલ ફેંકયા. "લે! કોઈ ગરીબ ચાકરડીને કે મન ફાવે તેને આપજે! નહિ તો જઈને મોજાંની જોડ ખરીદજે!"

"પણ શા સારુ આટલી બધી ગરબડ મચાવે છે?" પેટ્રોવે

આંખો ઊંચી કર્યા વગર ટમારાના શબ્દોનો વિરોધ કરતાં કહ્યું. "હું તો તને કંઈ કહેતો નથી. પછી તું શું કામ આવી ચીસો પાડે છે? મને ફાવે તેમ વર્તવાને હું સ્વતંત્ર છું, પણ મેં તારા સહવાસમાં થોડો સમય ગાળ્યો છે, માટે એ બે રૂબલ તું લઈ લે! હું એ નથી લેવાનો અને કોલ્યા . . . અરે ભૂલ્યો સોલિટેરોવ—મને આ બિલકુલ પસંદ નથી. હું તો ધારતો હતો કે આ કોઈ સભ્ય છોકરી હશે પણ તે તો બધોય વખત મને ચુંબનો કરતી અને પ્રભુ જાણે, શું શું નહોતી કરતી . . ."

ક્રોધાયમાન હોવા છતાં ટમારા ખડખડાટ હસી પડી.

"મૂર્ખ! અક્કલહીન! ઠીક, નકામો ગુસ્સે ન થઈશ. હું પૈસા લઉં છું. માત્ર આટલું ધ્યાનમાં રાખજે કે આજે રાતે જ તું શોક કરતો હોઈશ, રડતો હોઈશ. ચાલ, હવે ગુસ્સે ન થઈશ. લાવ આપણે હસ્તધૂનન કરીએ!"

"ચાલ, ફરકીવસ!" કોલ્યાએ કહ્યું. "સાહેબજી, ટમારા!"

વારવનિતાઓની ટેવ મુજબ ટમારાએ પૈસા પગનાં મોજાંમાં મૂક્યા અને બન્ને વિદ્યાર્થીઓને માર્ગ બતાવવા તે આગળ વધી.

જે વખતે તેઓ પરસાળમાં થઈને પસાર થતા હતા ત્યારે કોલ્યાને દીવાનખાનામાં ચાલતી વિચિત્ર, શાંત પણ ગંભીર ધાંધલથી આશ્ચર્ય ઊપજ્યું. ત્યાંથી પગરવનો ઘોંઘાટ અને ધીમે સ્વરે થતી વાતચીતના અવાજ આવતા હતા.

જ્યાં તેઓ થોડી વાર પહેલાં બેઠા હતા, ત્યાં એ ચિત્ર નીચે આના મારકોવનાના ઘરનાં સર્વ માણસો તથા બીજાં કેટલાક બહારથી આવેલાં માણસો એકઠાં થયાં હતાં. તેઓ બધાં કુંડાળું વળી ઊભાં હતાં અને વાંકા વળીને કાંઈક જોતાં હતાં. કોલ્યાને આ બધું શું હતું તે જોવાની ઉત્કંઠા થઈ આવી અને તેથી ટોળામાં માર્ગ કરી તે આગળ વધ્યો અને ઊંચો થઈ જોવા લાગ્યો. ત્યાં જમીન

પર શેલીપોલી નિશ્ચેતન બની ઢળેલો હતો. તેનું મુખ શ્યામ બની ગયું હતું, તેના પગ વાંકા વળી ગયેલા હતા, એક હાથ છાતી પર અને બીજો હાથ જમીન પર પથરાયેલો પડ્યો હતો.

"એને શું થયું છે?" કોલ્યાએ જરા ગભરાટ દાખવતાં પૂછ્યું.

ન્યુરકાએ જવાબ આપ્યો. "શેલીપોલી હમણાં જ અહીં આવ્યો . . . માન્કાને મીઠાઈ આપી . . . પછી આર્થેનિયન ઉખાણાં સંભળાવતો હતો . . . ઓચિંતા તેણે ખડખડાટ હસવા માંડ્યું . . . ત્યાં જોરથી ઉધરસ આવી અને પછી ધડાક કરતો જમીન પર ઢળી પડ્યો . . . બધાએ પોલીસને બોલાવ્યો. પ્રભુ, માણસનાં પાપનો બદલો તેને અહીંનો અહીં જ મળે છે . . . મને તો આ મડદાં જોઈ ત્રાસ વછૂટે છે!"

"થોભ!" કોલ્યાએ તેને આગળ બોલતાં અટકાવી. "એનું કપાળ જોવું જરૂરનું છે—તે કદાચ જીવતો પણ હોય?"

તેણે આગળ વધવા પ્રયત્નો કર્યો પણ ચીપિયાની માફક સામિયનની આંગળીઓએ તેને ખભેથી પાછો ખેંચ્યો.

"એમાં કાંઈ તપાસવાનું નથી." સામિયને સત્તાદર્શક અવાજે હુકમ કર્યો. "ચલાવ, જુવાનો, અહીંથી રવાના થઈ જાઓ! આ સ્થાન તમારા જેવા માટે નથી—હમણાં પોલીસ આવશે ને તમને સાક્ષી તરીકે ઘસડી જશે, એટલે ખલાસ! વાત બધે જાહેર થશે ને લશ્કરીશાળામાંથી પાણીચું મળશે; માટે હજી કોઈ નથી આવ્યું ત્યાંસુધીમાં પસાર થઈ જાઓ!"

તે તેમને આગળ ઓરડા સુધી સાથે લઈ ગયો. તેમના ઓવરકોટ તેમના હાથમાં મૂક્યા અને વધુ સત્તાદર્શક અવાજે તેણે જણાવ્યું:

"ચાલો, હવે એકદમ નાસી જાઓ . . . એકદમ ઝડપથી! એટલે કોઈને ય ખબર નહિ પડે કે તમે અહીં આવ્યા હતા! અને હવે જો ફરીથી આવ્યા તો હું દાખલ જ થવા નહિ દઉં! તમે

સમજુ માણસો છો! તમે જ એ ઠચરાને દારૂ માટે પૈસા આપ્યા હતા—અને હવે તેમાં જ ચકચૂર થઈ એ મોતને શરણ થયો!"

"ચાલ, હવે બહુ ડાહ્યો ન થા!" ફોલ્યાએ ગુસ્સાથી કહ્યું.

"શું કહ્યું? બહુ ડાહ્યો ન થા?....."

સામિયને જોરથી બરાડો પાડી કહ્યું અને તેની આંખો એટલી તો ભયંકર થઈ ગઈ કે વિદ્યાર્થીઓ તે જોઈ ઠરી જ ગયા. "હમણાં એક એવી તો ખેંચી કાઢીશ કે મોંમાથી બત્રીસી પણ છૂટી પડી જશે. ચાલ, હવે અહીંથી જાય છે કે નહિ, કે લગાવું?"

તે જ પળે બે માણસો, માથે લૂગડાની વાંકી ટોપી પહેરી અંદર દાખલ થતા હતા. બન્નેએ ખુલ્લાં જેકેટ પહેર્યાં હતાં અને તેની નીચે એકે વાદળી ને બીજાએ રાતું પહેરણ પહેર્યું હતું. તેમના દેખાવ પરથી તેઓ સામિયનના જેવા જ દરવાનો હોય તેમ દીસતું હતું.

"કેમ?" એકે નીચેથી સામિયનને ઉદ્દેશીને સ્મિત કરતાં પૂછ્યું. "રોલીપોલી સાહેબ પરવારી ચૂકયા?"

"હા, પરવારી જ ગયો લાગે છે!" સામિયને જવાબ વાળ્યો.

"આપણે હવે તેને જલદીથી બહાર રસ્તા પર લાવી નાખવો જોઈએ, નહિ તો તેનું ભૂત અહીં ભમ્યા કરશે. ભલે લોકો એમ ધારે કે બહુ ઢીંચવાથી તેનું મૃત્યુ થયું."

'પણ તેં તો . . . હવે . . . તેં તો તેને ખલાસ નથી કર્યો ને?"

"હવે, નકામી માથાફોડ ન કર! અને જો તેમ હોય તો તેને માટે કાંઈક કારણ પણ હશે. એ તો બિચારો ભલો માણસ હતો, સાવ ગરીબ ગાય જેવો. એ તો એનો વારો આવ્યો કે એણે પણ ચાલતી પકડી!"

'અને કયાં મરવું તેની એને જગ્યા પણ ન જડી! આથી વધારે ખરાબ સ્થળ તેને હાથ ન આવ્યું કે અહીં જ આવી મૂઓ?" રાતા પહેરણવાળા દરવાને કહ્યું.

"ખરેખર છે!" બીજાએ તેને ટેકો આપતાં કહ્યું. "આખું જીવન મોજ કરી અને આખરે અહીં આ પાપાગારમાં આવી મૂઓ! લે ચાલ, હવે દોસ્ત!"

વિદ્યાર્થીઓ તો તેમના પગમાં જેટલું જોર હતું તેટલું બધું જોર કરી દોડયા. અંધકારમાં રોલીપોલીનું શ્યામ મુખ તેમની સામે ધસી આવતું જણાતું હતું.

કોલ્યા! જ્યારે તું આધેડ અવસ્થાએ પહોંચીશ ત્યારે ઑગસ્ટ માસની આ રાત્રિ તને સ્મરણમાં આવશે કે? તારા બાળકોને—પુત્રોને તેની વાત કરીશ કે?

[૪]

સવારથી વાવાઝોડાની માફક વરસાદ મુશળધાર પડતો હતો. પ્લેટોનોવ બંદર ઉપર તરબૂચ ઉતારવાના કામમાં રોકાયો હતો. ગ્રીષ્મ ઋતુ બેસતાં જ તેણે જે કારખાનામાં જઈ અનુભવ મેળવવા નિર્ણય કર્યો હતો, ત્યાં નસીબ તેની આડે આવ્યું હતું; કારણકે ત્યાં દાખલ થયે તેને ભાગ્યે જ અઠવાડિયું વીત્યું કે તેને ત્યાંના દુષ્ટ અને હિણા મુકાદમ સાથે ઝઘડો થયો. આ મુકાદમ તેના હાથ નીચેના માણસોને ઘણો ત્રાસ આપતો હતો. તેમનો ઝઘડો એટલો બધો વધી ગયો કે તે અને મુકાદમ હાથોહાથ આવી ગયા હતા. પરિણામે તેને તે કારખાનાનો ત્યાગ કરવો પડયો હતો. આ પછી તેણે પુનઃ મહિનોમાસ વર્તમાનપત્રના ખબરપત્રી તરીકે કામ હાથમાં લીધું. તે કોઈ કોઈ વાર તેના 'પડઘા' પત્ર માટે કોર્ટના મુકદ્દમાઓના રિપોર્ટ અને કોઈક એવા જ માર-ફાડના બનાવોના રિપોર્ટ રજૂ કરી અન્ન ભેગો થતો હતો, પણ

તે આ વર્તમાનપત્રના જીવનથી ઘણો સમય થયાં કંટાળી ગયો હતો. તે હંમેશાં સાહસ, ખુલ્લી હવાની શારીરિક મહેનત અને જ્યાં સગવડ કે મોજમજાને જરાય પણ સ્થાન ન હોય તેવા જીવનમાર્ગો તરફ આકર્ષાતો : તેને હંમેશાં એવું જીવન ગાળવું ગમતું કે જેમાં મનુષ્ય સંસારના સર્વ બંધનોથી મુક્ત હોય—જ્યાં કાલે શું થશે એનો વિચાર તેને બદલે ખુદ ઈશ્વરને જ કરવાનો હોય; અને આજ કારણસર જ્યારે નીપર નદીના અંતર્ભાગમાંથી તરબૂચ ભરેલાં વહાણો બંદરમાં આવવા માંડ્યાં ત્યારે તે પણ તરબૂચ ઉતારવાનું કામ કરતી ટોળીમાં એક સામાન્ય મજૂર તરીકે જોડાયો. આ ટોળીમાં તે ગયા વર્ષથી જાણીતો થયો હતો અને તેના આનંદી સ્વભાવ, સખાભાવ અને કામ કરવાની ઝડપથી તેમનામાં પ્રિય થઈ પડ્યો હતો.

આ મજૂરી કરવામાં આવડત અને શરીરની મજબૂતાઈ ખાસ ભાગ ભજવતાં. પાંચ પાંચ માણસની ચાર ટુકડીઓ દરેક વહાણ પર કામ કરતી હતી. પહેલો નંબર તરબૂચ ઊંચકી વહાણના કિનારે ઉભેલા નંબર બીજાને આપતો. બીજો નંબર તે કિનારે ઊભેલા નંબર ત્રીજાના હાથમાં ફેંકતો. ત્રીજો ચોથા તરફ ફેંકતો અને આ નંબર ચોથો એક ગાડામાં ઊભેલાં નંબર પાંચમા તરફ તરબૂચ ફેંકતો; જે આ લીલાં, સફેદ અને ચટાપટાવાળાં તરબૂચોને ગાડાંમાં વ્યવસ્થિત રીતે ગોઠવતો. આ કામ કાંઈ પણ લપ્પનછપ્પન વગરનું. આનંદી અને ઝડપથી આગળ ચાલતું હોય છે. તેમાંય જ્યારે ખાસ કરીને આ ટુકડી સરખેસરખા માણસોની બંધાઈ હોય છે ત્યારે તો સરકસના ગોળાઓની જેમ એક હાથમાંથી બીજા હાથમાં પડતાં તરબૂચોને જોવાનો કોઈ અનેરો આનંદ આવે છે; અને એક પછી એક ગાડાં ઝપાટાબંધ ભરાઈ જાય છે. માત્ર જેઓ આળસુ કે નવાસવા હોય છે, તે લોકો જ આ કામમાં નિષ્ફળ નીવડે છે; અને ફેંકેલા તરબૂચને હાથમાં ઝડપી લેવું તે કરતાં તેને ઊંચકી તેટલી જ ઝડપથી ફેંકવું એ કાંઈ સહેલું કાર્ય નથી.

પ્લેટોનોવને ગત વર્ષના આ કાર્યનો અનુભવ બરોબર યાદ હતો. ત્રીજું કે ચોથું તરબૂચ ફેંકતી વખતે જ તે થાકી ગયો હતો અને પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. બરોબર વખતસર નહિ ફેંકાયાથી બે તરબૂચ જમીન પર પડી ફાટી ગયાં હતાં, જ્યારે પોતે પણ આ બધાથી એટલો બધો ગભરાઈ ગયો હતો કે ત્રીજું તરબૂચ જે તેના હાથમાં હતું તે પણ પડી ગયું હતું. તેનો આ પહેલો વાંક હોઈ કોઈએ તેને ખાસ કાંઈ કહ્યું ન હતું; પણ બીજા દિવસથી તેની આવી એક એક ભૂલ માટે તેના મહેનતાણામાંથી મુકાદમે પાંચ પાંચ કોપેક ઓછા કરવા માંડયા હતા અને ત્રીજા દિવસે તો આ વાંક બદલ તેને કાઢી મૂકવાની ધમકી આપવામાં આવી હતી. તે વખતે પોતે કેવો ઓચિંતો ગુસ્સે થઈ ગયો હતો, તે પ્લેટોનોવને હજી યાદ હતું: "એમ! તો જાઓ સાળા જહન્નમમાં!" તે મનમાં જ બોલ્યો હતો. "અને વળી પાછા મને સંભાળપૂર્વક તરબૂચ ફેંકવાનું જણાવો છો? લો ત્યારે..." અને કોણ જાણે કેમ આ ગુસ્સો તેને તેના કામમાં મદદકર્તા થઈ પડચો હતો. તેણે બેદરકારીથી તરબૂચને ઝીલવા ને ફેંકવા માંડયા હતાં અને તેના આશ્ચર્ય વચ્ચે તેને જણાયું કે હવે જ તેને આ ઝીલવાની તથા ફેંકવાની કળા સાધ્ય થઈ હતી અને તેના શરીરનું એકેએક અંગ તેના આ કાર્યમાં તાલબદ્ધ મદદ કરતાં હતાં. તેણે નક્કી કર્યું હતું કે કામ ત્યારે જ બરોબર થઈ શકશે, જ્યારે તે તરબૂચ કાંઈક કિંમતી વસ્તુ છે એવું સમજવાનું બંધ કરશે. અને આ પછી કામ સરળતાપૂર્વક આગળ વધવા માંડયું હતું. પછી તો જ્યારે તે કળા સંપૂર્ણપણે શીખી ગયો ત્યારે તો તેને એક કસરતનું સાધન થઈ પડી હતી; પણ આ પ્રકારની લાગણી લાંબો સમય ન રહી. પછી તો બીજા બધા ધંધાઓની જેમ આ ધંધા પ્રત્યે પણ તેને અરુચિ ઉત્પન્ન થઈ હતી, કે જેમાં પાંચ માણસની એક ટુકડી તરબૂચોની એક અનંત હારમાળાને આખો દિવસ ફગાવ્યા જ કરતી.

આ વખતે તે નંબર એની જગ્યાએ હતો. વાંકો વળી, ઊંચે જરા પણ નજર કર્યા વગર તે, ટાઢાં, ઊછળતાં, ભારે તરબૂચોને પોતાના બન્ને હાથમાં ઝીલતો, જમણી તરફ ફરતો અને જોયા વગર જ કે જરા વાંકી નજરે જોતો, નીચે ફેંકતો—વળી તરત જ પાછો બીજા તરબૂચ માટે વાંકો વળી તત્પર થઈ ઊભો રહેતો. તરબૂચ તેના હાથમાં આવી અફળાતાં ત્યારે તેમાંથી સ્મક . . . સ્મક . . . સ્મક અવાજ આવતો અને જેવો તે પાછાં ફેંકતો ત્યારે ધમ . . . ધમ . . . ધમ અવાજ સંભળાતો.

આ કામમાંથી તેને સારો નફો મળતો હતો. ચાલીસ માણસોની એક ટુકડીએ આ વખતે વહાણ ખાલી કરવાનું માથે લીધું હતું, અને મોસમ પૂરજોશમાં હોવાને કારણે જેટલાં ગાડાં ભરાય તે ઉપર મહેનતાણું મળવાનું હતું. તેમનો મુકાદમ એક પહેલવાન જેવા સબળ પોલ્ટિવિયન ઝાવોરોટની ઘણી મહેનત પછી તરબૂચોના માલિકને આ રીતે મહેનતાણું આપવા સમજાવી શકયો હતો. આ તરબૂચનો માલિક એક યુવાન હતો અને તેને આ ધંધાનો ઝાઝો અનુભવ હોય તેમ જણાતું ન હતું. પાછળ જતાં આ યુવાનને ખબર પડી કે આ રીતે તો તેને ખોટ જતી હતી અને તેથી તેણે કબાલામાં ફેરફાર કરવા ઇચ્છા પ્રદર્શિત કરી, પણ તે સમયે બીજા વેપારીઓએ તેને આગળ વધતાં અટકાવ્યો અને જણાવ્યું: "હવે કાંઈ નહિ બને; નહિ તો બધા એકઠા થઈ તને જ પૂરો કરી નાખશે." અને તેથી આ નફાકારક સોદાને લીધે આ ટુકડીનો એકેએક મજૂર લગભગ રોજ ચાર રૂબલ પાડી શકતો હતો; પૈસા વધારે મળતા હતા તેથી ઉત્સાહમાં આવી જઈ મજૂરો ખૂબ ઝડપથી કામ કરતા હતા.

પણ ઝાવોરોટનીને આટલી ઝડપથી સંતોષ ન હતો. તે વારંવાર તેના માણસોને વધારે ઝડપથી કામ કરવા કહેતો હતો. વ્યાવસાયિક મહેચ્છા તેના પર જોર કરતી હતી. દરેક સભ્યને રોજના પાંચ રૂબલ મળે તેવી તેની ઇચ્છા હતી; અને હથેળીના જુદા

જુદા અવાજો વચ્ચે, અસાધારણ ઝડપથી વહાણુમાંનાં તરબૂચ એક પછી એક ગાડાઓમાં આવી ઠલવાતાં હતાં.

પણ તેવામાં બંદર પરથી સિસોટી વાગી, તેના જવાબમાં બીજી પણ બે ત્રણ સિસોટીઓ વાગી; અને તેમાં કિનારા પરની બીજી સિસોટીઓનો અવાજ ભળતા થોડી વાર તો ચારે બાજુએ જુદા જુદા પ્રકારની સિસોટીઓનું વાજિંત્ર સંભળાઈ રહ્યું.

"બંધ કરો!" રેલવે એન્જિનની સિસોટી જેવા ધાડા અને કર્કશ સ્વરે ઝાવેરોટનીએ બૂમ મારી.

અને તરબૂચ છેલ્લા માણુસના હાથમાં જઈ પહોંચતા જ કામકાજ બંધ થયું.

પ્લેટોનોવે આનંદપૂર્વક કમર સીધી કરી અને પાછળ વળી, સૂજી ગયેલા હાથ પહોળા કર્યા. ઘણા સમય પછી કામની શરૂઆત કરતાં જે સ્નાયુઓ દુઃખવા આવે છે, તે ઉપર પોતે વિજય મેળવ્યો હતો, તે જાણી પ્લેટોનોવને આનંદ થતો હતો. આજ સુધી જ્યારે, કારખાનાના ભૂંગળાના અવાજ સાથે જ બિછાનામાંથી તે બેઠો થતો, ત્યારે તેના હાથ, પગ, પીઠ અને ગળામાં એટલી બધી વેદના થતી કે તેને તે સમયે એમ જ ભાસતું કે કોઈ જાદુઈ બળ વડે જ તે હવે ઊઠી શકશે અને આગળ પગલાં ભરી શકશે.

"જાઓ, ખાઈ આવો!" ઝાવેરોટનીએ પૂનઃ પૂર્વવત્ કર્કશ સ્વરે હુકમ કર્યો.

મજૂરો પાણીની પાળે જઈ ઘૂંટણીએ વાંકા વળી, નદીના પાણી વડે હાથ ને મોં ધોવા લાગ્યા અને કિનારે બાજુમાં જ થોડી લીલોતરી હતી ત્યાં જઈ બપોરનું ભોજન લેવા ગોઠવાયા. ભોજનમાં દસ મોટાં તડબૂચ, રોટલા વગેરે હતું. ગાવરિશકા અડધો ગેલન દારૂ માય તેવી બાટલી લઈ ગાતો ગાતો ક્યારનોય પીઠા તરફ રવાના થઈ ગયો હતો.

તેવામાં એક સાવ ફાટલાંતૂટલાં કપડાં પહેરેલો છોકરો, આ ટોળી જ્યાં ભોજન માટે ગોઠવાઈ હતી, ત્યાં આવ્યો.

"તમારામાં પ્લેટોનોવ કોણ છે?" તેણે બધા પર પોતાની ચોર જેવી આંખો ફેરવતાં પૂછ્યું.

"મારું નામ પ્લેટોનોવ છે!"

"દેવળ પાછળ, એક ખૂણામાં કોઈ એક બાઈ તમારી રાહ જુએ છે . . . લો તેણે આપેલી આ ચિઠ્ઠી!"

આખી ટોળી એકબીજા તરફ જોતી ખડખડાટ હસવા લાગી.

"અય, મૂર્ખના સરદારો! શું છે તે તમારાં ડાચાં પહોળાં કરો છો? લાવ, એ ચિઠ્ઠી મને આપ." પ્લેટોનોવે ઠંડા દિલે કહ્યું.

આ કાગળ જેનકાએ લખેલો હતો અને તે કોઈ પ્રાથમિક શાળામાં ભણતા બાળકે લખેલા જેવો, ઢંગધડા વગરનો અને અશુદ્ધિઓથી ભરપૂર હતો. કાગળ નીચે પ્રમાણે હતોઃ—

"સરજી ઈવાનીચ,

તને તકલીફ આપવા માટે ક્ષમા કરજે. એક ઘણી જ મહત્ત્વની બાબતસર મારે તારી સાથે વાતો કરવાની છે. નજીવી વાત હોત તો હું તને ˙રાન ન કરત. માત્ર દસ જ મિનિટ માટે આવી જા. વધારે વાર નહિ રોકું.

તું ઓળખે છે તે આના મારકોવનાવાળી જેનકા.

પ્લેટોનોવ ઊભો થયો.

"હું થોડી વારમાં આવું છું." તેણે ઝાવોરોટનીને કહ્યું, "તમે કામ શરૂ કરો તે પહેલાં તો આવી હું પહોંચીશ."

"ઠીક, ધંધો સારો શોધી કાઢ્યો છે." ટુકડીના નેતાએ તિરસ્કાર અને બેદરકારીથી જવાબ આપ્યો. "આવા કામ માટે રાત ક્યાં નથી . . . જા, ભાઈ જા, તને કોણ રોકી રાખે છે. હા, પણ એટલું ધ્યાનમાં રાખજે કે અમે કામે ચડીએ, ત્યારે જો તું અહીં

હાજર નહિ હોય તો આજના દહાડાની ગેરહાજરી નોંધાશે. તારે બદલે હું ગમે તેને રોકી લઈશ; અને તે નવાના હાથે જેટલાં તરબૂચ તૂટશે, તે બધાની કિંમત હું તારા ભાગમાંથી કાપી લઈશ . . . હું નહોતો ધારતો, પ્લેટોનોવ, કે તું આવો . . ."

દેવળ અને ડક્કાંની વચ્ચે આવેલી ઝાડીની ઘટામાં જેનકા ઊભી ઊભી પ્લેટોનોવની રાહ જોતી હતી. તેણે ભૂરા રંગનો પોશાક પહેર્યો હતો અને માથે ગોળ કાળી પટીવાળી ટોપી પહેરી હતી. "જો કે તેણે સાવ સાદો ને સામાન્ય પોશાક પહેર્યો છે," પ્લેટોનોવ જેનકાને ઝીણી આંખો વડે જોતાં વિચારવા લાગ્યો. "છતાં, ત્યાંથી પસાર થતો દરેક પુરુષ તેના તરફ જોશે અને આગળ વધીને પણ પાછો વળી ત્રણ ચાર વખત તેના તરફ જોયા વગર નહિ રહે. તે તરત જ એ કોણ છે તે જાણી જશે."

"કેમ છે, જેનકા! આજે ખૂબ આનંદ થયો." તેણે પ્રેમાળ સ્વરે, જેનકાના હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું. "મને તો જરાય કલ્પના નહોતી કે આપણો પુનઃ મેળાપ થશે."

જેનકા ગંભીર, કરુણ અને કોઈ વાત પર મૂંઝાતી હોય તેવી ભાસતી હતી. પ્લેટોનોવ સમજી ગયો કે શા કારણે તે મૂંઝવણ અનુભવતી હતી.

"માફ કરજે, જેનકા, પણ મારે હજી ભોજન લેવાનું છે. તેથી તું મારી સાથે ચાલ. હું ખાવાનું પતાવું તે દરમ્યાન તું મને તારી વાત કહેજે. અહીં નજીકમાં જ એક નાની વીશી છે. અત્યારે ત્યાં કોઈ હોતું નથી અને ત્યાં એક ખાનગી ઓરડા જેવો ભાગ છે જ્યાં આપણે આરામથી વાતો કરી શકીશું. ચાલ, તુંયે ભુખી થઈ હોઈશ." પ્લેટોનોવે કહ્યું.

"ના. મારે ખાવું નથી." જેનકાએ કર્કશ લાગતા સ્વરે જવાબ આપ્યો. "અને હું તમને વધારે વાર રોકવા નથી માગતી . . .

માત્ર થોડી મિનિટો બસ છે. મારે કેટલીક વાતો કરવાની છે અને તે માટે સલાહ લેવાની છે—પણ મને સલાહ આપે એવું બીજું કોઈ મને જણાતું નથી."

"ઠીક . . . ચાલ! તું જે રીતે મદદ માગે છે તે બધી રીતે તને મદદ આપવા હું હરહમેશાં તૈયાર છું. જેનકા, તારા પ્રત્યે મને ઘણી મમતા ઊપજે છે."

જવાબમાં જેનકા તેના પ્રત્યે કરુણા અને આભારની દષ્ટિએ જોઈ રહી.

"એ હું જાણુતી હોવાથી જ તમારી પાસે આવી છું."

"તને પૈસાની જરૂર છે? તેમ હોય તો કહે. જો કે હાલમાં મારી પાસે બહુ બચત તો નથી; પણ મને ખાત્રી છે કે હું મારી ટુકડી પાસેથી ઉપાડ મેળવી શકીશ."

"ના, મને પૈસાની જરૂર નથી . . . પૈસાની વાત જ નથી. આપણે જ્યાં જઈએ છીએ ત્યાં પહોંચી, તરત જ હું બધી વાત કરીશ."

એક નીચી છતવાળી વીશી, કે જ્યાં હલકા ચોરો જ વધારે આવતા અને લૂંટના હિસ્સા પાડતા, જ્યાં સંધ્યાકાળથી મધરાત સુધી જ બરોબર ઘરાકી જામતી, ત્યાં પ્લેટોનોવ આવ્યો અને એક એકાંત ખૂણામાં જેનકા સાથે ગોઠવાયો.

તેણે નોકરને બોલાવી ખાવાનું લાવવાનો હુકમ આપ્યો. નોકર ગંદા મુખવાળો અને ચીબા નાકવાળો જુવાન હતો. તેના દેદાર તો એવા હતા કે જાણે હમણાં જ તેને કાદવના ખાડામાંથી ખેંચી કાઢયો હશે. તેણે હાથ વડે હોઠ લૂછતાં, કર્કશ સ્વરે પૂછયું:

"રોટલી કેટલા પૈસાની લાવું?"

"જેટલાની આવે તેટલાની."

આમ કહી તેણે હસવા માંડયું અને પછી કહ્યું: "તારી ઇચ્છા હોય તેટલી લાવ. પછીથી આપણે હિસાબ કરી લઈશું . . . જા, જલદી લઈ આવ."

નોકર રવાના થતાં તે જેનકા તરફ ફર્યો અને પૂછવા લાગ્યો: "કેમ જેની, કહે તારે શું કહેવાનું છે? તારું મુખ જ કહી આપે છે કે તું કોઈ આપદામાં આવી પડી છું . . . કહે, શું બાબત બની છે?"

હૃદય ખોલવા બળ એકઠું કરતી હોય તેમ થોડી વાર સુધી જેનકાએ રૂમાલની ગડીઓ વાળ્યા કરી અને બૂટના ટેરવાં જોયાં કર્યાં. તે એટલી બધી શરમાઈ ગઈ હતી કે તેને વાત કેવી રીતે શરૂ કરવી તેની સૂઝ પડતી ન હતી. શબ્દો હૈયે હતા, છતાં હોઠે આવતા ન હતા. પ્લેટોનોવ તેની મદદે આવ્યો:

"મૂંઝાઈશ નહિ, જેનકા. જે હોય તે ખુલ્લા દિલે મારી સમક્ષ જાહેર કર; કારણકે તું તો જાણે છે કે હું તો તમારા કુટુંબી જેવો છું અને મારી આગળથી વાત બીજા કાને પણ નહિ જાય. વળી કદાચ હું તને માર્ગ બતાવવા પણ શક્તિશાળી નીવડીશ. લે, ચાલ જે હોય તે ત્વરાથી જણાવી દે!"

"એ જ વાંધો છે, કેમ શરૂઆત કરવી તેની જ સૂઝ પડતી નથી." જેનકાએ અસ્થિર ભાવ દર્શાવતાં જણાવ્યું. "ઠીક સાંભળો, સરજી ઈવાનોવીચ, મને રોગે ઘેરી લીધી છે, સમજ્યા! બહુ જ ભયંકર દરદે મારો કબજો લીધો છે . . . હવે સમજ્યા?"

"પછી?" પ્લેટોનોવે માથું ધુણાવતાં પૂછ્યું.

"અને એ રોગમાં હું લાંબો વખત થયાં સપડાઈ છું . . . લગભગ મહિનો થયો હશે . . . કદાચ દોઢ મહિનો થયો હશે . . . હા, દોઢ મહિનો થયો; કારણકે મને પવિત્ર તહેવારના દિવસે જ . . ."

પ્લેટોનોવ ઝડપથી કપાળે હાથ ફેરવવા લાગ્યો.

"થોભ, હવે મને યાદ આવે છે . . . તે દિવસે હું ત્યાં બધા વિદ્યાર્થીઓ સાથે આવ્યો હતો . . . કેમ, બરોબર છે ને?"

"બરોબર છે . . . તે જ દિવસે . . ."

"અરે જેનકા!" પ્લેટોનોવે દિલગીરી અને ઠપકાભર્યા સ્વરે જણાવ્યું. "તું જાણે છે કે ત્યાર પછી બે વિદ્યાર્થીઓ આ રોગમાં સપડાયા હતા...? તારે લીધે સપડાયા હતા કે શું?"

જેનકાની આંખો ક્રોધથી ભભૂકી ઊઠીઃ

"હોય, કદાચ મારી પાસેથી એમને એ વારસો મળ્યો. પણ હોય... હું શી રીતે જાણું? એવા તો તે દિવસે ઘણાય હતા... પેલો એક મને બરાબર યાદ આવે છે, જે તમારી સાથે ઝઘડો કરવા મથતો હતો... એક ઊંચો ને ચશ્માં પહેરેલો."

"હા... હા... એ જ સોબાશનીકોવ. એણે જ મને ખબર આપ્યા હતા... હા એ જ... પણ એને માટે મને દિલગીરી નથી થતી; કારણકે એ તો ભારે વરણાગિયો હતો! પણ બીજા માટે તો મને ખરેખર શોક થાય છે. હું જો કે એને ઘણા સમયથી ઓળખતો હતો પણ કોણ જાણે કેમ એનું ખરું નામ શું હતું, તે શોધી કાઢવાનું મને સૂઝયું જ નહિ, માત્ર એટલું જ હું જાણું છું કે તે કોઈ પોલિનારક કે એવા જ કોઈ શહેરનો વતની છે... તેના મિત્રો તેને રામસેસ કહી બોલાવતા. જ્યારે ડૉકટરોએ—તેણે ઘણા ડૉકટરોની સલાહ લીધી હતી—જણાવ્યું કે તેનો રોગ બહુ ભયંકર હતો, ત્યારે તે પોતાને ગામ ગયો અને ત્યાં જઈ પિસ્તોલ ખાઈ આત્મહત્યા કરી... અને તેણે પાછળ જે કાગળ લખી મૂકયો હતો, તેમાં આવા કેટલાક અજાયબી પમાડે તેવા શબ્દો હતાઃ "હું માનતો હતો કે જીવનનો સાચો અર્થ મન, સૌંદર્ય અને ભલાઈ પર કાબૂ મેળવવામાં હતો: આ રોગ થતાં હું મારા આદર્શોને માટે નાલાયક બની મહાપાતકી થઈ ગયો છું અને જો જીવું તો મારે માટે ભવિષ્યમાં સંધિવાનો રોગ અને અપંગતા આગળ ઊભેલાં જ છે. મારું સ્વમાન આવી પરિસ્થિતિનો સ્વીકાર કરવા તૈયાર નથી; પણ જે કાંઈ થઈ ગયું તેમાં મારો જ દોષ છે અને તેથી મારા મૃત્યુ માટે પણ હું મારી જાતને

જ જવાબદાર ગણું છું, કારણકે મારી ક્ષણિક વિષયવાસનાને વશ થઈ પૈસાના જોરે મેં એક સ્ત્રીનો સંગ કર્યો. તેથી મારા હાથે જ મેળવેલી સજા હું ભોગવવા તત્પર થયો છું . . ."

"મને તેને માટે ઘણો શોક થાય છે." પ્લેટોનોવે શાંત ચિત્તે કહ્યું.

જેનકાએ નસકોરાં ફુલાવ્યાં. "મને તો તેને માટે રજમાત્ર પણ દિલગીરી થતી નથી." તેણે કહ્યું.

"તું ભૂલ કરે છે." પ્લેટોનોવે કહ્યું. તેવામાં વેઈટર ત્યાં આવતાં તેને મોડેથી આવવાનું કહી પ્લેટોનોવ આગળ કહેવા લાગ્યો: "તારી તેમાં ઘણી ગંભીર ભૂલ થાય છે, જેનકા! આ તો એક અસાધારણ શક્તિવાળો અને મજબૂત મનનો માણસ હતો, અને આવા તો હજારમાં ભાગ્યે જ એકાદ પેદા થાય છે. જો કે મને આત્મહત્યા કરનારાઓ તરફ માન નથી હોતું; કારણકે આત્મહત્યા કરનારાઓનો મોટો ભાગ તો, જેમ મીઠાઈ ન મળતાં બાળક ભીંત સાથે માથું પછાડે, તેમ એ લોકો પણ જરા જેવી નજીવી બાબતમાં પ્રાણ આપી દેતા હોય છે; પણ આ રામસેસના મૃત્યુ સમક્ષ તો હું માનપૂર્વક મારું શિર નમાવું છું. તે ડાહ્યો, ઉદાર, પ્રેમાળ અને સમજુ માણસ હતો, અને તેં જોયું ને કે તેણે ગુનો પોતાના શિર ઓઢી લીધો હતો!"

"પણ મારે મન તો એ બધુંય સરખું જ છે—પછી ભલે તે ડાહ્યો હોય કે ગાંડો, પ્રમાણિક હોય કે ચોર, જુવાન હોય કે વૃદ્ધ— હું તો હવે એ બધાઓને ધિક્કારું છું; કારણ, જુઓ તેમની સોબતથી આજે મારી કેવી વિપરીત દશા થઈ છે—જાણે જગતના સર્વ રોગની હું ખાણ બની ગઈ છું. પ્લેટોનોવ, એનો જરા વિચાર કરો: અરે સેંકડો નહિ બલકે હજારો પુરુષોએ મને પૈસાથી ખરીદી છે: મારા શરીરને સૂંઘ્યું છે: મારી મજાકો કરી છે: અને તેથી જ ભૂતકાળના તે સર્વ પુરુષો અને ભવિષ્યના જે મારા શય્યાભાગી થશે

તે સઘળા પુરુષોને મારા અંતરના ઊંડાણમાંથી હું ધિક્કારું છું. મારું જો ચાલે તો હું તેમને ધગધગતા લોઢાના સળિયાઓ વડે ડામ દઉં ને કકળતા તેલમાં નવડાવું . . . હું હુકમ કરું કે . . . "

"તું તો બહુ અભિમાની ને ઝેરીલી છે, જેનકા !" પ્લેટોનોવે પૂર્વવત્ સ્થિર ભાવથી કહ્યું.

"હું કોઈ દહાડો ઝેરીલી કે અભિમાની નહોતી . . . હવે જ તમે કહો છો તેવી બની ગઈ છું. જ્યારે હું પૂરી દસ વર્ષની પણ નહોતી ત્યારે મારી સગી માતાએ મને વેચી દીધી હતી અને તે દિવસથી એક કૂટણખાનામાંથી બીજા કૂટણખાનામાં—એમ મારું જીવન વ્યતીત કરું છું . . . કોઈ જ એવું ન હતું કે જે એટલું સમજે કે હું પણ એક જીવંત માનવી છું ! ના ! . . . મને તો પશુ, ભિખારી, ચોર કે એક ખૂની કરતાં પણ વધારે હલકી ગણવામાં આવી છે. . . એક ફાંસીખોરને પણ લોકો આટલો હલકો ગણતા નથી. . . એવા ફાંસીખોરો પણ અમારે ત્યાં આવતા અને અમને ખરીદી શકતા. . . પણ હું તો સાવ નિર્માલ્ય, કોડીની કિંમત વગરની છું. . . હું તો એક જાહેર વેશ્યા ! . . . સમજ્યા પ્લેટોનોવ ! આ કેટલો ભયંકર શબ્દ છે ! જા . . . હે . . . ર ! . . . એનો અર્થ એ જ કે એનું માલિક કોઈ નહિ : તે નહિ બાપની કે નહિ માની : ન તો રશિયન કે ન તો રિયાઝન : પણ માત્ર સમસ્ત જા. . .હે. . .ર. . . પ્રજાની ! અને ક્યારેય કોઈના મગજમાં એવો ક્ષણભર પણ ખ્યાલ ન આવ્યો કે આ પણ મારા જેવું જ એક જીવંત માનવી છે : તેને પણ હૃદય અને માનસ છે : તેને પણ લાગણીઓનો અનુભવ થતો હશે, કારણકે તે કોઈ લાકડાની નિર્જીવ પૂતળી નથી અને તેમાં ઘાસ કે રૂ ભરેલાં નથી ! અને છતાંય, માત્ર હું જ આટલું સમજી શકું છું. આ ભયંકર નરકની ખાણમાં વસનારાઓમાંથી કદાચ હું જ એકલી એવી હોઈશ કે જે આ ભયંકરતાને ઓળખી શકું; પણ જે બધી છોકરીઓ મારી સાથે વસે છે અને બીજી જેમના સંસર્ગમાં

હું આવી છું તે બધીયને આવું કાંઈ જ ભાન હોતું નથી—સમજ્યા, પ્લેટોનોવ? . . . આ તો બિચારીઓ જાણે બોલતીચાલતી માંસની પૂતળીઓ! અને એ તો મારા ઝેરીલાપણાથી પણ વધારે ભયંકર છે!. . ."

"તારું કહેવું સત્ય છે!" પ્લેટોનોવે જરા પણ ઉશ્કેરાટ વગર જણાવ્યું. "પણ તેં જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેનો તને કદાપિ પણ માર્ગ સૂઝવાનો નથી. તારી મદદે કોઈ નહિ આવે . . ."

"કોઈ જ નહિ, કોઈ જ નહિ . . ." જેનકાએ ખૂબ ઉશ્કેરાઈ જતાં જણાવ્યું. "યાદ છે—જ્યારે તમે તે દિવસે બધા વિદ્યાર્થીઓ સાથે આવ્યા હતા—તે જ દિવસે એક વિદ્યાર્થી લ્યુબકાને લઈ ગયો હતો . . ."

"હા, મને તે પ્રસંગ બરોબર યાદ છે . . . હાં, પછી તેનું શું થયું?"

"વળી થવાનું શું હતું? ગઈ કાલે ભૂખે મરતી એ પાછી આવી, લૂગડાં તો વરસાદમાં તરબોળ થઈ ગયાં હતાં . . . અને ધ્રુસકે ને ધ્રુસકે રડતી હતી . . . નાલાયક, બાયલાએ તેને કાઢી મૂકી હતી . . . તેના ભોળા સ્વભાવનો ફાયદો ઉઠાવ્યો, જરા પ્રેમાળપણું દાખવ્યું અને જ્યાં ગરજ સરી રહી કે લાત મારી મૂકી, અને ભાઈસાહેબ તો કહેતા હતાઃ તું તો મારી બહેન છે, હું તને બચાવીશ, તને પુનઃ માનવી બનાવીશ . . ."

"આ તું શું સાચું કહે છે?"

"અક્ષરે અક્ષર સાચો છે . . . માત્ર એક જ માણુસ મેં એવો જોયો છે કે જેનામાં અમારા પ્રત્યે મમતા, માયા છે અને જે અમારા પ્રત્યે વિષયવાસનાની દૃષ્ટિએ જોતો નથી—અને તે પુરુષ તે તમે પ્લેટોનોવ છો. પણ તમે છો સાવ જુદા પ્રકારના માનવી. તમે તો કોણ જાણે કેમ કોઈ વિચિત્ર પ્રકારના માણુસ છો. તમે તો હમેશાં કાંઈ શોધતા હો તેમ જ્યાં ત્યાં ફર્યો જ કરો છો.

મને માફ કરજો, પ્લેટોનોવ, તમે તો સાવ બાળક જેવા નિર્દોષ છો . . . અને તેથી જ હું તમારી પાસે—માત્ર તમારી પાસે—મારું હૃદય ઠાલવવા આવી છું.”

“ કહે, કહે, જેનકા !”

“ અને તેથી જ્યારે મને માલૂમ પડયું કે હું આવા મહાભયંકર રોગમાં સપડાઈ છું, ત્યારે ક્રોધની મારી હું ગાંડા જેવી થઈ ગઈ . . . મને લાગ્યું કે હવે મારો અંત આવી પહોંચ્યો છે . . . તેથી હવે દયા બતાવવામાં કાંઈ સાર નથી : શોક કરવાથી ફાયદો નથી કે હવે કશી આશા રાખવી નિરર્થક છે . . . પણ આજ સુધી મેં જે કાંઈ મૂંગે મોંએ સહન કર્યું છે, તેનો મારે શો બદલો આપવો ? શું જગતમાંથી ન્યાય પરવારી ગયો હતો ? શું મને વેર લેવાનો કોઈ અધિકાર ન હતો ? કારણકે પ્રેમને મેં કદાપિ પિછાણ્યો નથી; કૌટુંબિક જીવનની તો માત્ર મેં વાતો જ સાંભળી છે અને જગતમાં મારો અનુભવ તો માત્ર એટલો જ છે કે કોઈ રખડતા કૂતરાની જેમ મને બોલાવી પુરુષોએ મારી સાથે અને મારા શરીર સાથે લાડ કર્યાં છે અને પછી બૂટ ઉગામીને હાંકી કાઢી છે. બીજા માનવીઓ જેવી જ હું એક જીવંત માનવી હોવા છતાં જગતે આજે મારી અધમમાં અધમ દશા કરી મૂકી છે. મને તો માત્ર તેમની વિષયવાસના પૂરી કરવાનું એક સાધન બનાવી મૂકી છે . . . ઉફ઼ ! ત્યારે શું એ બધા દુ:ખ, અન્યાય અને અપમાનની સાથે મારે આ રોગને પણ મૂંગે મોંએ સહન કરવો ? . . . હું શું કોઈ ગુલામ છું ? . . . કે કોઈ નિર્જીવ વસ્તુ ? . . . લાકડાનો ઘોડો ? . . . અને તેથી જ પ્લેટોનોવ, તે જ ક્ષણથી મેં નિશ્ચય કર્યો કે મારે પણ બદલામાં તેમને બધાને મારા રોગનો વારસો આપવો : પછી તેમાં ભલે વૃદ્ધ કે યુવાન, ગરીબ કે પૈસાદાર, ખૂબસૂરત કે કદરૂપા—જેમ તે આવી જતા હોય !”

પ્લેટોનોવે ભોજન પૂરું કર્યું હતું અને થાળી આઘી હડસેલી મૂકી હતી. તે તેના આ શબ્દો આશ્ચર્યસહ—આશ્ચર્ય એકલું જ નહિ પણ કમકમાટીસહ—સાંભળી રહ્યો. તેણે જીવનના અનેક પ્રકારના રંગ નિહાળ્યા હતા. તેણે જીવનમાં અનુભવવા પડતાં અનેક ભયંકર દશ્યો જોયાં હતાં. તે જેનકાના આ અમાપ ધિક્કારથી ભરપૂર શબ્દો સાંભળી ક્ષણભર થરથરી ગયો. પુનઃ સ્વસ્થ થતાં તેણે કહ્યું :

"એક મહાન લેખક એક આવો જ કિસ્સો જણાવે છે. પ્રશિયનો ફ્રાંસ પર કબજો મેળવ્યા પછી ત્યાં અનેક પ્રકારનો જુલમ કરવા લાગ્યા હતા. માણસોને વીંધી નાખતા, સ્ત્રીઓની આબરૂ લૂટતાં, મકાનો લૂંટી લેતા અને ખેતરો બાળી મૂકતા . . .

"અને તેથી એક ખૂબસૂરત નાજનીને—એક ઘણી જ સુંદર ફ્રેંચ યુવતી કે જે આવા રોગમાં સપડાઈ હતી, તેણે આ બધાનું વેર લેવા—જે જર્મનો તેની મોહજાળમાં ફસાતા તે બધાને આ રોગનો વારસો આપવા માંડ્યો; અને ટૂંક સમયમાં તેનો આંકડો સેંકડોને વટાવી હજારોની સંખ્યાએ પહોંચ્યો . . . પછી તે મરવા પડી અને તેને જ્યારે ઇસ્પિતાલમાં લઈ ગયા, ત્યારે ત્યાં આનંદ અને ગર્વ સાથે પોતાના આ પરાક્રમની ગાથા તે બધાને કહી સંભળાવતી* . . . પણ એ તો તેના પિતૃદેશ પર જુલ્મ કરતા અને તેના દેશબાંધવોને વીંધી નાખતા દુશ્મનો હતા . . . . પણ તું તો, જેનકા!"

"હું . . . હું તેવો કોઈ વિચાર નથી કરતી. હું તો મારી ઝપટમાં જે આવે તે બધાને તેનો આ સ્વાદ ચખાડવા માગું છું. સાચું કહેજો, પ્લેટોનોવ, તમારા ખરા અંતઃકરણથી જણાવજો કે રસ્તે જતાં તમારા જોવામાં એક બાળક આવે કે જેને કોઈએ હેરાન કર્યું હોય . . . એમ સમજો કે તેની આંખો ફોડી નાખી હોય અને તેના કાન કાપી નાખ્યા હોય, અને તે જ ઘડીએ તમે

* આ વાર્તાનો લેખક ગી દ મોપાસાં છે.

જુઓ કે આવું અધમ કૃત્ય કરનાર તમારી આગળ જ ચાલતો હોય છે, અને તે સમયે માત્ર ઈશ્વર જ—જો કોઈ ઈશ્વર જેવી વસ્તુ હયાતી ધરાવતી હોય તો—તમારા તરફ ઊંચેથી જોઈ રહ્યો હોય તો, તમે તે સમયે શું કરો?"

"કેમ કહેવાય!" પ્લેટોનોવે ઉદાસીન સ્વરે નીચી નજરે જવાબ આપ્યો. તે ફિક્કો પડી ગયો હતો અને ટેબલ નીચે તેના હાથની મુઠ્ઠીઓ જોરથી વળી ગઈ હતી. "કદાચ હું તેને મારી નાખું . . ."

"'કદાચ' નહિ, પણ 'ખાતરીપૂર્વક' હું તમારા વતી તેમ કહી શકું છું, કારણકે હું તમને ઓળખું છું. ઠીક, હવે તમે જ વિચારો કે અમે જ્યારે બાળક હતાં, ત્યારે અમારામાંની દરેકને એવી જ રીતે હેરાન કરવામાં આવી હતી . . . બાળક! . . ." બોલતાં બોલતાં જેનકાનો સ્વર ગળગળો થઈ ગયો અને તેણે હથેળીઓમાં મોંને ઢાંકી દીધું. "હવે મને યાદ આવે છે કે તમે જ્યારે અમારે ત્યાં તહેવારોના આગલે દિવસે આવ્યા ત્યારે તમે પણ એવું જ કાંઈ કાંઈ કહ્યું હતું કે અમે બાળક જેવાં મૂર્ખ, અક્કલહીન, શ્રદ્ધાળુ, લોભી અને ચંચળ હતાં! . . . અને અમે અમારા બંધનોમાંથી મુક્ત નથી થઈ શકતાં . . . અમારે જવું ક્યાં? . . . અમારે કરવું શું? . . . અને પ્લેટોનોવ, મહેરબાની કરી એટલી તો ખાતરી રાખજો કે મારું વેર મારા અંગત દુશ્મનો પ્રત્યે નથી . . . ના, અમારા બધાય મહેમાનો—પેલા અભિમાની બહાદુરો અને નાનાથી મોટા—દરેક પ્રત્યે મને વેર છે . . . અને તેથી જ મેં મારું અને મારી બીજી બહેનોનું વેર લેવા નિર્ણય કર્યો છે. તમે તેમાં સંમત છો કે નહિ?"

"જેનકા! સાચું કહું તો હું તારા પ્રશ્નનો સ્પષ્ટ જવાબ નથી આપી શકતો. . . . મારાથી અપાય તેમ પણ નથી . . . હું કાંઈ જ કહી નથી શકતો. . . . હું શું જવાબ આપવો તે પણ નથી સમજી શકતો!"

"પણ, એ પણ મહત્ત્વની વાત નથી . . . કારણકે મહત્ત્વની વાત તો આ છે: મેં તેમને રોગનો વારસો આપ્યો છતાં મને તે માટે જરા પણ દયા કે લાગણી, કે આ કૃત્યથી હું દેશની કે ઈશ્વરની ગુનેગાર થાઉં છું તેવી કોઈ પણ ભાવના ઉદ્ભવતી જ નથી. કોઈ ભૂખ્યા વરુને થોડી મળતાં જેવો આનંદ થાય તેવો જ આનંદ મને પણ થાય છે . . . પણ ગઈ કાલે કાંઈક એવું બન્યું, જે હું પોતે પણ સમજી શકતી નથી. એક દૂધમલ યુવાન, મૂર્ખ, સૈનિક વિદ્યાર્થી મારી પાસે આવ્યો હતો: ગયા શિયાળાથી તે મારી પાસે આવતો હતો . . . અને ઓચિંતી મને તેના પ્રત્યે અનુકંપા ઊપજી . . . . . . તે સશક્ત અને સુંદર હતો તેથી, તેમ જ તે ઘણો સભ્ય અને માયાળુ હતો તેથી પણ નહિ . . . નહિ જ, કારણકે તેવા પણ ઘણા મારી પાસે બીજા આવ્યા હતા અને તેમને મેં જતા નહોતા કર્યા, પણ ઉલટું જેમ ઢોરને ડામ દે, તેવી રીતે આનંદપૂર્વક મેં મારા રોગનો વારસો આપ્યો હતો . . . પણ આના પ્રત્યે ઓચિંતી મને અનુકંપા ઊપજી. તેમ શાથી થયું તે હું પોતે પણ નથી સમજી શકી, તેનું કારણ હું નથી શોધી શકી. મને લાગ્યું કે એમ કરવું એ તો કોઈ બાળક કે ભોળા માણસના પૈસા લૂંટી લેવા—આંધળાને પથરો મારવા કે ઊંઘતાને છરી ખોસી દેવા જેટલું જ પાપી અને અધમ કૃત્ય હતું. જો તે કોઈ બદમાશ, કોઈ મોટી ફાંદવાળો અમલદાર કે શેઠિયો કે કોઈ વિષયી વૃદ્ધ હોત તો હું ન જવા દેત . . . પણ એ તો તંદુરસ્ત, સંપૂર્ણ સ્વાસ્થ્ય અને આરસનું પૂતળું હોય તેવો રૂપાળા હાથ-પગવાળો નવયુવાન હતો . . . તેથી હું તેને મારા રોગનો ભોગ ન બનાવી શકી . . . તેને મારો રોગ બતાવી, પૈસા પાછા આપ્યા: ટૂંકમાં તેની સાથે હું કોઈ મહાન મૂર્ખની જેમ વર્તી: તે ડૂસકાં લેતો . . . મારી પાસેથી ચાલ્યો ગયો . . . અને હવે મને ત્યાર પછી જરાય ઊંઘ આવી નથી. જેમ ધુમ્મસમાં ઘેરાયેલાને માર્ગ ન મળતાં ચારે તરફ ફર્યા કરે તેમ હું ફર્યા કરું છું; તેથી મને વિચાર આવ્યા કરે

છે—અને અત્યારે પણ તે વિચાર મારા મગજમાં ઘોળાયા કરે છે કે જે વિષે હું નિશ્ચય કરી ચૂકી હતી—બધાને રોગના ભોગ બનાવવાનું—તેમના પિતા, માતા, બહેનો ને પત્નીઓ આખા જગતને રોગના ભોગ બનાવવાનું મેં જે સ્વપ્ન રચ્યું હતું—તે વિષે તે બનાવ પછી મને લાગ્યા કરે છે કે શું એ કોઈ નિરર્થક વસ્તુ—માત્ર ખોટી કલ્પના—ખોટો આભાસ જ હતો? અને પુનઃ મારું મગજ શૂન્ય થઈ જતું જણાય છે. પ્લેટોનોવ, તમે શાણા છો, તમે જગત ઘણું જોયું છે, તો મને મદદ કરો: મને આમાં સાચો માર્ગ કયો છે તે બતાવો!"

"હું પોતે તે નથી જાણતો, જેનકા!" પ્લેટોનોવે શાંતિપૂર્વક જવાબ આપ્યો. "તને ન કહેવાય તે ભયથી હું નથી કહેતો તેમ નથી, પણ મને પોતાને કોઈ માર્ગ સૂઝતો નથી. આ વસ્તુ તો મારી સમજશક્તિ—મારા હૃદયના બહારની વાત છે..."

જેનકા અસ્થિર બની આંગળીઓના ટચાકા ફોડવા લાગી.

"અને મને પણ કોઈ માર્ગ સૂઝતો નથી... તેથી મને ખાતરી થતી જાય છે કે મેં જે માર્ગ અખત્યાર કર્યો હતો તે સાચો માર્ગ ન હતો. તેથી હવે મારે એક જ માર્ગ બાકી રહ્યો છે... અને જે આજે સવારે જ મારા મગજમાં સ્ફુર્યો હતો..."

"ના, ના, તેમ ન કરીશ, જેનકા!... જેની!" પ્લેટોનોવે તેને અધવચ્ચે જ અટકાવી.

"મારે માટે એક જ માર્ગ છે અને તે એ કે મારે આત્મહત્યા કરવી..."

"નહિ, નહિ, જેની, બધા માર્ગ લેજે, પણ એ માર્ગે કદાપિ ન જઈશ. જો કોઈ બીજા જ અસહ્ય સંજોગો હોત તો હું તને સ્પષ્ટ શબ્દોમાં જણાવત; પણ એ નિરર્થક માર્ગ છે, જેની! દુકાન બંધ કરવાનો વખત થયો છે... પણ તારે જેની જરૂર છે, તે તને તે રીતે નહિ મળે... તારી ઇચ્છા હોય તો હું તને એક સાવ સાદો

પણ તારી વૈરભાવના અને ઝેરીલાપણાને પોષે તેવો માર્ગ બતાવું અને જે કદાચ તારા ગુસ્સાને આથી હજારગણો સંતોષ પણ આપશે . . ."

"એ કયો માર્ગ છે?" જેનીએ કાંઈક ઉદાસીનતાપૂર્વક પૂછ્યું. તે થાકી ગઈ હોય તેવી જણાતી હતી.

"તે માર્ગ આ છે . . . તું હજી યુવાન છે અને હું સાચું કહીશ કે તું ઘણી જ સૌંદર્યમયી પણ છે, એટલે કે તું ધારે તે વખતે તારા સૌંદર્યને દાખવી શકે છે અને આકર્ષક પણ બની શકે છે . . . અને એની કિંમત નર્યાં સૌંદર્ય કરતાં પણ અનેકગણી વધારે છે. પણ, આજ દિન સુધી તને તારામાં કેટલું સૌંદર્ય છે તેની જાણ થઈ નથી અને મુખ્યત્વે તો તારામાં કેટલી મોહક શક્તિ છે અને તેનાથી પુરુષ–પતંગિયાં કેટલી ઝડપથી ખેંચાઈ આવી તારા ગુલામ બનવા મરી ફીટે છે તેનો તને ખ્યાલ નથી . . . તું સ્વાભિમાની, બહાદુર, સ્વતંત્ર માનસવાળી, ચતુર નવયૌવના છું. હું જાણું છું કે તેં ઘણું વાંચ્યું છે અને તેમાં કેટલુંક નકામું વાચન પણ આવી જતું હશે—છતાં તેં ઘણું વાંચ્યું છે અને તારી ભાષા તારા વર્ગની બીજી છોકરીઓ કરતાં સાવ જુદી જ તરી આવે છે. તું ધારે તો તારા સારાય જીવનનો માર્ગ પલટાવી દઈ, આ નરકની ખાણ—આ ચામામાંથી મુક્તિ મેળવી સ્વતંત્ર થઈ શકે. તું માત્ર તારી એક આંગળી ઊંચી કર અને તારી પાછળ ફકીરી લે, તારે માટે ચોરી કે ખૂન કરતાં પણ પાછા ન પડે, તેવા હજારો પુરુષો આવી તારા પગની પૂજા કરશે, તારા ચરણ ધોઇને પીવા માટે ખડેપગે હાજર થશે . . . મજબૂત લગામ અને હાથમાં કડક ચાબુક વતી તું તેમના પર રાજ્ય કર . . . જ્યાંસુધી તારામાં શક્તિ અને ઇચ્છા રહે ત્યાં-સુધી તું તેવા બધાયને સત્યાનાશીના માર્ગે વાળ, તેમને દીવાના બનાવી જગત માટે નાલાયક બનાવી દે . . . જરા વિચાર કર જેનકા, કે આજે પુરુષના જીવનમાં સ્ત્રી સિવાય કોનું આધિપત્ય

હોય છે? . . . ગઈ કાલની દાસીઓ, ધોબણો, રંગભૂમિની નટીઓ આજે કરોડોની મિલકત ધરાવે છે! જેમ ખેડૂતની કન્યા દાણા વીણે તેમ તેઓ ધન એકઠું કરે છે. જેને સહી કરતાં પણ ન આવડતી હોય તેવી સ્ત્રીઓ આજે પુરુષોને હથેળીમાં નચાવતી આખા સામ્રાજ્યો ધ્રુજાવે છે . . . મોટા મોટા રાજવીઓ પણ આજે સામાન્ય કન્યાઓ પરણે છે કે જે ગઈ કાલ સુધી માત્ર તેમની ખાનગી રખાતો જ હતી . . . આ માર્ગે જેનકા, તું તારું વૈર સંપૂર્ણપણે લઈ શકીશ અને હું દૂર ઊભો રહી તારા આ કાર્યની પ્રશંસા કરીશ . . . કારણકે તારામાં આ બધી શક્તિઓ છે . . . તું બાજ પક્ષી છું કે જે ધારે તે પક્ષીને પોતાના પંજામાં સપડાવી શકે છે . . . તારામાં એટલી શક્તિ છે કે એક વખત તો ભલભલા મહારથીઓ પણ તારા નયનબાણુથી વીંધાયા વગર ન રહે . ."

"ના." જેનકાએ આછું સ્મિત કરતાં કહ્યું. "મેં એનો પહેલાં વિચાર કર્યો હતો . . . પણ અત્યંત મહત્ત્વની હતી એવી કોઈક વસ્તુ મારા જિગરમાંથી બળીને ભસ્મ થઈ ગઈ છે . . . મારામાં હવે નથી રહ્યું બળ, કે નથી રહી ઇચ્છા શક્તિ, કે નથી રહી વાસનાઓ . . . . . . હવે તો જાણે કે મારામાં માત્ર શૂન્યતા જ બાકી રહી છે . . . . . . તમે તો જાણતા હશો કે એક એવું જીવડું હોય છે કે, જેને મસળી નાખતાં તેમાંથી માત્ર ભૂકો જ ખરી પડે છે. હું પણ એવી જ બની ગઈ છું. મારા આ અધમ જીવને મારામાં વેર સિવાય બીજું કાંઈ રહેવા દીધું નથી . . . અને હું તો પોચી છું એટલે મારું વેર પણ એવું જ ઢીલું છે . . . કોઈક બીજો એવો જ દૂધમલ યુવાન મારા જોવામાં આવતાં મને પુનઃ તેના તરફ અનુકંપા ઊપજશે અને પુનઃ હું મારી જાતને વગોવવા માંડીશ . . . ના, ના, તેથી જ મને મારો નક્કી કરેલો માર્ગ જ વધારે યોગ્ય . . ."

જેનકા શાંત થઈ ગઈ. પ્લેટોનોવને શું બોલવું તે સૂઝતું ન હતું. આ પરિસ્થિતિ બન્નેને માટે ત્રાસદાયક અને કઢંગી થઈ પડી.

અંતે જેનકા ઊભી થઈ અને પ્લેટોનોવ તરફ દૃષ્ટિ કર્યા વગર પોતાનો ઠંડો, નબળો હાથ તેના પ્રતિ લંબાવ્યો.

"સાહેબજી, પ્લેટોનોવ! તમારો કિંમતી સમય બગાડવા માટે માફી માગું છું . . . મને વિશ્વાસ છે કે તમારાથી બનત તો તમે મને તમારાથી બનતી સઘળી મદદ કરત . . . પણ, આ વિકટ પરિસ્થિતિમાં કોઈનીય સહાય કામ આવે તેમ નથી . . . સાહેબજી!"

"માત્ર કાંઈ પણ મૂર્ખાઈભર્યું ના કરીશ, જેનકા, હું તને વીનવીને કહું છું. . . ."

"ઠીક . . . ઠીક . . ." જેનકાએ જવાબ આપ્યો અને હાથ-વતી કંટાળો દર્શાવ્યો.

બહાર રાજમાર્ગ પર આવી બન્ને છૂટાં પડયાં, પણ થોડાક પગલાં આગળ જઈ જેનકા એકદમ થોભી ગઈ અને પ્લેટોનોવને બૂમ પાડી પાછો બોલાવ્યો:

"પ્લેટોનોવ, ઓ પ્લેટોનોવ!"

પ્લેટોનોવ જેનકાની બૂમ સાંભળી થોભ્યો અને પાછું વળી જોતાં જેનકાને પોતાને બોલાવતી જોઈ એટલે તેના તરફ પાછો ફર્યો.

"ગઈ કાલે રાત્રે રોલીપોલી અમારા દીવાનખાનામાં મૃત્યુ પામ્યો. મરતાં પહેલાં તો એ ખૂબ નાચતો ને કૂદતો હતો અને પછી ઓચિંતો જ ઢગલો થઈ ગયો . . . સાચે, મૃત્યુને ભેટવું એ રમત વાત નથી . . . અને હું તમને એક વાત પૂછવી ભૂલી ગઈ . . . આ મારો છેલ્લો પ્રશ્ન જ છે . . . કહો, ઈશ્વર છે કે નહિ?"

પ્લેટોનોવે ભમરો ચઢાવી.

"એનો હું શો જવાબ આપું? હું જવાબ નથી જાણતો. હું માનું છું કે ઈશ્વર છે ખરો; પણ જે રીતે આપણે કલ્પીએ છીએ, તે રીતે નહિ. તે વધારે સમજુ, વધારે ન્યાયી . . ."

"અને ભવિષ્યનું જીવન? મૃત્યુ પછી શું હોય છે? આ લોકો

કહે છે તેમ શું નરક કે સ્વર્ગ હોય છે? એ શું સાચી વાત છે? કે પછી માત્ર શૂન્યતા જ હોય છે? કે સ્વપ્નહીન નિદ્રા? કે સર્વત્ર અંધકાર?"

પ્લેટોનોવ જેનકા તરફ જોયા વગર ચૂપચાપ ઊભો રહ્યો. તેના અંતરમાં આ પ્રશ્નોથી વેદના અને ભય ઉત્પન્ન થતાં હતાં.

"મને એ વિષે કાંઈ માહિતી નથી." આખરે તેણે મહાપ્રયત્ને આટલો ટૂંકો જવાબ આપ્યો. "હું તારી સમક્ષ જૂઠું બોલવા નથી માગતો."

જેનકાએ નિશ્વાસ મૂક્યો અને દયાર્દ્ર રીતે આછું સ્મિત કર્યું.

"આભાર! આટલો જવાબ આપવા માટે પણ હું તમારી સદાની આભારી છું... તમારું જીવન સુખરૂપ નીવડો એવી મારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે... ચાલો સાહેબજી!"

તે ચાલવા લાગી અને ધીમે લથડતે પગલે ટેકરી ચઢવા લાગી.

પ્લેટોનોવ બરોબર વખતસર કામ પર હાજર થઈ ગયો. બૂમો પાડતા, બગાસાં ખાતાં, સૌ પોતપોતાને સ્થાને ગોઠવાતા હતા. ઝાવેરોટનીએ પ્લેટોનોવને દૂરથી આવતાં જોયો એટલે તે આખું બંદર સાંભળે તેવા ભયંકર અવાજથી બૂમો પાડવા લાગ્યો.

"તું ખરો બદમાશ છું, કારણકે બરોબર અણીને વખતે આવીને જ હાજર થયો... તારી તો આજે બરોબર રેવડી દાણાદાણ કરવાની મારી ઇચ્છા હતી... ચાલ, તારા સ્થાને ગોઠવાઈ જા."

"પણ તું ખરેખર એક બહાદુર પુરુષ છું, પ્લેટોનોવ!" ઝાવેરોટનીએ પછીથી પ્રેમાળ સ્વરે કહેવા માંડ્યું. "જો રાત હોત તો... પણ નહિ, તું તો ધોળે દહાડે માથકને બગલમાં મારીને રખડે છે......"

[૫]

શનિવાર, નિયમ મુજબ ડૉકટરી તપાસ માટે નિશ્ચિત થયેલો હોવાથી,ઘરમાં ધમાધમ મચી રહી હતી: અને બધી છોકરીઓ તેને માટેની તૈયારીમાં પડેલી હતી: અને જેમ સારા ઘરની સ્ત્રીઓ ડૉકટરને ત્યાં જતી વખતે જે પ્રકારની, વાળ ઓળવાની, મોંએ પાવડર લગાડવાની તથા સ્વચ્છ કપડાં પહેરવાની તૈયારીઓ કરે છે, તેવી તૈયારીઓ આ સર્વ છોકરીઓ પણ કરતી હતી. રસ્તા તરફની બારીઓના પડદા પાડેલા હતા, જ્યારે પાછલા ભાગની બારી બંધ કરી તે ઊઘડી ન જાય તે માટે તેની આગળ એક ટેબલ મૂકવામાં આવ્યું હતું.

બધી છોકરીઓનાં મન ઉદ્વેગમાં હતાં . . . "અને ધારો કે મારી જાણ બહાર મને રોગ લાગી ગયો હશે તો? . . . તો તો તરત જ મૂઓ ડૉકટર ઇસ્પિતાલમાં ધકેલી મૂકશે: ત્યાં અપમાન સહન કરવું પડશે: ઇસ્પિતાલની કઠોર જિંદગી સહન કરવી પડશે: ત્યાંનો ખરાબ ખોરાક ખાવો પડશે: અને કડવી કડવી દવાઓ ને પાટાપીંડીના દુઃખ વેઠવાં પડશે . . .!"

માત્ર મોટી માન્કા, ઝો અને હેન્રીએટા, એ ત્રણ જ સ્ત્રીઓના મુખ પર જરા પણ ઉદ્વેગ જોવામાં આવતો ન હતો; કારણકે ત્રણેયે ત્રીસ વર્ષ વિતાવ્યાં હતાં, એટલે તેઓ યામામાં જાણીતી થઈ ચૂકી હતી: વારવનિતાઓ તરીકે રીઢી થઈ ચૂકી હતી: ટૂંકમાં બધી બાબતોથી ટેવાઈ ગઈ હતી. ધંધા પ્રત્યે સરકસના જાડા ઘોડાઓની જેમ તેઓએ એક પ્રકારની બેદરકારી કેળવી હતી. માન્કા તો ઘણી વાર જણાવતી:

"મેં તો બહુ દુનિયા જોઈ નાખી . . . હવે તો મને કશું થાય તેમ નથી . . ."

જેનકા સવારથી જ ખૂબ ગંભીર બની ગઈ હતી અને કોઈની સાથે વાતચીત સુધ્ધાં કરતી ન હતી. એણે નાની માન્કાને એક સોનાની પહોંચી,એક વધસ્થંભવાળી ગળાની માળા તથા એક પોતાની છબીવાળું

લૉકેટ ભેટ આપ્યાં હતાં. ટમારાને સમજાવી પટાવી યાદગીરી રાખવા એ વીંટીઓ આપી હતી : આ બે વીંટીઓમાંની એક હતી રૂપાની અને ત્રણ ગડીવાળી—જે છૂટી કરી શકાતી, અને એક હતી પાતળી સોનાના તારની.

" મારાં આ કપડાં, ટમારા, આપણી દાસી અનુશકાને આપજે ને કહેજે કે ધોઇને તે પહેરે અને કોઈ કોઈ વાર મને યાદ કરે."

જેનકા અને ટમારા, બન્ને ટમારાની ઓરડીમાં બેઠાં હતાં. જેનકાએ સવારના પહોરમાં કોગ્નેક દારૂ મંગાવ્યો હતો અને ત્યારથી જ વચ્ચે વચ્ચે મીઠાઈના કકડા મોંમાં મૂકી દારૂના એક પછી એક ગ્લાસ તેણે ચઢાવવા માંડ્યા હતા. ટમારા આવું દૃશ્ય પહેલી જ વાર જોતી હતી અને તેથી આશ્ચર્ય પામતી હતી, કારણકે જેનકા હંમેશા દારૂને ધિક્કારતી અને ભાગ્યે જ તેને સ્પર્શ પણ કરતી–અને તે પણ મહેમાનોના ખૂબ આગ્રહને વશ થઈને જ.

" આજે કેમ આ બધી વસ્તુઓ તું આપી દે છે?" ટમારાએ પૂછ્યું. " જાણે તું મરવાની કે સાધુડી થઈ જવાની તૈયારી કરતી ન હોય?"

" હા, હવે હું અહીંથી વિદાયગીરી લેવાની છું." જેનકાએ શૂન્યમનસ્ક ચિત્તે જવાબ આપ્યો. " આજે હું બહુ જ કંટાળી ગઈ છું, ટમારા !"

" કેમ, આજે અમારામાંથી કોના પર તારો ખોફ ઊતરવાનો છે?"

" ના, ના, તેમ નથી . . . તમારા કોઈનાથી હું કંટાળી નથી . . . પણ કોણ જાણે કેમ આજે મને દરેક વસ્તુ તરફ કંટાળો ઊપજે છે. હું તારા તરફ, આ મેજ તરફ, મારા હાથ ને પગ તરફ જોઉં છું અને મને એક જ વિચાર આવ્યા કરે છે કે, આ બધામાં કાંઈ ભેદ નથી અને એ બધું નિરર્થક છે . . . એ બધું હોવાનો કાંઈ અર્થ નથી . . . મને એ બધા તરફ કોઈ જૂના ચિત્રમાં યમદૂતો જોઈ

કંટાળો ઊપજે તેવો કંટાળો ઊપજે છે . . . જો, પેલો કોઈ સૈનિક જાય છે . . . પણ મારે મન એ કાંઈ જ નથી. મને તો લાગે છે કે જાણે કોઈ ઘાયલ ઢીંગલી જાય છે . . . તે વરસાદમાં પલળે છે, તેથી પણ મને તેના પ્રત્યે કાંઈ ભાવ ઉત્પન્ન થતો નથી . . . અને તે, તું તથા હું બધાં એક દહાડો મૃત્યુને શરણ થવાનાં છીએ, એ વસ્તુ પણ મને જરાય ભયકારક અને વિસ્મયતા-ભરી જણાતી નથી . . . બધું જ મને એવું કંટાળાભરેલું તથા સરળ ભાસે છે કે . . .''

થોડી વાર જેનકા ચૂપચાપ બેસી રહી, દારૂનો એક ગ્લાસ વધારે ચડાવ્યો, મીઠાઈ ખાધી અને બારી બહાર રસ્તા પર જોઈ રહેતાં, ઓચિંતી બોલી ઊઠી:

" કહે, કહે, ટમારા—મેં તને આજ સુધી કદાપિ પણ એ વિષે પૂછ્યું નથી કે તું અહીં—આ નરકસ્થાનમાં શાથી અને ક્યારે આવી ? તું અમારા બધાથી જુદી તરી આવે છે. તને બધી વાતનું જ્ઞાન છે; કારણકે જે કોઈ અહીં આવે છે, તે બધાંની સાથે તું વાતો કરી શકે છે અને તેમની સાથે દલીલો પણ કરી શકે છે . . . તને ફ્રેંચ ભાષા પણ આવડે છે . . . અને છતાંય હજી અમને કોઈને તારા વિષે જરા પણ માહિતી નથી . . . કહે, તું કોણ છે ?''

" પ્રિય જેનકા, એ વાતમાં કાંઈ માલ નથી . . . જેવી બધા-યની તેવી મારી પણ જીવનકથા છે . . . હું છાત્રાલયમાં રહી શાળામાં અભ્યાસ કરતી હતી; ત્યાર પછી ગવર્નેસ બની : થોડોક વખત એક કુટુંબમાં સંગીતશિક્ષિકા તરીકે પણ કામ કર્યું. પછી એક બાગમાં શૂટીંગ ગેલેરી પણ કાઢી : પછી સરકસમાં જોડાઈ: હું તીરંદાજીમાં બહુ કાબેલ હતી . . . ત્યાર બાદ એક મઠમાં પણ હું રહી હતી . . . ત્યાં પણ બે વર્ષ વિતાવ્યાં . . . એમ મેં બહુ બહુ જિંદગી જોઈ . . . અત્યારે તો ઘણું યાદ પણ આવતું નથી . . . મેં ચોરી પણ કરી છે . . .''

"ત્યારે તો તેં જીવનના ઘણા અવનવા રંગો નિહાળ્યા છે!"

"હા અને તેથી જ મારી ઉમ્મર પણ કાંઈ ઓછી નથી. કહે, મને કેટલાં વર્ષ થયાં હશે?"

"બાવીસ . . . બહુ તો ચોવીસ!"

"ના! ના! આઠ દહાડા પહેલાં જ મને બત્રીસમું બેઠું. અહીં જેટલી છોકરીઓ છે, તે બધા કરતાં હું મોટી છું. માત્ર ફેર એટલો જ કે હું કોઈ વસ્તુથી અંજાઈ જતી નથી, તેમ તે તરફ મારું હૃદય પણ ઢાળી દેતી નથી. તું જાણે છે કે હું કદાપિ પણ દારૂ પીતી નથી . . . હું મારા શરીરની ખૂબ સંભાળ લઉં છું: અને એક મહત્ત્વની બાબત—ખૂબ મહત્ત્વની બાબત તો એ છે કે હું પુરુષોનાં પ્રલોભનમાં ખેંચાઈ જતી નથી . . ."

"કેમ, ત્યારે તારો સેનકા આવે છે તેનું શું?"

"સેનકા! એ વાત જુદી છે. સ્ત્રીહૃદય મૂર્ખ અને ચંચળ હોય છે . . . તે પ્રેમ વગર જીવી નથી શકતું . . . અને આમ હોવા છતાં હું તેને ચાહતી નથી . . . એ તો એક પ્રકારની પોતાના આત્માને છેતરવાની રીત છે. પણ ટૂંક સમયમાં જ, હવે મારે સેનકાની મદદની બહુ જરૂર પડશે."

આ શબ્દો સાંભળી જેનકા ઓચિંતી સચેતન બની ગઈ હોય તેવી જણાઈ અને તેની સખી તરફ ઉત્કંઠાપૂર્વક જોઈ રહી.

"પણ તું અહીં—આ નરકાગારમાં આવીને ક્યાંથી ચોટી ગઈ? તું આટલી ચાલાક, સુંદર, મળતાવડી . . ."

"એનો આખો ઇતિહાસ રજૂ કરતાં તો મોટું મહાભારત થાય એમ છે . . . અને હું છું ત્યારે આળસુ . . . મને આ સ્થાનમાં આવવાનું આકર્ષણ થયું હતું: હું એક જુવાનિયાની મોહજાળમાં ફસાઈ હતી અને તેની સાથે તેના ક્રાંતિકારક કાર્યમાં જોડાઈ હતી; કારણકે આપણે સ્ત્રીઓ એ જ પ્રમાણે વર્તીએ છીએ: જે આપણો પ્રિયતમ જુએ તે જ આપણે જોઈએ છીએ: જે આપણો પ્રિયતમ કરે

તે જ આપણે કરીએ છીએ... મને તેના કાર્યમાં તો શ્રદ્ધા ન હતી, છતાં તેના પ્રત્યેની લાગણીને લઈ ને તેમાં સાથ આપતી હતી. અને એ હતો ખૂબ જ મીઠાબોલો, ચપળ, વાતોડિયો અને સુંદર ... માત્ર પાછળથી તે બાયલો અને દ્રોહી નીવડ્યો ... તે ક્રાંતિમાં પોતાનો સ્વાર્થ સાધવા જોડાયો હતો : તે પોતાના સાથીઓનો દ્રોહ કરી તેમને પોલીસને હવાલે કરતો હતો : ટૂંકમાં તે સરકારી જાસૂસ હતો. પછી જ્યારે તે પોતે સપડાઈ ગયો અને પોલીસના હાથે જ મૃત્યુને શરણ થયો, ત્યારે મને ભાન આવ્યું કે હું અગ્નિ સાથે ખેલતી હતી; પણ મારે ખરી જરૂરિયાત તો છુપાઈ જવાની હતી... મેં મારો પરવાનો બદલી નાખ્યો. પછી લોકોએ મને સલાહ આપી કે હમેશાંને માટે છુપાઈ રહેવાય તે માટે સૌથી ઉત્તમ માર્ગ તો એ જ હતો કે મારે મારો પરવાનો પીળા પાસ (વારવનિતાના પરવાના)માં ફેરવી નાંખવો ... અને પછી જ ખરી મજા તો શરૂ થઈ... અને અહીં પણ હું કાંઈ જીવનભર રહેવાની નથી. જ્યારે મારો વખત આવશે કે તરત જ હું અહીંથી રવાના થઈ જઈશ."

"ક્યાં?" જેનીએ અધીરાઈ દાખવતાં પૂછ્યું.

"જ્યાં જવાય ત્યાં—જગત વિશાળ છે... અને મને રઝળું જીવન બહુ ગમે છે... કેમ વળી, જ્યારે હું મઠમાં ગઈ ત્યારે પણ આ જ પ્રમાણે રહી હતી : ત્યાંયે ભજનો ગાતી અને ક્રિયાઓ કરતી : પણ પછી તે બધાથી કંટાળી એટલે એકદમ માર્યો કૂદકો અને ગાયકમંડળમાં આવીને જોડાઈ. કેમ ... એ કૂદકો કેવો? ... એવું જ વળી અહીં પણ કરીશ. ગમે ત્યાં—સરકસ, રંગભૂમિ કે કોઈ એવા જ સ્થાને જઈ પહોંચીશ ... પણ જેનકા, મને તો ચોરીના ધંધા તરફ વળવાનું આજકાલ બહુ મન થાય છે ... એમાં રહેલું જોખમ મને ખૂબ આકર્ષે છે! હું આટલી બધી શાણી ને સભ્ય સ્ત્રી છું અને સુસંસ્કૃત હોવાનો ડોળ કરી શકું છું, તે બધું ભૂલી જજે. સત્યતઃ તો હું સાવ જુદા જ પ્રકારની નારી છું."

તેનાં નયનોમાં ઓચિંતો કોઈ અજબ પ્રકારનો ચમકાટ ઝળકી રહ્યો. તે બોલી: "મારામાં તો સેતાનનો વાસો છે."

"એ બધું તારે માટે ઠીક છે." જેનીએ પુનઃ કંટાળો દાખવતાં કરુણ સ્વરે જણાવ્યું. "તું તો અમુક પ્રકારની ઇચ્છા પણ રાખે છે, પણ મારો આત્મા તો શૂન્યતામાં ભળી ગયો છે . . . મને હજી માત્ર પચીસ જ વર્ષ થયાં છે, છતાં મારો આત્મા ઘરડી ડોશી જેવો થઈ ગયો છે અને તેને મોતના ભણકારા સંભળાય છે . . . મને ઘણું થાય છે કે જો મેં પવિત્ર જીવન ગુજાર્યું હોત . . . ઉફ્ . . . પણ આ તો કાદવમાં પગ નાંખી પોતાને જ છાંટા ઉડાડવાના હતા!"

"બસ કર, જેનકા! તું તો સાવ મૂર્ખતાભરી વાતો કરી રહી છું. તારામાં ચપળતા છે: મૌલિકતા છે: તારામાં એ અપૂર્વ શક્તિ છે કે જે વડે હજારો પુરુષો ખેંચાઈ આવી તારા પગની ધૂળ ચાટે! તદુપરાંત તું હવે અહીંથી ચાલી જવાની છું; અલબત્ત, મારી સાથે તો નહિ, કારણકે હું તો હંમેશાં એકલી જ રહું છું . . . પણ તારી ઇચ્છા મુજબ તું જવા તૈયાર છું."

જેનકાએ માથું ધુણાવ્યું અને ચૂપચાપ, આંખમાં આંસુ ન હોવા છતાં, મોંને હથેળીઓમાં ઢાંકી દીધું.

"ના!" તેણે થોડી વાર પછી ઉદાસીન સ્વરે જવાબ આપ્યો. "ના, હવે બધાનો અંત આવ્યો છે. મારું નસીબ હવે મને આગળ વધવા દેવાની ના પાડે છે . . . હવે હું જીવંત માનવી નથી રહી, પણ એક પ્રકારનાં ગંદાં જીવડાં જેવી થઈ ગઈ છું . . . હે . . .!" તેણે ઓચિંતા નિરાશાનો દેખાવ કર્યો. "ચાલ, આપણે થોડો દારૂ પીએ, જેનકા!" તે પોતાને જ સંબોધતી હોય તેમ બોલી. "અને થોડી મીઠાઈ ખાઈએ . . . કેવી ગંધાતી મીઠાઈ છે! . . . કોણ જાણે અનુશકા આવો કચરા જેવો માલ ક્યાંથી ઉપાડી લાવે છે? . . . અને પાછી એવી બદમાસ છે કે એમાંથીય પોતાના કમિશનના ચાર પૈસા કાઢ્યા વગર નહિ રહે. એક દહાડો મેં એને પૂછ્યું:

'અલી, આ બધા પૈસા એકઠા કરીને શું કરીશ?' ત્યારે તેણે મને જવાબ આપ્યો કે, 'હું તો મારા લગ્ન માટે એકઠા કરું છું અને હું મારું અનાઘ્રાતં પુષ્પં જેવું શરીર મારા પતિને સોંપીશ ત્યારે તેને કેટલો આનંદ થશે! ઉપરાંત મારે થોડા રૂબલ પણ તેને માટે એકઠા કરવા જોઈએ!' તે સુખી છે! મારા આયના નીચે થોડા પૈસા છે, ટમારા, તે તેને આપજે . . ."

"અને તેં શું ધાર્યું છે? મૂર્ખ! તેં શું મરવાનો વિચાર કર્યો છે?" ટમારાએ ઠપકો આપતાં જણાવ્યું.

"ના, પણ મને કાંઈ થાય તો તેમ કરજે, એમ કહું છું . . . લે, હમણાં જ એ પૈસા લઈ લે! કદાચ એ લોકો મને હૉસ્પિતાલમાં લઈ જશે . . . અને ઘડીક પછી શું થશે એ કોણ કહી શકે તેમ છે? . . . જરૂર પડે તો કામ લાગે તે માટે મેં થોડું પરચુરણ રાખ્યું છે . . . અને ધાર કે ઓચિંતી જ હું કાંઈક કરવા બેસું, તો તું મને અટકાવે ખરી કે, ટમારા?"

જવાબમાં ટમારા તેના તરફ, તેના આત્માના ઊંડાણમાં ઊતરવા મથતી હોય તેમ એકીટસે, સ્થિર ભાવથી તેને જોઈ રહી. જેનીની આંખમાં કરુણા હતી; જાણે કે તે માત્ર શૂન્યતાથી જ ભરેલી હતી– જાણે કે તેમાંથી આત્મા જ ઊડી ગયો હતો અને ત્યાં માત્ર કોડીઓ ગોઠવી હોય તેવી તે ભાસતી હતી.

"ના!" આખરે ટમારાએ સ્વસ્થ ચિત્તે પણ નિશ્ચિત અવાજે જવાબ આપ્યો. "આમાં મમતાનો પ્રશ્ન હોય તો જરૂર હું તને અટકાવું. પૈસાનો પ્રશ્ન હોય તો તારી પાસેથી ઝૂંટવીને લઈ લઉં, પણ એવા કેટલાક પ્રસંગો હોય છે, જેમાં કોઈએ વચમાં ન પડવું જોઈએ. અલબત્ત, હું તેમાં મદદ તો ન જ કરું, પણ સાથે જ હું વચ્ચે પડી અટકાવવાનો પ્રયત્ન પણ ન કરું!"

એ જ વખતે નાની બાઈ ઝોસિયા, ત્યાંથી બૂમો પાડતી

પસાર થઈ: "છોકરીઓ, કપડાં પહેરી તૈયાર થાઓ! ... ડૉક્ટર આવી ગયો છે ... ચાલો, જલદી કરો!"

"ઠીક, તૈયાર થા ત્યારે, ટમારા!" જેનકાએ ધીમેથી ઊભા થતાં જણાવ્યું. "હું પણ હવે મારી ઓરડીમાં જઈશ, કારણકે મારે હજી કપડાં બદલવાનાં છે; જો કે, મારે મન કપડાં બદલ્યાં કે ન બદલ્યાં, એ બધુંય સરખું જ છે. મને બોલાવે અને હું ન આવું, તો મને બૂમ પાડજે અથવા તો મને બોલાવવા આવજે!"

અને ટમારાની ઓરડીમાંથી બહાર જતાં, જાણે આકસ્મિક જ તેને અથડાઈ હોય તેમ તેના ખભાને વળગી આલિંગન આપ્યું અને તેને મમતાપૂર્વક પંપાળ્યો.

ડૉક્ટર કલીમેંકો—શહેરનો સરકારી ડાકટર—તપાસ માટેની અનિવાર્ય વસ્તુઓ જેવી કે વેસેલીન, દવાનું સોલ્યુશન, એક નાનો આયનો અને બીજી કેટલીક વસ્તુઓ તૈયાર કરતો હતો અને બહારના ઓરડામાં તે બધાંને એક જુદા નાના ટેબલ પર ગોઠવતો હતો. તે સાથે બાજુમાં જ છોકરીઓની નામાવલિની એક યાદી તેમ જ તેમના પરવાના પડ્યા હતા. દૂર છોકરીઓ માત્ર અડધાં બદન, બૂટ અને મોજાં પહેરી ટોળું વળી ઊભી હતી. ટેબલની નજીક માલિકણ પોતે—આના મારકોવના તથા તેની જરાક પાછળ એમા એડવર્ડોના તથા ઝોસિયા ઊભેલાં હતાં.

ડૉક્ટર વૃદ્ધ હતો અને કામમાં બેદરકાર હતો, એટલું જ નહિ પણ દરદીઓ પ્રત્યે પણ બેદરકાર રહેતો. તેણે ચશ્માં પોતાનાં કાળાભૂરા નાક ઉપર વાંકાં ગોઠવ્યાં, યાદી તરફ નજર નાખી અને કહ્યું: "એલેકઝાન્ડ્રા બાઝિન્સ્કાયા!"

નસકોરાં ચઢાવતી, બૂચા નાકવાળી નીના આગળ આવી, અને મોં પર ગુસ્સો દર્શાવતી તથા પોતાના કઢંગાપણાથી અને પોતાને જે પરીક્ષામાં પસાર થવું પડશે તેની શરમથી જોરથી

શ્વાસોચ્છ્વાસ લેતી તે મેજ ઉપર ચઢી. ડૉકટરે, નાક ઉપરથી ખસી જતાં ચશ્માંને વારંવાર ઠીક કરતાં તપાસ શરૂ કરી :

" ઠીક . . . છે, પાસ ! ચાલવા માંડ. "

અને પાસની પાછળ લખ્યું : " ૨૮ મી ઑગસ્ટ : પાસ. " અને જ્યાં લખવાનું પૂરું પણ થયું નહિ, ત્યાં તો તેણે બીજી સ્ત્રીને આગળ આવવા બૂમ પાડી : " વોશેનકેવા, ઇરીન ! "

હવે હ્યુબકાનો વારો આવ્યો. ગયા દોઢ મહિનાની સ્વતંત્રતા દરમિયાન આ ડૉકટરી તપાસથી તે છૂટી હતી અને તેથી જ્યારે ડૉકટરે તેનું બદન ઊંચું કર્યું, ત્યારે તે શરમની મારી લાલચોળ થઈ ગઈ.

તેના પછી ઝોનો વારો આવ્યો. ત્યારબાદ નાની માન્કા, પછી ટમારા અને ન્યુરકા. આ ન્યુરકાને પ્રમેહ લાગુ પડ્યો હતો એમ ડૉકટરે જાહેર કર્યું અને તેને ઇસ્પિતાલમાં મોકલી આપવાનો હુકમ કર્યો.

ડૉકટર અજબ ઝડપથી તપાસનું કામ પૂરું કરતો હતો : આજ વીસ વર્ષથી દર શનિવારે તેને આવી હજારો છોકરીઓને તપાસવાનું કામ કરવું પડતું હતું; અને સરકસના ખેલાડીઓ જે ચપળતાથી પોતાનું કાર્ય સપાટાબંધ પૂરું કરે છે, તેટલી જ ચપળતા અને ત્વરાથી તે પોતાનું તપાસનું કામ પૂરુ કરતાં શીખી ગયો હતો, અને કોઈ ઢોરનો ડૉકટર જે સ્વસ્થતાથી રોજનાં હજારો જાનવરો તપાસે, તે જ સ્વસ્થતાથી આ ડૉકટર પોતાનાં આ દરદી તપાસતો હતો.

તેણે એવો કદાપિ પણ વિચાર કર્યો હતો કે તેની સમક્ષ જીવંત માનવીઓ ઊભાં હતાં; કે કાયદાબદ્ધ વેશ્યાવૃત્તિ નામે ઓળખાતી ભયંકર સાંકળનો પોતે સૌથી છેલ્લો પણ સૌથી મહત્ત્વનો અંકોડો હતો ?

ના ! અને જો તેને કદાચ આવી લાગણી થઈ પણ હશે તો તેય તેના વ્યાવસાયિક જીવનના પ્રારંભમાં જ ! હવે તો તેની સમક્ષ હતાં માત્ર નગ્ન પેટ, નગ્ન પીઠ અને નગ્ન મુખ ! આમાંની એ પણ વ્યક્તિ જો તેને પછીથી રાજમાર્ગ ઉપર મળે, તો તેને તે ઓળખ શકે તેમ ન હતો. મુખ્ય વસ્તુ તો એ હતી કે જેમ બને તે જલદીથી તપાસ પૂરી કરવી કે જેથી બીજા ગૃહમાં જવાય અ ત્યાંથી ત્રીજા, ચોથા, નવમા ને વીસમામાં એમ સમયસર બાં પહોંચી શકાય.

"સુસાના રાયઝીના !" ડૉકટરે છેલ્લું નામ પુકાર્યું, પરં ટેબલ સમક્ષ કોઈ હાજર ન થયું.

ગૃહનાં બધાં માનવી એકબીજા પ્રત્યે જોવા અને અરસ્પ કાનાફૂસી કરવા લાગ્યાં.

"જેનકા . . . જેનકા, ક્યાં ગઈ ?"

પણ છોકરીઓમાં તે હાજર ન હતી.

પછી ટમારા, જે હમણા જ ડૉકટરની તપાસમાંથી મુક્ત થા હતી; તે જરા આગળ આવી અને કહેવા લાગી:

"તે અહીં નથી. તેને હજી તૈયાર થવાનો સમય મળ્યો નથ માફ કરજો, ડૉકટર સાહેબ, હું જઈને તેને હમણાં જ તેડી લાવું છું."

એમ કહી તે તરત જ અંદર દોડી ગઈ, પણ જ્યારે ઘણી વા સુધી તે પાછી ન ફરી, ત્યારે તેની પાછળ એમા પણ ગઈ, પછ ઝોસિયા ગઈ અને પછી માલિકણ પોતે—આના મારકોવન જેનકાને બોલાવવા ગઈ.

"ફુ ! . . . કેટલું ભયંકર !" બહાર ચાલીમાં ઊભી રહ વાંકુંચૂકું મોં કરતી એમા બોલતી હતી. "અને હંમેશાં દરે ઝઘડામાં જેનકા પહેલી જ હોવાની . . . હા, એ જેનકા જ. . . હવે તો મારી ધીરજનો પણ અંત આવ્યો છે !"

પણ જેનકા કયાંય ન હતી : તે ન તો ટમારાની ઓરડીમાં હતી કે ન તો તેની પોતાની ઓરડીમાં. બધાંય બાકીની બધી ઓરડીઓમાં અને ખૂણાખાંચરામાં શોધી વળ્યાં . . . પણ તેનો કયાંય પત્તો ન લાગ્યો.

"ચાલો, સંડાસમાં તપાસીએ . . . કદાચ ત્યાં ગઈ હોય ?" ઝોએ સૂચના કરી.

પણ એ સ્થાન અંદરથી બંધ હતું. એમાએ બહારથી બારણું ઠોકયું. "જેની, જલદી આવ! આવા મૂર્ખાઈવેડા શા કરે છે ?"

પણ અંદરથી કાંઈ જવાબ ન મળ્યો, એટલે પુનઃ આખું ઘર ધ્રૂજી ઊઠે એટલા જોરથી તે કહેવા લાગીઃ "સાંભળ્યું . . . રાં . . . શંખણી ! એકદમ બહાર આવ . . . બહાર તારો સગો—ડૉકટર ખોટી થાય છે !"

પણ પુનઃ અંદરથી કાંઈ જવાબ ન મળ્યો.

દરેકે મગજમાં એક જ વિચારસહ, ભયથી એક બીજા પ્રત્યે જોયું.

એમાએ કડું પકડી બારણું હચમચાવ્યું, પણ તે ન ઊઘડયું.

"સામિયનને બોલાવો !" આના માર્કોવનાએ હુકમ કર્યો.

સામિયનને બોલાવવામાં આવ્યો . . . તે આવ્યો ત્યારે નિયમ મુજબ તેના મુખ પર ગંભીરતા અને આંખમાં ઘેન હતાં. છોકરીઓનાં વાંકાચૂકાં મુખ જોતાં જ તેને ખાતરી થઈ હતી કે કાંઈક એવો પ્રસંગ બન્યો હતો જેમાં તેની વ્યાવસાયિક ક્રૂરતા અને બળની જરૂર પડી હતી. તેને બોલાવવાનું કારણ તેને જાહેર કરવામાં આવ્યું, કે તરતજ તેણે બે હાથે કડું ઝાલ્યું અને ભીંતે શરીર ટેકવી તે જોરથી ખેંચ્યું.

કડું તેના હાથમાં રહી ગયું અને તે લથડિયું ખાઈ જમીન પર ચત્તોપાટ ઢળી પડયો.

"એનો બાપ મરે . . ." તેણે ઘોઘરા અવાજે બબડવા માંડયું. "મને છરી લાવી આપો!"

તેણે છરી વતી બારણામાં કાણું પાડયું અને તેમાં પોતાનો હાથ ઘાલી અંદરની કડી ખોલી નાખી. આખરે બારણું ઊઘડયું.

ફાનસ લટકાવવાના કડાને એક છેડો બાંધી, બીજો છેડો પોતાને ગળે વીંટી, જેનકાએ ફાંસી ખાઈ જીવનનો અંત આણ્યો હતો. તેનું શબ સંડાસની વચ્ચોવચ ઝૂલતું હતું. તેનો ચહેરો કાળો પડી ગયો હતો અને જીભ બહાર લટકતી હતી. બાજુમાં જ ઉતારી નીચે મૂકવામાં આવેલો દીવો પડચો હતો.

આ દૃશ્ય જોઈ કોઈકે ચીસ પાડી. અને પછી તો તરત જ ભડકેલા ટોળાની માફક છોકરીઓ ચીસાચીસ પાડતી અને ધક્કામૂકી કરતી ઓરડાની બહાર નીકળી જવા દોડાદોડ કરવા લાગી.

ધમસાણનો અવાજ સાંભળી ડોક્ટર ત્યાં આવી પહોંચ્યો. આવી પહોંચ્યો ખરો—દોડતો નહિ, પણ ધીમાં સ્વસ્થ પગલાં ભરતો . . . તેણે જે દૃશ્ય જોયું તેથી તે જરા પણ વિસ્મય થયો કે ઉશ્કેરાયો નહિ. તેના ડોક્ટરી જીવનમાં તેને આવાં દૃશ્યો વારંવાર જોવાં પડતાં હતાં, તેથી હવે તે રીઢો થઈ ગયો હતો. તેણે સામ્પિયનને જેનકાનું શરીર જરા ઊંચું કરવા કહ્યું અને પછી પોતે સ્ટૂલ પર ચઢી ગળાની દોરડી કાપી નાખી. પછી તરત જ તેણે જેનકાના શબને મોટા ઓરડામાં લાવવા હુકમ કર્યો કે જેથી ત્યાં જીવ બાકી રહ્યો હોય તો ઉપચાર કરી શકાય; પણ થોડી વારમાં જ તેને ખાતરી થઈ કે તેનું પ્રાણપંખી તો કયારનુંય ઊડી ગયું હતું અને હવે મહેનત કરવી વ્યર્થ હતી, એટલે ચશ્માં ઠીક કર્યાં અને પછી સ્વસ્થ સ્વરે જણાવ્યું: "પંચાતનામું કરવા પોલીસને બોલાવો!"

પુનઃ ખરકેશ આવ્યો, પુનઃ માલિકણના ખાનગી ઓરડામાં તેણે થોડી વાર ઘુસપુસ કરી અને પુનઃ એક સો રૂબલની નોટ તેના ખીસામાં પડી.

પાંચ મિનિટમાં પંચાતનામું પૂરું થયું અને જે અર્ધનગ્ન અવસ્થામાં જેનકા મૃત્યુ પામી હતી, તે જ અવસ્થામાં એક ભાડાની ગાડીમાં તેના શબને નાખી, તે પર બે ગાભા નાખી, તેને સરકારી ઇસ્પિતાલ તરફ રવાના કરવામાં આવી.

જેનકાએ તેના મેજ પર જે ચિટ્ઠી મૂકી હતી, તે સૌથી પહેલાં એમાના હાથમાં આવી. હિસાબની ચોપડી—જે દરેક વારવનિતાને માટે અનિવાર્ય હતી—તેમાંથી એક પાનું ફાડી તે પર પેન્સિલ વડે તેના બાલીશ ને વાંકાચૂંકા અક્ષરોમાં—જે પૂરવાર કરતા હતા કે છેલ્લી ઘડી સુધી તે સ્વસ્થ હતી અને તેથી તેનો હાથ આ ચિટ્ઠી લખતાં ધ્રૂજતો ન હતો—નીચે પ્રમાણે લખ્યું હતું:—

"મારી વિનંતી છે કે કોઈને પણ મારા મૃત્યુ માટે જોખમદાર ન ગણશો. હું એટલા માટે આત્મહત્યા કરું છું કે મને રોગ લાગુ પડયો છે, હવે આવું જીવન જીવવાનો મને લાંબો મોહ પણ રહ્યો નથી. મારી વસ્તુઓની વહેંચણી કેમ કરવી, તેની ટમારાને ખબર છે. મેં તેને બધું વિગતથી સમજાવ્યું છે."

આ વાંચી ટમારા જે ત્યાં હાજર હતી તેના તરફ એમા ફરી, અને ડામે એવા કરડાકીના ને તિરસ્કારના શબ્દો વડે કહેવા લાગી:

"એમ, ત્યારે તું બધી વાત જાણતી હતી. રાં . . . કુલટા ! તને બધી વાતની ખબર હતી . . . અને છતાં કોઈને વાત સરખી ન કરી . . ."

નિયમ મુજબ તે આ પળે ટમારાને ફટકાવવા તત્પર થઈ હતી, પણ ઓચિંતી જ ફાટેલે ડોળે અને પહોળું મુખ રાખી તેનાં તરફ એકીટસે જોતી અટકી ગઈ. જાણે તે આજે જ ટમારાને પ્રથમ વાર જોતી હતી, કારણકે ટમારા તેના તરફ ધીમેથી ઢળેલી આંખોમાંથી સીધી નજરે નજર મિલાવતી એવી તો ક્રોધભરી આંખોથી જોઈ રહી હતી કે તેના અસહ્ય તેજ આગળ એમા હારી ગઈ અને ચૂપ બની ગઈ. તે જ પળે ટમારાએ તેના મોં પર રૂપેરી ધાતુની ચમકતી એક વસ્તુ ધરી.

[૬]

તે જ દિવસે સાંજે, આના મારકોવનાના ગૃહમાં એક અતિ મહત્ત્વનો બનાવ બન્યો. આખું ગૃહ-ઘરબાર, રાચરચીલું અને માણસો—બધું એમા એડવર્ડોવનાને વેચી દેવામાં આવ્યું.

આના આ વિષેની વાતચીત લાંબો સમય થયા કરતી હતી; પણ જેનકાના મૃત્યુ પછી તરત જ જે વસ્તુની માત્ર વાતો જ થતી હતી, તે સત્યતઃ બનતાં દરેકના મનમાં ભય અને વિસ્મયતા પેદા થયાં. બધાં આ જર્મન સ્ત્રીની ક્રુરતા, તેનો શિષ્ટાચાર, તેના ઘડીકમાં બીજી સ્ત્રી પ્રત્યેના હદ ઉપરાંતના અને માનવીને મૂંઝવી નાખે તેવા પ્યારથી વાકેફ હતાં. તદુપરાંત આ સાટા બદલ એમાએ જે પંદર હજાર રૂબલ આના મારકોવનાને આપવાના હતા, તેમાંથી ત્રીજા ભાગની રકમ તો બરકેશ—જે કેટલોક સમય થયાં આ જાડી 'બાઈ' સાથે અર્ધ મિત્રાચારી અને અર્ધ વ્યાવસાયિક સંબંધથી જોડાયલો હતો—તેના હતા, તે વાત સૌ કોઈની જાણમાં હતી. આ બેશરમ, દયાહીન અને મસકાબાજ લોકોનો એક સંબંધ થતાં પોતાનાં ઉપર હવે શી શી યાતનાઓ ગુજારવામાં આવશે, તે વિચાર-માત્રથી સઘળી છોકરીઓ ધ્રૂજી ઊઠતી હતી.

આનાએ આ કબાલો આટલી સસ્તી કિંમતે કરી નાખ્યો તેનું કારણ તેના ભૂતકાળનાં કેટલાંક છૂપાં કર્મોથી બરકેશ વાકેફ હતો તે જ માત્ર ન હતું, પણ તેનો જે હંમેશનો ભય—તે ધારે તે વખતે તેને સરકારની મહેમાન બનાવે અને તેની આખીય મિલકત જપ્ત કરી લે, તે ભયમાંથી મુક્તિ મળે તે હતું. આવું કરવા માટે કારણો શોધવા જવું પડે તેમ ન હતું અને કેટલીયે માલિકણોને તેના તરફથી આવી ધમકીઓ મળી ચૂકી હતી અને બીજી કેટલીક તેના પંજામાં સપડાઈ, જેલખાનાની હવા પણ ખાતી હતી.

બહારથી પોતાની ગરીબાઈ અને ભૂતકાળને જાહેર કરતી અને તે માટે નિસાસા નાખતી આના મારકોવના, આ કબાલો થયાથી અંતઃકરણથી ખૂબ ખુશ થઈ હતી, અને સાથે સાથે એ પણ કહેવું જોઈએ કે તેની હવે ઉમ્મર પણ થઈ હતી અને પોતે અપંગ થઈ જાય તે પહેલાં આ બધાંથી છુટકારો મેળવી સંપૂર્ણ આરામ લઈ શકે તે માટે ઘણા સમયથી આતુર હતી. જ્યારે તે એક સામાન્ય વારવનિતા હતી ત્યારે—જે વસ્તુનો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો તે સર્વ વસ્તુઓ—શાંતિમય વૃદ્ધ જીવન, શહેરની વચ્ચોવચ ખાનદાન કુટુંબોની વચ્ચે એક ઘરનું ઘર, આંતરરાષ્ટ્રીય બેંકમાં એક લાખ વીસ હજાર રૂબલ રોકડા જમા, માનીતી દીકરી બર્ડી—જે આજ નહિ તો કાલે કોઈ ઇજનેર, ડૉક્ટર, વકીલ કે સરકારી અમલદાર, એવા સદ્‌ગૃહસ્થને પરણશે—અને તેને પોતે આજ સુધી કોઈએ નહિ આપી હોય તેવી કિંમતી અને અમૂલ્ય પહેરામણી આપી શકશે એવી હાર્દિક ઇચ્છા . . . એ સર્વ હવે તેને પ્રાપ્ત થયું હતું . . . હવે તે જરા પણ ધમાધમ કર્યાં વગર શાંતિથી ભોજન લઈ શકે અને મનગમતી મીઠાઈઓ—જે માટે તે મરી ફીટતી તે—ખાઈ શકે: ભોજન પછી ઘરનો બનાવેલો મધુર દારૂ પી શકે: જાહેરમાં તેના ધંધાથી અણવાકેફ પણ અંતરથી તો સર્વ વાતોથી વાકેફ, એટલું જ નહિ પણ આ ધંધામાં આટલો બધો નફો મેળવી શકાય છે તે જાણ્યા પછી મનમાં જ અદેખાઈ કરનાર, સારા ખાનદાન ઘરની સ્ત્રીઓ સાથે સાંજ પડે પાનાં અને શેતરંજના દાવ ખેલી શકે તેવો સમય હવે તેને માટે આવી પહોંચ્યો હતો, વૃદ્ધાવસ્થાના આ શાંતિ-મય જીવનના આનંદી મિત્રોમાં એક હતી શરાફી પેઢીની મેનેજર, બીજી હતી રેલવે સ્ટેશન નજદીકની હોટેલની માલિકણ અને ત્રીજી હતી એક નાની ઝવેરાતની દુકાનની માલિકણ, જે ચોરીનો માલ રાખવામાં પહેલે નંબર હોઈ, શહેરના સઘળા ચોરો અને બદમાશોનું આશ્રયસ્થાન હતી અને તેમનાથી વાકેફ હતી, અને સમય જતાં આના

મારકોવના આ દરેકનાં ભૂતકાળનાં અધમ કામોથી વાકેફ થઈ ચૂકી હતી, પણ તેમના સમાજમાં આવી બીનાઓનો જાહેર રીતે ઉલ્લેખ કરવામાં આવતો નહિ; ત્યાં તો માત્ર ચાલાકી, બહાદુરી, હિમ્મત, સફળતા અને સભ્ય શિષ્ટાચારને જ માન આપવામાં આવતું.

આ ઉપરાંત **આના મારકોવનાના** માનસને પૂરતી કેળવણી અને ખીલવણી નહિ મળેલી હોવાથી તેનામાં એક એવી શક્તિએ કબજો લીધો હતો, કે જે તેને હંમેશા ઝઘડા અને ટંટાઓથી દૂર રાખતી અને એવા પ્રસંગોએ સફળતાપૂર્વક પોતાનું કામ પાર પડે તેવા માર્ગ શોધી આપતી અને તેથી હવે જ્યારે રોલીપોલીનું ઓચિંતું મૃત્યુ થયું—જેનકાએ આત્મહત્યા કરી—ત્યારે તેના અગાધ ઊંડા અંતઃકરણે અગમચેતીના પગલાં ભરવાની સૂચના કરતાં જણાવ્યું કે તેનો ભાગ્યનો સિતારો હવે ફરવા માંડચો હતો અને તેમાંથી જેટલું જલદીથી છૂટાં થવાય તેમાં જ લાભ હતો. પરિણામે આવું પગલું ભરનાર તે પહેલી જ હતી.

કહેવાય છે કે ઘરને આગ લાગવાની હોય કે વહાણને અકસ્માત થવાનો હોય ત્યારે તે વિષેની ખબર ડાહ્યા ને અધીરા ઉંદરોને સૌથી પહેલાં પડે છે અને તેથી તેઓ તેવું કાંઈ બને તે પહેલાં જ સાવચેતી ખાતર તે સ્થાન છોડી બીજા સ્થાને નાસી જાય છે. **આના મારકોવનાને** પણ આવી જ ઉંદર જેવી કોઈ અગમ્ય ભાવનાએ ચેતવી દીધી હતી અને તેની ધારણા સાચી પડી હતી: જેનકાના મૃત્યુ પછી ટૂંક સમયમાં જ પહેલાં **આના મારકોવનાની** માલિકીના—પણ પાછળથી **એમા એડવર્ડોવનાની** માલિકીના—ગૃહમાં ઘણા દુઃખદાયક પ્રસંગો બન્યા: મરણો, તોફાનો, ધમાચકડીઓની તો ત્યાં એટલી પરંપરા ચાલી કે શેક્સપિયરનાં નાટકોમાં પણ તેટલી નહિ આવતી હોય! અને આ રોગ આખા **યામાને** લાગુ પડ્યો હતો.

આ કમ્બાલો થયા પછી, એક અઠવાડિયામાં જ મૃત્યુને શરણ થનાર સૌથી પહેલી તો **આના મારકોવના** પોતે જ હતી, પણ

આવું તો જેઓ ત્રીસ ચાળીશ વર્ષ એક જ કામ કર્યા પછી છૂટા થાય છે, તેઓની બાબતમાં ઘણી વાર બને છે. દાખલા તરીકે, યુદ્ધના ઘોડાઓ—જેમને શાંતિ મળતાં જ તેઓ મૃત્યુ પામવા માંડે છે; શેરબજારના દલાલો, જે મિલકત મળતાં શાંતિ મેળવવા ધંધાથી ફારેગ થાય છે, તે પણ વહેલા મરી પરવારે છે; કારણકે આખો વખત તેમનો આત્મા કાંઇક જોખમ અને સાહસનું કાર્ય ઉથાપવા ઇચ્છતો હોય છે. અત્યંત સુંદર સ્વાસ્થ્ય અને મનોશક્તિ ધરાવતા માનવીઓનો પણ આવો જ ઓચિંતો અંત આવે છે. છેક છેલ્લી ઘડી સુધી સુંદર ભૂમિકાઓ ભજવનાર નટ પણ નિવૃત્ત થતાં મોટે ભાગે તરત જ મૃત્યુને આધિન થાય છે . . . આના મારકોવનાનું મૃત્યુ પણ આજ નિયમને અનુસરીને થયું હતું. એક વાર તે પાનાં રમતી હતી, ત્યાં તેને જરા અઠીક લાગવા માંડયું : મિત્રોને થોડી વાર થોભવા જણાવ્યું ને કહ્યું પોતે થોડી વાર આરામ કરશે એટલે ઠીક થઈ જશે. શયનગૃહમાં જઈ તે શય્યા પર સૂઈ ગઈ, એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો અને શાંત, અરે સૌમ્ય મુખમુદ્રા અને આછા સ્મિતસહ તે પરલોક સિધાવી ગઈ. તેના જીવનમાં ગૌણ ભાગ ભજવનાર તેનો વફાદાર જીવનભાગી ત્યાર પછી માત્ર એક મહિનો જ વધારે જીવ્યો હતો.

બર્ડી હવે આ બધાની એકલી માલિકણ થઈ હતી. તેણે ઘર તથા બીજી જમીનજાગીરો વેચી નાખીને રોકડા પૈસા કરી લીધા; લગ્ન કર્યું અને પહેલાં જે પ્રમાણે કલ્પના કરવામાં આવી હતી તે જ પ્રમાણે તે લગ્ન સુખરૂપ પણ નીવડયું. આજ સુધી તે તો એમ જ માનતી હતી કે તેનો પિતા એશિયા માઈનોરમાં ઘઉંનો એક જબરજસ્ત વેપારી હતો.

જે દિવસે જેનકાનું શબ યામાની નિર્જન શેરીમાં થઈને

હૉસ્પિતાલમાં લઈ જવામાં આવ્યું, તે દિવસે સાંજે એમાના હુકમને આધીન થઈ, બધી છોકરીઓ મોટા દીવાનખાનામાં એકઠી થઈ હતી. જેનકાના મૃત્યુની છાપ હજી જ્યાં તાજી હતી, ત્યાં તે જ દિવસે તેમને બધાને કપડાં પહેરી, પાવડર લપેડી, આનંદમગ્ન બનવું પડશે, મહેમાનોને રીઝવવા પડશે અને નૃત્ય કરવું પડશે, એ સત્ય વિરુદ્ધ કોઈનામાં પણ ફરિયાદ કરવાની હિંમત ન હતી.

અને અંતે એમા એડવર્ડોવના પોતે એ દીવાનખાનામાં દાખલ થઈ. તે અત્યારે પહેલાં હતી તે કરતાં પણ વધારે ભવ્ય ભાસતી હતી. તેણે કાળા મખમલનો પોશાક પહેર્યો હતો અને તેમાંથી કોઈ પહાડની બે ટેકરીઓની જેમ તેનાં વિશાળ સ્તનો તરી આવતાં હતાં. ગળામાં ત્રણ સેરની સોનાની માળા નાંખી હતી અને તેમાં ભેરવેલું લૉકેટ તો ઠેઠ પેટ આગળ લટકતું હતું.

"છોકરીઓ!" તેણે પોતાનો પ્રભાવ પાડવા સત્તાદર્શક સ્વરે કહ્યું. "મારે . . . ઊભી થાઓ!" તેણે ઓચિંતા બૂમ પાડતાં કહ્યું. "જ્યારે હું કાંઈ પણ કહેતી હોઉં ત્યારે તમારે તે ઊભા ઊભા સાંભળવું."

દરેક છોકરી એક બીજા તરફ મૂંઝાઈને જોવા લાગી. ગૃહમાં આવો હુકમ પહેલી જ વાર થતો હતો, છતાં દરેક છોકરી એક પછી ઊભી થઈ. દરેકના મોં પર વિસ્મયતા અને ભય સ્પષ્ટ દષ્ટિગોચર થતાં હતાં; મોં ખુલ્લાં અને આંખો ફાટી ગઈ હોય તેવી જણાતી હતી.

"સાંભળો... આજથી તમારે મને માલિકણ જેટલું માન આપવાનું છે." એમાએ કઠોર સ્વરે કહેવા માંડ્યું. "આજથી આ ગૃહનું માલિકીપદ સ્વર્ગસ્થ અને ભલી બાઈ આના મારકોવનાના હાથમાંથી કાયદેસર મારા—એમા એડવર્ડોવનાના હાથમાં આવ્યું છે. મને આશા છે કે આપણામાં કલહ નહિ થાય અને તમે સમજુ, આજ્ઞાંકિત અને આબરૂદાર કન્યાઓના જેવી વર્તણૂક રાખશો. હું

તમારી સાથે તમારી માતાની જેમ વર્તન રાખીશ; પણ યાદ રાખજો કે હું કોઈ પણ પ્રકારની આળસ, નશાબાજી કે એવી ધાંધલ કે અવ્યવસ્થાને સાંખીશ નહિ. ભલી બિચારી આના મારકોવના તમને બહુ છૂટ આપતી હતી, પણ હું એવી છૂટ સાંખી શકીશ નહિ—બલકે હવે તો હું પહેલાં કરતાં પણ વધારે સખ્તાઈ ચલાવીશ. મારે ત્યાં નિયમનને સર્વથી વધુ અગત્યનું સ્થાન આપવામાં આવશે. એ બહુ દિલગીરીની વાત છે કે રશિયન લોકો આળસુ, ગંદા અને મૂર્ખા હોઈ, આ નિયમોને સમજતા નથી; પણ ચિંતા ન કરશો—તમારા જ ભલા માટે હું તમને તે નિયમો બરાબર રીતે સમજાવીશ. હું કહું છું તે 'તમારા જ ભલા માટે,' કારણકે મારી ખાસ ઇચ્છા એ છે કે સામે આવેલા ટ્રેપલને હરીફાઈમાં આપણે હઠાવી દેવું. મારી ઇચ્છા છે કે મારે ત્યાં આવતો ગ્રાહક, એક મહત્ત્વ ધરાવતી અને પ્રભાવશાળી વ્યક્તિ હોય અને નહિ કે કોઈ આલીમવાલી કે સામાન્ય વિદ્યાર્થી કે રંગભૂમિનો નાલાયક નટ હોય. હું ચાહું છું કે મારી છોકરીઓ સારાય શહેરમાં સૌથી વધારે સુંદર પોશાક પહેર-નારી, સૌથી વધારે સભ્યતાવાળી, તંદુરસ્ત, સુંદર અને આનંદી છોકરીઓ હોય. મકાનને સંપૂર્ણ રીતે શણગારવા માટે હું પૈસો પાણીની માફક વેરીશ અને તમને બધાંને ઉત્તમ રાચરચીલું, રેશમી પોશાકો અને મખમલની શેતરંજીઓ આપવામાં આવશે. તમારા મહે-માનો માત્ર સામાન્ય બીર જ નહિ માગતા હોય, પણ માત્ર શેમ્પેન અને મધુર બોર્ડો તથા બરગન્ડી દારૂ જ માગતા હશે. યાદ રાખજો કે ધનિક, પ્રભાવશાળી અને આધેડ ઉમ્મરના પુરુષને તમારી સામાન્ય અને ગામડિયા પ્રણયચેષ્ટા પસંદ નથી આવતી. તેમને તો તીખી-તમતમતી મસાલેદાર વાનગી જોઇએ. તે માત્ર વ્યાવસાયિક વસ્તુ નથી ઇચ્છતો: તે તો કળામય વસ્તુ માગે છે: અને તમને ટૂંક સમયમાં આ બધું આવડી જશે. ત્યાં ટ્રેપલમાં એક મુલાકાતના ત્રણ રૂબલ અને આપી રાતના દસ રૂબલ લેવામાં આવે છે. હું એવો

નિયમ કરીશ કે તમને એક મુલાકાતના પાંચ રૂબલ અને આખી રાતના પચીસ રૂબલ મળશે. મહેમાનો તમને સોના અને ઝવેરાતની વસ્તુઓની ભેટ આપશે. હું એવી વ્યવસ્થા કરીશ કે જેથી તમારે હલકાં ને માત્ર સૈનિકોની ઘરાકીવાળાં ગૃહોમાં જઈ પહોંચવાનો વખત નહિ આવે. નહિ! દરેક માસે તમારા દરેકની બચત મારી પાસે જમા રાખવામાં આવશે અને તમારા નામનું ખાતું ખોલી બેંકમાં જમા કરવામાં આવશે, કે જ્યાં તેમાં વ્યાજનો અને ચક્રવૃદ્ધિ વ્યાજનો ઉમેરો થતો જશે; અને તેથી જ્યારે કોઈ છોકરી આ ધંધામાંથી નિવૃત્ત થવાની કે કોઈ ખાનદાન માણસને પરણી સુખમય જીવન ગાળવાની ઇચ્છા કરશે ત્યારે બહુ મોટી તો નહિ, પરંતુ અમુક ચોક્કસ રકમ તો જરૂર તેના હાથમાં આવશે. રીગા અને બીજા દેશોનાં સૌથી ઉત્તમ ગૃહોમાં આજ પ્રકારની વ્યવસ્થા હોય છે. કોઈનેય એમ કહેવાનો વારો નહિ આવે કે એમા એડવર્ડોવના તો લોભી અને લાલચુ છે; પણ હુકમની અવગણના, આળસ, ખોટા ધૂની ખ્યાલ, ખાસ જુદા પ્રિયતમો રાખવાની ખરાબ ટેવ, એ બધા ગુનાઓ માટે તો હું ક્રૂરતાભરી સજાઓ કરીશ, અને સડેલા છોડને જેમ કોઈ ખેંચી કાઢીને ફેંકી દે તેમ તેવી છોકરીઓને હું હાંકી કાઢીશ અને શેરીએ શેરીએ રઝળતી કરી દઈશ. હવે મારે જે કાંઈ કહેવાનું હતું તે હું કહી ચૂકી છું. નીના, મારી પાસે આવ. અને તમે દરેક તેની પછી વારાફરતી મારી નજીક આવજો."

નીના ડરતી ડરતી તેની નજીક આવી અને ધ્રૂજતા પગે તેની સમક્ષ ઊભી રહી. એમાએ પોતાનો જમણો હાથ આગળ ધરી નીનાના હોઠ આગળ ધર્યો:

"તેને ચુંબન કર!" સિંહાસને ચઢતી રાજકન્યાની જેમ માથું પાછળ નાખી ને આંખો ઝીણી કરી એમાએ સ્પષ્ટ પણ સત્તાદર્શક સ્વરે જણાવ્યું.

નીના એટલી બધી ડરી ગઈ હતી કે તેનો જમણો હાથ વધસ્થં-

ભની નિશાની કરવા ઊંચો થઈ ગયો: પણ તેણે તરત જ સ્વસ્થતા ધારણ કરી. જોરથી લંબાવેલા હાથને ચુંબન કર્યું અને એક બાજુ ખસી ગઈ. તેની પાછળ ઝો, હેન્રીએટા, વાન્ડા અને બીજી છોકરીઓ એક પછી એક આવી અને એમાના લંબાવેલા હાથને ચુંબન કરી એક બાજુએ ખસી ઊભી રહી. દીવાનખાનામાં આંટા દેતી વખતે જે આયનામાં પોતાનું રૂપ જોઈ જેનકા અભિમાન લેતી, તે આયના તરફ પીઠ ફેરવી માત્ર ટમારા જ ભીંત નજદીક અચલ ભાવે ઊભી રહી.

એમાએ પોતાની સત્તાદર્શક અને કઠોર દૃષ્ટિ તેના પર ફેરવી, પણ તેની ટમારા ઉપર કાંઈ જ અસર ન થઈ. તે તો જરાય પણ અસ્વસ્થ થયા વિના તેની દૃષ્ટિમાં પોતાની દૃષ્ટિ મેળવી ઊભી રહી, પણ તેના મુખ પર કોઈ પણ જાતનો ભાવ જણાતો ન હતો. પછી નવી માલિકણે પોતાનો લંબાવેલો જમણો હાથ નીચો વાળ્યો અને મુખ પર સ્મિત લાવી કર્કશ સ્વરે કહ્યું:

"અને ટમારા તારી સાથે હું ખાનગીમાં થોડીક વાતચીત કરવા માગું છું. ચાલ, મારી સાથે સાથે આવ!"

"ભલે, એમા એડવર્ડોવના!" ટમારાએ શાંત ચિત્તે જવાબ વાળ્યો.

પૂર્વે આના મારકોવના જે ઓરડીમાં બેસી બપોરની ચાહ લેતી, ત્યાં આવીને એમા એડવર્ડોવના એક સોફા પર બેઠી અને સામેની એક ખુરશી પર ટમારાને બેસવા જણાવ્યું. થોડી વાર સુધી બન્ને સ્ત્રીઓ એકબીજાનાં અંતર ભેદવાના પ્રયત્ન કરતી આંખો વડે જોતી કાંઈ પણ બોલ્યાચાલ્યા વગર બેસી રહી.

"તેં ઠીક કર્યું, ટમારા!" આખરે વાર્તાલાપની શરૂઆત કરતાં એમા એડવર્ડોવનાએ જણાવ્યું. "પેલી નાદાન છોકરીઓની જેમ તું મારો હાથ ચૂમવા આગળ ન આવી એ તેં ઠીક કર્યું! અને તું આવી હોત તો પણ હું તને તેમ કરતાં અટકાવત; પણ ઊલટું બધાની સમક્ષ, ત્યાં જ, તે જ પળે, હું તને ફાયદો થાય

એવી શરતોથી, મારી મુખ્ય સહાયક અને વડીબાઈનું સ્થાન ૨
કારવા જણાવત. સમજી . . . !"

"તે માટે હું આપની અત્યંત આભારી છું."

"ઊભી રહે, મને બોલી લેવા દે! મારી વાત પૂરી થાય, પછી તારે જે કાંઈ કહેવાનું હોય તે કહેજે, પણ પહેલાં મને વાતનો ખુલાસો કર કે કાલે મારી સામે પિસ્તોલ તાકવામાં ત શો ઈરાદો હતો? શું તું મને મારી નાખવા ઇચ્છતી હતી?"

"એમાબાઈ, તે સમયે ઊલટું મને જ એમ લાગતું હતું તમે મને મારશો!" ટમારાએ જવાબ વાળ્યો.

"ફુ! આ શું બોલે છે, ટમારા . . . આપણા આટલા વર્ષે સહવાસમાં મારવાની વાત તો દૂર ગઈ, પણ મેં તને તુંકારો સર પણ કર્યો છે? . . . તો પછી આવી ખોટી કલ્પના કરવાનો અર્થ? . . . હું તને આ હલકી રશિયન છોકરીઓ જેવી ગણ નથી. પ્રભુનો એટલો પાડ માનું છું કે મારામાં લોકોને ઓળખવ શક્તિ તેણે સારા પ્રમાણમાં આપી છે અને તેથી જ હું જાણ છું કે તું ઘણી જ સંસ્કૃત—મારા કરતાં પણ વધારે સંસ્કૃત ક છે; ઉપરાંત તું ચપળ, સ્વચ્છ અને આવડતવાળી બાળા છે. ‹ મને ખાતરી છે કે તું સંગીત પણ સુંદર રીતે જાણે છે, ‹ છેલ્લે મને તારા માટે . . . શું કહેવાય . . . તારા માટે ખાસ પક્ષ છે અને તું જ ઊઠીને મને મારી નાખવા તત્પર થઈ! મને— તારી ઉત્તમમાં ઉત્તમ મિત્ર થઈ શકે તેને જ! બોલ, એનો તું જવાબ આપે છે?"

"જવાબ . . . કાંઈ જ નહિ, એમા એડવર્ડોવના ટમારાએ ઘણા જ મંદ તથા મીઠા સ્વરે કટાક્ષ કરતાં જણા "એનો જવાબ સાવ સહેલો છે, કારણકે તમારા બધા કરતાં સૌથી પહેલી એ રિવોલ્વર જેનકાના ઓશીકા નીચેથી મળી અને તમને આપવા હું લઈ આવી હતી. તમે જ્યારે કાગળ વાં

હતાં, ત્યારે મેં વચ્ચે પડવાનું ઉચિત ધાર્યું ન હતું. પછી તમે મારી તરફ ફર્યાં, મેં રિવોલ્વર આપવા હાથ લંબાવ્યો. હું કહેવા જતી હતી: 'જુઓ, એમા એડવર્ડોવના, મારા હાથમાં શું છે?' કારણકે જેનકાના હાથમાં આવું સરળ હથિયાર હોવા છતાં તેણે પરલોક જવાને આવો ભયંકર માર્ગ કેમ પસંદ કર્યો તે વિષે મને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. આ મારો જવાબ!"

આ જવાબ સાંભળી એમાના મુખ પરની ગંભીરતા ઓસરી ગઈ. આંખોમાં આનંદ સ્પષ્ટ જણાવા લાગ્યો અને મુખ હસુહસુ થઈ રહ્યું. તેણે તરત જ બે હાથ ટમારા તરફ લંબાવ્યા અને કહ્યું:

"બસ, આટલી જ વાત હતી! અરે પ્રભુ! અને મારા મનમાં તો કેટકેટલા વિચાર આવી ગયા! લાવ ટમારા, લાવ, તારા બે હાથ—તારા બે નાજુક રૂપાળા હાથ અને મને તેને હૈયા સરસા ચાંપી તે પર ચુંબન લેવા દે!"

એમાએ એટલું લાંબું ચુંબન લીધું કે મહામહેનતે અને કંટાળીને ટમારાએ હાથ છોડાવ્યા, ત્યારે જ તે છૂટા થયા.

"હવે આપણી અંગત વાતચીત પર આવીએ. મારી શરતો આ મુજબની છે. આ ગૃહની વડી બાઈ તું અને તે પેટે તને ચોખ્ખા નફામાંથી પંદર ટકા ભાગ મળશે. ધ્યાન રાખ, ટમારા, પંદર ટકા ઓછા નથી. તે ઉપરાંત માસિક પગાર પેટે ત્રીસ, ચાળીસ કે તું કહે તો પચાસ રૂબલ આપીશ. ઉદાર શરતો છે, નહિ વારુ? સાચું કહેજે! મારી ખાત્રી છે કે આપણા ગૃહને ઊંચી કક્ષાએ લાવવાની અને તેને આપણા શહેરમાં જ નહિ પણ સારાય દક્ષિણ રશિયામાં એક ઉત્તમ પ્રકારનું ગૃહ બનાવવાની, તારા સિવાય બીજા કોઈનામાં શક્તિ નથી. તારામાં એ વિષયની પુષ્કળ સમજણ છે અને તું ધાર્યું કામ કરી શકે છે . . . ઉપરાંત કેટલાક એવા મિજાજી મહેમાનોને સાચવવાની તને છૂટ રહેશે. અને કોઈ ખાસ સંજોગોમાં, જ્યારે કોઈક માલદાર ઘરાક હશે અને તે તારામાં લુબ્ધ થઈ જઈ—કારણકે તું

અત્યંત ખૂબસૂરત અને મોહક છે . . ." અત્રે એમા તેના પ્રત્યે લુબ્ધ દષ્ટિએ જોઈ રહી હતી. "ત્યારે હું તેની મહેમાનગીરી કરવાની પણ તને રજા આપીશ; જો કે તારે એ નથી ભૂલવાનું કે તારી સ્થિતિ અને સ્થાનને લીધે તે પ્રમાણે કરવાની છૂટ નથી. કેમ કબૂલ?"

"કબૂલ!"

"તે વખતે તારે જાણે કે ન છૂટકે, તેમ વર્તવાની ફરજ પડતી હોય અને તેના પ્રત્યે મહેરબાનીની રાહે આ પ્રમાણે કરવા કબૂલ થતી હોય તેમ વર્તવું—હું તને ક્યારે હા પાડવી તે માટે સંજ્ઞા-દ્વારા જણાવીશ."

"હાજી, તમે બહુ સમજુ વાતો કરો છો. આ પણ કોઈ સામાન્ય બાબત નથી. એ બહુ ગંભીર હોઈ. . . ."

'બીજું . . . હવે તારા પ્રણયીની વાત ઉપર આવીએ. હું તે માટે તને રજા આપું છું, પણ એટલું સ્પષ્ટ રીતે જણાવીશ કે તે અહીં વારંવાર આવે તે મને ગમશે નહિ. અમુક દિવસોએ હું તને રજા આપું ત્યારે તું તેની પાસે જઈ આવજે. જો કે મારી સલાહ તો એવી છે કે જો તું તેના વગર ચલાવી શકે તેમ હોય તો તેના જેવું ઉત્તમ બીજું કાંઈ નથી. એથી તને આગળ ઉપર ફાયદો થશે; કારણકે એ લોકો આળસુ અને કંટાળો ઉપજાવનારા અને આપણા ખિસ્સાં ખાલી કરી જનારા હોય છે. આ હું તને મારા અંગત અનુભવ પરથી કહું છું. થોડો સમય થોભી જા, ત્રણ ચાર વર્ષમાં આપણે આ ધંધાને એટલો તો સરસ ખીલવીશું કે તે સમય દરમિયાન તારી પાસે પણ થોડીક મૂડી એકઠી થતાં હું તને ભાગીદારીમાં લઈ લઈશ. દસ વર્ષ પછી પણ તું જુવાન અને ખૂબસૂરત હોઈશ અને તે સમયે તારી ઇચ્છામાં આવે તેવા પુરુષોને ખરીદી તારા ગુલામ બનાવજે અને યથેચ્છ આનંદ માણજે. તે દરમ્યાન તારા મગજમાંથી આ ખોટા વિચારો પણ નાશ પામી ગયા.

કરશે અને તે વખતે તારી પસંદગી થવાને બદલે, જેમ કોઈ ઝવેરી પોતાને મનફાવતા હીરા પસંદ કરી ખરીદી કરે, તેમ તું પસંદગીના કરી પુરુષોને ખરીદવા શક્તિમાન થઈશ. કેમ, મારી વાત પસંદ આવે છે?"

ટમારાએ આંખો નીચી ઢાળી દીધી અને એક આછું સ્મિત કર્યું.

"તમારી વાત લાખ રૂપિયાની છે, એમાબાઈ! અને તમારી આ સલાહ મુજબ હું મારા પ્રણયીનો ત્યાગ કરીશ, પણ તેમ કરતાં મને થોડો સમય લાગશે. માત્ર એ એક અઠવાડિયામાં હું તેનાથી છૂટી થઈ જઈશ. તે અહીં ન આવે તે માટે હું તેને જણાવી દઈશ. હું તમારી શરતો કબૂલ રાખું છું."

"સરસ!" એમાએ ઊભા થતાં કહ્યું. "અને એની ખુશાલીમાં આવ, એક ચુંબન લઈએ!"

અને તેણે પુનઃ ટમારાને ગાઢ આલિંગન આપી જોરથી ચુંબન લીધું. તે સમયે ટમારા ઢળેલી આંખો અને સરળ મૃદુ ચહેરાને લીધે સાવ નિર્દોષ કન્યા જેવી લાગતી હતી, પણ આખરે તેનાથી છૂટા થતાં તેણે પૂછ્યું:

"એમાબાઈ, મેં તમારી બધી શરતો કબૂલ રાખી છે અને તેના બદલામાં તમે મારી એક શરત કબૂલ રાખશો? એમાં તમારે તમને કાંઈ આપવા મૂકવાનું છે નહિ. મારી માગણી માત્ર એટલી જ છે કે તમે મને તથા બીજી છોકરીઓને જેનકાને દાટવા લઈ જાય ત્યારે સાથે જવાની રજા આપશો."

એમાનું મુખ કટાણું થઈ ગયું.

"ભલે, તમારે બધાને જવાની ઇચ્છા હોય તો મને તેમાં કશો વાંધો નથી, પણ એથી શો ફાયદો થવાનો છે? એથી મૃત માનવીને તો કશો ફાયદો મળતો નથી. તે કાંઈ જીવતી થવાની નથી. એ તો માત્ર એક પ્રકારની માનસિક નબળાઈ જ કહેવાય... અને તે વખતે

તમને બધાને નાહકનો શોક થશે . . . પણ જેવી તમારી બધાની ઇચ્છા! પણ મને યાદ છે ત્યાંસુધી આત્મહત્યા કરી મરી જનાર માનવીઓના શબને કહે છે કે દાટતા નથી, ત્યાં આગળ એક મોટો ગંદો ખાડો હોય છે તેમાં ફેંકી દે છે. ખરું ખોટું તો ભગવાન જાણે!"

"અમને અમારી ઇચ્છા મુજબ કરવા દો. ભલે એ અમારી માનસિક નબળાઈ હોય, પણ એમાં તમે કશો વાંધો નહિ લો, એટલું જ અમે ઇચ્છીએ છીએ. પણ એ સાથે હું ખાતરી આપું છું, કે ભવિષ્યમાં હું આવી બીજી કોઈ માગણી નહિ કરું. આ પછી હું એક કાબેલ સરદારના સમજુ ને આજ્ઞાંકિત સૈનિક જેવી બનીને તમારી સેવા ઉઠાવીશ."

"જેવી તારી મરજી!" એમાએ એક નિઃશ્વાસ મૂકતાં જણાવ્યું. "તને મારાથી કશી વાતમાં ના નથી પડાતી, બહેન! લાવ, મને તારો હાથ દબાવવા દે! આજથી આપણે જગતનું ભલું કેમ વધારે થાય તે રીતે વર્તવાનું છે."

અને બારણું ઉઘાડી તેણે બૂમ પાડીઃ "સામિયન!" અને જ્યારે સામિયન ત્યાં આવી હાજર થયો ત્યારે તેણે વિજયોન્મત્ત સ્વરે કહ્યુંઃ

"જા, જલદી જઈ શેમ્પેનની એક બોટલ અહીં લઈ આવ. ચાલ, જલદી કર!" ઝીણી આંખો વડે તેના તરફ જોઈ રહેલા દરવાનને તેણે હુકમ કર્યો. "આજે આપણું નવું સાહસ સફળ નીવડે અને વ્યાપારની વૃદ્ધિ થાય તેની ખુશાલીમાં સાથે બેસીને શેમ્પેનની મોજ માણીશું."

"જેવી આજ્ઞા, એમાબાઈ!" ટમારાએ જવાબ આપ્યો. "તમે તો મારા અંધકારમય જીવનને તેજોમય બનાવ્યું છે. અમને આજ સુધી જરાય ખબર ન હતી કે તમે આટલાં બધાં સમજુ અને દયાળુ હશો. આજે જ હવે મને ખબર પડે છે કે તમે તો માત્ર

નિયમનની—અમારી ફરજો અમે બરાબર રીતે પાળીએ છીએ કે નહિ તે જ જોવાં ઇચ્છતાં હતાં. કેમ, ખરું કહું છું ને ?"

"જરૂર !" પ્રશંસા સાંભળી એમાએ ફુલાઈ જતાં કહ્યું. "જરૂર !"

અને જ્યારે શેમ્પેન પિવાઈ રહ્યો, ત્યારે ટમારાએ કહ્યું:

"અને મારા વહાલાં શેઠાણી અને મારાં આ ધંધાનાં ગુરુ, મારે તમને એક બીજી વિનંતી કરવાની છે કે . . ."

"ખુશીથી ! મારી તો ઇચ્છા છે કે તું કાંઈક મારી પાસે માગ્યા કરે ! મને ખાતરી છે કે કોઈ એવી નકામી વાતની માગણી તો તું નહિ જ કરે ! તું કહે તે મારે અત્યારથી જ કબૂલમંજૂર છે."

"વાત જાણે એમ છે કે," ટમારાએ મૂળ વાત ઉપર આવતાં કહ્યું. "હું એ વાત બરાબર રીતે સમજી શકી છું કે મારી સ્થિતિ અમુક અંશે આ ગૃહની એક ચાકરડી જેવી હશે . . ."

"મારા સહાયકારી જેવી." એમાએ ટમારાના વાક્યને સુધારતાં કહ્યું.

"ઉપકાર." ટમારાએ માથું નમાવી જવાબ આપ્યો. "પણ તમે જ હમણાં નહોતાં કહેતાં કે અમુક ખાસ સંજોગોમાં તમે મારો ઉપયોગ સૌથી વધારે આકર્ષક અને તેથી સૌથી વધારે કિંમતી વારવનિતા તરીકે કરશો . . ."

"બરાબર છે !"

"અને તેથી જ હું મને થોડો ઉપાડ મળે તેવી વિનંતી કરું છું, કારણકે મારે મોટા ઘરની દાસીની જેમ મોહક અને પુરુષોને લોભવનારો હોય એવો કિંમતી પોશાક પહેરવો પડશે, વળી અત્તરો જોઈશે, થોડું ઝવેરાત પણ જોઈશે . . ."

એમા તો આ સાંભળી ખુશખુશ થઈ ગઈ.

"અરે મારી વહાલી ટમારા, તને તો મારે કશું જ કહેવાની

જરૂર નહિ પડે. હું જાહેર કરું તે પહેલાં તું મારો વિચારો જાણી જાય છે."

"મારે માટે આપને સારો અભિપ્રાય અત્યારથી જ બંધાયો છે, તે જાણી હું આપનો ઉપકાર માનું છું અને મારી જાતને ભાગ્યશાળી ગણું છું, પણ હવે મારે મારાં કપડાં વગેરેની તૈયારીમાં ગૂંથાવું પડશે—અને તે પણ જેટલી બને તેટલી ત્વરાથી . . . પણ હું દિલગીર છું કે . . ."

"અરે, તેવી બાબતોમાં હું કંજૂસાઈ કરું તેવી નથી. બોલ, કેટલા જોઈશે?"

"મને લાગે છે કે . . . બસો રૂબલ પૂરતા થશે." ટમારાએ અચકાતાં અચકાતાં કહ્યું.

"ત્રણસો લેજે!"

ટમારાએ, પોતે તેના ઉપકારના ભાર તળે દબાઈ જતી હોય તેવો દંભ કરતાં, એમાને ચુંબન કર્યું.

અને તેથી જ્યારે ટમારા ત્યાંથી જવા નીકળી ત્યારે આનંદ અને સ્મિતસહ મનમાં મલકાતી હતી કે, "હાશ, અમને પ્રિય એવી અમારી સખીની છેલ્લી ક્રિયાઓ પૂરતી રીતે, અને તે પણ એક માનવી હતી તેવી રીતે અમે કરી શકીશું."

કહેવાય છે કે, માણુસ મરતાં મરતાં બીજાને લાભ કરતું જાય છે. જો આ વાતમાં કાંઈ તથ્યાંશ હોય તો તો અમારે કહેવું પડશે કે આ શનિવારે તે સાચું પડયું હતું; કારણકે તે દિવસે ત્યાં અસાધારણ પ્રમાણમાં ઘરાકી હતી. સામાન્ય રીતે શનિવારે ઘરાકી વધારે રહેતી, પણ આ શનિવારે તો અસાધારણ હતી. એ સાચું હતું કે છોકરીઓ જેનકાની ઓરડી આગળથી પસાર થતાં, તે તરફ ભયથી વાંકી નજરે જોતી અને પોતાની ચાલ વધારી દેતી; વળી કોઈ કોઈ તો વધસ્થંભની સંજ્ઞાઓ પણ કરી લેતી, પણ જેમ જેમ રાત પડતી ગઈ, તેમ તેમ તેમનો ભય કમી થતો ગયો. બધી ઓરડીઓ

મહેમાનોથી ચિકાર હતી અને બહાર દીવાનખાનામાં એક નવો ફિડલવાળો મધુર સ્વરે ફિડલ પર એક પછી એક સૂર છેડતો હતો.

ટમારાને વડી બાઈ બનાવવામાં આવી છે, તે વાતની જાણ થતાં કોઈએ ઝાઝો હર્ષ બતાવ્યો નહિ. વખત મળતાં નાની માન્કાને એક ખૂણામાં લઈ જઈ ટમારાએ જણાવ્યું:

"સાંભળ માન્કા! તું એ બધી છોકરીઓને ખાનગીમાં કહી દેજે કે હું અહીં વડી બાઈ થઈ છું એ વાતને ભૂલી જાય. મારે એ પદ સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો. તેમને કહીએ કે જેમ મરજીમાં આવે તેમ મજા કરજો, માત્ર મને વચમાં સંડોવશો નહિ. હું તો હજીય પૂર્વે હતી તેવી જ તેમની મિત્ર અને શુભેચ્છક છું ... અને આગળ ઉપર વળી જોઈ લઈશું."

[૭]

બીજે દિવસે, રવિવારે, ટમારાએ ઘણા કામ માથે ઉપાડયાં હતાં. પોતાના સૌથી નજીકના પ્રિયજનના મૃત્યુસંસ્કાર વેળા માણસ જે જે વિધિઓ કરવી આવશ્યક ધારે તે સર્વ વિધિઓ કરવાનો, તેમ કરતાં જે કાંઈ પ્રતિકૂળ સંજોગો ઊભા થાય તે સર્વનો સામનો કરવાનો અને એ રીતે એક શુદ્ધ ખ્રિસ્તીની જેમ જેનકાની છેલ્લી ક્રિયા કરવાનો તેણે અડગ નિશ્ચય કર્યો હતો.

તેનો મુકાબલો એવા વર્ગના માણસોની સાથે કરી શકાય, જેઓ બાહ્યદૃષ્ટિએ શાંત, એકલપેટા અને બેદરકાર દેખાતા હોય, અર્ધઆળસુ જેવા જણાતા હોય, સામાન્ય પ્રસંગોમાં પાઈનો હિસાબ રાખતા હોય—પણ જ્યાં એક વખત પોતે નિશ્ચય કર્યો કે તે વખતે કશાની પણ દરકાર કર્યા વગર પોતાનો હેતુ પાર પાડયા જ શાંત થતા હોય.

બપોરના બાર વાગે તે શહેરના જૂના વિભાગમાં એક ગાડીમાં બેસીને આવી પહોંચી. ત્યાંથી એક સાંકડી ગલીમાં થઈ જ્યાં હંમેશાં મેળો ભરાતો તેવા એક ચોકમાં આવી અને ગાડીને થોભાવવાનું કહી એક ગંદી હોટેલમાં દાખલ થઈ. ત્યાં જઈ તેણે એક મેલાંઘેલાં લૂગડાં, રાતા વાળ અને માખણની વાસ મારતા છોકરાને પૂછ્યું કે, "સેનકા અહીં આવ્યો હતો કે નહિ?" આ ચપળ છોકરો ટમારા-ને લાંબા વખતથી ઓળખતો હતો, એટલે તેણે સભ્યતાપૂર્વક જવાબ આપ્યો કે, "ના, બાનુ, સેનકા હજી આવ્યો નથી અને કદાચ આવશે પણ નહિ, કારણકે કાલે બધા એકઠા થઈ ટ્રાન્સવાલમાં ગયા હતા ને પરોઢના છ સુધી બિલિયર્ડ ખેલ્યા હતા; એટલે "હાફ વે હાઉસમાં" અત્યારે આરામ કરતા હશે. તેથી જો હુકમ આપો તો સેવક અબઘડી જઈને બોલાવી લાવે."

ટમારાએ કાગળ પેન્સિલ મંગાવી, ત્યાં જ તે પર કાંઈક લખ્યું. પછી તેણે તે કાગળ અને ચાપાણીનો અડધો રૂબલ છોકરાના હાથમાં મૂકયાં, એટલે છોકરો ઘોડાની ઝડપથી સેનકાને તેડી લાવવા રવાના થઈ ગયો.

અહીંથી નીકળી તે પ્રસિદ્ધ નટી રોવિન્સ્કાયાને ત્યાં તે શહેરના એક બહુ શિષ્ટ ગણાતા લત્તામાં જવા નીકળી. તે નટી જગવિખ્યાત હોટેલ યુરોપમાં કેટલાય ઓરડાઓ ભાડે રાખી રહેતી હતી. આ નટી સાથે મુલાકાત કરવાનો પ્રસંગ મેળવવો એ રમત વાત ન હતી, નીચે દ્વારપાળે જણાવ્યું કે કદાચ બાઈસાહેબ બહાર ગયાં હશે; જ્યારે બારણું ખખડાવતાં જવાબ આપવા આવેલી નટીની ખાસ દાસીએ જવાબ આપ્યો કે બાઈ સાહેબનું માથું બહુ દુઃખતું હોઈ તે કોઈને મળતાં ન હતાં. પુનઃ ટમારાને કાગળ ને પેન્સિલની સહાય લેવી પડી. તેમાં તેણે લખ્યું કે,

"જે સ્થાનનું નામ જાહેરમાં દેવાતું નથી, ત્યાં તમે સંગીત ગાઈ રહ્યા પછી, જે વારવનિતા તમારી સમક્ષ ઘૂંટણીએ પડી ખૂબ

રોઈ હતી, તેના તરફથી હું આવી છું. તમે ત્યાં ઉત્તમ પ્રકારની ઉદારતા દાખવી હતી. તમને યાદ આવે છે? ગભરાશો નહિ—હવે તેને કોઈની સહાયતાની જરૂર નથી, કારણકે ગઈ કાલે જ તે પરલોક સંચરી છે, પણ તેની યાદગીરીમાં તમે એક અતિ મહત્ત્વનું કાર્ય કરી શકો છો, કે જે માટે તમારે ખાસ કાંઈ જ તકલીફ ઉઠાવવાની છે નહિ. જેણે બૅરોનેસને તે સમયે થોડાં કડવાં વેણુ સંભળાવ્યાં હતાં, એ જ વ્યક્તિ હું છું અને તે માટે અત્યારે હું પણ પસ્તાઉં છું અને દિલગીરી જાહેર કરી માફી માગું છું."

"જઈને આ આપ!" તેણે દાસીને કાગળ આપતાં જણાવ્યું.

દાસી બે મિનિટમાં પાછી ફરી.

"બાઈસાહેબ આપને અંદર આવવા વિનંતિ કરે છે. તે ઘણાં દિલગીર છે કે તમને પૂરાં વસ્ત્રો પહેરીને નહિ મળી શકે."

દાસીએ આગળ જઈ એક બારણું ઉઘાડયું અને ટમારા તે ઓરડામાં દાખલ થતાં, જરા પણ અવાજ ન થાય તેવી રીતે તેણે બંધ કર્યું.

અંદર મહાન નટી એક વિશાળ કોચ પર, આજુબાજુ કેટલાંય રેશમનાં ઓશીકાં અને શરીર પર બહુમૂલ્ય શાલ ઓઢી સૂતી હતી. તેણે પગમાં મુલાયમ મખમલના બૂટ પહેર્યા હતા. તેણે, હવે હંમેશ મુજબ બન્ને હાથમાં, ઘેરા લીલા તેજસ્વી રંગોને લીધે આવનારનું તરત જ ધ્યાન ખેંચે તેવી અનેક હીરા, મોતી અને ઝવેરાતની અંગૂઠીઓ પહેરી હતી.

આજે નટીને માટે બહુ અશુભ દિવસ ઊગ્યો હતો: કાલે એને થિયેટરના માલિક સાથે કાંઈક ઝઘડો થયો હતો; જ્યારે બીજી બાજુ એજ રાતના પ્રેક્ષકવર્ગે તેનો યોગ્ય સત્કાર કર્યો ન હતો કે પછી તેને જ એમ ભાસ્યું હતું; અને આજે સવારે છાપામાં એક મૂર્ખ ટીકાકાર—જે એક ગાય જેટલું ગણિત સમજી શકે તેટલું સંગીત

વિષે જ્ઞાન ધરાવતો હતો—તેણે તેની હરીફ ટીટાનોવાનાં વખાણ કરતો એક મોટો લેખ પ્રસિદ્ધ કર્યો હતો. તેથી આજે આ નટીએ માથું દુઃખવાનું બહાનું કાઢ્યું હતું અને તેને ઘણી વાર એમ લાગ્યા કરતું હતું કે હમણાં તેનું હૃદય ધબકારા મારતું અટકી જશે.

"કેમ છે, બહેન!" તેણે કાંઈક ગૂંગણા, મંદ, ત્રુટક અને પ્રેમમાં ઝૂરી ઝૂરી અંતિમ વેળાએ પહોંચેલી કોઈ રંગભૂમિની નટી બોલે, તેવા સ્વરે ટમારાને આવકાર આપ્યો. "બેસો . . . બેસો, અહીં બેસો . . . તમને જોઈને મને આજે ઘણો આનંદ થયો . . . માફ કરજો . . . આજે આ માથું એટલું બધું દુઃખે છે અને છાતીમાં પણ સણકા આવે છે . . . એટલે ધીમે સ્વરે બોલવા માટે માફ કરજો, પણ લાગે છે કે બહુ ગાવાથી ગળું બેસી ગયું હશે . . ."

રોવિન્સ્કાયા તે યાદગાર દિવસ અને કદાપિ પણ ન ભૂલી શકાય તેવો ટમારાનો ચહેરો ભૂલી ગઈ નહોતી, પણ આજે તેને અસુખ હોવાથી તે પ્રસંગ હવે નકામી ધાંધલ જેવો જણાતો હતો અને હવે તો એ માત્ર એક કાલ્પત, કૃત્રિમ અને શરમભર્યો પ્રસંગ ભાસતો હતો. પોતાની કળાના સામર્થ્ય વડે જ્યારે તેણે સ્વપ્નસમ ભાસતી રાત્રીએ જેનકા જેવી અભિમાની સ્ત્રીને પોતાની ઘૂંટણીએ નમાવી હતી, ત્યારે તેણે અંતરથી જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તે સાચા હૃદયના હતા અને આજે પણ તે માટે તે તૈયાર હતી. તે તથા બીજા કળાકારો, હમેશાં અમુક પાઠ ભજવી જતા જ હોય છે: અને તેઓ તેમના બોલ, વર્તણૂક અને કાર્યોને હંમેશાં મન અને ચક્ષુ વડે દૂરથી જ નિહાળતાં હોય છે.

તેણે જરા મહેનત કરી પોતાનો કોમળ, મૃદુ અને સુંદર હાથ ઓશીકા પરથી ઊંચો કરીને કપાળે મૂક્યો; અને તે સાથે જ અંગૂઠીઓનાં ઘેરા લીલા રંગનાં હીરામાણેક કોઈ નવીન તેજની પ્રભા મારતાં ચળકી રહ્યાં.

"તમારી ચિઠ્ઠી વાંચતાં મને ખબર પડી કે આ બિચારી . . . માફ કરજો . . . તેનું નામ મને યાદ નથી રહ્યું . . ."

"જેની !"

"હા, હા. આપનો આભાર ! હવે મને યાદ આવ્યું. તે શું પરલોક સંચરી ? પણ તે એમ ઓચિંતી શાથી મરી ગઈ ?"

"ગઈ કાલે સવારે ડોકટરી તપાસ ચાલતી હતી, ત્યારે તેણે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. . . ."

આ શબ્દો કાને પડતાં જ, અત્યાર સુધી અર્ધનિદ્રિત અવસ્થામાં રહેલ નટીએ આંખો બરોબર પહોળી કરી અને કોઈ ચમત્કાર થતાં જાણે નવું જ ચેતન આવ્યું હોય તેમ, તેની અંગૂઠીઓના હીરામાણેકની જેમ તે ચમકવા લાગી—તેમાં ઉત્કંઠા, ભય અને ઘૃણા દૃષ્ટિગોચર થતાં હતાં.

"અરે, મારા દેવ ! આટલી ચપળ, આટલી પ્રભાવશાળી, આટલી ખૂબસૂરત . . . અરેરે, ગરીબ બિચારી . . . અને તેને આમ કરવાનું કારણ શું હતું ?"

"તમે તે જાણો છો . . . . એનો પેલો રોગ . . . . એણે તમને વાત કરી હતી . . ."

"હા, હા . . . મને યાદ છે. . . . પણ આમ ગળે ફાંસો ખાવો ! . . . કેટલું ભયાનક ! . . . મેં તો તેને દવા કરવાની સલાહ આપી હતી. . . . આજકાલ તો એટલી સરસ દવાઓ મળે છે કે ગમે તેવો ભયંકર રોગ પણ મટી જાય છે. . . . અરે, હું પોતે એવા કેટલાય માણસોને પિછાણું છું, જેઓ આ રોગમાંથી સાવ સાજા થઈ ગયા છે. . . . અને સમાજમાં બધા આ વાત જાણતા હોવા છતાં, કોઈ તેમનો તિરસ્કાર કરતું નથી. . . . અરેરે, ગરીબ બિચારી . . . !"

"અને તે માટે જ હું હવે તમારી પાસે આવી છું. મેં તમને

તકલીફ આપી ન હોત, પણ હું એવી વિકટ પરિસ્થિતિમાં આવી પડી છું અને મારે કોઈની ઓળખાણપિછાણ ન હોવાથી, તમારી પાસે આવ્યા સિવાય મારે બીજો માર્ગ ન હતો. તમે તે વખતે અમારા તરફ એટલો બધો ભાવ અને પ્રેમ દર્શાવ્યાં હતાં. . . . મારે માત્ર તમારી સલાહ અને થોડે અંશે તમારી લાગવગ અને સહાયની જરૂર છે. . . ."

"કહો, કહો . . . મારાથી બની શકે તેમ હશે તે બધું હું આનંદપૂર્વક કરીશ. . . . આ માથું! અને તેમાં પાછા આ ભયં-કર સમાચાર! કહો, હું કેવી રીતે તને મદદ કરું?"

"સાચું પૂછો તો, હજી મને જ કશી ગમ પડતી નથી." ટમારાએ જવાબ આપ્યો. "વાત જાણે એમ છે કે તેના શબને ઇસ્પિતાલમાં લઈ ગયા છે. . . . પણ શબ મોડું પહોંચ્યું હોવાથી હજી ડૉકટરોએ તેના પર છરી ચલાવી નથી. . . . મારી ઇચ્છા છે કે, જો શક્ય હોય તો, તેના શરીરને કોઈ ન અડે તેવી વ્યવસ્થા કરવી. આજે રવિવાર હોવાથી, કાલ પર ડૉકટરોએ એ વાત મુલતવી રાખી હશે: એ દરમ્યાન આપણે ધારીએ તો કંઈક કરી શકીએ."

"હું તે વિષે નિશ્ચિત જવાબ નથી આપી શકતી . . . પણ ઊભા રહો . . . મને યાદ કરવા દો કે ડૉકટરોમાં મારો કોઈ ઓળ-ખીતો છે કે નહિ! . . . ઠીક છે, પાછળથી હું મારી ડાયરીમાં જોઈ તપાસ કરીશ. મને આશા છે કે તમે કહો છો તેવી વ્યવસ્થા આપણે કરી શકીશું."

"તે ઉપરાંત," ટમારાએ આગળ કહેતાં જણાવ્યું. "મારે તેને દાટવી છે . . . મારે પોતાને ખર્ચે . . . તેનો ને મારો સંબંધ બે સગી બહેનો જેવો હતો."

"આમાં તો હું તમને દરેક રીતે મદદ આપીશ ને તે ઉપરાંત પૈસાટકા પણ . . ."

" ના, ના . . . તમારી શુભ લાગણી માટે હું તમારો અત્યંત આભાર માનું છું . . . પણ બધું હું કરી લઈશ. તમારી પાસે હાથ લંબાવતાં મને કશી શરમ આવે તેમ નથી, પણ આ તો. . . તમે સમજી ગયાં હશો . . . . પણ આ તો મારી ફરજ જ છે. . . અને એ રીતે મારે તેના સ્મરણમાં કંઈક કરવું છે. . .! મુખ્ય વાંધો એ છે કે તેને સંપૂર્ણ ખ્રિસ્તી રીતરિવાજ મુજબ કેવી રીતે દાટી શકાય! વાત એમ છે કે તે ભાગ્યે જ કે નહિ જેવું ઈશ્વરમાં માનતી અને હું પણ લગભગ તેના જેવી જ છું; પણ કાંઈક ગીત, કાંઈક પ્રાર્થના વગર કબ્રસ્તાનના કોઈ અંધારા ખૂણામાં એક કૂતરાની માફક તેને દાટી દેવામાં આવે એમ હું ઇચ્છતી નથી. મને શંકા જ એ થાય છે કે સત્તાવાળાઓ તેને પૂર્ણ વિધિપૂર્વક દાટવા દેશે ખરા? તે બાબતમાં મારે તમારી મદદ અને સલાહની જરૂર છે. અથવા તો તમે મને કોઈ બીજી વ્યક્તિ બતાવો જે મને મદદ કરી શકે."

હવે નટીને આ વસ્તુમાં રસ પડવા માંડ્યો હતો અને પરિણામે તેના માથાનો દુખાવો તથા થાક ઓસરી જવા માંડ્યાં હતાં. પોતે એક પતિત સ્ત્રીને ઉદ્ધારવાનું મહાભારત કાર્ય ઉઠાવી રહી હતી, તેવું ચિત્ર તે માનસમાં દોરવા લાગી હતી. આ એના રંગભૂમિના સંબંધને પરિણામે હતું. રોવિન્સ્કાયાનું જો ચાલતું હોય તો એક દિવસ તો શું, પણ એક કલાક પણ એવો ખાલી જવા ન દે કે જેમાં તે પ્રજા સમક્ષ હાજર ન હોય—તેમને તેના વિષે વાતો કરવાની ફરજ પાડતી ન હોય! આજે તે દેશભક્તિ પર ભાષણ કરતી હોય, તો કાલે વળી તીખા તમતમતા શબ્દોથી સાઈબિરિયાના કેદીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા સરકારને વખોડતી હોય! તેને સંસ્થાઓના લાભાર્થે થતા મેળાઓમાં પુષ્પો વેચવાં અને મોટી મિજલસોમાં શેમ્પેન વેચવો ઘણો જ ગમતો! તે પહેલેથી જ એવી કેટલીક બાબતોનો વિચાર કરી રાખતી કે જે વિષે દિવસે લોકો જ્યાંત્યાં

વાતો કરતા હોય. તેની એ હાર્દિક ઇચ્છા રહેતી, કે સર્વત્ર અને સર્વ સમયે લોકો માત્ર તેને જ જોયા કરે, તેના નામનું રટણ કરે, તેની ઇજિપ્શિયન આંખોના તેજને, તેના મોહક મુખને અને તેના મૃદુ હાથ પરની અંગૂઠીઓને એકીટશે જોયા જ કરે!

"તમે જે જણાવ્યું તે પર મારે હજી વિચાર કરવો પડશે." નટીએ થોડો સમય વિચાર કર્યા પછી જવાબ આપ્યો. "પણ જો કોઈની ખાસ અમુક ઇચ્છા જ હોય તો તેવી ઇચ્છા પૂરી થાય તે માટે હું જરૂર તનતોડ પ્રયત્ન કરીશ. થોભો! મને એક સરસ વિચાર સૂઝે છે! . . તમને યાદ છે કે તે દિવસે, મારી ભૂલ થતી ન હોય તો અમારી સાથે, ટમારા અને બેરોનેસ સિવાય કોઈ બીજું. . . ."

"મને તો કશું ખાસ યાદ નથી . . . એક હતા જે સૌથી છેવટે ઓરડાની બહાર નીકળ્યા હતા. તેમણે જેનીના હાથને ચુંબન કરી જણાવ્યું હતું કે 'જો ક્યારેક તેમની જરૂર પડે તો પોતે તેની સેવામાં આનંદસહ હાજર થશે.' એમ કહી તેમણે તેમના નામનું કાર્ડ આપ્યું હતું અને ખાસ સૂચના કરી હતી કે કોઈ અજાણ્યા માણસોને તે બતાવવું નહિ. પણ સમય જતાં આ વાત વિસ્મૃત થઈ ગઈ હતી. કોણ જાણે કેમ આ માણસ કોણ હતો તે જેનીને પૂછવાનું પણ યાદ નહોતું આવ્યું! કાલે જ મેં તે કાર્ડ શોધવા પ્રયત્ન કર્યો હતો, પણ મને તે જડયું નહિ . . ."

"ઊભા રહો . . . હવે મને યાદ આવે છે!" નટીએ ઓચિંતા અર્ધઊભા થતાં જણાવ્યું. "અહા!" અને તે પલંગ પરથી એકદમ ઊભી થઈ ગઈ. "એ તો રયાઝાનોવ હતો . . . હા, હા, હા, . . . એજ પ્રખ્યાત વકીલ રયાઝાનોવ! બસ, હવે કાંઈ વાંધો નથી. આપણે હવે તમો કહો છો તે બધી વાતની ગોઠવણ કરી શકીશું. ઠીક વખતસર યાદ આવ્યું!"

તેણે બાજુના નાના ટેબલ પર પડેલો ટેલિફોન હાથમાં લીધો:

"'સેન્ટ્રલ ૧૮૩૫ . . . પ્લીઝ . . . થેંક્યું . . . હેલો . . . વકીલ સાહેબને ફોન પર બોલાવો . . . હું નટી રોવિન્સ્કાયા . . . આભાર. હેલો! તમે કોણ વકીલ રયાઝાનોવ? ઠીક, ઠીક, હવે જરા ડાહ્યા થઈ વાત સાંભળો. કેમ, હમણાં નવરાશ છે? . . . નકામી માથાફોડ ન કર! . . . . . . આજની વાત બહુ ગંભીર છે . . . અહીં પાએક કલાક આવી ન જાય? ના, ના, હા . . . તું બહુ ડાહ્યો માણસ છે . . . ઠીક, જરૂર આવ . . . અરે, મારું તો આજે સખ્ત માથું દુઃખે છે. ના, એક બાઈ . . . એ તો તું આવે ત્યારે જોજે . . . જો, વાર ન લગાડીશ . . . આભાર . . . સાહેબજી!"

"તે હમણાં જ આવી પહોંચશે!" રોવિન્સ્કાયાએ ટેલિફોન નીચે મૂકતાં જણાવ્યું. "એ બહુ જ આનંદી અને ચતુર માણસ છે. કોઈ વસ્તુ તેને માટે અશક્ય નથી . . . તે ધારે તે કામ પાર પાડી શકે છે . . . પણ તે દરમ્યાન માફ કરજો, તમારું નામ શું . . . ?"

ટમારા જરા શરમાઈ ગઈ અને મનમાં હસી.

"અરે, એ વિષે તકલીફ લેવાની જરૂર નથી. મારું નામ ટમારા છે, પણ ખરું નામ તો અનારસિયા; પણ મને તો તમે ટમારા કહીને જ બોલાવજો . . ."

"ટમારા! વાહ, ઘણું સરસ નામ છે! હાં, તો ટમારાબહેન, તમને મારી સાથે નાસ્તો લેવામાં તો કાંઈ વાંધો નહિ જ હોય! આપણી સાથે કદાચ રયાઝાનોવ પણ જોડાશે . . ."

"માફ કરજો, હજી મારે ઘણી જગ્યાએ જવાનું છે."

"એ ઠીક ન થયું! . . . મને આશા છે કે ભવિષ્યમાં તમે જરૂર ફુરસદ મેળવી આવશો . . . પણ તમે સિગારેટ તો પીતાં જ હશો . . ." કહી એક સોનાની ડબી કે જે પર મોટા અક્ષરે તેના નામનો પ્રથમ અક્ષર ઝવેરાતથી ગૂંથેલો હતો તે આગળ ધરી.

થોડી વારમાં જ રયાઝાનોવ ત્યાં આવી પહોંચ્યો.

ટમારા તે દિવસે તેને બરાબર જોવા પામી ન હતી, તેથી આજે તેને બરાબર નિહાળી, તેના દેખાવથી અંજાઈ ગઈ. ઊંચું કસરતી શરીર, પહોળા ખભા અને માથે કાળા ચકચકિત વાળવાળો એ નવજુવાન હતો : તેનું મુખ કહી આપતું હતું કે તે સુંદર વક્તા હશે. આંખો સ્વચ્છ, ચપળ અને તેજસ્વી હતી. ટૂંકમાં તેનો દેખાવ જ એવો હતો જે હજાર માણસમાં પણ તરી આવે; જે હજારો હૃદયો પર જિત મેળવી શકે. તેનામાં મહેચ્છા પુષ્કળ હતી અને જીવનમાં હજી પોતે ઘણો આગળ વધવાની આશા રાખતો હતો. પ્રણયમાં હજી પણ તે સર્વથી ચઢી જતો અને કોઈ સુંદર નવયૌવનાને જોતાં તેને પોતાની કરવા તલસી રહેતો . . . તેને આનંદથી જોઈ રહેતાં ટમારા મનમાં વિચારવા લાગી: " અરેરે ! જો ભાગ્યદેવી મારાથી રૂઠી ન હોત તો આ પુરુષને ચરણે મારું જીવન સમર્પણ કરી દેત ! જેમ એક ગુલાબનું પુષ્પ પ્રિયતમ પર ફેંકવામાં આવે તેમ સ્મિત અને આનંદસહ હું તેના પર જઈ પડત. "

રયાઝાનોવે રોવિન્સ્કાયાના હસ્ત પર ચુંબન લીધું. પછી તેણે ટમારાનો આંખો વડે સત્કાર કરતાં કહ્યું:

" તે રાત્રે જ્યારે તમે તમારી ફ્રેંચ ભાષા બોલવાની છટાથી અમને બધાંને મૂંગાં કરી દીધાં, ત્યારથી આપણે તો એક બીજાને પિછાણીએ છીએ. તમે તે દિવસે અમને જે કાંઈ કહ્યું હતું તે સાચે જ બહુ ગંભીર અને વિચાર કરવા જેવું હતું. આહ, પણ તમે તે વખતે કેવી છટાથી તે વાત રજૂ કરતાં હતાં ! . . . હજી સુધી તે સમયનું દશ્ય હું ભૂલી શકયો નથી . . . " તે નટી તરફ ફર્યો અને એક નીચી ખુરશી પર પોતાનું સ્થાન લેતાં તેણે કહ્યું: " હાં રોવિન્સ્કાયા, કહો, આપને હું કેવી રીતે ઉપયોગનો થઈ પડીશ ? સેવક આપની સેવામાં હવે હાજર છે. "

રોવિન્સ્કાયાએ પુનઃ જરા મુખ કટાણું કરી કપાળે હાથ ફેરવ્યો.

"સાચે જ, આજે તો આ માથાના દુખાવાથી હું ખૂબ હેરાન થઈ છું." તેણે આંખોના તેજને આંખોમાં જ પાછું સમાવી દેતાં કહ્યું. "પ્રિય રયાઝાનોવ, પેલો પંખો જરા ચલાવશો . . . ટમારા તમને બધી વાત વિગતપૂર્વક કહેશે . . . મારાથી બરોબર રીતે નહિ કહી શકાય . . . બહુ જ માથું દુઃખે છે !"

જેનકાના દુઃખદાયક મૃત્યુની આખી કથા ટમારાએ વિગતવાર રયાઝાનોવને કહી સંભળાવી. તેણે જે કાર્ડ આપ્યું હતું તેની પણ સાથે વાત કરી ને ઉમેર્યું કે સદ્ગતે તે ખૂબ કાળજીપૂર્વક સાચવી રાખ્યું હતું. અંતે રયાઝાનોવે જરૂર પડયે પોતે મદદ કરવા તૈયાર રહેશે તે શબ્દોની યાદ આપી.

"જરૂર, જરૂર !" ટમારાની વાત પૂરી થતાં રયાઝાનોવે જણાવ્યું અને હંમેશની ટેવ મુજબ ઊઠીને માથે વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં ઓરડામાં આમથી તેમ આંટા મારવા માંડયા. "તમે મહાન, અદ્ભુત અને એક મિત્રને છાજે તેવું કાર્ય માથે ઉપાડયું છે ! . . . ઘણું જ સરસ . . . હું તમે કહો તે કરીશ . . . પહેલું તો દાટવા દેવાની રજા . . . હં . . . યાદ કરવા દો."

તેણે કપાળે હાથ ફેરવવા માંડયો.

"હં . . . હં . . . જો મારી ભૂલ ન થતી હોય તો . . . મોનોકેનનમાં કલમ એકસો ને . . . સિત્તેર . . . નહિ. . . . એકસો અઠયોતેરમી . . . હા, એ જ, મને બરોબર યાદ આવે છે . . . 'જો કોઈ શખ્સ આત્મહત્યા કરે તો તેની પાછળ પ્રાર્થના કરવામાં ને પવિત્ર જળ છાંટવામાં નહિ આવે—પણ તેમ કરનાર શખ્સનું મગજ ઠેકાણે ન હતું એમ પુરવાર થાય તો તેને આ કલમ લાગુ પડશે નહિ . . . વધુ માટે જુઓ સેંટ ટીમોથી એલેકઝાંડ્રીન . . . હાં, ત્યારે . . . શું કહ્યું . . . ? તમે કહો છો કે શહેરના સરકારી ડૉકટરે જ દોરડું કાપી તેને નીચે ઉતારી હતી . . . તેનું નામ ?"

" ક્લીમેંકો ! "

" મને લાગે છે હું એને કોઈ વાર મળ્યો છું . . . ઠીક: તમારા વિભાગનો ઇન્સ્પેક્ટર કોણ છે ? "

" બરકેશ. "

" અહા, એને તો હું ઓળખું છું. ઊંચો, કદાવર ને મજબૂત માણસ છે ને તેને રાતી દાઢી છે . . . કેમ ? "

" હા, એ જ ? "

" એને તો હું બરોબર ઓળખું છું ! એ ભાઈને માટે તો એક દહાડો સખ્ત મજૂરીની સજા તૈયાર જ છે . . . દસેક વખત મારા હાથમાં સપડાયો અને વળી પાછો છટકી ગયો . . . ઇસ્પિતાલ . . . તમે તેને ક્યારે દાટવા લઈ જવા ચાહો છો ? "

" એ તો કેમ કહેવાય . . . મારી તો ઇચ્છા છે કે જેમ બને તેમ વહેલું પતે તેમ સારું . . . બને તો આજે જ ! "

" હં . . . આજે જ . . . એ માટે હું નિશ્ચયપૂર્વક નથી કહી શકતો, કારણકે આજે ને આજે બધું પતવું મુશ્કેલ છે . . . લો, આ મારી ડાયરી . . . અને આ ટી અક્ષરના પાના ઉપર તમારું નામ ને સરનામું લખો. બે કલાકમાં હું તમને જવાબ આપીશ. કેમ ઠીક છે ને ? પણ હું ફરીથી જણાવીશ કે દાટવાનું તો કાલે જ બની શકશે . . . અને હવે મારા સ્પષ્ટવક્તાપણા માટે મને ક્ષમા કરશો . . . કાંઈ પૈસાની જરૂર છે ? "

" ના જી, આપનો આભાર ! " ટમારાએ સભ્યતાપૂર્વક નકાર કરતાં જણાવ્યું. " તમે જે રસ ધરાવો છો તે માટે આભારી છું. મારી પાસે પૈસા છે . . . હવે હું જઈશ. રોવિન્સ્કાયા બાઈ, તમને મેં બહુ તકલીફ આપી. તમારો પણ આભાર માનું તેટલો ઓછો છે ! "

" બે કલાકમાં જવાબ ચોક્કસ મળશે ! " રયાઝાનોવે તેને દરવાજા સુધી વળાવવા જતાં કહ્યું.

ટમારા અહીંથી નીકળી સીધી થામામાં ન પહોંચી. માર્ગમાં તે કેથોલિકેરકાયા શેરીના એક નાના કૉફી-હાઉસમાં દાખલ થઈ. ત્યાં તેનો પ્રિયતમ સેનકા તેની રાહ જોતો ઊભો હતો. સેનકા આનંદી, હસમુખો ને ખૂબસૂરત ઝીગાન જુવાન હતો તેના વાળ કાળા નહિ પણ જરા ભુરાશ પડતા હતા, આંખો કાળી ભમ્મર જેવી હતી: તે પોતાના કાર્યમાં હિંમતવાન અને બહાદુર હતો. સ્થાનિક ચોરોમાં તેનું સ્થાન ઘણું ઊંચું હોઈ તે રાતનો રાજા ગણાતો હતો.

તેણે ઊભા થયા વગર ટમારા તરફ પોતાનો હાથ લંબાવ્યો અને પછી તેને પકડી જોરથી પોતાની નજીક બેસાડી, પણ આ બળ વાપરવાની રીતમાં પણ તેનો ટમારા તરફનો પ્રેમ વ્યક્ત થતો હતો.

"કેમ છે, ટમારા? બહુ દહાડાથી તું દેખાતી નથી... હું તો તને મળવા બહુ અધીરો થઈ ગયો હતો... કૉફી મંગાવું?"

"ના, પહેલું કામ... કાલે અમે જેનકાને દાટવાના છીએ... તેણે ગળે ફાંસો બાંધો..."

"હા, કાલે મેં છાપામાં વાંચ્યું હતું." સેનકાએ બેદરકારીથી દાંત દબાવતાં જવાબ આપ્યો. "કેમ, શું કામ છે?"

"એકદમ પચાસ રૂબલ લઈ આવ!"

"ટમારા, પ્રિયે, મારી પાસે તો ફૂટી બદામે નથી."

"કહ્યું તે સાંભળ્યું નહિ—જા લઈ આવ." ટમારાએ ગુસ્સે થયા વગર પ્રભાવશાળી સ્વરે હુકમ કર્યો.

"અરે પ્રભુ!... તારા સોગન, આજે હજી મેં કશાને હાથ લગાડ્યો નથી... અને આજે તો રવિવાર છે... આજે તો બેંકો પણ બંધ છે..."

"ભલે બંધ હોય... બેંકો જાય જહન્નમમાં! ટૂંકમાં મેં તને કહ્યું કે મારે ગમે તે રીત પચાસ રૂબલ જોઈએ!"

"તારે શું કરવા જોઈએ છે, વહાલી?"

" તારામાં જરાય અક્કલ નથી, મૂર્ખ... છેલ્લી વિધિ માટે..."

" એમ છે! ઠીક ત્યારે!" સેનકાએ નિઃશ્વાસ મૂક્યો. " ત્યારે તો હું જ જાતે આવીને સાંજે આપી જઈશ... બસ ટમારા!... તારા વગર મને જરાય ગમતું નથી. મને એવું મન થાય છે કે તને આખો વખત ચુંબન જ લીધા કરું! હું તને મરવા નહિ દઉં... હું આવું ને?"

" ના... સેનકા, હું કહું તેમ કર. મને અહીં લાવી આપ. અને હવે તારે ત્યાં ન આવવું... હું હવે વડી બાઈ થઈ છું."

" અરે, શું કહે છે?" સેનકા આશ્ચર્યસહ બોલી ઊઠયો અને હર્ષોન્મત થઈ સિસોટીઓ વગાડવા લાગ્યો.

" હા, ને હવે દરમ્યાન ત્યાં ન આવીશ. પછી... તો હું હંમેશાં તારી જ થઈને રહીશ... હવે બધી વાતનો થોડા સમયમાં જ અંત આવી જશે!"

" હવે તારો વિયોગ મારાથી નથી સહેવાતો. જેમ બને તેમ આ બધી વાતોનો જલદી અંત લાવ!"

" હવે હું પણ તે માટે જ બધી વ્યવસ્થા કરી રહી છું. એક અઠવાડિયું વધુ થોભ. પ્રિયતમ! તું બધા પાવડર લાવ્યો?"

" પાવડર લાવવો એમાં તે શી વિસાત છે?" સેનકાએ અસંતુષ્ટ સ્વરે કહ્યું: " અને એ પાવડર નથી, પણ ગોળીઓ છે!"

" અને તને ખાતરી છે કે તે પાણીમાં નાખતાં તરત જ ઓગળી જશે?"

" હા, હા, મેં નજરે જોયું છે!"

" પણ એ મરી તો નહિ જાય ને? જો, સેન્યા, એ મરવો જોઈએ નહિ! સાંભળ્યું ને?"

" એને તો કશુંય નહિ થાય... માત્ર થોડોક વખત બેહોશ બની જશે. ઓહ, ટમારા!" અને તેને લાગણીનો એટલો બધો

આવેશ આવી ગયો કે તેના જડબાં પણ ધ્રૂજવા લાગ્યાં: "મહેરબાની કરી જેમ બને તેમ એ બલામાંથી હવે તું વહેલો છુટકારો મેળવ! એ કામ પત્યું કે રામ રામ! પછી તું કહીશ ત્યાં આપણે રવાના થઈ જઈશું. પ્રિયે! સેવક તું કહે તેમ કરવા તૈયાર છે. તું કહેતી હોઈશ તો આપણે ઓડેસા જતાં રહીશું કે પરદેશમાં—જ્યાં તું જવા માંગે ત્યાં! પણ હવે આમાંથી જલદી છૂટી થા!"

"હવે આમ છૂટી થઈ જઈશ!" ટમારાએ આંગળી વતી ચપટી વગાડતાં જવાબ આપ્યો.

"તું અણસારો કરજે કે હું તૈયાર . . . પાવડર, સરસામાન પાસપોર્ટ સાથે . . . અને પછી, ટમારા! હું ને તું . . .!"

અને તે આજુબાજુ બીજા માણસો તેમને જોતાં હતાં તે વાત ભૂલી ગયો ને ટમારાને આલિંગન આપવા તત્પર થઈ ગયો.

"જો, જો!" ટમારા તેનો આશય કળી જતાં ખુરશી પરથી એકદમ ઊઠી ને આઘી ખસી ગઈ. "પછી . . . પછી . . . સેનકા પછી, તું કહે તેમ બધુંય . . . પ્રિયતમ! પછી હું આખીય એવી તો તારી થઈને રહીશ . . . કે તું ખુદ મારાથી કંટાળીશ . . . ચાલ, સાહેબજી!"

અને પોતાના હાથ વડે તેના વાળ ઝડપથી ફેંદી નાખી તે બહાર દોડી ગઈ.

[૮]

બીજે દિવસે, સોમવારે, સવારના આશરે દસ વાગે—પહેલાં આના મારકોવનાની પણ હવે એમા એડવર્ડોવનાની માલિકીના ગૃહની—સર્વ છોકરીઓ ગાડીઓમાં બેસી ઇસ્પિતાલ જવા નીકળી. માત્ર દીર્ઘદૃષ્ટિ અને ઊંડા અનુભવવાળી હેન્ત્રીએટા, મૂર્ખ અને કાયર નીન્કા તથા નબળા માનસવાળી પાશકા—જે આજે બે દિવસ

થયાં પથારીવશ હતી, કશું જ બોલતી ન હતી અને કોઈ પૂછે તેના જવાબમાં મૂર્ખાઈભર્યું આછું સ્મિત અને જાનવર જેવો કંઈક અવાજ કરતી—એ ત્રણ છોકરીઓ સાથે ગઈ નહોતી. આ પાશકા વિચિત્ર પ્રકારની છોકરી હતી. જો તેને ખાવાનું ન મળે તો તે માટે માગણી કરતી નહિ, પણ જો ખાવાનું મળતું તો એ હાથે ખાવા મંડી પડતી. તેનું મગજ એટલું બધું ખરાબ થઈ ગયું હતું કે નકામો કલેશ ન થાય માટે વારંવાર રોજિંદાં કાર્યોની પણ તેને યાદ આપવી પડતી હતી. એમા પાશકાને તેના રોજિંદા ઘરાકો, જેઓ પાશકાની જ માગણી કરતા હતા, તેમની પાસે મોકલતી ન હતી. આ પૂર્વે પણ મગજ ખસી જવાના પાશકાના જીવનમાં અનેક બનાવ બન્યા હતા, પણ તે બધા લાંબો સમય રહ્યા ન હતા. એમાએ આ વખત પણ તે લાંબો સમય ન રહે તે માટે ઉપચારો કરવાનો નિશ્ચય કર્યો હતો, કારણકે પાશકા એ તો આ ગૃહનું એક કિંમતી જવાહિર હતું: સાથે જ આ ગૃહની દુષ્ટતાનો સૌથી વધુ ભોગ બનેલી છોકરી પણ તે જ હતી.

મડદાંઓ રાખવાની ઇસ્પિતાલનું મકાન એક જ મજલાનું, ભૂરા ઝાંખા રંગનું લાંબું મકાન હતું અને બારીબારણાંઓને સફેદ ફ્રેમો હતી. તે મકાનના બાહ્ય ભાગમાં કાંઈક ઉદાસ, દબાઈ ગયેલું, જમીનમાં પેસી જતું અને ગૂઢ તત્ત્વ આવી વસ્યું હોય અને દરેક આવનારને તેનો પરિચય આપતું હોય તેમ ભાસતું હતું. એક પછી એક દરેક છોકરી બહારના દરવાજા આગળ આવી ઊભી રહી અને પછી મંદ પગલે, ભારે હૈયે અંદર દાખલ થઈ. અને મકાનના વરંડાના જેવા જ ભૂરા ઝાંખા રંગેલા વિભાગમાં જઈ ટોળું વળી ઊભી રહી.

મકાનને તાળું હતું. ટમારાએ જઈ મહામુશ્કેલીએ ટાલિયા, અવસ્થાએ જીર્ણ થઈ ગયેલા, લબડી ગયેલી આંખોવાળા અને મોટા રાતા નાકવાળા દરવાનને શોધી કાઢ્યો.

તેણે મોટું લટકતું તાળું ખોલ્યું, ભૂંગળ આઘી ખસેડી અને

અવાજ કરતા કટાઈ ગયેલા બારણાને ખોલ્યું. અંદરથી પથ્થરનો ભેજ અને મડદાની વાસ સાથે મિશ્ર થઈ ગયેલી ઠંડી ભેજવાળી હવા નીકળી ચારે તરફ ફેલાઈ ગઈ. છોકરીઓ વાસ આવતાં થોડી પાછી હટી ગઈ અને ટોળું વળી એક બીજાને વળગી ઊભી રહી. જરાય પણ ખમચાયા વગર માત્ર ટમારા એકલી જ દરવાનની સાથે અંદર ગઈ.

અંદરના ભાગમાં લગભગ અંધકાર જેવું હતું. સળિયા ઠોકેલી, જેલખાનાના જેવી બારીઓની તડમાંથી નહિ જેવો પ્રકાશ અંદર આવતો હતો. ભીંતો પર બે ત્રણ મૂર્તિઓ લટકતી હતી. કેટલીક સામાન્ય શબવાહિનીઓ (coffins) ઉપાડવાના લાકડાનાં પાટિયાં સાથે જમીન પર જ પડેલી હતી. તેમાની એક ખાલી હતી અને તેનું ઢાકણું બાજુમાં રઝળતું હતું.

" તમારી કેવી છે ? " દરવાને છીંકણીનો સડાકો તાણતાં ખોખરા સ્વરે પૂછયું. ' તમે તેને ઓળખો છો કે નહિ ?"

" ઓળખું છું."

" ઠીક ત્યારે, જુઓ, હું એક પછી એક બધી બતાવું છું. કદાચ આ હશે . . ."

એમ કહી તેણે એક શબવાહિની ઉપરથી ઢાંકણ ખોલી નાખ્યું, કારણકે તેને ખીલા નહોતા જડી લેવામાં આવ્યા. તેમાં એક ખૂબ કરચલીઓવાળા શરીરવાળી, મોં સૂજી ગયેલી ને ફાટચાંતૂટચાં જૂના જમાનાનાં કપડાં પહેરેલી વૃદ્ધા પડેલી હતી. તે વૃદ્ધાની ડાબી આંખ તેજહીન બની જઈ સ્થિર દૃષ્ટિએ આવનાર સામે તાકી રહી હતી અને ભય ઉત્પન્ન કરતી હતી.

" શું કહ્યું, આ નહિ ? ઠીક જુઓ . . . આ બાજુ જુઓ ! " દરવાને કહ્યું અને તેણે એક પછી એક એકએક ઢાંકણાં ખોલીને શબ બતાવવા માંડયાં—જે મોટે ભાગે અત્યંત ગરીબ માણસોનાં

હોઈ રસ્તાઓ પરથી નાવારસ લાશો તરીકે ઊંચકી લાવવામાં આવ્યાં હતાં અને કેટલાંકના શરીર તો વિકૃત પણ થવા માંડયાં હતાં. કેટલાકનાં હાથ, પગ ને મોં પર લીલા ને વાદળી ચાઠાં પડવા માંડયાં હતાં. જે શબ બતાવતાં હતાં તેમાં કોહવટની શરૂઆત થઈ ચૂકી હતી. એક નાક વગર અને હોઠ ફાટેલા માણસના ખવાઈ ગયેલા મુખ પર, સફેદ ટપકાંઓની માફક જીવડાં ખદબદતાં હતાં. એક સ્રીનું શરીર એટલું બધું ફૂલી ગયું હતું કે તે હવે શબવાહિનીનું ઢાંકણ ખોલી બહાર આવવા મથતું હતું.

વાઢકાપની તપાસ પૂરી થતાં બધાં શબ જેમ તેમ સીવી લેવામાં અને ધોઈ નાખવામાં આવ્યાં હતાં. આ કામ પેલા વૃદ્ધ દરવાન અને તેના સાથીદારોને કરવું પડતું હોવાથી પરિણામે મગજ પેટમાં ગોઠવાઈ જાય કે ખોપરી લીવરમાં મુકાઈ જાય એવા પ્રસંગો બનતા, કારણકે આખું ખાતું આ વિષે બેદરકાર હતું. પોતાની દારૂડિયા ને ભયંકર જિંદગીથી આ દરવાન અને તેના સાથીદારો રીઢા થઈ ગયા હતા અને ધીમે ધીમે ત્યાં એવાં શબ આવવા માંડયાં હતાં કે જેની તપાસ કરવા કોઈ સગું કે ઓળખાણવાળું પણ ત્યાં આવતું નહિ, એટલે તે લોકોએ આ બધાં શબ બિનવારસ ગણી, તેમની સાથે સાવ બેદરકારીથી વર્તવા માંડયું હતું.

આખાય મકાનમાંથી મરેલા માંસની ઘટ્ટ, રૂંધી નાખે તેવી અને માથું ફાટી જાય એવી વાસ આવતી હતી; જેનાથી ઘડીભર ટમારાને પણ લાગ્યું કે તેના શરીરના એકેએક છીદ્રમાં તે ગંધ પેસી ગઈ છે.

"સાંભળો દરવાન!" ટમારાએ પૂછયું. "આ આખો વખત મારા પગ નીચે કરડ કરડ અવાજ શાનો થયા કરે છે?"

"કરડ કરડ અવાજ?" દરવાને બે ત્રણ વાર આ પ્રશ્ન પૂછયો અને માથુ ખંજવાળવા લાગ્યો. "એ તો ઝીણાં જીવડાં

હશે !" તેણે છેવટે બેદરકારીથી જવાબ આપ્યો. "અને આ શબ જોઈ આ જીવડાં અહીં બહુ વધી પડયાં છે. . . પણ તમારે કોનું શબ જોઈએ—સ્ત્રીનું કે પુરુષનું ?"

"સ્ત્રીનું !" ટમારાએ જવાબ આપ્યો.

"ત્યારે આ બધામાં તમે શોધો છો તે શબ નથી, કેમ ?"

"ના, આ બધાં બીજાં શબ છે."

"હો ત્યારે . . . હવે મારે તપાસ માટે આવેલાં મડદાંનો ઓરડો ઉઘાડવો પડશે. એને અહીં ક્યારે લાવ્યા હતા ?"

"શનિવારે. કાકા !" ટમારાએ કહ્યું અને તેણે પૈસાની ખલેચી બહાર કાઢી. "શનિવારે બપોરે. કાકા, આ ચાપાણી માટે !"

"ઠીક, ઠીક ! શનિવારે. શું કહ્યું, બપોરના વખતે ? અને તેના શરીર પર કેવાં વસ્ત્રો હતાં ?"

"લગભગ નહિ જેવાં હતાં . . . એક કબજો ને ચણિયો . . . બન્ને સફેદ રંગનાં હતાં."

"ઠીક . . . . એ તો નંબર બસોસત્તર હશે . . . . એનું નામ શું હતું . . . ?"

"સુસાનાહ રાયઝીના !"

"હું જઈને જોઉં—કદાચ ત્યાં હશે. હવે બાઈઓ . . ." દરવાજામાં ટોળે વળી ઊભેલી ને અંદર આવતા અજવાળાને રોકતી છોકરીઓ તરફ તે ફર્યો. "તમારામાં કોણ બહાદુર છે ? તમારી સખીને અહીં પરમ દહાડે લાવ્યા હશે, તો તો ભગવાને જન્મ આપ્યો ત્યારે હતી તેવી સ્થિતિમાં તે હશે, એટલે કે શરીર પર કપડાંબપડાં કાંઈ જ નહિ હોય . . બોલો, કોણ બહાદુર બની મારી સાથે આવવા તૈયાર થાય છે ? તમારામાંથી બે જણને આવવું પડશે, કારણકે તેને કપડાં પહેરાવવાં પડશે."

"માન્કા, તું જા." દમારાએ માન્કાને હુકમ કર્યો. તે ભયભીત બની ફાટેલી આંખોએ અંદરનાં ખુલ્લાં મડદાંઓને જોઈ રહી હતી અને તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. "ડરીશ નહિ, મૂર્ખ, હું તારી સાથે છું. તું નહિ જાય, તો બીજું કોણ જશે?"

"પણ હું . . . પણ હું . . ." હોઠ પૂરા ખોલ્યા વગર નાની માન્કા ગણગણવા લાગી. "લો ચાલો. મારે મન તો બધુંય ઠીક છે . . . . ."

એ સ્થાન આ મકાનની પાછળ જ હતું. એ નીચું, અંધકારમય હોઈ, તેમાં દાખલ થવા અંદર છ પગથિયાં નીચે ઊતરવું પડતું હતું.

દરવાન ક્યાંકથી એક મીણબત્તીનો કકડો અને એક ફાટેલી ચોપડી લઈ આવ્યો. તેણે મીણબત્તી સળગાવી કે છોકરીઓની નજરે સેંકડો ફૂલી ગયેલાં, પીળાં, મોઢાં વિકૃત થઈ ગયેલાં, ખોપરીઓ ફાટી ગયેલાં, મુખ પર લોહીના ડાઘાવાળાં અને એવાં શબોની હાર જમીન પર પડેલી જોવામાં આવી.

"ઠીક . . . ઠીક . . ." આંગળીવતી ચોપડીનાં પાનાં ફેરવતો દરવાન કહેવા લાગ્યો. "પરમ દિવસે . , . એટલે કે શનિવારે . . . હા, શનિવારે . . . તમે એનું શું નામ કહ્યું?"

"રાયઝીના સુસાનાહ." દમારાએ જવાબ આપ્યો.

"રાયઝીના સુસાનાહ . . ." જાણે ગાતો હોય તેમ દરવાન બોલ્યો. "રાયઝીના સુસાનાહ, બરોબર છે. હું કહેતો હતો તેમ જ, બસોને સત્તર!"

શબ પર વાંકો વળતો અને મીણબત્તીનો તેમના પર પ્રકાશ પાડતો, તે એક પછી એક શબ આગળ થઈ પસાર થવા લાગ્યો. આખરે તે એક શબ આગળ આવી થોભ્યો. આ શબના પગ પર કાળા અક્ષરોમાં નંબર ૨૧૭ લખ્યો હતો.

"લો, આ જ તમારું શબ. ઊભા રહો, હું બહાર લાવી આપું ને પછી તેનાં કપડાં લઈ આવું . . . જરા ઊભાં રહો !"

જેમ બટાટાના કોથળાને ખભે ચઢાવે તેમ, તેની વૃદ્ધાવસ્થા હોવા છતાં, તેણે ઝડપથી શબને બે પગથી પકડી ખભે લટકાવ્યું. બહાર પરસાળમાં અહીં કરતાં જરા વધારે પ્રકાશ હતો; અને જ્યારે દરવાને શબને નીચે મૂક્યું ત્યારે ક્ષણ વાર ટમારાએ પોતાના મુખને હાથ વતી ઢાંકી દીધું અને માન્કા મોં ફેરવી રોવા લાગી.

"કાંઈ જોઈતું કરતું હોય તો કહેજો." દરવાન કહેતો હતો. "તમારે જો શબને સારાં કપડાં પહેરાવવાં હશે તો અહીં સોનેરી કપડાં, ફૂલ, મૂર્તિ વગેરે સર્વ કાંઈ મળી શકશે; કારણકે અમે તે સર્વ વસ્તુઓ અહીં રાખીએ છીએ . . . કંઈક કપડાં ખરીદો . . . પગમાં સ્લીપર્સ પણ જોઈશે . . ."

ટમારાએ પૈસા આપ્યા અને તે માન્કા સાથે બહાર નીકળી.

થોડી વાર પછી ફૂલની બે માળાઓ લાવવામાં આવી : એક હતી ટમારા તરફથી અને તેની સફેદ પટી પર કાળા અક્ષરોમાં "એક મિત્ર તરફથી, જેનીને !" એવા અક્ષરો લખેલા હતા : બીજી હતી રયાઝાનોવ તરફથી—જેની લાલ પટ્ટી પર સોનેરી અક્ષરોએ લખેલું હતું: "સહન કરવાથી જ આપણે પવિત્ર થઈશું." તેણે એક ચિઠ્ઠી મોકલાવી હતી, જેમાં જણાવ્યું હતું કે પોતાને બહુ અગત્યનું કામ આવી પડવાથી આવી શક્યો ન હતો અને તે માટે તે માફી ચાહતો હતો.

ટમારાએ બોલાવેલા, શહેરના સૌથી ઉત્તમ ગણાતા પંદર ગાયકો પણ હવે આવી પહોંચ્યા.

તેમના આગેવાને ભૂરો ઓવર કોટ, ભૂરી ટોપી, ટૂંકમાં બધુંજ ભૂરા રંગનું પહેર્યું હતું અને તેથી જાણે ધૂળમાં રમી આવ્યો હોય તેવો જણાતો હતો; પણ સાથે જ તેની મોટી લાંબી મૂછોને લીધે તે લશ્કરનો માણસ

હોય તેવો ભાસતો હતો. તેણે તરત જ વેરકાને ઓળખી કાઢી, જરા આશ્ચર્ય પામ્યો, આછું સ્મિત કર્યું અને આંખ મચકારી. તે અને તેના જ ધંધામાં પડેલા બીજા મિત્રો સાથે મહિનામાં બેત્રણ કે વધારે વાર તે યામાની મુલાકાત લેતો અને બધાં ગૃહોની મુલાકાત લીધા પછી આખરે આના મારકોવનાના ગૃહમાં આવી અટકતો અને અહીં તે હંમેશા વેરકાને જ પસંદ કરતો.

તે બહુ આનંદી માણસ હતો અને નૃત્યનો બહુ શોખીન હોઈ, તેમાં બહુ રસપૂર્વક ભાગ લેતો. અને તે વખતે એ એવાં નખરાં કરતો કે પ્રેક્ષકવર્ગ તે જોઈ પેટ પકડી પકડી હસતો.

ગાયકોની પાછળ જ ટમારાએ ભાડે કરેલી બે ઘોડાની શબ-વાહિની—ગાડી આવી. સાથે સાત મશાલચીઓ પણ હતા. ઉપરાંત તેઓ એક સફેદ ચકચકિત શબની પેટી પણ લાવ્યા હતા. તેની સાથે તે પર પાથરવાનું કાળું કેલિકોનું કપડું પણ હતું. જરા પણ ઉતાવળ કર્યા વગર, હંમેશની ટેવ મુજબ તેમણે શબને પેટીમાં ગોઠવ્યું, આછાં પાતળાં કપડાં વડે તેનું મોં ઢાંકયું, એના ઉપર સોનેરી કપડું ઓઢાડયું અને એક માથા આગળ અને બે પગ આગળ એમ ત્રણ મીણબત્તીઓ સળગાવી.

હવે મીણબત્તીના ધ્રૂજતા પીળા પ્રકાશમાં જેનકાનું મુખ સ્પષ્ટ જોઈ શકાતું હતું. મોં પરની ભુરાશ અદૃશ્ય થઈ ગઈ હતી ને માત્ર ભમર પર, કાન પર, બે આંખો વચ્ચે ડાઘા જેવી થોડીક હવે જણાતી હતી. બે કાળા હોઠ વચ્ચે દાંતની ધોળાશ નજરે પડતી હતી, જ્યારે કરડી ખાધેલી જીભનો એક ભાગ પણ સ્પષ્ટ દેખાતો હતો. ગળાના ખુલ્લા ભાગ પર, જૂના કાગળ જેવા રંગના, બે કાપા દેખાતા હતા : એક કાળો—દોરડાનો અને બીજો મારામારી વખતે સામિયને માર માર્યો હતો તેનો; એ બેય કાપા ગળામાં પહેરેલ

એ ભયંકર હાર જેવા લાગતા હતા. ટમારા નજીક ગઈ અને એક પીન વડે ગળાના કૉલરનો ભાગ હડપચી નીચે સીવી લીધો.

પાદરી આવ્યો: તેણે સોનેરી ચશ્માં અને નાની તાળવું ઢંકાય તેવી ટોપી પહેરી હતી: તે ફિક્કા ચહેરાવાળો, ઊંચો ને પાતળો હતો: તેની સાથે છેલબટાઉ જેવો લાંબો ઝભ્ભો પહેરેલો અને ગાયકમંડળના મિત્રો સાથે આંખો વડે ગુપ્ત સંજ્ઞાઓ કરતો, પાદરીનો ગાયક આવ્યો.

ટમારા પાદરી પાસે ગઈ.

"બાપુ!" તેણે કહ્યું. "તમે વિધિ કેવી રીતે કરશો? બધાયની ભેગી કે જુદી જુદી?"

"અમે બધાયની ભેગી જ વિધિ કરીએ છીએ." તેણે દાઢીના વાળ પસવારતાં જવાબ આપ્યો. "સામાન્ય રીતે એમ જ ઠીક પડે છે, પણ ખાસ માગણીથી અને ખાસ વ્યવસ્થાથી જુદી જુદી પણ કરી શકાય છે. સદ્‌ગત કયા રોગથી મૃત્યુ પામી હતી?"

"તેણે આત્મહત્યા કરી હતી, બાપુ!"

"હં . . . આત્મહત્યા? પણ તું જાણે છે, યુવાનબાઈ, કે ધાર્મિક કાયદા મુજબ એવાઓને વિધિનો અધિકાર નથી . . . અને હોવો જોઈએ પણ નહિ! અલબત્ત, ખાસ સંજોગોમાં અપવાદ રાખવામાં આવે છે . . ."

"જુઓ, આ રહ્યાં મારી પાસે ડૉક્ટર અને પોલીસનાં પ્રમાણપત્રો . . . તે વખતે તેનું મન અસ્થિર હતું . . . તેણે ગાંડપણમાં આમ કર્યું હતું . . . !"

રયાઝાનોવે આગલી સાંજે મોકલાવેલાં બે પ્રમાણપત્રો અને તે પર દસ દસ રૂબલની ત્રણ નોટો મૂકી તેણે તે બધાં કાગળિયાં પાદરીના હાથમાં મૂક્યાં. "મારી આપને વિનંતી છે કે ખ્રિસ્તીને યોગ્ય આપ બધી વિધિ કરશો. તે બહુ જ ઉમદા વ્યક્તિ હતી અને

તેણે આ જગતમાં બહુ દુઃખ સહ્યું હતું. અને આપ એક વધુ ઉપકાર નહિ કરો . . . આપ સાથે સાથે કબ્રસ્તાનમાં આવી, ત્યાં એક બીજી પ્રાર્થના નહિ કરો . . . "

" કબ્રસ્તાન સુધી હું સાથે આવી શકીશ, પણ ત્યાં મારાથી પ્રાર્થના નહિ કરાવી શકાય, કારણકે તે માટે ત્યાં જુદો પાદરી રહે છે . . . અને બાઈ, હવે મારે ત્યાંસુધી આવવું પડશે તો તું . . . આમાં કાંઈક વધારો કર . . . મારે ગાડીભાડું પણ આપવું પડશે."

ટમારાના હાથમાંથી વધારાના પૈસા લઈ, પાદરીએ ધૂપદાનીને મંત્ર ભણી પવિત્ર કરીને તે લઈ શબની ચ.રે તરફ તેને પવિત્ર કરવા ફરવા માંડયું. પછી તેના મસ્તક આગળ ઊભા રહી, ધીમા ગંભીર સ્વરે તે બોલ્યો:

" ઈશ્વર મહાન છે. પૂર્વે જેવી હતી, આજે જેવી છે અને ભવિષ્યમાં જેવી હશે, તેમ આ સૃષ્ટિ અનંત છે."

તેની સાથે આવેલા ગાયકે ભજન ગાવા માંડયાં. તરત જ કોઈ આધ્યાત્મિક ભેદી વાતો જાહેર કરતા હોય તેમ ગાયક–મંડળના સર્વ સભ્યોએ મીઠા સરોદે ગાવા માંડયું. " હે પ્રભુ, આ આત્માને શાંતિ આપજે. તું માનવજાતિ પ્રત્યે અતિ રહેમદિલ છે."

ગાયકે બધાને એક એક મીણબત્તી આપી, જે સળગાવતાં તેનો આછો ધ્રૂજતો પીળો પ્રકાશ દરેકના મુખને અજવાળવા લાગ્યો.

એકસૂરથી ભજન આગળ વધ્યું અને દુઃખી દેવતાઓના નિઃશ્વાસ જેવા મહાન શબ્દો સંભળાયા:

" ઓ પ્રભુ, તારા આ ભકતને તારા ચરણકમળમાં સ્થાન આપજે. તેના સર્વ ગુનાઓની માફી આપી તેને શાંતિ આપજે."

ટમારા આ પરિચિત, પણ હાલ કેટલોક સમય થયાં અપરિચિત એવા શબ્દોને કડવા સ્મિતસહ સાંભળતી હતી. ઈશ્વરનો ઇન્કાર કરતાં,

કદાપિ પણ વિસ્મૃત ન થાય તેવા દર્દભર્યાં શબ્દો આવી ટમારાના કાનમાં ગુંજારવ કરવા લાગ્યા . . . " શું તે મહાન દયાળુ પરમેશ્વર તેને માફી આપશે કે તેના પાપી, કઠોર, દુષ્ટ જીવનને માફી નહિ આપે ? હે સર્વજ્ઞ, તું તે દયાર્દ્ર, ક્રાંતિકારી અને અનિચ્છાએ પતિત બનેલી બાળા, જેણે તારા અસ્તિત્વનો અસ્વીકાર કર્યો હતો અને તારા પવિત્ર નામ પર કઠોર શબ્દો સંભળાવ્યા હતા, તેને માફી આપીશ ને ? હે મહાન દયાળુ પરમેશ્વર !"

એક આછું, દબાવેલું રુદન, ચીસમાં ફેરવાઈ મકાનમાં ધ્વનિત થઈ રહ્યું. " ઓ જેનકા ! " એ રુદન હતું નાની માન્કાનું, જે ઘૂંટણીએ પડી, મોંએ રૂમાલ દબાવી, ચોધાર અશ્રુ વહાવી રહી હતી. બાકીની છોકરીઓ પણ, તેને જોઈ ઘૂંટણીએ વળી નીચે બેઠી અને આખુંય મકાન નિઃશ્વાસો, રુદનો અને ડૂસકાંઓથી ભરાઈ ગયું.

" હે પ્રભુ, તું જ માત્ર એક અમર છું—જેણે માનવીને પેદા કર્યો છે. આ માટીમાંથી અમે બનેલાં છીએ અને એમાં અમે ભળી જઈશું, કારણકે અમને પેદા કરતી વખતે તેં જ જણાવ્યું હતું કે તું માટીમાંથી પેદા થયેલ છે અને તું માટીમાં મળી જઈશ."

ટમારા સ્થિર પાષાણવત્ બની ઊભી હતી અને તેનું મુખ પથ્થરના પૂતળા જેવું ગંભીર બની ગયું હતું. તેના સોનેરી વાળ પર મીણબત્તીનો આછો પ્રકાશ પડતાં તેમાં અજબ ચમકાર દીસતો હતો. તે એકચિત્તે અને સ્થિર નયને જેનકાના મુખને નિહાળી રહી હતી.

" તું માટીમાંથી પેદા થયેલ છે અને તું માટીમાં મળી જઈશ . . . " તે મનમાં ગણગણતી હતી. " શું સહુ કોઈનો એ જ અંત આવવાનો—માત્ર માટીમય અને પછી કશુંય નહિ ! અને ત્યારે વધારે બહેતર કયું છે : કંઈ જ અસ્તિત્વ ન હોવું તે કે ગમે તેવું પણ અસ્તિત્વ હોવું તે ? "

તે જ પળે તેના દિલાસાના આ છેલ્લા પ્રશ્નનો જવાબ મળતો હોય તેમ ભજનના શબ્દો સંભળાયા :

"અને માનવી સર્વ તેમાં મળી જશે . . ."

ગાયકોએ 'અનંત સ્મરણુ'નું ભજન પૂરું કર્યું. મીણુબત્તીઓ હોલવી નાખી અને ચારે તરફ હોલવેલી મીણુબત્તીઓમાંથી નીકળેલી નીલવર્ણી ધૂણીની રેખાઓ પ્રસરી રહી. પાદરીએ અંતિમ પ્રાથના વાંચી અને પછી એક નાના પાવડા વતી થોડી માટી લઈ શબના મુખ પર નાખી.

અને આ પળે તેણે ગંભીર અને ગૂઢ, જગતના સર્વજનોને અનિવાર્ય રીતે લાગુ પડતા શોકમય શબ્દો ઉચ્ચાર્યા: "આ જગત ઈશ્વરનું છે અને તે જ આ જગત અને તેમાં વસતા સર્વ જીવોનો વિધાતા છે."

સર્વ છોકરીઓ શબની સાથે કબ્રસ્તાન સુધી ગઈ. ત્યાંનો માર્ગ યામા શેરીના નાકાને વીંધીને જતો હતો. તે શેરીમાં થઈને ડાબી બાજુએ વળ્યો હોત તો માર્ગ ઘણો જ ટૂંકો થાત, પણ સામાન્ય રીતે મડદાંઓ યામા શેરીમાં થઈને લઈ જવામાં આવતાં નહિ.

છતાંય, દરેક ઘરમાંથી પહેરેલ કપડે માનવીઓ ડોકાં કાઢી આ શબને જોતાં હતાં: કોઈએ ઉઘાડા પગ પર માત્ર સ્લીપર પહેર્યાં હતાં, તો કોઈએ હજી રાતના કપડાં પહેર્યાં હતાં ને માથા પર રૂમાલ બાંધ્યા હતા. તે બધાં આ શબને લઈ જતું જોઈ વધસ્થંભની સંજ્ઞા કરતાં, નિઃશ્વાસ મૂકતાં ને રૂમાલ વડે કે જેકેટના છેડા વડે આંખો લૂછતાં હતાં.

આકાશ સ્વચ્છ થઈ ગયું હતું . . . ઊંચે નીલાકાશમાં સૂર્ય પ્રકાશતો હતો . . . ઝાડ પર પાનખર ઋતુ પહેલાનાં પાંદડા સૂર્યના તેજમાં સુવર્ણમય ભાસતાં હતાં . . . અને તેવે સમયે ગંભીર અને શોકમય શબ્દો વચ્ચે વચ્ચે સંભળાતા હતા: "પવિત્ર દેવ, સર્વ-શક્તિમાન પરમેશ્વર, અનંત પ્રભુ, અમારા પર રહેમ કરજે." કશાથી પણ ન સંતોષાય તેવી જીવનતૃષા, જીવનના સૌંદર્ય અને આનંદને

અનુભવવાની ક્ષણિક પણ સ્વપ્નમય ઇચ્છા, મૃત્યુની અનંત શાંતિની ભયંકરતા—તે બધા સમક્ષ આ શબ્દો કેવો વિચિત્ર પડઘો પાડતા હતા !

પછી કબર આગળ એક ટૂંકી પ્રાર્થના... શબની પેટી પર પડતી માટીનો અવાજ... અને નવો માટીનો ટેકરો...

"અને છેવટે આવો અંત!" એકલાં પડતાં ટમારાએ છોકરીઓને ઉદ્દેશી જણાવ્યું. "બહેનો, કોઈને બે દહાડા વહેલું તો કોઈને બે દહાડા મોડું!... મને જેનકા માટે બહુ દુઃખ થાય છે. ... અત્યંત શોક... આપણને એવી બીજી સખી નહિ મળે... અને છતાં બહેન આપણે જે ખાડામાં પડયાં છીએ, તે કરતાં જે ખાડામાં તે સૂતી છે, તેમાં તે આપણા કરતાં વધારે સુખી છે... ચાલો છેલ્લી વખત વધસ્થંભની સંજ્ઞા કરી લઈએ અને પછી ઘર તરફ જવા રવાના થઈ જઈએ..."

અને જ્યારે બધીય છોકરીઓ વધસ્થંભની સંજ્ઞા કરી રહી, ત્યારે ટમારાએ ગૂઢ અને ગંભીર એવા નીચેના શબ્દો ઉચ્ચાર્યા:

"અને આપણે તેના સિવાય લાંબો વખત હવે સાથે રહીશું નહિ. થોડા સમયમાં જ આપણે બધાં છૂટાં છૂટાં પડી જઈશું. જીવન મનોહર છે... જુઓ... પેલો સૂર્ય... પેલું સ્વચ્છ આકાશ ... હવા કેટલી સ્વચ્છ છે... પતંગિયાં ઊડે છે... જાણે ભારતીય વસંત ઋતુ...આ જગત કેટલું મનોહર છે... માત્ર તેમાં આપણને... આપણે વારવનિતાઓને જ સ્થાન નથી... ચાલો,હવે રવાના થઇએ!"

છોકરીઓ બધી ઘેર જવા નીકળી. પણ તે જ સમયે એક બાજુએથી કોઈ પૂતળા પાછળથી, ઓચિંતા એક વિદ્યાર્થીએ ત્યાં દેખાવ દીધો. તેણે લ્યુબકાને પકડી પાડી અને હળવે રહીને તેની બાંય પકડી. તે પાછી ફરી અને સોલોવિવને જોતાં ચમકી. તેનો ચહેરો તરત જ ફિક્કો પડી ગયો, આંખો ફાટી ગઈ અને તેના હોઠ ધ્રૂજવા લાગ્યા.

"ચાલ્યો જા!" તેણે અત્યંત તિરસ્કારથી સ્વસ્થ ચિત્તે જણાવ્યું.

"હ્યુબકા... હ્યુબકા..." સોલોવિવે વિનંતી કરતાં મૃદુ સ્વરે કહ્યું. "મેં તને બહુ શોધી. હું ઈશ્વરના સોગન ખાઈ કહું છું... હું પેલા લિખોનીન જેવો નથી... હું તૈયાર છું... તું કહે તો આજે જ... અત્યારે જ..."

"ચાલ્યો જા!" હ્યુબકાએ પુનઃ કહ્યું.

"હું સાચું કહું છું... સાચું... હું મશ્કરી નથી કરતો. હું લગ્નની વાત કરું છું..'

"કમજાત!" હ્યુબકાએ અણધારી બૂમ પાડી તેના મોં પર એક તમાચો ખેંચી કાઢ્યો. "અમારી બધાની વતી લે, લેતો જા!"

સોલોવિવ જરા પાછો હઠી ગયો. તેની આંખોમાં ઊંડો પ્રેમ હતો... તેનું મોં અર્ધ ખુલ્લું હતું...

"ચાલ્યો જા! ચાલ્યો જા! મને તારું કાળું મુખ જોવું પણ ગમતું નથી." હ્યુબકા ગુસ્સાથી કહેતી હતી. "દુષ્ટ! નરાધમ!"

સોલોવિવે મુખ હથેલીઓ વડે ઢાંકી દીધું અને પછી દારૂ પીધેલ માણસની જેમ લથડિયાં ખાતો પાછો ફરી કોઈ અનિશ્ચિત માર્ગે ચાલ્યો ગયો.

[૯]

અને સત્યતઃ ટમારાના શબ્દો દેવવાણી જેવા નીવડયા. જેનીના છેલ્લા સંસ્કારને બે અઠવાડિયાં વીત્યાં ન હતાં તેટલા ટૂંક ગાળામાં એમાં એડવર્ડોવનાના આ વારવનિતાગૃહ પર એટલાં બધાં સંકટો અને આપદાઓ આવી ગયાં કે તેટલાં સંકટો અને આપદાઓ કોઈના સારા જીવનમાં પણ આવતાં નહિ હોય.

બીજે જ દિવસે કમનસીબ પાશકાનું મગજ સાવ શૂન્યતાએ પહોંચવાને લીધે તેને એક અનાથગૃહ—ગાંડાની ઇસ્પિતાલમાં મોકલી આપવી પડી હતી. ડૉક્ટરોએ અભિપ્રાય આપ્યો કે તે હવે પુનઃ સાજી થઈ શકે તેવી કોઈ આશા ન હતી, અને ઇસ્પિતાલમાં લઈ ગયા પછી તેને જે સાદડી પર સુવાડવામાં આવી હતી, ત્યાં જ તે મૃત્યુ પર્યંત પડી રહી. તેનું મગજ દિવસે દિવસે વધુ ખરાબ થતું ગયું. અને બરાબર છ મહિને રક્તવિકારને પરિણામે આખા શરીરે ચાંદા ફૂટી નીકળવાથી તે મૃત્યુ પામી.

તે પછી વારો આવ્યો ટમારાનો.

લગભગ પંદર દિવસ સુધી તેણે વડી બાઈ તરીકેની સર્વ ફરજો બરાબર અદા કરી: તે સમય દરમ્યાન તે ઘણી જ ચપળ અને ઉત્સાહી પણ દેખાતી અને તેના અંતરમાં જે લાગણી લાંબો સમય થયા ક્રાંતિ કરવા ચાહતી હતી તેને તેણે કોઈ પણ પ્રકારે દબાવી રાખી હતી, પણ એક દિવસ સાંજે તે બહાર ગઈ તે ગઈ, પછી તે કદાપિ પણ પાછી ફરી નહિ . . .

વાત એમ હતી કે શહેરમાં એક આધેડ વયના, શ્રીમંત અને અત્યંત કંજૂસ એવાં એક વકીલ મહાશય સાથે કેટલોક સમય થયાં તેણે ખાનગી રીતે, કોઈ ન જાણે તેમ, પ્રણયસંબંધ બાંધ્યો હતો. આજથી વરસેક દિવસ ઉપર જ્યારે એક વહાણમાં ટમારા મુસાફરી કરતી હતી ત્યારે બન્નેની મુલાકાત થઈ હતી અને ત્યાંથી તેમની ઓળખાણની શરૂઆત થઈ હતી. ટમારાની ચપળતા, તેનું સૌંદર્ય, તેનું સ્મિત, તેની છટાભરી વાતચીત, તેની પ્રભાવ પાડવાની કળા, તે બધું જોતાં આ વકીલ તેનામાં લુબ્ધ થઈ ગયો હતો. ટમારાએ તે જ ક્ષણથી આ ખાનદાન કુટુંબમાંથી આવતા વકીલને બરોબર સપડાવવાનો નિશ્ચય કર્યો હતો. પોતે શું ધંધો કરતી હતી તે તેણે જાહેર કર્યું ન હતું. તે વિષે તેને અંધારામાં રાખવામાં તેને ઓર આનંદ આવતો હતો. તેણે વાત વાતમાં આડકતરી રીતે એમ

જણાવ્યું હતું કે પોતે એક મધ્યમ વર્ગની પરણેલી સ્ત્રી હતી: તેનો ગૃહસંસાર સુખી ન હતો, કારણકે તેનો પતિ જુગારી અને જુલમી હતો અને કમનસીબે તેને એકે બાળક પણ ન હતું કે જેથી તેને દિલાસો મળે. છૂટાં પડતી વખતે તેણે એક રાત સાથે ગાળવાની વકીલની માગણીને તિરસ્કારી કાઢી અને જણાવ્યું હતું કે તે હવે પુનઃ તેને મળવા માગતી ન હતી, પણ તેણે પોસ્ટ ઓફિસના સરનામે ખોટું નામ આપી તેને પત્રો લખવા દેવાની રજા આપી હતી. બન્ને વચ્ચે પત્રવ્યવહાર શરૂ થયો અને તે દ્વારા વકીલ મહાશયે પોતાની કલમનો પૂર્ણ ઉપયોગ કરવા માંડયો. જવાબમાં ટમારા તો સાદા ગૂઢ અર્થવાળા કાગળો લખતી હતી.

પછી જાણે કે વકીલના બહુ જ આગ્રહને વશ થઈ તેણે પ્રિન્સ બાગમાં મુલાકાત લેવા દેવાની હા પાડી. તે વખતે તેણે એવો વર્તાવ કર્યો કે વકીલ તો પાણી પાણી થઈ ગયો, પણ કોઈ પણ એકાંત સ્થાને જવાની માગણીનો પુનઃ ટમારાએ સ્પષ્ટ ઇન્કાર કર્યો.

આમ તેણે તેના પર ખૂબ જ જાદુ ચલાવ્યું અને તેમ કરી પ્રથમના પ્રણયાગ્નિ કરતાંય જે વધારે બળવાન અને ભયંકર હોય છે, તે અંતિમ પ્રણયજ્વાળા તેનામાં પૂર્ણપણે પ્રગટવા દીધી. આખરે, આ વખતના ઉનાળામાં, જ્યારે વકીલનું કુટુંબ આખું પરદેશ હતું, ત્યારે તેની એકાંતમાં મુલાકાત લેવાનો ટમારાએ નિશ્ચય કર્યો: અને અહીં અંતે જ્યારે તેણે પોતાનું શરીર તેને સોંપ્યું, ત્યારે તેની આંખમાં આંસુ હતાં; પણ સાથે જ નાજોનખરાં પણ એટલાં વિપુલ પ્રમાણમાં હતાં કે વકીલ તેમાં સાવ સાનભાન ભૂલી ગયો.

ટમારા વકીલને બહુ લાંબે અંતરે મુલાકાત આપતી. આથી તો વકીલની પ્રણયપિપાસા ખૂબ જ વધી ગઈ હતી. તે તેના તરફથી માત્ર ફૂલછડીઓ અને હોટેલનું સાદું ભોજન એટલું જ સ્વીકારતી; પણ બીજી કિંમતી ભેટો સ્વીકારવાની સાફ ના પાડતી અને તે વખતે

એવો તો વર્તાવ કરતી કે વકીલ તેને પૈસા આપવાની માગણી કરવાની હિંમત જ કરી શકતો નહિ. એક વખત જ્યારે તેણે હિંમત કરી– જુદી ઓરડી રાખવાની અને તેમાં બધું વસાવી આપીને રાખવાની, ત્યારે ટમારા તેના મુખ તરફ એવી તો કઠોર, સખ્ત અને ભયંકર આંખો વડે જોઈ રહી કે તે નિશાળિયાની જેમ ગભરાઈ ગયો અને તેના બન્ને હાથને ચુંબન કરતો ક્ષમા માગવા લાગ્યો.

આમ ટમારાએ લાંબો સમય રમત ચાલુ રાખી અને પોતાનો પ્રભાવ તેના પર બરાબર જમાવ્યો. વકીલની તિજોરીમાં કયે દિવસે વધારે મોટી રકમો રહેતી, તેથી હવે તે માહિતગાર થઈ હતી, પણ ઉતાવળ કરવાથી દાવ બગડી ન જાય તે માટે ધીરજ ધરી બેઠી હતી અને હળવે હળવે પોતાની યુક્તિ કેમ પાર પડે તેના દાવપેચ ગોઠવતી હતી.

અને આખરે હવે દિવસ આવી પહોંચ્યો. એક મોટી વ્યાપારી પરિષદ હમણાં જ પૂરી થઈ હતી, અને પરિણામે વકીલોની પેઢીઓ મોટી મોટી રકમોના કબાલા કરતી હતી. વકીલ સામાન્ય રીતે દર શનિવારે બેંકમાં બધા પૈસા મૂકી આવતો હતો, કે જેથી રવિવારે નિશ્ચિંત બની આરામ કરી શકાય, અને તેથી શુક્રવારે એક માણસ મારફતે, વકીલને નીચેનો કાગળ મળ્યો:—

"પ્રાણથીય અધિક પ્યારા પ્રિયતમ! તારી માશૂક . . . તારી પ્રિયતમા પ્રણયાગ્નિના જવલંત ચુંબનો વડે તારો સત્કાર કરે છે . . . પ્રિયતમ, આજે મારે માટે તહેવારનો દિવસ છે અને હું અત્યંત આનંદમાં છું. આજે હું ને તું બન્ને છૂટાં છીએ. એ કામસર બહારગામ ગયો છે અને છેક આવતી કાલે સાંજે પાછો ફરવાનો છે, તેથી આજની સાંજ અને આખી રાત તારી સોડમાં વિતાવવા હું માગું છું. મારા જિગર, મારું સારુંય જીવન તારી સોડમાં વિતાવું એમ હું ઇચ્છું છું. મારે જગતમાં બીજી કશાની તમન્ના નથી. હોટેલ

અને વીશીઓથી હવે હું કંટાળી ગઈ છું. મને તો માત્ર જરૂર છે તારી . . . તારી . . . અને માત્ર તારી જ. તેથી આજે સાંજના દસ વાગે મારી રાહ જોજે. થોડીક મીઠાઈ અને ઠંડા દારૂની બાટલીઓ તૈયાર રાખજે. આજે તારો વિયોગ મારાથી સહેવાતો નથી. મને લાગે છે આજે હું તને પજવી નાખીશ. હવે મારાથી વધારે વાર નહિ રહેવાય. મારું માથું ભમે છે, મારું મુખ ગરમ ગરમ થઈ ગયું છે અને મારા હાથ બરફ જેવા ટાઢા થઈ ગયા છે. હું તને ગાઢ આલિંગન કરું છું.—તારી પ્રિયતમા !"

તે જ રાતના અગિયાર વાગે તેણે સિફતથી વકીલને પોતાને તિજોરી બતાવવા કહ્યું. વકીલે આનંદપૂર્વક તિજોરી ખોલી બતાવી અને તેણે તે વખતે તિજોરી ખોલવાના છૂપા અક્ષરો જાણી લીધા. પછી એકદમ જાણે તેનાથી કંટાળો આવતો હોય તેમ નજર ફેરવી, બગાસું ખાઈ કહેવા લાગી: "ઉંહ, મને તો કંટાળો આવે છે."

અને પછી તેને ગળે હાથ નાંખી, તેના કાન આગળ મુખ લઈ જઈ, નયનો નચાવતાં તેણે જણાવ્યું: "ચાલ . . . પ્રિયતમ . . . અહીંથી ચાલ !"

અને પહેલી તે જ બહાર નીકળી અને ભોજનગૃહમાં ચાલી ગઈ. ત્યાંથી તેણે કહ્યું: "આવ ! મારા હૃદયેશ્વર ! જલદી આવ ! મારે હવે મદિરા પીવો છે અને ત્યાર પછી તારા પ્રેમમદિરાનો અનંત આસ્વાદ લેવો છે . . . નહિ ! આજે તો આખો ગ્લાસ પી જવો પડશે ! કેમ, આજે પ્રણયાનંદનો આખો ઘડો ખાલી કરી નાખીશું ને !"

વકીલે તેના ગ્લાસને પોતાનો ગ્લાસ અડકાડ્યો અને પછી એકીશ્વાસે આખો ગ્લાસ પી ગયો. પછી હોઠ લૂછતાં તે બોલ્યો:

"અજાયબ જેવું છે . . . દારૂ જરા વધારે તીખો લાગે છે !"

"હા !" ટમારાએ કહ્યું અને તેના તરફ એકીટસે જોઈ રહી.

"આ દારૂ બીજા કરતાં જરા વધારે તીખો હોય છે, કારણકે આ તો પ્રસિદ્ધ રહાઈનનો દારૂ છે . . ."

"પણ આજે તો બહુ જ તીખો લાગ્યો." વકીલે કહ્યું. "નહિ, બસ. આજે હવે વધારે નહિ લઉં."

અને પાંચ મિનિટમાં તો તે ખુરશી પર જ ઘસઘસાટ ઊંઘી ગયો. તેનું માથું એક બાજુ ઢળી ગયું હતું. ટમારા થોડી વાર ચુપચાપ બેસી રહીને પછી તે બરોબર ઊંઘી ગયો છે કે નહિ તે જોવા તેને ઢંઢોળવા લાગી. પછી તેણે સળગતી મીણબત્તી લઈ તેને બારી ઉપર એવી રીતે મૂકી કે જેથી બહાર રસ્તા પરનો માણસ તે જોઈ શકે, અને તે બારણા નજીક, દાદર પર ચઢતાં માણસનાં પગલાં સંભળાયાં ત્યાંસુધી એકધ્યાન ધરી ઊભી રહી. થોડી વાર બાદ જરાય અવાજ કર્યા વગર તેણે દરવાજો ખોલ્યો અને સંપૂર્ણ સદ્‌ગૃહસ્થના પોશાકમાં અને હાથમાં એક ચામડાની બેગ સહિત સેનકા અંદર દાખલ થયો.

"તૈયાર?" સેનકાએ ધીમેથી પૂછ્યું.

"એ ઊંઘી ગયો છે." ટમારાએ પણ તેવા જ સ્વરથી જવાબ આપ્યો. "લે . . . આ ચાવી!"

બન્ને તિજોરીવાળા ઓરડામાં પહોંચ્યાં બેટરીના પ્રકાશથી તિજોરીને જોતાં જ સેનકા પૂર્વવત્ સ્વરે બોલી ઊઠયો

"એનું નખ્ખોદ જાય! . . . મને ખાતરી જ હતી કે તિજોરી છૂપા અક્ષરોથી ખોલવાની હશે . . . હવે અક્ષરો જાણ્યા વગર નહિ ઊઘડે—વીજળીના પ્રવાહ વડે તે ઓગાળવી પડશે અને કોણ જાણે ક્યારેય તે પૂરું થશે!"

"એવું કાંઈ કરવાની જરૂર નથી," ટમારાએ તરત જ જવાબ આપ્યો. "મને તે અક્ષરોની ખબર છે . . . જો . . . ઉઘાડવા માંડ . . . z . . . e . . . n . . . i . . . t . . . એમાં નથી."

દસ મિનિટ બાદ બન્ને દાદરેથી નીચે ઊતર્યાં. જાણીજોઈ ને આડીઅવળી ગલીઓમાં થઈ આગળ વધવા લાગ્યાં. પછી જૂના શહેરના એક તબેલામાંથી ગાડી ભાડે કરી, શ્રીયુત અને શ્રીમતી સ્ટેવનીઝકી તરીકેના બનાવટી પરવાના બતાવી સહીસલામત શહેર બહાર નીકળી ગયાં. લાંબા સમય સુધી તે ક્યાં હતાં, તે વિષે કોઈને ખબર ન પડી. એક વરસ બાદ મોરકોની એક મોટી ચોરીમાં સેનકા પકડાઈ ગયો અને તેણે ટમારાને પણ અંદર સંડોવી, જેને પરિણામે બન્નેને લાંબી મુદતની સજા થઈ.

ટમારા પછી વારો આવ્યો ભોળી, સરળ અને પ્રેમાળ વેરકા-નો. લાંબો સમય થયાં, પોતાની જાતને લશ્કરી ખાતાના કારકુન તરીકે ઓળખાવતા એક અર્ધલશ્કરી માણસના પ્યારમાં તે પડી હતી. તેનું નામ હતું ડીલેકટરસ્કી. તેમનો સંબંધ દેવ અને પુજારણ જેવો હતો. પુજારણ હતી વેરકા અને દેવ હતો આ ડીલેકટરીસ્કી. અને આ સંબંધને પરિણામે તેને ઊલટી વેરકા તરફથી અર્ધ્યરૂપે ભેટસોગાદો મળતી. છેલ્લા થોડા માસ થયાં વેરકા જોતી હતી કે તેનો પ્રિયતમ તેના પ્રતિ બેદરકાર અને ઠંડો થતો જતો હતો અને તેની સાથે વાતો કરતાં કરતાં પણ ઊંડા વિચારોમાં ગમગીન થઈ જતો. આથી વેરકાને બહુ દુઃખ થતું અને તેથી તે અદેખી બનવા લાગી હતી, તેમ જ વારંવાર પ્રશ્નો પૂછવાં લાગી હતી; પણ જવાબમાં હંમેશા અધૂરા અને ભવિષ્યમાં મોટી આપદા આવી પડવાની છે, એવા અર્થનાં અધૂરા વાક્યો તે બોલતો.

આખરે સપ્ટેંબરની શરૂઆતમાં તેણે કબૂલ કર્યું કે, પોતે મોટી રકમનો—સરકારી રકમનો—લગભગ ત્રણ હજાર જેવડી મોટી રકમનો ગોટાળો કર્યો હતો અને હવે પાંચેક દિવસમાં જ તે જાહેર થઈ જશે અને પરિણામે તેને અપમાન, અદાલત અને સખ્ત મજૂરીનો સામનો કરવો પડશે . . . અત્રે આ કારકુન માથે હાથ દઈ ડૂસકે ને ડૂસકે રોવા લાગ્યો અને બોલ્યો:

" મારી ગરીબ બિચારી માતા... તેનું શું થશે! તે આ દુઃખ નહિ સહી શકે !. . . . નહિ ! આમ ગુનેગાર થઈને યાતનાઓ સહન કરવી તે કરતાં તો મૃત્યુને ભેટવું હજાર દરજ્જે ઉત્તમ છે."

જો કે તે દોઢિયે દોઢિયે વેચાતી નવલકથાની ભાષામાં પોતાના વિચારો વ્યક્ત કરતો હતો (અને આજ ભાષાને પ્રતાપે તેણે વિશ્વાસુ વેરકાને ભોળવી હતી) છતાં આત્મહત્યા કરવાનો નાટકિયો વિચાર, એક વખત તેના મગજમાં પેદા થતાં, ઘર કરી રહ્યો હતો.

એક દહાડો, કોણ જાણે કેમ તે વેરકા સાથે પ્રિન્સ બાગમાં ફરી રહ્યો હતો. પાનખર ઋતુ પૂરી થવા આવેલી હોવાથી બાગ આખો નવપલ્લવિત અને મનોહર લાગતો હતો અને સુગંધ આહ્લાદજનક ભાસતી હતી; છતાંય જમીન પર પથરાયલા ઘાસમાંથી, વનરાજીમાંથી મૃત્યુની આછી મૃદુ છાયા ડોકિયાં કરતી હોય તેમ ભાસતું હતું.

ડીલેકટરસ્કી લાગણીભીનો થઈ, હૃદયને મોકળું મૂકી, આંસુઓ વહાવી રહ્યો હતો. વેરકાએ પણ તેની સાથે થોડાં આંસુ વહાવ્યાં.

" આજે તો હવે હું આત્મહત્યા કરી મારો છુટકારો કરી નાખીશ." આખરે ડીલેકટરસ્કીએ કહ્યું. " હવે બધાનો અંત આવી ગયો છે . . ."

" નહિ, પ્રિયતમ, એવું પગલું ન ભરશો . . . "

" નહિ, હવે વધારે વખત આ પ્રકારનું જીવન ગુજારવું અસહ્ય છે." ડીલેકટરસ્કીએ ગંભીર બની જવાબ આપ્યો. " આ દુષ્ટ પૈસા ! . . . કિંમતી શું ગણવું—જીવન કે આબરૂ ?"

" હૃદયેશ્વર ! . . ."

" બોલ મા, બોલ મા, એનેટા !" (તેણે વેરકા જેવા સામાન્ય નામને બદલે પોતે પસંદ કરેલું એનેટા જેવું સારા ઘરની કન્યાઓના જેવું નામ પસંદ કર્યું હતું.) " બોલ મા. હવે મારો નિશ્ચય ફરી શકે તેમ નથી !"

"અરેરે, જો મારાથી કશીય મદદ થઈ શકે તેમ હોત તો કેવું સારું!" વેરકાએ કરુણ સ્વરે જણાવ્યું. "અરે, મારું ચાલે તો મારું આખું જીવન તમારા પર ન્યોછાવર કરી દઉં ... લોહીનું એકેએક અણું સુધ્ધાં ..."

"હવે જીવનમાં શું બાકી રહ્યું છે!" એક નટની છટાથી ડીલેકટરસ્કીએ માથું ધુણાવતાં જવાબ આપ્યો.

"સલામ! એનેટા! આખરી સલામ!"

વેરકાએ પણ માથું હલાવતાં કહેવા માંડયું. "મારે પણ નથી જીવવું ... મારે પણ એકલા હવે નથી જીવવું ... મને પણ સાથે લઈ જાઓ! ... હું પણ તમારી સાથે જ પરલોકનો માર્ગ પકડીશ."

તે સાંજે મોડા ડીલેકટરસ્કીએ એક મોટી હોટેલમાં એક ભવ્ય ઓરડો ભાડે રાખ્યો. તે જાણતો હતો કે થોડા કલાકમાં જ, બલકે મિનિટોમાં જ તે અને વેરકા શબ બની પડયાં હશે, અને તેથી તેના ખીસામાં માત્ર અગિયાર કોપેક જ હોવા છતાં મોટા ઘરના નબીરાની જેમ અનેક કિંમતી ખાદ્ય વસ્તુઓ લાવવાનો તેણે હુકમ કર્યો. ઉપરાંત તેણે બે બાટલી ઊંચા પ્રકારનો દારૂ પણ મંગાવ્યો. તેને પોતાને તો ખાતરી હતી કે પોતે આત્મહત્યા કરી શકશે, પણ એ કરુણ કૃત્ય જાણે કે કોઈ ઉમદા પ્રકારનું કાર્ય હતું એવી રીતે તે તેનો વિચાર કરતો હતો અને તે વાતની ખબર પડતાં તેનાં સગાંઓને કેટલો શોક થશે અને તેના મિત્ર કારકુનોને કેટલી અજાયબી થશે, તેની કલ્પના કરી માનસિક આનંદ લૂંટતો હતો. બીજી બાજુ વેરકાએ પોતાની સાથે જ આત્મહત્યા કરી મરી જવાનો વિચાર જાહેર કર્યો તેથી 'આત્મહત્યા' કરવાનો તેનો વિચાર ઊલટો મજબૂત થયો હતો, અને વેરકાને તો આ ભયાનક મૃત્યુથી જરા પણ ભય લાગતો ન હતો. "આવી યાતનાઓ સહન કરી જિંદગી ગાળવી એમાં શો આનંદ છે? પણ અહીં તો પ્રિયતમનો સાથ છે! અને છેવટે તેના સાંનિધ્યમાં જ મીઠું મોત ..." એવા વિચારો કરતી તે ગાંડાની જેમ તેના

કારકુન પ્રિયતમને ચુંબનો કરવા લાગી અને ખડખડાટ હસવા લાગી. તેમ કરતાં તેના છુટ્ટા, ગૂંચળાવાળા વાળ અને ચમકતી આંખોને લીધે તે પહેલાં કરતાં પણ વધારે સૌંદર્યમયી ભાસતી હતી. અંતે અંતિમ વિજયી પળ આવી પહોંચી.

"તું અને હું જીવનનો આસ્વાદ પૂર્ણપણે લઈ ચૂકયાં છીએ... આપણો પ્યાલો સાવ ખાલી થઈ ગયો છે અને પુશ્કીનના શબ્દોમાં કહીએ તો હવે તે તોડી નાખ્યે જ છૂટકો!" ડીલેકટરસ્કીએ કહ્યું. "પ્રિયે, તને પશ્ચાત્તાપ તો થતો નથી ને?"

"ના, જરાય નહિ..."

"તું તૈયાર છે?"

"હા!" વેરકાએ મૃદુ સ્વરે જવાબ આપ્યો અને સ્મિત કર્યું.

"ત્યારે દીવાલ તરફ ફર અને આંખો બંધ કરી દે!"

"ના, ના, પ્રિયતમ, એ રીતે મારે નથી મરવું... મારી નજીક આવ... મને તે તરફ જોયા કરવા દે! લાવ, તારા હોઠ લાવ... હું તેને ચુંબન લીધા કરીશ, જ્યારે તું... હું જરાય ડરતી નથી... હિંમત રાખ!.. હાં, હજી જોરથી ચુંબન લે!"

તેણે તેને મારી નાખી અને જ્યારે તેણે પોતાના હાથવડે કરેલા એ ભયંકર કૃત્યને જોયું ત્યારે એક ઘૃણાત્મક ભયની લાગણી તેને થઈ આવી. વેરકાનું અર્ધનગ્ન બદન હજી બિછાના પર તરફડિયાં મારતું હતું. બીકના માર્યા ડીલેકટરસ્કીને પોતાના પગ સરી જતા ભાસ્યા, પણ તેની દુષ્ટતાએ તેનામાં હિંમત આણી અને તેણે પોતાનાં પાંસળાં પરના કપડાં દૂર કરી ત્યાં પિસ્તોલની નળી અડકાડી; અને જેવો તેણે પિસ્તોલનો ઘોડો દાબ્યો કે અવાજને લીધે અને દર્દને લીધે તેનાથી ભયંકર ચીસ પડાઈ ગઈ. તે જ પળે વેરકાના શબે પણ છેલ્લું તરફડિયું ખાધું અને તેનું શરીર પણ પ્રાણહીન થઈ ગયું.

વેરકાના મૃત્યુના બે અઠવાડિયાં બાદ તોફાની નાની આન્કાનો

પણ અંત આવ્યો. ચામામાં જે વારંવાર થયા કરતા, તેવા એક ધમસાણમાં કોઈએ તેને માથામાં છુટ્ટી ખાલી બાટલી મારતાં તે પણ મૃત્યુને માર્ગે પરવરી અને તેનો ખૂની છેલ્લે સુધી ન પકડાયો.

ટૂંકમાં ચામામાં—એમા એડવર્ડોવનાના આ વારવનિતા-ગૃહમાં આપત્તિઓનો વરસાદ એટલા જોરથી પડવા માંડયો હતો કે ભાગ્યે જ કોઈ તેમાંથી છટકવા પામ્યું હતું.

અને છેલ્લો, સૌથી ભયંકર અને ખૂનામરકીથી ભરપૂર અત્યાચાર તો ચામા પર લશ્કરી સૈનિકોએ કર્યો હતો.

એક રૂબલવાળા એક ગૃહમાં બે સૈનિકોને કોઈએ નોટ વટાવતાં ઓછા પૈસા આપ્યા; તેમણે વાંધો ઉઠાવતાં તેમને મારવામાં આવ્યા અને બહાર શેરીમાં ફેંકી દેવામાં આવ્યા. ફાટેલે કપડે, લોહીથી તરબોળ આ બે સૈનિકો તેમના નિવાસસ્થાને આવ્યા, જ્યાં તેમના અનેક સાથીદારો સવારથી તહેવાર હોવાથી ગુલતાન ઉડાવતા હતા. તેથી જ્યાં અડધો કલાક પણ વીત્યો ન વીત્યો ત્યાં તો તેઓ બધા ચામામાં આવી પહોંચ્યા અને એક પછી એક બધાં ગૃહને તોડી ફોડી નાખવા મંડયા. તેમની સાથે ત્યાં એકઠા થયેલાં ધૂળધોયા, મવાલીઓ, ચોરો, ખિસ્સા-કાતરુઓની એક અગણિત સંખ્યા જોડાઈ. આયનાઓ અને પિયા-નાઓનો તો ભુક્કો કરી નાખવામાં આવ્યો. પીંછાનાં ગાદલાં ફાડી-તોડી બહાર ફેંકી દેવામાં આવ્યાં; જેના પરિણામે બે દિવસ સુધી બરફના વરસાદની માફક ત્યાં સર્વત્ર આ પીંછાં ઊડયાં કર્યાં હતાં. વારવનિતાઓને ઉઘાડે પગે અને સાવ નગ્ન હાલતમાં બહાર શેરીઓમાં હાંકી કાઢવામાં આવી. ત્રણ દરવાનોને તો એટલો બધો માર પડયો કે તેમાં જ તેમનો જીવ ગયો. ટ્રેપલના મહામૂલા ફર્નિચર અને કપડાં વગેરેને ફાડી કકડા કરી બહાર ફેંકી દીધાં; એટલું જ નહિ પણ શેરીની નજીકમાં આવેલી અન્ય હોટેલો અને પીઠાંઓ પણ તેમાંથી બચવા ન પામ્યાં.

આ ભયંકર અત્યાચાર લગભગ સાત કલાક સુધી ચાલ્યો અને જ્યારે લશ્કરી સત્તાવાળાઓ, પાણીના બંબાઓ સાથે ત્યાં આવી પહોંચ્યા, ત્યારે જ પરિસ્થિતિ કાબૂમાં આવી. બે અડધા રૂબલવાળાં ગૃહોને આગ લગાડવામાં આવી હતી, પણ તરત જ તે હોલવી નાંખવામાં આવી. કોણ જાણે કેમ, પણ બીજે દિવસે પુનઃ આ તોફાન શરૂ થયું. અને આ વખતે તે સારાય શહેર અને પરાઓમાં ફેલાયું. ઓચિંતા અણધારી રીતે જ આ તોફાને યહૂદીઓની કતલેઆમનું સ્વરૂપ ધારણ કર્યું અને તે તેની સંપૂર્ણ ભયાનકતા અને ક્રૂરતાસહ પૂરા ત્રણ દિવસ સુધી ચાલ્યું.

અઠવાડિયા પછી સરસૂબાનો હુકમ છૂટયો કે યામાનાં તથા શહેરના બીજા ભાગોમાં આવેલા આ વારવનિતાગૃહોને એકદમ બંધ કરી દેવાં. માલિકણોને મિલકત વગેરેની વ્યવસ્થા કરવા તથા હિસાબ ચૂકતે કરી લેવા માટે એક અઠવાડિયાની મહેતલ આપવામાં આવી હતી.

લુંટાયેલી, દુભાયેલી, અપમાનિત, પૂર્વેની જાહોજલાલી ગુમાવેલી, દયાર્દ્ર અને કરુણ, આધેડ, જીર્ણ અને ફૂલી ગયેલી માલિકણો, તથા કર્કશ સ્વરવાળી બાઈઓએ ગાંસડાંપોટલાં બાંધવા માંડયાં, અને એક મહિના બાદ તો રાત્રીએ જીવંત થતી, આનંદિત અને તોફાની આ યામસ્કાયા શેરીનું માત્ર નામ જ ત્યાં બાકી રહ્યું.

પણ પૂર્વેના અક્ષમ્ય ગુનાઓની યાદગીરીને દૂર કરવા તેના જૂના નામને પણ છેવટે બદલી નાખવામાં આવ્યું અને તેને સ્થાને બીજું વધારે સભ્ય નામ આપવામાં આવ્યું.

અને આ બધી હેન્રીએટાઓ, કેટીઓ, ને લેલકાઓ ને બીજી સ્ત્રીઓ—જેઓ મોટે ભાગે ભોળી અને મૂર્ખ, કરુણ અને રમૂજી હતી અને નાની વયમાં છેતરપીંડીનો ભોગ થઈ આ પતિતાવસ્થાએ આવી પહોંચી હતી, તે બધી આ આખાય મોટા શહેરમાં ફેલાઈ ગઈ અને તેમાં સમાઈ ગઈ. તેમનામાંથી સમાજનો એક નવો જ

વર્ગ—રસ્તે ભટકતી વારવનિતાઓનો વર્ગ જનમ્યો; અને તેમનું જીવન પણ કરુણ અને વિચિત્ર હતું; પણ તે અન્ય પ્રકારના રિવાજો અને વિગતોથી ગૂંથાયલું હતું. તે વિષે હજીયે આ નવલકથાના લેખક—જે પોતાની આ નવલકથા માતાઓ અને યુવાનોને અર્પણ કરે છે—ભવિષ્યમાં રજૂ કરવાની મુરાદ સેવે છે.

∴

નુતન રશિયા
અને
વિલાસવૃત્તિ

[ચામામાં આપેલી હકીકત ક્રાંતિ પૂર્વેના રશિયાની છે. ત્યાર-બાદ નૂતન રશિયાએ આ વારવનિતાવૃત્તિનો અંત આણવા શા શા માર્ગો લીધા તે દર્શાવતો એક લેખ તાજેતરમાં જ બહાર પડેલા એલા વિન્ટર્સ નામક લેખિકા કૃત 'રેડ વરચ્યુ' નામના પુસ્તકમાંથી અહીં આપવામાં આવે છે. વાંચકો જોઈ શકશે કે જો દેશની સરકાર ધારે તો આનો અંત આણવા તે ઘણું કરી શકે તેમ છે.—અનુવાદક]

× × × ×

"સોવિયેટ જીવનમાં વેશ્યાવૃત્તિને સ્થાન નથી."

—એક સોવિયેટ ડૉક્ટર.

"ઈ. સ. ૧૯૨૬ માં રાતનાં સમયે ટ્રેવેરકાયા શેરીમાં ચાલતાં જવું પણ મુશ્કેલ થઈ પડતું." મોસ્કોના એક જૂના રહેવાસીએ કહ્યું. "ત્યાં વારવનિતાઓની એટલી બધી વસ્તી હતી અને હવે તેને સ્થાને ત્યાં ભાગ્યે જ એકાદ નજરે ચઢે છે. તેમને ત્યાંથી દૂર કરવામાં આવી છે."

કોઈ પણ દેશ હજી વારવનિતાવૃત્તિનો અંત આણી શક્યું નથી અને સમાજવાદીઓ તો માને છે કે કોઈ પણ સમાજને માટે તે અશક્ય વસ્તુ છે; તેથી મેં તો ઉપરના શબ્દોને એક સોવિયેટ અતિશયોક્તિ જ માની લીધી હતી, કે જે એક યોજનાને સત્ય ઘટના માની બેસે છે. "તે બધી કદાચ શહેરના બીજા ભાગમાં ચાલી ગઈ હશે." મેં કહ્યું.

પણ મેં તપાસ કરી અને મને માલૂમ પડયું કે મોસ્કોની ક્રાંતિ પૂર્વેની વીસ હજાર નોંધાયલી વારવનિતાઓમાંથી આજે ત્યાં માત્ર છસો કે સાતસો રહેલી છે. હવે તેમની નોંધ રહેતી નથી, પણ

ડૉકટરો, સમાજશાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ, સામાજિક આરોગ્ય-ભવનના સંચાલકો, જે કોઈને મેં પૂછયું તેમણે લગભગ ઉપર જણાવેલો જ આંકડો કહ્યો હતો અને શેરીઓ અને ગલીઓ, એ કથનની સાબિતી આપે છે. બર્લિન કે પેરિસથી આવતો રસિકજન દ્વારમાં ઊભેલી કે રસ્તાઓમાં ફરતી આ શાંત મૂર્તિઓને જોવાની વ્યર્થ આશા રાખે છે. આજનું રશિયા જોવા આવતા મુસાફરને માર્ગમાં આવી શાંત વ્યક્તિઓની બહુ ઓછી મુલાકાત થાય છે.

ઝાર સમયના રશિયામાં વારવનિતાવૃત્તિ એ એક કાયદેસર સંસ્થા હતી, કે જેના પ્રત્યે રાજ્ય અને ધર્મ બન્ને આંખ આડા કાન કરતા. વારવનિતાઓને પોલિસના નિયમ મુજબ પીળા પાસ રાખવા પડતા. શાંતિના સમયમાં ઝારના લશ્કરના સૈનિકો અને અમલદારો માટે આ "શાંતિના ધામ"ની ખાસ સગવડ રાખવામાં આવતી; અને યુદ્ધ સમયે લશ્કરને છેડે વારવનિતાગૃહ, એ તેનું એક ખાસ અંગ મનાતું. પણ એક બાજુ જ્યારે એક સંસ્થા તરીકે જૂના સમયમાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો, ત્યારે બીજી બાજુ વ્યક્તિગત વારવનિતાઓને માથે પારાવાર જુલમ થતો. એક સામાન્ય 'વારવનિતાગૃહ' સરકારની સહાયતા મેળવી શકતું, પણ એક સામાન્ય વારવનિતા તેમ ન કરી શકતી. પોલીસની સતામણી એ તો સામાન્ય વસ્તુ હતી. જેના પર વારવનિતા હોવાનો શક હોય તેવી સ્ત્રીઓને ત્યાં દરોડા પડતા, પોલીસ-થાણા પર તેમની કડક તપાસ થતી, ઘણી વાર તેમને સખ્ત મારવામાં આવતી અને કોઈ કોઈ વાર તેમને કેદની સજા પણ કરવામાં આવતી.

સોવિયેટ સરકારે આથી નવો જ માર્ગ ગ્રહણ કર્યો છે. તેણે વારવનિતાને બદલે વારવનિતાવૃત્તિની—એ આખીય સંસ્થાની ખબર લેવા માંડી છે, પણ વારવનિતાઓને વ્યક્તિગત રીતે કશી અડચણ નથી કરતી. જૂના કડક રિવાજો જેવા કે પીળા પાસ, નૈતિક બંધનો વગેરેનો નાશ કરવામાં આવ્યો છે. વારવનિતાઓ એ કોઈ સમાજે બહિષ્કૃત કરેલી

વ્યક્તિઓ નથી; પણ તેને માટે લેનિન કહેતો કે, "તેઓ તો ખાનગી મિલકતોના દુષ્ટ રિવાજ અને ઉચ્ચ વર્ગના ઘૃણાત્મક નૈતિક દંભના બેવડા સકંજામાં સપડાયેલી કરુણ વ્યક્તિઓ છે."

દલાલો, વારવનિતાગૃહો ચલાવતી બાઈઓ, જેઓ આ ધંધામાં પડેલા હતા તેવા દલાલો, અને જે બધાં એકત્ર થઈ આ ધંધો ચલાવતાં અને તેમાંથી નફો મેળવતાં, તે સર્વનો નાશ કરવા નવી સરકારે સખ્ત પગલાં લીધાં છે. સોવિયેટમાં રહેતા એક અમેરિકને મને એક ફોજદારી મુકદ્દમાની વાત કરી હતી કે જેમાં કેટલીક વારવનિતાઓએ જે ગૃહમાં પોતે રહેતી હતી તે ઘરની માલિકણ પર, પોતાની ઇચ્છા વિરુદ્ધ ઘરાકો પાસે મોકલવાની સખ્તાઈનો અને તે વિભાગના પોલીસ પર, તેમને ખુશ રાખવા પોતાને પડતી ફરજના આરોપો મૂકયા હતા. તપાસને અંતે પોલીસ અને માલિકણને સજા કરવામાં આવી હતી; ઉપરાંત બાઈને હુકમ કરવામાં આવ્યો હતો કે ફરિયાદણ બાઈઓની ઓરડીઓનું ફર્નિચર તેમને વિના મૂલ્યે પાછું સોંપી દેવું, "કે જેથી કરીને પરિણામે તેમને આર્થિક રીતે તેના તાબેદાર રહેવું ન પડે કે પોતાની ઇચ્છા વિરુદ્ધ તેઓને તેના કહેવા મુજબ ચાલવાની ફરજ ન પડે."*

આજે સોવિયેટ સરકારના તંત્ર નીચે એક પણ વારવનિતાગૃહ રહ્યું નથી. વારવનિતાવૃત્તિ વિરુદ્ધ સોવિયેટના જે મુખ્ય વાંધાઓ છે તે આ મુજબ છે:—પહેલો એ કે ગરીબાઈ, નશાબાજી વગેરેની જેમ એ પણ એક સામાજિક અપવાદ છે અથવા તો જુદા જુદા વર્ગો વચ્ચેની અસમાનતા અને મૂડીવાડી તંત્રે ઉત્પન્ન કરેલા સામાજિક સંબંધોના પરિણામરૂપ એ પણ એક ગુનો છે. બીજો વાંધો એ છે કે એ સજાતીય અસમાનતાને અને સ્ત્રીઓનો ગેરલાભ ઉઠાવવાની વૃત્તિને વધુ મજબૂત બનાવે છે, કે જે એ સંસ્થાનો ખાસ ગુણ છે. સામ્યવાદ મજૂરો કે સ્ત્રીઓ, કોઈને પણ સહેવો પડતો ગેરલાભ દૂર કરવા ચાહે છે, પરિણામે એક સામ્યવાદીને મન સ્ત્રીના શરીરનું

* એના લુઈ સ્ટ્રોંગ કૃત "સોવિયેટ રશિયામાં લગ્ન અને નીતિ."

વેચાણ, એ એક મૂડીવાદી કે જમીનદાર, મજૂર કે ખેડૂતને જે અન્યાય કરે છે, તેના જેવું જ છે.

સોવિયેટ સરકારે સત્તા પર આવ્યા પછી આ સંસ્થા પ્રત્યે એકધારી નીતિ નથી રાખી. જેમ જેમ પરિસ્થિતિ બદલાતી ગઇ, તેમ તેમ તેમની નીતિ પણ બદલાતી ગઈ. મોસ્કોની ગુપ્ત રોગોની રોગશાળાના ચાલાક ડૉ. બ્રોનારે આ ફેરફારોનો રસિક ઇતિહાસ આપેલો છે. તે લખે છે:—

"મહાન ઓક્ટોબરમાં જ્યારે અમે મૂડીવાદી સરકારનો નાશ કર્યો, ત્યારે અમે મહા મુશ્કેલીએ અંત આણી શકીએ એવા કેટલાક દુષ્ટ વારસાઓનો સામનો કરવાનો અમારે ભાગ આવ્યો હતો. વારવનિતાવૃત્તિનો વારસો અમને મૂડીવાદી તંત્ર પાસેથી મળેલો છે. હવે આપણે જોઈએ કે આ બધાં વર્ષો દરમ્યાન સોવિયેટ સરકારે આ સંસ્થાનો સામનો કરતા કયા કયા માર્ગો લીધા?

"યુદ્ધના જમાનામાં અમારું મૂખ્ય હેતુવાક્ય આ હતું: 'જે મહેનત નહિ કરે, તેને રોટી નહિ મળે.' તે સમયે દરેક શહેરીને કામ કરવું પડતું અને તેથી જે સ્ત્રીઓ કામ કરવાને બદલે પોતાનાં શરીર વેચવાનું પસંદ કરતી, તેમને અમે 'નાસી છૂટેલા મજૂરો' ની કક્ષામાં મૂકી હતી. તેમને સર્વેને એકત્ર કરી ખાસ છાવણીઓમાં રાખવામાં આવતી અને તેમની પાસેથી કામ લેવાતું.

"પછી 'નવીન આર્થિક નીતિ' (Nep) ના પ્રારંભ સમયે બેકારીએ દેખા દીધી અને તે સમયે સ્ત્રીઓનું પછાતપણું અને શિક્ષણની ખામી સ્પષ્ટ રીતે તરી આવ્યાં. બેકારીનો વધુ ભોગ સ્ત્રીઓ બની અને પરિણામે વારવનિતાવૃત્તિ વધવા માંડી. અમને હવે જણાયું કે યુદ્ધ સમયે અમે જે પગલાં લીધાં હતાં, તે અમે હવે ન લઈ શકીએ. જ્યારે પુષ્કળ બેકારી હોય ત્યારે વારવનિતાઓ પાસે ફરજિયાત મજૂરી કરાવવી એ તો નરી મૂર્ખતા જ કહેવાય.

"તેથી સોવિયેટ સરકારે બીજા માર્ગો યોજવા માંડ્યા... અમે કહ્યું: 'જો સરકાર સર્વ સ્ત્રીઓને જીવન નિભાવવા જે કામ જોઈએ તે આપવાની બાંહેધરી ન આપી શકે, તો પછી સ્ત્રીઓ પોતાની ઇચ્છામાં આવે તેવી રીતે—અને આ દાખલામાં પોતાનાં જ શરીર બજારમાં મૂકીને જીવન નિભાવવાના જે માર્ગ લે, તે માટે સરકાર તેમને સજા પણ કરી શકે નહિ.' પોલીસખાતાના વડાને અમે જે સૂચના કરી હતી, તેમાં અમારો આશય સ્પષ્ટ રીતે જણાવેલો છે. કલમ પાંચમીમાં અમે જણાવ્યું હતું કે, 'અસંતોષ-કારક ઐહિક પરિસ્થિતિને કારણે એક સ્ત્રી વારવનિતાવૃત્તિનો સ્વીકાર કરે છે, તેથી ફરજ દરમ્યાન તેના સંસર્ગમાં પોલીસે તેના પ્રત્યે સંપૂર્ણ માનભરી રીતે વર્તવું અને જરા પણ અસભ્યતા દાખવવી નહિ.....'"

"મને પૂછવામાં આવ્યું હતું કે, 'બેકારીના અંત સાથે વારવનિતા-વૃત્તિનો પણ અંત આવશે ખરો?' મેં જવાબ આપ્યો કે, 'એક સમૂહબળ–વર્ગ તરીકે જરૂર તેનો અંત આવશે. જો કે છૂટાછવાયા એવા બનાવો બન્યા કરશે કે જેમાં એક યા બીજી સ્ત્રી મહેનતનું કામ કરવાને બદલે પોતાનો દેહવિક્રય કરવો પસંદ કરશે; પણ તેવા દાખલાઓમાં અમે અમારી રહમભરી નીતિનો ત્યાગ કરીશું, અને યુદ્ધ દરમિયાન અમે જે નીતિ સ્વીકારી હતી, તે રીતે તેમની સાથે વર્તાવ કરીશું—એટલે કે અમે તેવી સ્ત્રીઓને 'નાસી છૂટેલા મજૂરો' ની કક્ષામાં મૂકીશું.'"

આજે રશિયામાં જે કોઈ સ્ત્રીની ઇચ્છા હોય તેને માટે કામ તૈયાર છે. અને સજાતીય જરૂરિયાતોના સંતોષ અર્થે કાયદા કે રીતરિવાજના બંધનોથી મુક્ત એવી સજાતીય પ્રથા દાખલ થઈ હોવાથી, એ પ્રશ્ન વારંવાર પૂછવામાં આવે છે કે હજી સુધી એક પણ વારવનિતા શાથી હસ્તી ધરાવે છે.

"તેમનો મોટો ભાગ, નવા શ્રમજીવી જીવનમાં પોતે સ્થાન નહિ મેળવી શકેલા બેઠાખાઉ સમાજના અવશેષ રહેલા વર્ગમાંથી આવે છે." એક ડૉક્ટરે મને કહ્યું હતું. "અને આને પરિણામે તેમના સંસર્ગમાં આવતો હલકી કક્ષાનો અભણ વર્ગ—કે જે કાંઈ કામધંધો જાણતો નથી તે પણ સાથે જોડાય છે. ઉપરાંત તેમાં શહેરમાં નોકરી શોધવા આવતી યુવાન ગ્રામ્યકન્યાઓ પણ હોય છે." આ છોકરીઓને શહેરમાં ઘરકામનું કે એવું બીજું કામ મળે છે, પણ પછી તે કામ ન ગમવાથી કે રજા મળી જવાથી તેઓ પણ આ વર્ગની સાથે જોડાય છે.

એક જુવાન કન્યાએ પોતાની આપવીતી કહેતાં જણાવ્યું હતું કે એક સ્થાને તેને દુઃખ વેઠવું પડતું હોવાથી તે ત્યાંથી નાસી જઈ માર્ગ પર ભટકતી હતી. તેવામાં એક માણસનો તેને ભેટો થયો. તેણે તેને આશરો આપ્યો અને "આમ મને વારવનિતાના જીવનનો પરિચય કરાવ્યો." બીજી કેટલીક આવી સ્ત્રીઓ રેલવે સ્ટેશનો નજીક ભટકતી હોય છે, કે જે મુસાફરી કરતા પુરુષો અથવા તો લંપટ અને દારૂડિયા લોકોમાંથી પોતાની કમાણી શોધે છે. ગ્રામ્ય કન્યાઓ ઘણી શરમાળ હોય છે અને તેમાંય જ્યારે તે ચેપી રોગથી પીડાતી હોય છે ત્યારે તો સત્તાવાળાઓ પાસે જતાં અને આશરો માંગતાં તે ઘણી શરમાય છે.

એ ઉપરાંત એક એવો વર્ગ છે કે જેમાં કન્યાઓ કાંઈ પણ કામધંધો જાણ્યા વગર સ્ત્રીત્વને પહોંચે છે. આ કન્યાઓએ ક્યારેય શાળા કે સારા સમાજનું મોં જોયું હોતું નથી. તેમને ઘર પણ નથી હોતું અને તેથી જીવનનિર્વાહના એકમાત્ર સાધન તરીકે આ માર્ગ અખત્યાર કરે છે. તેમને જો કામ આપીએ તોપણ તેમને તેની નિયમિતતા અને વિધિ ગમતાં હોતાં નથી; પણ હવે એ પ્રકારની પણ ઘણી સ્ત્રીઓ નથી રહી.

વારવનિતાઓના વધારાનું એક મુખ્ય કારણ મકાનોની તંગી પણ છે. માત્ર સૂવાનું સ્થળ મળે તે માટે પણ છોકરીઓ આ ધંધા તરફ આકર્ષાય છે. આ પ્રશ્નનો નિકાલ આણવા બનતા પ્રયાસો કરવામાં આવે છે. બીજી કેટલીક સ્ત્રીઓ કાંઈક વધારે આવક થાય તે લોભે પણ આ તરફ ખેંચાય છે.

"તેમની શરૂઆત આકસ્મિક રીતે જ, કાં તો સામાન્ય ઓળખાણમાંથી યા તો આનંદ કરવા અને દારૂ પીવા એકત્ર થયેલા આનંદી યુવક અને યુવતીઓની સોબતથી થાય છે, અથવા તો સજાતીય બાબતોને બહુ ગણકારતી ન હોય અથવા તો એનું પરિણામ શું આવશે એ વાતથી અજ્ઞાત હોય એવી કોઈ મજૂર કન્યા રેશમી મોજાંની એક જોડ કે નાટકની ટિકિટ કે પેટન્ટ લેધરના બૂટના લોભે ધીરે ધીરે વારવનિતાવૃત્તિ તરફ ખેંચાય છે. આની વિરુદ્ધ, અલબત્ત, સખ્ત કેળવણી અને પ્રચારકાર્ય કરવું જોઈએ."

ઈ. સ. ૧૯૨૪માં આવી સ્ત્રીઓ સમાજમાં યોગ્ય રીતે ભળી શકે તેવી તાલીમ આપવાનાં મંડળો હસ્તીમાં આવ્યાં અને એકેએક શહેરમાં આવાં અનેક મંડળો કામ કરવા લાગ્યાં હતાં. એક જોવા જેવા સ્થળ તરીકે તે ઉત્તમ સંસ્થાઓ હતી, (કોઈ પણ પરદેશી મુસાફર તે જોવા ચૂકતું નહિ.) ત્યાં મકાન કે વ્યવસ્થા જોવાની નથી હોતી; ઊલટું મોટે ભાગે મકાનો જીર્ણ અને અંધારિયાં જેવાં હોય છે, પણ તેઓ સામાજિક દુષ્ટતાઓ નાશ કરવા સોવિયેટ સરકાર અને જગતની બીજી અસામ્યવાદી સરકારો વચ્ચેની વર્તણૂકનો તફાવત દાખવતાં હતાં.

આ શાળાઓમાં વારવનિતાઓ કામ કરવા આવે છે, એકાદ ધંધો શીખે છે, ડોકટરી સારવાર મેળવે છે અને તેનું જ્ઞાન પણ લે છે તથા આનંદ મેળવે છે. માત્ર સોવિયેટ નેતાઓના ફોટા ટંગાવેલી સાદી દીવાલો અને ભોંયવાળા એવા મોટા ઓરડાઓમાં યુવાન કન્યાઓ અને મધ્યમ વયની સ્ત્રીઓ લાંબા ટેબલો નજીક બેસે છે.

સાદાં ફ્રોક અને સુતરાઉ મોજાં તથા કેટલીક વાર માથે રાતા રૂમાલ બાંધી, તેઓ સંચા વડે મોજાં ગૂંથતાં, ચાદરો ગૂંથતાં, ખોખાં, રૂનું કાપડ કે કોથળીઓ બનાવતાં અને બીજાં એવાં કામ શીખે છે. કામ સાદું પણ કંઈક કંટાળાભર્યું હોઈ, તેમાં બહુ ધ્યાન રાખવાની જરૂર નથી હોતી; કારણકે આ સ્ત્રીઓ કામ કરતાં ટેવાયલી હોતી નથી અને કેટલીક જો કે પોતાના પૂર્વજીવનને ત્યાગવા ઇચ્છતી હોય છે, છતાં અહીં ચિત્ત ઠેરવી શકતી નથી. તેમને તેમના કાર્ય બદલ મજૂરમંડળે ઠરાવેલા ધોરણ મુજબ મહેનતાણું મળે છે અને તેમાંથી તેઓ ભોજન અને ભાડા પેટે કાંઈક પાછું આપે છે. આ શાળાઓ એ કાંઈ ધર્માદા સંસ્થાઓ નથી હોતી અને દરેક વારવનિતા જાણતી હોય છે કે પોતાના પસીનાથી પેદા કરેલી કમાઈમાંથી, પોતાને જે સગવડ મળે છે, તે માટે તે આપતી હોય છે!

વર્ષને અંતે, જો આ સુધરેલી વારવનિતા બરોબર કાર્ય શીખી ગઈ હોય છે તો તેને બહાર કામે મોકલવામાં આવે છે. તેની સાથે કામ કરનારી બીજી સ્ત્રીઓને તેના આગલા ઇતિહાસથી અજાણ રાખવામાં આવે છે, કારણકે ઘણી સ્ત્રીઓ પોતાના ગતજીવનથી શરમાતી હોય છે. માત્ર કારખાનાની વ્યવસ્થાપક સભાને આ વિગતોથી માહિતગાર રાખવામાં આવે છે; કારણકે સભાએ તેના કામકાજ પર નજર રાખવાની હોય છે, અને તે નિયમિત ડોકટરી સારવાર માટે જાય છે કે નહિ, તેમ જ તેનામાં પીછેહઠ તો નથી દેખાતી તેની ખાસ સંભાળ લેવાની હોય છે. થોડો સમય કારખાનામાં કામ કર્યા બાદ સભા તેની યોગ્યતાનો નિર્ણય કરે છે અને નક્કી કરે છે કે તેને અહીં રાખવી કે પાછી મોકલવી.

વારવનિતાની માનસિક સુધારણા અર્થે ખાસ સંભાળ રાખવામાં આવે છે. સ્ત્રીઓ પોતાને સામાન્ય શ્રમજીવી સમાજની એક સભ્ય સમજે, તે માટે દરેક પગલાં લેવામાં આવે છે. જ્યાં જ્યાં શક્ય હોય

છે ત્યાં ત્યાં તેમને કામ કરવાના સ્થળથી જરા દૂર વસવાટ આપવામાં આવે છે, કે જેથી તેમને પ્રથમથી જ એમ ભાસે કે, " તેઓ દરરોજ કામે જાય છે. " એક આવી શાળાના ચાલકે મને કહ્યું હતું કે, " અમે કેવું વર્તન રાખીએ છીએ એ માત્ર શબ્દોમાં જ તેમને જણાવ્યે સરે એમ નથી; અમારે તેમને અમારાં કાર્યો દ્વારા તેની પ્રતીતિ આપવી જોઈએ અને દરેક સ્ત્રીને તેની ખાતરી કરી આપવી જોઈએ. સમાજમાં જેની તેમને જરૂર પડશે તે સમૂહભાવના તેમનામાં કેળવવા માટે, અમે તેમને સમૂહમાં કામ કરવા દઈએ છીએ અને દરેક સ્ત્રીને સમૂહની આવકમાંથી તેનો પૂરતો હિસ્સો આપીએ છીએ. આને પરિણામે તેઓ ઝડપથી કાર્ય કરવાની શક્તિ કેળવે છે, તેમનામાં એદીપણું નથી આવતું, કારણકે તેઓ જાણે છે કે તેમ કરશે તો તે દરેકને ભાગ ઓછી આવક આવશે. "

જે રીતે વારવનિતાઓને આવી શાળાઓમાં લાવવામાં આવે છે, તે બતાવી આપે છે કે વ્યક્તિઓ તરીકે તેઓ દોષને પાત્ર નથી, તેમ તેઓ તે માટે સજાને લાયક પણ હોતી નથી. રાતા લશ્કરના માણસો અને પોલીસો માર્ગમાં તેમની સાથે વાતચીત કરે છે અને તેમને આવી શાળાઓમાં જવા સમજાવે છે. આ લોકોને દલીલો કરવાની છૂટ હોય છે, પણ જબરજસ્તી વાપરવાનો અધિકાર હોતો નથી, અને ગિરફ્તારીની તો ત્યાં છાંટ પણ ન દેખાવી જોઈએ. વારવનિતા કાં તો પોતાની ઇચ્છાથી શાળામાં જાય છે યા તો નથી જતી, પણ પૂરતું નૈતિક દબાણ કરવું જોઈએ.

પુનઃસુધારણામાં કેળવણીવિષયક અને તેઓ સંસ્કૃત બને તે બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ શાળામાં એક ભાષણનો ઓરડો, ભોજનગૃહ અને કલબ હોય છે. ઉપરાંત નાટ્ય, સંગીત અને સાહિત્યની ચર્ચા કરતાં મંડળો અને લેખનવાંચન તથા સામાજિક અને રાજકીય પ્રશ્નોનો અભ્યાસ કરાવતા વર્ગો પણ હોય છે. સ્ત્રીઓ જ્યારે સમાજમાં પુનઃ દાખલ થાય, ત્યારે બીજા નાગરિકો જેટલું જ તેમનામાં પણ જ્ઞાન હોવું જોઈએ.

ઉપર મુજબની જ કેળવણીવિષયક પ્રવૃત્તિઓ તેમનાં રહેઠાણ મકાનોમાં પણ ચલાવવામાં આવે છે. તેમના આવા એક રહેઠાણની મુલાકાત લીધી હતી. દરવાજે બે સ્ત્રી–પોલીસો ઊભી હતી. એ સિ ત્યાં એવું બીજું કાંઈ ચિહ્ન ન હતું કે જેથી તે શ્રમજીવીએ રહેઠાણ કરતાં કોઈ જુદું જ રહેઠાણ છે એમ કોઈને લાગે. પોલીસો ત્યાં એટલા માટે રાખવામાં આવી હતી કે કોઈ પુરુષો દાખલ ન થાય યા તો સ્ત્રીઓ તોફાન ન કરે, કે સાંજે પાછા ફ દારૂ પી ધાંધલ ન મચાવે. એ ઉપરાંત તેઓ રાતના નાસી ન જા જોવાની તેમની ફરજ હતી. નવી આવનાર સ્ત્રીઓને શરૂઆતમાં ન જવાની બહુ ઇચ્છા હોય છે.

મેં જોયું કે આ સ્ત્રીઓને તેમના આ સમૂહગૃહો ગમતાં હ અને તે શણગારવા તેઓએ પ્રયત્નો કર્યાં હતા તે પણ તરી આવતું ભીંતો પર સ્ટેલીન, મોલોટોવ, કાલીનીન અને માર્ક્સની છબી ઉપરાંત ચેપી દર્દોથી દૂર રહેવાનું સમજાવતાં કેટલાંક પોસ્ટરો જોવ આવતાં હતાં. આ સ્ત્રીઓ પોતે પણ ચિત્રો દોરે છે એક હસ્ત ખિત ભીંતપત્રિકા (વોલ ન્યુસપેપર) ચલાવે છે, અને નવરા સમયે ભરવાગૂંથવાનું પણ કરે છે. આવા એક ચિત્રમાં એક ક ઉંબરા પર આંખે પાટા બાંધેલી, માથું ઢળી ગયેલું અને પગ આ ખાલી બે ચાર બાટલીઓ પડેલી, એવી રીતે દર્શાવવામાં આવી એની નીચે લખાણ હતું: " ગત જીવન." ઘણા ચિત્રો આવાં ને ધોરણો બતાવતાં હોય છે. એક ઓરડામાં એક કન્યા જે ખા પર બેઠી હતી, ત્યાં કૂદાકૂદ કરવા મંડી અને ચીસાચીસ પ મંડી પડી. સામે જ ડોક્ટર બેઠો હતો તે આ દૃશ્ય જોઈ જરા ન મૂંઝવાયો. બહાર નીકળ્યા પછી તેણે મને કહ્યું કે તે છોક પોતાના ચોફાળનો રંગ ગમતો ન હતો અને મેટ્રનને તે બદલ કહેલું છતાં તે ભૂલી ગઈ તે માટે તે તેને ગાળો દેતી હતી.

રહેઠાણ તેમ જ આવી સુધારણા શાળાઓમાં ડોક્ટરી તાલી

ખાસ ભાગ ભજવે છે. ચેપી રોગો અને તેના ફેલાવાથી સમાજને ખમવું પડતું નુકસાન, એ વસ્તુ ખાસ ભાર દઈ સમજાવવામાં આવે છે. “અમે જણાવીએ છીએ કે પૂર્વે તેઓ ગંદુ જીવન ગુજારતી, પણ હવે અમે તેમને આરોગ્યતાના માર્ગે લઈ જવા ચાહીએ છીએ.” એક ડૉક્ટરે મને જણાવ્યું.

તેમ છતાં તેમના ભૂતકાળની શરમભરી સ્મૃતિ તેમનામાંથી સાવ અદૃશ્ય થઈ જતી નથી. આવી સુધારણા–શાળાઓને તેઓ કારખાનાં ગણતી હોવાથી પૂર્વેની વારવનિતાઓ પોતાના પતિઓને ક્યારેય પણ જાહેર કરતી નથી કે પોતે કયા કારખાનામાં કામ કરે છે. ઉપરાંત બીજી સ્ત્રીઓ પણ પોતે ક્યાં જાય છે તે ન જાણે તેમ તેઓ ઇચ્છે છે, કારણકે એક ડૉક્ટરના શબ્દોમાં કહું તો “આપણી સન્નારીઓ તેમના તરફ ઘૃણાત્મક દૃષ્ટિથી જોતી હોય છે.” મને આ જરા વિસ્મયજનક ભાસ્યું. “મધ્યમ વર્ગની સ્ત્રીઓ તેમ જુએ તે હું માની શકું છું, પણ શ્રમજીવી વર્ગની સ્ત્રીઓ કે જેઓ પોતે આર્થિક અવદશાનો અનુભવ લઈ ચૂકેલી હોય છે તે શા સારૂ આવા માર્ગ લેનાર પ્રત્યે ઘૃણાત્મક દૃષ્ટિથી જુએ ?” તેણે મને આછા સ્મિતસહ જવાબ આપ્યોઃ “અમે પોતે પણ તે સમજી શકતા નથી. કદાચ અદેખાઈ હશે. આવી સ્ત્રીઓ એમ કહે છે કે, ‘જુઓ, અમારે તો માત્ર એક જ પતિ છે, જ્યારે તેને તો આટલા બધા છે.’”

વારવનિતાને કેળવણી આપવાનું કામ નિયમ મુજબ કરવામાં આવે છે. દેશના અંદરના ભાગમાં, કારખાનાઓમાં, મિલોમાં, કલબોમાં અને લશ્કરની છાવણીઓ અને સૈનિકોની તાલીમશાળાઓમાં તેને લગતાં ફરતાં પ્રદર્શનો રજૂ કરવામાં આવે છે. મોસ્કોનું આરોગ્ય-શિક્ષણભવન વારવનિતાવૃત્તિ અને ચેપી દરદોને લગતાં નાટકો બતાવે છે. રાજ્યના આરોગ્યવિભાગમાં એક નાટ્યવિભાગ છે. ત્યાં કામ કરતા એક માણસે મને જણાવ્યું હતું કેઃ—

"'વારવનિતાના વીતકો' એ નામના નાટ્ય-પ્રયોગમાં મેં ભાગ લીધેલો હોઈ, તે નાટકનો મજૂરોએ કેવી રીતે સત્કાર કર્યો તે હું તમને જણાવું. જ્યાં જ્યાં અમે તે નાટક ભજવ્યું ત્યાં ત્યાં અમને અપૂર્વ સફળતા મળી હતી. કારખાનાઓ અને મિલોમાં કામ કરતા મજૂરોને તેમાં ઘણો રસ પડ્યો હતો અને તેઓ તે વિષે ગંભીર ચર્ચાઓ ચલાવતા. તે નાટ્ય-પ્રયોગ કરનારા આરોગ્યવિભાગના જ માણસો કે કારખાનાઓના મજૂરો હોવાથી તેમને વિશેષ આનંદ થતો હતો. દરેક કારખાનાએ એને હાર્દિક સહકાર આપ્યો હતો અને ઘણે સ્થળે તો વારવનિતાવૃત્તિના નાશ કરવાના કાર્યમાં મદદરૂપ થાય તે માટે ઉઘરાણાં કરવામાં આવ્યાં હતાં."

આરોગ્ય અને કેળવણીને લગતાં ખાસ છાપાઓમાં વ્યક્તિગત કિસ્સાઓ તથા ન્યાયની અદાલતમાં ચાલેલા મુકદ્દમાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આવો એક મુકદ્દમો તાજેતરમાં જ પ્રસિદ્ધ થયો હતો. તેમાં એક મજૂર અને તેની પત્ની માસિક ૧૬૩ રૂબલ કમાતાં. તેમને આ આવક ઓછી—ખાસ કરીને દારૂ પીવા માટે ઓછી પડી. તેથી પત્નીએ પોતાની આવકમાં વધારો કરવા માટે પાછલી શેરીઓનો આશરો લેવા માંડ્યો. ઉપરાંત તેણે પોતાની મોટી દીકરીને પણ તેમાં સંડોવી. એક દિવસ તેણે પોતાની દીકરીને પૂછ્યું: "ટોન્કા, આજે મારી સાથે ફરવા આવીશ?" અને જો ના પાડે તો ધમકીનો ડર બતાવ્યો અને પરિણામે તે કુમળી કન્યા પણ માતા સાથે આ ઘૃણાત્મક ધંધામાં જોડાઈ. કમાયેલી આવક બધી દારૂમાં સ્વાહા થઈ જતી. અદાલતે માતાપિતા પાસેથી બાળકોનો કબજો ઝૂંટવી લીધો અને સ્ત્રીને ચાર વર્ષ અને પુરુષને ત્રણ વર્ષ માટે મોસ્કો વિભાગમાંથી દેશપાર કર્યાં.

આ મુકદ્દમો અજ્ઞાનતા અને જાણીબૂજીને અખત્યાર કરેલી વર્તણુક વચ્ચેનો સોવિયેટ તફાવત દાખવે છે. બીજા દેશોમાં અજ્ઞાનતાના બચાવને અદાલતો સ્વીકારતી નથી, જ્યારે રશિયામાં અજ્ઞાનતા એ

સબળ બચાવ ગણાય છે. તેઓ જણાવે છેઃ " મજૂરોને અને ખેડૂતોને જ્ઞાન મેળવવાની બહુ ઓછી તક મળી હતી; અને તેથી તેમાં તેઓનો દોષ નથી." પણ જ્યારે એક માણસ જાણીજોઈને બદકૃત્ય કરે છે, જાણીબૂજીને સમાજને નુકસાન થાય તેવાં પગલાં અખત્યાર કરે છે, ત્યારે અદાલત તેની સામે કડક પગલાં લે છે.

પૂર્વેની વારવનિતાઓએ લખેલા લાંબા કાગળો પુરવાર કરી આપે છે કે આ સુધારણાથી તેઓને કેટલો ફાયદો થયો છે. પતિથી ત્યજાયલી એક સગર્ભા બાળાને કેટલીક સ્ત્રીઓ એક કૂટણખાનામાં લઈ ગઈ અને ત્યાં બાળક અવતર્યું ત્યાંસુધી તે રહી. તેને ચેપી રોગ લાગુ પડ્યો, પણ અંતે તે સુધારણાશાળામાં પહોંચી. તેણે પોતાના શરમભર્યા જીવનનો ત્યાગ કર્યો અને મોસ્કો સોવિયેટની સભ્ય બની. આવી વાતો ત્યાંના પ્રજાજનોને ઘણી પ્રિય હોય છે, કારણકે તેમના માનીતા નેતાનો હુકમ હતો કે " દરેક રસોઇયણે રશિયાના રાજ્યતંત્રમાં રસ લેતાં શીખવું જોઈએ." એક બીજી એવી જ સુધરેલી વારવનિતા લખે છે કે :—

" હું માંદી પડી અને મને સુધારણાશાળાએ આશરો આપ્યો. કામ કરવું એ પહેલાં તો મને બહુ અઘરું લાગતું. ભૂતકાળના વિલાસી જીવનનો ત્યાગ કરતાં મને આકરું લાગતું. વારંવાર મને નાસી છૂટી જૂના જીવનનો આનંદ લૂંટવાનું મન થઈ આવતું, પણ પછી તો મેં ભાષણોમાં અને સિનેમાઓમાં હાજરી આપવા માંડી, કે જેથી કરીને મારામાં વાસો કરી રહેલા આ દુર્ગુણને હું હટાવી શકું. ધીમે ધીમે હું એ બધામાંથી મુક્ત થઈ ગઈ. મને હવે વિલાસી જીવન પ્રત્યે જરા પણ આકર્ષણ નથી. હું નાટ્યપ્રયોગોમાં ભાગ લઉં છું, અભ્યાસ કરું છું અને સંગીત પણ શીખું છું. હવે હું મારા શેષ જીવનમાં ફરીથી એ શરમભર્યા માર્ગ પ્રત્યે દૃષ્ટિપાત સરખો પણ નહિ કરું."

આ બધા માર્ગો લગભગ મુક્તિફોજે જે માર્ગો યોજ્યા છે તેના

જેવાં જ છે. ફેર માત્ર એટલો જ કે સોવિયેટમાં આવાં કાર્યમાં ધર્મને સ્થાન નથી, ધાર્મિક સુધારણાને બદલે તેઓ સામાજિક સુધારણા કરે છે.

વારવનિતાવૃત્તિનો બરોબર સામનો કરવો હોય તો તે પહેલાં સ્ત્રીઓને તેઓ સામાન્ય જીવન ગુજારી શકે તે માટેની કેળવણી અને યોગ્યતા અપાવાં જોઈએ. ઉપરાંત બીજા પણ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. કારખાનાઓ અને ખેતી કરાવતા વિભાગના ચાલકોને વિનંતી કરવામાં આવે છે, કે તેમણે તેઓને બીજે પેટ-ગુજારાનું સાધન મળી રહેશે એવું જાણ્યા પૂર્વે અને ખાસ કરીને જેઓને કાંઈ જ સાધન નથી તેવી સ્ત્રીઓને નોકરીમાંથી રજા ન આપવી. ઘરબાર વિનાની છોકરીઓના કૃષિ અને ઔદ્યોગિક સંઘ સ્થાપવામાં આવે છે. સ્ત્રીઓના મંડળોના, સ્થાનિક આરોગ્યમંડળોના, મજૂર મંડળોના તાબામાં ખાસ સમૂહગૃહો અને રહેઠાણનાં સ્થળો સોંપવામાં આવે છે, અને બાળકોની મિત્રસભા યુવાન કન્યાઓની દેખરેખ રાખે છે. ધંધાદારી અને શાસ્ત્રીયશાળાઓમાં સ્ત્રીઓ માટે ખાસ જગ્યાઓ રાખવામાં આવે છે. આ બધાં પરથી એક વાત સ્પષ્ટ તરી આવે છે કે "જે બાળાઓ સીધા સાદા માર્ગે પોતાનું જીવન ગુજારી શકે તેમ હોય, તે કદાપિ વારવનિતા બનશે નહિ."

આ તો આવક (Supply)ને પહોંચી વળવાની વાત થઇ. પણ તે સાથે જ માગણી (Demand)નો પણ વિચાર કરવો જોઈએ. જેઓ "સ્ત્રીઓની કુદરતી નબળાઈ"નો લાભ લેવા ઇચ્છતા હોય તેમના પ્રત્યે કડક વલણ દાખવવું જોઈએ. એક વર્તમાનપત્ર આ વિષે લખતાં જણાવે છે કેઃ—

"યુવાન કન્યાઓની વારવનિતાઓ તરીકે જે માગણી થાય છે તેનો આપણે બોલ્શેવિક દૃઢતાથી સામનો કરવો જોઈએ. તેને માટે ફોજદારી કાયદાઓ ઘડેલા છે, અને તેમાં એક એ પણ છે કે એક પુરુષ, જે સ્ત્રીએ યોગ્ય વય પ્રાપ્ત નથી કરી તેની સાથે સજાતીય સબંધ રાખતો હશે, તો તેને તે માટે સખ્ત સજા કરવામાં આવશે. આ કાયદાનો

કડક રીતે અમલ થવાની જરૂર છે અને તે માટે થોડાક તેવા ગુનેગારોને ન્યાયની અદાલતમાં રજૂ કરવાની અને સખ્ત સજાઓ કરવાની ખાસ જરૂર છે. નબળા મનના માનવીઓ માટે આ નસિયતરૂપ થઈ પડશે. બાળકોની મિત્રસભાએ આ વસ્તુ માટે સમાજમાં પ્રચારકાર્ય કરવું જોઈએ, અને જેઓ આવી ઇચ્છા રાખતા હોય તેવા અધમ માનવીઓને ન્યાયને આંગણે રજૂ કરવામાં મદદ કરવી જોઈએ."

આ માગણીના પ્રશ્નનો કેમ નિકાલ આવે અને તે માટે કયા માર્ગ ઉત્તમ છે, તેની ચર્ચા માટે મોસ્કોના એક પ્રસિદ્ધ દૈનિકે મજૂરોને આમંત્રણ આપ્યું હતું. એક મજૂરે લખ્યું કે આપણી જેહાદ દીર્ઘ અને કડક હોવી જોઈએ. એક બીજાએ લખ્યું કે, આપણે એ વાતને જાહેરમાં મૂકતાં શરમાવું ન જોઈએ કે આપણામાં જ એવી ઇચ્છા ધરાવતા ઘણા છે. સ્ત્રીને ઊંધે માર્ગે જવું પડે છે તેમાં આપણે જ કારણભૂત હોઈએ છીએ. આપણને ઓછી બેદરકારી અને સહનશક્તિની જરૂર છે." એક બીજાએ લખ્યું હતું કે, "આપણે આપણા મજૂરોમાં જ જે કોઈ એવો હોય તેના પ્રત્યે સર્વે ઘૃણાની દૃષ્ટિએ જુએ તેવી ભાવના કેળવવી જોઈએ અને એવા વેશ્યાગામીનો સર્વેએ તિરસ્કાર કરવો જોઈએ." એક સ્ત્રી–મજૂરે લખ્યું હતું: "માગણી સામેની જેહાદ એ સ્ત્રીઓ પ્રત્યે મિત્રતા અને માનવતાભર્યું વર્તન, બન્ને જાતિ વચ્ચે સમાનતા અને સ્ત્રીઓનાં નૈસર્ગિક હક્કોની જેહાદ છે."

નવી પ્રજામાં શા માટે વારવનિતા પ્રતિ નવું દૃષ્ટિબિંદુ કેળવવું જોઈએ, તે માટે અનેક બીજાં કારણો પણ છે. અવલોકન કરતાં એમ જણાયું છે કે વારવનિતાવૃત્તિ અને આબાદી એ બન્ને સાથે જ આવે છે. જે પ્રજા વધારે આબાદ ત્યાં વારવનિતાવૃત્તિ માટે સ્ત્રીઓની માગણી પણ વધારે. સોવિયેટ તંત્રમાં નવીન આર્થિક નીતિના જમાનામાં વારવનિતાવૃત્તિમાં ઘણો વધારો થયો હતો. ઈ.સ. ૧૯૨૬ માં તે વિષે તપાસ કરતાં જણાયું કે ઓછી આવક આપતા ધંધાના માણસો કરતાં સારી આવક આપતા ધંધાના માણસો આમાં વધારે સંડોવાયલા હતા:

ધંધો	પગાર રૂબલમાં	વિલાસી જીવનની મોજ ઉડાવનારાઓનું પ્રમાણ.
સામાન્ય મજૂરો	૫૦	૨૯. ૬
ચોક્કસ ધંધો નહિ એવા	૭૦	૩૭.
પ્રિન્ટર્સ	૯૦	૪૦.
ધાતુનું કામ કરનારાઓ	૧૧૦	૪૬. ૯

ઘણા લોકો કહે છેઃ " હા, હાલમાં તો વારવનિતાઓ અદૃશ્ય થઈ ગઈ છે, કારણકે બધાને કામ મળ્યું છે, સમય ઓછો છે અને આબાદીની હજી ખોટ છે, પણ સારા દિવસ આવવા દો. " તેથી એ જરૂરનું છે કે આબાદી અને આનંદનો સમય આવે તે પહેલાં વારવનિતાવૃત્તિ વિરુદ્ધનાં બીજ ખૂબ મજબૂતાઈથી રોપાઈ જવાં જોઈએ કે જેથી તેવો સમય આવ્યે પુરુષો પોતાના જૂના માર્ગો તરફ વળે નહિ. કાયદાઓ કરતાં માનસનું નવું વલણ વધારે જરૂરી વસ્તુ છે.

આવી નવીન ભાવનાનાં મંડાણ, ખાસ કરીને અમુક વર્ગોમાં થઈ ચૂકયાં છે, તે વિષે તો બે મત છે જ નહિ. બીજા દેશોમાં વારવનિતા પ્રત્યે લાગણી દર્શાવતાં જેવાં અર્વાચીન કાવ્યો જોવામાં આવે છે તેવાં કાવ્યો રશિયામાં જોવામાં નથી આવતાં. લેનિને એક સમયે કલારા ઝેટકીન સાથે વાર્તાલાપ દરમ્યાન જણાવ્યું હતું કે, " એ અર્વાચીન કાવ્યોની ભાવના કે જે દરેક વારવનિતાને મેડોનાનું સ્વરૂપ આપતી, એ ઠીક હતી. એ ઉત્પન્ન થવાના કારણમાં સામાજિક સહાનુભૂતિ અને મોટાઓના દંભ પ્રત્યે તિરસ્કાર હતાં, પણ એનો અતિરેક થતાં એમાંથી મૂળ ભાવના નાશ પામી ગઈ હતી. "

કવિઓ અને લેખકો વારવનિતાને " એક બહિષ્કૃત, જેનું નામ ન દેવાય તેવી અને અસ્પૃશ્ય " એવી વ્યક્તિ ગણતા નથી, તેમ એ ધંધાનું નામ દેતાં તેમને બીજા દેશોના લેખકોની જેમ કંપારી પણ વછૂટતી

નથી. દારૂડિયા કે નશાબાજો પ્રત્યે પોતે જે દષ્ટિથી જુએ છે તે જ દષ્ટિથી યુવાન સામ્યવાદીઓ વારવનિતાઓ પ્રત્યે પણ જુએ છે.તે તેમના અંતરમાં ભાગ્યે જ ઊતરે છે. તેઓ ભૂલી ગયા છે કે વારવનિતા એ એક કોયડો હતો અને તેથી કોઈ મુસાફર તે વિષે પૃચ્છા કરતાં તેમને વિસ્મય થાય છે.

વિદેશીઓ ઘણી વાર પૂછે છે: "વારવનિતાઓ કે તેમને ત્યાં જતા પુરુષો વિરુદ્ધ ક્યારેક કાયદાથી કે તેમનાં ખાતાઓ તરફથી પગલાં કેમ લેવાતાં નથી?" રશિયાના ઉત્સાહી સામાજિક કાર્યકર્તાઓ, જેઓ અડગ શ્રદ્ધા ધરાવે છે કે માનવી ધારે તે બાબતમાં સફળતા મેળવી શકે છે, તેઓ પોતાને ક્યારેય સખ્ત પગલાં અખત્યાર કરવા પડયાં હતાં, તે વાતનો સ્વીકાર કરવા તૈયાર નથી હોતા. એક યુવાન કાર્યકર્તા, જેનું કામ વારવનિતાઓને સુધારણાશાળામાં લઈ આવવાનું હતું, તેને મેં આ વિષે વારંવાર પ્રશ્ન કર્યો. તેણે ગલ્લાંતલ્લાં કર્યાં, પ્રશ્ન ઉડાવ્યો, પણ છેવટે કાંઈક અનિચ્છાએ જવાબ આપ્યો કે, "જો અમે બધી જ રીતે નિષ્ફળ થઈએ, જો તેઓ જીદ ન છોડે, જો તેઓ અમને તેઓને સંસ્કારી સોવિયેટ નાગરિક બનાવતા રોકયા કરે, જો તેઓ પોતાનો આ અનારોગ્ય માર્ગ ચાલુ જ રાખવા માગે, તો પછી અમારે તેમને જેલમાં મોકલવી પણ પડે. ત્યાં પણ અમે તેમને સુધારવાનું કાર્ય ચાલુ રાખીએ છીએ; પણ જો તેમ છતાં પણ તેઓ ન સુધરે, પોતાનાં જૂના જીવનને જ વળગી રહે, સમાજને અનુરૂપ થવા ચોખ્ખી ના પાડે, તો પછી અમે તેમને લાચારીએ સોલોફકી મોકલી આપીએ છીએ."

સોલોફકી સાઇબિરિયામાં આવેલું હોઈ એ સોવિયેટ સરકાર વિરુદ્ધ રાજનૈતિક ષડ્યંત્ર રચવા માટે ગુનેગાર ઠરેલા કેદીઓની છાવણી છે. અહીં ષડ્યંત્રના ગુનેગારો, ખાનગી મૂડીવાદમાં માનનારાઓ અને એવા બીજા અનેક પ્રકારના ગુનેગારો સાથે વારવનિતાઓને પણ રાખવામાં આવે છે અને તે બધાને ભયંકર સામાજિક રોગો

ફેલાવનારા ક્રાંતિના વિરોધીઓ ગણવામાં આવતા હોઈ, કોઈ પણ સમાજ, પોતાની વિરુદ્ધ બળવો જગાડનાર પ્રત્યે જેવાં પગલાં લે, તેવા પગલાં તેમની વિરુદ્ધ પણ લેવામાં આવે છે.

છતાં એક પ્રશ્ન રહે છેઃ "પ્રકૃતિથી જ વારવનિતાઓ હોય એવી સ્ત્રીઓ હોય છે ખરી?" આ પ્રશ્ન પર લાંબા સમયથી ખૂબ ચર્ચાઓ ચાલે છે. કેટલાક વૈજ્ઞાનિકોનો મત છે કે, અમુક પ્રકારનું વ્યક્તિત્વ વારવનિતાવૃત્તિ તરફ આકર્ષાય છે; જ્યારે બીજા કેટલાકનો એવો મત છે કે એ ધંધો એવું વ્યક્તિત્વ પેદા કરે છે. સોવિયેટ તંત્રમાં આ પ્રશ્નનો અભ્યાસ ડૉક્ટરો, માનસશાસ્ત્રીઓ અને ગુનાશોધકશાસ્ત્રના અભ્યાસીઓએ કર્યો છે. વારવનિતાઓને પોતાને પણ અંદર અંદર તે બાબતનો ઊંડો અભ્યાસ કરવાની સગવડ કરી આપવામાં આવે છે, કારણકે અંતે તો તેનો લાભ પ્રજાને જ મળવાનો હોય છે.*

આ વિષયના ખાસ અભ્યાસી, એક પ્રસિદ્ધ માનસશાસ્ત્રી ડૉ. ગુરવીચે ઈ. સ. ૧૯૩૦માં લેનિનગ્રેડમાં ભરાયલી "માનવવર્તન" વિષેની મહાસભા સમક્ષ વારવનિતાવૃત્તિના નિદાનશાસ્ત્રના અમુક અંગો વિષે રસપૂર્ણ વિવેચન કરતો એક નિબંધ વાંચ્યો હતો. તેના મત મુજબ તેમનું લાક્ષણિક જૂઠાણું, ડંફાસ, છેતરપિંડી, કલ્પનાના જગતમાં ઊડવાની વૃત્તિ એ સર્વ ગુણો તેમનામાં પ્રકૃતિથી જ નથી હોતા. આ ડૉક્ટરે ઘણી વારવનિતાઓને પ્રશ્નો પૂછ્યા હતા અને તેને જણાયું હતું કે એ બધાં લક્ષણો તેમનામાં આ ધંધામાં આવ્યાં

* યુરોપમાં આવા થોડાક જે અભ્યાસ કરી શકાય તેવા પ્રસંગોમાં એક ઇ. સ. ૧૯૧૭ માં અમેરિકન સૈનિકો ઇંગ્લાંડમાં ઊતર્યા ત્યારે ઊભો થયો હતો. અમેરિકાની સરકારે બ્રિટિશ સરકારને સૂચના કરી હતી કે અમેરિકન સૈનિકો ચેપીરોગનો ભોગ ન થઈ પડે તે માટે પીકાડેલીની વારવનિતાઓને એકત્ર કરી જુદી રાખવી. પરિણામે તેઓને થોડાંક અઠવાડિયાં હોલોવેના કેદખાનામાં રાખવામાં આવી હતી.

પછી આવ્યાં હતાં. કદાચ માર્કિસંયન મતને વધારે અનુસરવાનો આમાં પ્રયત્ન હશે, પણ તેણે પોતાના મતને સબળ બનાવવા અનેક મજબૂત દાખલાઓ તેમાં નોંધ્યા હતા.

જગવિખ્યાત લેખક એચ. જી. વેલ્સ તેના "ધી વર્ક, વેલ્થ એન્ડ હેપીનેસ ઓફ મેનકાઈન્ડ" નામના પુસ્તકમાં વારવનિતાવૃત્તિના પ્રકરણની સમાપ્તિ વખતે જણાવે છે:—

"જે નવા વધુ બુદ્ધિમાન, વધારે જ્ઞાનવાન અને વધારે સરળ જગત તરફ આપણે પ્રયાણ કરી રહ્યા છીએ, કે જેમાં સ્ત્રીઓ આર્થિક સ્વતંત્રતા ભોગવશે અને પુરુષોની જેમ ફાવે ત્યાં જઈ શકશે, ત્યારે આટલા જમાનાઓથી ચાલ્યા આવતા વારવનિતાવૃત્તિના વાડાઓ, રાતા ફાનસવાળા વિભાગો અને ચોરાશાવારાને ટકાવી રાખતી જે ખાસ જરૂરિયાતો, ઝઘડાઓ, શરમભર્યાં વર્તનો અને ધાંધલો, એ સર્વે અમુક અંશે અંતે અદૃશ્ય થઈ જશે અને વારવનિતાવૃત્તિ સામાજિક જીવનના એક ખાસ અને જરૂરી અંગ તરીકે નબળી પડી જઈ સાવ અદૃશ્ય થઈ જશે."

આજે સોવિયેટ તંત્રમાં જેમ વારવનિતાગૃહો નજરે પડતાં નથી, તેમ તેને ટકાવી રાખતી "ખાસ જરૂરિયાતો, ઝઘડાઓ, શરમભર્યાં વર્તનો કે ધાંધલો પણ નજરે પડતાં નથી." વારવનિતાવૃત્તિ સમૂળગી નાશ પામી જશે તેમ કહેવાને બદલે સોવિયેટ રાજ્યતંત્ર આજે મગરૂરી અને સત્યતાપૂર્વક* જણાવે છે કે "જો કે અમુક વ્યક્તિગત વારવનિતાઓ તો રહેશે, પણ વારવનિતાવૃત્તિને એક સંસ્થા તરીકે તો જડમૂળમાંથી ઉખેડી નાખવામાં આવી છે."

---

* અમેરિકાના પ્રસિદ્ધ માનસશાસ્ત્રી ડૉ. ફ્રેંકવૂડ વિલિયમ્સે ઇ. સ. ૧૯૩૨ માં સોવિયેટની મુલાકાત લીધી ત્યારે મોસ્કોની આવી પાંચ સુધારણાશાળાઓમાંથી ચાર બંધ થઇ ગઇ હતી—તેમનું કામ પતી ગયું હતું.

આ લેખકનાં બીજાં પુસ્તકો

નવલકથાઓ

દિલારામ

૧–૮–૦

પ્રેમળ જ્યોતિ

૧–૮–૦

કર્મભૂમિ ભા. ૧–૨

(પ્રેમચંદજી કૃત)

૪–૮–૦

ગોદાન–પૂર્વાર્ધ

(પ્રેમચંદજી કૃત)

૨–૮–૦

નિર્મળા

(પ્રેમચંદજી કૃત)

૧–૪–૦

દત્તા

(શરદબાબુકૃત)

૨–૦–૦

અનુરાધા

(શરદબાબુકૃત)

૨–૦–૦

વાર્તાઓ

ઝૂરતું હૃદય

(બે રશિયન વાતો)

૦–૫–૦

શા માટે બંધન ?

(રશિયન વાર્તાઓ)

૧–૪–૦

છપાય છે

ગોદાન [ઉત્તરાર્ધ]

લગ્નરહસ્ય

હારજીત [નવલકથા]

સૂચિપત્ર

[જૂન : ૧૯૩૯]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની ત્રણ ગ્રંથમાળાઓ

તરુણ ગ્રંથમાલા

ટૂંક સમયમાં જ સૌને પ્રિય થઈ પડેલ એક અજોડ ગ્રંથમાળા : વાર્ષિક લવાજમ : પાકું પૂંઠું : રૂપિયા ત્રણ : આશરે ૬૫૦ પાન : પોસ્ટેજ સાથે. હળવું છતાં સુંદર સાહિત્ય.

ગૂર્જર બાળ ગ્રંથાવલિ

[સચિત્ર]

બાર પુસ્તક : ૬૫૦ પાન : સાથે એક ભેટ પુસ્તક. જ્યારે લવાજમ, ટપાલ ખર્ચ સાથે અગાઉથી રૂપિયા ત્રણ : વાર્તા, કાવ્ય, ઇતિહાસ, પ્રવાસ, વિજ્ઞાન, હુન્નર-ઉદ્યોગ, હાસ્ય, ગણિત, ઉખાણા, સંવાદ, પ્રાણી, ખગોળવિદ્યા વગેરે બાલજીવનને સ્પર્શતા વિષયોની બાળકો સમજી શકે તેવી ભાષામાં, બાળસાહિત્યની દુનિયામાં પ્રસિદ્ધિ મેળવેલા લેખકોના સહકારથી તૈયાર થતી અનુપમ ગ્રંથમાલા: હાલમાં જેનું ત્રીજું વર્ષ ચાલે છે.

ગૂર્જર ગ્રંથમાલા

હિંદભરના સર્વશ્રેષ્ઠ સાહિત્યકારના સર્વોત્તમ પુસ્તકો આપતી ગ્રંથમાલા : તરુણ ગ્રંથાવલિના ગ્રાહકોને આ ગ્રંથમાળાનાં પુસ્તકો પર પચીસ ટકા કમિશન આપવામાં આવે છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

१०४ પંચસુત્તમ્
[વી. એમ. શાહ] १–०–०
१०५ નિરયાવલિયાઓ; સટીક
[વી. જે. ચોકસી ને ગોપાણી]
પાકું પૂંઠું ३-१२-०
१०६ પ્રાકૃત માર્ગોપદેશિકા
[પં. બેચરદાસ] २–०–०
१०७ વિવાગસુયં: સટીક
[એમ. સી. મોદી ને વી. જે. મોકસી] ३–०–०
१०८ અનેકાર્થસાહિત્ય–સંગહ–સં૦ ચતુરવિજયજી] २–०–०
१०९ સોળ સતી
[ધીરજલાલ ધ. શાહ]१–४–०
११० સમરાઇચ્ચકહા
ભવ ६ ઠ્ઠો २–८–०
१११ હેમચંદ્રાચાર્ય ०–८–०
११२ બ્રહ્મદત્તચરિયમ્ १–०–०
११३ રાજપ્રશ્નીય સટીક
[દેવનાગરી ટાઇપમાં––અનુવાદ સહિત.]
[સં. પં.બેચરદાસ]५–४–०

સોલ એજન્સીના પુસ્તકો

११४ દિલારામ [અનુ૦માણેકલાલ જોશી] १–८–०
११५ પ્રેમળ જ્યોતિ ,, १–८–०
११६ યામા (સુધારેલી નવી આવૃત્તિ) ३–८–०
११७ પ્રલયમૂર્તિ [શ્રી. મોહનલાલ ધામી]પાકું પૂંઠું १-१२-०
११८ કાળની ચક્કી ,, १–०–०
११९ પરિચારિકા ,, १–४–०
१२० જીવન સંગીતઃ સચિત્ર
[ડો. હરિપ્રસાદ દેસાઈ] २–०–०
१२१ ખોવાયલા તારા
[અંબાલાલ બાલકૃષ્ણ દેસાઈ]१–८–०
१२२ રજકણ [ધૂમકેતુ] १–४–०
१२३ ઇતિહાસ દર્શન ,, ०–८–०
१२४ જલબિંદુ ,, १–८–०
१२५ તણખા : મંડળ
१–२–३–४ ६–८–०
१२६ જીવનચક્ર १–४–०
१२७ લખમી અને બીજી વાતો [ધૂમકેતુ] ०–२–०
१२८ ગોવિંદનું ખેતર અને બીજી વાતો,, ०–२–०
१२९ તણખામંડળ : ત્રીજું
[નવી આવૃતિ] १–८–०
१३० નરકેસરીનેપોલિયન०–२–०
१३१ સર્જન ને ચિંતન,,१–८–०
१३२ મલ્લિકા ,,२–८–०
१३३ દેવકથાઓ ०–६–०
१३४ નર્મદનું ગદ્ય મંદિર २–८–०
१३५ ગૂજરાતનું પાટનગર
[રત્નમણિરાવ ભીમરાવ १०३ ચિત્રો સહિત]६–०–०

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

૧૩૬ નર્મદનું પદ્ય મંદિર (બીજી આવૃત્તિ) ૧–૮–૦
૧૩૭ ખંભાતનો ઇતિહાસ (૨૫ ફોટા સહિત) ૪–૮–૦
૧૩૮ ૩૩–૩૪ નું ગ્રંથસ્થ વાઙ્મય ૦–૧૨–૦
૧૩૯ ૩૪–૩૫નું ગ્રંથસ્થ વાઙ્મય ૦–૧૨–૦
૧૪૦ ૩૫ નું ગ્રંથસ્થ વાઙ્મય ૦–૧૨–૦
૧૪૧ જોહર [ધીરજલાલ ધનજીભાઈ શાહ] ૦–૬–૦
૧૪૨ હિંદના વિદ્યાપીઠો [રતિલાલ ત્રિવેદી] ૧–૮–૦
૧૪૩ કીર્તિસ્તંભ [મગનલાલ બ્રહ્મભટ્ટ] ૧–૦–૦
૧૪૪ પથિકનાં પુષ્પો ૧–૦–૦
૧૪૫ વિલ્હેમ ટેલ [નરસિંહભાઈ પટેલ] ૨–૦–૦
૧૪૬ નૈવેદ્ય [ટાગોર],, ૦–૮–૦
૧૪૭ નાજુક સવારી ૧–૮–૦
૧૪૮ આફ્રિકાના પત્રો ૦–૬–૦
૧૪૯ રૂઢિનાં કલંક [લાંબી નવલકથા] ૨–૮–૦
૧૫૦ પ્રતિજ્ઞા [નાટક] ૦–૬–૦
૧૫૧ સૂડી વચ્ચે સોપારી ૦–૪–૦
૧૫૨ દૃષ્ટાંત શતક ૦–૧૦–૦
૧૫૩ ભારતીય સ્વરાજ્ય ૨–૮–૦
૧૫૪ તરતાં ફૂલ [ધનશંકર ત્રિપાઠી] ૧–૦–૦
૧૫૫ ધર્મ ને ધર્મનાયક ૦–૬–૦
૧૫૬ આઝાદીનો જંગ ૧–૮–૦
૧૫૭ મોટી ચાંદા પોળી ૦–૩–૦
૧૫૮ કચ્છની લોકકથાઓ ૧–૮–૦
૧૫૯ સોની હુન્નર પ્રકાશ ૨–૮–૦
૧૬૦ ધૂમકેતુ પાઠસંગ્રહ ૦–૧૦–૦
૧૬૧ પડઘા ૦–૫–૦
૧૬૨ ભીલકુમાર અને બીજાં નાટકો ૦–૫–૦
૧૬૩ પડછાયા ૦–૮–૦
૧૬૪ રશિયાના પત્રો [ટાગોર] ૧–૦–૦
૧૬૫ આત્માના આંસુ,, ૦–૩–૦
૧૬૬ તારણહાર ૧–૪–૦
૧૬૭ દીપમાળ [ટૂંકી વાર્તાઓ] ૧–૪–૦
૧૬૮ સંક્ષિપ્ત કરણઘેલો ૦–૮–૦
૧૬૯ ઝૂરતું હૃદય ૦–૫–૦
૧૭૦ ઢીંગલી [નાટક] ૦–૧૨–૦
૧૭૧ સુંદર વાતો [ગિજુભાઈ] ૦–૬–૦
૧૭૨ આંબાવાડિયું ,, ૦–૮–૦
૧૭૩ મેરુ ,, ૦–૬–૦
૧૭૪ રૂપકથા ભાગ ૧–૨ ૦–૮–૦
૧૭૫ સુરધૂની [નાટકો] ૦–૧૨–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

અમારાં તથા સોલ એજન્સીનાં નવાં પ્રકાશનો

૧૭૬	પરશુરામ–સચિત્ર [ધૂમકેતુ]	૦–૨–૦
૧૭૭	રજપૂતાણી ને બીજી વાતો „	૦–૨–૦
૧૭૮	દેવદાસ [શરદ્બાબુ	૧–૦–૦
૧૭૯	ગોદાન [પ્રેમચંદજી]	૨–૮–૦
૧૮૦	કંકાવટી મંડળ. ૧ [પાંચમી આવૃત્તિ][મેઘાણી]	૦–૮–૦
૧૮૧	શિકાર–સચિત્ર [શ્રીરામ શર્મા]	૧–૮–૦
૧૮૨	માનવદેહમંદિર (સો ચિત્રો સહિત) [દેસાઈભાઈ]	૧–૪–૦
૧૮૩	સાહિત્યદર્શન [અંબાલાલ નૃ. શાહ]	૦–૧૦–૦
૧૮૪	કથાપરી [કિશોરોપયોગી બાલવાર્તાનો સંગ્રહ]	૨–૮–૦
૧૮૫	અર્ચન [કાવ્યનો સંગ્રહ]	૨–૦–૦
૧૮૬	કાવ્યસંહિતા „	૧–૦–૦
૧૮૭	પક્ષીમિત્રો (સચિત્ર)	૦–૫–૦
૧૮૮	તુલસીદાસ „	૦–૩–૦
૧૮૯	અજિતા [નવલકથા] [ધૂમકેતુ]	૨–૮–૦
૧૯૦	પરાજય [નવલકથા] [ધૂમકેતુ]	૨–૮–૦
૧૯૧	નાની પોથી ધૂમકેતુ	૦–૧–૦
૧૯૨	પહેલી ચોપડી „	૦–૧–૦
૧૯૩	બીજી ચોપડી „	૦–૧–૬
૧૯૪	સંત ચરિતાવલિ „	છપાય છે
૧૯૫	ચાલો ગામડામાં	છપાય છે

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

૧૯૩૭–૩૮–૩૯નાં નવાં પ્રકાશનો

નીતિશાસ્ત્ર પ્રવેશ [વામન મલ્હારરાવ જોશી] [અનુવાદક : ગોરધનદાસ કહાનદાસ અમીન]	૩–૮–૦
‘ચા–ઘર’ [નામાંકિત લેખકોની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ]	૧–૦–૦
સોરઠ, તારાં વહેતાં પાણી [મેઘાણી]	૨–૮–૦
ધર્મ અને ધર્મનાયક [પૃ. ૨૫૦]	૦–૬–૦
શા માટે બંધન ? [માણેકલાલ જોશી]	૧–૪–૦
શ્રીકાન્ત : ભાગ ૧–૨–૩–૪ [શરદબાબુ]	૭–૦–૦
આચાર્ય કૃપાલાનીના લેખો	૨–૦–૦
દેશી રાજ્યો ને ફેડરેશન	૫–૦–૦
શાહજહાં [દ્વિતીયાવૃત્તિ] [મેઘાણી]	૧–૦–૦
કલંકિત [અપ્ટન સિંકલર]	૧–૪–૦
મલ્લિકા [ધૂમકેતુ]	૨–૮–૦
રાજમુગટ [સુધારેલી આવૃત્તિ] ,,	૨–૦–૦
સર્જન ને ચિંતન ,,	૧–૮–૦
ધૂમકેતુ–પાઠસંગ્રહ [સં૦ મધુસૂદન મોદી]	૦-૧૦-૦
નૌજવાન સુભાષ [ગુણવંતરાય આચાર્ય]	૦–૮–૦
રાજાની રાણી [રમણિકલાલ દલાલ]	૦–૮–૦
નાજુક સવારી [હાસ્યરસિક નિબંધો] [વિજયરાય વૈદ્ય]	૧–૮–૦
અપરાધી [મેઘાણી]	૨–૮–૦

શરદબાબુના પુસ્તકો દરેક ઘરમાં જોઈએ જ

૦—૧૪—૦
[બીજી વાર]

ચંદ્રનાથ

શરદબાબુ

ચંદ્રનાથ 'પલ્લીસમાજ' જેવી જ શરદ્બાબુની નવલકથા છે. તેની અંદર આપણાં ગામડામાં રહેતો ઊંચી ગણાતી નાતનો વર્ગ કેવો અધમ, ખટપટી અને ઇર્ષ્યાળુ થયો છે તેનું સુંદર આલેખન છે. ટૂંકી વસ્તુ આમ છે: સુશિક્ષિત ચંદ્રનાથ નામનો યુવક સરયૂ નામની એક યુવતીને પરણે છે. પાછળથી તેને ખબર પડે છે, કે તે વ્યભિચારિણીની પુત્રી છે, આથી તેનો ત્યાગ કરવા તત્પર થાય છે અને સરયૂને ઝેર ખાવાનું સૂચવે છે. પણ બહાદુર સરયૂ સગર્ભા હતી તેથી આત્મઘાત ન કરતાં ચંદ્રનાથના જ ઘરને ત્યજી જાય છે પણ પાછળથી ચંદ્રનાથને અફસોસ થાય છે...આખી વાર્તાદ્વારા શરદ્બાબુ જાણે એમ બતાવવા માગતા ન હોય કે જગતના પ્રપંચો ઉપર માણસનો સદ્ભાવ છેવટે વિજયવાન થાય છે.

સ્વામી

૧—૪—૦

શરદબાબુ

અનુવાદક : રમણલાલ સોની [બીજી વાર]

પતિતાને પણ હૃદય હોય છે અને જ્યાં હૃદય છે ત્યાં શુદ્ધ સ્નેહને અવશ્ય સ્થાન છે. પ્રેમ હમેશાં ત્યાગને વશ છે એ દર્શાવતી પાંચ વાર્તાઓ. 'એકાદશી વૈરાગી'ની વાર્તામાં હાસ્યની છોળો ઉડાડતાં ઉડાડતાં પણ વાચકને વિચાર કરી મૂકવાની શરદ્બાબુની કળા દેખાશે. સ્વામીની વાર્તામાં એક સ્ત્રીની આત્મકથા છે. મનુષ્ય હૃદયના અંતરતર ભાવોનું દર્શન આ વાર્તાઓમાં થાય છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

૨–૦–૦

જીવન સંગીત

સાત ચિત્રો સાથે

લેખક : હરિપ્રસાદ ડોક્ટર

આ એક નવલકથા છે. આના લેખક ડૉ. હરિપ્રસાદ કલાપ્રેમી, સાહિત્ય–સેવક, નગરજન અને રાજદ્વારી પુરુષ છે. એમણે પુષ્કળ વાંચ્યું છે અને ઘણું દેશાટન કર્યું છે. એમના આશાવાદી પણ મનનશીલ જીવનના સારરૂપ આ નવલકથા બની છે. એમાં હાસ્યરસ છે, સુંદર કલામય ધામોનાં વર્ણન છે અને કરુણરસ પણ છે, છતાં ઉચ્ચ આદર્શદર્શન છે.

●

અમદાવાદ શહેર અને ગૂજરાતનાં છેલ્લાં ૪૦ વર્ષનો ઇતિહાસ આમાં વણાઈ ગયો છે; જે ઇતિહાસ રચવામાં લેખકે પોતે પણ કાંઈ નાનોસૂનો ભાગ ભજવ્યો નથી. મહાત્મા ગાંધીજીની આખી પ્રવૃત્તિનું આમાં ભાવભીનું વર્ણન છે.

●

વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સંગીત, નૃત્ય, ચિત્ર ને સ્થાપત્ય તથા તીર્થસ્થાનો અને ધર્મના રસિક મીમાંસકને આ 'જીવન સંગીત'માં આપણે સંસારનું મધુર દર્શન કરાવતા જોઈએ છીએ. મૈત્રીની અને વિવેકાનંદ, ગૅટે અને ટૉલ્સ્ટૉય, ગોવર્ધનરામ અને ટાગોર વગેરેના ઊંડા અભ્યાસીએ સહેલી સરળ ભાષામાં દરરોજ બનતા બનાવોમાંથી આવી રમ્ય વસ્તુસંકલના સરજી છે.

●

ટૂંકમાં આ નવલકથામાં વ્યક્તિગત અને દેશના ઘણા પ્રશ્નોનો ઉકેલ છે અને ઉન્નત જીવન માટે સંદેશ છે.